Radta Gulmohar (Gujarati Edition)

Aabid, Surti

VISIT…

LANZAROTE Caliente.com

રડતાં ગુલમહોર



આબિદ સુરતી



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

રડતાં ગુલમહોર

*

આબિદ સુરતી

રડતાં ગુલમહોર

કર્નલ ગુલમહંમદ પોતાના કૉટેજમાં દાખલ થવા ગયો અને તેની નજર ભગવાધારી એક સાધુ પર પડી. એ સાધુ કોણ હતો ? ઉત્તર મળ્યો – નેતાજી સુભાષચંદ્ર બોઝ. એ સાધુ મહારાજ શું ખરેખર નેતાજી હતા કે નેતાજીના ડુપ્લિકેટ ? આ એક જ પ્રશ્નની આસપાસ રહસ્યનું જાળું ગૂંથાતું ગયું અને 'રડતાં ગુલમહોર' ખડખડાટ હસી પડ્યા. આબિદ સુરતીએ સાત વર્ષના સંશોધન પછી લખેલી અને ગુજરાતી સાહિત્યમાં એક અનોખી ભાત પાડતી અવિસ્મરણીય નવલકથા... રડતાં ગુલમહોર.

આબિદ સુરતી



આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ,
કેશવબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. : (૦૨૨) ૨૦૧૩૪૪૧

ફુવારા સામે, ગાંધી રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. : (૦૭૯) ૨૫૩૫૬૫૭૩
ફેક્સ : (૦૭૯) ૨૫૩૨૧૭૩૨

Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

RADATAN GULMAHOR, Novel
By Surti Aabid
R. R. Sheth & Co. Mumbai □ Ahmedabad
2004

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

ટાઇપ સેટિંગ
સ્ટાઈલસ
૪/૨૩, ઈલોરા શોપિંગ સેન્ટર, જી.પી.ઓ. પાસે, અમદાવાદ

મુદ્રક
હરિઓમ્ પ્રિન્ટરી
દૂધેશ્વર, અમદાવાદ

અર્પણ

२७
२८
२९
३०
३१
३२
३३
३४

અર્પણ

ભારતના મુક્તિસંગ્રામના એક યોદ્ધા અને
અભૂતપૂર્વ આઈ. એન. એસ. ટ્રાયલના
એડવોકેટ

સ્વ. શ્રી ભૂલાભાઈ દેસાઈને

લેખકનાં પુસ્તકોની યાદી

નવલકથાઓ

* ચમત્કારી છોકરી * હાજરહજૂર * ફોગટલાલનો વરઘોડો * સૂફી * ધુતારો ભા. ૧-૨-૩ * સુખનો રેલો સામે પાર * આભમાં ખીલેલું ફૂલ * વસંત આવ્યાનો મને વહેમ * ગુલાબી સંધ્યાના પડછાયા * બે વરસની મધરાતે * પાંપણ પારનો પ્રદેશ * વાસકસજ્જા * ખાલીપો * રડતાં ગુલમહોર * બોત્તેર વર્ષનો બાબો * કાળાં ગુલાબ * કુંડલી * પગલે પગલે પ્યાર * રંગ બદલતી રોમા * અલગ માટીના મરદ * તૂટેલા ફરિસ્તા * દીકરા અને દીપડા * નાના નાના રાક્ષસ * અધૂરા અનેક * આઠમું આકાશ * કાઃપુરુષ * મહાપુરુષ * બરફના ચહેરા * ડાઘ * કાળા સૂરજની કન્યા

નવલિકાસંગ્રહો

*એક હાથ કાંડા સુધી * મારી શ્રેષ્ઠ વાર્તાઓ
* ઘરથી કબર સુધી

નાટક

* જલદી કર જુલિયેટ * વરુ જોડે એક રાત

પ્રવાસવર્ણન

* એક ઝલક જાપાનની

કાર્ટુનસંગ્રહો

* રંગતરંગ * રંગત * રંગતાળી * રંગલખુડી

બાળકથા

* ઢબ્બૂજીનો ખજાનો ભા. ૧-૨

ગુલમહોરનાં મૂળ

મિત્રો બાબત હું ભાગ્યશાળી છું. ભગવાને મને એટલા બધા પ્રેમાળ મિત્રો દીધા છે કે એ બદલ હું ગર્વ લઈ શકું. વિશેષમાં મારા મિત્રો મારા દરેક કાયમાં રુચિ પણ એટલી જ ધરાવે છે. ખાસ કરીને ક્યારેક તેઓને નવલકથાનો વિષય સૂઝતાં તેઓ મને નિઃસંકોચ જણાવી એ વિષય પર હું નવલકથા લખું એવો આગ્રહ રાખતા હોય છે.

એક દિવસ, દયારામ ચાવડા કે જે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ફોટોગ્રાફર છે, તેને એક પ્લોટ સૂઝયો. તેના જ શબ્દોમાં કહું તો... એક ઝૂંપડપટ્ટી જેવા ગંદા વિસ્તારમાં એક માણસ ક્યાંકથી ફૂટી નીકળી ગરીબોની સેવામાં ગૂંથાઈ જાય છે. તેની નિઃસ્વાથી સેવાના કારણે લોકોને તેનામાં રસ જાગે છે. લોકો તેને પૂછે છે કે ભાઈ તું કોણ છે? શું છે ? ક્યાંથી આવ્યો છે ? ત્યારે તે હળવેકથી રહસ્યસ્ફોટ કરે છે : 'હું નેતાજી સુભાષચંદ્ર બોઝ છું.'

આ પહેલાં પણ અનેક મિત્રોએ અનેક વિષયો મને સંભળાવ્યા હતા અને મેં રસપૂર્વક સાંભળ્યા હતા. એ વિષયોમાં એકે એવો નહોતો જેના પર નવલકથા લખવાની મને પ્રેરણા થાય; પરંતુ દયારામ ચાવડાએ સંભળાવેલા વિષયે મને વિચારતો કરી દીધો. ખાસ કરીને તેના વિષયનું મૂળ - નેતાજી જીવતા હોય અને એક દિવસ આપણી વચ્ચે ઉપસ્થિત થાય તો ? આ જ મૂળના આધારે 'રડતાં ગુલમહોર'નું સર્જન થયું છે.

'રડતાં ગુલમહોર' લખતા પહેલાં સુભાષબાબુ પર લખાયેલાં અને સુભાષબાબુએ પોતે લખેલાં પુસ્તકો હું ધ્યાનપૂર્વક વાંચી ગયો. તેમાંથી નોંધો ટાંકી. નેતાજીના શક્ય તેટલા અંગત મિત્રો તથા પરિચિતોના સંપર્ક સાધ્યા અને તેઓ પાસેથી પણ માહિતીઓ એકઠી કરી. ખાસ કરીને સોલીભાઈ બાટલીવાળા કે જેમણે આઝાદીની લડતમાં સક્રિય ભાગ ભજવ્યો હતો અને જે મારા હિતેચ્છુ પણ છે; તેમની પાસેથી મને અનેક કિંમતી માહિતીઓ મળી. જો તેમનો સહકાર મળ્યો ન હોત તો કદાચ આ પુસ્તક લખવાનું સાહસ પણ હું કરી શક્યો ન જ હોત.

'આઝાદ હિંદ ફોજના એક નિવૃત્ત અધિકારી શ્રી કુરેશીના ઘેર હું જ્યારે પણ જતો ત્યારે તે બર્મા-મલાયાના બીજા વિશ્વયુદ્ધના દિવસોમાં ખોવાઈ જતા. એ દિવસોમાં તે યુવાન હતા. આજે પણ તેમનું હૃદય યુવાન છે. અને એટલી જ ખુમારી સાથે યુદ્ધના આંખો દેખ્યા હેવાલ વર્ણવી શકે છે. તેમના એ વર્ણનોનો ઉપયોગ પણ આ પુસ્તકમાં થયો છે.

તાઈપાઈ વિમાન અકસ્માતમાં નેતાજી મૃત્યુ પામ્યા કે નહિ એ બાબત આજે પણ બે મત પ્રવર્તે છે. 'આઝાદ હિંદ ફોજ'નો એકે અધિકારી એ સ્વીકારવા રાજી નથી કે નેતાજી મૃત્યુ પામ્યા છે. એ બાબત મેં તપાસ આદરી તો મને ચોંકાવનારી માહિતી મળી. એ માહિતી મુજબ નેતાજી તાઈપેના વિમાન અકસ્માતમાં નહિ બલ્કે તેના થોડાક દિવસો પછી સાલવીન નદીના કાંઠે મૃત્યુ પામ્યા હતા. નેતાજી, વિશ્વયુદ્ધ પૂર્ણ થતાં પોતાના અંગરક્ષકો સાથે સાલવીન નદી ઓળગી રશિયામાં પ્રવેશી જવાની તૈયારીમાં હતા કે તેમના જ એક સાથી અને બ્રિટિશ એજન્ટે તેમને ભડાકે દીધા હતા. હું ખાતરીપૂર્વક કહી ન જ શકું કે આ માહિતી ખરી છે કારણ કે એનો એકે પુરાવો મને મળ્યો નથી. છતાં એ માહિતીનો મેં મારી રીતે આ નવલકથામાં ઉપયોગ કર્યો

છે અને તેનું એક કારણ એ છે કે કદાચને એ માહિતી ખરી હોય એમ મારું મન કહે છે. નેતાજી વિષે દેશવિદેશમાં સેંકડો પુસ્તકો લખાયાં છે. છતાં મેં નેતાજી પર પુસ્તક લખવાની હિંમત કેમ કરી ? એક મિત્રે આ પ્રશ્ન કર્યો અને તેનો પ્રશ્ન યથાસ્થાને છે. એ બાબતે હું આટલું જ કહીશ કે ‘રડતાં ગુલમહોર’ એક નવલકથા છે અને નેતાજીનો ઉપયોગ મેં મારી નવલકથાના માત્ર એક પાત્ર તરીકે કર્યો છે. આજના યુવાનો નેતાજી સુભાષચંદ્ર બોઝનાં સાહસો તથા કુરબાનીઓ વિષે જાણી શકે એ માટે નેતાજીનું જીવન પણ મેં આમાં વણી લીધું છે.

અંતે મુંબઈના ‘મણિ ભવન ગાંધી સંગ્રહાલય’ના સંચાલક શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરી તથા ઉષાબહેન ત્રિવેદીનો પણ આભાર માની લઉં. ખાસ તો ઉષાબહેને મારા સંશોધનમાં અંગત રસ લઈ અપ્રાપ્ય અને કિંમતી પુસ્તકોના ઢગ મારી સામે ખડા કરી દીધા એ હું ક્યારેય વીસરી નહિ શકું.

—આબિદ સુરતી

રડતાં ગુલમહોર

*

આબિદ સુરતી



૧

મોસમની પહેલી વર્ષાનાં બુંદો સૂકી માટી પર પડ્યાં અને આઝાદ હિંદ ફોજના કર્નલ ગુલમહંમદની નજર બારી બહાર સ્થિર થઈ ગઈ. પ્રભાતનાં પ્રથમ કિરણોમાં દશ્ય રોમાંચક લાગતું હતું. વર્ષાના બુંદો લગાતાર વરસી રહ્યાં હતાં. માટીમાંથી બાફ નીકળી રહ્યો હતો. ચોવીસ પરગણાના ખેડૂતો હર્ષઘેલા થઈ પોતાનાં ઘરો, ઝૂંપડાંઓમાંથી બહાર દોડી આવ્યા હતા. બાળકો ખેતરોમાં, ગલીઓમાં, મકાનોના છાપરા પર કિલ્લોલ કરતાં નાચી રહ્યાં હતાં. મોસમની પહેલી વર્ષાનો આનંદ પંખીઓની કૂકમાં પણ વરતાતો હતો.

કર્નલ ગુલમહંમદનો ચહેરો સ્થિર થઈ ગયો, બલકે સખત થઈ ગયો. બારીમાંથી તે ટૂંક સમય માટે અપલક જોઈ રહ્યો. ન તેની આંખોમાં આનંદ હતો, ન તેના હોઠ પર સ્મિત હતું. વાદળીઓ ઘેરાતી હતી, વીખરાતી હતી. બુંદાબાંદીમાં માર્ગ શોધતી કોમળ કિરણો ધૂળની નાજુક રજકણોને પણ રમાડતી હતી. ખેતરમાં ઊછળતાં, કૂદતાં બે બાળકોએ પોતાની ચડીઓ કાઢી ફેંકી દીધી. એ બંનેના ચહેરા આકાશ તરફ ઊંચા હતા અને બુંદોને ચહેરા પર ઝીલી રહ્યા હતા. આટલું જ નહિ, કનલ ગુલમહંમદની બિલાડી સુધ્ધાં બારીમાંથી કૂદકો મારી બહાર દોડી ગઈ હતી.

કર્નલ ગુલમહંમદને લાગ્યું : આ બુંદો બુંદો નહોતી, શત્રુઓનાં મશીનગનોમાંથી વરસતી ગોળીઓ હતી. એ ગોળીઓને તે હસતા ચહેરે પોતાની છાતી પર ઝીલી શકતો હતો, પરંતુ આ વર્ષા માટે તેના હૃદયમાં લગારે સ્થાન નહોતું.

–કર્નલ !

કોઈએ બહારથી સાદ દીધો અને તેને યાદ આવી ગયું, કેપ્ટન તલવારસિંઘે તેને સવારના સાત પહેલાં તૈયાર રહેવા માટે વિનંતી કરી હતી. ઠીક સાતને ટકોરે તે કર્નલ ગુલમહંમદને તેડવા માટે આવવાનો હતો.

કર્નલ ગુલમહંમદે ચહેરો ઘુમાવી ભીંત-ઘડિયાળ સામે જોયું. સાત વાગવામાં બે મિનિટની વાર હતી. તલવારસિંઘ આવી પહોંચ્યો હતો. તેણે આગળ વધી દરવાજો ખોલ્યો અને તલવારસિંઘ તેની સામે ઊભો હતો. એક હાથમાં ઉઘાડી, ભીની છત્રી હતી, બીજા હાથ વડે તેણે કર્નલને એક જોરદાર સલામ મારી. એ તેનો ડાબો હાથ હતો. તલવારસિંઘ ડાબોડી હતો.

–આવ ! કર્નલ ગુલમહંમદે તેને આવકારતાં સૂકો શબ્દ ઉચ્ચાર્યો. તલવારસિંઘને આશ્ચર્ય ન થયું. છત્રી બંધ કરીને તે ચૂપચાપ અંદર દાખલ થઈ ગયો. સહુ પ્રથમ તેણે ભીની છત્રી મૂકવા માટે સુયોગ્ય સ્થાન શોધ્યું. સાથે જ તેની ત્રાંસી આંખો કર્નલના ચહેરાને સ્પર્શી ગઈ. કર્નલની વેદનાનાં મૂળ પાણીની જેમ ઊંડાં ઊતરી ગયાં હતા.

–લાગે છે...દરવાજા પાસે જ બુટની લેસ ખોલતાં તેણે પોતાના વિચાર જણાવી દીધા. દરેક વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદે તને બેચેન કરી દીધો હોય તો આશ્ચર્ય નહિ !

કર્નલ ગુલમહંમદે કોઈ ઉત્તર ન દીધો. બારીઓ વાસી તે કબાટ સુધી આવ્યો અને તલવારસિંઘની દિશામાં પીઠ કરી વસ્ત્રો ઉતારવા લાગ્યો.

–કર્નલ ! તલવારસિંઘે ઉઘાડા પગે આગળ વધી બેઠકખંડના એક ઘરડા સોફામાં જગ્યા

લેતાં ફરી કહ્યું – વરસાદ તો ભગવાનની ભેટ કહેવાય. એના કાજે હજી કેટલાં વર્ષો દુઃખ અનુભવતો રહીશ ?

કર્નલ ગુલમહંમદે કબાટમાંથી આઝાદ હિંદ ફોજનો પોશાક કાઢયો અને પળભર આંખો સામે ધરી જોઈ રહ્યો, કાંઈ કેટલીયે યાદો તેના ચહેરા પર તરફડાટ કરતી ઊતરી આવી. બમના જંગલના એ દિવસો, એ રાતો... ગોળીઓની રમઝટ... બમના ધડાકા... ગીધની જેમ માથે ભમતા બોંબરો... રાક્ષસી ટેંકો... આખા માનવીઓ... અધી માનવીઓ... સ્પેર પાર્ટની જેમ ટુકડા ટુકડામાં વહેંચાઈ ગયેલા માનવીઓ... ભૂખ...તરસ...આગ–

–દર વર્ષે અહીં જુલાઈમાં વરસાદ શરૂ થાય છે. કર્નલ ગુલમહંમદે ફૌજી પોશાકમાં તૈયાર થતાં કહ્યું. અને આ વર્ષે જૂનના પહેલા અઠવાડિયાથી શરૂઆત થઈ. અરીસા સામે આવી ઊભા રહેતાં તેણે છાતી પર ત્રણ મેડલ પીન કયા. માથે ટોપી ગોઠવી તલવારસિંઘ સામે જોયા વિના જ પોતાનો અધૂરો વિચાર પૂર્ણ કર્યો - તારા ભગવાનને બુંદાબાદી માટે બીજો કોઈ દિવસ ન જડ્યો ? તલવારસિંઘ સહેજ મરક્યો. પરંતુ કાંઈએ ન કહ્યું. તે જાણતો હતો. પ્રથમ જ હુમલામાં જવલંત વિજય મેળવી આગળ વધતી આઝાદ હિંદ ફોજને આરાકાનના ડુંગરાઓ રોકી નહોતા શક્યા. બમ વર્ષા રોકી નહોતી શકી. તોપના, ટેકોના ગોળા રોકી નહોતા શક્યા. વર્ષાની મોસમ... ચોમાસું... કોણે ધાર્યું હતું કે એક દિવસ ચોમાસું શત્રુ બની આઝાદ હિંદ ફોજના સૈનિકોને ધોઈ નાખશે ? કર્નલ ગુલમહંમદ તથા તેનું સૈન્ય એ જ મૂશળધાર વષમાં ધોવાઈ ગયાં હતાં.

કર્નલ ગુલમહંમદ તૈયાર થઈ બારી પાસે આવ્યો અને બારીઓ ખોલી નાખી. વષો થોભી ગઈ હતી. વાતાવરણ સ્વચ્છ થઈ ગયું હતું. આકાશ ઊજળું બ્લે લાગતું હતું. ભીની માટીમાંથી હજીયે વાતાવરણમાં મહેક પ્રસરતી હતી.

–કર્નલ! તલવારસિંઘે ઊભા થતાં કહ્યું. સાડા-સાતની બસ પકડવાની છે અને અહીં જ સવાસાત થઈ ગયા.

કર્નલ ગુલમહંમદ તેની સામે આવ્યો – હું તૈયાર છું, કેપ્ટન. પણ હજી તારે બૂટ પહેરવાના બાકી છે.

તેણે બૂટ પહેર્યા અને બંને જણા બહાર નીકળી ગયા. દેખાવમાં બંનેના પોશાક લગભગ એક જેવા હતા. છાતી પર ખાખી બુશશર્ટ, બુશ શર્ટને ભીંસતો, કમરે ચામડાનો જાડો પટ્ટો. કમર નીચે, ઉપરથી પહોળું અને નીચેથી સાંકડું થતું જતું ખાખી પેન્ટ. ખાખી પેન્ટનો નીચેનો ભાગ ઊંચા બૂટમાં ઊતરી ગયો હતો. એ બંનેના પોશાકોમાં કાંઈ કચાશ હોય તો એ હથિયારોની હતી. કાંઈ તફાવત હોય તો એ ટોપીઓનો હતો. તલવારસિંઘ શીખ હોવાને કારણે સૈનિક ટોપી નહોતો પહેરતો. સરદારો જેવી સફેદ પાઘડી બાંધતો હતો.

બસ ડેપો પહોંચતાં તેઓને વધુ સમય ન લાગ્યો. લાંબાં પગલાં ભરી તેઓએ ઘરથી બસ-ડેપોનો માગ માત્ર સાત મિનિટમાં પતાવ્યો હતો. હજી આઠ મિનિટ તેઓ પાસે વધારાની હતી...જો બસ સમયસર આવે તો ! અને બસો અહીં ભાગ્યે જ સમયનું પાલન કરતી હતી.

બસ ડેપોના ખુલ્લા ચોગાનના એક ખૂણામાં પથરાયેલા નાનકડા કેન્ટિનમાં આવી બંને જણા બેસી ગયા. એકેક કપ ચાનો ઓડર દીધો અને એકમેક સામે જોયું. ન જાણે કેમ તલવારસિંઘે આંખો ફેરવી લીધી. કર્નલગુલમહંમદને લાગ્યું, એ આંખોમાં સહેજ બેચેની હતી.

–કેપ્ટન ! તલવારસિંઘને સંબોધી તેણે હળવેકથી કહ્યું. તલવારસિંઘને તેની સામે જોવાની ફરજ પડી. પરંતુ કર્નલગુલમહંમદ કાંઈ કહે એ પહેલાં જ તે બોલી ઊઠયો – શું...આજે પણ તને એટલો જ વિશ્વાસ છે ?

પ્રશ્ન ઓચિંતો પુછાયો હતો. અણધાર્યો હતો. કર્નલગુલમહંમદ એનો સંદર્ભ સમજી ન

શક્યો. વિશ્વાસ ! તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

–આટલાં વર્ષો પછી પણ તને ખાતરી છે કે નેતાજી જીવે છે ? તલવારસિંઘે સ્પષ્ટતા કરી.

ચાના બે કપ ટેબલ પર ગોઠવાયા. કર્નલ ગુલમહંમદે ગરમ ચાની ચૂસ્કી લેતાં જણાવ્યું - વિશ્વાસ ન હોત તો આજે આ પોશાકમાં આપણે તૈયાર ન થાત !

–ખેર... તલવારસિંઘે ગરમ ચાનો કપ હોઠે અડાડી નીચે મૂક્યો. મારી વાત જુદી છે.

–શું તને ખાતરી નથી ?

–કાંઈ સમજાતું નથી.

-આઝાદ હિંદ ફોજનો પોશાક આટલાં વર્ષો શા માટે સંઘરી

રાખ્યો ? આજ શા માટે પહેર્યો ?

–તારા માન ખાતર. તલવારસિંઘને કહેવું પડ્યું. જે માન મરતબો હું તને ફોજમાં દેતો હતો. એટલો આદર હું આજે પણ કરું છું. પણ તારી આ વાત હવે મારા ગળે નથી ઊતરતી.

–કઈ વાત ?

–નેતાજી જીવે છે.

–છે. કર્નલ ગુલમહંમદે ભારપૂર્વક કહેતાં ટેબલ પર હાથ પછાડ્યો. ટેબલ પર સ્થિર પડેલા ચાના બંને ખાલી કપ ખખડી ગયા.

–જીવતા છે તો છતા શા માટે નથી થતા ? તલવારસિંઘે આડા થઈ ગયેલા ચાના ખાલી કપને સીધા કરતાં ફરી પ્રશ્ન કર્યો.

–કદાચ એમની કાંઈ મજબૂરી હશે !

–દેશ આઝાદ થઈ ગયાને આજે વર્ષો વીતી ગયાં. હવે કઈ મજબૂરી એમને રોકી રહી છે ?

કર્નલ ગુલમહંમદે બીડીનું બંડલ કાઢી તેમાંથી એક બીડી અલગ કરી હોઠ વચ્ચે ગોઠવી - કદાચ એ કેદમાં હોય ! બીડી ઝગવતાં તેણે ઉત્તર દીધો.

–કોની કેદમાં ?

–રશિયા, જર્મની, જાપાન, અમેરિકા... કોણ કહી શકે છે ? તેણે એક ઊંડો કશ લીધો અને ધુમાડાનો ગુબાર તરતો મૂકતાં પૂછી લીધું – તે...પેલું પુસ્તક... 'નેતાજી મિસ્ટ્રી' વાંચ્યું છે ?

–ડો. સત્યનારાયણ સિંહાનું ?

–એ જ. કર્નલ ગુલમહંમદે તેની સામે આંગળી ઊંચી કરતાં તુરત કહ્યું. એમણે પોતે તાઈવાન હવાઈ અડ્ડાની મુલાકાત લઈ તપાસ કરી હતી, ત્યાંના રેકોડ તપાસ્યા હતા અને જાહેર કર્યું હતું કે નેતાજીના વિમાનને અકસ્માત નડ્યો જ નથી.

–પણ... તલવારસિંઘ કાંઈ કહેવા ગયો. કહી ન શક્યો. તેને તક જ ન મળી.

–ત્યાર પછી ડો. સિંહા રશિયા ગયા હતા. ત્યાં તેમને એક રશિયને ખાનગીમાં જણાવ્યું હતું કે નેતાજી સાઈબેરિયાની જેલમાં સડે છે. કર્નલ ગુલમહંમદ લગાતાર બોલ્ય જતો હતો – આટલું જ નહિ, એ જેલનું નામ તથા કોટડીનો નંબર સુધ્ધાં એ રશિયને તેમને દીધાં હતા.

તલવારસિંઘને ચૂપ રહેવામાં પોતાની સલામતી લાગી. કારણ કે આ તથા આવનારી બીજી અનેક દલીલો તે આજ પહેલાં સાંભળી ચૂક્યો હતો. એક વાર નહિ, અનેક વાર અને એ બધી દલીલો તેને અક્ષરશઃ યાદ હતી. તે જાણતો હતો કે ડો. સિંહાના પુસ્તક વિષે ચર્ચા કરી કર્નલ ગુલમહંમદ ગોસ્વામી નામના સજ્જનના લૂલા પુરાવાઓ રજૂ કરશે.

હવે આપણે એ જોઈશું કે શ્રી એસ. એમ. ગોસ્વામી નેતાજી વિષે શું કહે છે – કહેતાં કર્નલ ગુલમહંમદે ઓલવાઈ ગયેલી બીડી ફરી ઝગવી. ગોસ્વામી જ્યારે જર્મનીમાં હતો ત્યારની આ વાત છે. તેમની મુલાકાત અકસ્માતે એક જર્મન સાથે થઈ હતી. શું નામ હતું એનું ?

હં...યાદ આવ્યું. હેન્ઝ વોન હેવ ! એ જર્મને તેમને જણાવ્યું હતું કે નેતાજીના કહેવાતા વિમાન અકસ્માતને દિવસે એટલે કે અઢારમી ઓગસ્ટ ૧૯૪૫ના દિવસે તાઈપેમાં એકે વિમાન અકસ્માત થયો જ નથી.

–શું આપણે એ બધું માની લેવાનું ? ઈચ્છા ન હોવા છતાં તલવારસિંઘના હોઠ વચ્ચેથી શબ્દો સરી પડ્યા. કોઈ કહે છે, ચીનના માર્શલ લીઓ પો ચુંગ નેતાજી છે તો કોઈ કહે છે કે વિયેટનામમાં નેતાજી યુદ્ધની તૈયારી કરી રહ્યા છે. કોઈને નેતાજી જમનીમાં દર્શન દે છે તો કોઈને ભારતમાં. કર્નલ ! આ હકીકતો નથી, તુક્કાઓ છે, ગપગોળા...

–ઓલ રાઈટ, કેપ્ટન ! કર્નલ ગુલમહંમદે તેને ટાઢો પાડતાં કહ્યું. હું તારી બધી દલીલો સ્વીકારી લઉ તોયે અમુક પ્રશ્નો વણઊકલ્યા રહી ગયા છે એમ તું પણ સ્વીકારીશ.

–દાખલા તરીકે ?

–નેતાજીના મૃતદેહનો એકે ફોટો લેવાયો નથી. શા માટે ? નેતાજીનો મૃતદેહ કોઈએ જોયો નથી. કોઈને દેખાડવામાં આવ્યો નથી. શા માટે ?

–કર્નલ ! તેને રોકતાં તલવારસિંઘે વચ્ચે જ કહ્યું, નેતાજીના મૃત્યુ સમયે કર્નલ હબિબુરરહમાન તેમની પડખે જ હતા.

–એની શી ખાતરી કે હબીબે જે કાંઈ કહ્યું એ ખરું છે !

–એ ખોટું શા માટે કહે ?

–કારણ કે નેતાજીની યોજના ગુપ્ત રીતે રશિયામાં પ્રવેશી જવાની હતી.

તલવારસિંઘને ફરી એક વાર ચૂપ થઈ જવાની ફરજ પડી. કર્નલ ગુલમહંમદ સામે દલીલો કરવાનો કાંઈ અર્થ નહોતો, કારણ કે કર્નલ ગુલમહંમદ નેતાજીનો આંધળો ભક્ત હતો. બીજા વિશ્વયુદ્ધને આજે વર્ષો વીતી ગયાં હતાં. આઝાદ હિંદ ફોજનું નામ આજે માત્ર ઇતિહાસનાં પાનાંઓ પર રહી ગયું હતું. છતાં કર્નલ ગુલમહંમદ માટે નેતાજી તથા આઝાદ હિંદ ફોજ આજે પણ જીવતાં હતાં. એને કોણ સમજાવે કે ઇતિહાસ, ઈતિહાસ હોય છે અને વાસ્તવિકતા એ વાસ્તવિકતા.

ડેપોમાં બસ પ્રવેશતાં બંને જણા ઊભા થઈ ગયા. બસ લગભગ ખાલી હતી. મુસાફરોની વધુ ભીડ પણ નહોતી. એટલે બંને જણા નિરાંતે પગલાં ભરતાં બસ સુધી આવ્યા અને થોભી ગયા. બસનાં બે ટાયરો વચ્ચેના ભાગમાં ચોંટેલા એક પોસ્ટરે તેઓનું ધ્યાન ખેંચ્યું હતું. એ પોસ્ટરમાં માત્ર એક જ વાક્ય બોલ્ડ, રાતા અક્ષરોમાં છપાયું હતું - 'સુભાષ જીવે છે' 'છે'ની પછી ન પૂર્ણવિરામ હતું, ન આશ્ચયવિરામ. ન. પ્રશ્નવિરામ હતું, ન અધિવિરામ... 'સુભાષ જીવે છે' વાક્ય જાણે હવામાં તરતું હતું.

પોસ્ટરને જોતાં કર્નલ ગુલમહંમદના ભેજામાં પહેલો પ્રશ્ન સળવળ્યો...કોણે છાપ્યું હશે ? ઉત્તમચંદ મલ્હોત્રાએ ? ઉત્તમચંદ મલ્હોત્રા નેતાજી સ્વાગત સમિતિ'ના પ્રમુખ હતા. 'નેતાજી સ્વાગત સમિતિ'ની સ્થાપના કરવાનો હેતુ માત્ર આટલો જ હતો કે ભવિષ્યમાં ક્યારેય પણ નેતાજી (જીવતા હોય અને) ભારત પધારે તો તેમનું ઉમળકાભર્યંઓ સ્વાગત કરી શકાય. એ કાજે હજારો રૂપિયાનું ભંડોળ પણ ભેગું કરવામાં આવ્યું હતું. નેતાજીએ હજી દર્શન નહોતાં દીધાં.

કર્નલ ગુલમહંમદની જેમ ઉત્તમચંદ મલ્હોત્રાને પણ આશા હતી કે એક ને એક દિવસ નેતાજી જરૂર દર્શન દેશે. આ જ કારણ હતું કે જ્યારે પણ તેમના કાને અફવા આવતી... નેતાજીએ અમુક સ્થળે ગુપ્તવેશે દેખા દીધી છે...તે એ સ્થળે અચૂક દોડી જતા. પરંતુ એ નિશ્ચિત સ્થળે તે પહોંચે એ પહેલાં તો કર્નલ ગુલમહંમદ ત્યાં હાજર થઈ જતો અને અંતે નિરાશ ચહેરે બંને પાછા ફરતા.

એક દિવસ ઉસમાન પટેલ નામના આઝાદ હિન્દ ફોજના એક અફસરે સમાચાર વહેતા મૂક્યા કે નાગડા ગામના આશ્રમમાં સ્વામી શિવશંકર નામના જે સંત છે તે બીજું કોઈ નહિ બલકે છૂપા વેશમાં નેતાજી છે. બીજે જ દિવસે કર્નલ ગુલમહંમદ તથા ઉત્તમચંદ મલ્હોત્રા નાગડા ગામે પહોંચી ગયા. આશ્રમની મુલાકાત લીધી. બાબાનાં દર્શન કર્યા અને બંનેને લાગ્યું કે નાક નકશો નેતાજી જેવો જરૂર છે, પણ ખાતરીપૂર્વક તો ત્યારે જ કહી શકાય જ્યારે સ્વામીજી પોતાની દાઢીમૂછ મૂંડાવી નાખે.

બંને જણાએ નિર્ણય લીધો, જ્યાં સુધી ખાતરી ન થાય ત્યાં સુધી આશ્રમમાં જ પડ્યા રહો ! એક દિવસ, બે દિવસ, ચાર દિવસ. આખરે સ્વામીજીએ, માખીની જેમ પોતાની આસપાસ ભમતા આ બંને ચેલાઓથી કંટાળી દાઢી બોડાવી નાખી. બંને જણા ફરી એક વાર નિરાશ થઈ ગયા.

શૌલમારી આશ્રમના બાબા માટે તો આ બંને જણા છાતી ઠોકીને કહેતા હતા કે એ બાબા નેતાજી છે. ઉત્તમચંદ મલ્હોત્રાએ અનેક જાહેરસભાઓમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે... તમારે નેતાજીનાં દર્શન કરવાં હોય તો શૌલમારી આશ્રમમાં જાવ ! અને નેતાજીના ભક્તોની ભીડ આશ્રમમાં વધવા લાગી. બાબા અકળાઈ ઊઠયા, તેમણે દશનિ દેવાનાં બંધ કર્યા છતાં આશ્રમમાં દિવસે દિવસે ધસારો વધતો ગયો. અફવા $ દૂર સુધી ફેલાતી ગઈ. દિલ્લી સુધી ફેલાઈ. પાલમિન્ટમાં પ્રશ્ન મુકાયો, આખરે શૌલમારી આશ્રમના બાબા છે કોણ ? સી. બી. આઈ.ના અધિકારીઓએ તપાસ આદરી. થોડાક દિવસોમાં રિપોર્ટ પણ જાહેર થઈ ગયો. શૌલમારી આશ્રમના બાબા, બાબા જ છે. નેતાજી નથી.

સી. બી. આઈ.નો રિપોર્ટ ભક્તોએ ન સ્વીકાર્યો. બલકે નેતાજીના ભક્તોનો ધસારો આશ્રમ પર ઓર વધી ગયો. આખરે બાબા કંટાળી ગયા. આટલું જ નહિ શાંતિની શોધમાં આશ્રમ છોડી હિમાલય ભણી પ્રયાણ કરી ગયા.

આ ઘટનાને હજી છ મહિના નહોતા વીત્યા અને કર્નલ ગુલમહંમદના કાને સમાચાર આવ્યા. નેતાજી જીવે છે. ખરેખર જીવે છે અને પટનાના પોલોગ્રાઉન્ડ પર દશનિ દેવાના છે. નેતાજી સામે ઉપસ્થિત થવા માટે જ આજે કર્નલ ગુલમહંમદ ફૌજી પોશાકમાં તૈયાર થઈ તલવારસિંઘ સાથે પટના, જઈ રહ્યો હતો.

બસ ધૂળ ઉડાડતી આગળ વધી રહી હતી.



૨

આગળ વધતી બસ સાથે કર્નલ ગુલમહંમદ બમના, બીજા વિશ્વયુદ્ધના એ રોમાંચક દિવસોમાં ખોવાતો જતો હતો. સહુ પ્રથમ તેને એ તસવીર યાદ આવી, જે તેણે નેતાજીની પડખે ઊભા રહી ખેંચાવી હતી. એ ફોટામાં નેતાજી યુવાન લાગતા હતા. આજે કેવા લાગતા હશે ? સમયની અસર તેમના ઉપર થઈ હશે ? તે વૃદ્ધ થઈ ગયા હશે? તેમની કમર ઝૂકી ગઈ હશે ? ના ! તેનું મન પોકારી ઊઠયું.

–શું કહ્યું ? તેની બાજુની સીટમાં બેઠેલા તલવારસિંઘે પ્રશ્ન કર્યો.

કર્નલ ગુલમહંમદને આશ્ચર્ય થયું. તેના વિચારો એટલા 'લાઉડ" હતા કે પડખે બેઠેલી વ્યક્તિ પણ સાંભળી શકે ? ઉશ્કેરાયા વિના તેણે નવેસરથી વિચારવાની શરૂઆત કરી. 'તુમ મુજે ખૂન દો. મેં તુમ્હે આઝાદી દુગા." નેતાજીના શબ્દો તેના કાનમાં ગુંજી ઊઠયા. સાથે જ તેને એ પ્રતિજ્ઞા યાદ આવી જે તેણે નેતાજી સામે લીધી હતી. ખાખી બ્રિચિઝ, ખાખી ટ્યુનિક તથા બ્રાસના બે બટનવાળી ફોરેજ ટોપીમાં નેતાજી તેની સામે ઊભા હતા. તે કહી રહ્યો હતો.

–હું સ્વેચ્છાએ આઝાદ હિંદ ફોજમાં જોડાઉં છું અને પ્રતિજ્ઞા લઉં છું કે હિંદની આઝાદી ખાતર. હું મારું જીવન ન્યોચ્છાવર કરીશ. હું મારી સઘળી તાકાત વડે હિંદની મુક્તિ માટેના આંદોલનમાં જોડાઈશ. એમ કરતાં મારા પ્રાણની પણ પરવા કરીશ નહિ. અંગત લાભની કશી આશા રાખીશ નહિ. હું તમામ હિંદીઓને નાત-જાત, ધર્મ કે બીજા કોઈ પણ જાતના ભેદભાવ વિના ભાઈઓ માનીશ.

પ્રતિજ્ઞા પૂર્ણ થઈ અને કર્નલ ગુલમહંમદ આરાકાનના મોરચે જવા માટે તૈયાર થઈ ગયો. જુસ્સામાં તે થનગની રહ્યો હતો. લોહી બમણા વેગથી તેની રગોમાં વહી રહ્યું હતું. તેનો ચહેરો રાતો થઈ ગયો હતો.

–હોશિયાર ! છાતી ફુલાવી તેણે મોગલ શહેનશાહની જેમ સાદ દીધો. 'સુભાષ બ્રિગેડ'ના ત્રણ હજાર સૈનિકો સાબદા થઈ ગયા. કૂચ શરૂ થઈ. યુદ્ધ ગાન શરૂ થયું.

કદમ કદમ બઢાયે જા
ખુશી કે ગીત ગાયે જા
યે જિંદગી હે કોમકી
તું કોમ પર લૂટાયે જા

એક તાલે ગાતા આઝાદ હિંદ ફોજના સૈનિકો આરાકાનના મોરચાની દિશામાં આગળ વધી રહ્યા હતા. એ સૈનિકોના હાથમાં લાઈટ મશીનગનો હતી. એ સૈનિકોની પીઠ પર જરૂરી સામાન હતો. તેઓની ચાલમાં સર્તિ હતી. તેઓની છાતીમાં જુસ્સો હતો. જીવનની સીમા વટાવી મૃત્યુના મોંમાં તેઓ પ્રવેશી રહ્યા હતા, છતાં તેઓના હોઠ પર સ્મિત હતું.

આરાકાનના મોરચે પહોંચી કર્નલ ગુલમહમદ બ્રિટિશ સૈન્ય પર આફતની જેમ તૂટી પડયો. એ મહિનો જાન્યુઆરીનો હતો. એ સાલ ચુમાલીસની હતી. એક તરફથી જાપાનીઓ બ્રિટિશ સૈન્યને ભીંસી રહ્યા હતા. તો બીજી તરફ માંડલેને પોતાનું મુખ્ય મથક બનાવી કર્નલ ગુલમહંમદ

આઝાદ હિંદની બટાલિયનો સાથે ધસી રહ્યો હતો. ખુંખાર યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. આગળ વધવા માટે માગ ખુલ્લો થતો જતો હતો. ખુલ્લો થઈ ગયો હતો.

–અભિનંદન !

કર્નલ ગુલમહંમદને નેતાજીનો સંદેશો મળ્યો.

જાપાની સૈન્યોની સાથે રહીને લડી રહેલા આઝાદ હિંદ ફોજના સૈન્યોએ કરેલાં ઝિંદાદિલીનાં કાર્યો તેઓ જ્યાં પણ થાણાં નાખીને પડ્યા હશે, ત્યાં ત્યાં પ્રેરણારૂપ બની રહેશે. બિરાદરો ! હિંદ ફોજના અફસરો અને સિપાહીઓ ! તમારા દિલમાં એક જ મનસૂબો રાખજો... આઝાદી યા મોત. તમારા હોઠે એક જ યુદ્ધનાદ હોઈ શકે... ચલો દિલ્લી. દિલ્લીનો પંથ એ આપણી આઝાદીનો પંથ છે. વિજય આપણો છે. ઇન્કિલાબ ઝિંદાબાદ. આઝાદ હિંદ ફોજ ઝિંદાબાદ.

નેતાજીનો આ અભિનંદન પત્રકર્નલગુલમહમદે પોતાના સૈનિકોને વાંચી સંભળાવ્યો. સુભાષ બ્રિગેડે એ સંદેશો હર્ષનાદ સાથે ઝીલી લીધો. ફરી કૂચ શરૂ થઈ.

મરને સે ફિર ભી તું ન ડર
તું શેરે હિંદ આગે બઢ
આસમાં ઉઠા કે સર
જોશે. વતન બઢાયે જા
કદમ કદમ બઢાયે જા

૧૯૪૪ના માચની ૮મી તારીખે સુભાષ બ્રિગેડના સેનાનીઓ બ્રિટિશ સૈન્યોને પાછાં ખદેડતા કાબાવ ખીણમાં થઈને ભારતની માટી પર આવી ઊભા રહ્યા. ભારતના ઇતિહાસમાં એ દિવસ સોનેરી અક્ષરોએ લખાઈ ગયો.કર્નલગુલમહંમદે માભોમને ચરણે પડી એની ધૂલી માથે ચડાવી. સૈનિકોએ “ચલો દિલ્લી’ના પોકારોથી આકાશને ગજવી દીધું. ૧૭મી માર્ચ ટિડિમ ફતેહ થઈ ગયું. દક્ષિણમાં આગળ વધેલી ફોજે હાકા, ફાલમ તથા પોર્ટ વ્હાઈટ પણ કબજે કયા. ઉત્તર પાલેલને ઘેરો ઘાલ્યો અને અહીં કર્નલ ગુલમહંમદ અકળાઈ ઊઠયો.

કર્નલ ગુલમહંમદ મૂળ બ્રિટિશ લશ્કરનો અધિકારી હતો. એ લશ્કરમાં તેના ભાઈ, સંબંધી, મિત્રો તથા પરિચિતો હતા. આઝાદ હિંદ ફોજની રચના પહેલાં જાપાનીઓએ બ્રિટિશ હિંદના મૂળ હિંદી સૈનિકોને યુદ્ધકેદી તરીકે ન સ્વીકારતાં તેમને આઝાદ હિંદ ફોજ રચવાની પ્રેરણા દીધી. આઝાદ હિંદ ફોજ અસ્તિત્વમાં આવી. નેતાજીએ જર્મનીથી આવી તેનું સુકાન સંભાળી લીધું.

નેતાજીના સંપર્કમાં આવ્યા પહેલાં કર્નલ ગુલમહંમદ બ્રિટિશરોને વફાદાર હતો, આઝાદ હિંદ ફોજમાં જોડાયા પછી તે એ જ ગોરા અફસરો સામે લડી રહ્યો હતો, જેઓના હાથ નીચે તેણે તાલીમ લીધી હતી. વિશેષમાં, દુશ્મનોની ફોજમાં તેના ભાઈઓ હતા, પિત્રાઈઓ હતા, મિત્રો હતા. તેનો જીગરી દોસ્ત તલવારસિંઘ પણ સામે પક્ષે હતો. મિત્રો, સંબંધીઓ આઝાદ હિંદ ફોજનો આગળ વધવાનો માગ રોકી વચ્ચે ઊભા હતા. ભાઈએ ભાઈની છાતી વીંધવાની હતી. મિત્રે મિત્રના પ્રાણ હરવાના હતા. કઠણ કાળજુયે કંપી ઊઠે એવા આ સમાચાર હતા. ગુલમહંમદને પોતાના જાસૂસો મારફતે આ સમાચાર મળ્યા હતા. આખી રાત કર્નલ બિછાનામાં તરફડ્યો હતો.

કોહિમા પર હુમલો કરતાં પહેલાં તેનું મન ડગમગી ન જાય એ માટે તેણે ફરી એક વાર નેતાજી સામે લીધેલી પ્રતિજ્ઞા યાદ કરી અને બીજે દિવસે તેણે પોતાના જાસૂસો મારફત થોડાંક હેન્ડબિલો દુશ્મનની છાવણીમાં ફેંકાવ્યાં. એ હેન્ડબિલોમાં બ્રિટિશ ફોજમાં સેવા બજાવતા

ભારતીય સૈનિકોને સંબોધી સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું હતું કે આઝાદ હિંદ ફોજ ભારતની દુશ્મન નથી, બલકે મિત્ર છે. ભારતમાતાની મુક્તિ ખાતર અંગ્રેજો સામે લડી રહી છે. જો તમારા હૃદયમાં દેશ માટે જરાય દાઝ હોય તો અંગ્રેજોની બેડીઓ તોડી આઝાદ હિંદ ફોજનું શરણ સ્વીકારી લ્યો. માતૃભૂમિની સેવા કરવાની આ ઉત્તમ તક તમને નેતાજી સુભાષચંદ્ર બોઝ તથા આઝાદ હિંદ ફોજ દઈ રહી છે. ચાલ્યા આવો ભાઈઓ ! તમારું સ્વાગત કરવા માટે અમે ઉત્સક છીએ.

પરિણામ ચમત્કારિક ન આવ્યું. બ્રિટિશ સૈન્યના ભારતીય સૈનિકોની માત્ર એક જ ટુકડી તલવારસિંઘ સાથે પક્ષપલટો કરી. આ તરફ સરકી આવી. પરંતુ એ ટુકડીમાં કર્નલ ગુલમંહમદના ન ભાઈઓ હતા, ન ભત્રીજાઓ. કર્નલ ગુલમહંમદનું હૃદય ધબકી ઊઠયું પણ તે લાચાર હતો. ચોવીસ કલાકમાં કોહિમા પર હુમલો કરી ધોરી માગને કાપી નાખવાનો હતો.

ધમાસણ યુદ્ધ ફરી શરૂ થયું. બ્રિગેડના સૈનિકો પગલે પગલે આગળ વધી રહ્યા હતા. હેન્ડ ગ્રેનેડ, બમ, બૂલેટ વચ્ચેથી માગ કરતો તલવારસિંઘ એક તરફથી ધસી રહ્યો હતો તો બીજી બાજુએથી કર્નલ ગુલમંહમદ સૈન્યને લઈ ત્રાટકી પડ્યો હતો. ભાઈઓ ભાઈ પર ગોળી વરસાવી રહ્યા હતા. મિત્રો મિત્રો પર તૂટી રહ્યા હતા. સ્મોક-બમ વાતાવરણને ધૂમલ કરતા હતા. ધુમાડાના આભ સુધી ઊંચા થતા ગોટાઓ વચ્ચેથી પ્રેતની જેમ માગ કરતા સુભાષ બ્રિગેડના સૈનિકો કોહિમામાં પ્રવેશી ગયા.

કોહિમાના આ યુદ્ધમાં કર્નલ ગુલમંહમદના હાથે તેનો નાનો ભાઈ મુશતાક અહમદ તથા પિત્રાઈ ભાઈ જાંનિસારના પ્રાણ ગયા. આવી અમૂલ્ય કુરબાનીઓ દેવા છતાં કર્નલ ગુલમહંમદ દિલ્લીના લાલ કિલ્લા પર તિરંગો લહેરાવી ન શક્યો, બલકે કોહિમાથી આગળ જ વધી ન શક્યો. 'કારણ ?'

વર્ષા ચોમાસાની શરૂઆતે યુદ્ધની સઘળી ગતિવિધિ થોભાવી દીધી. પગલે પગલે નદી-નાળાં વહેવા લાગ્યાં. આગળ વધવું શક્ય નહોતું. ચોમાસું પૂર્ણ થાય ત્યાં સુધી તો નહિ જ. વર્ષાની આ ઋતુ દરમિયાન શત્રુને તૈયારી કરવાની અમૂલ્ય તક મળી ગઈ. કર્નલ ગુલમહંમદ પાસે તૈયારી કરવા જેવું કશું હતું જ નહિ. બરમાનાં મથકો કોહિમાથી માઈલો દૂર હતાં. પુરવઠો અહીં સુધી પહોંચાડવો હવે શક્ય નહોતો. જાપાની સૈન્ય સુધ્ધાં અકળાઈ ઊઠયાં હતાં. ખાધાખોરાકી ખૂટી ગઈ હતી. દારૂગોળો ખૂટી ગયો હતો. દારૂગોળા વિના ભૂખ્યા પેટે કોઈ કેટલા દિવસ ટકી શકે ?

નેતાજીએ સુભાષ બ્રિગેડને વિદાય વેળાએ ખરું જ કહ્યું હતું – અત્યારે હું તમને ભૂખ, તરસ, યાતનાઓ, દિવસ રાતની બેચેની સિવાય બીજું કશું જ નથી દઈ શકતો. પરંતુ આટલી ખાતરી જરૂર દઉં છું. અંધકારમાં તેમ જ પ્રકાશમાં, દુઃખમાં તેમ જ સુખમાં, યાતનાઓમાં તેમ જ વિજયમાં હું તમારી સાથે જ રહીશ.

આઝાદ હિંદ ફોજના સૈનિકો ડુંગરાઓમાં ભમીને કંદ, પાંદડાં, ઘાસ કે વૃક્ષનાં ભીનાં મૂળિયાં શોધી લાવતા અને ઉકાળીને આરોગી જતા. ચોમાસું તીવ્ર થતાં એ પણ મુશ્કેલ બની ગયું. ઠેરઠેર પાણી ભરાઈ ગયાં. બંકરો છલકાઈ ઊઠયાં. રોગચાળો ફાટી નીકળ્યો. સૈનિકો ટપોટપ મરવા લાગ્યા. કર્નલ ગુલમહંમદ લાચાર થઈ ગયો. છતાં હિંમત ન હાર્યો.

રોગીઓને તે આશ્વાસન દેવા લાગ્યો. ભૂખ્યાઓને હતાશાની ખાઈમાં ગબડી પડતા રોકવા માટે તે પ્રયાસ કરવા લાગ્યો. તે જાણતો હતો, આવી આકરી કસોટીના દિવસોમાં સૈનિકોના જુસ્સાને ટકાવી રાખવામાં નહિ આવે તો તેઓમાંથી અનેક ગાંડપણની સીમામાં પ્રવેશી જશે ! લગભગ આધા ગાંડા જેવા તો તેઓ થઈ જ ગયા હતા !

કર્નલ ગુલમહંમદ એ પણ જાણતો હતો. તેઓની સમસ્યા માત્ર ભૂખ અને રોગચાળો

નહોતી. જંગલી માખીઓ અને ઘોનો ત્રાસ પણ એટલો જ હતો. સૈનિકો જાગતા હોય કે સૂતા હોય, અચાનક ક્યાંકથી આવી ઘો શરીરના ઉઘાડા ભાગ પર ચોંટી જતી.

કર્નલ ગુલમહંમદને પણ ઘોનો અનુભવ થઈ ચૂક્યો હતો. સાથળ પર ચોંટેલી એ ઘોને ઉખેડવા તેણે સઘળી તાકાત વાપરી હતી. અનેક કીમિયાઓ અજમાવ્યા હતા. અંતે લાકડું સળગાવી તેના ચટકા ઘોના શરીર પર દીધા હતા, છતાં ઊખડી નહોતી. અંતે ઊખડી ત્યારે સાથળમાંથી ચામડી ખેંચી લીધી હતી. કર્નલ ગુલમહંમદને એક અઠવાડિયું બિછાનામાં રહેવું પડ્યું હતું.

ચોમાસું પૂરું થયું અને બ્રિટિશ સૈન્ય પ્રતિ આક્રમણ શરૂ કર્યું. અત્યાર સુધીમાં તેઓ પૂરી રીતે તૈયાર થઈ ગયા હતા. ચાર મહિનાનો ગાળો મળી જતાં દારૂગોળાનો વિપુલ પુરવઠો તેઓએ મેળવી લીધો હતો. ભૂમિદળોને છાંય દેવા બોંબરો પણ આવી પહોંચ્યાં હતાં. આમર કારની કતારો આગળ વધી રહી હતી. આઝાદ હિંદ ફોજના જવાનો પાછળ ખસી રહ્યા હતા.

પીછેહઠ કરવુંય એટલું સરળ ક્યાં હતું ? ચોમાસાએ જંગલના માર્ગો ધોઈ નાખ્યા હતા. હજીયે નદીઓ બંને કાંઠે છલકાઈ રહી હતી. ઝરણાંઓ પગલે પગલે વહી રહ્યાં હતાં. માગ ભીનો અને લપસણો હતો.

ભૂખ્યા, તરસ્યા, ઘવાયેલા આઝાદ હિંદ ફોજના સૈનિકો દિવસરાત પગપાળો પ્રવાસ કરતા જંગલો વીંધવા લાગ્યા. પગલું દાબતાં શત્રુઓ પાછળ પાછળ આવી રહ્યા હતા. કર્નલ ગુલમહંમદની સ્થિતિ દયાજનક હતી. તેની કમર ભાંગી ચૂકી હતી. કાંઈ કેટલીયે આશાઓ સાથે તે કોહિમા આવ્યો હતો. સફળતા હાથવેતમાં હતી. દિલ્લી વધુ છેટે નહોતું અને–

આગળ વધતાં તેના પગ થોભી ગયા. તેની નજર કાદવમાં, રસ્તાની બાજુએ પડેલા એક સૈનિક પર પડી હતી. સૈનિક જખમી હતો. કાદવમાં તેનો ચહેરો રગદોળાઈ ગયો હતો. કોણ હતો એ ?

પડખે બેસી જતાં તેણે ઝીણવટથી જોયું અને પળભર જોતો જ રહી ગયો. કાદવમાં ખરડાયેલો એ ચહેરો તલવારસિંઘનો હતો. એ દેહ તલવારસિંઘનો હતો. એ આંખો તેની સામે ટગર ટગર જોઈ રહી હતી. કંઈક કહી રહી હતી. મારી ચિંતા ન કર, કર્નલ ! મારા પગમાં ગોળી વાગી છે. હું વધુ ચાલી શકું એમ નથી. અહીં કોઈ વાહન પણ નહિ મળે.

–કાંઈ બંદોબસ્ત તો કરવો જ રહ્યો ! આખરે કર્નલ ગુલમહંમદે હોઠ ખોલ્યા.

–હું જાણું છું એ શક્ય નથી. તલવારસિંઘ ફિક્કા શબ્દોમાં કહી રહ્યો હતો. પરાજિત સૈનિકોની કતાર તેઓ સામે જોયા વિના જ આગળ વધતી જતી હતી.

–કર્નલ! વધુ વિચાર ન કર. મને ભગવાનને ભરોસે છોડી તું આગળ વધી જા. નહિ તો દુશ્મનો મારી સાથે તને પણ... પણ... બસ, તે કાંઈ વધુ કહી ન શક્યો. તેની આંખો મીંચાઈ ગઈ. તે બેભાન થઈ ગયો.

કર્નલ ગુલમહંમદે આગળ વધતા એક સૈનિકને રોકી પોતાની હેવરશેક તેને સોંપી દીધી. પીઠ ખાલી થઈ ગઈ. તરત જ તેણે તલવારસિંઘને ઊંચકી ખભા પરથી પીઠ પર સરકાવી દીધો. તલવારસિંઘના પગ તેણે એક હાથની પકડ વડે મજબૂત રીતે જકડી રાખ્યા હતા. તેના બીજા હાથમાં લાઈટ મશીનગન હતી, કાદવ ખૂદતો, જંગલી માખીઓના ડંખની વેદના અનુભવતો તે ચૂપચાપ આગળ વધતી કતારમાં જોડાઈ ગયો, પરંતુ તે વધુ છેટે જઈ ન શક્યો. શત્રુઓએ ત્રણ પાંખિયું છટકું ગોઠવી તેઓને ઘેરી લીધા. કર્નલગુલમહંમદ પોતાના બાકી વધેલા સૈન્ય સાથે બ્રિટિશરોની પંજાબ રેજિમેન્ટને શરણે થઈ ગયો.

આ ઘટનાઓને વર્ષો વીતી ગયાં, પરંતુ કર્નલગુલમહંમદ માટે જાણે આ પ્રસંગો હજી ગઈ કાલના જ હતા. સ્પષ્ટતાપૂર્વક તે એકકેક પ્રસંગ વાગોળી શકતો હતો. બસમાં હોય કે ટ્રેનમાં,

ઘેર હોય કે બહાર, તેની આંખો સામે નેતાજી તરતા રહેતા હતા. નેતાજીના શબ્દો તેના કાનમાં ગુંજતા રહેતા હતા - તુમ મુજે ખૂન દો, મેં તુમ્હેં આઝાદી હુંગા. આજે ભારત આઝાદ છે. આઝાદ હિંદ ફોજની બેમિસાલ કુરબાનીઓને કારણે દેશને સમય પહેલાં આઝાદી મળી છે એમ તે માનતો હતો. જો આઝાદ હિંદ ફોજના અફસરો યુદ્ધકેદી બની દિલ્લી આવ્યા ન હોત, લાલ કિલ્લામાં તેઓના કેસ ચાલ્યા ન હોત તો એ સમયે ભારતીયોમાં અપૂર્વ જોશ આવ્યો ન હોત. વિશેષમાં બ્રિટિશરોની કેદમાંથી છૂટેલા આઝાદ હિંદ ફોજના અફસરોએ ગામડે ગામડે જઈ પ્રજામાં ચેતના ઝગવી હતી. મુક્તિનો મહિમા સમજાવ્યો હતો. લોકોમાં જાગૃતિ પેદા કરી હતી.

બસ ઝટકા સાથે થોભી જતાં કર્નલ ગુલમહમદના વિચારો પણ ઝટકા સાથે કપાઈ ગયા. હાવડા સ્ટેશન સામે જ હતું. અહીંથી તેમણે ટ્રેન પકડી પટના પહોંચવાનું હતું.

–કર્નલ ! સ્ટેશનની દિશામાં પગલાં ભરતાં તલવારસિંઘે તેને સંબોધી કહ્યું. અહીંની જમીન સૂકી છે.

–હા, હજી અહીં ચોમાસું નથી બેઠું કહેતાં તેણે આકાશ સામે જોયું. વાદળો ઘેરાઈ રહ્યાં હતાં.

–શું લાગે છે ?

–ઝટ પગલાં ભર ! તે બોલી ઊઠયો. આ કમબખ્ત વરસાદ અહીં પણ આપણો પીછો નહિ મૂકે.

તલવારસિંઘ છત્રી ખોલવા ગયો અને તેને યાદ આવ્યું. પોતાની છત્રી તે કર્નલને ઘેર વીસરી ગયો હતો.



3

ઝડપથી પગલાં ભરતા, ફૌજી પોશાકમાં બંને સ્ટેશનમાં દાખલ થયા અને બહાર વરસાદનું ઝાપટું ફરી વળ્યું. પટનાનો પ્રવાસ માત્ર આઠ કલાકનો હતો. આ પ્રવાસ દરમિયાન બંને જણા ચૂપચાપ બેઠા રહ્યા. પ્રવાસીઓ તેમના ફૌજી પોશાકને વિચિત્ર દૃષ્ટિએ નિહાળતા રહ્યા. તલવારસિંઘના ખભે ત્રણ બ્લે પટીઓ હતી. કનલ ગુલમહંમદના ખભે ત્રણ સ્ટાર હતા. વિશેષમાં તેની છાતી પર શોભતા મેડલો પણ લોકોનું ધ્યાન ખેંચતા હતા.

હકીકતમાં, તેઓ જ્યાં પણ જતા તેઓનો આ ફૌજી પોશાક આકર્ષણનું કેન્દ્ર બની જતો. અલબત્ત આઝાદ હિંદ ફોજનો આ પોશાક તેઓ નિયમિત નહોતા પહેરતા. ખાસ કરીને કનલ ગુલમહમદ વર્ષમાં બે વાર અચૂક પહેરતો હતો. એમાંનો એક દિવસ નેતાજીનો જન્મદિવસ હતો. એ દિવસે સવારે ઊઠી, ફૌજી પોશાકમાં સુસજ્જ થઈ, નેતાજીની છબિ સામે ઊભો રહી તે એક જોરદાર સલામ મારતો. પછી આઝાદ હિંદ ફોજનું રાષ્ટ્રગીત ગાતો...

શુભ સુખ ચેનકી વર્ષા બરસે
ભારત ભાગ્ય હે જાગા
પંજાબ સિંધ ગુજરાત મરાઠા
દ્રવિડ, ઉત્કલ, બંગા.

ગીત પૂર્ણ થતાં તે પોશાક બદલી નાખતો. આ સિવાય જ્યારે પણ તેને જાણ થતી કે ભારતના કોઈ ખૂણામાં નેતાજીએ દર્શન દીધાં છે, તે ફૌજી પોશાકમાં તૈયાર થઈ નેતાજીને ભેટવાની આશાએ ચાલી નીકળતો. આજે પણ તે એ જ આશાએ જઈ રહ્યો હતો. ઝપાટાબંધ ટ્રેન આગળ વધી રહી હતી. પળે પળે પટના શહેર પાસે આવતું જતું હતું. પરંતુ એ અક્કેક પળ કર્નલ ગુલમહંમદને અક્કેક યુગ જેવડી લાગી રહી હતી.

–કેપ્ટન ! તેણે તલવારસિંઘ સામે જોતાં કહ્યું, કાંઈ વાત કર.

–શું વાત કરું ?

–કાંઈ પણ. મારો સમય નથી. વીતતો.

–તો બીડી ફૂંક.

–કર્નલ ગુલમહંમદે બીડી સળગાવી.

–કર્નલ !

–હં ?

–આજનો, આ આપણો છેલ્લો પ્રવાસ છે.

–તદ્દન છેલ્લો. કાંઈયે દલીલ ન કરતાં તેણે સપાટ શબ્દોમાં જણાવી દીધું.

અફવાઓના આધારે દોરાઈને હવે ક્યારેય આપણે નેતાજીના દર્શને દોડી નથી જવાનું. તલવારસિંઘે સ્પષ્ટતા કરી, બલકે તેને કરવી પડી, જેથી કર્નલ ગુલમહંમદના મનમાં કોઈ ભ્રમ ન રહે. અને એ જરૂરી પણ હતું.

આજ પહેલાં તેઓ અનેક વાર આમ જ તૈયાર થઈ નેતાજીનાં દશન કરવા માઈલોના

પ્રવાસ ખેડી હોંશે હોંશે દોડી ગયા હતા. અંતે પૈસાનું પાણી કરી હતાશા ચહેરે પાછા ફર્યા હતા. દરેક વખતે તલવારસિંઘે પોતાની શંકા વ્યક્ત કરી હતી. પરંતુ કર્નલ ગુલમહંમદની અચળ શ્રદ્ધાને કારણે તેને પણ પાછળ ઘસડાવું પડ્યું હતું. આખરે આજે તેણે પોતાનો ફેંસલો સાફ સાફ જણાવી દીધો અને એ ફેસલો કર્નલને ન છૂટકે સ્વીકારવો પણ પડ્યો. એ વાત જુદી હતી કે કર્નલ ગુલમહંમદનું હૃદય હજુયે ચીસો પાડીને કહેતું હતું કે નેતાજી જીવે છે.

પટનાની દિશામાં ધસમસતી ટ્રેન વચ્ચેના એક નાનકડા સ્ટેશને થોભી અને ઓલવાઈ ગયેલી બીડીને ફેંકી કર્નલ પાણીની શોધમાં બહાર નીકળ્યો. તલવારસિંઘ પોતાની સીટ પર એકલો બેઠો રહ્યો; ધર્મે તે શીખ હતો. તંબાકુનું તેને વ્યસન નહોતું. પાનની ટેવ પણ તેણે રાખી નહોતી. તેના વિચારો મુજબ સૈનિકોને આવી ટેવો પાલવે નહિ. જો કોઈ વ્યસન તેને વળગ્ય હોય તો એ શરાબ હતું. રોજ રાત્રે શરાબના તે બે પેગ પીતો. શનિવારની સાંજે કર્નલ ગુલમહંમદ જોડે બેસીને પીતો. એ સાંજે બે મરઘીઓ ફ્રાઈ કરીને તૈયાર રાખવામાં આવતી અને બંને જણા અહીંતહીંનાં ગપ્પાં મારતા, બમના એ દિવસોને યાદ કરતા એકકેક મરઘી હજમ કરી જતા. જો કે તેઓની ઉમર એક આખી મરઘી ખાવાની નહોતી. તલવારસિંઘની ઉમર સાઠની આસપાસ હતી તો કર્નલ ગુલમહંમદની પાંસઠ. છતાં બંનેની કાયા આજે પણ કસાયેલી અને તંદુરસ્ત હતી.

–કેપ્ટન ! કેપ્ટન !

કાને શબ્દો અથડાતાં તલવારસિંઘે બારીમાં જોયું તો કર્નલ ગુલમહંમદ તેને સાદ દઈ રહ્યો હતો – ઝટ બહાર આવ !

ન જાણે શુંયે બન્યું હશે, ધારી તલવારસિંઘ કમ્પાર્ટમેન્ટની બહાર ધસી ગયો તો કનલે તેનું કાંડું પકડ્યું અને તેને પોતાની સાથે ખેંચતો ત્રીજા કંપાર્ટમેન્ટ સુધી લઈ આવ્યો. તલવારસિંઘે જોયું તો એ કંપાર્ટમેન્ટની બહાર સફેદ કપડું ઝૂલી રહ્યું હતું. એ કપડા પર લાલ અક્ષરોમાં લખાયું હતું - નેતાજી ! ભારતની જનતા તમારું સ્વાગત કરે છે.

તલવારસિંઘે ભીતર જોયું, તો પેસેન્જરો હર્ષઘેલાં થઈ નાચી રહ્યાં હતાં. ગાઈ રહ્યાં હતાં. કોઈ મંજીરા વગાડી રહ્યું હતું. તો કોઈ ઢોલક, કોઈ કંપાર્ટમેન્ટની દીવાલ પર જ ઠોકા દઈ રહ્યું હતું. ભીતરનું ઉલ્લસિત વાતાવરણ જોતાં એવું લાગતું હતું જાણે નેતાજી તેઓની સાથે જ પ્રવાસ કરી રહ્યા હોય !

પટનાના સ્ટેશન બહાર નીકળી કર્નલ ગુલમહંમદે એક રિક્ષા રોકી અને તલવારસિંઘ જોડે અંદર બેસી ગયો. કર્નલને લાગ્યું કે આજનો તેનો દિવસ ખરેખર શુભ હતો. ઘેરથી નીકળ્યા ત્યારે વિના મુશ્કેલીએ બસમાં જગ્યા મળી ગઈ. હાવડા સ્ટેશન પહોંચતાં ટ્રેન પ્લેટફોર્મમાં તેઓની પ્રતીક્ષા કરી રહી હતી. પટના સ્ટેશનની બહાર નીકળતાં રિક્ષા પણ તુરત મળી ગઈ. જો કે સ્ટેશન બહારની ભીડ જોઈ કર્નલની છાતી બેસી ગઈ હતી. ટ્રેન પણ ખીચોખીચ ભરાઈને સ્ટેશનમાં આવી હતી. નેતાજીનાં દર્શન કરવા માટે લોકો માઈલીનો પ્રવાસ ખેડીને અહીં સુધી આવ્યાં હતાં. હજી આવી રહ્યાં હતાં. બસોમાં, ટ્રેનોમાં, ખટારામાં, બળદગાડામાં, સાઈકલ પર... ધસારો વધતો જતો હતો. આવા ધસારામાં સરળતાથી રિક્ષા મળી જાય એને ચમત્કાર કહેવાય, એમ કર્નલ ગુલમહંમદના મને કહ્યું.

દરેક વાહન માત્ર એક જ દિશામાં દોડી રહ્યું હતું. એક જ સ્થળે પહોંચવા માટે જાણે હોડ લાગી હતી. અને એ સ્થળ હતું પોલોગ્રાઉન્ડ. ઓલ ઈન્ડિયા આધ્યાત્મિક સુભાષ ક્રાંતિ બહિનીએ નેતાજીના સ્વાગત માટે એ જ સ્થળ ચૂંટ્યું હતું. જયગુરુદેવ પ્રચારક સંઘે તેમાં પૂરતો સહયોગ દીધો હતો. નેતાજી સ્વાગત સમિતિના પ્રમુખ ઉત્તમચંદ મલ્હોત્રાએ પણ સક્રિય ભાગ ભજવ્યો હતો. આ ત્રણ સંસ્થાઓના બેનરો મેદાનમાં ઊભા કરાયેલા મંચ પર શોભી રહ્યા

હતા. લોકોનો ધસારો વધતો જતો હતો. મેદાન માનવમેદનીથી છલકાતું જતું હતું. સુભાષ બહિનીના પ્રમુખ પ્રાણલાલ દિક્ષિત માઈકમાંથી શિસ્ત જાળવવા માટે વારંવાર લોકોને વિનવી રહ્યા હતા. મંચના એક ખૂણામાંથી બીજા ખૂણામાં દોડાદોડી કરતા ઉત્તમચંદ મલ્હોત્રા નેતાજીના સ્વાગત માટે આવેલી દરેક વસ્તુને યથાસ્થાને ગોઠવી રહ્યા હતા. ફૂલના હારની ટોકરી, મંચની શોભા અર્થે આવેલાં છોડવાઓનાં કુંડાં, નેતાજીના ફોટોગ્રાફનો બ્લોઅપ, પાણીના ગ્લાસ, કુંજો વગેરે સાથે ઝીણી ઝીણી બાબતોમાં પણ તે ખાસ ધ્યાન દઈ રહ્યા હતા.

કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘે મેદનીના માથા ઉપરથી દૃષ્ટિ ફેંકી આ અદ્‌ભુત દૃશ્ય જોયું અને કર્નલનું હૃદય ગર્વથી ધબકી ઊઠયું. ભલે તલવારસિંઘ ન માને પરંતુ અહીં હાજર રહેલા લાખ માનવોને આજે પણ વિશ્વાસ છે કે નેતાજી જીવે છે.

–શું લાગે છે, કેપ્ટન ? છાતી ફુલાવી તેણે ગર્વથી તલવારસિંઘના ચહેરામાં જોયું. જાણે તે પૂછી રહ્યો હોય કે - શું નેતાજી મૃત્યુ પામ્યા છે ? શું આ બધા મૂખઓિ છે ? શું તેઓ પાસે ફાલતું સમય છે કે અહીં વેડફવા ભેગા થયા છે ? હકીકતમાં આ વિશાળ મેદનીને જોઈ તલવારસિંઘના વિચારો પણ ડગમગી ગયા હતા, તે લગભગ ચૂપ થઈ ગયો હતો.

–કાંઈ કહેવાય નહિ ! દબાયેલા પરંતુ સ્પષ્ટ શબ્દોમાં તેણે ઉત્તર દીધો, કદાચ જીવતા પણ હોય !

–કદાચ નહિ, છે. કર્નલ ગુલમહંમદ બોલી ઊઠયો. અને આજે તું એમને તારી સગી આંખે જોઈશ.

બીજી ક્ષણે કર્નલના હાથમાં તેનું કાંડું હતું. ત્રીજી ક્ષણે મેદાનમાં બેઠેલા માણસો વચ્ચેથી માગ કરતા બંને જણા મંચની દિશામાં આગળ વધી રહ્યા હતા. સૂર્ય આથમી રહ્યો હતો. મેદાનને કિનારે કિનારે મેળો લાગ્યો હતો. અનેક કામચલાઉ દુકાનો સમયના ટૂંકા ગાળા માટે ખૂલી ગઈ હતી. ક્યાંક ભજિયાં તળાઈ રહ્યાં હતાં. ક્યાંક ચાના કપ ખખડી રહ્યા હતા. ક્યાંક ચાની ઝૂંપડીઓ નજરે પડતી હતી. તો ક્યારેક ફરસાણના ખુમચાઓ દેખા દેતા હતા. આવી વિશાળ મેદની અને આવો ઉલ્લાસ પટનાવાસીઓએ ક્યારેય નહોતો જોયો. આજે તેઓ પણ આ મેદનીમાં સાકરની જેમ ભળી ગયા હતા. સમય વહેતો જતો હતો. નેતાજીના આગમનની ઘડીઓ ગણાઈ રહી હતી.

સાવચેતીપૂર્વક પગલાં ભરતાં બંને જણા હજી અર્ધ નહોતા પહોંચ્યા અને ઉત્તમચંદ મલ્હોત્રાએ માઈકને હાથમાં લીધું – ભાઈઓ અને બહેનો ! લાઉડસ્પીકર દ્વારા તેમનો અવાજ પોલોગ્રાઉન્ડના મેદાનમાં ગુંજી ઊઠયો. ઘોંઘાટિયા વાતાવરણમાં શાંતિ પથરાઈ ગઈ.

–જેટલી ઉત્સકતાથી નેતાજીના આગમનની તમે વાટ જોઈ રહ્યા છો, એટલી જ ઉત્સકતા અથવા એથી કાંઈ વિશેષ અમારામાં પણ છે. આટઆટલાં વર્ષો આપણે આપણા સિપેહસાલાર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતીક્ષા કરી છે, અને મને ખાતરી છે કે આજ એ લાંબી પ્રતીક્ષાનો અંત નક્કી આવવાનો છે.

તે સહેજ થંભયા. મંચની આસપાસ ટહેલતા પ્રેસ ફોટોગ્રાફરની દિશામાં જોયું. હજી સુધી કોઈએ એકે ફોટો કેમ નહોતો ઝડપ્યો ? તેમના વિચાર વાંચી લેતાં એક ફોટોગ્રાફરે ખૂણામાંથી કેમેરાની ચાંપ દાબી. ફ્લેશનો પ્રકાશ તેમના ચહેરાને ઊજળો કરી ઓગળી ગયો. ભાષણ આગળ વધ્યું.

–નેતાજીના ચાહકો ! નેતાજીના શુભેચ્છકો ! નેતાજીના ભક્તો ! કદાચ તમે નહિ જાણતા હો કે અત્યારે નેતાજી ક્યાં છે અને કેવી સ્થિતિમાં છે, પણ હું જાણું છું, અને હું જે કાંઈ જાણું છું એ તમને જણાવતાં મને ખરેખર આનંદ થઈ રહ્યો છે.

વધુ કાંઈ કહેતા પહેલાં તેમણે ખોંખારો ખાઈ ગળું સાફ કર્યું. ગયા અઠવાડિયે મારી

મુલાકાત નેતાજી સાથે થઈ હતી. હું તેમના સાક્ષાત્ દર્શન કરીને આવ્યો છું, પરંતુ આજ સુધી આપણે નેતાજીને જે રૂપે ઓળખીએ છીએ એ રૂપમાં તેઓ નહોતા. તેમણે ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેમના માથે લાંબી જટા હતી. લાંબી દાઢી તેમના ચહેરા પર શોભી રહી હતી. તુલસી બાબાને નામે તે વર્ષોથી પ્રચલિત હતા. પણ એ વર્ષો દરમિયાન કોણ જાણતું હતું કે મથુરાના એ તુલસી બાબા એટલે બીજું કોઈ નહિ પરંતુ આપણા લોકલાડીલા નેતા સુભાષચંદ્ર બોઝ જ છે.

તાળીઓના પ્રચંડ ગડગડાટથી આકાશ ગુંજી ઊઠયું. ઉત્તમચંદ મલ્હોત્રાને થોડીક પળો માટે ખામોશ થઈ જવું પડ્યું. એ નિ:શબ્દ પળોમાં તેમની નજર કનલ ગુલમહમદ તથા તલવારસિંઘ પર પડી. બંને જણા લોકો વચ્ચેથી માગ કરતા લગભગ મંચ સુધી આવી પહોંચ્યા હતા. બંનેના આઝાદ હિંદ ફોજના પોશાક લોકો માટે ખાસ આકર્ષણ હતું.

તાળીઓનો ગડગડાટ થંભતાં ઉત્તમચંદ મલ્હોત્રાએ માઈક પર જાહેરાત કરી – ભાઈઓ અને બહેનો ! તમને જાણી હર્ષ થશે કે નેતાજીનું સ્વાગત કરવા તેમના જમણા હાથ સમા કનલ ગુલમહમદ સાથે કેપ્ટન તલવારસિંઘ પણ સમયસર આવી પહોંચ્યા છે.

ફરી એક વાર તાળીઓનો ગડગડાટ ઊઠયો. ઉત્તમચંદ મલ્હોત્રાએ પોતાનો હાથ લંબાવી વારાફરતી બંનેને મંચ પર લઈ લીધા. મંચ પર એક ટેબલ હતું. ટેબલની પાછળ અગિયાર ખુરશીઓની એક લાંબી હરોળ હતી. એમાં બે વધુ ખુરશીઓનો ઉમેરો કરવામાં આવ્યો અને કનલ ગુલમહમદ તથા તલવારસિંઘ અગ્રગણ્ય વ્યક્તિઓ જોડે બેસી ગયા.

સાંજના પાંચનો સમય નેતાજીના આગમન માટે નક્કી થયો હતો. પાંચ ક્યારના વાગી ગયા હતા. ઘડિયાળનો મોટો કાંટો સાડા પાંચનો આંકડો વટાવી કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યો હતો. લોકોની ધીરજ ખૂટતી જતી હતી, એ ધીરજને ટકાવી રાખવા માટે ઉત્તમચંદ મલ્હોત્રા શક્ય તેટલા પ્રયાસ કરી રહ્યા હતા.

આ વખતે તેમણે ભારતમાંથી છટકી નેતાજી ૧૯૪૧ની સાલમાં તેમના ઘેર છેતાલીસ દિવસ રહ્યા હતા, એ દિવસોની યાદ તાજી કરી માઇક દ્વારા વહેતી મૂકી...ભારતના બ્રિટિશ એજન્ટોને બેવકૂફ બનાવી નેતાજી ઉર્ફ મોલવી ઝિયાઉદ્દીન પેશાવર પહોંચ્યા. અહીં તેમની મુલાકાત એક ભારતીય, શ્રી ભગતરામ જોડે થઈ. બે દિવસ પછી ભગતરામ તેમને લઈ કાબૂલ આવ્યો. અત્યાર સુધીમાં ભગતરામે પણ વેશપલટો કરી નાખ્યો હતો. નેતાજી, મૌલવી ઝિયાઉદ્દીન બન્યા હતા તો ભગતરામ રેહમત ખાન પઠાણ બન્યો હતો. કસોટીના દિવસો હતા. ભાષાની સમસ્યા હતી. એક અફઘાન પોલીસ એજન્ટ તેઓની પાછળ પડી ગયો હતો. આવા કપરા સમયે ઉત્તમચંદ મલ્હોત્રાએ નેતાજીને પોતાના કાબૂલના મકાનમાં આશ્રય દીધો હતો. એ દિવસોમાં ઉત્તમચંદ મલ્હોત્રા કાબૂલમાં વસેલા હતા.

લોકોના ચહેરા પર સ્પષ્ટ કંટાળો વરતાવા લાગ્યો. જે ચવાઈ ગયેલી વાતો ઉત્તમચંદ મલ્હોત્રા કહી રહ્યા હતા એ પ્રસંગોથી ભારતની જનતા સારી રીતે પરિચિત હતી. એમાં કોઈને રસ નહોતો. ઉત્તમચંદ મલ્હોત્રાના શબ્દો ભાંગી રહ્યા હતા. તેમની અનુભવી આંખોએ આટલું ગ્રહણ કરી લીધું. માનવમેદનીનો હાઈડ્રોજન બમ ફાટવાની તૈયારીમાં હતો.

ક્ષણભરમાં નિર્ણય લેતાં તેમણે પોતાનું ભાષણ ટૂંકાવી બિનદાસ માઈકમાં જાહેર કરી દીધું. - હવે આપની સમક્ષ કર્નલ ગુલમહંમદ બમાં તથા મલાયામાં ખેલાયેલા ભારતની આઝાદીના જંગના રોમાંચક કિસ્સાઓ રજૂ કરશે.

કર્નલ સ્તબ્ધ થઈ ગયો. આ પળની તેણે કલ્પનામાંયે આશા નહોતી રાખી. વિસ્ફરિત નેત્રે તે શૂન્યમાં તાકી રહ્યો. તેની સમજમાં કાંઈ આવે એ પહેલાં તો ઉત્તમચંદ મલ્હોત્રા તેને દોરી માઇક સુધી લઈ આવ્યા. માઈક તેના હાથમાં સોંપ્યું અને બીજી પળે મંચ પરથી અદશ્ય પણ

થઈ ગયા.

કર્નલ ગુલમહંમદે વિશાળ જનસમુદાય પર એક ઊડતી નજર ફેંકી. લાખથી વધુ કાળાં માથાં કાળાં ટપકાંઓની જેમ તેની સામે પથરાયેલાં હતાં. જ્યાં સુધી તેની નજર પહોંચતી હતી, તે બેઠેલાં ટપકાંઓ જોઈ શકતો હતો. અને ઊભેલાં કાળાં ટપકાંઓની માળા, બેઠેલાં કાળાં ટપકાંઓને ઘેરીને ઊભી હતી.

આઝાદ હિંદ ફોજના એક વફાદાર સૈનિકની અદાથી કર્નલ ગુલમહંમદે છાતી ફુલાવી કમરને ટટાર કરી. માઈક મોઢા સામે લીધું. હોઠ ખોલ્યા પણ એકે શબ્દ બહાર નીકળી ન શક્યો. એક ખાસડુ ક્યાંકથી ઊછળતું આવી ટપાક કરતું તેના કપાળે અથડાયું હતું. હોઠ સુધી આવેલા શબ્દો પાછા ધકેલાઈ ગયા હતા. માથા પરની ટોપી ઊડીને પીઠ પાછળના ટેબલ પર ગોઠવાયેલાં ફૂલના કુંડા પર બેસી ગઈ હતી.

આ તો માત્ર શરૂઆત હતી, અને શરૂઆતમાં જ ખુરશીઓમાં બેઠેલી અગિયારે અગ્રગણ્ય વ્યક્તિઓના પગ ઢીલા થઈ ગયા. ફાટી આંખે તેઓ એકમેકના ચહેરા તથા જનસમુદાયના વિશાળ ચહેરાને જોઈ રહ્યા. કર્નલ ગુલમહંમદ માઈકની સામે હજી ટટાર ઊભો હતો; જાણે દુશ્મનની તોપ સામે છાતી કાઢી કોઈ જનરલ ઊભો હોય.

બીજા ચાર ખાસડાં સાથે એક ઈંડું ઊછળતું આવ્યું, અને મંચ પર ભાગદોડ શરૂ થઈ ગઈ. મેદાનમાં શાંતિથી બેઠેલા લોકો ઊભા થઈ ગયા. એક સાથે લાખથી વધુ કાળાં ટપકાં ઊભાં થઈ ગયાં. ધમાલ મચી ગઈ. મેદનીનો એક ભાગ સ્વરક્ષા કાજે મેદાનની બહાર ધસી જવા મથી રહ્યો હતો, તો બીજો ભાગ મંચની દિશામાં દોડી જઈ સંચાલકોનાં હાડકાં પાંસળાં એક કરવા માટે અધીરો થઈ રહ્યો હતો. હવે છૂટથી પથ્થરો, છત્રીઓ, ખાસડાંઓ, કોહી ગયેલાં ઈંડાંઓ મિસાઈલની જેમ મંચની દિશામાં છૂટી રહ્યાં હતાં.

તલવારસિંઘે પરિસ્થિતિ સમજી લેતાં કર્નલનું કાંડું ખેંચ્યું. કર્નલ ગુલમહંમદ પીછેહઠ કરવામાં માનતો નહોતો. કમસેકમ રણમેદાનની બહાર તો નહિ જ. તેણે મચક ન દીધી. તેની પહોળી છાતી પર, માથા પર, શરીરના અક્કેક ભાગ પર એક પછી એક અનેક વસ્તુઓ અથડાઈ રહી હતી. મંચની દિશામાં ધસારો વધી રહ્યો હતો. સ્વયંસેવકો તથા પોલીસો ધસારો રોકવા મથી રહ્યા હતા, છતાં કોલેજના થોડાક વિદ્યાર્થીઓ મંચ પર ચડી જવામાં સફળ થઈ ગયા. આટલું જ નહિ કર્નલ ગુલમહંમદ પર તેઓ તૂટી પણ પડ્યા.

એક તો કર્નલ ગુલમહંમદ ખાસડાંઓ ખાઈને ધૂંઆપૂંઆ થઈ રહ્યો હતો. વિશેષમાં આ મગતરાઓ તેની સામે મુક્કા ઉગામી રહ્યા હતા. તેની આંખો રાતી થઈ ગઈ. તેણે જવાબી હુમલો કર્યો. તલવારસિંઘ પોતાની ફરજ સમજી કર્નલની સાથે જોડાયો અને મંચ પર સિનેમાસ્કોપ ફિલ્મોમાં જોવા મળતી મુક્કાબાજી શરૂ થઈ ગઈ.

કર્નલ ગુલમહંમદ જડબાતોડ મુક્કાઓ ફટકારતો હતો અને તક મળતાં શત્રુને ઊંચકીને મંચ પરથી નીચે પણ ફેંકી દેતો હતો. નીચે ધસી જતો યુવાન પોતાની સાથે બીજા બેત્રાણને ઘસડતો જતો હતો. અહીં તલવારસિંઘે પોતાનો કમરપટો ખોલી નાખ્યો હતો. ચામડાના એ જાડા પટાનો તે છૂટથી ઉપયોગ કરી રહ્યો હતો.

મંચ પર, અગ્રગણ્ય વ્યક્તિઓમાં માત્ર તેઓ બંને જ બાકી વધ્યા હતા. અને તીડના ટોળા વચ્ચે બહાદુરીપૂર્વક જંગ ખેલી રહ્યા હતા. અચાનક પોલીસો મંચ પર ધસી આવ્યા. બીજી પળે તેઓએ મંચને ઘેરી લીધો. મંચ પર ફરી એક વાર ભાગદોડ મચી ગઈ. કેટલાક યુવાનો પોલીસોની કોડન તોડી નાસી છૂટવામાં સફળ થઈ ગયા. બાકીના હવાલદારોના પંજામાં સપડાઈ ગયા. એ સમયે મંચ પર આઝાદ હિંદ ફોજના બંને વીરો કોઈ ઐતિહાસિક નાટકનાં પાત્રો જેમ અડગ ઊભા હતા. એક કલાક પછી લોકઅપમાં બંધ હતા.

આખી રાત લોકઅપમાં ગાળી સવારે પટનાથી એક લોકલ પકડી અને હાવડા આવ્યા. અહીંથી બસ પકડી તેઓ પોતાને ગામ દોઢેક કલાકમાં પહોંચી શકતા હતા. હજી બસ ડેપોમાં નહોતી આવી. બંને જણા વાટ જોતા ઊભા રહ્યા. બંનેના ચહેરા પર થાક સાથે ઊંઘ વરતાતી હતી. લોકઅપમાં આખી રાત તેઓને માંકડ તથા મચ્છરોએ ત્રાહી ત્રાહી પોકારી દીધા હતા. બીજું, ટ્રેનમાં પણ એટલી ભીડ હતી કે તેઓને પ્રવાસ દરમિયાન એક સેકંડ માટે પણ બેસવા નહોતું મળ્યું. આ બધો ત્રાસ કોના વાંકે ?

નેતાજી સ્વાગત સમિતિના સભ્યો પર બંને જણા મનોમન શાપ વરસાવવા લાગ્યા. પસ્તાવો તો ક્યારનો થઈ રહ્યો હતો, પણ હવે શું થાય ? દોઢસોથી વધુ રૂપિયાનું કચ્ચરઘાણ વળી ગયું હતું. બદલામાં શું મળ્યું? ખાસડાં. જેલ. એ તો ભાગ્ય સારાં હતાં કે પટનાનો એક પોલીસ અધિકારી મિત્ર નીકળ્યો, નહિતર બેચાર દિવસ પત્તો જ ન ખાત.

કર્નલ ગુલમહંમદે બીડી સળગાવી અને હોઠ વચ્ચે ગોઠવી. તલવારસિંઘ ધૂમ્રપાન નહોતો કરતો. છતાં તેને ધૂમ્રપાન કરનારાઓ પ્રત્યે ક્યારેય ચીઢ પણ નહોતી ચઢતી. આજની વાત જુદી હતી. આજે તેને ખરેખર ચીઢ ચડી. કર્નલને બસની વાટ જોતો એકલો છોડી તે થોડે છેટેના કેન્ટિન બહાર ગોઠવાયેલા બાંકડા પર જઈ બેસી ગયો. ચાનો એક કપ તેના હાથમાં ગોઠવાયો. ગરમ ચાની ચૂસકી લેતાં ઢળતા સૂરજના લાંબા પડછાયાઓમાં તે અકારણ દિલચશપી લેવા લાગ્યો.

ટૂંક સમય પછી કર્નલ પણ તેની સાથે જોડાયો. તલવારસિંઘે એકે શબ્દ ન કહ્યો. તેની સામે આંખો ઊંચી કરી જોવાની દરકાર સુધ્ધાં ન કરી.

–નારાજ થઈ ગયો, કેપ્ટન ? કર્નલ ગુલમહંમદે તેના મનોભાવ સમજી લેતાં બીડીનો ત્રીજો અને આખરી કશ લીધો અને ફેંકી દીધી. એક કપ ચા તેની સામે પણ ગોઠવાઈ. તલવારસિંઘ ચૂપ જ રહ્યો.

–હું જાણું છું... મારા કારણે તને પણ ખાસડાં પડ્યાં.

–એનું મને દુ:ખ નથી. આખરે તેણે હોઠ ખોલ્યા.

–તો ?

–દુ:ખ તારી જીદનું છે. તારા અંધવિશ્વાસનું છે.

–તારી વાત ખરી છે. કર્નલ ગુલમહંમદે એક અપરાધીની જેમ પોતાનો ગુનો કબૂલ કરી લીધો, પણ...

–શું હજીયે તને ! ----

–ના ! તે વચ્ચે જ બોલી ઊઠયો.

–તો વાસ્તવિકતાનો સ્વીકાર કરી લે.

–હું તો કરી લઈશ.

–પણ ?

–મારું મન નહિ કરે.

–કર્નલ ! તલવારસિંઘના સ્વરમાં ભાર હતો. સૈનિકો મનથી નહિ, દિમાગથી વિચારતા હોય છે. મને યાદ છે ત્યાં સુધી ફોજમાં ક્યારેય તે બુદ્ધિ પર હૃદયને હાવી થવા નહોતું દીધું. શું એ દિવસો ભૂલી ગયો જે દિવસે તે તારા સગા ભાઈ મુશતાક અહમદને કોહિમાના ફ્રંટ પર ભડાકે દીધો હતો ? શું તારા હૃદયે એ માટે તને પરવાનગી દીધી હતી ?

–એ મારી ફરજ હતી. કર્નલ ગુલમહમદે સપાટ સ્વરે કહ્યું. તેની ચા, ઠંડી થઈ ગઈ હતી.

–અર્થાત્ તું નેતાજીનું મૃત્યુ નહિ સ્વીકારે ?

કર્નલે નિખાલસતાપૂર્વક 'ના' કહી દીધી. પછી ઉમેર્યું - પણ આટલું જરૂર કરીશ.

ભવિષ્યમાં તને ક્યારેય મારી જોડે નહિ સંડોવું. તને અપમાનિત થવું પડે એવું ક્યારેય નહિ કરું.

તલવારસિંઘથી તેની વેદના છાની ન રહી – કર્નલ ! તેણે પ્રેમાળ સ્વરે કહ્યું, હું જાણું છું કે તને પારાવાર દુખ થઈ રહ્યું છે. પરંતુ વાસ્તવિકતાની અવગણના ન થઈ શકે. ચા પી લે !

કર્નલ ગુલમહંમદે ચાનો કપ ઊંચક્યો અને એક જ શ્વાસે ગટગટાવી ગયો. કપ નીચે મૂક્યો. તલવારસિંઘ સામે જોયું. નવેસરથી વિચારવાની તેને ફરજ પડી.

તલવારસિંઘ તેનો જીગરી દોસ્ત હતો. દેહરાદૂનની મિલિટરી એકેડેમીમાં બંનેએ સાથે અભ્યાસ કર્યો હતો. કોહિમાના મોરચા પર બંને જણા ખભેખભો મેળવી શત્રુ સામે લડ્યા હતા. યુદ્ધકેદી તરીકે બંનેએ એક જ કોટડીમાં દિવસો ગાળ્યા હતા. સુખદુઃખના દિવસનો તેનો આ સાથી છેલ્લાં કેટલાંયે વર્ષોથી તેને વિનવી રહ્યો હતો. નેતાજી જીવતા નથી. શાહનવાઝખાન કમિશને એ સિદ્ધ કરી દેખાડ્યું છે. નેતાજી તાઈપેના વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. સર્વેએ એ રિપોર્ટ સ્વીકારી લીધો છે. તલવારસિંઘ પણ અપવાદ નથી. કર્નલ ગુલમહમદ ! તારી બુદ્ધિ કટાઇ તો નથી ગઈ ? શાહમૃગની જેમ ક્યાં સુધી રેતીમાં માથું સંતાડી ફરતો રહીશ ? આંખો મીચી લેવાથી વિશ્વ અદશ્ય નથી થઈ જતું.

–કેપ્ટન !

તલવારસિંઘે ચોંકી તેની સામે જોયું.

–મિલાવ હાથ.

તલવારસિંઘની સમજમાં હજીયે કાંઈ ન આવ્યું, છતાં તેણે હાથ લંબાવ્યો.

–આજથી હું પણ વાસ્તવિકતાનો સ્વીકાર કરું છું.

–કેટલા કલાક માટે ? તલવારસિંઘે મજાક કરી, અને કનલિની સાથે તે પણ હસી પડ્યો.

સાંજે સાડા સાતે બસમાંથી ઊતરી બંને જણા છૂટા પડ્યા. ચાંદની રાત હતી. સૂર્યસ્તિ પછી તુરત જ પીળો ગોળ ચંદ્રમા દૂરનાં ખેતરો પાછળથી માથું ઊંચું કરી રહ્યો હતો. સ્વચ્છ આકાશમાં તારાઓએ ઝબૂકવાની શરૂઆત કરી હતી. કર્નલ ગુલમહમદ ટહેલતો ટહેલતો પોતાના કોટેજ પાસે આવ્યો અને તેની નજર એક ભગવાધારી સાધુ પર પડી. એ સાધુ સ્મિત ફરકાવતો કોટેજના વરંડામાં બેઠો હતો.



૪

કોટેજના કંપાઉન્ડમાં સળગતા એક બલ્બના ઝાંખા પ્રકાશને કારણે કનલ ગુલમહમદ વધુ સ્પષ્ટ જોઈ ન શક્યો. પરંતુ વરંડામાં બેઠેલી આકૃતિને જોઈ તે આટલું કહી શકતો હતો. એ કોઈ સ્વામીજી હતા. લાંબી દાઢી હતી. આંખે ચશમાં હતાં. સ્વામીજી ભગવાં વસ્ત્રોમાં આરામખુરશીમાં બેઠા હતા. પાસે તેમની સૂટકેસ પડી હતી.

સૂટકેસને જોઈ કનલની આંખો સ્થિર થઈ. સ્વામીજી અને સૂટકેસનો મેળ ક્યાંય નહોતો બેસતો. સાધુઓ સાથે કમંડળ હોય, ઝોળી હોય, પણ આ સૂટકેસ ! તે કાંઈ વધુ વિચારે એ પહેલાં સ્વામીજી ઊભા થયા. કનલ ગુલમહમદ બે પગલાં પાછળ ખસી ગયો. આ વખતે તેણે સ્વામીજીની સંપૂર્ણ આકૃતિ જોઈ. કાયા પડછંદ હતી. ખભા પહોળા હતા. શરીર સશક્ત હતું. બસ, એથી વિશેષ તે કાંઈ કલ્પી ન શક્યો.

–ગુલમહંમદ !

સ્વામીજીએ તેનું નામ ઉચ્ચાર્યું. કનલ માટે એથી વિશેષ આશ્ચર્યજનક બીજું શું હોઈ શકે ? શું આ સ્વામીજી તેના કોઈ પરિચિત હતા ? ક્યાંય તેમની જોડે મુલાકાત થઈ હતી ? પરદેશમાં ક્યાંક ભેટો થયો હોય ! આવા અનેક વિચારો તેના માનસપટ ઉપર તરફડયા અને ઉત્તર ન મળતાં ઠરી ગયા. વિસ્ફારિત નેત્રે તે સ્વામીજી સામે જોઈ રહ્યો.

–કુલરૂમના શું ખબર ?

કુલમુમ 1 સ્વામીજીના પ્રશ્ને તેને ફરી ચોંકાવી દીધો. કુલસમ તેની પત્ની હતી. આઝાદ હિંદ ફોજના અફસરો પર લાલ કિલ્લામાં કેસ ચાલતો હતો અને કુલસૂમ હૃદયરોગમાં પીડાતી બિછાનામાં સૂતી હતી. ખાવિંદના આખરી દર્શન માટે તરફડી રહી હતી. ત્યાં કુલસૂમના કાને શબ્દો અથડાયા... આઝાદ હિંદ ફોજના સર્વે અફસરોને અંગ્રેજ સરકાર ફાંસીને માંચડે લટકાવી દેશે ! કુલસૂમના હૃદયને એક સખત આંચકો લાગ્યો. એ આઘાત તેનું હૃદય ઝીલી ન શકયું. બસ, હૃદય ધબકતું બંધ થઈ ગયું.

–અને જમાલ ? જમાલ !

જમાલહુસેન કર્નલ ગુલમહંમદનો પહેલા ખોળાનો પુત્ર હતો. પ્રાથમિક શિક્ષણ પૂરું કરી તે એરફોસમાં જોડાયો હતો. ત્યાર પછી ભારતનું વિભાજન થયું હતું. સાથે ભારતના સૈનિકદળોના પણ ભાગલા પડ્યા. સૈનિકોને પોતાનો દેશ ચૂંટવાની છૂટ દેવામાં આવી. જમાલહુસેને પાકિસ્તાનને પોતાના દેશ તરીકે ચૂંટ્યો. હાલમાં તે પાકિસ્તાનના એરફોસમાં વિંગ કમાન્ડર હતો.

–તારી એક પુત્રી પણ હતી ને ! શું નામ એનું ? સકિના ! કર્નલ ગુલમહંમદનો ચહેરો પળે પળે રંગ બદલી રહ્યો હતો. આ સ્વામીજીને તેની અંગત માહિતીઓ કોણે દીધી ? પત્નીનું, પુત્રીનું તથા તેનું પોતાનું નામ સુધ્ધાં સ્વામીજી જાણતા હતા. આ રહસ્યમય માનવી કોણ છે ? ભગવા પહેરણમાં તેની સામે આ કોણ ઊભું છે ? આ ત્રિકાળજ્ઞાની સંત તેના આંગણે શા માટે પધાયા છે ?

સ્વામીજીના અંતિમ પ્રશ્નનો ઉત્તર ન દેતાં તેણે પૂછી નાખ્યું – આપ...આપ મને ક્યાંથી

ઓળખો ?

—હજી સુધી તે લાઈટની સ્વિચ ઓન નથી કરી. કર્નલ ગુલમહંમદ લગભગ અંધારામાં ઊભો રહી સ્વામીજી જોડે વાતો કરી રહ્યો હતો. કંપાઉન્ડમાં સળગતા એક પીળા બલ્બનો ઝાંખો પ્રકાશ અહીં સુધી પથરાતો હતો, પરંતુ એ પ્રકાશમાં આકૃતિ છાયાચિત્ર જેવી લાગતી હતી. સ્વિચ પર આંગળી દબાતાં એ જ આકૃતિ સ્પષ્ટ ઊપસી આવી. વરંડાનો ભાગ પ્રકાશિત થઈ ગયો.

સ્વામીજી કર્નલની સામે જ ઊભા હતા. તેમનો ચહેરો પ્રકાશમાં જોતાં કર્નલ ગુલમહંમદને ભ્રમ થયો. શું તેની સામે નેતાજી ઊભા છે? ના ! ના ! ના ! એ શક્ય નહોતું. વાસ્તવિકતાનો સ્વીકાર લગભગ સર્વેએ કરી લીધો છે. તે સ્વયં પણ અપવાદ નહોતો. છતાં મન પળે પળે ધબકી કેમ રહ્યું હતું ? હૃદય ઊછળી કેમ રહ્યું હતું ? વાસ્તવિકતા ! વાસ્તવિકતા તો તેની સામે હતી. નેતાજી તેની સામે ઊભા હતા. ઉંમર લગભગ પાંસઠની આસપાસ હતી, છતાં ચહેરો પચાસથી વધુ નહોતો લાગતો.

—આપ ! બસ, તે માત્ર એક જ શબ્દ ઉચ્ચારી શક્યો. તેના હોઠ ખુલ્લા હતા. ઉપરનો હોઠ ઉપર અને નીચલો હોઠ નીચે સ્થિર હતો. મોં ગુફાના પ્રવેશદ્વાર જેમ ઉઘાડં હતું. વિચારો પવનવેગે ફૂંકાઈ રહ્યા હતા. એ વિચારોના વંટોળને રોકવાનો હતો. સપ્રયાસ તેણે પોતાની લાગણીઓ કાબૂમાં લીધી. તેના પગ એકમેક સાથે સર્તિપૂર્વક જોડાઈ ગયા. શરીર ટટ્ટાર થઈ ગયું. જમણા હાથે કપાળ સુધી ઊંચા થઈ એક જોરદાર સલામ મારી અને બંધ બારણાંને ખોલવા તે દોડી ગયો.

બારણામાં તાળું હતું. તેણે ખિસ્સામાં હાથ નાખ્યો. હર્ષના કારણે તે એ પણ વિસરી ગયો હતો કે ચાવી તેના ખાખી પેન્ટના ખિસ્સામાં હતી અને તે ખાખી શર્ટના ખિસ્સાં ફંફોળી રહ્યો હતો. ધ્રૂજતા હાથે તેણે તાળું ખોલ્યું. દરવાજા ખૂલી ગયા - આવો ! આવો! બંને હાથની મદદ વડે ઈશારો કરતાં તે બોલી ઊઠયો. નેતાજી પોતાની સૂટકેસ ઊંચકવા ગયા. કર્નલ ગુલમહંમદે ચીલઝડપે ધસી આવતાં સૂટકેસ પોતે ઊંચકી લીધી.

કર્નલ મૂંઝાઈ ઊઠયો. તેની સમસ્યા એક નહોતી. અનેક હતી. ખાટી-મીઠી હતી. નેતાજી પ્રગટ થતાં તે આવો, બેસો, હં, હું. સિવાય વધુ એકે શબ્દ ઉચ્ચારી નહોતો શક્યો. હકીકતમાં વાત શું કરવી એ જ તેની સમજમાં નહોતું આવતું. કાંઈયે સમજાતું નહોતું. કદાચ એટલે જ ક્યારેક તે નેતાજી સામે બાઘાની જેમ જોતો તો ક્યારેક નેતાજીની હિલચાલ પરથી તેમની જરૂર સમજી લેતો. બીજી ક્ષણે એ જરૂરિયાત પૂરી પાડવા તે એક કમરામાંથી બીજા કમરામાં દોડી જતો. અત્યાર સુધીમાં તે ત્રણ વાર દોડી ચૂક્યો હતો. એક વાર માચીસની શોધમાં (તેના ગજવામાં હતું એ ખાલી હતું.) બીજી વાર પાણીના ગ્લાસ માટે. ત્રીજી વાર એક નેપકિન માટે. પાણીનો ગ્લાસ સહેજ છલકાઈ જતાં નેતાજીનાં આંગળાં ભીના થઈ ગયાં હતાં.

નેતાજી એક ઘરડા સોફામાં બેઠા હતા. નેપકિન વડે હાથ તથા હોઠ સહેજ લૂછી તેમણે કર્નલ ગુલમહંમદ સામે પ્રથમ વાર ઝીણવટથી જોયું. લાગણીઓના પ્રબળ વેગને કારણે અત્યારે કર્નલ એક બાળક જેવો લાગતો હતો. એ બાળક કે જેને કોઈએ રમકડાંની આખી દુકાન ભેટ દઈ દીધી હોય !

—ગુલમહંમદ ! તેમણે હળવેકથી કહ્યું.

—જી ?

—મારા ખ્યાલથી એક ગ્લાસ પાણી પીવાની તનેયે જરૂર છે.

—જી. કહેતાં તે આજ્ઞાપાલક બાળક જેમ કિચનમાં ગયો અને ફ્રિજનું પાણી પી પાછો આવ્યો.

–આઝાદ હિંદ ફોજના આ પોશાકમાં આજે તું ક્યાં ગયો હતો.?

અત્યાર સુધીમાં કર્નલગુલમહંમદ થોડોક સ્વસ્થ લાગતો હતો. તેણે સ્વસ્થતાપૂર્વક ઉત્તર દીધો – પટના.

–કાંઈ ખાસ કામ હતું ?

–તમારું સ્વાગત કરવા ગયો હતો.

–મારું સ્વાગત ! નેતાજીની ઝીણી ઝીણી આંખો ચશમાંના કાચ પાછળ ચમકી.

કર્નલ ગુલમહંમદે આખી ઘટના ટૂંકમાં કહી સંભળાવી. નેતાજીને દુઃખ થયું. દુઃખની આડી, ઊભી રેખાઓ તેમના પહોળા કપાળ પર દોડી ગઈ. તેમને એ કલ્પી લેતાં વધુ સમય ન લાગ્યો કે તેમના નામે ચરી ખાનારા લોકો આજે પણ જીવતા હતા. સાથે તેમને એ જાણી ગવી પણ થયો કે આટલાં વર્ષો પછી તેમના નામે લાખથી વધુની મેદની એક સ્થળે ભેગી થઈ શકે છે. —

વધુ કાંઈ પૂછપરછ ન કરતાં તેમણે સૂટકેસ ખોલી, ટુવાલ લીધો અને બાથરૂમની દિશામાં આગળ વધી ગયા. કનલનું આ મકાન તેમનું અજાણયું નહોતું. આઝાદી પહેલાં નેતાજી ભારતમાં હતા ત્યારે અનેક વાર અહીં આવી ચૂક્યા હતા. થોડાક દિવસો અહીં રહી ચૂક્યા હતા. અહીંની અક્કેક ઈટથી તે પરિચિત હતા. બાથરૂમમાં તે આપમેળે જાય એમાં નવાઈ શી ? છતાં કર્નલ ગુલમહંમદને નવાઈ લાગી. આટઆટલાં વર્ષો વીત્યાં છતાં હજી નેતાજી તેના ઘરને ભૂલ્યા નહોતા. કર્નલમાટે એ આનંદ સાથે આશ્ચયની વાત હતી.

સૌથી વિશેષ આનંદ તો કર્નલ ગુલમહંમદને એ વાતનો થઈ રહ્યો હતો કે નેતાજીએ જાહેર થવા માટે પોતાને ઘેર ન જતાં કર્નલના ઘેર પધાયા હતા. તે મુસલમાન હતો. જનમ જનમના ફેરામાં માનતો નહોતો છતાં તેને લાગ્યું કે ગયા જનમનાં તેનાં પુણ્ય હતાં જેને કારણે તેનું ભાગ્ય ખૂલી ગયું હતું. આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર અને ભારતની પ્રજાના પ્રિય નેતા શ્રી સુભાષચંદ્ર બોઝે તેના ઘરમાં પગ મૂકી તેના મકાનને પાવન કર્યું હતું.

નેતાજી સ્નાન લઈ રહ્યા છે. કલ્પસૂષ્ટિમાંથી ઊતરી આવતા કર્નલગુલમહંમદે વિચાર્યું. સ્નાન પછી તેમને આરામની જરૂર પડશે ! ન જાણે એ ક્યાંથી આવ્યા હોય ! કદાચ હિમાલય પરથી, કદાચ કોઈ અંધારી ગુફામાંથી ! કદાચને સાત સમંદર પારથી ! તેમને ભૂખ પણ લાગી હશે ! સ્નાન પછી નાસ્તા કે ભોજનની વ્યવસ્થા કરવી પડશે. અને એ શક્ય નહોતું.

પટના જવાનું થતાં તેણે બાવરચીને એક અઠવાડિયા માટે રજા દીધી હતી. કાંઈ કેટલીયે ઉમંગો લઈ તલવારસિંઘ સાથે તે નેતાજીનાં દશનિ ગયો હતો. જતાં પહેલાં તેણે મનોમન અનેક યોજનાઓ ઘડી કાઢી હતી. પટનામાં નેતાજીની મુલાકાત લઈ ઘેર પાછા ન ફરવું, બલકે નેતાજી સાથે જ રહેવું નેતાજી જ્યાં જ્યાં જાય, તેમની સાથે જવું. નેતાજીના ઉતારે રહેવું. ઓછામાં ઓછું એક અઠવાડિયું તેમની સાથે ગાળી, ભાવિની નક્કર યોજના જાણી ભવિષ્યનો કાર્યક્રમ ઘડવો. એ સમયે તેને ક્યાં ખ્યાલ હતો કે બીજે જ દિવસે પાછા ફરવાનું યશે !

રસોઈના વિચાર સાથે તેને તલવારસિંઘની યાદ આવી. તેનું મકાન કર્નલગુલમહંમદના કોટેજથી સાઈકલ પર દસેક મિનિટના અંતરે હતું. તેની પત્ની અમૃતા રસોઈ બનાવવામાં ઝડપી હતી. હોશિયાર પણ હતી. આ સમસ્યા એ જ ઉકેલી શકે.

કર્નલ ગુલમહંમદ છલાંગ મારી સાઈકલ પર સવાર થયો અને તલવારસિંઘના મકાનની દિશામાં પેડલ મારી ગયો. તેના આશ્ચય વચ્ચે આજે તેણે નવો વિક્રમ નોંધાવ્યો હતો. જાણે તે સાઈકલની ઝડપે નહિ, વિમાનની ઝડપે આવ્યો હતો. મનોમન પોતાની પીઠ થાબડી તે સાઈકલ પરથી કૂદી પડ્યો.

–કેપ્ટન ! અરે કેપ્ટન ! બીજી પળે તે તલવારસિંઘના દરવાજા ધણધણાવી રહ્યો હતો, ઝટ દરવાજો ખોલ !

અચાનક દરવાજા પર જોરદાર હુમલો થતાં તલવારસિંઘની પત્ની અમૃતા બારીમાં દોડી આવી,કર્નલ ગુલમહંમદનો ચહેરો દરવાજા પાસે નજરે પડતાં ઝડપથી દરવાજો પણ ખોલી નાખ્યો.

–કેમ ?

–કેપ્ટન ક્યાં છે ? કનલની શ્વાસોચ્છવાસ ક્રિયા અત્યાર સુધીમાં બમણી, ત્રણ ગણી થઈ ગઈ હતી. તે હાંફી રહ્યો હતો.

–એ તો સૂઈ ગયા.

–એને જગાડી ! ઝટ જગાડી ! કહેતાં તે પોતે જ બેડરૂમની દિશામાં દોડી ગયો.

રાતના સાડા આઠનો એક ટકોરો ભીંત-ઘડિયાળમાંથી રણક્યો. તલવારસિંઘ ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો.કર્નલ ગુલમહંમદ અત્યારે એ વીસરી ગયો હતો કે બંનેએ ગઈ કાલની આખી રાત લોકઅપમાં જાગીને વિતાવી હતી. આજનો આખો દિવસ ટ્રેન તથા બસના પ્રવાસમાં ગાળ્યો હતો. તલવારસિંઘ થાકીને લોથપોથ થઈ જાય એ સ્વાભાવિક હતું, પરંતુ કનલના શબ્દકોશમાંથી ‘થાક’ શબ્દ અત્યારે ભૂસાઈ ગયો હતો. નેતાજીનાં દર્શન થયાં પછી તેનામાં ગજબની તાકાત ક્યાંકથી ઊતરી આવી હતી. તે યુવાન બની ગયો હતો.

તલવારસિંઘના તેણે બંને ખભા ઝકઝોળયા. અમૃતા દોડી આવી –બન્યું છે શું,કર્નલ?

ગુલમહંમદને તે પણ કર્નલના નામે જ સંબોધતી હતી. કર્નલને ઉત્તર દેવાની આવશ્યકતા ન લાગી. તેણે ટૂંકમાં જણાવી દીધું. ભાભીજાન ! એક માણસ માટેની રસોઈ, બલકે બે માણસો માટેની રસોઈ તમારે હમણાં જ તૈયાર કરવાની છે. એકદમ જલદી.

–પણ કોણ આવ્યું છે ?

કર્નલ ગુલમહંમદે ફરી એક વાર તલવારસિંઘના ખભા હલાવ્યા. તલવારસિંઘ પડખું ફેરવી સૂઈ ગયો. કનલને ખરેખર ગુસ્સો ચડ્યો. વધુ કાંઈ ન વિચારતાં તેણે તલવારસિંઘની પીઠ નીચે પોતાનો હાથ સરકાવ્યો અને સડાક કરતો બેઠો કરી દીધો. તલવારસિંઘે આંખો ચોળી જોયું તોકર્નલગુલમહંમદ તેની સામે ઊભો હતો.

કહી રહ્યો હતો – ઝટ તૈયાર થઈ જા.

–શું ?

–નેતાજી પધાય છે.

અર્ધો ઊંઘમાં હોવા છતાંય તલવારસિંઘને હસવું આવી ગયું. અમૃતા થોડે છેટેથી જોઈ રહી.

–કર્નલ ! આંખો ચોળતાં તલવારસિંઘે જણાવ્યું, સપનાં તો આવે અને જાય. એમાં આમ ગભરાઈ જવાનું ન હોય !

–પણ મારે ઘેર ખરેખર નેતાજી આવ્યા છે.

–જા ! જો ! જઈને સૂઈ જા.

–હું સૂઈ શકું એમ નથી. કર્નલ ગુલમહમદ બોલી ઊઠયો, ભોજનની વ્યવસ્થા કરવાની છે.

–તું અહીં જમી લે !

–ઘેર નેતાજી ભૂખ્યા બેઠા હોય તો મારાથી કેમ જમાય ?

તલવારસિંઘને લાગ્યું, કર્નલ ખરેખર પાગલ થઈ ગયો હતો. લયલાના પ્રેમમાં મજનુ પાગલ થાય એ સમજી શકાય એવું હતું, પરંતુ નેતાજીના પ્રેમમાં આઝાદ હિંદ ફોજનો કોઈ ઉચ્ચ કક્ષાનો અધિકારી ભાન ખોઈ બેસે તે વિચિત્ર હતું. આશ્ચર્યજનક પણ એટલું જ હતું. કર્નલ ગુલમહમદની હાલત પર તેને દયા આવી ગઈ, પણ તે લાચાર હતો.

–શું તને મારી વાત પર ભરોસો નથી બેસતો ? તલવારસિંઘને પલંગ પર પલાંઠી મારી

નિરાંતે બેઠેલો જોઈ કનલે પૂછી લીધું.

–કોણે કહ્યું ?

–તો... તો મારી સાથે ચાલતો કેમ નથી ?

–હું તારી જોડે આવીશ તો રસોઈ લઈને કોણ આવશે ?

એ પણ ખરું હતું, કનલે વિચાર્યું. પછી કહ્યું - તારી વાત ખોટી નથી. હું પાછો જાઉં છું. ભોજન તૈયાર થતાં તું તુરત જ ચાલ્યો આવજે. શક્ય હોય તો બેચાર કપ કોફીનો બંદોબસ્ત કરજે. રાતના ભોજન પછી નેતાજીને કોફી યાદ આવે છે.

–જરૂર.

કર્નલ ગુલમહમદ પવનવેગે ઓરડામાંથી દોડી જતાં તલવારસિંઘે પત્ની સામે જોયું. અમૃતા તેની સામે જ જોઈ રહી હતી –શું રાંધું ? પૂછ્યું.

–એટલે ?

–ફ્રિજમાં થોડાક ઈડાં પડ્યાં છે. અમૃતા કહી રહી હતી, બયદા-કરી ઝડપથી તૈયાર થઈ જશે. પરાઠા સાંજના પડ્યા છે. કહેતા હો તો...

–હું ફક્ત આટલું કહું છું. તલવારસિંઘ બોલ્યો, કાંઈએ કરવાની જરૂર નથી. તારું કામ પતી ગયું હોય તો ગોદડું ઓઢીને સૂઈ જા.

–પણ... અમૃતાને આશ્ચર્ય થયું.

–કર્નલ પાગલ થઈ ગયો છે. તારું ભેજું તો ઠેકાણે છે ને ?

અમૃતા પહોળી આંખે તેની સામે જોઈ રહી.

–બિચારો. તલવારસિંઘે મનોમન કહ્યું અને પોતે ગોદડું ઓઢીને સૂઈ ગયો.



૫

કર્નલ ગુલમહંમદની આંખો ખૂલી ત્યારે સવારના નવ વાગી ગયા હતા. પરંતુ સમયનું તેને ભાન નહોતું. રાત્રે તેણે મોડે સુધી તલવારસિંઘની વાટ જોઈ હતી. ફરી એક વાર તે સાઈકલ પર સવાર થઈ તલવારસિંઘને ઘેર ગયો હતો. ઘરમાં પથરાયેલો અંધકાર તેમ જ સન્નાટો જોઈ તે સમજી ગયો હતો. તલવારસિંઘે તેની વાતને સપનું માની તેને ચાતુરીપૂર્વક પાછો ધકેલી દીધો છે !

આ વખતે તેણે દરવાજા ન ખખડાવ્યા. સાદ પણ ન દીધો. સાઈકલ પર બેસી ચૂપચાપ બસ ડેપોની દિશામાં ઊપડી ગયો. રાતના અગિયાર વાગી ગયા હતા. વૃક્ષો તથા ખેતરો ચાંદનીમાં ધોવાઈ ગયેલાં લાગતાં હતાં. વૃક્ષોના પડછાયા ઘેરા કાળા હતા અને ચાંદનીમાં ધબ્બાઓ જેમ ઊપસી આવતા હતા.

બસ ડેપોના ઝૂપડા જેવા કેન્ટિનમાંથી કર્નલને જે કાંઈ મળ્યું એ તેણે ખરીદી લીધું. સૂકી ભાજી, પૂરીઓ, કળીના લાડવા, થોડાક ભાત, રાત્રે પોણા વાગે તેણે નેતાજી જોડે બેસી આ બધું ડિનરમાં ખાધું અને ફ્રિજમાંથી થોડાંક ફળો લાવી કાપ્યાં. પછી તેણે જાતે જ કોફી તૈયાર કરી એક કપ નેતાજીને દીધો અને બંને જણા સૂઈ ગયા હતા.

આંખો ખૂલતાં કર્નલ ગુલમહંમદને સહુ પ્રથમ તલવારસિંઘનો ખ્યાલ આવ્યો ખરું. પરંતુ તલવારસિંઘ પર તેને રોષ નહોતો ચઢ્યો. તલવારસિંઘ પર તેણે શાપ નહોતા વરસાવ્યા. નેતાજી પ્રત્યેનું તેનું પોતાનું ગાંડપણ જોઈ કોઈ પણ તેને ચસકેલમાં ખપાવે એ તદ્દન સ્વાભાવિક હતું. વિશેષમાં પટનાની ઘટનાએ તલવારસિંઘ તથા તેની પોતાની બુદ્ધિમાં સ્પષ્ટ કરી દીધું હતું કે નેતાજી જીવતા નથી. તલવારસિંઘના સ્થાને કોઈ બીજું હોત તો એ પણ કર્નલની વાતનો વિશ્વાસ ન કરત.

બારીમાંથી પ્રવેશતાં સૂર્યનાં કિરણોનો ગરમાવો અનુભવતાં તેને સમયનો ખ્યાલ આવ્યો અને તે બેઠો થઈ ગયો. વિચારોની શ્રખલા તૂટી ગઈ. પ્રશ્નોની ફોજે તેના પર હુમલો કરી દીધો. નેતાજીની ચા ? નેતાજીનો નાસ્તો ? નેતાજીનું ભોજન ?

પલંગ પર બેઠાં બેઠાં તેણે દરવાજા બહાર જોયું. નેતાજી સવારનું અખબાર વાંચતાં વરંડામાં બેઠા હતા. સવારનું સ્નાન પતી ગયું હતું. ક્યારે પત્ય ? કર્નલ નહોતો જાણતો. નેતાજી ક્યારે જાગ્યા? કર્નલ એ પણ નહોતો જાણતો. સ્થિર દષ્ટિએ તે નેતાજીને જોઈ રહ્યો.

ભગવાં વસ્ત્રો ઊતરી ગયાં હતાં. દાઢી મૂંડાઈ ગઈ હતી. માથેથી નકલી જટા અદશ્ય થઈ ગઈ હતી. ચહેરો સ્પષ્ટ નજરે પડતો હતો. એ જ ચહેરો, જે વર્ષો પહેલાં હતો તે આજે પણ નજરે પડતો હતો. ઘડપણના ઓછાંમાં ઓછાં લક્ષણો તેમાં દેખાતાં હતાં. પાંસઠની આસપાસ ઉંમર હોવા છતાં શરીરનો બાંધો પચાસનો લાગતો હતો. કર્નલ ગુલમહંમદે વિચાર્યું : આ તંદુરસ્તીનું કારણ કદાચ યોગ સાધના હોય !

નેતાજી 'આરઝી હુકૂમતે આઝાદ હિંદ'ના વડા પ્રધાન હતા. નેતાજી યુદ્ધ અને વિદેશ મંત્રી હતા. નેતાજી સિપેહસાલાર હતા. નેતાજી કાબેલ વક્તા હતા. તદ્ઉપરાંત નેતાજી યોગી પણ હતા. સાધનામાં કલાકો સુધી બેસી શકતા હતા. યોગીઓ પર ઉમરની અસર વધુ નથી થતી.

નેતાજી ઉપર પણ ન થાય એ સમજી શકાય એવું હતું.

નેતાજીનાં દૂરથી જ દર્શન કરી તે સીધો રાંધણિયામાં ચાલ્યો ગયો. ચા માટેનું પાણી ચૂલા ઉપર ચઢાવ્યું અને દાતણ હાથમાં લીધું. દાતણ કરતાં તેને પહેલી વાર ખ્યાલ આવ્યો. હજી તેણે નેતાજીને એ નહોતું પૂછ્યું કે તે ક્યાંથી આવ્યા છે. આટલાં વર્ષો ક્યાં અદશ્ય થઈ ગયા હતા ? પ્રગટ થવા માટે આટલાં બધાં વર્ષો કેમ લીધાં ?

એનું એક લૂલું કારણ બ્રિટિશરોના વૉર ક્રિમિનલની સૂચિમાં કદાચ તેમનું નામ હોય ! તે ભારત પાછા ફરે તો અંગ્રેજ સરકાર તેમને ભડકે જ દે ! પણ દેશ આઝાદ થઈ ગયા પછી તેમને કોણે રોક્યા હતા ? એનો ઉત્તર સહેજ વધુ લૂલો હતો. આઝાદી પછીની નેહરુ સરકાર આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરે અને નેતાજીને યુદ્ધકેદી તરીકે વિદેશીઓના હાથમાં સોંપી દે !

અને –

આવી તો અનેક અફવાઓ બીજા વિશ્વયુદ્ધ પછી વહેતી થઈ હતી. એ અફવાઓનાં મૂળ ઊંડાં હતાં. જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝ મહાત્મા ગાંધીના સમયથી જ એકમેકથી દૂર ઠેલાતા ગયા હતા. પણ નેહરુ પછી ? શાસ્ત્રીજીને તો નેતાજી પ્રત્યે દ્વેષ નહોતો ?

દાતણને વચ્ચેથી મોડી તેણે જીભ સાફ કરી અને દાતણનો ટુકડો ફેંકવા કિચનનો દરવાજો ખોલ્યો. કિચનનો દરવાજો મકાનના પાછળના ભાગમાં પણ ખૂલતો હતો. અહીં મકાનની દીવાલ સાથે અડીને ભાંગેલું ફર્નિચર, ખાલી ડબ્બા, દારૂની ખાલી બોટલો વગેરે ભંગાર પડ્યો હતો. એ ભંગાર હેઠળ લાકડાની એક ખાલી પેટી આડી પડી હતી. કર્નલ ગુલમહંમદે જોયું તો એમાં તેની બિલાડી વિયાઈ હતી. નાનાં નાનાં પાંચ બચ્ચાંઓ લાંબી થઈને સૂતેલી માના આંચળ ચૂસવાના પ્રયાસ કરી રહ્યાં હતાં. કર્નલ ગુલમહંમદ પળ ભર માટે હેરતથી નીરખી રહ્યો. નેતાજીને બિલાડી પ્રત્યે સખત ચીઢ હતી અને તેના ઘરની બિલાડી એકમાંથી છ થઈ હતી.

ટૂંક સમય પછી તે નેતાજી સામે ઉપસ્થિત થયો ત્યારે તેના હાથમાં ચાના બે કપ હતા. નેતાજીએ અખબારની ઘડી કરી એક બાજુએ મૂકી દેતાં ચાનો કપ લીધો અને કર્નલ ગુલમહંમદને બેસવા માટે ઈશારો કર્યો.

–નેતાજી ! તમે આટલાં વર્ષે મારે ઘેર પધાયા છો અને હું તમારે માટે કાંઈયે કરી નથી શકતો એનું મને દુ:ખ છે. કર્નલે તેમની સામેની ખુરશીમાં પોતાના ચાના કપ સાથે બેસી જતાં લાગણી વ્યક્ત કરી.

નેતાજીએ માત્ર ચાનો ઘૂંટડો ભર્યો.

–કમબખ્ત રસોયો પણ હજી ચાર દિવસ સુધી નહિ આવે અને કેપ્ટન... તે ચૂપ થઈ ગયો.

–કોણ ? નેતાજીએ તેની સામે જોયું.

–કેપ્ટન તલવારસિંઘ.

–એ અહીં જ રહે છે ?

કર્નલે એક હાથમાં કપસોસરનું સંતુલન જાળવતાં બીજો હાથ લંબાવી દિશા ચીંધી.

–એનું મકાન તો દિલ્લીમાં હતું ને !

–આઝાદી પછી છોકરાઓને સોંપી મારી જોડે રહેવા અહીં ચાલ્યો આવ્યો.

–એ અહીં શું કરે છે ?

–પોલિટ્રી ફાર્મ છે. કર્નલ ગુલમહંમદે ચાનો ઘૂંટડો ભરતાં જણાવ્યું, અમે બંનેએ ભાગીદારીમાં લીધું છે. મરઘાં-બતકાં ઉછેરીએ છીએ. નફો સારો છે. વધારે કડાકૂટ નથી. નિરાંતે ગુજરબસર થઈ જાય છે.

તેના શબ્દો પૂરા થાય એ પહેલાં જ દૂરથી આવતી એક સાઈકલ પર તેની નજર સ્થિર થઈ ગઈ. રાતની ઘટના પછી કર્નલ ગુલમહંમદની તબિયતના સમાચાર જાણવા તલવારસિંઘ

અકારણ ઘંટડી વગાડતાં તેના જ કોટેજની દિશામાં આવી રહ્યો હતો. સાઈકલ જેમ જેમ નજીક આવતી જતી હતી, ગતિ ધીમી પડતી જતી હતી. તેની આંખો કર્નલસામે બેઠેલી વ્યક્તિના ચહેરા પર ફોક્સ હતી. થોડોક વધુ નજીક આવતાં તે સાઈકલ પરથી ઊતરી પડ્યો. સ્થિર નજરે આગળ વધતો તે વરંડા પાસે આવી સતબ્ધ ઊભો રહી ગયો.

સપનું હતું કે સત્ય ? નેતાજીને પ્રથમ વાર જોઈ જે પ્રશ્નો કર્નલ ગુલમહંમદના માનસપટ ઉપર તરફડ્યા હતા. એથી કાંઈ વધુ જ પ્રશ્નોએ તલવારસિંઘને ઘેરી લીધો. તલવારસિંઘ શીખ હતો. સરદારજી હતો. છતાં સમય પર નિણય લેતાં જાણતો હતો અને એ જ તેની વિશેષતા હતી. તેણે તુરત નિર્ણય લીધો. બંને પગ બૂટના અવાજ સાથે એકમેક સાથે જોડાઈ ગયા. શરીર ટટાર થઈ ગયું. ડાબા હાથે ઊંચા થઈ એક જોરદાર સલામ મારી. તે ડાબોડી હતો. એ જ ક્ષણે નેતાજીએ ઊભા થઈ સિપેહસાલારની જેમ તેની સલામનો જવાબ દીધો અને અંદર આવવા માટે ઈશારો કર્યો.

–નેતાજી ! તમે ! તેમની સામે આવતાં જ તલવારસિંઘ બોલી ઊઠયો. તેના આશ્ચયની સીમા નહોતી. ટગર ટગર હજીયે તે નેતાજી સામે જોઈ રહ્યો હતો. સાથે પસ્તાવાની અનેક રેખાઓ ઊડી ઊડીને તેના ચહેરા પર ચોંટી રહી હતી. ગઈ રાતની આખી ઘટના અત્યારે તેની આંખો સામે તરવરી ઊઠી.

કર્નલ ગુલમહંમદે તેને કેટકેટલી કાકલૂદી કરી હતી. અને તે કર્નલને પાગલ સમજી ગોદડું ઓઢી સૂઈ ગયો હતો. તે એ પણ જાણતો હતો કે કર્નલનો બાવરચી એક અઠવાડિયા માટે રજા પર છે. રાત્રે બંનેએ શું ખાધું હશે ? સવારે નાસ્તામાં શું લીધું હશે ?

–કર્નલ ! વિચારો પર કાબૂ મેળવતાં તેણે ગુલમહંમદને કહ્યું, મને માફ કરી દે.

કર્નલ ગુલમહંમદે હસી દેતાં જણાવ્યું – મેં તો ક્યારેય તને દોષ નથી દીધો.

–મને...મને શી ખબર. હું તો તને અત્યારે તેડવા આવ્યો હતો.

–શેના માટે ?

–નાસ્તા માટે.

–તે ઠીક જ કર્યું.

–મારાથી ભારે ભૂલ થઈ. તલવારસિંઘનો ચહેરો ફરી દયામણો થઈ ગયો, જીવનભર પસ્તાઈશ છતાં વીસરી નહિ શકું.

–તલવારસિંઘ ! નેતાજીએ હળવેકથી કહ્યું, ભૂલમાંથી કાંઈ શીખે એ માનવી કહેવાય.

નેતાજીની હળવી ટકોર સમજતાં તેને સમય ન લાગ્યો. તેણે ફિક્કુ સ્મિત ફરકાવ્યું અને નાસ્તાની વ્યવસ્થા કરવા પાછો સાઈકલ દોડાવી ગયો.

અર્ધા કલાક પછી તે પાછો ફર્યો ત્યારે તેની સાથે તેનો નોકર પણ હતો. બંને પગપાળા આવ્યા હતા. નોકરને માથે ખૂમચો હતો. ખૂમચામાં ડબલ આમલેટની ત્રણ પ્લેટ, જેલી, મસ્કો, છાશ, ડબલરોટી, પરાઠા વગેરે હતું. એક બાટલો શરબતનો પણ હતો.

નાસ્તાની પ્લેટો ગોઠવાઈ જતાં તલવારસિંઘે નોકરને ચાની કિટલી માટે પાછો ધકેલી દીધો. ત્રણે જણા એક સાથે ગોઠવાઈ ગયા. હકીકતમાં તલવારસિંઘની ઈચ્છા કર્નલ ગુલમહંમદ સાથે નાસ્તો લેવાની હતી. કર્નલ પણ વહેલો નહોતો ઊઠવાનો એમ તેણે ધારી લીધું હતું. અહીં તે મોડો આવ્યો હતો તેનું મુખ્ય કારણ પણ એ જ હતું.

નાસ્તા દરમિયાન તલવારસિંઘની નજર વારંવાર નેતાજીના ચહેરા પર લસરકા મારી લેતી હતી. પ્રથમ દષ્ટિએ નિણય લઈ લેતા તેણે નેતાજીને નેતાજી તરીકે સ્વીકારી લીધા હતા. પરંતુ હજી તેના મનના કોઈ અજાણ્યા ખૂણાએ નેતાજીનો સંપૂર્ણ સ્વીકાર નહોતો કર્યો. ક્યાંક કંઈક ત્રટી વરતાતી હતી. કંઈક ખૂચી રહ્યું હતું. તે ફરી વિચારી રહ્યો હતો. તેની સામે બેઠેલી

વ્યક્તિનો ચહેરો નેતાજી જેવો હતો. શરીરનો બાંધો નેતાજી જેવો હતો. પહેરવેશ નેતાજી જેવો હતો. વાતચીતની છટા નેતાજી જેવી હતી. આંખ પરનાં ચશમાં એ જ હતાં, જે નેતાજી પહેરતા હતા. આટલું જ નહિ, તેણે ઝીણવટથી જોઈ એની ખાતરી પણ કરી લીધી હતી કે નેતાજીનો એક દાંત સોનાનો છે. આ મહાશયનો પણ એક દાંત સોનાનો હતો, આ નેતાજી જ હતા. છતાં...

નોકર ચાની કિટલી લઈ આવતાં તેણે પાંચ રૂપિયાની એક નોટ તેના હાથમાં મૂકી અને કહ્યું - બસ ડેપો પરથી સિગારેટનાં બે પાકીટ લઈ આવ !

સ્વાભાવિક રીતે જ કર્નલ ચૉક્યો – સિગારેટ-બીડી તું નથી પીતો ને ! તરત જ તેણે કહ્યું.

તલવારસિંઘ સહેજ હસ્યો - નેતાજી માટે મંગાવી રહ્યો છું. તું બીડી પીએ છે એટલે તારી પાસે સિગારેટ નહિ હોય !

તલવારસિંઘના આ નોકરની ઉંમર વધુમાં વધુ તેર વર્ષની હતી. વસ્ત્રોમાં અધીં ચડી અને ખમીસ પહેર્યાં હતાં. બસ ડેપો સુધી જવા માટે આ વખતે તેણે કર્નલની સાઈકલ લીધી અને તે સવાર થવા જાય એ પહેલાં નેતાજીએ તેને સંબોધી પૂછ્યું - કઈ સિગારેટ લાવીશ?

–આપ કહેશો તે.

–કેપ્સ્ટન મળશે ?

–તપાસ કરી જોઈશ. કહેતાં છોકરો પેડલ મારી ગયો. તલવારસિંઘે આંખો પટપટાવી. તે જાણતો હતો કે ભારતમાં નેતાજીની પ્રિય બ્રાન્ડ કેપ્સ્ટન હતી.

કર્નલ ગુલમહંમદનું કોટેજ બેઠા ઘાટનું હતું. હકીકતમાં બાંશી નામના આ ગામનાં લગભગ બધાં જ મકાનો અંગ્રેજોના સમયમાં ચણાયેલાં અને બેઠા ઘાટનાં હતાં. આઝાદી પહેલાં અહીં અંગ્રેજોની છાવણી હતી. દૂર દૂર પથરાયેલા આ કોટેજોમાં અંગ્રેજ અધિકારીઓ સપરિવાર રહેતા હતા. અહીંની મોસમ રળિયામણી હતી. અહીંનું વાતાવરણ ખુશગવાર હતું. વૃક્ષોની ઘટાઓ બસ ડેપો તરફ જતા માર્ગની બંને બાજુએ દોડી જતી હતી. અહીંની જમીન પણ ફળદ્રુપ હતી. દૂર દૂર સુધી પથરાયેલાં વૃક્ષો અને ખેતરો કોઈ પણ કોટેજની બારીમાંથી જોઈ શકાતાં હતાં. પૂર્વ તરફ જોતાં હરિયાળા ડુંગરાઓ પણ નજરે પડતા હતા.

કર્નલ ગુલમહંમદના કોટેજમાં મોટા મોટા ત્રણ ઓરડાઓ હતા. વધુમાં કિચનની રૂમ અલગ. બહારના ભાગમાં સામી તરફ વરંડાનો ભાગ હતો. કર્નલ ગુલમહંમદે અહીં એક બગીચો ઊભો કર્યો હતો. વરંડાની સામેની ખુલ્લી જગ્યામાં તેણે લીલીછમ ઘાસની ચાદર તૈયાર કરી હતી. વરંડાની ખુરશીમાં જેને ન બેસવું હોય તે બે પગથિયાં ઊતરી હરિયાળી પર પગ લંબાવી નિરાંતે બેસી શકતું હતું. ઉનાળાના દિવસોમાં ચારપાઈ ઢાળી ઉઘાડા આકાશ હેઠળ સૂઈ પણ શકાતું હતું.

નાસ્તા પછી નેતાજી બહાર નીકળ્યા અને હરિયાળી પર પગ લંબાવી બેસી ગયા. કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ હજી વરંડામાં નાસ્તાની ખાલી પ્લેટો સામે બેઠા હતા. ચાના ઘૂંટડા ભરી રહ્યા હતા. અચાનક તલવારસિંઘને કંઈક યાદ આવતાં તે ચોપાસ નજર ફેરવવા લાગ્યો.

–શું શોધે છે ? કર્નલ ગુલમહંમદે તેની નજરોની ભાષા સમજી લેતાં પ્રશ્ન કર્યો.

–તારી બિલાડી ક્યાં ગઈ ?

–બિલાડી ! કર્નલે બગીચામાં બેઠેલા નેતાજીની પીઠ પર નજર ઢાળી સંકેલી લીધી, અહીં જ છે.

–દેખાતી કેમ નથી ?

–વીંયાઈ છે.

તલવારસિંઘ સહેજ ચોંક્યો – શું કહે છે !
–એ જ સમજાતું નથી કે એ વીંયાઈ કેમ ?
–એમાં સમજવાનું છે જ શું ? તલવારસિંઘે કહ્યું, જેમ બીજા પશુઓ બચ્ચાંઓને જન્મ દે તેમ તારી બિલાડીએ પણ...
–બેવકૂફ ! કર્નલ ગુલમહંમદ બોલી ઊઠયો, એ તો હું પણ જાણું છું.
–તો ?
–પ્રશ્ન એ છે કે આપણા ગામમાં એકે બિલાડો નથી અને તે છતાં મારી બિલાડી વીંયાઈ છે.
–કદાચ... તલવારસિંઘે કાંઈ કહેતાં પહેલાં સહેજ વિચાર કર્યો, ડુંગરાઓ પરથી રાત્રે કોઈ જંગલી બિલાડો આવી ગોટાળો કરી ગયો હોય તો નવાઈ નહિ !
દબાયેલા સ્વરે વાતો કરતા બંને જણા નીચે આવ્યા અને નેતાજીની સામે બેસી ગયા. નેતાજી ઊંડા વિચારોમાં ખોવાયેલા હતા. કર્નલ ગુલમહમદ સાથે તલવારસિંઘ ચુપચાપ બેઠો હતો. નેતાજીના વિચારોમાં ખલેલ પહોંચાડવાની તેઓમાં હિંમત નહોતી.
–ગુલમહંમદ ! લાંબા વિચારને અંતે નેતાજીના હોઠ ખૂલ્યા. કર્નલ તેમના ચહેરામાં જોઈ રહ્યો. નેતાજી ફરી ચૂપ થઈ ગયા હતા. ટૂંક સમય માટે ફરી શાંતિ પથરાઈ ગઈ હતી.
–ગુલમહંમદ ! લંબાયેલા પગને સંકેલી લેતાં નેતાજીએ આખરે મૌન તોડ્યું, આ સ્થળ ખરેખર મજાનું છે.
–જી. કર્નલ ગુલમહંમદે જણાવ્યું, સન ૧૯૩૮માં તમે કોંગ્રેસ પ્રેસિડન્ટ તરીકે ચૂંટાઈને થોડા દિવસો માટે અહીં આવ્યા હતા ત્યારે પણ તમે આ જ શબ્દો ઉચ્ચાર્યા હતા.
નેતાજી પળભર માટે તેના ચહેરામાં જોઈ રહ્યા. કર્નલ ગુલમહંમદની યાદશક્તિ ગજબની હતી. એક વાર એક ચહેરો જોઈ લીધા પછી એ ચહેરો તેને વર્ષો સુધી યાદ રહેતો હતો.
–મેં બીજું શું શું કહ્યું હતું ? નેતાજીએ પ્રશ્ન કર્યો.
–તમે એક જોક કરી હતી.
–જોક !
–તમે કહ્યું હતું કે ભારત આઝાદ થતાં ભારતની રાજધાની દિલ્લી નહિ, બાંશી રહેશે.
નેતાજીએ પાતળું સ્મિત ફરકાવ્યું.
–એ દિવસોમાં તમે અહીં ઘર પણ શોધી રહ્યા હતા. કર્નલ ગુલમહંમદે આગળ ચલાવ્યું, અને અહીં એકે કોટેજ ખાલી નહોતું. પહેલા વિશ્વયુદ્ધ પછી અંગ્રેજોએ અહીંથી છાવણીને ખસેડી લીધી હતી. સન ૧૯૩૫ સુધીમાં લગભગ બધાં જ કોટેજો વેચાઈ ગયાં હતાં. અહીં એક હોલીડે હોમ બાંધવાની તમારી ઈચ્છા અધૂરી રહી ગઈ.
–તો હવે પૂરી થઈ જશે ! અત્યાર સુધી નિઃશબ્દ બેઠેલા તલવારસિંઘે હળવેકથી કહ્યું, બાર નંબરનું કોટેજ ખાલી થવાની બધી જ શક્યતાઓ છે.
બાંશી ગામમાં પચીસ કોટેજો હતાં અને દરેક કોટેજ તેના નંબરથી ઓળખાતું હતું. ગુલમહમદના કોટેજનો નંબર સાત હતો.
–એ બાબત આપણે વિચારી જોઈશું. નેતાજીએ તલવારસિંઘને સંબોધી જણાવ્યું, બાર નંબરના બંગલાની કદાચ આપણને જરૂર પડશે. હોલીડે હોમ તરીકે નહિ, આપણા હેડક્વાર્ટર તરીકે.
કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘે પ્રશ્નાર્થ દૃષ્ટિની આપ-લે કરી.
–બાકી આ સાત નંબર પણ કાંઈ ખોટું નથી. નેતાજીએ આગળ ચલાવ્યું, બેડમિન્ટનની એક નેટ અહીં બગીચામાં ઊભી કરી શકાય તો આ સાત નંબર વધુ દિલચશપ લાગે.
તલવારસિંઘની આંખોમાં એક વધુ ચમકારો નજરે પડ્યો. બેડમિન્ટન ! તેની બુદ્ધિમાં પણ

એક ચમકારો થયો અને સાથે જ નેતાજી પ્રત્યેની તેની શંકાનાં મૂળ ધોવાઈ ગયાં. બેડમિન્ટનની રમત નેતાજીને પ્રિય હતી. શરીરને ચુસ્ત રાખવા નેતાજી બેડમિન્ટન રમતા. પણ આ ઉંમરે નેતાજી સ્પોર્ટ માટે આગ્રહ રાખે એ તેને સહેજ અચરજ પમાડે તેવું લાગ્યું.

–જરૂર. ગુલમહંમદે કહ્યું, આવતી કાલે કલકત્તા જઈ બેડમિન્ટનનો સઘળો સામાન લઈ આવીશ.

–સાથે એક ટાઈપરાઈટર, કાગળો, કાબન, પેન-પેન્સિલ તથા પત્રવ્યવહાર માટેની બીજી જરૂરી વસ્તુઓ પણ લાવવાનું ભૂલીશ નહિ. ગુલમહમદે માથું ધુણાવી દીધું.

–બીજું... નેતાજી કહી રહ્યા હતા, આપણે એક ફાઈલ તૈયાર કરવાની છે.

–શેની ?

–આઝાદ હિંદ ફોજ તથા હિંદ સ્વાતંત્ર સંઘના જેટલા અધિકારીઓ, કાર્યકરો, સૈનિકો હિંદુસ્તાનમાં જ્યાં પણ હોય, તેઓનાં નામ તથા સરનામાં ભેગાં કરવાનાં છે.

કર્નલ ગુલમહંમદ વિચારોમાં ડૂબી ગયો. અને તેનું કારણ હતું. આઝાદ હિંદ ફોજના સૈનિકો મૂળ બ્રિટિશ ભારતના સૈનિકો હતા. બ્રિટનના તાજને તેઓ વફાદાર હતા. વફાદારીપૂર્વક બ્રિટનના શત્રુ જાપાન જોડે લડવા તેઓ બર્મા-મલાયા ગયા હતા. જહાજોમાં ગયા હતા. ટ્રેન માર્ગે ગયા હતા. વિમાન દ્વારા ગયા હતા. પરંતુ એ પહેલાં જાપાને પલ હાબરને વેરણછેરણ કરી નાખ્યું હતું. સિંગાપુરમાં પડેલાં બે નામી જહાજો, નૌકા કાફલાના બે જંગી જહાજો ‘પ્રિન્સ ઓફ વેલ્સ’ અને રિપલ્સ’ને પહેલા જ હવાઈ હુમલામાં કાગળની નૌકાઓ જેમ સાગરના પેટાળમાં ડુબાડી દીધાં હતાં. આખું વિશ્વ જાપાનીઓની તાકાત વિષે જાણી ચકિત થઈ ગયું હતું. સાલ ૧૯૪૧ની હતી. મહિનો ડિસેમ્બરનો. જુસ્સો અપાર હતો.

જાપાની સેનાનાં ભૂમિદળો તીડનાં ટોળાં જેમ આગળ વધવા લાગ્યાં. ગુઆમ, પીનાંગ, બેક, હોંગકોંગ, ઈપોહ, મનિલાનું પતન થયું. પૂર્વ એશિયામાં ન તો કેવળ બ્રિટિશ સામ્રાજ્યનું પરંતુ સર્વે પશ્ચિમાત્ય રાષ્ટ્રોની સત્તા નામશેષ થવામાં કોઈને સંદેહ ન રહ્યો.

થાઈલેન્ડમાંથી જાપાની સેનાઓએ એક બાજુ મલાયા અને બીજી બાજુ બમની દિશામાં આગળ વધવું શરૂ કર્યું. તેરગુઈ, તિનાય અને મોલમીનમાં દાખલ થતાં તેમને રોકે એવું કોઈ નહોતું. જાપાની સેના પગલે પગલે આગળ વધી રહી હતી. કીડીઓની જેમ ચોતરફ ફેલાઈ રહી હતી. હવે તેઓનું લક્ષ્ય સિંગાપુર શહેર હતું. ઓસ્ટ્રેલિયન સેના સિંગાપુર તરફ ધસી આવતા શત્રુને ડારવા જોહોરમાં પડાવ નાખી પડી હતી. પરંતુ ઓસ્ટ્રેલિયન સેનાપતિ જનરલ બેનેટે કરેલી મોરચાબંદી જાપાની સૈન્યના ધસમસતા પૂરના પહેલા જ ધક્કે તૂટી ગઈ. સિંગાપુરને પીવાનું પાણી અહીંથી જતું હતું. જોહોર જાપાનના હાથમાં જતાં સિંગાપુરને ઘૂંટણીયે પડવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો.

અભેધ અને અજય ગણાતા સિંગાપુરનું આખરે પતન થયું. પચાસ લાખની વસતીવાળા આ પ્રદેશમાં પંદર હજાર અંગ્રેજ, તેર હજાર ઓસ્ટ્રેલિયન અને બત્રીસ હજાર ગુલામ ભારતના સૈનિકો પણ જાપાનના તાબામાં આવી ગયા. ફરી એક વાર જાપાનીઓએ આગેકૂચ શરૂ કરી.

સાતમી માર્ચે રંગુન ભાંગ્યું. નવમીએ પેગુ, ત્રેવીસમીએ આંદામાન, ઓગણત્રીસમી એપ્રિલ સુધીમાં લાશિમા તથા બમાનું પતન થયું. પહેલી મેના રોજ માંડલે પણ શરણે આવ્યું અને મલાયાના સૈનિકો સમક્ષ જે સમસ્યા ઊભી થઈ હતી. એ જ સમસ્યા બમમાં પકડાયેલા હિંદી સૈનિકો સમક્ષ ઊભી થઈ. હવે શું ? ભાવિનું શું ?

–આપણે સહુ હવે જાપાનીઓની કેદમાં છીએ. ફેરાર પાર્કમાં લાવવામાં આવેલા હિંદી અફસરો તથા સૈનિકોને સંબોધી અંગ્રેજ કર્નલ હંટ આખરી આદેશ સંભળાવી રહ્યો હતો, શહેનશાહ વતી તમને સર્વેને જાપાનના પ્રતિનિધિ મેજર ફૂજિવારાને સુપરત કરું છું. હવે તમે

જાપાની સેનાને તાબે છો અને તમારે તેમના હુકમ પાળવાના રહેશે.

કર્નલ હંટે મેજર ફૂજિવારાને દસ્તાવેજ દીધા અને સાથે જ ગુલામ ભારતના હિંદી અફસરો તથા સૈનિકોને મેંઢા બકરા જેમ જાપાનીઓના હાથમાં સોંપી દીધા. જાપાનીઓએ તેઓને યુદ્ધકેદીઓ તરીકે ન સ્વીકારતા એક સોનેરી તક દીધી ! આઝાદ હિંદ ફોજની રચના કરવાની પ્રેરણા દીધી, બલકે એ પ્રેરણા માત્ર નહોતી, પડકાર પણ હતો. ૧/૧૪ પંજાબ રેજિમેન્ટના કેપ્ટન મોહનસિંઘે એ પડકાર ઝીલી લીધો. આઝાદ હિંદ ફોજનો જન્મ થયો. હજારોની સંખ્યામાં યુદ્ધકેદીઓ તેમાં જોડાઈ ગયા.

આજ પહેલાં આ હિંદી સૈનિકો 'તાજને વફાદાર હતા. બ્રિટનના 'તાજ ખાતર લોહી રેડતા હતા. આજથી તેઓ ભારતની મુક્તિ માટે લોહી રેડવાના હતા. વિશેષમાં જર્મનીથી આવી નેતાજીએ આઝાદ હિંદ ફોજનું સુકાન સંભાળી લીધું. સૈનિકોનો ઉત્સાહ બમણો થઈ ગયો.

–ત્યાં પહાડોની પેલે પાર આપણો દેશ હિંદુસ્તાન છે. નેતાજી કહી રહ્યા હતા, એ દેશ આપણો છે પરંતુ એની ઉપર એક બીજી પ્રજા સત્તા જમાવી બેઠી છે. એ પ્રજાએ આપણા દેશને ગુલામ બનાવ્યો છે. આપણી મુશ્કેલીઓ તથા દુઃખ વધાયા છે. હું જાણું છું. તમે પણ જાણો છો. ભારત માતા હવે આઝાદ થયા વિના રહી શકે તેમ નથી. પરંતુ આઝાદી તો બલિદાન માગે છે. એને તો હાથમાં માથાં લઈ યુદ્ધ મોરચે ઝઝૂમનારા કેસરિયા કટક ખપે છે. તુમ મુજકો ખૂન દો, મેં તુમકો આઝાદી દૂગા... આઝાદીની પોકાર અને માંગ આ છે. જયહિંદ !

આઝાદ હિંદફોજની પહેલી બટાલિયન ગગનભેદી નાદથી આકાશ. ગજવતી કોહિમાના મોરચાની દિશામાં આગળ વધી. પછી બીજી. પછી ત્રીજી...

આ એ જ બદકિસ્મત સૈનિકો હતા, જે બ્રિટિશરોની ધૂસરી ફગાવી આઝાદ હિંદ ફોજમાં જોડાયા હતા અને બ્રિટિશરોને હાથે જ પૂર્વ એશિયામાં પરાજય પામી યુદ્ધકેદી તરીકે ભારત આવ્યા હતા. લાલ કિલ્લો કે જ્યાં તેઓ તિરંગો ફરકાવવાના હતા, એમાં જ તેઓના અધિકારીઓ પર ગદ્દારીના કેસ શરૂ થયા હતા. અને ગદ્દારીની સજા મૃત્યુ હોય છે. પરંતુ એકે અધિકારીને ફાંસીની સજા થાય એ પહેલાં તો ભારતની પ્રજા જાગી ઊઠી. ચેતનાની જવાળા ચોપાસ પ્રસરી વળી. લાચાર થઈ બ્રિટિશરોને કેસ પાછા લેવા પડ્યા. લગભગ સિત્તેર હજાર જેટલા સૈનિકો, અધિકારીઓ કેદમાંથી મુક્ત થયા. ખરી સમસ્યા અહીંથી શરૂ થઈ.

ભારત આઝાદ થવાને હજી ત્રણ વર્ષ બાકી હતાં. આઝાદ હિંદ ફોજના સૈનિકો માટે હવે 'તાજના સૈનિકો બનવાનો પ્રશ્ન નહોતો. આઝાદી મળ્યા પછી જ તેઓ આઝાદ ભારતના સૈનિક દળમાં ભરતી થઈ શકે. કાગડોળે તેઓ આઝાદીની પ્રતીક્ષા કરવા લાગ્યા. ૧૯૪૭માં ભારત આઝાદ થયો અને આઝાદ હિંદ ફોજના સૈનિકોને એક વધુ આાંચકો લાગ્યો.

આઝાદ ભારતના સૈન્યમાં તેઓ માટે ક્યાંય સ્થાન નહોતું. કોઈને સ્થાન નહોતું. આ છેલ્લો આંચકો તેઓ સહન કરી ન શક્યા. જન્મે તેઓ સૈનિક હતા અને સૈન્યમાં સ્થાન ન મળતાં તરફડી ઊઠયા. પણ ઉપાય નહોતો. ધીરે ધીરે તેઓ વિખરાઈ ગયા. આખા ભારતમાં વેરાઈ ગયા. કોણ ક્યાં હતું એ કોઈએ જાણતું નહોતું. સિત્તેર હજારમાંથી કેટલા જીવતા હતા ? કેટલા મૃત્યુ પામ્યા હતા ? કોઈની પાસે આંકડા નહોતા. કેટલા ભારતમાં હતા ? કેટલાક ભાગલા પછી પાકિસ્તાન ચાલ્યા ગયા હતા ? વિદેશ પણ ચાલ્યા ગયા હોય તો કોણ કહી શકે ?

કર્નલ ગુલમહંમદે આ બધા સૈનિકોની સૂચિ તૈયાર કરવાની હતી. તેઓનાં સરનામાં શોધવાનાં હતાં. અને એ માટે સૌથી સરળ ઉપાય અખબારોમાં જાહેરખબર મૂકવાનો હતો. દૈનિકોમાં પત્રો દ્વારા, સમાચારો દ્વારા એ સૈનિકો જોડે સંપર્ક સ્થાપિત કરવાનો હતો અને એ કામ સમય માગતું હતું.

–કેટલા દિવસ લાગશે ? નેતાજીએ પ્રશ્ન કર્યો અને કનલ ગુલમહંમદ વિચારમાંથી જાગી ઊઠયો.

–એકાદ બે મહિના. તેણે કહી દીધું.

–એ તો ઘણો લાંબો સમય કહેવાય !

–એ સિવાય બીજો ઉપાય નથી. કહેતાં તેણે પોતાની યોજના નેતાજીને કહી સંભળાવી.

–મારા ખ્યાલથી... તલવારસિંઘે સૂચન કર્યું. દિલ્લીમાં આજે પણ એક સંસ્થા આઝાદ હિંદ ફોજની ઓફિસ તરીકે કામ કરે છે. કદાચ તેઓ પાસેથી લગભગ સરનામાની સૂચિ મળી શકે !

–હું ત્યાં પણ તપાસ કરી જોઈશ. કનલ ગુલમહંમદે જણાવ્યું.

–અને તલવારસિંઘ ! કહેતાં નેતાજી તેની તરફ ફર્યા, તને જે કામ સોંપ્યું છે એ તને યાદ છે ને ?

તલવારસિંઘ ચોંક્યો – કયું ?

–બાર નંબરનું કોટેજ ખાલી થાય એ પહેલાં તારે મને સૂચિત કરવાનું છે. આપણું નવું મથક એ જ રહેશે.

–પણ... પણ.... તલવારસિંઘ કંઈક પૂછવા ગયો પણ શબ્દો તેના હોઠે ન આવ્યા.

–કાંઈ કહેવું છે તારે ?

–જી...માત્ર આટલું જાણવું છે કે તમારો ભાવિ કાર્યક્રમ શું છે ?

–હાઈક્લાસ ભોજન. કહેતાં નેતાજી સાથે કર્નલ અને તલવારસિંઘ પણ હસી પડ્યા.



૬

સી.બી.આઈ.ના યુવા અધિકારી આલોક ગુપ્તાએ આંખો ખોલી ત્યારે ફ્લેટમાં ટેલિફોનની ઘંટડી રણકી રહી હતી. ઘંટડી રણકવાને કારણે તેની આંખો ખૂલી કે આંખો ખૂલી અને ઘંટડી રણકી, એ કહેવું તેને માટે શક્ય નહોતું.

રિસીવર ઊંચકતાં પહેલાં તેણે ભીંત-ઘડિયાળમાં જોયું. સવારના હજી સાત થયા હતા અને આજે તેનો રજાનો દિવસ હતો. રજાના દિવસનો કાર્યક્રમ તેણે પહેલાંથી ઘડી કાઢ્યો હતો. તેને શંકા થઈ રજાને દિવસે પણ કોઈ અગત્યનું કામ ફૂટી નીકળશે અને સી.બી.આઈ.ના હેડક્વાટરે જવું પડશે... એ ખ્યાલ આવતાં તેને સહેજ બેચેની થઈ આવી. ચીફ ઉપર તેને થોડીક રોષ પણ ચડ્યો. અઠવાડિયામાં એક દિવસ ન સહી, કમસેકમ મહિનામાં તો એક દિવસ સી.બી.આઈ.ના કર્મચારીઓને રજા મળવી જોઈએ કે નહિ ?

મનોમન તે ગૂંગળાતો રહ્યો પણ રિસીવર ન લીધું. ઘંટડી લગાતાર રણકતી રહી. આખરે લાચાર થઈ તેણે ઊંચકર્યું. તેના સુખદ આશ્ચય વચ્ચે ફોન હેડક્વાટરનો નહોતો.

–હલ્લો અનિતા ! પરિચિત સ્વર કાને અથડાતાં તે બોલી ઊઠયો.

–ચું ઊંઘતો હતો ?

–એમ જ સમજી લે !

–ચું સમજી લઉં ? અનિતાએ સામો પ્રશ્ન કર્યો.

–એ જ કે આજે નવ વાગ્યે આપણે કૉફી હાઉસમાં મળવાનું નક્કી કર્યું છે. તે રિસીવરમાં બોલી રહ્યો હતો, અત્યારે ફોન કરવાની શી જરૂર પડી ?

–મારાથી નવ વાગ્યે આવી નહિ શકાય.

–કેમ ?

–મારો બોયફ્રેન્ડ ઘેર આવવાનો છે.

તે હેન્ડલબાર મૂછમાં મલકાયો - એમ ?

–હા એમ.

–તો... હું કોઈ નવી છોકરી શોધી લઉં ?

–મને તો એ જ આશ્ચય થાય છે કે હજુ સુધી તે કેમ શોધી નથી !

–આજે જરૂર પ્રયાસ કરીશ.

–મારા સોગંદ ? કહેતાં અનિતાના હોઠ પર પાતળું સ્મિત ફરકયું.

આલોક ગુપ્તા ચૂપ થઈ ગયો.

અનિતા રિસીવરમાં હસી પડી. પછી મોડા આવવાનું કારણ જણાવ્યું –આજે નવ વાગે મિસ્ટર ઐયરનું અપોઈન્ટમેન્ટ મળ્યું છે.

–મિસ્ટર ઐયર ! નામ પરિચિત નહોતું.

–આઝાદ હિંદ ફોજના પ્રચારમંત્રી. અનિતાએ તેને વિચારવાનો વધુ સમય ન દેતાં જણાવી દીધું, એકાદ કલાકમાં તેમનો ઈન્ટરવ્યુ પતી જશે. દસની આસપાસ કૉફી હાઉસમાં આવીશ. તું રજા આપે છે ને?

આલોક ગુપ્તાએ 'ના' ન કહી.

છેલ્લા એક મહિનાથી બંને જણાં માત્ર ફોન પર વાતો કરી શક્યાં હતાં. મુલાકાત નહોતી થઈ શકી. હકીકતમાં આલોક ગુપ્તા સ્વયં રાષ્ટ્રિય સંગ્રહાલયમાં થયેલી ચોરીના કેસમાં છેલ્લા ત્રણ મહિના એટલો વ્યસ્ત રહ્યો હતો કે અનિતાનો વિચાર કરવા માટેય તેને સમય કાઢવો પડતો. રાતની વાત જુદી હતી. રાત્રે આંખો મીચાતાં પહેલાં અનિતા તેની કલ્પસૃષ્ટિમાં પ્રવેશી સફેદ કબૂતરની જેમ પાંખો સંકેલી બેસી જતી. અનિતા શિવાસ રિગલના નશા જેમ તેના હોશ પર છવાઈ જતી અને એ કેફનો આનંદ લેતાં તે ચોરીના કેસ પર સરકી આવતો હતો..

ધાડપાડુઓએ હજારોની કિંમતનાં મિનિએચર ચિત્રો રાષ્ટ્રિય સંગ્રહાલયમાંથી તફડાવ્યાં હતાં. સંગ્રહાલય બંધ થઈ ગયા પછી નિશ્ચિતતાપૂર્વક ચોર્યા હતાં અને એ ચોરોને શોધી કાઢવાની જવાબદારી સરકારે સી.બી.આઈ.ના માથે થોપી હતી. ગયે અઠવાડિયે એ કેસ પત્યો હતો. આજનો દિવસ તેણે અનિતા જોડે ગાળવાનું નક્કી કર્યું હતું... આખો દિવસ, સવારના નવથી રાતના નવ.

બાર કલાકના એ આનંદમાંથી એક કલાક ટૂંકાઈ જતાં જાણે તેની આવરદામાંથી કોઈએ એક વર્ષ ખુંચવી લીધું હોય એટલું તેને દુઃખ થયું. અને તેનું કારણ હતું. અનિતાને તે અંતઃકરણપૂર્વક ચાહતો હતો. એ ચાહની શરૂઆત થોડાં વર્ષો પહેલાં થઈ હતી. એ દિવસોમાં ધર્મવીર તેજાનો કેસ સી.બી.આઈ. હસ્તક હતો. સી.બી.આઈ.ના અધિકારીઓએ ધર્મવીર તેજાને કરોડો રૂપિયાના ગોટાળા અંગે સફળતાપૂર્વક છટકામાં લીધો હતો. એ અધિકારીઓમાં એક આલોક ગુપ્તા હતો.

કેસ પૂર્ણ થતાં અખબારોએ શક્ય તેટલી કોલમ ભરી સી.બી.આઈ.ની પ્રશંસા કરી હતી. ત્રણ મુખ્ય અધિકારીઓના ફોટા પણ છાપ્યા હતા..આલોક ગુપ્તાનો ફોટો એ ત્રણેમાં તદ્દન જુદો તરી આવતો હતો. બલકે તે સી.બી.આઈ.નો અફસર ન લાગતાં કોઈ હિપ્પી યુવાન જેવો લાગતો હતો. શું આ યુવાન અધિકારી હોઈ શકે? અનિતાની જિજ્ઞાસા જાગવાની શરૂઆત અહીંથી થઈ હતી. વિશેષમાં ત્રણ અધિકારીઓમાંથી એકનો ઈંટરવ્યુ લેવાની જવાબદારી દિલ્લી ટાઈમ્સ તેને સોંપી હતી.

અનિતાએ આલોક ગુપ્તાનો ઈંટરવ્યુ લેવાનું નક્કી કર્યું. ફોન પર અપોઈન્ટમેન્ટ લીધું અને તેના ઘેર પહોંચી ગઈ. એ સમયે આલોક ગુપ્તા તૈયાર થઈ નીકળી રહ્યો હતો. અનિતા તેની સામે ઊભી હતી. અનિતાએ તેને ઓળખી પણ લીધો હતો.

–મિસ્ટર આલોક ગુપ્તા ?

–ખરું.

–હું અનિતા સારાભાઈ.

આલોકને યાદ આવી ગયું.

–ઓહ યસ. તે બોલી ઊઠયો. હું તદ્દન વીસરી ગયો. આઈ એમ સોરી. રિઅલ્લી સોરી, મિસ સારાભાઈ.

અનિતા તેના ચહેરામાં જોઈ રહી. બિલકુલ હિપ્પીઓ જેવો હતો. લાંબા, ખભા પર પથરાયેલા વાળ, આંખો પર સ્ટિલની ફ્રેમના ચોરસ ચશ્માં, હેન્ડલબાર જેવી નીચે ઢળતી મૂછો, દેહ પર સફેદ સફારી સૂટ, કમરે ચામડાનો કાળો, જાડો પટ્ટો અને પગમાં છેલ્લી ઢબના બૂટ શરીરનો બાંધો પહોળા ખભાને કારણે કસાયેલો લાગતો હતો.

અનિતાને તેણે અંદર લીધી.

–તમે અહીં એકલા રહો છો ? બેઠકખંડના સોફામાં જગ્યા લેતાં અનિતાએ અનૌપચારિક પ્રશ્ન કર્યો.

–તદ્દન ખરું. તેની સામેના સોફામાં બેસી જતાં આલોક ગુપ્તાએ કહ્યું, મૂળ હું ઇલાહાબાદનો છું. મારી નિમણૂક દિલ્લીમાં થતાં હું અહીં ચાલ્યો આવ્યો. મારો પરિવાર હજી ત્યાં જ છે.

–પરિવાર એટલે પત્ની તથા બાળકો ?

–શું હું પરણેલો લાગું છું ?

આલોક ગુપ્તાના આ પ્રશ્ને તેને સહેજ ચોંકાવી દીધી. પછી તેણે હસી દેતાં જણાવ્યું – આજકાલના પુરુષો વિષે કાંઈએ કહી ન શકાય. આઠદસ પત્નીઓ કરે અને છતાં એકે પત્નીને હવા સુધ્ધાં ન આવે !

અનિતાની આ ટકોર 'લગ્નમશીનના ટાઈટલ હેઠળ એ જ દિવસના અખબારમાં પ્રકાશિત થયેલા કિસ્સાના સંદર્ભમાં હતી. એક પુરુષે એક પછી એક સાત લગનો કરી સાતે પત્નીઓથી એ રહસ્યને ગુપ્ત રાખ્યું હતું. આઠમા લગ્ન કરવા જતાં પોલીસોના છટકામાં એ સપડાઈ ગયો હતો.

એ ટકોર કલ્પી લેતાં આલોક ગુપ્તાએ સમિત જણાવ્યું –મારી ઈચ્છા તો માત્ર એક જ યુવતી જોડે લગ્ન કરવાની છે અને તે પણ ભવિષ્યમાં. આજે નહિ.

છેલ્લું વાક્ય અનિતાને ખૂચી ગયું. 'આજે નહિ...'' એટલે તે કહેવા શું ઈચ્છે છે ? હું ઈન્ટરવ્યુ લેવા આવી છું, અહીં લગન કરવા નથી આવી. ઇડિયટ ! તારી જેવા કાંઈ કેટલાયે મચ્છરો મારી આસપાસ ગણગણતા રહે છે. તું એમ ધારતો હોય કે તારો રોફ જોઈ હું તારા પર ઢળી પડીશ, તો તારા જેવો બેવકૂફ બીજો કોઈ નહિ હોય, સમજ્યો ! પણ આ બધું અનિતાના હોઠ સુધી ન આવતાં મનમાં જ ડહોળાઈને રહી ગયું.

–ઠંડું લેશો કે ગરમ ?

–જી !

–ઠંડું જ લ્યો. આલોકે કહ્યું, અત્યારે તમને ઠંડાની જરૂર છે.

અનિતા ફરી ચોંકી. સાવધ થઈ. સમજી ગઈ. આલોક બેવકૂફ નહોતો. (બેવકૂફ હોત તો સી.બી.આઈ.માં ન હોત) બીજું, આલોક અક્કેક શબ્દ સમજી વિચારીને ઉચ્ચારતો હતો. સાથે તે એ પણ જાણતો હતો કે એ શબ્દોની અસર શી થશે ! એટલે જ તો કહી રહ્યો હતો – પહેલવાન ! બે કોકાકોલા. પહેલવાન તેનો નોકર હતો.

–જી, હું ચા લઈશ. અનિતા બોલી.

–પહેલવાન ! એક ચા, એક કોક.

પહેલવાન કિચનની દિશામાં ચાલ્યો ગયો.

–તમે મને ફોન પર જણાવ્યું હતું કે તમે ફિલાન્સર છો. આલોકે નવેસરથી શરૂઆત કરી, આથતિ કોઈ એક સંસ્થાને તમે આધિન નથી ખરું ?

–ખરું.

–પૂરતું કામ પ્રેસમાંથી મળી રહે છે ?

–જી. અનિતાએ કહ્યું, પણ હું પૈસા ખાતર પત્રકાર નથી બની.

–તો ?

–પત્રકારત્વ મારી હોબી છે.

–ખરેખર ! કહેતાં આલોક બોલી ઊઠયો, મારા ખ્યાલથી આપણે બંને ખૂબ જ સારા મિત્ર બની શકીશું.

–એ.એ. એટલે ?

–આપણા બંનેના વિચારો સરખા છે.

–જાસૂસી કરવી તમારી હોબી છે ? અનિતાએ પૂછ્યું.

–એ તો હું કહી ન શકું, પરંતુ પૈસા કમાવાની લાલચે હું સી.બી.આઈ.માં નથી જોડાયો.

–તો ?

–બચપણથી મને શોખ હતો.

–શેનો ? અનિતાના હાથમાં લગામ આવી ગઈ. ઈન્ટરવ્યુની શરૂઆત થઈ ગઈ.

પોણા કલાક પછી ઈન્ટરવ્યું પૂર્ણ થયો અને અનિતાનું હૃદય ઊછળીને તેની હથેળીમાં આવી ગયું. આટલું જ નહિ, એ હૃદય કાંઈક કહી પણ રહ્યું હતું. અનિતા ! જે યુવકની તને શોધ છે તે આ પણ હોઈ શકે !

–હું કહું કે અત્યારે તમે શું વિચારી રહ્યાં છો ? આલોક ગુપ્તાના આ પ્રશ્ને તેને ખરેખર હલાવી નાખી.

–તમને કેમ. જાણ થઈ ? તેનું ગુનેગાર માનસ પોકારી ઊઠયું. આલોક ગુપ્તા હસી પડ્યો - જાણતો નહોતો, પણ હવે જાણી ગયો છું.

અનિતાને પોતાની મૂખર્ઈ પર ખરેખર ગુસ્સો ચડ્યો, તેને વિચારમાં ખોવાયેલી જોઈ આલોકે માત્ર ગપ હાંકયું હતું. અને અનિતા એ બમપર બોલમાં ઝડપાઈ ગઈ હતી. પસ્તાઈ રહી હતી. થોડીક શરમાઈ પણ ગઈ હતી.

ઈન્ટરવ્યુ પૂર્ણ થયો. પ્રેમની શરૂઆત થઈ. ચાર વર્ષ વીતી ગયાં એ વાતને. પરંતુ આજે પણ આલોક ગુપ્તા અને અનિતા સારાભાઈ જાણે હજી ગઈ કાલે પ્રેમમાં પડ્યાં હોય એમ એકમેક જોડે વરતતાં હતાં. આલોકની બુદ્ધિ કહેતી હતી, એ ગાંડપણ છે. આલોકનું હૃદય કહેતું હતું, એમાં જ જીવન છે.

લાંબી બાંયના ગુલાબી પુલઓવર અને ભૂખરા ટ્રાઉઝરમાં તૈયાર થઈ આલોક દસ પહેલાં કૉફી હાઉસ પહોંચી ગયો. સવારના આ સમયે પણ દિલ્લીનું કોફી હાઉસ નવરા જીનિયસો, ચિત્રકારો, કવિઓ, લેખકો અને થોડાક હિપ્પીઓથી ખદબદી રહ્યું હતું. ટેબલ એકે ખાલી નહોતું. આલોક ગુપ્તા દરવાજામાં ઊભો રહ્યો. એક પરિચિત બેરા નજીક આવતાં તેણે પાંચની નોટ સરકાવી દીધી. બેરા સમજી ગયો. અહીંના અફલાતુન ભેજાઓના સંપર્કમાં આવ્યા પછી તેની પોતાની બુદ્ધિ પણ ધારદાર થઈ ગઈ હતી.

ટૂંક સમયમાં તેની ઊડતી નજરે એક ટેબલ નક્કી કર્યું અને ચૂપચાપ આગળ વધી ગયો. એ ટેબલ પર બે સાહિત્યકારી બેઠા હતા. ધુંઆધાર ચર્ચા કરી રહ્યા હતા. ચર્ચાનો વિષય એ હતો કે જે ટેબલને ઘેરી તેઓ બેઠા હતા, એ કમલેશ્વરનું પ્રિય ટેબલ હતું કે મોહન રાકેશનું !

બંને કાંઈ નિણય પર આવે એ પહેલાં બેરાએ ઉપસ્થિત થતાં નમ્રતાપૂર્વક પૂછ્યું – આપનું નામ ?

–કેમ ? એકે સામો પ્રશ્ન કર્યો.

–ફોન પર સંદેશો આવ્યો છે.

તુરત બંનેએ પોતાનાં નામ જણાવ્યાં.

એકે કહ્યું – શંકર.

બીજાએ કહ્યું – શિવ. શંકર શિવની અમારી જોડી સાહિત્યજગતમાં મશહુર છે.

તો તો સંદેશો આપનો જ છે. બેરાએ અચાનક ચહેરાના ભાવ પ્રસન્ન કરતાં જણાવ્યું. કોઈ પ્રકાશક આપને મળવા ઈચ્છે છે.

‘પ્રકાશક’ શબ્દ કાને અથડાતાં બંનેના કાન ઊંચા થઈ ગયા. - ક્યાં ? એક સાથે બંને બોલી ઊઠયા.

–રાજપાલ એન્ડ સન્સનું સરનામું તમે જાણો છો ?

–શું રાજપાલથી ફોન હતો ?

—ફોન કરનારાએ એમ જ કહ્યું.

બંનેએ પળભર માટે એકમેક સામે જોયું અને કોફીનું બિલ ચૂકવી બહાર દોડી ગયા.

અત્યાર સુધીમાં અનિતા આવી પહોંચી હતી. આલોક ગુપ્તા સાથે ઊભી રહી તે પણ દૂરથી જ નાટક જોઈ રહી હતી. બંને લેખકો ટેક્સી પકડી અદશ્ય થઈ જતાં આલોક સાથે તે આગળ વધી અને ખાલી ખુરશીમાં ગોઠવાઈ ગઈ. આલોક તેની પડખે બેઠો.

—આલોક ! અનિતાએ પસ ખોલી ભીતર ગોઠવાયેલા અરીસામાં પોતાનો ચહેરો જોતાં કહ્યું. નિદષિ જનતા સાથે છેતરપિંડી કરવા બદલ તારા પર કેસ થવો જોઈએ.

—છેતરપિંડી ! આલોક ગુપ્તાએ અજ્ઞાનતા દર્શાવિતાં આશ્ચર્ય વ્યક્ત કર્યું.

—લોકોને છેતરતાં તારે શરમાવું જોઈએ.

—એક વાત તું ભૂલી જાય છે, અનિતા ! તેની સામેથી પસ લઈ બંધ કરી દેતાં આલોક ગુપ્તાએ કહ્યું. પ્રેમમાં દસ ખૂનો માફ હોય છે. બાકી મેં તો એક સામાન્ય તુક્કો લડાવ્યો હતો.

—પણ તું એ કેમ વીસરી જાય છે કે સી.બી.આઈ.નો તું અધિકારી છે.

—શું અધિકારીઓ માણસ નથી હોતા ?

—એટલે છેતરપિંડી કરવાની ?

—છેતરપિંડી નહિ, તુક્કો. આલોક ગુપ્તાએ હસી દેતાં કહ્યું. અનિતાથી પણ હસ્યા વિના ન રહેવાયું. આટલી ગંભીર જવાબદારીના પદ પર હોવા છતાં આ માણસ ક્યારેય ગંભીર થતાં નહિ શીખે…અનિતાને લાગ્યું.

બેરાએ કોફીની ટ્રે ગોઠવી. અનિતાએ બે કપ તૈયાર કરી એક કપ આલોક ગુપ્તાની દિશામાં સરકાવી દીધો.

—બોયફ્રેન્ડ જોડે શી વાતો કરી? ગરમ કૉફીનો ઘૂંટડી ભરતાં આલોકે ધડાકો કર્યો.

—બોયફ્રેન્ડ! અનિતાની આંખો પહોળી થઈ ગઈ.

—કેમ, આજે નવ વાગ્યે તારું અપોઈન્ટમેન્ટ હતું ને !

—ઓહ, સમજી.

અનિતાએ ટેલિફોન પર કરેલી. જોક આલોક ગુપ્તાએ તેને સરળતાથી સાભાર પરત કરી દીધી.

નવથી દસના ગાળામાં અનિતા આઝાદ હિંદ ફોજના પ્રચારમંત્રી શ્રી ઐયર જોડે તેમની હોટલની રૂમમાં હતી. શ્રી ઐયરે નેતાજીનો ખૂબ નજીકથી અભ્યાસ કર્યો હતો અને એ દિવસોની માહિતીઓ સાથે 'અન ટુ હિમ એ વિટનેસ' નામનું એક સુંદર પુસ્તક પણ લખ્યું હતું. અનિતા એ પુસ્તક વાંચી ગઈ હતી. એ પુસ્તકનાં આધારે તેણે શ્રી ઐયર જોડે તેમની હોટલની રૂમમાં મુલાકાત લીધી હતી. દસ પહેલાં ઈન્ટરવ્યુ સંકેલી અહીં આવી હતી.

—તારું જેટ ક્યાં સુધી પહોંચ્યું ? આલોક ગુપ્તાએ પૂછેલો પ્રશ્ન અનિતાના રિસર્ચના સંદર્ભમાં હતો. આઝાદ હિંદ ફોજના સિપાહીઓને લક્ષમાં રાખી તે સંશોધન કરી રહી હતી. આજ દિવસ સુધીમાં તે આઝાદ હિંદ ફોજના અનેક અધિકારીઓ, કેબિનેટ મેમ્બરો, સામાન્ય સિપાહીઓને મળી ચૂકી હતી.

—મંઝિલ વધુ દૂર નથી. આલોક ગુપ્તાના પ્રશ્નનો ઉત્તર દેતાં તેણે કોફીના આખરી બે ઘૂંટડા ભર્યા.

—અર્થાત તારું જેટ હજી આકાશમાં જ છે.

—કર્નલ ગુલમહમદની મુલાકાત લીધા વિના મારું રિસર્ચ અધૂરું જ કહેવાય.

—કર્નલગુલમહમદ ! આલોક ગુપ્તાને કંઈક યાદ આવી રહ્યું હતું. આવી ગયું. પેલો… બાંશી ગામમાં રહે છે તે ?

–એ જ. અનિતાએ કહ્યું. કલકત્તાથી વધુ દૂર નથી.

–કલકત્તા પણ પાસે નથી.

–આપણે પ્લેનમાં જઈશું. અનિતાએ તેના શબ્દોને મહત્ત્વ ન દેતાં જણાવ્યું. મજા પડશે. 'નેતાજી રિસર્ચ સેટર' જોવાની સુંદર તક પણ મળશે. તું ચાલશે ને ?

–અનિતા ! આલોક ગુપ્તાએ પોતાની કોફીના ખાલી કપ જોડે રમતાં સ્પષ્ટ જણાવ્યું. ખરું કહું તો આઝાદ હિંદ ફોજનું નામ સાંભળી હવે મારો જીવ ગભરાય છે. મને તો એ જ સમજાતું નથી કે જે વિષય પર આજ સુધીમાં ઢગલાબંધ પુસ્તકો લખાઈ ચૂક્યાં છે, એના પર છેલ્લાં બે વર્ષથી તું તારો અને મારો સમય શા માટે વેડફી રહી છે ?

અનિતાને દુઃખ ન થયું. અનિતા નારાજ પણ ન થઈ. બલકે તેણે સસ્મિત ઉત્તર દીધો - એ તો મારું પુસ્તક પ્રકાશિત થશે ત્યારે જ તું સમજીશ. બાકી મેં તારો સમય બગાડ્યો હોય એવું મને યાદ નથી.

–આપણે પ્રેમી છીએ. આલોક ગુપ્તાએ કહ્યું. પરંતુ ભાગ્યે જ પ્રેમીઓની ભાષા બોલીએ છીએ. જ્યારે પણ મુલાકાત થાય છે, આપણે તારા પુસ્તકની ચર્ચામાં ઊતરી જઈએ છીએ.

–તારી વાત ખોટી નથી. અનિતાએ ટેબલ પર ગોઠવાયેલા તેના હાથ પર પોતાનો હાથ મૂકી દીધો. ચર્ચા બંધ. પ્રેમગોષ્ઠિ શરૂ આલોક ! આઈ લવ યુ.

તેની આ નાટકીય અદા આલોક ગુપ્તાને ગમી ગઈ. ક્ષણભર માટે તે અનિતાની આંખોમાં જોઈ રહ્યો. એ આંખોનો રંગ ઝાંખો લીલો હતો. અનિતાએ કાળાં ચશમાં પહેર્યા હતાં. પરંતુ એ ચશમાં અત્યારે તેણે કપાળ ઉપર ચઢાવી લીધાં હતાં. પોશાકમાં તેણે સફેદ ચૂડીદાર પર પારદર્શક પીળું કૂરતું પહેર્યું હતું. હાથમાં સ્ટીલની વીસેક પાતળી બંગડીઓનો સેટ હતો. ગળામાં સ્ટીલનું નેકલેસ હતું. કાનમાં સ્ટીલની ગોળ બાલીઓ હતી.

–અનિતા ! આલોક ગુપ્તાએ પણ નાટકીય ઢબે ઉત્તર દીધો. આઈ લવ યુ.

રમત શરૂ થઈ ગઈ.

–પ્રિયે ! તારા માટે હું સંસાર છોડવા તૈયાર છું.

–પ્રિયે ! તારા ખાતર હું એવરેસ્ટ સર કરવા તૈયાર છું.

–પ્રિયે ! તું છે તો આ ધરતી છે, આકાશ છે, તારાઓ છે. તું નથી તો કાંઈયે નથી.

–પ્રિયે ! તું કહેતી હોય તો હું મારું હૃદય કાઢી તારા માગમાં. 'પાથરી દઉં.' છેલ્લા બે શબ્દો આલોક ગુપ્તા ઉચ્ચારી ન શક્યો. વાક્ય અધૂરું રહી ગયું. ચહેરો સ્થિર થઈ ગયો. આંખો કોફી હાઉસ સામેની ફૂટપાથ પરથી પસાર થતાં એક હિપ્પી પર ઠરી હતી.

હકીકતમાં એ હિપ્પીને તેણે થોડીક સેકન્ડ માટે જ જોયો હતો. અચાનક કંઈક યાદ આવી ગયું હતું. બીજી જ ક્ષણે તેણે છલાંગ મારી. અનિતા કાંઈ સમજે એ પહેલાં તો તે કોફી હાઉસની બહાર દોડી ગયો. પ્રેમ-રમત અધૂરી રહી ગઈ.

બહાર નીકળી આલોક ગુપ્તાએ એ દિશામાં દૃષ્ટિ પાથરી, જે દિશામાં હિપ્પી ગયો હતો. ઝડપથી પગલાં ભરતો હિપ્પી સહેજ દૂર નીકળી એક ગલીમાં વળી ગયો. આલોક ગુપ્તાએ તેની પાછળ દોટ મૂકી અને ટૂંક સમયમાં તેની લગોલગ આવી પહોંચ્યો.

–હલ્લો યંગમેન ! સસ્મિત તેના માગ વચ્ચે ઊભો રહી જતાં આલોક ગુપ્તાએ કહ્યું, ઓળખાણ પડે છે ? ઉત્તરમાં હિપ્પીએ તેના જડબા પર એક સજ્જડ મુક્કો જડી દીધો. આલોક ગુપ્તા પોતાની જગ્યાએથી જરાય ન ચસક્યો. હિપ્પીએ બીજો મુક્કો તેની છાતી પર માર્યો.

આલોક ગુપ્તાએ ફરી સ્મિત ફરકાવતાં જણાવ્યું – દોસ્ત, મને ખાતરી થઈ કે તે મને ઓળખી લીધો છે. અને એ જ પળે તેણે ઊંધા સીધા હાથના બેત્રણ તમાચા એક સાથે જડી

દીધા.

હિપ્પીના નાક તથા હોઠ વચ્ચેથી લોહીની નીક વહેવા લાગી. આંખો સામે અંધારાં ઊતરી આવ્યાં. તે ઢળી પડે એ પહેલાં આલોકે તેને ગરદનમાંથી પકડી લીધો. ચોતરફ નજર ઘુમાવી, એક હવાલદાર થોડે છેટે પીઠ કરી ઊભો હતો. આલોક ગુપ્તા એ હિપ્પીને મરેલા કૂતરાની જેમ ઘસડતો હવાલદાર સુધી લઈ આવ્યો. હવાલદારે આંખો પટપટાવી.

આલોક ગુપ્તાએ પોતાનો પરિચય દેતાં ખાનગીમાં કહ્યું – જશ ખાટવો છે ?

–શું ?

–કાલનાં અખબારોમાં તારું નામ પહેલા પાને ઝળકશે.

–હે ! હવાલદારની સમજમાં હજીયે કાંઈ ન આવ્યું. તે માત્ર પહોળી આંખે જોઈ રહ્યો.

–આ હિપ્પી ચરસના કેસમાં સંડોવાયેલો છે. આલોક ગુપ્તાએ સમજણ પાડી. ગયા મહિને પોલીસવેન તેને કોર્ટમાં લઈ જઈ રહી હતી કે ઈન્સપેક્ટરને થાપ દઈ તે છટકી ગયો હતો.

હવાલદારે તરત જ હિપ્પીનો કબજો લીધો. અત્યાર સુધીમાં હિપ્પી હોશમાં આવી ગયો હતો. અત્યાર સુધીમાં તેના હાથમાં બેડીઓ પણ પડી ગઈ હતી.

–કોણ હતું ? આલોક ગુપ્તા પાછી કૉફી હાઉસમાં પ્રવેશતાં અનિતાએ સીધો જ પ્રશ્ન કર્યો.

–એક હિપ્પી. ટૂંકમાં વિગત જણાવતાં તે મૂળ વાત પર આવ્યો. હા, તો આપણે શું વાત કરતા હતા ?

એકે શબ્દ ઉચ્ચાર્યા વિના અનિતા તેના ચહેરા સામે જોઈ રહી. આલોક ગુપ્તા તેને એક વિચિત્ર પ્રાણી જેવો લાગ્યો. છેલ્લાં ચાર વર્ષોથી તે આલોક ગુપ્તાની ગર્લફ્રેન્ડ હોવા છતાં દરેક મુલાકાત વખતે આલોક તેને તદ્દન નવો લાગતો હતો. તદ્દન ભિન્ન. તેની વિશેષતા એ હતી કે પ્રેમમાં પણ તે પોતાની ફરજ નહોતો વીસરતો. અને ફરજના સમયે પણ વચ્ચે થોડોક સમય કાઢી અનિતા જોડે ટેલિફોન પર ગપ્પાં મારી લેતો હતો. અનિતાને એ બદલ ગર્વ થયો.

–એક વાત તો હું તને કહેતાં જ વીસરી ગઈ. આખરે અનિતાએ હોઠ ખોલ્યા.

–કઈ ?

–સુભાષ જીવતો છે.

–કોણે કહ્યું ?

–નેતાજી જીવે છે... એવાં પોસ્ટરો દિલ્લીની દીવાલો પર તે જોયા હશે !

આલોક ગુપ્તાએ ‘હા’ કહી.

–શું લાગે છે ?

–અહીં કલ્પનાને અવકાશ નથી. તેણે કહ્યું. એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે નેતાજી તાઈપેના વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે.

–અને કદાચ જીવતા રહી ગયા હોય તો ? અનિતાએ હળવેકથી પ્રશ્ન કર્યો.

–તો ?

–નેતાજી ભારત આવે.

–તો... આલોક ગુપ્તાએ ભારપૂર્વક પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. સી.બી.આઈ.ની ગતિવિધિ તેજ થઈ જાય.



૭

કર્નલ ગુલમહંમદના મકાન બહાર એમ્બેસેડર કાર વાટ જોતી ક્યારની ઊભી હતી. નેતાજીની પ્રતીક્ષા થઈ રહી હતી. તલવારસિંઘની પત્ની અમૃતા કારની પાછલી સીટમાં બેઠી હતી. તલવારસિંઘ બહાર ઊભો હતો. વારંવાર કાંડા-ઘડિયાળમાં સમય જોઈ લેતો હતો. સાંજના ચાર વાગી ગયા હતા. પાંચ વાગતા પહેલાં નેતાજીને લઈ કલકત્તાના "મેદાન' સભા સ્થળમાં ગુપ્ત રીતે પ્રવેશવાનું હતું.

કર્નલ ગુલમહંમદ ત્યાંની વ્યવસ્થા સંભાળવા આજે સવારથી ચાલ્યો ગયો હતો. મંચ તૈયાર હતું. એક ટેબલ તથા ડઝનેક ખુરશીઓ મંચ પર ગોઠવાઈ હતી. મંચની પાછળના ભાગમાં નેતાજીનું તૈલચિત્ર શોભી રહ્યું હતું. એ તૈલચિત્ર પર સાંજ પહેલાં ફૂલોનો હાર પહેરાવવો જરૂરી હતો. આજે નેતાજીની કહેવાતી મૃત્યુતિથિ હતી અને આજનો જ દિવસ નેતાજીએ ભારતવાસીઓ સામે પ્રકટ થવા માટે ચૂંટ્યો હતો. નેતાજી જાહેરમાં દર્શન દેવાના હતા. છેલ્લા એક અઠવાડિયાથી નેતાજી ભારતમાં હતા, કર્નલગુલમહમદના મહેમાન હતા, એ રહસ્ય છતું થવાનું હતું. પરંતુ એ કાજે કહેવાતી મૃત્યુ તિથિનો દિવસ શા માટે ?

આ બાબત છેલ્લા ચાર દિવસ સુધી કર્નલ ગુલમહંમદ, તલવારસિંઘ તથા નેતાજી વચ્ચે ચર્ચા થઈ હતી. તલવારસિંઘના કહેવા મુજબ પટનાના ભવ્ય ભવાડા પછી જો એવી જાહેરાત કરવામાં આવે કે નેતાજી જીવતા છે અને અમુક સ્થળે, અમુક સમયે દર્શન દેશે તો કોઈને વિશ્વાસ નહિ બેસે. એ જલસામાં કાગડાઓયે નહિ ઊડે અને જાહેરાત તથા બીજો ખરચો નકામો જાય.

કર્નલ ગુલમહંમદે સામી દલીલ કરી - એ બની જ ન શકે ! પટનાની સભામાં એક લાખની મેદની ભેગી થઈ શકે તો કલકત્તા કે જે નેતાજીનું પોતાનું શહેર છે, બે લાખની મેદની ભેગી થવી જોઈએ. પટના કરતાં કલકત્તામાં નેતાજીની લોકપ્રિયતા આજે પણ એટલી જ છે એ કહેવાની આવશ્યકતા તેને ન લાગી. પરંતુ તેણે આટલું જરૂર ઉમેર્યું - નેતાજી મૃત્યુ પામ્યા છે એ સ્વીકારવા લોકો આજે પણ તૈયાર નથી. તો શ્રદ્ધાંજલિના એ જલસામાં આવશે કોણ ?

કર્નલ ગુલમહંમદની છેલ્લી દલીલ તદ્દન ખરી હતી. આજ દિવસ સુધી નેતાજીના નામે અનેક જલસાઓ ગોઠવાયા હતા. અનેક સભાઓ યોજાઈ હતી. પરંતુ એમાંની એકે એવી નહોતી, જે નેતાજીના આત્માની શાંતિ માટે યોજાઈ હોય ! છતાં નેતાજીએ મૃત્યુતિથિનો દિવસ જ પ્રકટ થવા માટે ચૂંટ્યો હતો. અને એ સભાને શ્રદ્ધાંજલિના જલસા તરીકે જાહેર ન કરતાં 'સ્મૃતિઓની એક સાંજ' તરીકે જાહેર કરવાની ભલામણ કરી હતી. કર્નલ ગુલમહમદ ચૂપ થઈ ગયો હતો.

એ જ દિવસથી કર્નલ ગુલમહંમદની ભાગદોડ પણ શરૂ થઈ ગઈ હતી. એક સાથે અનેક જવાબદારીઓ તેના ખભે આવી પડી હતી. સમારંભનો ખર્ચો, બંદોબસ્ત, પ્રેસને સૂચના, નેતાજીને પોતાના મકાનથી ગુપ્ત રીતે લઈ જવા માટે કારની વ્યવસ્થા. વિશેષમાં આઝાદ હિંદ ફોજના સૈનિકો તથા અધિકારીઓનાં નામ તથા સરનામાં ભેગાં કરવાનું કામ હજી તેના માથે હતું. એ તેણે તલવારસિંઘને સોંપી દીધું. તલવારસિંઘે દિલ્લીની વિસરાઈ ગયેલી 'આઝાદ હિંદ

ફોજ કમિટીની ઓફિસનું સરનામું મેળવી લીધું હતું. અધિકારીઓ તથા સૈનિકોનાં સરનામાંની ફાઈલ માટે તેણે પત્રવ્યવહાર પણ શરૂ કરી દીધો હતો.

સરનામાં મેળવવાની ચિંતામાંથી મુક્ત થઈ કર્નલ બીજે દિવસે કલકત્તા ચાલ્યો આવ્યો. કલકત્તા શહેરના હાલના મેયર શ્રી કે. કે. રોય એક સમયના આઝાદ હિંદ ફોજના મંત્રી હતા. આઝાદ હિંદ ફોજ વેરવિખેર થઈ જતાં તે પાછા કલકત્તા આવ્યા હતા. એક સામાન્ય કારકુન તરીકે તેમણે પોતાના જીવનની નવેસરથી શરૂઆત કરી હતી. પોતાની સેવાભાવના અને શ્રમને પ્રતાપે આજે ચૌરંગીમાં તેમનો આલિશાન ફ્લેટ હતો. બે એમ્બેસેડર કાર હતી. તેમનો પુત્ર મદનલાલ પણ ઇન્કમટેક્ષ વિભાગમાં સારી પદવીએ હતો.

કર્નલ ગુલમહંમદને મ્યુનિસિપલ કોંસિલની પોતાની ઓફિસમાં દાખલ થયેલો જોતા શ્રી કે. કે. રોયે ઊભા થઈ તેનું સ્વાગત કર્યું. કર્નલગુલમહંમદ ચૂપચાપ તેમની સામેની ખુરશીમાં બેસી ગયો.

શ્રી રોયની ઉંમર સિત્તેરની આસપાસ હોવા છતાં તેમના માથા પરના લગભગ વાળ સલામત હતા એમ કહી શકાય. અલબત્ત એ વાળનો રંગ હવે કાળો નહોતો રહ્યો. લંબગોળ ચહેરા પર રૂપેરી વાળ શોભી રહ્યા હતા. ગાલનાં બંને હાડકાંઓ સહેજ ઊપસી આવેલાં હોવાને કારણે એ ભાગની ચામડી ટ્યૂબલાઈટના પ્રકાશમાં ચળકી રહી હતી. પાતળી મૂછો પણ તેમણે રાખી હતી. અને આંખ આડા સોનેરી તારવાળી ફ્રેમનાં કિંમતી ચશમાં હતાં.

–આજે વર્ષો પછી મારી યાદ આવી, કર્નલ!

કર્નલ ગુલમહંમદહજી એ જ વિચારી રહ્યો હતો કે વાતની શરૂઆત ક્યાંથી કરવી ? તે મુત્સદી નહોતો. મિલિટરી ઓફિસર હતો અને ઓફિસરની જેમ તે મૂળ વિષય પર આવ્યો.

–એક સમાચાર લાવ્યો છું.

–આશા રાખું છું કે સમાચાર શુભ હશે !

કર્નલ ગુલમહંમદ મૂછમાં મલકાયો.

શ્રી રોયને ખાતરી થઈ ગઈ. સમાચાર અશુભ નહોતા.

–કહો.

–કહીશ તો તમને વિશ્વાસ નહિ બેસે.

શ્રી રોયે આ વખતે બારીકીથી તેના ચહેરાનું અવલોકન કર્યું.

–તમે... કર્નલગુલમહંમદે હળવેકથી જણાવ્યું, આજનું છાપું વાંચ્યું જ હશે.

–શ્રી રોયે ‘હા’ કહ્યું.

–આજના દરેક અખબારમાં ફ્રન્ટ પેજ ન્યૂઝ એક જ છે.

–નેતાજી જીવે છે, એ પોસ્ટરો વિષેના ?

–તદ્દન ખરું. કર્નલગુલમહંમદ કહી રહ્યો હતો. માત્ર કલકત્તામાં જ નહીં, બલકે ભારતના ખૂણેખૂણામાં એ પોસ્ટરો લાગી ગયાં છે.

શ્રી રોય નાક પર સરકી આવેલી દાંડીને ઉપર ન ચડાવતાં હાથમાં લઈ રૂમાલ વડે કાચ લૂછવા લાગ્યા.

–હું એ તો નથી જાણતો કે એ પોસ્ટરો કોણે ચોડ્યાં. પણ આટલું જરૂર કહીશ કે નેતાજી જીવે છે. કર્નલ ગુલમહંમદે અધૂરી વાત પૂરી કરી. શ્રી રોયને લગારે આશ્ચર્ય ન થયું. કર્નલ ગુલમહંમદની શરૂઆત પરથી જ તે સમજી ગયા હતા. કનલને કોઈએ. ભરમાવ્યો છે. છતાં તેમણે કર્નલ ગુલમહંમદને તેના ભ્રમમાંથી બહાર ખેંચી ન કાઢતાં સામો પ્રશ્ન કર્યો.

–તમને ખાતરી છે, કર્નલ? સોનેરી ફ્રેમવાળાં ચશમાં પાછાં નાક પર ગોઠવાઈ ગયાં.

–સો ટકા.

–સો ટકા ?

કર્નલગુલમહંમદે માથું ધુણાવ્યું.

–એ તમે કઈ રીતે કહી શકો ?

–કારણ કે મને ખાતરી છે.

–તમે નેતાજીને મળ્યા છો ?

કર્નલ ગુલમહંમદે ફરી 'હા' કહી.

–ક્યાં ?

–મારે ઘેર.

આ વખતે શ્રી રોયની આંખો સહેજ પહોળી થઈ ગઈ. ચશમાંની દાંડી ફરી એક વાર નાક પર ઊતરી આવી. દાંડીને એક આંગળીની મદદ વડે ઉપર ખસેડતાં તેમણે સ્પષ્ટ નજરે કર્નલગુલમહમદના ચહેરામાં જોયું.

કર્નલ ગુલમહંમદે આખી ઘટના વિગતવાર કહી સંભળાવી. પછી ઉમેર્યું – આપણી વચ્ચે જે વાત થઈ છે તે નેતાજી પ્રકટ ન થાય ત્યાં સુધી ગુપ્ત રાખવાની છે. બીજું, મારે એક કારની જરૂર પડશે. નેતાજીને "મેદાન' સુધી લઈ આવવા માટે. ત્રીજું, જલસાના ખર્ચા પેટે મેં તથા મારા સાથી કેપ્ટન તલવારસિંઘે બબ્બો હજાર રૂપિયાની વ્યવસ્થા કરી છે. બાકીનો બંદોબસ્ત તમે કરશો એવી હું આશા રાખું છે.

એ જ પળે શ્રી કે. કે. રોયે, પોતાના એ દિવસના સઘળાં અપોઈન્ટમેન્ટ રદ કરી કર્નલસાથે તેના ઘેર પહોંચી ગયા. નેતાજીનાં દર્શન કર્યા અને સમારંભની સંપૂર્ણ જવાબદારી તેમણે સ્વીકારી લીધી. કર્નલગુલમહમદે પ્રેસ રિલિઝમાં ખાસ ટાંકયું હતું, 'સ્મૃતિની એક સાંજ' નેતાજીની યાદમાં યોજાયેલ આ જલસામાં કલકત્તાના માનનીય મેયર સાહેબ પ્રમુખપદ શોભાવશે.

સમય પહેલાં બધાં કાર્યો પતી જતાં કર્નલ ગુલમહંમદે મંચ પરથી નજર પાથરી. વિશાળ મેદાનમાં બસોએક માણસો બેઠેલા નજરે પડ્યા. તેની ધારણા મુજબ અત્યાર સુધીમાં પાંચદસ હજારની મેદની ભેગી થઈ જવી જોઈતી હતી. છતાં તે નિરાશ ન થયો. સમારંભ શરૂ થવાને હજી અધોં કલાક બાકી હતો.

સફેદ ધોતી તથા સફેદ કૂરતામાં તૈયાર થઈ નેતાજી મકાનમાંથી બહાર નીકળ્યા અને કારની પાછલી સીટમાં ગોઠવાઈ ગયા. તલવારસિંઘની પત્ની અમૃતા તેમની વાટ જોતી પહેલાંથી કારમાં બેઠી હતી. તે સહેજ જમણી તરફ ખસી ગઈ. તલવારસિંઘ ચાલકની સીટ પર ગોઠવાઈ ગયો. ટૂંક સમય પછી કાર બાંશીથી કલકત્તા તરફ જતા ધોરી માગ, ગ્રાંડ ટૂંક રોડ પર દોડી રહી હતી.

-અમૃતા ! નેતાજીએ તલવારસિંઘની પત્નીને સંબોધી કહ્યું. તમને જોઉં છું અને મને કેપ્ટન લક્ષ્મી યાદ આવે છે.

કેપ્ટન લક્ષ્મી આઝાદ હિંદ ફોજની 'ઝાંસીની રાણી' રેજિમેન્ટની ચીફ હતી. અમૃતા પોતે પણ 'ઝાંસીની રાણી' રેજિમેન્ટની એક પરિચારિકા હતી. બી-૨૯, અમેરિકન બોમ્બરોએ આઝાદ હિંદ ફોજની મીઆાંગ (રંગુન)ની હોસ્પિટલ પર ફેબ્રુઆરી ૧૯૪૫ની એક બપોરે કાર્પેટ બોમ્બિગ કર્યું હતું ત્યારે અમૃતા એ જ હોસ્પિટલમાં ઝખમી સૈનિકોની સારવાર કરી રહી હતી. આજ દિવસ સુધી તેના માટે બે રહસ્યો, રહસ્ય જ રહ્યાં હતાં. તેમાંનું એક, હોસ્પિટલ પર ગીધની જેમ ઘૂમરીઓ લેતાં બોંબરો બમવષા કરી રહ્યાં હતા. હોસ્પિટલની ઇમારત દર્દીઓને પોતાની સાથે લઈ સપાટ થતી જતી હતી, થઈ ગઈ હતી અને છતાં તે પોતે જીવતી હતી. બીજું, શત્રુ કોઈ પણ દેશનો હોય, હોસ્પિટલો, શાળાઓ વગેરે સ્થળો પર બમવષા કરતો નથી. અમેરિકન વિમાનીઓએ આમ કેમ કર્યું ? શું એ વિમાનીઓને કોઈએ ખોટું 'ટાર્ગેટ' દીધું

હશે ? આ બંને રહસ્યો પર વિચાર કરતાં અમૃતા આજે પણ ગોથું ખાઈ જતી હતી.

ઝડપથી આગળ વધતી કારની ગતિ ધીમી પડતાં નેતાજીને પૂછવું પડ્યું - કેમ ?

-આર.ટી.ઓ. તલવારસિંઘે પાછળ જોયા વિના જ ઉત્તર દીધો.

નેતાજીએ સામેના કાચમાંથી જોયું તો એક ટ્રાફિક ઓફિસર પોતાની મોટર સાઈકલને રસ્તાની એક તરફ રોકી ઊભો હતો. તેના હાથ કારને થોભી જવા માટે ઇશારો કરી રહ્યા હતા. કાર ઠીક તેની સામે આવી અને થોભી ગઈ. તેણે જોયું તો કાચની બારીઓ બંધ હતી. ભીતર કોઈ ઝાંખી ન શકે એટલે અંદર પડદાઓ પણ ઝૂલી રહ્યા હતા. નેતાજીની કાર એક બંધ ડબા જેવી હતી.

તલવારસિંઘે પોતાની જમણી તરફનો કાચ સહેજ નમાવી પડદો ખસેડ્યો. ડીકું બહાર કાઢયું.

–લાઈસન્સ પ્લીઝ ! તેની સામે ઊભા રહી જતાં આર.ટી.ઓ.એ. હાથ લંબાવ્યો.

તલવારસિંઘે બેધડક કહી દીધું - કાર મારી નથી.

–કોની છે ?

–એક મિત્રની.

આર.ટી.ઓ. ઘૂરક્યો – કાર ગમે તેની હોય, તમારી પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ છે ?

તેણે ‘ના’ કહી ઉમેર્યું - ઘેર છે.

-નામ ? આર.ટી.ઓ.એ. ઉપરના ખિસ્સામાંથી ડાયરી કાઢી તેના પર પેન્સિલનો ટુકડો ગોઠવતાં પૂછ્યું.

–કેપ્ટન તલવારસિંઘ.

–કેપ્ટન ?

–આઝાદ હિંદ ફોજ.

–સરનામું !

તેણે પોતાનું સરનામું દીધું.

–અંદર કોણ છે ?

–એક મિત્ર તથા મારી પત્ની.

હકીકતમાં આર.ટી.ઓ.ને કારમાં ગોઠવાયેલા પડદાઓને કારણે કંઈક ગંધ આવી હતી. કારને રોકવાનું કારણ પણ આ જ હતું.

–કારની મારે તપાસ લેવી પડશે !

–મિસ્ટર ! તલવારસિંઘ બરાડી ઊઠયો. તમે આર.ટી.ઓ. છો, પોલીસ ઈન્સપેક્ટર નથી.

તલવારસિંઘનું વાક્ય પૂરું થાય એ પહેલાં તેણે કારનો પાછલી સીટનો દરવાજો ખોલી નાખ્યો હતો. નેતાજી તેની સામે બેઠા હતા. તે સ્તબ્ધ થઈ જોઈ રહ્યો હતો. શું એ સપનું હતું ?

નેતાજીએ હળવેકથી દરવાજો વાસ્યો. કાર ફરી એક વાર આગળ વધી ગઈ. આર.ટી.ઓ.એ આાંખો પટપટાવી. સપનામાંથી જાગ્યો હોય એમ તે બરાડી ઊઠયો – ન...ન...નેતાજી !

શ્રી કે. કે. રોય, કલકત્તાના મેયર મંચ પર વચ્ચેની ખુરશીમાં બેઠા હતા. તેમની જમણી બાજુએ કર્નલગુલમહંમદ બેઠો હતો. ડાબી બાજુની ખુરશીમાં અમૃતા હતી. બાકીની ચાર ખુરશીઓમાં નેતાજી રિસર્ચ બચૂરોના સંચાલક શ્રી સેન તથા તેમના સહાયકો હતા. બે ખુરશી નેતાજીના પુરાણા મિત્રોએ રોકી હતી. બાકીની ત્રણ ખાલી જ હતી. નેતાજીના પરિવારમાંથી કોઈયે પધાર્યું નહોતું.

માઈક પરથી એક બંગાળી લેખક નેતાજીના જીવનના અવિસ્મરણીય પ્રસંગો રજૂ કરી રહ્યા

હતા. સામે બેઠેલાં દોઢ હજાર માથાં તેમની વાણી શાંતિપૂર્વક સાંભળી રહ્યાં હતાં. આ દોઢ હજાર સ્ત્રી-પુરુષો, કહી શકાય તો નેતાજીના સાચા ભક્તો હતાં. કારણ કે તેઓ અહીં કોઈ પણ પ્રકારની આશા વિના આવ્યાં હતાં. આજે તેઓને કોઈએ એમ નહોતું કીધું કે નેતાજી જીવતા છે અને મેદાનમાં દર્શન દેશે.

બીજો વારો નેતાજી રિસર્ચ બ્યુરોના સંચાલક શ્રી સેનનો હતો. માઈક પર આવતાં તેમણે પોતાના ભાષણની શરૂઆત ડ્રામેટિક રીતે કરી - તુમ મુજે ખૂન દો, મેં તુમ્હે આઝાદી ટૂંગા . આ શબ્દો મારા નથી. નેતાજીના છે. નેતાજીના આવા તે કંઈક શબ્દો આજે પણ આપણા કાનમાં ગુંજી રહ્યા છે. આજે પણ આપણે તેમને યાદ કરીએ છીએ અને આઝાદ હિંદ ફોજનાં સાહસો તથા કુરબાનીઓ માટે ગર્વ લઈએ છીએ. આજે નેતાજી આપણી વચ્ચે નથી પણ તેમની યાદી છે. તેમનો દેખાડેલો માગી છે. તેમની પ્રેરણા છે.

મને યાદ આવી રહ્યા છે એ દિવસ. ૧૯૪૨ની સાલનો એપ્રિલ મહિનાનો એક દિવસ... એ દિવસે હું બર્લિનમાં હતો. નેતાજી બર્લિનમાં હતા. અંગ્રેજોની આંખમાં ધૂળ નાખી, ભારતમાંથી છટકી તે કાબૂલ થઈ અહીં આવ્યા હતા. હું તેમને મળવા તેમને ઘેર ગયો તો મેં શું જોયું ? આંસુ. નેતાજીની આંખોમાં મેં આંસુ જોયાં. પળભર હું જોઈ રહ્યો. પછી કારણ પૂછ્યું. ઉત્તરમાં તેમણે મારી સામે અખબાર ફેંકયું, જેમાં સમાચાર પ્રકાશિત થયા હતા... બેંગકોકથી ટોક્યો જતાં નેતાજી વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે.

શ્રી સેન – પણ નેતાજી, તમે તો બિલકુલ તંદુરસ્ત છો.

નેતાજી - એટલે જ પીડા થાય છે. હું અહીં બર્લિનમાં છું. ભારતમાં આજે કોઈયે નથી જાણતું કે અત્યારે હું ક્યાં છું. અંગ્રેજો પણ નહિ. તેમના જાસૂસો પણ નહિ. અને એ જ રહસ્ય જાણવા માટે અંગ્રેજો આ ચાલ ચાલ્યા છે. તેમણે મારા મૃત્યુના ખોટા સમાચાર છાપ્યા છે, જેથી હું તુરત જાહેર કરી દઉં કે હું જીવતો છું અને બર્લિનમાં છું. મને એનું દુઃખ નથી. દુઃખ કાંઈ હોય તો એ મારી માનું છે. મારા મૃત્યુના સમાચાર વાંચી તેના હૃદય પર કસાઈની છરી ફરી વળી હશે !

શ્રી સેને ખોંખારો ખાઈ પોતાનું ભાષણ પૂરું કરતાં જણાવ્યું – આ પ્રસંગ વર્ણવવાનું તાત્પય માત્ર એટલું જ છે કે નેતાજી ૧૯૪૨ની સાલમાં પ્રથમ વાર મૃત જાહેર થયા અને એ સમાચાર ખોટા હતા. આપણે આશા રાખીએ કે ૧૯૪૫ની સાલથી વહેતા મુકાયેલા નેતાજીના બીજા મૃત્યુના સમાચાર પણ તદ્દન ખોટા હોય !

કર્નલ ગુલમહંમદને આ બધું ખરેખર ખૂચી રહ્યું હતું. તે જાણતો હતો કે નેતાજી મંચની પાછળના ભાગમાં એમ્બસેડર કારમાં સંકેતની વાટ જોતા બેઠા છે અને અહીં નેતાજીના નામે નાટક ખેલાઈ રહ્યું હતું. તે લાચારીપૂર્વક ભાષણો સાંભળી રહ્યો હતો. ત્યાં તેની નજર દસ દસ, પંદર પંદરના ટોળામાં આવતા માણસો પર પડી. ભીડ પળે પળે. વધતી જતી હતી. ચોતરફથી લોકો તીડના ટોળા જેમ મેદાનમાં આગળ વધી રહ્યાં હતાં. કર્નલ ગુલમહમદને પહેલી વાર ખ્યાલ આવ્યો. અચાનક આ શું ચમત્કાર થઈ ગયો ? પરંતુ તે નહોતો જાણતો કે ૧૯૭૪ની આ સાલમાં આવા તે કંઈક ચમત્કારો થવાના હતા. !

મેયર શ્રી કે. કે. રોય માઈકને હાથમાં લે એ પહેલાં તો મેદની દોઢ હજારથી વધી પંદર હજારની થઈ ગઈ. મેયર સાહેબનું ભાષણ પૂર્ણ થાય એ પહેલાં તો મેદનીમાંથી પોકારો ઊઠવા લાગ્યા - નેતાજી! દશનિ ધો

મૂળ યોજના મુજબ મેયર સાહેબના ભાષણના અંતે રહસ્ય છતું થવાનું હતું. મેયર સાહેબ નાટકીય ઢબે પોતાનું ભાષણ પૂરું કરવાના હતા – જેમ મૃત્યુમાંથી નવા જીવનની શરૂઆત થાય છે તેમ આજે નવો જન્મ લઈ નેતાજી આપણી વચ્ચે હાજર થયા છે. પરંતુ ભાષણ અંત સુધીની

મજલ કાપી ન શક્યું.

પોકારો વધતા ગયા. ભીડ વધતી ગઈ. મેદની વધતી ગઈ. ભાષણ સાંભળવું શક્ય નહોતું. ઘોંઘાટ અસહ્ય હતો. છતાં શ્રી કે. કે. રોય, કલકત્તાના મેયર કડકડાટ બોલ્ય જતા હતા. કર્નલ ગુલમહંમદની સ્થિતિ અત્યારે કફોડી હતી. એક રીતે જોતાં તેને આનંદ થઈ રહ્યો હતો. મેદની લાખ સુધી પહોંચવા આવી હતી. બીજી તરફ, રહસ્ય છતું કેવી રીતે થયું એ સમસ્યા તેને મૂંઝવી રહી હતી.

અંતે મેયર સાહેબે છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું અને સંકેત મુજબ નેતાજી પડદા પાછળથી બહાર નીકલી માઈક સામે આવ્યા. એ જ પળે સમસ્ત મેદનીએ હર્ષનાદ વચ્ચે આકાશ ગુંજવી દીધું. આવો જબ્બર હર્ષનાદ ભારતના ઇતિહાસમાં આ જ પહેલાં ક્યારેય નહોતો નોંધાયો. આવું ભવ્ય સ્વાગત આજ પહેલાં ભાગ્યે જ કોઈને મળ્યું હશે !

નેતાજીએ માઈક હાથમાં લીધું. હોઠ ખોલ્યા. પહેલો શબ્દ સ્પિકરમાંથી વહેતો મુકાયો અને એ હતો.

-જયહિંદ.

મેદનીએ પડઘો પાડ્યો – જયહિંદ

આ વખતે નેતાજીએ હાથ ઊંચો લઈ સહેજ ઊંચા સ્વરે કહ્યું – જયહિંદ !

મેદનીએ પણ એટલા જ જુસ્સા સાથે ઉત્તર દીધો -

જયહિંદ.

–આજે...નેતાજીએ બંને હાથ માઈક પર ગોઠવી શરૂઆત કરી, આટલાં વર્ષો પછી પણ તમે આઝાદ હિંદ ફોજની કુરબાનીઓ તથા મને ભૂલ્યા નથી એ મારા માટે આનંદ સાથે ગર્વની વાત છે.

ન જાણે મેદનીમાંથી કોકે હર્ષઘેલા થઈ ચીસ પાડી.

–નેતાજી ?

–ઝિંદાબાદ. લોકોએ પડઘો પાડ્યો.

–નેતાજી ?

–ઝિંદાબાદ.

–નેતાજી ?

–ઝિંદાબાદ.

નેતાજીએ ઈસુ મસીહની જેમ પોતના બંને હાથ ઊંચા લઈ લોકોને શાંત કર્યા. ભાષણ આગળ વધ્યું.

–મારા કહેવાતા મૃત્યુના સમાચારે તમને ભલે ચિંતામાં ડુબાડી દીધા હોય પરંતુ એ સમાચારને તમારા હૃદયે ક્યારેય સ્વીકાર્યા નથી. તમારા મગજમાં ભલે શંકાઓ જાગી હોય. પરંતુ તમારા હૃદયનો એકાદ ખૂણો તમને જાણ્ય-અજાણ્ય પ્રશ્ન કરતો રહ્યો છે. શું નેતાજી ખરેખર મૃત્યુ પામ્યા છે ?

–ગયે અઠવાડિયે પટનામાં ભેગી થયેલી મેદનીએ એ પુરવાર કરી દીધું છે કે નેતાજી જીવતા છે. સુભાષ જીવતો છે. કારણ કે એ મેદની એક લાખથી વધુની હતી.

સમૃતિઓની આ સાંજનો કાર્યક્રમ શરૂ થયો ત્યારે અહીં એકાદ બે ખબરપત્રીઓ સિવાય પ્રેસમાંથી બીજું કોઈ હાજર નહોતું. પ્રેસ ફોટોગ્રાફર પણ નહિ. પરંતુ અત્યાર સુધીમાં પંદરેક જુદા જુદા અખબારોના ખબરપત્રીઓ, ફોટોગ્રાફરો, વિદેશી ટીવી કેમેરામેન તથા ફિલ્મ વિભાગની ટીમ હાજર થઈ ગઈ હતી. પાંચ ટ્રક ભરીને પોલીસો પણ બંદોબસ્ત જાળવવા ધસી આવ્યા હતા. બે વાયરલેસવાન દૂર દૂર પાક થયેલી મંચ પરથી જોઈ શકાતી હતી.

–આજે, તમારી સામે મને બિલકુલ તંદુરસ્ત ઊભેલો જોઈ સ્વાભાવિક રીતે જ તમારા મનમાં પ્રશ્ન થયો હશે કે આટલાં વર્ષો હું ક્યાં હતો? શું કરતો હતો ? આજ સુધી તમારે કાને અફવાઓ પણ અનેક આવી હશે કે નેતાજીએ કોકને જર્મનીમાં દેખા દીધી તો કોઈને ફ્રાંસમાં. કોઈએ આશ્રમના સ્વામીને નેતાજી તરીકે જાહેર કર્યા તો કોઈએ હિમાલયના જોગીને. વિશેષમાં શાસક પક્ષે કમિશન નીમી એ પણ પુરવાર કરી દીધું કે નેતાજી હયાત નથી. પણ હું હયાત છું.

નેતાજી ભારપૂર્વક કહી રહ્યા હતા - મારા જીવનનાં ઓગણીસ કિંમતી વર્ષો સાઈબેરિયાની જેલમાં ગાળી આજે હું તમારી સામે ઊભો છું. નહિતર અહીં આવતાં મને કોણ રોકી શક્યું હોત ? જે દેશ ખાતર મેં મારા જીવનનાં શ્રેષ્ઠ વર્ષો સમર્પિત કરી દીધાં, જે દેશ ખાતર મારા સૈનિકોએ પ્રાણ પાથરી દીધા, એ દેશ હિંદુસ્તાનમાં પ્રવેશવાનો મારો જન્મસિદ્ધ અધિકાર છે. પણ હું લાચાર હતો.

નેતાજી ! ઝિંદાબાદ.
નેતાજી ! ઝિંદાબાદ.
નેતાજી ! ઝિંદાબાદ.

લોકો આજે ભાન ભૂલ્યા હતા. ગગનચુંબી પોકારોથી વાતાવરણ હલી ગયું હતું. એક લાખની મેદનીમાં હલચલ શરૂ થઈ હતી. નેતાજીને ભેટવા લોકો મંચની દિશામાં ધસવા લાગ્યા. કોઈને કલ્પનાયે નહોતી એટલી વિશાળ મેદની અહીં ભેગી થઈ હતી. સિક્યોરિટીનો બંદોબસ્ત અહીં ન બરાબર હતો. છેલ્લી ઘડીએ આવેલી ચાર ગાડીના પોલીસો મંચને ઘેરો ઘાલી ઊભા રહી ગયા. પરંતુ તેમના માટે પણ આ કામ શક્ય ન હતું.

માનવપૂર ઊમટ્યાં હતાં. પાણીના ધસારા જેમ લોકો ધસી રહ્યા હતા. અને એ સમયે કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ, નેતાજીના ‘સેલ્ફ એપોઇન્ટેડ” સિક્યોરિટી ઓફિસરો નેતાજીને પડદા પાછળ લઈ જઈ રહ્યા હતા. મંચની પાછળના ભાગમાં એમ્બેસેડર કાર તૈયાર ઊભી હતી. નેતાજીએ તેમાં જગ્યા લીધી. અમૃતા તેમની પડખે પાછળની સીટમાં બેઠી હતી. કર્નલ ગુલમહંમદ આગળની સીટમાં ગોઠવાઈ ગયો. તલવારસિંઘે કાર સ્ટાર્ટ કરી. સડસડાટ કરતી કાર આગળ વધી ધોરી માગના વાહનોની ભીડમાં ઓગળી ગઈ.



૮

રશિયન એમ્બેસી(દિલ્લી)ના રાજદૂત નિકોલાઈ ઝખારોવની સામે આયા ચાની ટ્રોલી સાથે સવારનું અખબાર લઈ આવી. ટ્રોલીને ડબલબેડ સામે ગોઠવી તેણે કિટલી ઊંચકી કપમાં ચા રેડી. રાજદૂત નિકોલાઈ ઝખારોવે સૂતાં સૂતાં હાથ લંબાવી અખબારની પ્રત ટ્રોલી પરથી ઊંચકી. બીજી જ ક્ષણે તે બેઠા થઈ ગયા. તકિયાને પીઠ પાછળ ગોઠવી હેડલાઈન ફરી એક વાર વાંચી - નેતાજી સુભાષચંદ્ર બોઝનું રશિયાથી આગમન. અને તેમનો પ્રૌઢ ચહેરો સ્થિર થઈ ગયો. શું નેતાજી રશિયામાં હતા ? પહેલો પ્રશ્ન. ઉત્તર શોધતાં પહેલાં તેમને પૂરા સમાચાર વાંચવા જરૂરી લાગ્યા.

૧૮ ઓગસ્ટ. આજે વર્ષો પછી નેતાજી સુભાષચંદ્ર બોઝના કહેવાતા મૃત્યુનું રહસ્ય છતું થયું છે. આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર નેતાજી માત્ર જીવતા જ નથી પરંતુ ભારતમાં છે અને આજે દોઢ લાખની મેદની વચ્ચે મેદાનમાં પ્રગટ થતાં તેમણે જણાવ્યું હતું કે તેમના જીવનનાં ઓગણીસ વર્ષો (૧૯૪૫થી ૧૯૬૪) તેમણે સાઈબેરિયાની જેલમાં ગાળ્યાં છે.

રાજદૂત નિકોલાઈ ઝખારોવની આંખો ફરી ચળકી. વીજળીના ઝબકારા જેવું કંઈક તેમણે આંખોમાં અનુભવ્યું. આંખો ભૂખરી અને ઝીણી હતી. માથાના અધ વાળ સમય સાથે ખરી ગયા હતા. બાકીના અધી મુલાયમ સફેદ હતા. ચહેરો લગભગ લંબચોરસ બીબામાં ફિટ બેસતો હતો. શરીરમાં રહેલી વધુ પડતી ચરબીના કારણે તેમના ગાલ નીચે ઢળતા હોય એવો ભ્રમ થતો હતો. નાક પહોળું અને સપ્રમાણ. હોઠ, આંખો જેવા જ પાતળા. મૂછો નહોતી.

આજ રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝના કહેવાતા મૃત્યુનો દિવસ હતો. અને તેમની યાદમાં ‘સ્મૃતિઓની એક સાંજ’ નામનો કાર્યક્રમ માનનીય મેયર શ્રી કે. કે. રોયના પ્રમુખપદે કલકત્તાના મેદાનમાં ગોઠવવામાં આવ્યો હતો. રાજદૂત નિકોલાઈ ઝખારોવ વિગતવાર સમાચાર આગળ વાંચી રહ્યા હતા...

હકીકતમાં એ સમારંભ નેતાજીને પ્રગટ કરવા માટે ગોઠવાયો હતો. નેતાજીની ઉપસ્થિતિ છેલ્લે સુધી ગુપ્ત રાખવાની યોજના કલકત્તાના એક આર.ટી.ઓ. શ્રી ભુવનેશ ચટ્ટોપાધ્યાયને કારણે નિષ્ફળ ગઈ હતી. નેતાજીની બંધ ગાડી એમ્બેસેડર સી એમ ડબ્લ ૬૫૪૦ મેદાનની દિશામાં જઈ રહી હતી ત્યારે શ્રી ભુવનેશને કંઈક ગંધ આવી હતી. અને તેમણે એ કારને રોકી હતી. (એ કાર મેયર સાહેબની નિજી ગાડી છે.) એ જ કારમાં નેતાજીને જોઈ શ્રી ભુવનેશ સ્તબ્ધ થઈ ગયા હતા. ત્યાર પછી શ્રી ભુવનેશે એ ગાડીનો પીછો કર્યો હતો અને ગાડી મેદાનમાં પ્રવેશતાં સહુ પ્રથમ તેમણે પોલીસ ખાતાને સૂચિત કર્યા હતા.

નેતાજી જીવતા છે અને મેદાનમાં દર્શન દેવાના છે એ સમાચાર વીજળી વેગે કલકત્તામાં ફરી વળતાં નેતાજીના ચાહકો દુકાનો, મકાનો, ઓફિસો, કામકાજ છોડી મેદાનની દિશામાં ધસી ગયા હતા. આશરે દોઢેક લાખની મેદની જોતજોતામાં ભેગી થઈ હતી અને નેતાજીના નામના પોકારોથી આકાશ ગજવી મૂક્યું હતું. આખરે નેતાજીએ માઈક પર આવતાં જણાવ્યું હતું કે આઝાદી પછી આટલાં વર્ષો તે ભારત પાછા આવી શક્યા નહોતા એનું એક માત્ર કારણ તેમની લાચારી હતી. આઝાદી પહેલાંનાં બે વર્ષો અને આઝાદી પછીનાં સત્તર વર્ષો તેમણે પોતાની

માતૃભૂમિ તથા દેશબાંધવોને યાદ કરતાં રશિયાના બરફીલા પ્રદેશ, સાઈબેરિયાની જેલમાં ગાળ્યાં હતાં.

લોકોનો હર્ષ અને ઉત્સાહ અપાર હતો. નેતાજી કાંઈ વધુ કહે એ પહેલાં મંચની દિશામાં જબ્બર ધસારો થયો હતો. આ ધસારાને કારણે છ જણાના પ્રાણ ગયા હતા. બાવીશ લોકો ઝખમી થયા હતા. ત્રણની સ્થિતિ ગંભીર છે એમ પોલીસ રિપોર્ટ પરથી જાણવા મળ્યું છે.

ટ્રોલી પર પડેલો ચાનો કપ બરફ થઈ ગયો. રાજદૂત નિકોલાઈ ઝખારોવનો ચહેરો ગંભીર થઈ ગયો. નેતાજી જીવતા હોય કે ન હોય એમાં તેમને વધુ રસ નહોતો. પરંતુ કોઈ વ્યક્તિ રશિયાની સરકાર પર આક્ષેપ કરે એ સહન કરવું તેમના માટે શક્ય નહોતું. તેમની જાણ મુજબ સુભાષચંદ્ર બોઝ કે નેતાજી નામની કોઈ વ્યક્તિ રશિયામાં નહોતી જો કોઈ જગપ્રસિદ્ધ વ્યક્તિ સાઈબેરિયાની જેલમાં હોત તો એની જાણ તેમને જરૂર કરવામાં આવી હોત !

ચાનો ટાઢો કપ હાથમાં લેતાં તેમની સામે એક શંકાએ જન્મ લીધો. જો નેતાજી ખરેખર રશિયાથી આવ્યા હોય તો ? તો તેના આંતરરાષ્ટ્રીય પડઘા પડે ! વિશ્વભરમાં રશિયાની બદનામી થાય ! ભારતની પ્રેસ તેમને કાચા ને કાચા ફાડી ખાય ! રશિયનોના પગ ભારતમાંથી હંમેશને માટે ઊખડી જાય ! અને રશિયનો એ માટે તૈયાર નહોતા. અનેક વર્ષોના પ્રયાસ પછી તેમણે ભારતની ચાહ મેળવી હતી. એ ચાહ મેળવવા ખાતર કરોડો રૂપિયાનો ધુમાડો કરવો પડ્યો હતો. આર્થિક સહાય, રાજકીય સહાય, સૈન્ય માટેનાં હથિયારો, દારૂગોળો, વિમાનો, ટેકો... કાંઈ કેટલીયે વસ્તુઓ તેમણે નદીના પ્રવાહની જેમ ભારતમાં વહાવી દીધી હતી.

ઠંડી ચાનો કપ ગટગટાવી જતાં તેમણે સાઈડ બોડની દિશામાં હાથ લંબાવ્યો. ખાલી કપ મૂકી રિસીવર ઊંચકર્યું. નંબર ઘુમાવ્યા. એક પરિચિત સ્વર તેમના કાને અથડાયો.

–હલ્લો !

તેમણે પોતાનું નામ ન જણાવતાં હળવેકથી પૂછ્યું - કોણ ?

–યુરી ઉલાનોવ. સામે છેડેથી કોકે કહ્યું.

–કોમરેડ યૂરી !

–યસ કોમરેડ એમ્બેસેડર નિકોલાઈ ઝખારોવ ! યૂરીએ તેમનો અવાજ પારખી લેતાં માનપૂર્વક કહ્યું.

–મને તારી જરૂર છે, કોમરેડ યૂરી.

–ક્યારે ?

–હમણાં.

સહેજ વિચારી યૂરીએ જણાવ્યું – દસ મિનિટમાં હું એમ્બેસીમાં હાજર હોઈશ.

–ના, રાજદૂત નિકોલાઈ ઝખારોવ બોલી ઊઠયા. એમ્બેસીમાં નહિ, મારે ઘેર સીધો ચાલ્યો આવ.

–ત્રણ મિનિટ વધુ લાગશે.

–વાંધો નહિ, કહેતાં તેમણે રિસીવર મૂકી કપાળ પર બાઝેલા પરસેવાનાં ટાઢાં બુંદો હાથ વડે જ લૂછી નાખ્યાં.

યૂરીને તૈયાર થવાની જરૂર નહોતી. આજે તે વહેલો ઊઠયો હતો અને વહેલો જ તૈયાર થઈ બહાર નીકળવા જતો હતો કે ફોનની ઘંટડી રણકી ઊઠી હતી. સવારના આઠ પણ નહોતા વાગ્યા. સૂર્યનાં કોમળ કિરણો તેના વીસમા માળના ફ્લેટની બારીમાં ઝૂલતા પડદાઓમાંથી ચળાઈને ફર્શ પર પથરાઈ રહ્યાં હતાં. તેણે પડદાઓ ખસેડી નીચે જોયું તો પાલમિન્ટ સ્ટ્રિટ પર થોડીક ચહલપહલ નજરે પડી. નાના નાના મગતરા જેવા લાગતા હિંદુસ્તાનીઓ બગલમાં છત્રી દબાવી હાથમાં બ્રિફિકેસ લઈ ઓફિસની દિશામાં જઈ રહ્યા હતા. તે સહેજ હસ્યો.

પડદા પાછા ગોઠવી દેતાં તેણે પોતાની બ્રિફિકેસ લીધી અને દરવાજા લોક કરી લિફ્ટની વાટ જોતો ઊભો રહ્યો. વાટ જોવાની તેને ટેવ હતી. રશિયાની જાસૂસ સંસ્થા કેજીબીનો તે અનુભવી જાસૂસ હતો. આજે તેને એ બદલ ગર્વ હતો. એ દિવસોની વાત જુદી હતી. તેણે કલ્પનામાંયે નહોતું ધાર્યું કે એક દિવસ તે જાસૂસ બની ભારતમાં પ્રવેશશે.

બાવીશ વર્ષની ઉંમરે યૂરી પડછંદ હતો અને તેની યુવાનીની ઈર્ષા કોઈને પણ થતી. ઊંચાઈ છ ફૂટ ત્રણ ઈંચ, વજન બોંતેર કિલો, તપખીરી વાળ, તપખીરી આંખો, આકર્ષક ચહેરો અને ફળદ્રુપ ભેજુ હોવા છતાં તે એક કંગાળ વિદ્યાથી હતો. કૉલેજનાં વર્ષો લગભગ પૂર્ણ થયાં હતાં. નવા જીવનની શરૂઆત કરવાની હતી. ક્યાંથી ? કઈ દિશામાં ? તે નહોતો જાણતો.

તેને પોતાનો મિત્ર અને કેજીબીના પ્રમુખનો પુત્ર ઈગોર એન્ડ્રોપોવ યાદ આવ્યો. ઈગોરની તેણે સલાહ લીધી.

-ઈગોર! તેણે ગદ્‌ગદ સ્વરે કહ્યું. તું જાણે છે કે મારી પાસે મૂડીમાં કાંઈ હોય તો એ તું જ છે. તું મારા માટે કાંઈ નહિ કરે તો હું તદ્દન સામાન્ય જીવન ગાળીશ.

-ઈગોર એન્ડ્રોપોવે પોતાનાથી બનતી સઘળી મદદ કરવાનું તેને વચન દીધું. આટલું જ નહિ તેણે એ જ રાત્રે પોતાના પિતાના કાનમાં વાત નાખી. એના બીજે અઠવાડિયે યૂરીને સારા પગાર સાથે નોકરી મળી ગઈ. પણ શું એને નોકરી કહી શકાય ? તેની સમજમાં વધુ કાંઈ ન આવ્યું. છતાં તે વળગી રહ્યો. તેને મળતા પગારના બદલામાં તે સોવિયેટ યુનિયનની વિખ્યાત શાળા ‘ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન’માં હિંદી ભાષાનો અભ્યાસ કરી રહ્યો હતો.

બે વર્ષમાં તેનો અભ્યાસ પૂર્ણ થતાં તેને નવો આદેશ મળ્યો. પરિણામે યૂરી ચારીસ્વાવસ્કી રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊભો હતો. માઈલોની યાત્રા કરી તે અહીં આવ્યો હતો. હજી ટ્રેન પણ પ્લેટફોર્મમાં ઊભી હતી. ધીરે ધીરે ટ્રેન સરકવા લાગી. સરકી ગઈ. યૂરી અહીંતહીં નજરો પાથરવા લાગ્યો. તેને મળેલી સૂચના મુજબ કોઈ અજનબી અહીં તેનો સંપર્ક સાધવાનો હતો. વિશેષ સૂચના અનુસાર તેણે પોતાની સૂટકેસ ડાબા પગ પાસે રાખી વાટ જોવાની હતી. એ પણ તેના ખ્યાલમાં જ હતું કે ઓળખ માટે અજનબી તેને એક પ્રશ્ન કરવાનો હતો. એ પ્રશ્નનો ઉત્તર પણ તેણે ગોખી રાખ્યો હતો.

ટૂંક સમય પછી એક અપરિચિત માણસ સૂટબૂટમાં તેની સામે આવી ઊભો રહ્યો.

-ગુડ મોર્નિંગ ! યૂરીની સૂટકેસ પરથી નજર ઊંચી લેતાં તેણે કહ્યું, કહે ! તારા દાદાની તબિયત કેમ છે ?

યૂરી સમજી ગયો - ઓહ ! તુરત તેણે ગોખી રાખેલું વાક્ય દોહરાવ્યું. એમનો દેહાંત થઈ ગયો.

– ખરેખર ! ચાલ, ક્યાંક બહાર જઈએ.

યૂરી ચૂપચાપ તેની પાછળ પગલાં ભરી ગયો. એક કાર બંનેની પ્રતીક્ષા કરતી સ્ટેશન બહાર ઊભી હતી. બંને જણા, કારમાં ગોઠવાઈ ગયા. કાર સ્ટાર્ટ થઈ ઝડપથી આગળ વધી ગઈ. યૂરી એ નહોતો જાણતો કે જેની પડખે તે બેઠો હતો એ માણસ કોણ હતો ? શું હતો? એ જાણવાનો તેને અધિકાર પણ નહોતો. તે ખામોશ બેઠો રહ્યો. યજમાન કાર ડ્રાઇવ કરતો રહ્યો.

પંદર મિનિટ પછી કાર સૈનિક હોટલની સામે આવી ઊભી રહી ગઈ. યૂરીએ કારમાંથી બહાર નીકળી એક ઊડતી નજર ઈમારત પર ફેંકી અને ફરી એક વાર યજમાન પાછળ સીડીઓ ચડવા લાગ્યો.

ત્રીજા માળની એક રૂમનો દરવાજો ખોલતાં યજમાને યૂરીને ઈશારો કર્યો. યૂરી બે પગલાં ભરી અંદર ગયો. યજમાને જતાં પહેલાં તેને જણાવી દીધું – આજે સાંજ પહેલાં ક્યાંય બહાર જતો નહિ.

શા માટે ? કારણ ? ન જાણે સામાન્ય માનવી જેવી તેની ટેવો ક્યારે સુધરવાની હતી. કેજીબીનું પ્રથમ પગથિયું તે ચડી ગયો હતો. એ પગથિયા પરથી પાછા નીચે ઊતરવાનો પ્રશ્ન નહોતો. બલકે હવે તેની સામે માત્ર એક જ દિશા હતી. એ દિશામાં માત્ર પગથિયાં હતાં. બીજું પગથિયું, ત્રીજું, ચોથું...

કલાકેક પછી તેની રૂમના દરવાજાની ઘંટડી રણકી ઊઠી. તેણે દરવાજો ખોલ્યો તો તેની સામે બે સૈનિક અફસરો ઊભા હતા. એક હતો. મેજર જનરલ. બીજો લેફ્ટનન્ટ હતો. બંને અફસરો અંદર પ્રવેશ્યા.

–અહીં કોઈ તકલીફ તો નથી ? મેજરે એક સોફામાં જગ્યા લેતાં શરૂઆત કરી.

યૂરીએ માત્ર ઈશારાથી 'ના' કહી.

અત્યાર સુધીમાં લેફ્ટનન્ટ પણ એક સોફામાં ગોઠવાઈ ગયો હતો. યૂરી તેઓની સામે બેઠો.

–સરસ. મેજર કહી રહ્યો હતો, તારું ભવિષ્ય ઊજળું છે. થોડાક મહિનાઓ પછી તું સ્વયં અનુભવ કરીશ. હવે એ જાણી લે કે તારે શું કરવાનું છે.

યૂરી એક ચિત્તે સાંભળી રહ્યો. હિંદી ભાષા પરના તેના કાબૂ તથા ફલદ્રૂપ ભેજાને કારણે જાસૂસ તરીકે કેજીબી સંસ્થા તેને ભારત મોકલવાની હતી. ભારતમાં રહી. તેણે શક્ય તેટલા ઉપયોગી ભારતીયો જોડે મૈત્રી બાંધવાની હતી. વિશેષમાં એ નિર્દોષ પ્રજાજનોને છટકામાં લઈ તેઓ પાસે રશિયા માટે જાસૂસી કરાવવાની હતી.

યૂરી સહેજ મૂંઝાયો. આ બધું તેને અશક્ય લાગ્યું, છતાં તેણે પોતાની મૂંઝવણ ચહેરા પર જાહેર થવા ન દીધી. અનુભવી મેજરે માત્ર તેની આંખોમાં જોયું અને સમજી ગયો. યૂરીની આંખો રંગ બદલી રહી હતી.

–ચિંતા ન કર, કોમરેડ ! કહેતાં મેજરે ખિસ્સામાંથી રૂમાલ કાઢી નાક આડે ધર્યો અને જોરથી નાક ફૂંક્યું. ભારત મોકલતાં પહેલાં અમે તને ત્રણ વર્ષ તાલીમ દેશું. એ ત્રણ વર્ષના ગાળામાં તું ભારતનો ભોમિયો બની જઈશ.

સૈનિક હોટલમાં એક અઠવાડિયું વિશ્રામ લઈ યૂરી "મે ડે'ના દિવસે મોસ્કોના શ્રેષ્ઠત્તમ લત્તા કુતુઝોત્સકી પ્રોસ્પેક્ટની એક ઈમારતમાં પ્રવેશ્યો અને નવા આદેશ મુજબ પાંચમા માળના એક આલિશાન ફલેટમાં દાખલ થયો. તેની આંખો ચકાચૌંધ થઈ ગઈ. ચાર રૂમનો આવો ભવ્ય ફલેટ તેણે ક્યારેય જોયો નહોતો. અહીં વિશાળ બેડરૂમ હતો. પડખેનો બેઠકખંડ તાજાં ફૂલોથી મઘમઘતાં નાજુક કુંડાંઓથી શોભી રહ્યો હતો. સેન્ટર ટેબલ પર કાચની પારદર્શક પ્લેટમાં જાત જાતનાં ફળો ગોઠવાયેલાં હતાં.

એકાએક યૂરીને પોતાનું ગામ કિવોર યાદ આવ્યું. એક રૂમકિચનવાળી એ કેદ યાદ આવી જેમાં તેના જીવનનાં શ્રેષ્ઠ વર્ષો વિત્યાં હતાં. તેને મમી પપ્પા તથા છ બહેનો પણ યાદ આવી. એ બધાં એક રૂમમાં તેની સાથે રહેતાં હતાં. તે એ બધાંની સાથે રહેતો હતો. ત્યાં ભૂખ હતી. ગૂંગણામણ હતી. અંધકાર હતો. બસ, હવે થોડાક દિવસોમાં એ ભૂખ ભાંગવાની હતી. એ અંધકાર ઓગળવાનો હતો. થોડાક દિવસોમાં આવો જ એક આલિશાન ફલેટ તેના પરિવારને પણ ભેટ મળવાનો હતો.

બીજા દિવસથી યૂરીની તાલીમ શરૂ થઈ. તેની શિક્ષિકા હતી, ફાઈન્ના સોલાસ્કો. ફાઈન્ના રિસર્ચ સ્કોલર તરીકે ભારત આવી હતી અને ભારતમાં દોઢ વર્ષ ગાળી પાછી મોસ્કો ચાલી ગઈ હતી. ભારતની ભૂમિથી તે સારી પેઠે પરિચિત હતી. ભારતના લગભગ બધા જ મુખ્ય પ્રાંતોનો તેણે પ્રવાસ કર્યો હતો.

-કોમરેડ ! યૂરીને તેણે પહેલા દિવસની મુલાકાતમાં જણાવ્યું હતું. આપણે જે કાંઈ કરી રહ્યા છીએ તે માનવ-સમાજના કલ્યાણ માટે છે. વિશ્વ માનવ સમાજ એક વિશાળ માનવ

શરીર જેવો છે અને ક્યારેક ક્યારેક માનવીના શરીરને શસ્ત્રક્રિયાની મદદ લેવી પડે છે. થોડુંક લોહી વહાવી, થોડાંક આંતરડાંઓ કાપી આપણે માનવ શરીરનાં સડેલાં અંગો દૂર કરતા હોઈએ છીએ. તેવી જ રીતે જાસૂસીમાં પણ ક્યારેક આપણને કોકનું અપહરણ કરવાની, કોકનું કાસળ કાઢવાની ફરજ પડે છે. એમ ન કરીએ તો આપણો માનવ સમાજ માનવો માટે કેન્સરની ગાંઠ સમાન બની જાય.

પહેલા દિવસના ઔપચારિક સંવાદ પછી યૂરીના કાર્યક્રમો નક્કી થઈ ગયા. અઠવાડિયામાં ત્રણ વાર તેને તેના પોતાના જ ફલેટમાં ભારતીય ફિલ્મો દેખાડવામાં આવતી. સોળ મિલિમિટરની ફિલ્મો નાનકડા પડદા પર તે સૂતાં સૂતાં કે બેઠાં બેઠાં આસાનીથી જોઈ શકતો હતો. ખાસ કરીને તેને એવી ફિલ્મો દેખાડવામાં આવતી જેમાં ભારતીય સમાજ સ્પષ્ટરૂપે આંખો સામે તરી આવે. દેવદાસ, ચંડીદાસ, નર્તકી, આવારા, બિરાજ બહુ પતિતા, પડોશી જેવી જૂની ફિલ્મો સાથે નવી ફિલ્મો પણ તેણે એક પછી એક જોઈ દસ્તાવેજી ચિત્રો પણ તેણે લગભગ બધાં જ જોયાં.

તે ફિલ્મ જોતો ત્યારે ફાઈન્ના તેની પડખે રહેતી અને જરૂર જણાતાં ટૂંક સમય માટે ફિલ્મને રોકી ખાસ સૂચનો પણ દેતી. ભારતના રાજદ્વારી પક્ષોમાં કયો પક્ષ કેટલા પ્રમાણમાં પ્રભુત્વ ધરાવે છે, તેનો ખ્યાલ આપતી – સામે જો ! આ છે નથુરામ ગોડસે. મહાત્મા ગાંધીનો હત્યારો. પક્ષ આર.એસ.એસ. અને આ પક્ષ શાસક પક્ષનો વેરી છે. પેલા સજજન મુસ્લિમ લીગના કાઈદે આઝમ છે. ભારતના ભાગલા તેમણે જ કરાવ્યા હતા. આજે પણ મુસ્લિમ લીગ ભારતમાં કાર્યશીલ છે.

ફિલ્મો દ્વારા યૂરીને ભારતીય સંસ્કૃતિ તથા સમાજનો લગભગ ખ્યાલ આવી ગયો. હિંદી તથા અંગ્રેજી ભાષા તે જાણતો હતો. તેણે મલયાલમ, પંજાબી, મરાઠી, બંગલા અને ગુજરાતી ભાષાનો પણ થોડો ઘણો અભ્યાસ કરી નાખ્યો.

આટલું જ નહિ, ત્રણ વર્ષના ગાળામાં તેને જુડો કરાટેના ઉસ્તાદે સ્વરક્ષણના દાવપેચ શીખવ્યા. હવે તે જુદાં જુદાં હથિયારો આસાનીથી વાપરી શકતો હતો. માઈક્રોફોટોગ્રાફીની ટેકનિક તેણે જાણી લીધી હતી. અદશ્ય થઈ શકે એવી શાહીની ફોર્મ્યુલા પરથી તે પોતાના વપરાશ માટેની શાહી કોઈ પણ સ્થળે કોઈ પણ દેશમાં તૈયાર કરી શકતો હતો. પીછો કરતી વ્યક્તિને થાપ દેવા માટે ભીડમાં કેમ ઓગળી જવું કે દોડી જતી બસમાં ઝડપથી સવાર થઈ શત્રુને દ્વિધામાં કેમ નાખવો એ તેના માટે ડાબા હાથનો ખેલ હતો.

તાલીમના છેલ્લા તબક્કામાં ફાઈન્નાએ તેને 'કોડ' શબ્દો ગોખાવ્યા, જેના ગુપ્ત અર્થ માત્ર કેજીબીના જાસૂસો જાણતા હતા. દાખલા તરીકે કેન્દ્ર' અથતિ મોસ્કોનું મથક, 'તરવું એટલે પ્રવાસ કરવો, 'રોગ' એટલે ગિરફતારી. 'ભીની ઘટના' અથતિ કાસળ કાઢવું, 'ખાસહુ એટલે પાસપોર્ટ, 'મોચી' એટલે નકલી પાસપોર્ટ બનાવનારી વ્યક્તિ, "મ્યુઝિક બોક્સ એટલે ટ્રાંસમિટર, 'પડોસી' એટલે મિત્ર જાસૂસ વગેરે.

યૂરી છેલ્લાં દસ વર્ષોથી ભારતમાં હતો અને 'પ્રવદા' મોસ્કોના સંવાદદાતા તરીકેની જાહેરમાં ફરજ બજાવતો હતો, ખાનગીમાં એ જાસૂસી કરતો હતો. તેની ઉંમર ચાળીસની સીમા સુધી આવી પહોંચી હતી. તેનો ચહેરો ખેંચાયેલો હોવા છતાં આડા ઊભા અનેક આંકાઓ તેના ચહેરા પર અંકાઈ ગયા હતા.

આયાએ દરવાજો ખોલ્યો અને યૂરી રાજદૂત નિકોલાઈ ઝખારોવના ફલેટમાં પ્રવેશી ગયો. ફલેટમાં છવાયેલી ખામોશી પરથી યૂરીએ કલ્પી લીધું. રાજદૂતના બંને પુત્રો સ્કૂલ ગયા હતા. પત્ની પણ ક્યાંક બહાર ગઈ હતી. યૂરી આગળ વધી બેઠકના એક સોફામાં પીઠ ટેકવી બેસી ગયો.

–કોમરેડ યૂરી ! રાજદૂત નિકોલાઈ ઝખારોવે બેડરૂમની દિશામાંથી આવતાં તેની સામે અખબાર ધર્યું. તને શું લાગે છે ?

યૂરીએ આજનું અખબાર વાંચ્યું હતું. નેતાજીના આગમન વિષે તે પૂરી રીતે માહિતગાર હતો. છતાં તેણે રાજદૂતના હાથમાંથી અખબાર લઈ એક ઊડતી નજરે ફેંકી.

–મારા ખ્યાલથી આ સમાચાર ખોટા છે. અખબારને સેન્ટર ટેબલ પર મૂકી દેતાં તેણે જણાવ્યું.

–શુ ? અત્યાર સુધીમાં રાજદૂત તેની સામેના સોફામાં ગોઠવાઈ ગયા હતા. સ્લીપિંગ સૂટના સ્થાને તેમના દેહ પર લાલ ટાઈ સાથે સફેદ સૂટ શોભી રહ્યો હતો - નેતાજીએ કલકત્તાના મેદાનમાં જે કાંઈ કહ્યું એ ખોટું છે ?

–મારા ખ્યાલથી. યૂરીએ સ્પષ્ટતા કરી જેથી કોઈ પણ પ્રકારની જવાબદારી તેની ન રહે.

–અથતિ તને ખાતરી નથી.

તેણે ‘ના’ કહી દીધી. પછી ઉમેર્યું – કેજીબીનાં રહસ્યો વિષે કોઈ કાંઈયે કહી ન શકે ! નેતાજી કદાચ સાઈબેરિયાની જેલમાંથી આવ્યા પણ હોય, પરંતુ શક્યતા ઓછી છે.

–હવે ?

–કેન્દ્ર (મોસ્કો)નો સંપર્ક સ્થાપી વહેલી તકે આ બાબત ચોખવટ મેળવવી રહી.

–પહેલું કામ હું એ જ કરીશ. રાજદૂત નિકોલાઈ ઝખારોવ કહી રહ્યા હતા. બીજું, કોમરેડ યૂરી, આજના પ્લેનમાં કલકત્તા પહોંચી તારે પોતે આ બાબત તપાસ કરવાની જરૂર છે.

–મારા હાથમાં રિપોર્ટ ન આવે ત્યાં સુધી મારું કલકત્તા જવું કાંઈ અર્થ નથી રાખતું. કહેતાં યૂરીએ કોટના ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢી એક સિગારેટ અલગ કરી. બાકી નેતાજી પર ચાંપતી નજર રાખવા માટે મેં અહીંથી જ બંદોબસ્ત કરી લીધો છે. મારા બે કોમરેડ અત્યાર સુધીમાં બાંશી પહોંચી ગયા હશે !

કેજીબીના આ અધિકારી યૂરી ઉલાનોવ માટે તેમને માન ઊપજ્યું. જેટલી ઝડપથી તે કાર્ય કરી શકતો હતો એટલી ઝડપ કેજીબીના બહુ ઓછા અધિકારીઓમાં હતી.

–અભિનંદન. રાજદૂતથી કહ્યા વિના ન રહેવાયું.

–કોમરેડ એમ્બેસેડર નિકોલાઈ ઝખારોવ ! યૂરીએ સપાટ સ્વરમાં આગળ ચલાવ્યું. અઠવાડિયા પહેલાં તમારા ટેબલ પર નેતાજીનો સંપૂર્ણ રિપોર્ટ હશે એની હું ખાતરી દઉં છું.

–એક અઠવાડિયું ! રાજદૂતના હોઠ વચ્ચેથી શબ્દો સરી ગયા. તારા જેવા અનુભવી જાસૂસ માટે અઠવાડિયાનો સમય લાંબો ન કહેવાય ?

–કોમરેડ એમ્બેસેડર નિકોલાઈ ઝખારોવ ! યૂરીની આંગળીઓ વચ્ચે સિગારેટ હતી અને તેને ઝગવતાં તે વીસરી ગયો હતો. મેં ‘એક અઠવાડિયું નથી કહ્યું ‘એક અઠવાડિયાની અંદર’ કહ્યું છે. કદાચ આવતી કાલે મને રિપોર્ટ મળી જાય, ભાગ્ય સાથ દે તો ! કોમરેડ બોગડાનોવ તથા કોમરેડ નોસેન્કો રાત્રે નેતાજીના કોટેજમાં પ્રવેશવાનો પ્રથમ પ્રયાસ કરશે. શક્ય હશે તો નેતાજીના પાસપોર્ટના દરેક પાનાની માઈક્રોફિલ્મ ઝડપી રાતના જ પ્લેનમાં દિલ્લી લઈ આવશે. અથાત્ આવતી કાલે સવાર સુધીમાં રિપોર્ટ મળવાની શક્યતાઓ છે.

પરંતુ તેનો આધાર ભાગ્ય પર રહે છે. રાજદૂત નિકોલાઈ ઝખારોવને નેતાજીના પાસપોર્ટનો ખ્યાલ સુધ્ધાં નહોતો આવ્યો. એ પણ ખરું હતું કે તેમણે ટૂંક સમય પહેલાં જ સમાચાર વાંચ્યા હતા. અને મનન કરવા માટે સમય મળે એ પહેલાં યૂરી હાજર થઈ ગયો હતો.

પાસપોર્ટ વિષે વિચારતાં તેમને લાગ્યું, નેતાજીના આગમનના રહસ્યની એ એક અગત્યની કડી છે. નેતાજી સાઈબેરિયાની જેલમાંથી નાસ્યા હતા તો નાસીને કયા દેશમાં ગયા હતા ? કયા દેશે તેમને આશ્રય દીધો હતો ?

–ઠીક છે, કોમરેડ યૂરી. ઝડપથી વિચારી લેતાં તેમણે કહ્યું, તારાં પગલાં સાચી દિશામાં છે. થોડા વધુ દિવસો જાય તોયે પરવા ન કરતો. પાસપોર્ટની માઈક્રોફિલ્મ આપણા હાથમાં આવવી જ જોઈએ.

યૂરી ઊભો થયો. ઊભા થતાં જ તેને ખ્યાલ આવ્યો. સિગારેટ હજીએ ઝગવ્યા વિનાની હતી. સિગારેટ હોઠ વચ્ચે ગોઠવી તેણે લાઈટર ક્લિક કર્યું.

–એક વાત કહેવાની રહી ગઈ. લાઈટર ખિસ્સામાં સરકાવી દેતાં તેણે ધડાકો કર્યો. આજે સાંજ સુધીમાં આપણી એમ્બેસી તથા આપણાં સાંસ્કૃતિક કેન્દ્રો પર મોરચાઓ આવવાની બધી જ શક્યતાઓ છે.

રાજદૂત નિકોલાઈ ઝખારોવના કપાળે અચાનક પરસેવો આવી ગયો. આજનો દિવસ હજુ પૂરી રીતે ઊગ્યો નહોતો અને આંચકાઓ એક પછી એક લાગવાની શરૂઆત થઈ ચૂકી હતી. યૂરીની વાત તદ્દન ખરી હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝને રશિયન સરકારે ઓગણીસ વર્ષો જેલમાં ગોંધી રાખ્યા, એ સાંભળી સુભાષના ચાહકો, ફોરવડ બ્લોકના સભ્યો મોરચો લઈ આવે અને ભાંગફોડ કરે એ સ્વાભાવિક હતું. અમેરિકન જાસૂસ સંસ્થા સી.આઈ.એ.ના ભારતીય સભ્યો પણ આ તક જતી નહિ જ કરે !

–હું હમણાં જ કમિશનરને ફોન કરી આ બાબત સૂચિત કરું છું. તેમણે ઊભા થતા કહ્યું, ગૂડ લક !

યૂરી બહાર નીકળી ગયો.



૯

સવારના દસ પહેલાં તો ભારતના એક ખૂણાથી બીજા ખૂણા સુધી અખબારો તથા રેડિયો દ્વારા સુભાષચંદ્ર બોઝના આગમનના સમાચાર ફેલાઈ ગયા હતા. ગામડાં તથા શહેરો, જ્યાં જ્યાં નેતાજીના ચાહકો હતા, એક જ વિષય ચર્ચાઈ રહ્યો હતો. સમસ્ત ભારતમાં પથરાયેલા આઝાદ હિંદ ફોજના રિટાયડ અફસરો તથા સૈનિકોના ચહેરા આશ્ચર્ય સાથે આનંદ વ્યક્ત કરી રહ્યા હતા. ફોરવડ બ્લોકના નેતાઓની ગતિવિધિ તેજ થઈ ગઈ હતી. ફોરવડ બ્લોકમાં નવા પ્રાણ પુરાયા હતા.

અખબારોની ઓફિસમાં ટેલિફોનની ઘંટડી પળે પળે. રણકી ઊઠતી હતી. નેતાજી વિષેની વધુ માહિતી તથા નેતાજીનું હાલનું સરનામું મેળવવા માટે નેતાજીના ભક્તો ઉતાવળા થઈ રહ્યા હતા. કનલ હબિબુરરહમાને આ જ સમાચાર પાકિસ્તાનમાં વાંચ્યા. 'ડોન' અખબારની પ્રત તેની સામે હતી. તેના ચહેરાના ભાવ સહેજ બદલાયા હતા. તે વિચારોમાં ખોવાઈ ગયો હતો. તેની આંખો સામેથી ઝડપથી દૃશ્યો પસાર થઈ રહ્યાં હતાં. એ દૃશ્યોમાં આઝાદ હિંદ ફોજ હતી. જાપાન હતું.

કર્નલ હબિબુરરહમાને આઈ.એન.એસ. ટ્રાયલમાં દીધેલી જુબાનીનો એક ભાગ :

આઝાદ હિંદ ફોજનો એક માત્ર આધાર જાપાન વિશ્વભરમાં ફટકા પર ફટકા ખાઈ રહ્યું હતું. તેનો પરાજય નક્કી હતો. બ્રિટિશ તથા અમેરિકન સૈન્યો બમમાં આગળ વધી રહ્યાં હતાં. રંગુન સુધી પહોંચતાં તેમને વધુ સમય લાગવાનો નહોતો. રંગુન આઝાદ હિંદ ફોજ તથા 'હિંદ સ્વાતંત્ર્ય સંઘ'નું મુખ્ય મથક હતું. પરિસ્થિતિ કટોકટીની હતી.

મેજર જનરલ ભોંસલે, મેજર જનરલ કિયાની અને પ્રચાર વિભાગના ઉપરી શ્રી ઐયરે સવાનુમતે રંગુન છોડી સિંગાપુર તરફ કૂચ કરી જવાનું નક્કી કર્યું. એમ ન થાય તો નેતાજી શત્રુઓના હાથમાં સપડાઈ જાય. નેતાજી યુદ્ધકેદી બનતાં આઝાદ હિંદ ફોજના સેનાનીઓનાં માથાં પણ શરમથી ઝૂકી જાય.

રંગુન છોડવાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ. એ દિવસ હતો ચોવીસમી એપ્રિલ ૧૯૪૫નો. જાપાની સૈન્યોએ રંગુન ખાલી કરવાની શરૂઆત એક દિવસ પહેલાં જ કરી દીધી હતી. ઠેર ઠેર ફાઈલોના ઢગ સળગી રહ્યા હતા. જાપાની મથકો તથા અડ્ડાઓ કે જેમાં પત્રવ્યવહારનો ઢગ તથા ભાવી યોજનાઓના પ્લાન હતા, આખા ને આખા સળગાવી દેવામાં આવ્યા હતા.

આખી ફોજ તથા સર્વે અધિકારીઓ માટે રંગુન છોડવું શક્ય નહોતું. નેતાજી રંગુનની ફોજ તથા 'હિંદ સ્વાતંત્ર્ય સંઘ'નો ચાર્જ એક અધિકારીના હાથમાં સોંપી ખાસ અફસરોના કાફલા સાથે સિંગાપુરની દિશામાં ઊપડી ગયા. એ સમયે સરજનો રાતો ગોળો ક્ષિતિજ રેખા પર એટમ બમની જેમ ઝૂલી રહ્યો હતો. આકાશમાં લાલી પથરાઈ ગઈ હતી. નેતાજીનો કાફલો ભૂમાર્ગે આગળ વધી રહ્યો હતો. વાહનોમાં તેમની પાસે ચાર કાર તથા બાર ટ્રકો હતી. ત્રણ ટ્રકોમાં 'ઝાંસીની રાણી' રેજિમેન્ટની સ્ત્રી-સૈનિકો ખીચોખીચ ભરેલી હતી. બાકીની ટ્રકોમાં આઝાદ હિંદ ફોજના જવાનો તથા જરૂરી સામાન હતો.

માર્ગની બંને તરફ વેરાન ખેતરો હતાં. વૃક્ષો હતાં. દૂર દૂર, ક્યાંક ક્યાંક ઝૂંપડાંઓ નજરે પડતાં હતાં. પરંતુ તેમાં કોઈ વસતું હશે. કે કેમ એ કહેવું શંકાસ્પદ હતું. સૂર્યનો ગોળો પૃથ્વીના પેટાળમાં ધસી ગયો હતો અને હજી એ ઝૂંપડાંઓમાં દીવાબત્તીનાં ચિહનો નહોતાં દેખાતાં.

જાપાની સૈન્યોથી ખીચોખીચ ભરેલી ટ્રકો પણ આ જ માર્ગે સિંગાપુરની દિશામાં ધસી રહી હતી. તેઓને માગ દેવા માટે આઝાદ હિંદ ફોજનાં વાહનો ક્યારેક રસ્તાની એક બાજુએ થઈ જતાં હતાં તો ક્યારેક બીજી બાજુએ ખસી જતાં હતાં. અનેક જાપાની સૈનિકો એવા પણ હતા કે જેઓને ટ્રકોમાં સ્થાન નહોતું મળ્યું. તેઓ પગપાળા પ્રવાસ કરી રહ્યા હતા. તેઓની સ્થિતિ ખરેખર દયાજનક હતી. તેઓની પીઠ પર ખચ્ચરોની જેમ સામાન લદાયેલો હતો અને પગલે પગલે કણસતા તેઓ આગળ વધી રહ્યા હતા.

નેતાજીનો કાફલો પેગમાં પ્રવેશ્યો તો પેગનાં ગામડાંઓ ભડકે બળી રહ્યાં હતાં. સિંગાપુરની દિશામાં પીછેહઠ કરી ગયેલા જાપાનીઓએ પેગમાંનાં પોતાનાં સૈનિક મથકો તથા મકાનોને આગ ચાંપી દીધી હતી. દારૂગોળો દુશ્મનોના હાથે ચડી ન જાય એ માટે દારૂગોળાને પણ ફૂંકી દીધો હતો. આગના ભડકાઓ સાથે અંધારા આકાશમાં આતશબાજી ખેલાઈ રહી હતી. ધુમાડાના ગોટા ઊડી રહ્યા હતા. દારૂગોળાના ધડાકાઓ કાન ફાડી નાખે એવા ભયાનક હતા.

કાફલો જેમ જેમ આગળ વધતો ગયો, સમસ્યાઓ પણ વધતી ગઈ. પરંતુ ખરી સમસ્યા માગમાં નદી આવતાં ઊભી થઈ. નદીને પેલે પાર વાહનો લઈ જવા લગભગ અશક્ય હતું, તેઓની પહેલાં આવી પહોંચેલી જાપાની ટ્રકો નદી ઓળગવા મથી રહી હતી. તેમાંની થોડીક ટ્રકો અધવચ્ચે જ નદીના વહેણમાં સપડાઈ ગઈ હતી.

સમય રાતના બીજા પહોરનો હતો. આકાશ ખુલ્લું હતું. ચંદ્રમાનો ફિક્કો પ્રકાશ ચોમેર પથરાઈ રહ્યો હતો. નેતાજીએ પોતાની કારમાંથી નીચે ઊતરી એક નજર સામા કાંઠા સુધી ફેંકી. પરિસ્થિતિને સમજી લેતાં તેમને વધુ સમય ન લાગ્યો.

–કર્નલ મલિક ! પડખે ઊભેલા એક કનલને સંબોધી તેમણે કહ્યું. કેપ્ટન તલવારસિંઘને સાથે લઈ 'રાણીઓને' સામે પાર પહોંચાડવાની જવાબદારી તમારી છે.

–ટ્રકો નદીમાં અર્ધથી આગળ નથી વધી શકતી એ તમે જોઈ શકો છો ! કનલ મલિકે પોતાની લાચારી દર્શાવી.

–રાણીઓને વાહનોની જરૂર નથી.

કર્નલની આંખો પહોળી થઈ ગઈ.

કેપ્ટન તલવારસિંઘ તથા કનલ મલિક 'ઝાંસીની રાણી' રેજિમેન્ટની સ્ત્રી-સૈનિકોને સાથે લઈ પગપાળા નદી પાર કરવા આગળ વધી ગયા. પાણી વધુ ઊંડાં નહોતાં. નદી ઓળગવી પણ એટલું સરળ નહોતું. જમણી બાજુએથી આવતા પાણીના ધસારા સામે ટકી રહેવું મરદાઈનું કામ હતું. કનલ મલિક રાણીઓની મોખરે હતો. તલવારસિંઘ રાણીઓની પાછળ હતો. બ્રિટિશરોના યુદ્ધકેદીઓની છાવણીમાંથી છટકી તે નેતાજીની સેવામાં હાજર થઈ ગયો હતો. કનલ ગુલમહમદ હજી કેદમાં જ હતો.

નદી ઓળગવા માટે રાણીઓએ એકમેકના હાથમાં હાથ વીંટાળી સાંકળ રચી હતી. ધસમસતા વહેણમાં ખેંચાઈ જવાનો હવે કોઈને ભય નહોતો. અધાં કલાકથી ઓછા સમયમાં રાણીઓ સામે કાંઠે પહોંચી ગઈ. સૈનિકો તથા અફસરો પણ ધીમે ધીમે પાણીમાંથી આગળ વધી ગયા. અંતે નેતાજી એકલા રહ્યા. નેતાજીએ એકલા નદી ઓળગી ત્યારે પહો ફાટવાની તૈયારીમાં હતું.

કાફલો રાતે પ્રવાસ કરતો હતો અને દિવસે આરામ.. નદીના આ કાંઠે અપિયા ગામ હતું. અપિયામાં જ પડાવ નંખાયો, પરંતુ ગામથી દૂર યુદ્ધમાં માનવીની જેમ ભાંગી ગયેલા એક

ઓરડામાં. એ ઓરડો હતો કે સભાખંડ ? કનલ હબિબુરરહમાનને યાદ નહોતું. ગમે તે હોય તેની દીવાલો પરથી કરોળિયાનાં ઝાળાં લટકી રહ્યાં હતાં. ફરશ પર ધૂળની ચાદર પથરાયેલી હતી. બારીઓના કાચ ભાંગીને અંદર જ પડયા હતા.

રાણીઓ કામે લાગી ગઈ. ઓરડો વાળવા માટે અહીં ઝાડુ નહોતાં. તેઓએ ધાબળાઓ વડે ઓરડો ઝાડીને સાફ કર્યો. થોડીક રાણીઓએ પહેલાંથી જ રાંધવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. આ લાંબા ઓરડાની બહાર ખુલ્લું અને વિશાળ ચોગાન હતું. કાફલાના અધા સભ્યો ઘટાદાર વૃક્ષોની છાંયમાં જ પગ લંબાવી પોઢી ગયા હતા.

ભોજન તૈયાર થઈ ગયું. ભાત અને એક વાટકી શાક, બપોરનું એ ભોજન હતું. સવારનો નાસ્તો હતો. રાત્રિનું ભોજન પણ આ જ હતું. નેતાજીનો કાફલો આખા દિવસમાં માત્ર એક ટંક જમતો હતો. ક્યારેક તેઓને ભાત સાથે દાળ મળતી તો ક્યારેક બાફેલા બટાકા. કોક દિવસ તદ્દન ભૂખ્યા પણ સૂઈ રહેવું પડતું હતું.

એ જ સાંજે પ્રવાસની ફરી શરૂઆત થઈ. આફતનાં વાદળો તૂટી પડ્યાં. કાફલો રંગૂનથી શરૂ થયો હતો ત્યારે તેમાં ચાર કાર તથા બાર ટૂકો હતી. ગઈ કાલે નદી ઓળગતાં તેમાંથી માત્ર ત્રણ ટ્રકોને સામે કાંઠે લઈ આવવામાં તેઓ સફળ રહ્યાં હતાં. બાકીનાં વાહનો વહેણમાં ઊંધાં વળી ગયાં હતાં. તેમાંની બે કાર ખેંચાઈને દૂર ફેંકાઈ ગઈ હતી. ઊંધા પડેલા કાચબાની જેમ નિઃસહાય થઈ ગઈ હતી.

બાકી વધેલી ત્રણે ટ્રકો રાણીઓને સોંપી દેવામાં આવી. ટ્રકો ગડગડાટ કરતી આગળ વધી ગઈ. આઝાદ હિંદ ફોજના સૈનિકો તથા અફસરોએ નેતાજી સાથે પગપાળા પ્રવાસ કરવાની શરૂઆત કરી. સૂર્યનો રાતો ગોળો તેઓએ ફરી એક વાર ક્ષિતિજ રેખા પર ઝૂલતો જોયો. સૈનિકોના પડછાયાઓ લંબાતા-ભૂસાતા જોયા. એ પડછાયાઓમાં એક પડછાયો નેતાજીનો પણ હતો. મથી રહ્યો હતો - ના, હું નહિ ભૂસાઉં ! હું નહિ ભૂસાઉં, નહિ ભૂસાઉં.

રાણીઓ ટ્રકોમાંથી કૂદી પડી. રાણીઓથી ખીચોખીચ ભરેલી ત્રણે ટ્રકો કાદવમાં સપડાઈ હતી. ડ્રાઈવરના ભગીરથ પ્રયાસો છતાં ટૂકો ન એકે ઈંચ આગળ વધી રહી હતી, ન એકે ઈંચ પાછળ ખસી રહી હતી. રાણીઓએ પોતાની સઘળી તાકાત લગાડી દીધી. રાણીઓ ગોઠણ સુધી કાદવમાં ઊતરી ગઈ. એ માત્ર કાદવ હતો કે કળણ ? કર્નલ હબિબુરરહમાનને યાદ નહોતું.

રાણીઓ નેતાજી સાથે જોડાઈ અને કાફલો ફરી આગળ વધ્યો. રાતના અંધારામાંથી માગ કરતાં, પગલે પગલે આંખો પહોળી કરીને આકાશ ભણી જોઈ લેતાં, કાફલો ગોકળગાયની ગતિએ પ્રવાસ કરી રહ્યો હતો. કળણમાં સપડાયેલી ત્રણ ટૂકો પીઠ પાછળના અંધકારમાં ક્યાંક અદશ્ય થઈ ગઈ હતી.

એ જ અંધકારમાંથી અચાનક, રાક્ષસની ઝગમગારા મારતી બે આંખો જેવી, ધસી આવતા વિમાનની લાલ બત્તીઓ ઊપસી આવી. બીજી જ ક્ષણે નેતાજી સાથે તેમના વફાદાર સાથીઓ છલાંગ મારી માગની બંને બાજુએ ઊંધા સૂઈ ગયા. વિમાનોમાંથી સ્ટ્રાફિંગ શરૂ થયું. બુલેટીની ઝડી વરસવા લાગી. વરસાદના એક ઝાપટાની જેમ ગોળીઓ વરસાવી વિમાનો ઘરઘરાટ કરતાં દૂર દૂર ચાલ્યાં ગયાં. નેતાજી ઊભા થયા. આઝાદ હિંદ ફોજના અફસરો, સૈનિકો ઊભા થયા. રાણીઓ ઊભી થઈ. સર્વેએ હેરતથી એકમેક સામે જોયું. સર્વેને ખાતરી થઈ, સર્વે શ્વાસ ભરી રહ્યાં હતાં.

સૂર્યોદય થાય એ પહેલાં સિત્તાંગમાં પડાવ નાંખ્યો. અહીં પણ બમવષામાં ભાંગી ગયેલું આધુ મકાન વસવા માટે ખાલી પડ્યું હતું. મકાન બેઠા ઘાટનું હતું અને છતમાં પડેલા મોટા મોટા બાકોરામાંથી પ્રભાતના આકાશને રંગો બદલતા જોઈ શકાતું હતું. એક તરફની દીવાલ

લગભગ અધી ધસી ગઈ હતી. ઈંટો તથા કાટમાળનો ઢગ ચોમેર વેરાયેલો હતો.

નેતાજી મકાન બહારના ચોગાનમાં એક ઘટાદાર વૃક્ષ હેઠળ બેસી ગયા. નીચે તેમણે ધાબળો પાથર્યો હતો. સાંય સાંય કરતો પવન બળી ગયેલાં મકાનોની રાખ સાથે લઈ ફૂંકાઈ રહ્યો હતો. નેતાજીની આંખો ઘેરાઈ રહી હતી. ચહેરા પર થાકનાં ચિહ્નો પણ વરતાતાં હતાં. ગઈ કાલની આખી રાત તેમણે પગપાળા પ્રવાસ કર્યો હતો અને તે પણ લગભગ ગોઠણ સુધી ઊંચા સૈનિક ટોપ બૂટમાં.

બૂટને બંને હાથ વચ્ચે જકડી રાખી તેમણે પગ ખેંચી લીધા. પગમાં, ખાસ કરીને તળિયામાં ફોલ્લા ઊપસી આવ્યા હતા. સખત બળતરા થઈ રહી હતી. છતાં તેમનો ચહેરો શાંત હતો. સહેજ ગંભીર પણ હતો. બૂટ કાઢી તેમણે એક બાજુએ મૂક્યા. આંખ આડેથી ચશમાં પણ ખેંચી લીધા અને પગ લંબાવી ધાબળા પર સૂઈ ગયા.

અધએિક કલાક પછી તેમની આંખો ખૂલી ત્યારે ખરી પડેલાં સૂકાં પાંદડાંઓ ફૂંકાતા પવન સાથે આવી તેમની ઉપર તથા આસપાસ પથરાઈ ગયાં હતાં. વસ્ત્રો ઝાટકી. તે બેઠા થયા. એક રાણી ચાનો કપ લઈ તેમની સામે ઉપસ્થિત થઈ. સમિત ચાનો કપ સ્વીકારી તે ગટગટાવી ગયા. એ ચાને ચા કહેવાય કે નહિ એ એક જુદી પ્રશ્ન હતો. ચામાં કોઈ વિચિત્ર પ્રકારની ગંધ હતી.

પંદરમી જુલાઈએ કાફલો બેંગકોક પહોંચ્યો. રંગૂનથી કૂચ કરી ગયેલા આ કાફલાએ અધોં માગ કાપ્યો હતો. હજી અધી મજલ કાપવાની બાકી હતી, પરંતુ એની ચિંતા નહોતી. અહીંથી હિંદ સ્વાતંત્ર્ય સંઘની ઓફિસ તથા બેંગકોકની સરકાર પાસેથી પૂરતી સહાય મળવાની આશા હતી. હવે પગપાળા પ્રવાસ કરવાનો પ્રશ્ન નહોતો. વાહનો પર ફરી એક વાર સવાર થઈ અહીંથી આસાનીથી સિંગાપુર પહોંચી શકાય એમ હતું. અને સિંગાપુર પહોંચ્યા પછી ?

જર્મનીનું પતન થઈ ચૂક્યું હતું. જાપાન હજીયે ઝઝૂમી રહ્યું હતું. પરંતુ જાપાન કઈ ઘડીએ પડી ભાંગે એ કોઈયે કહી નહોતું શકતું. અને જાપાન પડે તો સિંગાપુર જવા નીકળેલા નેતાજીના આ કાફલાનું શું ? શું પોતાના અફસરોને લઈ નેતાજીએ રશિયામાં પ્રવેશી જવું ? શું જાપાનીઓ રશિયા જોડે નેતાજીનો સંપર્ક કરાવવામાં મદદરૂપ થશે ?

છેલ્લા કેટલાયે દિવસોથી સર્વેના મનમાં ઘોળાતા આ પ્રશ્નો, થોડાક નવા અને પ્રશ્નોનો ઢગ. પરંતુ આ વખતે અશક્ય લાગતા પ્રશ્નોની આરપાર જોઈ શકાતું હતું. અફસરોએ નેતાજીને વિનંતી કરી કે જાપાનીઓ પર દબાણ લાવી કોઈ પણ કિંમતે રશિયાનો સંપર્ક કરવો જરૂરી છે.

એક યોજના ઘડાઈ. એક માગ સ્પષ્ટ થઈ ગયો. મલાયામાં હજીયે મોરચો સંભાળી બેઠેલા આઝાદ હિંદ ફોજના સૈન્યને એ જ દિવસે આદેશ પાઠવવામાં આવ્યો. બ્રિટિશરો મલાયામાં પગ મૂકે તો તેમનો મુકાબલો છેલ્લા શ્વાસ સુધી કરજો !

અહીં, બેંગકોકમાં કાફલો હિંદ સ્વાતંત્ર્ય સંઘની ઓફિસમાં વિશ્રામ લઈ રહ્યો હતો, યોજનાઓ ઘડી રહ્યો હતો અને દસમી ઓગસ્ટે સમાચાર આવ્યા : રશિયાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું છે. બીજે દિવસે સાંજે ડો. લક્ષમધ્યા તથા શ્રી ગનપથી, 'હિંદ સ્વાતંત્રય સંઘ, સિંગાપુરના સેક્રેટરીઓ મોટર માર્ગે બેંગકોક આવી પહોંચ્યા. તેમની કાર ધૂળ હેઠળ ઢંકાઈ ગઈ હતી. કારની સ્થિતિ જોતાં એવું લાગતું હતું કે તેઓએ પવનવેગે કાર દોડાવી ઓછામાં ઓછા સમયમાં મજલ કાપી હતી.

–કેમ ? નેતાજીએ બંને સામે જોતાં પ્રશ્નાથી દૃષ્ટિ ફેંકી. બંને જણા થોડીક પળો માટે માત્ર હાંફતા રહ્યા. પછી ડો. લક્ષમધ્યાએ દબાયેલા સ્વરે જણાવ્યું – એક દુઃખદ સમાચાર લાવ્યા છીએ.

–શું છે ? નેતાજી સોફામાં બેઠા હતા.

–જાપાન શરણે થઈ ગયું.

નેતાજીએ પીઠ ટેકવી દીધી.

ખતમ ! સવ કાંઈ ખતમ 1 નેતાજીએ ઊભી કરેલી સપનાંઓની ઈમારત ખતમ. આઝાદ હિંદ ફોજ ખતમ ! શું ખરેખર આઝાદ હિંદ ફોજનો આ અંત હતો ! શું નેતાજી પોતાનો પરાજય સ્વીકારી શકશે ? ડો. લક્ષમધ્યાએ વિગતવાર સમાચાર સંભળાવ્યા. જાપાન 'મિત્ર રાજ્યો'ને શરણે ગયું છે. હિરોશિમા અને નાગાસાકી પર અમેરિકનોએ ફેંકેલા અણુબમે જાપાનીઓની અખૂટ શક્તિનાં આંતરડાંઓ ખેંચી કાઢયા હતા. માત્ર થોડીક પળોમાં જ માઉન્ટ ફૂજીની જેમ અચળ ઊભેલું જાપાન ભાંગીને કાંકરા કાંકરામાં વહેંચાઈ ગયું હતું.

કર્નલ હબિબુરરહમાનને આશ્ચર્ય થયું. તેને લાગ્યું, નેતાજી માનવ નહોતા, મહામાનવ હતા. મુકદ્દરના અનેક ફટકાઓ તે ખાઈ ચૂક્યા હતા, છતાં હજી સુધી તેમણે પોતાનો પરાજય સ્વીકાર્યો નહોતો. છેલ્લો ફટકો ઘાતક હતો. છતાં નેતાજીના ચહેરા પર એકે એવી રેખા નજરે નહોતી પડતી જેને જોઈ કોઈ કહી શકે કે આ માણસની સઘળી આશાઓ છિન્નભિન્ન થઈ ચૂકી હશે !

વાહનોની વ્યવસ્થા થતાં કાફલો ફરી સિંગાપુરની મજલ કાપવા તૈયાર થઈ ગયો. હથિયારબંધ સૈનિકોની એક ટ્રક મોખરે હતી. વચ્ચે ત્રણ ટ્રૂકો રાણીઓથી ભરેલી હતી. પાછળના ભાગમાં મોટરી હતી. નેતાજીની કારમાં શ્રી ઐયર (પ્રચાર વિભાગના પ્રમુખ) નેતાજી જોડે પાછલી સીટમાં બેઠા હતા. કેપ્ટન શમસેરસિંઘ ડ્રાઈવરની પડખે હતો. પાછળની કારમાં મેજર જનરલ અલગપ્પન, કનલ નાગર અને કનલ ઈનાયત કિયાની હતા.

માગમાં નેતાજી સ્વસ્થતાપૂર્વક વાતો કરતાં રહ્યા. તક મળતાં જોક્સ પણ છેડતા રહ્યા. હસતા રહ્યા, હસાવતા રહ્યા. એ જ સાંજે આસરે સાડાસાતે કાફલો નેતાજીના સિંગાપુરના બંગલે પહોંચી ગયો. ટૂંક સમયમાં ફ્રેશ થઈ બધા ફરી મંત્રણા માટે બેઠકમાં ભેગા થયા.

નેતાજીના માથે એક સાથે અનેક જવાબદારીઓ આવી પડી હતી. જાપાનના પતનની ખબર દૂર દૂર પથરાયેલા આઝાદ હિંદ ફોજના દરેક વિભાગના અફસરોને મોકલવાની હતી; આઝાદ હિંદ ફોજ તથા હિંદ સ્વાતંત્ર સંઘનાં કાર્યોને સંકેલી લેવાનાં હતાં. અને આ કાર્ય સરળ નહોતું. આઝાદ હિંદ ફોજ તથા હિંદ સ્વાતંત્ર સંઘનાં મથકી થાઈલેન્ડ, ઈડોચાઈના, ચીન, મંચુરિયા, જાવા, સુમાત્રા બોસ્નીઓા, ફિલિપાઈન્સ, મલાયા, બમાં તથા જાપાન સુધી પથરાયેલાં હતાં. જાપાનના પતન પછી આઝાદ હિંદ ફોજનાં સૈન્યો માટે છેલ્લા શ્વાસ સુધી લડવાનો પ્રશ્ન ઉપસ્થિત નહોતો થતો. હવે તો સમજદારી શરણે જવામાં હતી. આ બાબતની સૂચનાઓ પણ નેતાજીએ સર્વે અફસરોને મોકલવાની હતી. પરંતુ નેતાજીની સૌથી મોટી સમસ્યા 'ઝાંસીની રાણી' બટાલિયનની સ્ત્રી સૈનિકો હતી. આ જ દિવસ સુધી તેમણે આ રાણીઓને પોતાની લાડકી બહેનોની જેમ રાખી હતી. પરંતુ આઝાદ હિંદ ફોજના સૈનિકો શત્રુને શરણે જતાં રાણીઓ સાથે શત્રુ કેવો વ્યવહાર કરે એ કોણ કહી શકતું હતું ?

ચૌદમી ઓગસ્ટે નેતાજીએ પોતાનો દુખતો એક દાંત કઢાવ્યો. ડૉક્ટરે નેતાજીને એક દિવસ માટે આરામ લેવા વિનંતી કરી. પણ આરામ ક્યાં હતો ? એ જ સાંજે સ્ત્રી-સૈનિકો પી. એન. ઓકે લખેલું નાટક ભજવવાની હતી. નાટકનો વિષય હતો - લક્ષ્મીબાઈ. સિંગાપુરની 'ઝાંસીની રાણી' રેજિમેન્ટની કમાન્ડન્ટ શ્રીમતી થીવરે નેતાજીને પ્રમુખપદ સ્વીકારવા ખાસ ભલામણ કરી. નેતાજીએ એ આમંત્રણ સ્વકારી લીધું.

જયહિંદ !

નેતાજી ખુલ્લા મંડપમાં પ્રવેશતાં સિંગાપુરના ત્રણ હજારથી વધુ સૈનિકોએ તેમને જયહિંદના ગગનભેદી નારાથી વધાવી લીધા. નાટક શરૂ થયુ.

–મિસિસ થીવર ! નેતાજીનું લક્ષ્ય મંચ પર કેંદ્રિત હતું.
–જી ? મિસિસ થીવર તેમની પડખે બેઠી હતી.
–પેલી છોકરી કોણ છે ?
–કઈ ?
–ઝાંસીની રાણીના પાત્રમાં. દાઢમાં સહેજ દુખાવાનો અનુભવ થતાં તેમનો એક હાથ અજાણે જ ઊંચો થઈ ગયો. પછી તેમણે હળવા શબ્દોમાં ઉમેર્યું, સરસ અભિનય કરી રહી છે.
–એ અમૃતા છે.
–ઉફ ! રાણીના પોશાકમાં હું તેને ઓળખી જ ન શક્યો.
નાટકના પ્રસંગો ઝડપથી આગળ વધી રહ્યા હતા.
–કદાચ તમે એ નહિ જાણતા હો...શ્રીમતી થીવર કહી રહી હતી, કે અમારી અમૃતા, સ્ત્રી તથા પુરુષ સૈનિકો વચ્ચેની એક કડી છે.
–હું જાણું છું. નેતાજીએ કહ્યું.
શ્રીમતી થીવર છક થઈ ગઈ. તેની ધારણા મુજબ અમૃતા અને તલવારસિંઘના છાના પ્રેમનું રહસ્ય માત્ર તે પોતે જ જાણતી હતી.
નાટક પૂરું થાય એ પહેલાં નેતાજીએ શ્રીમતી થીવરને રાણીઓની જવાબદારી સોંપી. દરેક રાણીને સહીસલામત તેના વાલીને ઘેર અને પરણેલી હોય તો તેના પતિને ઘેર મોકલવાની વ્યવસ્થા શ્રીમતી થીવરે કરવાની હતી. રાણીઓના પ્રવાસનો ખર્ચ તથા ઘેર પહોંચ્યા પછી થોડાક મહિનાઓ નિશ્ચિતતાપૂર્વક ગાળી શકે એ માટે પૂરતી નોટોનો બંદોબસ્ત નેતાજીએ પહેલાંથી જ કરીને રાખ્યો હતો.
એ જ રાતે નેતાજીના બંગલામાં ફરી મંત્રણા શરૂ થઈ. પળે પળે પરિસ્થિતિ બદલાઈ રહી હતી. નેતાજી, તેમના મિલિટરી ઓફિસરો તથા કેબિનેટના મેમ્બરો જે યોજના ઘડતા હતા એ યોજના બીજી પળે તદ્દન નકામી થઈ જતી. નવા પ્રશ્નો પેટના બળે પગલાં ભરતા સામે આવી ઊભા રહી જતા. નેતાજીનું શું ? શું આઝાદ હિંદ ફોજના સૈનિકો સાથે નેતાજીએ પણ હથિયાર હેઠા મૂકી બ્રિટિશરોને શરણે જવું? ના, એ શક્ય નહોતું. બ્રિટિશરો નેતાજીના કટ્ટર વેરી હતા. નેતાજી માટે મૃત્યુ સિવાય તેઓ પાસે બીજું કશુંયે નહોતું.
સવાનુમતે નક્કી થયું. નેતાજી રશિયા ચાલ્યા જાય.
–કોઈ મારી વાત પણ સાંભળશો ? નેતાજી વચ્ચે જ બોલી ઊઠયા. તેમનો અવાજ સ્પષ્ટ હતો. હું ક્યાંય જવા ઈચ્છતો નથી.
–પણ... કર્નલ હબિબુરરહમાન કાંઈ કહેવા ગયો. પરંતુ સફળ ન થયો.
નેતાજીએ કહી દીધું – જ્યાં મારા વીરો હશે ત્યાં હું હોઈશ.
–પણ તમે ન રહેતાં ભારતની આઝાદીની લડત ભારત બહાર રહી કોણ આગળ વધારી શકશે ? આખરે કનલ હબિબુરરહમાને કહી દીધું.
–નેતાજી ! કનલ ઈનાયત કિયાનીએ ટેકો દીધો, મૂળિયાં કપાઈ જતાં થડ ટકી ન શકે.
જનરલ અલગપ્પને પણ ભારપૂર્વક પોતાના વિચારો દર્શાવ્યા. ઈચ્છા ન હોવા છતાં નેતાજીને પોતાના અફસરોની દલીલ સ્વીકારવી પડી.
તુરત નવી યોજનાએ આકાર લીધો. રશિયામાં શરણ લેવાનું નક્કી થઈ ગયું. અને રશિયા જવા માટે મંચુરિયા જવું આવશ્યક હતું. મંચુરિયાથી સરળતાપૂર્વક રશિયામાં પ્રવેશી શકાય એમ હતું. છતાં ભાવિનો કાંઈ વિશ્વાસ નહોતો. યુદ્ધના છેલ્લા દિવસોમાં રશિયાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું હતું. નેતાજી જાપાનના મિત્ર હતા. શું રશિયા નેતાજીને શત્રુ તરીકે ગિરફતાર કરશે કે મિત્ર તરીકે તેમનું સ્વાગત ? વધુ વિચારવાનો સમય નહોતો. જોખમ ખેડવું જરૂરી હતું.

'એડવેન્ચર ઈન ટૂ ધી અનનોન' આવશ્યક હતું.

–મેજર કિયાની ! નવી યોજના મુજબ નેતાજીએ પોતાના અફસરોને આદેશ દેવાની શરૂઆત કરી દીધી. મારી ગેરહાજરીમાં સિંગાપુરની આપણી ફોજની જવાબદારી હું તમને સોંપું છું. મેજર અલગપ્પન ! મિસ્ટર સરકાર સાથે તમારે પણ અહીં રહેવું પડશે. હબિબ !

–જી ? કનલ હબિબુરરહમાને તેમના ચહેરામાં જોયું.

–તમે મારી સાથે રહેશો.

–જી.

નેતાજીએ બાકીના અફસરો પર નજર ફેરવતાં અકકેકને સંબોધી જણાવ્યું – કર્નલ પ્રિતમસિંઘ, કનલ ગુલઝારસિંઘ, મેજર આબિદહસન, દેબનાથ દાસ તથા મેજર સ્વામીને પણ હું મારા પ્રવાસમાં જોડાવા વિનંતી કરું છું. સાથે ઐયર સાહેબે પણ આવવાનું છે.

શ્રી ઐયર પ્રચાર વિભાગના પ્રમુખ હતા.

સોળ ઓગસ્ટે સવારે નવ ત્રીસે નેતાજી પોતાના ચૂંટેલા વફાદાર સાથીઓને લઈ વિમાનમાં ચડ્યા. વિમાન યુદ્ધનું હતું. બોમ્બર હતું. ઘરઘરાટ સાથે આગળ વધ્યું. ટૂંક સમય પછી વિમાન આકાશમાં તરી રહ્યું હતું.

બીજે દિવસે સવારે દસ વાગ્યે વિમાને સાઈગોનના હવાઈ અડ્ડા પર ઊતરાણ કરતા નેતાજી વિમાનમાંથી બહાર નીકળ્યા.

–જનરલ આઈસોડા ! એક જાપાની અધિકારીને આગળ વધતો રોકી નેતાજીએ પૂછી લીધું. અહીંથી મંચુરિયા જવાની શી વ્યવસ્થા છે ?

–હું નથી જાણતો.

–કોણ જાણે છે ?

–અમારા ફિલ્ડ માશીલ તેરાઉચી.

–તો એનો સંપર્ક સાધો.

–આથતિ મારે દલાત જવું પડશે. કહેતાં જનરલ આઈસોડાએ પોતાના ભાગ્ય પર શાપ વરસાવ્યા.

નેતાજી હિંદ સ્વાતંત્ર્ય સંઘના મથકે આવી એક દીવાનમાં પગ લંબાવી બેઠા. તરત તેમની આંખો લાગી ગઈ. હજી અર્ધો કલાક પણ નહોતો વીત્યો અને એક જાપાની અધિકારી તેમના આવાસમાં ઉપસ્થિત થયો. નેતાજી કાચી ઊંઘમાંથી જાગી ઊઠયા – કેમ ?

–એક વિમાન ઊપડવાની તૈયારીમાં છે. જાપાનીએ જણાવ્યું. અને તમારા માટે તેમાં એક સિટ ખાલી છે.

–વિમાન ક્યાં જઈ રહ્યું છે ? નેતાજીએ એક લાંબું બગાસું ખાઈ પૂછી લીધું.

–હું નથી જાણતો.

–તમારો અફસર જાણતો હશે ?

–જી...ના.

કર્નલ હબિબુરરહમાન દરવાજા વચ્ચે ઊભો રહી બંનેની વાતો સાંભળી રહ્યો હતો. નેતાજીએ તેની સામે જોતાં સહેજ ઊંચા સ્વરે કહ્યું – આ જાપાનીને કહો કે કોઈ એવા અધિકારીને અહીં મોકલાવે જે કાંઈ જાણતો હોય !

–પણ નેતાજી ! જાપાની વચ્ચે બોલી ઊઠયો. સમય ન વેડફો. વિમાન.

નેતાજી પડખું ફેરવી સૂઈ ગયા.

કલાકેક પછી બીજા ત્રણ જાપાની અધિકારીઓ ધસી આવ્યા. ફરી નેતાજી કાચી નીંદરમાંથી જાગીને બેઠા થયા. ત્રણેના ચહેરા એક નજરે જોયા. ત્રણેના ચહેરા પર ચિંતા હતી.

ત્રણેની આંખોમાં સમસ્યા હતી.

–મિત્રો ! ટૂંક સમય પછી નેતાજી પોતાના સાથીઓ વચ્ચે હતા. એક અણધારી સમસ્યા ઊભી થઈ છે. તેનો નિણય તમારે માત્ર થોડીક પળોમાં લેવાનો છે.

સર્વેની આંખો નેતાજીના ચહેરા પર સ્થિર થઈ.

–જાપાનીઓના કહેવા મુજબ વિમાનમાં માત્ર એક જ સીટ ખાલી છે. નેતાજીએ આગળ ચલાવ્યું. અને અત્યારે આપણે એ નક્કી કરવાનું છે કે એ વિમાનમાં મારે જવું કે ન જવું ?

કર્નલ હબિબુરરહમાન, ગુલઝારાસિંઘ, પ્રિતમસિંઘ, આબિદહસન, દેબનાથ બોઝ તથા ઐયરના ચહેરા પરથી રંગ ઊડી ગયા. છેલ્લાં કેટલાંયે અઠવાડિયાંઓથી બલકે મહિનાઓથી તેઓ બધા નેતાજીની પડખે હતા. અને આમ અચાનક નેતાજીથી જુદા થવાની પરિસ્થિતિ ઊભી થઈ હતી. પરંતુ સમસ્યા એ નહોતી. મૂળ પ્રશ્ન કાંઈ જુદી જ હતો. આ હતો – યુદ્ધના આવા કટોકટીના સમયે નેતાજીને એકલા છોડી શકાય ?

-નેતાજી ! ગુલઝારાસિંઘથી ન રહેવાતાં તે બોલી ઊઠયો. વિમાનમાં એકાદ વધુ સીટ મળી ન શકે ?

નેતાજીએ સીધું તેના ચહેરામાં જોતાં ફરી એક વાર સ્પષ્ટતા કરી - અત્યારે આપણી સમસ્યા વધારાની બેઠક માટે નથી. મારે એકલા જવું કે ન જવું એ છે.

-અમે આપને એકલા ન જ મૂકી શકીએ.

–તો મારે ન જવું ?

-પણ...

સમસ્યા ખરેખર અટપટી હતી. નેતાજીને કોઈ રોકવા નહોતું ઈચ્છતું. એકલા જવા દેવા માટે પણ કોઈ રાજી નહોતું. રોકી રાખતાં એક સીટની સોનેરી તક પણ ખોવાઈ જાય. વિશેષમાં શત્રુ સૈનિકો કઈ દિશામાંથી આવી ઘેરી લે એ પણ કોઈ કહી નહોતું શકતું. વાતાવરણમાં ભયનું ધુમ્મસ છવાયેલું હતું.

-નેતાજી ! આખરે કર્નલ હબિબુરરહમાને હોઠ ખોલ્યા, પૂરતો પ્રયાસ કરી કે કમસેકમ એક વધુ સીટ મળે. ન મળે તો તમે એકલા ઊપડી જાવ. અમે તમારી પાછળના વિમાનમાં આવી પહોંચશું.

ત્રણે જાપાની અધિકારીઓ નેતાજીની વાટ જોતા નેતાજીના કમરામાં બેઠા હતા. નેતાજી ભીતર પ્રવેશતાં ત્રણે એક સાથે ઊભા થઈ ગયા. વધુ સમય ન ખોતાં નેતાજીએ પોતાનો નિર્ણય જણાવી દીધો. સાથે એક વધુ સીટ માટે પણ દબાણ કર્યું. જાપાનીઓએ તેમની વિનંતી સ્વીકારી લીધી. નેતાજીના પ્રવાસમાં એક વધુ સાથી જોડાવાનો હતો. અને એ હતો કર્નલ હબિબુરરહમાન.

કર્નલ હબિબુરરહમાનને સાથે લઈ નેતાજી સાઈગોન વિમાન મથકે આવી પહોંચ્યા. આઝાદ હિંદ ફોજના અફસરો તેમની વાટ જોતા ત્યાં જ ઊભા હતા. નેતાજીએ એ બધા જોડે હાથ મિલાવ્યા, ભેટયા અને ‘જયહિંદ’ કહી વિમાનમાં ચડ્યા ત્યારે તેમની આંખો ભીની હતી.

૧૭ ઓગસ્ટની સાંજે સવા પાંચે નેતાજી સાથે કનલ હબિબુરરહમાનને લઈ વિમાન આકાશમાં ચડી ગયું. વિમાન યુદ્ધનું હતું. બોમ્બર હતું. મનિલાથી જાપાની અફસરોને લઈ આવ્યું હતું. જનરલ શેડાઈ પણ આ જ વિમાનમાં પ્રવાસ કરી રહ્યા હતા. વિમાન સ્થિર ગતિએ આગળ વધી રહ્યું હતું.

નેતાજીને ધુમાડાની ગંધ આવતાં તેમણે આંખો ઘુમાવી. જનરલ શેડાઈના ચહેરા પર તેમની આંખો સ્થિર થઈ ગઈ. તેમનાથી કહ્યા વિના ન રહેવાયું – કૃપા કરી તમારી સિગારેટ ઓલવશો ?

–કેમ ! જનરલ શેડાઈએ રાખ ખંખેરતાં કહ્યું. આપને તકલીફ થાય છે ?

નેતાજીને આ વખતે ખરેખર ગુસ્સો ચડ્યો. છતાં લાગણીઓને કાબૂમાં રાખતાં તેમણે કહી દીધું – તમારી સામે ઈંધનની ટાંકી છે. એમાંથી પેટ્રોલ ગળી રહ્યું છે અને તમારી સિગારેટનો એક તણખો પણ એમાં પડશે તો તમારી સાથે આખું વિમાન આકાશમાં જ ભાંગીને ભુક્કા થઈ જશે !

અને ખરેખર એમ જ થયું. ૧૮ ઓગસ્ટે વિમાન તાઈપે એરપોર્ટમાંથી ઈંધન લઈ આકાશમાં ચડ્યું અને અચાનક એક ધડાકો સંભળાયો. વિમાનનાં બે એન્જિનોમાંથી એક ફાટયું હતું. બીજા એજિનના આધારે પાઈલોટ વિમાનને નીચે ઉતારવા મથી રહ્યો હતો. વિમાન ડામાડોળ હતું. નેતાજી સ્તબ્ધ થઈ જોઈ રહ્યા.

થોડીક પળોમાં જ વિમાન નીચે ધસી આવ્યું. ફરી એક ધડાકો થયો અને સાથે વિમાનના બે કટકા થઈ ગયા. જનરલ શેડાઈ બળતણની ટાંકી પાસે બેઠા હતા. ટાંકી ફાટતાં સહુ પ્રથમ તેમનું મૃત્યુ થયું. વિમાનમાં આગ પણ ફાટી નીકળી.

જાપાની અધિકારીઓ આગમાંથી કૂદકા મારતા બહારની તરફ ધસી રહ્યા હતા. વિમાનનો પાયલોટ તાકિઝાવા લોહીલુહાણ હાલતમાં પોતાની જગ્યાએ જ ઢળી પડ્યો. તેના હૃદયના ધબકારા બંધ પડી ગયા હતા. સહાયક પાયલટ આઓયાગીના બંને પગ વિમાનના બે કટકાઓ વચ્ચે સપડાઈ ગયા હતા. તેની કરુણ સ્થિતિ જોતાં એવું લાગતું હતું, જાણે તેના પગ સાક માછલીનાં જડબાંઓ વચ્ચે સપડાઈ ગયા હોય !

મહામુશ્કેલીએ પ્રવેશદ્વાર સુધી આવી કર્નલહબિબુરરહમાન બહાર કૂદી પડ્યો. થોડાંક પગલાં ભરી છેટેથી તેણે જોયું તો વિમાનના બંને ટુકડાઓમાંથી ધુમાડા સાથે આગની જવાળાઓ નીકળી રહી હતી. પોતાના સળગતા પોશાકની આગ ઓલવવા જાપાની અધિકારીઓ જમીન પર આળોટી રહ્યા હતા. એકાદ બે દાઝીને ભડથું થઈ લાશની જેમ જમીન પર પડ્યા હતા. અને એ ભયાનક દશ્ય વચ્ચે નેતાજી પોતાના ભડકે બળતા પોશાક સાથે હિમાલયની જેમ અચળ ઊભા હતા.

તુરત કર્નલહબિબુરરહમાને છલાંગ મારી અને નેતાજીના સળગતા પોશાકની આગ ઓલવવા લાગ્યો. સાથે નેતાજીનાં ઉપરનાં વસ્ત્રો ઉતારી લેવાના પણ તે પ્રયાસ કરી રહ્યો હતો. આંખે અંધારાં આવી રહ્યાં હતાં. હાથ દાઝી ગયા હતા, છતાં તે કોશિશ કર્યો જતો હતો. નેતાજી ચૂપચાપ ઢળી પડ્યા. સાથે તે પોતે પણ બેભાન થઈ તેમની પડખે ફેંકાઈ ગયો.

તેની આંખો ખૂલી ત્યારે તે તાઈપેની સૈનિક હોસ્પિટલમાં હતો. તેની પડખેના બિછાનામાં નેતાજી બેહોશ પડ્યા હતા. કર્નલહબિબુરરહમાનના ઝખમ ઊંડા નહોતા. વિમાન તૂટી પડતાં તેને ઈજા પણ નહોતી થઈ. તેણે ગરમ પોશાક પહેર્યો હોવાને કારણે આગ તેને સ્પર્શી નહોતી શકી. ઉઘાડાં અંગોમાં માત્ર તેના હાથ દાઝયા હતા.

નેતાજીની સ્થિતિ ગંભીર હતી. વિમાન તૂટી પડતાં તેમના માથામાં સખત ઈજા થઈ હતી. સ્ટેચરમાં નાખી તેમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યાં સુધીમાં તેમના દેહ પરનાં સર્વ વસ્ત્રો બળીને રાખ થઈ ગયા હતાં. શરીરનો એકે ભાગ એવો નહોતો વધ્યો જેને સુરક્ષિત કહી શકાય.

કર્નલહબિબુરરહમાન બેઠો થયો. તેની આંખો નેતાજીને શોધવા લાગી. વિમાન દુર્ઘટનાના દર્દીઓ પરથી પ્રવાસ કરતી તેની નજર એક નસ પર સ્થિર થઈ. નસ ધીમે ધીમે પગલાં ભરતી તેની સામે આવી.

-નેતાજી ક્યાં છે ? કનલ હબિબુરરહમાન તરત બોલી ઊઠયો.

-નેતાજી ! નર્સે આશ્ચર્ય વ્યક્ત કર્યું. કોણ નેતાજી ?

-સુભાષચંદ્ર બોઝ. તેણે પોતાની ભૂલ સુધારતાં પૂરું નામ જણાવ્યું.

નર્સે પડખેના એક ‘કોટની દિશામાં ઈશારો કર્યો. તેણે જોયું તો એ બિછાના પર એક સફેદ માનવી સૂતો હતો. એનું આખું શરીર બેન્ડેજમાં લપેટાયેલું હતું. માત્ર આંખો, નાકનો થોડોક ભાગ તથા હોઠ જોઈ શકાતા હતા. બાકીનું શરીર બેન્ડેજના સફેદ કપડામાં લપેટાઈ ગયું હતું. એ માનવી હતો કે ઈજિપ્તનું મમી !

એ નેતાજી હતા. ટૂંક સમય માટે ભાનમાં આવતા હતા અને ફરી બેભાન થઈ જતા હતા. છેલ્લી વાર નેતાજી ભાનમાં આવ્યા અને કનલ હબિબુરરહમાનને સંબોધી ફીકા શબ્દોમાં કહ્યું - હબિબ ! મારો અંત પાસે છે. હું મારા જીવનની છેલ્લી પળ સુધી મારા દેશની મુક્તિ માટે લડ્યો છું. અને અત્યારે હું મારા દેશ ખાતર જ પ્રાણ ત્યાગી રહ્યો છું. તું ભારત પહોંચે તો મારા દેશ બાંધવોને કહેજે કે આઝાદીની લડત જારી રાખે. મને... મને આશા છે... બહુ જલદી ભારત આઝાદ થશે.

એ દિવસ હતો અઢારમી ઓગષ્ટનો. કનલ હબિબુરરહમાને નેતાજીનું મૃત્યુ જોયું હતું. નેતાજીના મૃત્યુ પર તેણે ચૂપચાપ આંસુ સાર્યા હતાં. ત્યાં ન કોઈ તેનો સાથી તેને સાંત્વન દેવા માટે હાજર હતો, ન કોઈ તેની વેદના સમજી શકે એવું હતું.

કરાંચીના પોતાના કોટેજમાં બેઠાં બેઠાં તે વિચારી રહ્યો હતો. સવારનું અખબાર તેની સામે જ પડ્યું હતું. એ અખબારની હેડ લાઈન કહેતી હતી – નેતાજી જીવતા છે. નેતાજી ભારત પધાયા છે.

તે સહેજ હસ્યો. તેનું એ ફિક્કુ હાસ્ય કહેતું હતું, આઝાદી પછીના ભારતમાં નેતાજીના નામે એક વધુ નાટક ખેલાવાનું હતું. જOબર નાટક.



૧૦

આલોક ગુપ્તા ઝડપથી પગલાં ભરતો. સી.બી.આઇ.ના હેડક્વાટરમાં દાખલ થયો અને સીધો જ શિવેન સિંહાની કેબિનમાં પ્રવેશી ગયો. શિવેન સિંહા સી.બી.આઇ.ના ચીફ ડાયરેક્ટર હતા. તેમના હાથ નીચે બીજા ત્રણ ડેપ્યુટી ડાયરેક્ટરો હતા. અને એ ત્રણ સહાયકોના હાથ નીચે લગભગ બસો અધિકારીઓ કામ કરતા હતા. અપરાધો રોકવા, પોલીસખાતાને સહાય કરવી, દાણચોરો પર ચાંપતી નજર રાખવી, ભ્રષ્ટાચારીઓના પદફાશ કરવા જેવી અનેક જવાબદારીઓ તેઓને હસ્તક હતી.

વિશેષમાં બલ્યુરોએ હિંદુસ્તાનના ૨૮૭૬૧ અપરાધીઓનાં નામ તથા જરૂરી ઓળખ સાથેની એક સૂચિ પણ તૈયાર કરી હતી. એ ફાઈલોમાં દર વર્ષે સેંકડો નવા અપરાધીઓ ઉમેરાતા હતા, જેથી ભાવિના અપરાધના અટપટા કેસો સરળતાથી ઉકેલી શકાય.

સી.બી.આઇ.ની સ્થાપના થઈ ત્યારે તેની સ્થિતિ તદ્દન કંગાળ હતી. પરંતુ આજે સી.બી.આઇ. અનેક વિભાગોમાં વહેંચાઈ ગયું છે. ખાસ કરીને વિશેષ પોલીસ વિભાગ, વિધિ વિભાગ, નીતિ વિભાગ, ટેકનિકલ વિભાગ, અપરાધ અભિલેખ વિભાગ, ઈટરપોલ વિભાગ તથા પ્રશાસન વિભાગ મુખ્ય છે. અપરાધના વૈજ્ઞાનિક પરીક્ષણ તથા શોધના કાર્યમાં 'ફોરેસિક સાઈસ લેબ' સી.બી.આઇ.ની મહત્ત્વપૂર્ણ સહાય કરે છે.

-આલોક ! સી.બી.આઇ.ના ચીફ શિવેન સિંહાએ તેને બેસવાનો ઈશારો કરતા શરૂઆત કરી. તું જાણતો હશે કે આજે મેં તને અહીં શા માટે બોલાવ્યો છે !

આલોક ગુપ્તા માટે એ કલ્પવું મુશ્કેલ નહોતું. ઘેર સી. બી. આઈ. હેડક્વાટરનો ફોન આવતાં તેણે ધારી લીધું હતું. છતાં તે ચૂપ રહ્યો.

શિવેન સિંહાએ આગળ ચલાવ્યું - આજના લગભગ દરેક અખબારે ફ્રંટ પેજ ન્યૂઝ નેતાજીના છાપ્યા છે.

–હું જાણું છું. આલોક ગુપ્તાએ ટૂંકમાં કહ્યું.

–અને...તેના શબ્દોને મહત્ત્વ ન દેવા ચીફ બોલી ઊઠયા. નેતાજીના આગમનને કારણે અનેક સમસ્યાઓ ઊભી થઈ છે.

–હોમ ડિપાર્ટમેન્ટ શું કહે છે ?

–અત્યાર સુધીમાં ગૃહમંત્રીના બે ફોન આવી ગયા.

–સ્વાભાવિક છે.

–પ્રધાન મંત્રી લાલબહાદુર શાસ્ત્રી તથા પ્રેસિડન્ટે આવતી કાલના અખબારમાં નેતાજીને આવકારતું સ્ટેટમેન્ટ મૂકવું પડશે.

–તો ?

–ગ્રહમંત્રી જાણવા ઈચ્છે છે કે નેતાજી અસલી છે કે પછી. શિવેન સિંહાએ બાકીના શબ્દો ન ઉચ્ચાયા. તેમને જરૂર પણ ન લાગી.

આલોક ગુપ્તા પળભર તેમના સ્થિર ચહેરામાં જોઈ રહ્યો. ચહેરો ભરેલો અને પ્રભાવશાળી હતો. કાનની ઉપરના ભાગમાં થોડાક વાળ સફેદ થઈ ગયા હતા. આંખો પર જાડી ફ્રેમનાં

ચરમાં હોવાને કારણે ચહેરો સહેજ વધુ જ પ્રભાવશાળી લાગતો હતો. ભૂખરા રંગની એક ટેપ કોઈએ તેમના હોઠના ઉપરના ભાગમાં ચોંટાડી હોય એવી તેમની મૂછો હતી. પોશાકમાં તેમણે બ્લે સૂટ સાથે મેચ થતી મોરપીંછની ડિઝાઈનવાળી ટાઈ પહેરી હતી.

—ચીફ ! આલોક ગુપ્તા તેમને એ જ નામે સંબોધતો હતો. એ તો પુરવાર થઈ ચૂક્યું છે કે નેતાજી મૃત્યુ પામ્યા છે.

—તો આ કહેવાતા નેતાજી કોણ છે ?

—એ એક દિવસમાં જાણી ન શકાય.

—કેટલા દિવસ લાગશે ?

—હું નથી જાણતો.

—ગ્રહમંત્રી ઉતાવળા થઈ રહ્યા છે.

—તેમને કહી ધો કે નેતાજીને આવકારતું બયાન પ્રેસને સોંપી દે.

—અને તેના બીજે જ દિવસે જાણ થાય કે નેતાજી ડુપ્લીકેટ છે તો ?

ઉત્તર દેતાં પહેલાં આલોક ગુપ્તાએ થોડોક સમય લીધો. પછી કહ્યું - મને ખાતરી છે કે નેતાજી રૂપે જે સજ્જન આપણી સામે આવ્યા છે એ કોઈ સામાન્ય વ્યક્તિ નથી અને એક દિવસમાં તે વ્યક્તિ છતી નહિ જ થાય.

—એમ તે શા પરથી ધાર્યું ?

—જે હિંમતથી તેણે કલકત્તાની દોઢ લાખની મેદની સામે ઉપસ્થિત થઈ પ્રવચન કર્યું. આ આલોક ગુપ્તાનો ઉત્તર હતો. વિશેષમાં કહેવાતા નેતાજીએ રશિયા પર ગંભીર આક્ષેપ કર્યા છે. રશિયનોની સ્થિતિ આમાં ખરેખર કફોડી થવાની છે.

-તારી વાત ખોટી નથી.

—બલકે ખરી છે. ઝડપથી આલોક ગુપ્તાએ ઉમેર્યું ...માર્ગમાં મને બે મોરચા મળ્યા હતા.

-શેના ? કેવા ?

-ફોરવડ બ્લોકના. તે સહેજ હસ્યો. સીધા રશિયન એમ્બેસી ભણી જઈ રહ્યા હતા.

શિવેન સિંહાએ વિચાર્યું. બીજાં બધાં કામો ભલે ધીમી ગતિએ ચાલતાં હોય, ભારતમાં મોરચા આંખના પલકારામાં યોજી શકાય છે.

-આલોક ! ખિસ્સામાંથી સિગાર કાઢી હોઠ વચ્ચે ગોઠવતાં તેમણે કહ્યું. આવતી કાલે રશિયનોનું સ્ટેટમેન્ટ પણ અખબારોમાં છપાવું જોઈએ. નહિતર તેમનાં સાંસ્કૃતિક કેન્દ્રો તથા દૂતાવાસ સલામત નહિ રહે. બીજું, અમેરિકા તથા પશ્ચિમના દેશોએ સુપર સોનિક વિમાનો માટેની આપણી માંગ સ્વીકારી નથી. રશિયા આપણને મિગ વિમાનો આપવા ઉત્સક છે. મિગ વિમાનો બનાવવા માટેનું કારખાનું ભારતમાં સહયોગથી ઊભું કરવા માટે પણ તે રાજી છે. જો એકાદ અઠવાડિયામાં આપણે કોઈ સ્પષ્ટતા નહિ કરી શકીએ તો આપણી સરકાર રશિયન સહાયથી પણ વંચિત રહી જશે.

—એ ચિંતા પ્રધાનમંડળની છે. આલોક ગુપ્તાએ જણાવ્યું, આપણી સમસ્યા અત્યારે માત્ર આટલી જ છે કે નેતાજી ઓરિજિનલ છે કે ડુપ્લીકેટ અને એ જાણવા માટે સહુ પ્રથમ નેતાજી ભારતમાં કયા માર્ગે આવ્યા તે જાણવું જરૂરી છે.

—શક્યતાઓ છે કે તે વિમાન માર્ગે આવ્યા હોય !

—કદાચ. તેણે કહ્યું. સવારે મેં ડમડમ એરપોર્ટના કસ્ટમ ચીફને ટૂંક જોડ્યો હતો.

—તેમણે શું કહ્યું ?

—તપાસ ચાલુ છે. છેલ્લા પંદર દિવસમાં જેટલા પેસેન્જર વિમાન દ્વારા કલકત્તા આવ્યાં છે તેઓનાં નામ તથા સરનામાં એકાદ બે દિવસમાં આપણને મળી જશે.

–સરસ. શિવેન સિંહાએ લાંબા સમયથી હોઠ વચ્ચે ભીંસાયેલી સિગાર સળગાવતાં કહ્યું.

–બીજું, નેતાજી વિદેશથી આવ્યા છે તો તેમની પાસે પાસપોર્ટ પણ હોવો જોઈએ.

–ખરું. સિગારનો એક ઊંડો કશો લઈ ઘટ્ટ ધુમાડો વાતાવરણમાં તરતો મૂકતાં તેમણે પળ ભર વિચાર કર્યો. એમ પણ બની શકે કે તે પાસપોર્ટ વિના જ આવ્યા હોય !

–પાસપોર્ટ વિના હવાઈ માર્ગે વિદેશથી આવી જ ન શકે.

–ન જાણે કેમ મને એમ લાગે છે કે નેતાજી ગમે તે માર્ગે આવ્યા હોય, હવાઈ માર્ગે નથી આવ્યા. અને હવાઈ માર્ગે આવ્યા હશે. તો સુભાષચંદ્ર બોઝના નામે નથી આવ્યા.

–તમારી શંકા કદાચ ખરી પણ હોય ! આલોક ગુપ્તા બોલી ઊઠયો. ૧૯૪૧ની સાલમાં નેતાજીએ કાબૂલથી બર્લિનનો પ્રવાસ ઓરલાન્ડો મેસોટ્ટા નામે ઈટાલિયન પાસપોર્ટ પર કર્યો હતો. પરંતુ એ ખરા નેતાજી હતા.

–અને આ ?

આ વખતે તેની આંખો શિવેન સિંહાના જાડાં ચશમાંના કાચ પાછળ ચળકતી આંખો પર સ્થિર થઈ ગઈ. તે એક વાર કહી ચૂક્યો હતો કે નેતાજી ૧૮મી ઓગસ્ટ ૧૯૪૫ના દિવસે તાઈપેની મિલિટરી હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા છે. અને આ સિદ્ધ થઈ ચૂક્યું છે. તેણે સામો પ્રશ્ન કર્યો – શું તમને શંકા છે કે આ નેતાજી ડુપ્લીકેટ નથી ?

–જ્યાં સુધી આરોપ પુરવાર ન થાય ત્યાં સુધી અપરાધી કાયદેસર નિર્દોષ ગણાતા હોય છે. કહેતાં શિવેન સિંહાએ એશોટ્રેમાં સિગારની રાખ ખંખેરી અને આગળ ચલાવ્યું. જો આપણે એમ ધારીને જ આપણી તપાસ આગળ વધારીશું કે નેતાજી ડુપ્લીકેટ છે તો એ પૂર્વગ્રિહ કહેવાય.

–ચીફ ! આ વખતે આલોક ગુપ્તાના સ્વરમાં ભાર હતો. અહીં પ્રશ્ન પૂર્વગ્રિહનો નથી. પ્રશ્ન એ છે કે ૧૯૪૫ની સાલમાં નેતાજીનું મૃત્યુ થયું હતું એ હકીકત તમે સ્વીકારો છો કે નહિ ? ઉત્તર 'હા'માં હોય તો આ વ્યક્તિ નકલી છે. અને હું એ પણ કહીશ કે ઉત્તર 'હા' છે. મારી દષ્ટિમાં આજના નેતાજી 'પ્લાન્ટ' છે. જાસૂસ છે. કોઈ વિદેશી જાસૂસ સંસ્થાનું આ કાવતરું છે. અને હું એ પુરવાર કરીને જંપીશ !

-આલોક! ગંભીર થઈ ગયેલા વાતાવરણને સહેજ હળવું કરતાં શિવેન સિંહાએ કહ્યું. હજી નેતાજીનો કેસ મેં તને કાયદેસર સોંપ્યો નથી.

–હું જે કાંઈ કરું છું એને મારી ફરજ સમજું છું.

–અને તને જે કામ સોંપવામાં આવે છે એ તું વીસરી જાય છે.

કાંઈક અંશે આલોક ગુપ્તા માટે એ પણ ખરું હતું. દાખલા તરીકે દાણચોરી કે ધાડના કેસની તપાસ કરવા જતાં તે માગમાં જ એકાદ બે ચોરાયેલી કારને પારખી લેતો કે જૂના છટકી ગયેલા ડોમિસોને ઝડપી લેતો હતો. જે કામ કાયદેસર તે ન જ કરી શકે. બીજું સી.બી.આઈ.ના અધિકારીઓ માટે કોઈની પણ ધરપકડ કરતાં પહેલાં પોતાનો પરિચય દેવો જરૂરી હોય છે. આલોક ગુપ્તા સહુ પ્રથમ ડોમિસોના હાથમાં બેડીઓ નાખતો અને પછી પોતાનો પરિચય દેતો હતો.

–ચીફ ! આખરે તેણે પૂછી લીધું. તમે શું ઈચ્છો છો ?

–આ તારા હિપ્પીઓ જેવા લાંબા વાળ કપાવી નાખ, જેથી તું માણસ લાગે.

આલોક ગુપ્તા સહેજ હસ્યો. તેના લાંબા વાળને કારણે ડિપાર્ટમેન્ટમાં અનેક મૂંઝવણો ઊભી થતી હતી. એક દિવસ ગૃહમંત્રીને મળવા જતા ગૃહમંત્રીના સેક્રેટરીએ તેને બહારથી જ ધકેલી દેતાં જણાવ્યું હતું – અમે સી.બી.આઈ.ના અધિકારી શ્રી આલોક ગુપ્તાને અપોઈન્ટમેન્ટ દીધું છે.

–આલોક ગુપ્તા હું પોતે જ છું.

અને સેક્રેટરીની આંખો પહોળી થઈ ગઈ હતી.

–શું હિપ્પીઓ માણસ નથી હોતા ? શિવેન સિંહાને તેણે સામો પ્રશ્ન કર્યો.

–માણસ અવશ્ય હોય છે, તેમણે જણાવ્યું. સી.બી.આઈ.ના અધિકારી નથી હોતા.

–ઠીક છે, તેણે કહ્યું. નેતાજીનો કેસ એક અગત્યનો કેસ છે. બીજા કોઈ માટે ભલે ન હોય, કમસેકમ મારા માટે પડકાર છે. આ કેસ ઉકેલવામાં હું નિષ્ફળ જઈશ તો માત્ર વાળ ટૂંકા નહિ કરાવું, બલકે મૂંડાવી નાખીશ.

–અને આ મૂછો ? તેની હેન્ડલબાર જેવી મૂછોની દિશામાં સિગારવાળો હાથ લંબાવતા પૂછ્યું.

–સાફ થઈ જશે.

શિવેન સિંહાથી હસ્યા વિના ન રહેવાયું.

–સમજ ! આલોક ગુપ્તાની સામે ફોટાઓના બે સેટ મૂકતાં તેમણે સિગારને હોઠ વચ્ચે ગોઠવી. આ સેટમાં નેતાજીના કલકત્તાના ભાષણના છેલ્લા ફોટાઓ છે. અને આ બીજા સેટમાં નેતાજીના કહેવાતા મૃત્યુ પહેલાંના પુરાણા ફોટાઓ છે.

આલોક ગુપ્તાએ બંને સેટમાંથી નેતાજીનો અક્કેક ક્લોઝઅપ લઈ અડખેપડખે રાખી જોયો. બંને ફોટાઓમાં નેતાજીની ઉંમરના સહેજ તફાવત સિવાય બીજું એકે એવું ચિહન પ્રથમ દષ્ટિએ નજરે નહોતું પડતું જેના પરથી કહી શકાય કે એ બંને વ્યક્તિઓ એક જેવી લાગવા છતાં જુદી જુદી છે. આલોક ગુપ્તાએ ઝીણવટથી બંને ફોટાઓનો અભ્યાસ કર્યો અને શિવેન સિંહા સામે જોયું.

–નું લાગે છે ? તે આલોકના ચહેરામાં જોઈ રહ્યા હતા.

–કાંઈ નહિ.

–તપાસની શરૂઆત ક્યાંથી કરીશ ?

–પોસ્ટરથી. તેણે સરળતાથી કહ્યું. નેતાજીએ ૧૮ તારીખે કલકત્તાની જાહેરસભામાં ભાષણ દીધું હતું. પરંતુ ભારતમાં એક અઠવાડિયા પહેલાં આવ્યા હતા. અને તેમના આગમનના થોડાક દિવસો પહેલાં જ 'સુભાષ જીવે છે' પોસ્ટરો કાશિમરથી કન્યાકુમારી સુધી લાગી

ગયાં હતાં. આથતિ તેમના આગમનની સૂચના અહીં પહેલાંથી જ કોઈને મળી ચૂકી હતી. એ વ્યક્તિ કે એ પક્ષને શોધવો રહ્યો.

–સરસ. શિવેન સિંહાએ સિગારને દાંત વચ્ચે ભીંસી રાખતાં માત્ર એક જ શબ્દ ઉચ્ચાર્યો.

–બીજું કાંઈ ?

–સાંજ સુધીમાં નેતાજીના કલકત્તાના પ્રવચનની વિડિયો ટેપ આપણને મળી જશે. સાથે ફિલ્મસ ડિવિઝને થોડાંક વર્ષો પૂર્વે રજૂ કરેલી નેતાજીના જીવન પરની ફિલ્મ પણ રહેશે. શિવેન સિંહા કહી રહ્યા હતા. તારી ઈચ્છા હોય તો તું આપણા મિની થિયેટરમાં એ બંને ફિલ્મો જોઈ શકે છે.

આલોક ગુપ્તાએ કાંડા-ઘડિયાળમાં જોયું. બપોરના ત્રણ વાગ્યા હતા. તે ઊભો થઈ ગયો.

–મોડી સાંજે હું અહીં પાછો ફરીશ. તેણે કહ્યું અને બહાર નીકળી ગયો.

અનિતા તેની વાટ જોતી કૉફી હાઉસમાં એકલી બેઠી હતી. આલોક ગુપ્તા પ્રવેશતા તેની આંખોમાં એક ચમકારો નજરે પડ્યો.

–ક્યારે આવી ? આલોક ગુપ્તાએ તેની પડખે જગ્યા લેતાં પૂછ્યુ.

આલોક ગુપ્તાએ જોયું તો ટેબલ પર અનિતાનાં પુસ્તકો સાથે કોફીના બે ખાલી કપ પડ્યા હતા. આલોક ગુપ્તાની પ્રતીક્ષામાં તે બે કપ ગટગટાવી ગઈ હતી.

–ત્રીજો લેશે ?

અનિતાએ 'ના' ન કહી.

આલોક ગુપ્તાએ બીજા બે કપનો ઓડર દીધો અને અનિતા સામે જોયું - શું ખબર ?

અનિતા સહેજ હસી - હેડક્વાર્ટર પરથી તું આવ્યો છે. ગરમાગરમ સમાચાર તારી પાસે હોવા જોઈએ.

—અમારા ચીફ સહેજ મૂંઝાઈ ગયા છે.

—સ્વાભાવિક છે. અનિતા બોલી. નેતાજી અસલી હોય કે નકલી, સમસ્ત ભારતમાં ઊથલપાથલ થયા વિના નહિ રહે.

—કઈ રીતે ?

—નેતાજી અસલ હશે તો આખા દેશમાં ફેલાયેલા ભ્રષ્ટાચારને સાંખી નહિ શકે.

—અને નકલી હશે તો ?

—એ પ્રશ્નનો ઉત્તર તું સારી પેઠે જાણે છે.

કોફીના બે કપ ટેબલ પર ગોઠવાતાં આલોકે એક કપ ઊંચક્યો અને ગરમ ઘૂંટડો ભરતાં અનિતાની આંખોમાં જોયું.

—આલોક ! અનિતા બોલી. આવતી કાલના પ્લેનમાં હું કલકત્તા જઈ રહી છું.

આલોક ગુપ્તા ચોક્યો - કેમ ?

—એકવીસ તારીખે સાંજે નેતાજીએ પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે. અને હિંદુસ્તાન ટાઈમ્સ સ્પેશિયલ કવરેજનું કામ મને સોંપ્યું છે.

—તને શા માટે ?

—નેતાજી વિષે અત્યારે મારી પાસે જેટલી સામગ્રી છે એટલી ભાગ્યે જ કોઈ ખબરપત્રી પાસે હશે !

—આખરે તારું આઝાદ હિંદ ફોજનું રિસર્ચ લેખે લાગ્યું ખરું. આલોક ગુપ્તાએ મૂછમાં મલકાતાં ટકોર કરી.

—બીજું. અનિતા કહી રહી હતી. કર્નલ ગુલમહંમદનો ઈટરવ્યું લેવાનો પણ બાકી છે. મારા સંશોધનને પૂર્ણ કરવાની મને આ અમૂલ્ય તક મળી છે. તું સાથે ચાલીશ ?

આલોક ગુપ્તાએ 'ના' કહેતાં ઉમેર્યું - નેતાજી મને મળવા અહીં પધારશે.

—દિલ્લી ? –

દિલ્લી. તેણે વિશ્વાસપૂર્વક કહ્યું. વહેલા મોડા તેમણે અહીં આવવું જ પડશે ! " ચલો દિલ્લીની તેમની કૂચ હજી અધૂરી છે.

અનિતા તેના ચહેરામાં જોતાં જોતાં બાકી વધેલી કૉફીનો કપ ગટગટાવી ગઈ.

* * *

મોસ્કોમાં ઊભેલું કેજીબી(રશિયન જાસૂસ સંસ્થા)નું પથ્થરનું ચણતર સ્પષ્ટ રીતે બે ભાગોમાં વિભાજિત થયેલું નજરે પડે છે. એક ભાગ નવો છે. બીજો પુરાણો. ચણતરનો ડાબી બાજુનો પુરાણો ભાગ

'ઓલ રશિયા વિમા કંપની'ના અધિકારીઓના વસવાટ માટે ક્રાંતિ પહેલાં વપરાતો હતો. સન ૧૯૧૮માં રાજદ્વારી પોલીસદળ "ચેકાએ તેનો કબજો લીધો. બદનામ લુબયાંકા જેલ આ જ ભાગમાં છે. ચણતરનો નવ માળનો જમણી તરફનો ભાગ, જે તદ્દન અલગ તરી આવે છે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રાજદ્વારી તથા જમીન યુદ્ધકેદીઓ દ્વારા ચણાયો હતો.

આ જ નવા ચણતરના પ્રવેશ સામે કેજીબીના ચેરમેન મિખેઈલ એન્ડ્રોપોવની લાંબી માછલી જેવી કાર આવી અને થોભી ગઈ. તેમનો બોડીગાડ બહાર નીકળે એ પહેલાં તે બહાર

નીકળી લિફ્ટ સુધી પહોંચી ગયા. બોડીગાડને આશ્ચર્ય થયું. કોઈ દિવસ નહિ અને આજે આટલી ઉતાવળ શી ?

ઉત્તર મળે એ પહેલાં બોડીગાર્ડે જોયું તો એન્ડ્રોપોવ લિફ્ટમાં ઉપરની તરફ સરકી ગયા હતા. એન્ડ્રોપોવની ઓફિસ ત્રીજે માળે હતી. વિશાળ હતી, ફરશ પર કીમતી ગાલીચો પથરાયેલો હતો. સોફાના કવર ઉપર સુંદર ભરતકામ નજરે પડતું હતું. દીવાલો પર લાકડાની પેનલિંગ હતી. છત ઊંચું. બારીઓ પહોળી.

એન્ડ્રોપોવ પોતાની ઓફિસમાં દાખલ થયા ત્યારે કેજીબીના તેમના ચાર સહાયકો તેમની વાટ જોતા સોફામાં બેઠા હતા. એન્ડ્રોપોવને જોતાં ચારે ઊભા થઈ ગયા. એન્ડ્રોપોવ સ્મિતનો ટુકડો ફેંકી બારી પાસે ગોઠવાયેલા ટેબલ સુધી પહોંચી ગયા. ખુરશીમાં જગ્યા લેતાં પહેલાં તેમણે ઇશારો કર્યો. ચારે સહાયકો આગળ વધી તેમની સામે ગોઠવાયેલી ખુરશીમાં બેસી ગયા.

-કોમરેડ ! ટેબલ પર બંને હાથ ગોઠવી એન્ડ્રોપોવે શરૂઆત કરી. રશિયા-ભારતના સંબંધ ગાઢ થાય એ પહેલાં જ એક અણધારી મુશ્કેલી ઊભી થઈ છે અને એ તમે જાણો છો. ભારતથી આવેલા છેલ્લા 'કેબલ” મુજબ આપણી કોન્સલ્યુલેટ તથા એમ્બેસીને મોરચાઓએ ઘેરાવ કર્યો છે. સ્થાનીય પોલીસનો બંદોબસ્ત પૂરતો હોવા છતાં કલકત્તાનું આપણું સાંસ્કૃતિક કેન્દ્ર સળગાવી દેવામાં આવ્યું છે. પરિસ્થિતિ પળે પળે ગંભીર થઈ રહી છે. દિલ્લીના આપણા રાજદૂત, કોમરેડ નિકોલાઈ ઝખારોવના અત્યાર સુધીમાં ત્રણ કેબલ આવી ચૂક્યા છે. તેમના જણાવ્યા મુજબ આવતી કાલનાં ભારતનાં પ્રમુખ અખબારોમાં ખુલાસો નહિ છપાય તો કદાચ એકે રશિયન ઈમારત ભારતમાં સલામત નહિ રહે.

-કોમરેડ ચેરમેન એન્ડ્રોપોવ ! ફ્સ્ટ ચીફ ડાયરેક્ટોરેટ, જનરલ કિકટેવે પોતાની ફાઈલ ખોલતાં શરૂઆત કરી. નેતાજી સુભાષચંદ્ર બોઝ વિષેના ૧૯૪૫ પહેલાંના સઘળા ડોક્યુમેન્ટનો બારીકીથી અભ્યાસ કરતાં જણાયું છે કે નેતાજીએ રશિયામાં પ્રવેશવાના એકથી વધુ વાર પ્રયાસ કર્યા હતા અને તેમના એ સઘળા પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. કારણ કે એ સમયની આપણી સરકારને નેતાજીમાં લગારે રસ નહોતો.

-નેતાજી સુભાષચંદ્ર બોઝે...જનરલ કિક્ટેવે આગળ ચલાવ્યું, સહુ પ્રથમ ૧૯૪૧ની સાલમાં કાબૂલથી આપણી કોન્સલ્યુલેટનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો. એ સમયે તેમની ઈચ્છા રશિયામાં અસાઈલમ લેવાની હતી. પરંતુ કાબૂલની આપણી કોન્સલ્યુલેટે તેમનામાં રસ ન લેતાં તે બર્લિન ચાલ્યા ગયા હતા. બર્લિનમાં પણ નેતાજી સુભાષચંદ્ર બોઝે રશિયન કોન્સલ્યુલેટનો સંપર્ક સાધવાનો નવેસરથી પ્રયાસ કર્યો હતો. અહીં પણ તેમને નિરાશા સાંપડી હતી. એ સાલ ૧૯૪૩ની હતી. સન ૧૯૪૫માં નેતાજી સુભાષચંદ્ર બોઝે રશિયન સરકાર જોડે સંપર્ક સ્થાપવા માટે ફરી એક જબ્બર પ્રયાસ કર્યો હતો. આ વખતે તેમણે જાપાન સરકાર પર દબાણ પણ કર્યું હતું. અને આ વખતે પણ તે નિષ્ફળ જ રહ્યા હતા. સન ૧૯૪૫માં થયેલા તેમના આકસ્મિક મૃત્યુ પહેલાં તેમની આખરી ઈચ્છા રશિયામાં પ્રવેશવાની હતી. પરંતુ તેમની એ ઈચ્છા પરિપૂર્ણ થાય એ પહેલાં જ વિમાન અકસ્માતમાં તેમનું મૃત્યુ થયું અને એ સિદ્ધ થઈ ચૂક્યું છે. નેતાજી જીવતા નથી.

જનરલ કિકટેવે પોતાની ફાઈલ બંધ કરતાં બિલકુલ સામે બેઠેલા ચેરમેન એન્ડ્રોપોવ સામે જોયું. એન્ડ્રોપોવે ટેબલ પરથી પોતાના બંને હાથ ઊંચકી લેતા પીઠ ખુરશીની ગાદી પર ટેકવી દીધી, પછી કહ્યું – નેતાજી ઓગણીશ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા હોય તો આ સજ્જન કોણ છે ?

-ગમે તે હોય, માણસ બાહોશ છે. જનરલ કિકટેવની જમણી બાજુએ બેઠેલા વિભાગ-૭ના પ્રમુખ અનાતોલી નિચિપોરિન્કોએ પોતાનો અભિપ્રાય દશાવ્યો. જે હિંમતથી તેણે

આપણી સરકાર પર ખોટા આક્ષેપ મૂક્યા છે એ વાંચીને કોઈ પણ દંગ થઈ જાય !

–કોમરેડ નિચિપોરિન્કો ! જનરલ કિકટેવે તેના તરફ ફરતાં કહ્યું, મારી ધારણા ખોટી ન હોય તો કહેવાતા નેતાજી સી.આઈ.એ.ના “પ્લાન્ટ' છે. કોઈ બાહોશ જાસૂસ છે. આપણી સરકારને બદનામ કરવાની મૂડીવાદીઓની આ ચાલ હોય તો નવાઈ નહિ.

–કોમરેડ જનરલ કિકકટેવની વાત સમજી શકાય એવી છે. ડેપ્યુટી ડાયરેક્ટર કેજીબી ડિસઈનફોરમેશન ડિપાર્ટમેન્ટ, વસિલી લઝારેવે ચેરમેન મિખેઈલને સંબોધી જણાવ્યું. ભારતને શસ્ત્રસહાય કરવા પશ્ચિમના દેશો ઈચ્છતા નથી અને આપણે મિગ વિમાનોનું કારખાનું ભારતમાં સહયોગથી ઊભું કરવા ઈચ્છા દર્શાવી છે, એ પશ્ચિમના આપણા મિત્રોને ગમ્યુ નથી. કદાચ આ જ કારણે તેઓએ આપણા તથા ભારતના સંબંધો પર કરવત ફેરવવા માટે નેતાજી સુભાષચંદ્ર બોઝને ફરી જીવતા કર્યા હોય તો આશ્ચર્ય નહિ !

–અથતિ...કેજીબી ચેરમેન મિખેઈલ એન્ડ્રોપોવે વચ્ચે જ કહ્યું, આપણે એમ માનીને ચાલીએ કે આ ચાલ સી.આઈ.એ.ની છે. સાથે આપણે એ જાણવાનો પણ પ્રયાસ કર્યો કે વાસ્તવિકતા શું છે. ખરું?

સર્વેએ સંમતી દર્શાવી.

–કોમરેડ સિતનિકોવ ! એન્ડ્રોપોવે અત્યાર સુધી ચૂપ બેઠેલી ચોથી વ્યક્તિને સંબોધી શબ્દો ઉચ્ચાયા. ડિસઇનફોરમેશન ડિપાર્ટમેન્ટના પ્રમુખ તમે છો અને આ જવાબદારી તમારી છે કે આવતી કાલનાં ભારતના અખબારોમાં શું સમાચાર દેવા !

–ખરું કોમરેડ એન્ડ્રોપોવ ! તેણે કહ્યું, મેટર તૈયાર કરતાં બે કલાકથી વધુ સમય નહિ લઉં.

મીટિંગ બરખાસ્ત થઈ ગઈ.



૧૧

કર્નલ ગુલમહંમદના કોટેજમાં નેતાજી ટાઈપરાઈટર સામે બેઠા હતા. લગાતાર કાંઈ ટાઈપ કરી રહ્યા હતા. ડિનર પૂરું થયાને ત્રણ કલાક વીતી ગયા હતા. ડિનર પછી નેતાજીએ થોડા થોડા સમયે ચાર કપ કોફી પીધી હતી. પાંચમો કપ તેમની સામે પડ્યો હતો. ઠરી ગયો હતો. નેતાજીનાં આંગળાંઓ ટાઈપરાઈટરની ચાંપ પર ઝડપથી રમી રહ્યાં હતાં. તેમનું સમગ્ર ધ્યાન ટાઈપિંગમાં હતું.

દીવાલ પરની પુરાણી ઘડિયાળમાં રાતના બેના ટકોરા થયા. કનલ ગુલમહંમદે એક બગાસું ખાધું. નેતાજીથી થોડુંક અંતર રાખી તે એક સોફામાં બેઠો હતો. નેતાજી ટાઈપિંગ પૂરું કરે તેની વાટ જોઈ રહ્યો હતો. તેની આંખો વારંવાર નેતાજીના ચહેરા પરથી સરી નેતાજીનાં આંગળાંઓ પર ઊતરી આવતી હતી. તેને યુદ્ધના એ દિવસો યાદ આવી રહ્યા હતા, જેમાં નેતાજી આમ જ આખી આખી રાત જાગી અગત્યના ડ્રાફ્ટ તૈયાર કરતા. પરંતુ એ દિવસોમાં તેમની પાસે ટાઈપરાઈટર નહોતું. માત્ર પેન્સિલ તથા કોરા કાગળોના ઢગ લઈ તે ટેબલ-ખુરસીમાં ગોઠવાઈ જતા.

તેને એ દિવસ યાદ આવ્યો. ના, દિવસ વીસરાઈ ગયો હતો. મહિનો યાદ હતો. સન ૧૯૪૩ની સાલનો જુલાઈ મહિનો હતો. પૂર્વ એશિયાના હિંદીઓ માટે તે ઐતિહાસિક દિવસ હતો. ભારતની આઝાદીની લડતનો એ એક મહત્ત્વપૂર્ણ દિવસ હતો. આ જ દિવસે સિંગાપુરની કેથી બિલ્ડિંગના થિયેટરમાં ક્રાંતિકારી રાસબિહારી બોઝે હિંદ સ્વતંત્ર્ય સંઘનું પ્રમુખપદ નેતાજીને જાહેરમાં સોંપ્યું હતું. લોકોએ તાળીઓના ગડગડાટથી નેતાજીને વધાવી લીધા હતા.

તે પછીના માત્ર થોડાક મહિનાઓમાં જ ‘આરઝી હકૂમતે આઝાદ હિંદની જાહેરાત કરવાની હતી. કપરું કામ હતું. આરઝી હકૂમતની જાહેરાત કરતાં પહેલાં ખાતાંઓ નક્કી કરવાનાં હતાં. કર્યું ખાતું કોને સોંપવું તે પણ અગત્યનું હતું. સાથે ઢંઢેરો પણ ઘડવાનો હતો.

નેતાજીએ થોડાક કાગળો તથા પેન્સિલ લીધી અને ટેબલખુરશીમાં ગોઠવાઈ ગયા. તેમની પડખે તેમના પ્રચારમંત્રી શ્રી ઐયર બેઠા હતા. નેતાજીએ પેન્સિલ કાગળ પર નમાવી અને શબ્દો કુંપળોની જેમ ફૂટવા લાગ્યા. તે લખ્ય જતા હતા. લખ્ય જતા હતા. લખ્ય જતા હતા. પાનું પૂરું થતાં તે શ્રી ઐયરની દિશામાં સરકાવી દેતા. શ્રી ઐયર એ પાનાને સામે રાખી ટાઈપ કરી રહ્યા હતા. કામ ઝપાટાબંધ ચાલી રહ્યું હતું.

આશ્ચર્યની વાત અહીં એ હતી કે ડેકલેરેશનના મુદ્દાઓ તૈયાર કરતાં સમયે નેતાજીએ વિચારવા માટે ન સમય લીધો, ન લખતાં લખતાં તે એકે વાર થોભ્યા. તેમની પેન્સિલ પાણીના રેલાની જેમ લગાતાર વહેતી રહી. અંતે લખાણ પૂરું થતાં તેમણે શ્રી ઐયર સામે જોયું. શ્રી ઐયરે છેલ્લું પાનું ટાઈપ રાઈટરમાં ગોઠવ્યું. તે પણ ટાઈપ થઈ જતાં તેમણે સઘળાં પાનાં ભેગાં કરી લેતાં નેતાજીને પૂછ્યું – વાંચી સંભળાવું ? ઉત્તરમાં નેતાજીએ એક લાંબું બગાસું ખાધું અને પોતાના રૂમ ભણી ચાલ્યા ગયા.

કર્નલ ગુલમહંમદની સામે આજે પણ નેતાજી બેઠા હતા. આજે તે પોતે ટાઈપ કરી રહ્યા હતા. દસમું પાનું ટાઈપ કરી તેમણે કાર્બન સાથે ખેંચી લીધું – ગુલમહંમદ ! દસે ટાઈપ પાનાંની

પહેલી કોપીઓ તેને સોંપતાં કહ્યું, કાલે કલકત્તા જઈ પચાસેક સાઈક્લોસ્ટાઈલ કોપી કઢાવવાની છે.

કર્નલ ગુલમહંમદે ટાઈપ થયેલાં પાનાં હાથમાં લઈ વ્યવસ્થિત રીતે ગોઠવ્યા અને પહેલા પાના પર એક ઊડતી નજર નાખી.

–એકવીસની સાંજે પ્રેસ કોન્ફરન્સ ગોઠવી છે. નેતાજીએ ઊભા .થતાં જણાવ્યું. આવતી કાલે સાંજ સુધીમાં કોપીઓ તૈયાર થઈ જાય સારુ.

કર્નલ ગુલમહંમદે ઈશારાથી ‘હા’ કહી ઉમેર્યું – હું વહેલી સવારે જ કલકત્તા જવા નીકળી જઈશ.

–અને વહેલા જાગવા માટે વહેલા સૂઈ જવું તારા માટે જરૂરી છે. કહેતાં નેતાજી સહેજ હસ્યા અને પોતાના રૂમની દિશામાં ચાલ્યા ગયા.

કર્નલગુલમહંમદની વહેલા સૂવાની ઇચ્છા નહોતી. તેનું તલપાપડ મન એ ટાઈપ પાનાંઓમાં અટવાયું હતું. તેની જિજ્ઞાસા એટલી વધી ગઈ હતી કે નેતાજી આંખો સામેથી દૂર થતાં તેણે તુરત ટાઈપ પાનાંઓ વાંચવાની શરૂઆત કરી દીધી. જયહિંદ ! નેતાજીએ શરૂઆત કરી હતી. મિત્રો, મારા દેશબાંધવો ! હું જાણું છું કે આજની પ્રેસ કોન્ફરન્સમાં તમે મને કયા પ્રશ્નો પૂછવાના છો. એ બધા પ્રશ્નોમાં સૌથી વધુ મૂંઝવતો તમારો પ્રશ્ન હશે - મૃત્યુને થાપ દઈ હું કઈ રીતે જીવી ગયો !

રાતના ત્રણના ટકોરા થયા. કર્નલગુલમહંમદની આંખો ભીંતઘડિયાળની દિશામાં ઊંચી થઈ ફરી નમી ગઈ. એ જ પળે. કેજીબીના એક જાસૂસ નોસેન્કોની નજર કાંડા-ઘડિયાળ પર નમી ઊંચી થઈ ગઈ. તેણે પોતાના સાથી બોગડાનોવ સામે જોયું. પછી કહ્યું - ત્રણ વાગ્યા. હવે ?

બોગડાનોવે દૂરથી જ નજર પાથરી. કર્નલગુલમહંમદના કોટેજમાં હજીયે બત્તી સળગી રહી હતી. યૂરી ઉલાનોવના આ બંને સહાયકો રાતના અગિયાર વાગ્યાથી વાટ જોતા ઊંચા ઘાસ વચ્ચે લપાઈને બેઠા હતા. કનલના કોટેજ અને તેમની વચ્ચે પચાસેક ફૂટનું અંતર હતું. કોટેજની ચોતરફ ખુલ્લી જગ્યા હતી. દૂર દૂર સુધી પથરાયેલાં ખેતરો હતાં. મકાનો હતાં. બે મકાનો વચ્ચેનું અંતર પણ ઓછું નહોતું. નોસેન્કો તથા બોગડાનોવે લપાવા માટે આ ઊંચા ઘાસવાળું મેદાન પસંદ કર્યું હતું. કારણ કે અહીંથી કનલનું કોટેજ સ્પષ્ટ જોઈ શકાતું હતું. વિશેષમાં જગ્યા પણ સુરક્ષિત હતી.

— થોડો વધુ સમય વાટ જોઈએ. બોગડાનોવે ચહેરા પર કંટાળો વ્યક્ત કરતા જણાવ્યું.

કર્નલગુલમહંમદ એકાગ્ર થઈ વાંચી રહ્યો હતો. ટાઈપ થયેલાં દસ પાનાંઓમાં નેતાજીના વિમાન અકસ્માતની વિગતવાર માહિતીઓ હતી...

૧૭ ઓગસ્ટ ૧૯૪૫. સાઈગોન એરપોર્ટ પર જાપાની અફસરોને લઈ મનિલાથી આવેલા બોંબર પ્લેનમાં હું કર્નલ હબિબુર- રહમાન સાથે ચડી ગયો. પ્લેનમાં માત્ર બે જ સીટ ખાલી હતી અને એ જ કારણે આઝાદ હિંદ ફોજના મારા અફસરો તથા અધિકારીઓના કાફલાને હું મારા પ્રવાસમાં સાથે લઈ ન શક્યો. વિમાન મંચુરિયા જઈ રહ્યું હતું અને મારી યોજના મંચુરિયા થઈ રશિયામાં પ્રવેશી જવાની હતી. આ બાબત સ્પષ્ટતા કરતો એક પત્ર મેં ચોવીસ કલાક પહેલાં જાપાની અફસરને સોંપ્યો હતો જેની વિગત નીચે પ્રમાણે હતી :

મારા મિત્રમંડળના વિશ્વાસુ સાથીઓ જોડે મારી ઈચ્છા રશિયા જવાની છે. જરૂર જણાશે તો કદાચ હું એકલો રશિયામાં પ્રવેશી જઈશ અને એવો પ્રસંગ ઊભો થાય તો જાપાનીઝ સરકારને મારી વિનંતી છે કે મારી ગેરહાજરીમાં મારા મિત્રમંડળના કોઈ પણ સભ્યને આઝાદ હિંદ ફોજનો ચાર્જ પોતાને હસ્તક લેવા દે.

સાઈગોનથી સાંજે પાંચ વાગ્યે ઊપડેલું વિમાન સાત પીસ્તાળીસે તાઉરેઈન આવી પહોંચ્યું.

અહીં એક રાત કનલ હબિબુરરહમાન તથા જાપાની અફસરો જોડે ગાળી બીજે દિવસે સવારે અમે ફરી પ્રવાસ શરૂ કર્યો. સાત કલાકમાં અમે ફોરમોસાના તાઈપે એરપોર્ટ પર આવી પહોંચ્યા. ટૂંક સમય માટે વિમાન રિફ્યૂલિંગ માટે અહીં થોભ્ય અને અમે નાસ્તો લીધો. બપોરે બેને ત્રીસ મિનિટે વિમાન ફરી ઊડ્યું. પરંતુ થોડીક પળોમાં જ નીચે ધસી આવ્યું. પાઈલોટ તથા જનરલ શેડાઈ એ જ ક્ષણે મૃત્યુ પામ્યા. બાકીના પેસેન્જરોની સ્થિતિ પણ વિમાનમાં લાગેલી આગને કારણે ગંભીર હતી. હું આખા શરીરે દાઝી ગયો હતો.

દાઝેલા પેસેન્જરો સાથે મને તથા કનલ હબિબુરરહમાનને સૈનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. મને સ્ટેચરમાં નાખી લઈ જઈ રહ્યા હતા ત્યારે માગમાં જ હું બેભાન થઈ ગયો હતો.

મારી આંખો ખૂલી ત્યારે મારો સંપૂર્ણ દેહ બેન્ડેજમાં હતો. બરફના પૂતળાની જેમ હું બિછાનામાં સૂતો હતો. માત્ર મારી આંખો તથા મોનો થોડોક ભાગ જોઈ શકાતો હતો. મેં આંખો ત્રાંસી કરી જોયું તો કનલ હબિબુરરહમાન મારા બિછાનાની સામે સ્ટૂલ પર બેઠો હતો. ટૂંક સમય માટે હોશ સંભાળી હું ફરી બેભાન થઈ ગયો.

ત્રણેક કલાક પછી ફરી મારી આંખો ખૂલી ત્યારે મને લાગ્યું કે હું વધુ નહિ જીવું. મેં કર્નલ હબિબુરરહમાનને કંપતા સ્વરે જણાવ્યું - હબિબ ! મારો અંત પાસે છે. મારા જીવનની છેલ્લી પળ સુધી હું મારા દેશ માટે લડ્યો છું. અને અત્યારે હું મારા દેશ ખાતર જ પ્રાણ ત્યાગી રહ્યો છું. તું ભારત જાય તો મારા દેશબાંધવોને કહેજે કે આઝાદીની લડત જારી રાખે. મને આશા છે, સમયના ટૂંકા ગાળામાં ભારત આઝાદ થઈ જશે.

પરંતુ એ સમયે હું નહોતો જાણતો કે એ મારી અંતિમ પળો નહોતી. મારી આંખો ફરી એક વાર મીંચાઈ ગઈ. ફરી એક વાર હું મારા હોશ ખોઈ બેઠો. ત્રીજી વાર મારી આંખો ખૂલી અને મેં સ્થિર નજરે જોયું તો છત પરિચિત નહોતું. આંખો ત્રાંસી કરી તો દીવાલો અજનબીની જેમ મારી સામે જોઈ રહી હતી. વાતાવરણ સ્મિત ફરકાવી રહ્યું હતું.

લાંબા સમય સુધી ઉઘાડી આાંખે. હું વિચારતો રહ્યો કે હું ક્યાં છું ? મને લાગ્યું, કદાચ સૈનિક હોસ્પિટલની કોઈ બીજી રૂમમાં મને ખસેડવામાં આવ્યો હશે ! ના ! ડૉક્ટરોએ મને સૈનિક હોસ્પિટલમાંથી તાઈપેની સિવિલ હોસ્પિટલના એક પ્રાઈવેટ રૂમમાં ખસેડ્યો હતો. ધીમે ધીમે મારી હાલત સુધરી રહી હતી. ત્રણ મહિનાની સારવાર પછી હું હાલતોચાલતો થતાં મને સચ્ચાઈની જાણ થઈ.

હું સૈનિક હોસ્પિટલમાં હતો ત્યારે યુદ્ધમાં ઘવાયેલો એક જાપાની સૈનિક, ઓકારા આઈચીરો પણ મારી સાથે જ હતો. તેનો દેહ પણ માથાથી પગ સુધી બેન્ડેજમાં હતો, બલકે ટૂંક સમય પહેલાં જ તે મૃત્યુ પામ્યો હતો. કનલ હબિબુરરહમાનની આંખ લાગી જતાં જાપાની ડૉક્ટરોએ મારા બેન્ડેજવાળા દેહને ખસેડી ખાલી બિછાનામાં ઓકારા આઈચીરોના બેન્ડેજવાળા શરીરને ગોઠવી દીધું.

કર્નલ હબિબુરરહમાનની આંખો ખૂલી અને સ્વાભાવિક રીતે જ તેણે ધારી લીધું કે હું મૃત્યુ પામ્યો છું. ડોક્ટરોએ પણ તેને એ જ પ્રમાણે કહ્યું અને તેને ખાતરી થઈ ગઈ. શંકા માટે કાંઈ કારણ નહોતું. તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. હું જીવતો હતો અને મારા પર તે આંસુ સારી રહ્યો હતો.

ચારેક મહિના પછી મેં રશિયા જવાની તૈયારીઓ શરૂ કરી દીધી. આખરે છટે મહિને મને ડોક્ટરોએ પરવાનગી દીધી અને હું મંચુરિયા થઈ છાની રીતે રશિયાની બોડરમાં પ્રવેશી ગયો. રશિયાના ચોકિયાતોએ મને સીમા પર જ ઝડપી લીધો. મને ચિંતા નહોતી. બલકે મને વિશ્વાસ હતો કે રશિયન ડિપ્લોમેટ જોડે મારી મુલાકાત થતાં હું મારી યોજના તેઓ સમક્ષ રજૂ કરીશ. મારા વ્યક્તિત્વથી હું તેઓને પ્રભાવિત કરી શકીશ. આઝાદ હિંદ ફોજને રશિયામાં નવું રૂપ

દઈ, સમયના ટૂંકા ગાળામાં, ભારત પર રાજ કરતા બ્રિટિશરો પર ફરી એક વાર સૈન્ય લઈ ત્રાટકીશ. પણ...

મારી આ ધારણા ઠગારી નીવડી. હું રશિયાની જેલમાં હતો. અને રાજદ્વારીઓ મારું મોં સુધ્ધાં જોવા રાજી નહોતા. તેઓએ મને મુલાકાત ન દીધી. આટલું જ નહીં, મને સાઈબેરિયાની જેલમાં ધકેલી દીધો. સાઈબેરિયાની જેલમાં મેં મારા જીવનનાં કિંમતી ઓગણીસ વર્ષો ગાળ્યાં અને એ ઓગણીસ વર્ષ દરમ્યાન જેલ તોડી નાસી છૂટવાના મેં સતત પ્રયાસ કર્યા હતા. તમને એ જાણી આશ્ચર્ય થશે કે ત્રણ વાર હું મારા પ્રયાસોમાં સફળ રહ્યો હતો, પરંતુ ભાગ્યે સાથ ન દીધો. સીમા પાર કરવામાં મને સફળતા ન મળી. છેલ્લી વાર હું બોડર પર જ ગિરફતાર થયો હતો.

આખરે તેરમી જુલાઈએ મેં ફરી એક વાર જેલ તોડી અને બસો જેટલા રશિયન કેદીઓ સાથે નાસી છૂટવામાં હું સફળ થઈ ગયો. આ વખતે મારું ભાગ્ય પણ મારી સાથે હતું. હું બોડર ક્રોસ કરી ચીન ગયો. ચીનમાં મેં અસાઈલમ માગ્યું. મારા આશ્ચય વચ્ચે મને એ મળી ગયું. ચીનના રાજદ્વારીઓએ મને સંપૂર્ણ સહાય દીધી અને એમના જ પ્રતાપે આજે હું ભારતમાં છું.

આ મારા કહેવાતા મૃત્યુ પછીનો ટૂંક ઇતિહાસ. હું હયાત છું. તમારી વચ્ચે છુ અને છતાં મારા નામ પર ચોકડી મૂકવામાં આવી છે. આજ સુધી મારી શોધ કરવા ભારત સરકારે એક કમિશનની નિમણૂક કરી હતી અને એ કમિશને પુરવાર કરવાની ભરપૂર કોશિશ કરી કે હું આ લોકમાં નથી. મારું અસ્તિત્વ નથી. અને મારું અસ્તિત્વ ભૂસી નાખવા માટે જે પુરાવાઓ રજૂ થયા એ તદ્દન લૂલા હતા.

દાખલા તરીકે તાઈપેની સૈનિક હોસ્પિટલના રેકોડમાંથી કમિશનને મારા મૃત્યુનું સર્ટિફિકેટ નહોતું મળ્યું અને જે ડેથ-સર્ટિફિકેટ મળ્યું છે તે ઓકારા આઈચીરો નામના જાપાની સૈનિકનું છે, જેના બેન્ડેજવાળા મૃત્યુદેહને મારા બિછાનામાં પ્લાન્ટ કરવામાં આવ્યો હતો. છતાં એમ માની લેવામાં આવ્યું કે એ સૈનિક હું પોતે હતો અને મારું અવસાન થયું છે.

જો ખરેખર મારું મૃત્યુ થયું હોત તો મારા મૃતદેહનો એકાદ ફોટો જરૂર લેવાયો હોત ! જો ખરેખર હું સ્વગવાસ પામ્યો હોત તો મારી રાખમાં સોનાની રજકણોનો ભેળ મળી આવ્યો હોત ! કારણ કે મારો એક દાંત સોનાનો છે. શું કમિશનના માનનીય સભ્યોએ ટોકિયોના રેકોજી મંદિરમાં પડેલી મારી રાખનું પૃથક્કરણ કરી જોવાની દરકાર કરી હતી ?

મારા ખ્યાલથી આટલા પુરાવાઓ અને મારા ટૂંક ઇતિહાસ પરથી તમે કલ્પી શકશો કે જાપાની સરકારે મારા મૃત્યુના સમાચાર વિમાન અકસ્માત પછી ત્રણ દિવસ સુધી ગુપ્ત શા માટે રાખ્યા હતા ?

કર્નલ ગુલમહંમદે હજી ટાઈપ થયેલા આઠ પાનાંઓ જ વાંચ્યાં હતાં અને તેના કાન સરવા થયા. તેણે પદચાપ સાંભળ્યા હતા. કંઈક અવાજ તેના કાને અથડાયો હતો. ટાઈપ પાનાં ટેબલ પર મૂકતા તે સતક થયો અને સાથે જ તેને ખાતરી થઈ, નેતાજીની રૂમમાં કાંઈ હિલચાલ થઈ રહી છે.

ધીમે પગલે તે નેતાજીની રૂમના દરવાજા સુધી આવ્યો. દરવાજા બંધ હતા. બત્તી બંધ હતી. નેતાજી અધર્એક કલાક પહેલાં તેનાથી છૂટા પડી પોઢી ગયા હતા, છતાં આ અપરિચિત, દબાયેલા, રૂંધાયેલા અવાજો !

તેણે હળવેકથી દરવાજાને ધક્કો માર્યો. દરવાજા ખૂલી ગયા, પરંતુ તે અંદર પ્રવેશી ન શક્યો. અંધકારમાં તેણે એક પડછાયાને ઝડપથી સરકી જતાં જોયો હતો. એ પડછાયો જ હતો કે પછી તેનો ભ્રમ ? ગમે તે હોય, તે સાવધ થઈ ગયો.

નેતાજીની રૂમની બત્તીની ચાંપ દરવાજા પાસેની દીવાલમાં હતી. પરંતુ એ ચાંપ સુધી પહોંચવા માટે અંદર દાખલ થવું જરૂરી હતું. તત્ક્ષણ નિર્ણય લેતાં તેણે અંદરની તરફ એક પગલું ભર્યું અને એક સખત મુક્કો તેના જડબા પર પડતાં તે અંધારી રૂમમાં ક્યાંક ફેંકાઈ ગયો. તે ઊભો થવા ગયો અને એક લાત તેની પાંસળીઓ સાથે અથડાઈ. એ જ ક્ષણે તેણે લાત મારનારી વ્યક્તિનો પગ ઝડપી લેતા ખેંચી લીધો. એક ધડાકો થયો. કોઈ નીચે પછડાઈ ગયું.

કર્નલ ગુલમહંમદ ઊભો થયો અને પાછળથી તેની ડોક અને ખભા વચ્ચે ફટકો પડ્યો. તે નમી ગયો. એ તકનો લાભ લઈ પાછળ ઊભેલી વ્યક્તિએ પોતાના બંને હાથનાં આાંગળાં એકમેકમાં સાંકળી કનલની પીઠ પર ફટકો માર્યો. કરોડરજ્જુના મણકાઓ હલી ગયા. તે ઢળી પડ્યો. વધુ સમય ન ખોતાં કેજીબીના બંને જાસૂસ બોગડાનોવ તથા નોસેન્કો ઉઘાડી બારીમાંથી છલાંગ મારી બહારના અંધકારમાં ઓગળી ગયા.

કર્નલ ગુલમહંમદના આખા શરીરમાં પીડા ઊઠી રહી હતી. તે બેઠો થયો અને દીવાલનો ટેકો લઈ ધીમે ધીમે ઊભો પણ થઈ ગયો. તેના અનુભવી હાથ બત્તીની ચાંપ સુધી પહોંચી ગયા. ચાંપ પર આંગળી દબાતાં રૂમ પ્રકાશનાં કિરણોમાં ઝળહળી ઊઠી.

તેણે ફાટી આંખે જોયું તો રૂમની દરેક વસ્તુઓ વેરણછેરણ પડી હતી. તકિયા ફાડી નાખવામાં આવ્યા હતા. ગાદલાં ચીરાઈ ગયાં હતાં. નેતાજીની સૂટકેસમાંની લગભગ બધી વસ્તુઓ ફરશ પર અસ્તવ્યસ્ત પડી હતી. ટેબલનાં ખાનાંઓ ઉઘાડાં હતાં. પણ નેતાજી ક્યાં ?

નેતાજીનો ખ્યાલ આવતાં તે પોતાનાં સઘળાં દુઃખ વીસરી ગયો. તેની કમર સીધી થઈ ગઈ. તે રૂમની બહાર નીકળવા ગયો અને અંદર પ્રવેશતાં નેતાજી જોડે અથડાઈ ગયો. નેતાજી બે પગલાં ખસી ગયા.

કર્નલ ગુલમહંમદ તેમના ચહેરામાં હેરતથી જોઈ રહ્યો. નેતાજી તેની સામે જોઈ રહ્યા હતા. કર્નલગુલમહંમદના નાકમાંથી હજીયે લોહી વહી રહ્યું હતું. હોઠના ખૂણા કપાઈ ગયા હતા. આંખની નીચે ભૂરાં ચકરડાં ઊપસી આવ્યાં હતાં. નેતાજીએ તેના ખભા પરથી એક ઊડતી નજર ફેંકી રૂમની છિન્નભિન્ન હાલત જોઈ લીધી.

-ગુલમહંમદ ! નેતાજીએ ફરી તેના ચહેરા પર દૃષ્ટિ સ્થિર કરતા કહ્યું, ક્રાંતિની શરૂઆત આટલી વહેલી થશે એમ હું નહોતો ધારતો !

તે જાણે હોશમાં આવ્યો હોય એમ બોલી ઊઠયો - તમે... તમે ક્યાં હતા ?

-તારી રૂમમાં.

-મારી રૂમમાં ? તેણે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

-તું વાંચવામાં એટલો બધો તલ્લીન હતો કે મારું બ્લેન્કટ લઈ હું તારી સામેથી બેઠકખંડમાં થઈ તારી રૂમમાં ગયો અને તે આંખો ઊંચી કરી જોયું સુધ્ધાં નહિ. નેતાજીએ હસીને જણાવ્યું.

કર્નલ ગુલમહંમદ ગૂંચવાઈ ગયો. નેતાજીના સૂવા-બેસવા માટે તેણે અલગ રૂમની વ્યવસ્થા કરી હતી. છતાં નેતાજીને તેની રૂમમાં જવાની શી જરૂર પડી ? આખરે તેણે પૂછી નાખ્યું.

-તું તો જાણે છે. નેતાજીએ કહ્યું પ્રાણીઓમાં હું બિલાડી પસંદ નથી કરતો.

-તદ્દન ખરું.

-ન જાણે ક્યાંથી એક બિલાડી પાંચ બચ્ચાંઓ લઈ આવી અને મારા પલંગ નીચે ઘર વસાવ્યું. ન છૂટકે મારે રૂમ બદલવી પડી.

કર્નલ ગુલમહંમદે પીઠ ફેરવી નેતાજીની રૂમમાં જોયું તો ખરેખર બિલાડી પાંચ બચ્ચાંઓ સાથે પલંગ નીચે પોઢી હતી. તેણે પોતા. ઉપર શાપ વરસાવ્યા. અનેક પ્રયાસો કરવા છતાં પોતાની પાળેલી બિલાડીના અસ્તિત્વને છાનું રાખવામાં તે નિષ્ફળ રહ્યો હતો.

-કમબખ્તોએ ખેદાનમેદાન કરી નાખ્યું. વિષયને ચાતુરીપૂર્વક વળાંક દેતાં તેણે નેતાજી સામે

જોયું.

- આ તો માત્ર શરૂઆત છે.

ભીંત-ઘડિયાળમાંથી ચારના ટકોરા ઊઠયા અને રાતના સન્નાટામાં પથરાઈ ગયા. કર્નલ ગુલમહંમદ હેરતથી તેમના ચહેરામાં જોઈ રહ્યો – શરૂઆત ?

–તને આશ્ચય થઈ રહ્યું છે, નહિ ? નેતાજી બોલ્યા, હું ખરું જ કહું છું. આ વખતે આપણા શત્રુ વિદેશી નથી, આપણા પોતાના જ બાંધવો છે.

-શું તમે એમ કહેવા ઇચ્છો છો કે આજની આ ઊથલપાથલ પાછળ સી.બી.આઈ.નો હાથ છે ?

-ના.

–તો ?

–આ સાહસ તો કેજીબીનું હોઈ શકે !

–સી.આઈ.એ. પર તમને શંકા નથી ?

નેતાજીએ વિશ્વાસપૂર્વક 'ના' કહી ઉમેર્યું - સી.આઈ.એ.ના જાસૂસોમાં થોડીક સફાઈ હોય છે. બીજું, સી.આઈ.એ. પાસે મારા કામમાં માથું મારવા માટે એકે કારણ નથી.

–પણ સી.બી.આઈ. પાસે છે.

–સી.બી.આઈ.એ સાંજે જ દર્શન દીધાં હતાં. નેતાજીએ સહેજ સ્મિત ફરકાવતાં જણાવ્યું, એ સમયે હું વરંડામાં બેઠો હતો.

–અને હું ક્યાં હતો ? કનલ ગુલમહમદે રૂમમાં વેરણછેરણ પડેલી વસ્તુઓને યથાસ્થાને ગોઠવવાની શરૂઆત કરતાં પૂછી લીધું.

-તું કલકત્તા ગયો હતો. નેતાજી પણ તેની સાથે જોડાયા.

-ઓહ ! તો મારી ગેરહાજરીમાં...

-તારી ગેરહાજરીમાં અહીં ઘણું ઘણું બની ગયું. વચ્ચે જ કહેતાં નેતાજીએ વિગતવાર જણાવ્યું.

અખબારમાં સમાચાર વાંચી નેતાજીની મુલાકાતે તેમના અનેક ચાહકો આવ્યા હતા. સાંજે અહીં મેળો લાગ્યો હતો. બંગલા બહાર મોટરોની ભીડ પણ નજરે પડતી હતી. નેતાજીએ એ સવનું સમિત સ્વાગત કર્યું હતું. તેઓ જોડે બેસી થોડી થોડી વાતો પણ કરી હતી. ધીમે ધીમે ઢળતા સૂરજ સાથે ભીડ ઓગળી જતાં ત્રણ વ્યક્તિઓ અંદર દાખલ થઈ હતી. એ ત્રણમાં બે આઝાદ હિંદ ફોજના સૈનિકો હતા. નેતાજીનાં દર્શને આવ્યા હતા. જ્યારે ત્રીજી વ્યક્તિ રહસ્યમય હતી. નેતાજીને કલ્પી લેતાં વધુ સમય ન લાગ્યો કે એ કોણ હશે ?

સી.બી.આઈ.ના એ અધિકારીએ પોતાનો પરિચય નેતાજીના ભક્ત તરીકે દેતાં તેમની સામે એક ઓટોગ્રાફ બૂક ધરી હતી. પછી કહ્યું હતું - નેતાજી ! આમાં તમે ઓટોગ્રાફ દેશો તો હું તમારો આભારી થઈશ. નેતાજીએ હસતાં હસતાં ઓટોગ્રાફ બૂકમાં સહી કરી હતી.

આટલાથી સંતોષ ન થતાં તેણે નેતાજીને કોઈ સંદેશો લખી દેવા માટે વિનંતી કરી. નેતાજીએ એ જ સ્મિત સાથે ઓટોગ્રાફ બૂક પરત કરી – ફરી પધારશો ત્યારે સંદેશો પણ લખી દઈશ.

એ જ સમયે સી.બી.આઈ.નો બીજો અધિકારી નેતાજીની રૂમમાં પાછળની બારીમાંથી પ્રવેશી તેમનો પાસપોર્ટ શોધી રહ્યો હતો. નેતાજીની જાણ બહાર એ નહોતું જ. છતાં નેતાજી તેમની સામે બેઠેલા સી.બી.આઈ.ના અધિકારી જોડે નિદોષતાપૂર્વક ગપ્પાં લડાવી રહ્યા હતી.

-મારો પુત્ર તમારો ઓટોગ્રાફ જોઈ ખરેખર ખુશ થશે ! સી.બી.આઈ.ના અધિકારીએ અધર્ષિક કલાકની મુલાકાત પછી ઊભા થતાં કહ્યું હતું.

–પણ... કનલ ગુલમહમદ એકાએક બોલી ઊઠયો, તેઓને આપણા ઘરની ઝડતી લેતાં તમારે રોકવા તો જોઈએ ને ?

-મારી પાસે સંતાડવાનું કાંઇ હતું જ નહિ. સૂટકેસ પાછી ભરાઈ જતાં, સૂટકેસને બંધ કરી તેમણે પલંગ નીચે સરકાવી દીધી.

-ત્યારે તેઓ શોધી શું રહ્યા હતા ? રૂમ ફરી સ્વચ્છ થઈ જતાં તે પણ નેતાજી સાથે ઊભો થઈ ગયો.

-મારો પાસપોર્ટ

-ક્યાં છે ?

-નથી.

-નથી ? કનલ ગુલમહંમદને આશ્ચર્ય થયું. તો...તો તમે ચીનથી ભારત આવ્યા શી રીતે ?

-સબમરીનમાં.

કનલ ગુલમહંમદની આંખો ફરી એક વાર પહોળી થઈ ગઈ.

એ સમયે પહો ફાટી ચૂક્યું હતું.



૧૨

આલોક ગુપ્તાની આંખો ખૂલી અને તેણે બેઠા થતાં સાદ દીધો.

–પહેલવાન !

–જી હઝુર ! કહેતાં તેનો રસોયો એક લાંબા બગાસા સાથે કિચનમાંથી દોડી આવ્યો.

આલોક ગુપ્તાના રસોયાનું મૂળ નામ જલાલુદ્દીન હૈદર હતું. પરંતુ તેના કસાયેલા સ્નાયુઓ અને સુદઢ બાંધાને કારણે આલોક ગુપ્તા તેને પહેલવાન કહી સંબોધતો હતો. જલાલુદ્દીનની ઉંમર પંચાવનની આસપાસ હતી અને પહેલવાનો જેવી મૂછો પણ રાખતો હતો. આલોક ગુપ્તાની મૂછ હેન્ડલબાર જેમ નીચેની તરફ ઢળતી હતી તો તેની મૂછ પહેલવાનોને શોભે તેમ આંખોની દિશામાં ઊંચી જતી હતી.

–આજનું અખબાર ક્યાં છે ? તેને સામે ઊભેલો જોઈ આલોક ગુપ્તાએ પહેલો પ્રશ્ન કર્યો.

-હઝૂર ! તેણે મૂછો આમળતાં જણાવ્યું. આજે તમે વહેલા જાગી ઊઠયા, પણ હજી દિલ્લી શહેર નથી જાગ્યું.

આલોક ગુપ્તાએ પીઠ પાછળ ગોઠવાયેલા તકિયાના ટેકે બેઠાં બેઠાં જ બારી બહાર જોયું. હજી પહો ફાટયું નહોતું. હજી અંધારાં ઓગળ્યાં નહોતાં. હજી સૂર્ય ક્યાંક પરીઓના ખોળામાં પોઢયો હતો. ચાની તૈયારી કરવા રસોયો કિચનમાં પાછો ચાલ્યો ગયો.

આલોક ગુપ્તા વિચારે ચડ્યો. ગઈ કાલે સાંજે તેણે સી.બી.આઈ. મથકના મિનિ થિયેટરમાં નેતાજી પર બનેલી દસ્તાવેજી ફિલ્મ જોઈ હતી. સાથે નેતાજીના કલકત્તાના છેલ્લા ભાષણની વિડિયોટેપ પણ હતી. પચીસેક વર્ષ પહેલાંના અને પછીના નેતાજીમાં તેને વધુ તફાવત નહોતો લાગ્યો. બલકે ઉંમરના સહેજ તફાવત સિવાય બંને ચહેરાઓ એક જેવા હતા. બંનેના હાવભાવ, બોલવાની છટા તથા વ્યક્તિત્વ પણ જુદાં નહોતાં. ગઈ કાલ તથા આજના નેતાજી એક હોવા છતાં તેનું હૃદય એ હકીકત સ્વીકારવા રાજી કેમ નહોતું ? શું એ તેનો પૂર્વગ્રહ હતો કે તેની છઠ્ઠી-ગ્રંથિ તેને એમ કરતાં રોકી રહી હતી ? તેની પાસે ઉત્તર નહોતો.

ચાના કપ સાથે રસોયો સવારના ટાઈમ્સની પ્રત લઈ હાજર થયો. બારી બહારના આકાશનો કટપીસ રંગો બદલી રહ્યો હતો. આલોક ગુપ્તાએ એક હાથમાં ચાનો કપ લઈ બીજા હાથમાં અખબાર ધર્યું. ફ્રન્ટ પેજ તેની સામે હતું.

આજના અગત્યના સમાચારોમાં કેન્દ્રના મિનિસ્ટરો તથા નેતાજીના પુરાણા સાથીઓનાં બયાન હતાં. પ્રધાનમંત્રી શ્રી લાલ બહાદુર શાસ્ત્રીનું સ્ટેટમેન્ટ ત્રણ કોલમની હેડલાઈન સાથે હતું.

પી.ટી.આઈ. તારીખ ૧૯.

ભારતના પ્રધાનમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ નેતાજીના આગમનના સમાચાર જાણી હર્ષ વ્યક્ત કર્યો હતો. તેમણે અમારા સંવાદદાતાને જણાવ્યું હતું કે આજનો દિવસ સમસ્ત ભારતના નાગરિકો માટે ઉત્સવનો છે. ભારતની આઝાદીના લડવૈયા અને આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર નેતાજી સુભાષચંદ્ર બોઝનું સ્વાગત કરતાં આજે મારું હૃદય હર્ષથી છલકાઈ ઊઠયું છે.

તેમની નીચેની કોલમમાં ભારતના પ્રેસિડન્ટનો સંદેશો હતો. વિશેષમાં આજના અખબારે નેતાજીની જીવની તથા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મની તથા પૂર્વ એશિયામાં આઝાદ હિંદ ફોજે કરેલાં સાહસોનો ટૂંક અહેવાલ પણ છાપ્યો હતો.

ચાનો કપ પૂરો કરી સાઈડ ટેબલ પર મૂકતા આલોક ગુપ્તાએ પાનું ફેરવ્યું. જે સમાચારની તેણે આશા રાખી હતી. એ જ તેની સામે આવી ગયા. તે સહેજ ચોંકી પણ ગયો. તેના માટે અગત્યના સમાચાર આ જ હતા. તેણે હેડલાઈન ફરી એક વાર વાંચી - નેતાજીના આક્ષેપને રશિયન સરકારનો રદિયો...અને વિગતવાર ન્યૂઝ વાંચવા લાગ્યો.

...ગઈ કાલે નેતાજીએ કલકત્તાના મેદાનમાં જાહેર પ્રવચન કરતાં જણાવ્યું હતું કે સાઈબેરિયાની જેલમાં ૧૯ વર્ષનો કારાવાસ ભોગવી તે ભારત આવ્યા છે, એ વાતને રદિયો દેતાં રશિયાની સરકારે સ્પષ્ટતા કરી છે કે સાઈબેરિયાની જેલમાં ન કોઈ નેતાજી નામનો કેદી હતો, ન કોઈ સુભાષચંદ્ર બોઝ નામની વ્યક્તિ કારાવાસ ભોગવી રહી હતી. છતાં આવો ગંભીર આક્ષેપ મૂક્યો છે એ બદલ રશિયન સરકારે ખેદ તથા ચિંતા વ્યક્ત કરી છે.

આલોક ગુપ્તાનો ચહેરો સ્થિર થઈ ગયો. નેતાજીનું ગૂંચળું સહેજ વધુ ગૂંચવાઈ ગયું હતું. પળે પળે રહસ્ય ઘેરું થતું જતું હતું. દિવસે દિવસે એમાં વધુ ગૂંચો ઊભી થવાની હતી. આ તો માત્ર તેની શરૂઆત હતી.

તેણે કાંડા-ઘડિયાળ પહેરતાં સમય જોયો. અનિતા આજે કલકત્તા જવાની હતી. નેતાજીએ યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં હાજરી દેવી તેના માટે જરૂરી હતું. તેનો સંપર્ક સાધવો. આલોક ગુપ્તા માટે પણ એટલું જ આવશ્યક હતું. ઝડપથી નાસ્તો પતાવી તે તૈયાર થઈ ગયો. તે બહાર નીકળવા ગયો અને ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. તેણે રિસીવર ઊંચકર્યું.

-હલ્લો ! હું આલોક ગુપ્તા બોલું છું.

–કૉફી હાઉસમાં હું તમારી પ્રતીક્ષા કરું છું. કોઈના શબ્દો તેના કાને અથડાયા.

–તમે ?

ઉત્તર ન મળ્યો. લાઈન ડિસકનેક્ટ થઈ ગઈ. આલોક ગુપ્તા હેરતથી રિસીવરને જોઈ રહ્યો.

કોણ હશે ? સ્વર પરિચિત નહોતો. પરંતુ સ્વર પરથી તે આટલું કલ્પી શકતો હતો, અવાજ કોઈ વિદેશીનો હતો. તેની ઉંમર પીસ્તાળીસની આસપાસ હોઈ શકે ! વિચારતાં વિચારતાં તેણે કાર સ્ટાર્ટ કરી અને સીધો કોફી હાઉસ પહોંચી ગયો. કૉફી હાઉસ સામે કાર પાર્ક કરી તે અંદર પ્રવેશ્યો. તેની અનુભવી આંખો અંદર બેઠેલી વ્યક્તિઓ પર ફરી વળી. પરંતુ એમાં તેને એકે વ્યક્તિ એવી ન લાગી જેના પર શંકા કરી શકાય !

તે એક ટેબલ ચૂંટી બેસી ગયો. તેની સામે કૉફીનો એક કપ ગોઠવાયો. તેણે પહેલો ઘૂંટ ભરતાં મનોમન નક્કી કરી લીધું. જે કોઈ પણ વ્યક્તિ તેની પ્રતીક્ષા કરતી હશે એ તેનાથી પરિચિત હશે ! એ વ્યક્તિ સ્વયં તેને શોધી તેની પાસે ચાલી આવશે.

કૉફીનો કપ પૂર્ણ થયો. કોઈએ ન આવ્યું. શું કોઈએ તેની મજાક કરી હતી ? બિલ ચૂકવી તે ઊભો થઈ ગયો. વધુ સમય અહીં રોકાવું તેના માટે શક્ય નહોતું. અનિતા તેની વાટ જોતી ઘેર બેઠી હતી. શક્ય તેટલા વહેલા અનિતાને ઘેર પહોંચી જવા તે અધીરો થઈ રહ્યો હતો.

તે ધીમે ધીમે બહારની તરફ આગળ વધ્યો અને તેનો પરિચિત બેરા હાજર થયો.

–સલામ સાહેબ ! બેરાએ કહ્યું, આજે એકલા આવ્યા ?

–આજે હું આવવાનો જ ન હતો. આલોક ગુપ્તાએ તેના તરુણ ચહેરામાં જોતાં જણાવ્યું.

–તો ?

–હું એક અગત્યના કામે અહીં આવ્યો હતો.

–હું કાંઈ તમારી મદદ કરી શકું ?

–ના, અન્ના. બેરાનું નામ ગમે તે હોય, અન્નાના નામે બધાં એને સંબોધતાં હતાં.

–અન્ના ! સહેજ વિચારી તેણે બેરાને પ્રશ્ન કર્યો. સવારે અહીં કોઇ વિદેશી કોફી પીવા આવ્યો હતો ?

બેરાને અચાનક યાદ આવી ગયું.

–અરે સાહેબ ! હું તો ભૂલી જ ગયો.

–શું ?

બેરાએ ખિસ્સાં ફંફોળી એક બંધ કવર કાઢતાં તેની સામે ધર્યું. આ પરબીડિયું કોઇ આપી ગયું છે.

–ક્યારે?

–કાલે રાત્રે કોફી હાઉસ બંધ થવાના સમયે. બેરાએ જણાવ્યું, હું તદ્દન વીસરી ગયો.

આલોક ગુપ્તાએ પરબીડિયું લઇ બેરાના હાથમાં પાંચની નોટ સરકાવી અને બહાર નીકળી ગયો. કાર સ્ટાર્ટ કરી. અહીં પરબીડિયું ખોલી વાંચવાની તેને ઇચ્છા નહોતી. કારને તે એક નજીકના પેટ્રોલ પંપમાં લઈ ગયો. કારમાં પેટ્રોલ ભરાય એ દરમિયાન તેણે પરબીડિયું ખોલી પત્ર વાંચી લીધો. તેની આંખો પહોળી થઈ ગઈ. પત્રમાં માત્ર એક જ લાઈન લખાઈ હતી - કાલે સાંજે છ વાગે. સ્થળ કુતૂબમિનાર.

કોઈ તેને ખાનગીમાં મળવા ઈચ્છતું હતું. કોણ ? શા માટે ? આ બધા પ્રશ્નો પર વધુ ન વિચારતાં તેણે પત્ર સાથે પરબીડિયાને પણ ફાડીને ફેંકી દીધો. કારમાં પેટ્રોલ ભરાઈ ગયું હતું. તેણે ચાવી ઘુમાવી. કાર સ્ટાર્ટ થઈ અનિતાના મકાનની દિશામાં દોડી ગઈ.

અનિતા તેની વાટ જોતી બાલ્કનીમાં જ ઊભી હતી. આલોક ગુપ્તાની કાર તેના મકાન નીચે પાર્ક થતાં નાનકડી અટેચી સાથે તે સીડીઓ ઊતરી ગઈ. આલોક ગુપ્તાએ તેની અટેચી પાછલી સીટ પર ગોઠવી. અનિતા તેની પડખે બેસી ગઈ. કાર સ્ટાર્ટ થઈ પાલમ એરપોર્ટની દિશામાં દોડી ગઈ.

–પાછી ક્યારે આવીશ ?

–પરમ દિવસે.

–પરમ દિવસે એટલે ક્યારે ?

–કદાચ વહેલી સવારના પ્લેનમાં.

–મારું એક કામ કરીશ ?

અનિતાએ તેની સામે જોયું. તેના હાથ સ્ટિયરિંગ વ્હીલ પર સ્થિર હતા. તેની આંખો સામેના કાચ બહાર. ડામરની સીધી સડક પરથી કાર સડસડાટ કરતી આગળ વધી રહી હતી. અનિતાના ટૂંકા વાળ તેના ચહેરાની ચારે તરફ ફેલાઈ રહ્યા હતા.

–શું કામ છે ? અનિતાએ બંને હાથની મદદ વડે વાળને ઠીક કરતા ચીપિયો ભેરવી દીધો.

–નેતાજીને થોડાક પ્રશ્નો પૂછવા છે.

–કહે !

–મારી બ્રિફિકેસ ખોલો ! આલોક ગુપ્તા તેની સામે જોયા વિના જ કહી રહ્યો હતો. તેમાં ભૂખરા રંગનું એક પરબીડિયું છે. એમાં મેં સવાલો ટાઈપ કરીને રાખ્યા છે.

અનિતાએ બ્રિફિકેસ ખોલી અંદરથી પરબીડિયું લઈ લીધું.

–બીજું કાંઇ ?

–તારા નેતાજી ખરેખર ચાલાક માણસ છે.

–નેતાજી ચાલાક ન હોત તો જાપાનીઓ તેમને કાચા ને કાચા ચાવી જતે ! અનિતાએ સહેજ હસીને જણાવ્યું.

–એ પણ ખરું.

–તને શા પરથી એમ લાગ્યું ?

–કાલે મારો એક અધિકારી સાદા વેશમાં તેમની મુલાકાતે ગયો હતો.

–પછી ? અનિતાની જિજ્ઞાસા જાગી.

–એને મેં નેતાજીના હસ્તાક્ષરો લાવવાનું કામ સોંપ્યું હતું.

–મળ્યા ?

–મળ્યા હોત તો નેતાજીને હું ચાલાક ન કહેત.

અનિતાને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું - શું નેતાજીએ ઓટોગ્રાફ પણ ન દીધો ?

–માત્ર ઓટોગ્રાફ જ દીધો અને સહી પરથી ખાતરીપૂર્વક ન કહી શકાય કે વ્યક્તિ એ જ છે કે જુદી. પછી તેણે ઉમેર્યું. અમારા અધિકારીએ નેતાજીને કાંઈ સંદેશો લખવા માટે વિનંતી કરી અને તું કલ્પી શકે છે, નેતાજીએ શું કહ્યું ?

–શું કહ્યું ?

–ફરી મુલાકાત થશે ત્યારે સંદેશો પણ દઈશ.

અનિતાથી હસ્યા વિના ન રહેવાયું.

–પણ નેતાજી એક થાપ ખાઈ ગયા.

–કેવી ?

–તેમના ફિંગર પ્રિંટ અમને મળી ગયા છે.

–તેનું શું ?

–આંગળાનાં નિશાનો પરથી સરળતાથી જાણી શકાય કે માણસ કોણ છે ? કોઈ જાણીતો ક્રિમિનલ કે નિર્દોષ.

–આલોક ! અનિતાએ સહેજ વિચારી હળવેકથી કહ્યું, મારી સમજમાં એક વાત નથી આવતી.

–કઈ ? વળાંક આવતાં કારના ટાયર ચિચિયારી કરી ઊઠયા.

–આપણા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીએ તેમનો સ્વીકાર કરી લીધો છે અને તું હજીયે...

આલોક ગુપ્તા વચ્ચે બોલી ઊઠયો – પ્રધાનમંત્રી લાચાર છે. હું નથી. જ્યાં સુધી મને એક સો એક ટકા ખાતરી નહિ થાય, હું

નેતાજીને નેતાજી તરીકે નહિ સ્વીકારું.

–અને એ ખાતરી તને ક્યારેય થવાની નથી.

–કદાચ. કહેતાં તેણે કારને પાલમ એરપોર્ટના ચોગાનમાં રોકી પૂછ્યું. અનિતા ! તારી પાસે કેમેરો હશે જ !

–એટેચીમાં છે, કેમ ?

–નેતાજીનાં ઉઘાડાં અંગોના ક્લોઝઅપની મારે જરૂર છે.

–અર્થાત ચહેરાના

–શક્ય હોય તો આખા શરીરના.

અનિતાએ સસ્મિત બહાર નીકળતાં જણાવ્યું - તું શું એમ ધારે છે કે પ્રેસ કોન્ફરન્સમાં નેતાજી સ્ટ્રિપટીઝ કરશે ?

–ના. આલોક ગુપ્તાએ તેની જોકને મહત્ત્વ ન દેતાં હકીકત દર્શાવી, નેતાજી યોગી પણ છે અને ભાગ્ય સાથ દે તો તને તેમનાં વધુ અંગોના ફોટાઓ લેવાની તક મળી જાય.

–આલોક ! અનિતાએ પોતાની એટેચી પાછલી સીટ પરથી ખેંચી લીધી. હજી તે મજાકના

મૂડમાં જ હતી. તેણે હળવા શબ્દોમાં કહ્યું. સી.બી.આઈ. તને પગાર દે છે, મને નહિ.

–મારું કામ તું કરીશ. એ બદલ તને પણ મહેનતાણું મળશે એની ખાતરી હું દઉં છું. આલોક ગુપ્તાએ કારને લોક કરતાં જણાવ્યું.

–કેશ ?

–કેશ અને કિસ.

–કિસ એડવાન્સમાં લઈશ.

ધીમે પગલે આગળ વધતાં બંને જણાં લોનજમાં પ્રવેશ્યાં. આલોક ગુપ્તાએ સહેજ નમી ત્યાં જ તેના હોઠ પર એક ચુંબન લીધું.

–તારા હોઠ...અનિતાએ તેના ચહેરામાં જોતાં એ કહેવાનો પ્રયાસ કર્યો કે તેના હોઠ રંગાયા છે. તે ન સમજ્યો.

–મારા હોઠ ?

–મારી લિપસ્ટિક ભૂસી નાખી.

–અર્થાત્ હું ઉંમરલાયક કહેવાઉં.

–એટલે ?

તેણે ખિસ્સામાંથી રૂમાલ કાઢી પોતાના હોઠ લૂછતાં ઉત્તર દીધો – એક અમેરિકન ફિલસૂફે કહ્યું છે કે છોકરી લિપસ્ટિક લગાડતી થાય અને છોકરો લિપસ્ટિક ભૂસાડતો થાય તો સમજી લેવાનું કે બંને ઉમરલાયક થઈ ગયાં છે. અનિતાથી હસ્યા વિના ન રહેવાયું.

* * *

હોટલ શ્રી પાસેથી ટેક્સી પકડી અનિતા બાંશી ગામની દિશામાં આગળ વધી ગઈ. કર્નલ ગુલમહમદનું મકાન શોધવાની તેને જહેમત લેવી ન પડી. તેની ટેક્સી વૃક્ષોની ઘટાઓમાં કલરવ કરતાં પંખીઓનું ગુંજન સાંભળતી ગ્રાંડ ટ્રંક રોડ પર થઈ બાંશીના કાચા રસ્તા તરફ વળી અને તેણે દૂરથી જ ખેતરોની પેલે પાર વાહનોની ભીડ જોઈ.

કર્નલ ગુલમહંમદના મકાન બહાર ડઝનેક કાર પાર્ક થઈ ઊભી હતી. સાથે થોડાંક સ્કૂટર અને સાઇકલો પણ નજરે પડતી હતી. મકાન બહાર ઠીક ઠીક ચહલ-પહલ હતી. પૂર્વની તરફના હરિયાળા ડુંગરાઓ વર્ષાને કારણે સંપૂર્ણ લીલા થઈ ગયા હતા.

અનિતાએ ટેક્સીનું મિટર ચૂકવ્યું અને પોતાની નાનકડી એટેચી સાથે કર્નલના મકાનના કંપાઉન્ડમાં દાખલ થઈ. કંપાઉન્ડમાં બે લાંબાં ટેબલ તથા ખુરસીઓ ગોઠવાઈ હતી. આશરે ત્રીસથી વધુ પત્રકારો માટે બેસવાની અહીં વ્યવસ્થા હતી. અત્યાર સુધીમાં લગભગ બધી જ ખુરશીઓ ભરાઈ ચૂકી હતી.

અનિતા આંખો પટપટાવતી ઊભી હતી અને કેપ્ટન તલવારસિંઘ તેની સેવામાં હાજર થઈ ગયો. પત્રકારોના સ્વાગતની જવાબદારી તેણે સ્વીકારી લીધી હતી. તેની પત્ની અમૃતા સાથે કર્નલ ગુલમહમદનો બાવરચી મહેમાનો માટેના ચા-નાસ્તાની વ્યવસ્થામાં ગૂંથાયો હતો.

તલવારસિંઘે અનિતાના હાથમાં એક સાઈક્લોસ્ટાઈલ કોપી સોંપતાં આંગળી વડે ઈશારો કર્યો. અનિતા સ્મિત ફરકાવી ખાલી ખુરશીની દિશામાં આગળ વધી ગઈ. ખુરશીમાં જગ્યા લેતાં તેણે ઉપસ્થિત મહેમાનોના ચહેરા પર ઊડતી નજર પાથરી. ચાર ચહેરા વિદેશી હતા. કદાચ 'ટાઈમ' કે "ન્યૂઝ વીક'ના ખબરપત્રીઓ હોય ! એક ચહેરો જાપાની પણ હતો. બાકી સ્વદેશી હતા. અને તેમાંના લગભગ ચહેરાઓથી તે પરિચિત હતી. હજી નેતાજીએ દર્શન નહોતાં દીધાં.

અનિતાને એક વાતની ખુશી હતી. નેતાજીની ખાલી ખુરશી તેની નજીક હતી. વચ્ચે માત્ર

'અમૃત બજાર પત્રિકા'નો ખબરપત્રી બેઠો હતો. પરંતુ નેતાજીની ખુરશી અને ખબરપત્રીની ખુરશી વચ્ચે કાટખૂણો સર્જાતો હોવાના કારણે અનિતા લાભમાં હતી. નેતાજીનો ચહેરો તે સ્પષ્ટ અને પોઈન્ટ બ્લેન્ક રેંજમાં જોવાની હતી.

અનિતાએ સાઈક્લોસ્ટાઈલ પાનાંઓ પર ઊડતી નજર ફેંકી. શક્ય તેટલી ઝડપે તે નેતાજીનું સ્ટેટમેન્ટ વાંચી રહી હતી. ગઈ કાલથી આજ સુધીનો તેનો લગભગ સમય મુલાકાતોમાં વીત્યો હતો. એરપોર્ટ પાસેની હોટલ શ્રીમાં રૂમ બુક કરાવી તેણે કલકત્તાનાં અનેક સ્થળોની મુલાકાત લીધી હતી. અનેક વ્યક્તિઓને તે મળી હતી.

રાત હોટલમાં ગાળી આજે સવારે તેણે 'નેતાજી રિસર્ચ બલ્યુરો'ની મુલાકાત પણ લીધી હતી. આજનો લગભગ સમય તેણે ત્યાં જ ગાળ્યો હતો. સાંજે ચાર વાગે તે પાછી હોટલમાં આવી હતી અને પાંચ પહેલાં અહીં હાજર થઈ ગઈ હતી.

નેતાજીના સ્ટેટમેન્ટનાં સાઈક્લોસ્ટાઈલ પાનાં અગિયાર હતાં. અનિતાએ હજી સાત વાંચ્યાં હતાં અને કનલ ગુલમહમદ સાથે નેતાજીએ દરવાજામાં દેખા દીધી.

એક સાથે અનેક કેમેરાઓની ફલેશ ઝબકી ઊઠી. ફોટોગ્રાફરો પહેલાંથી વરંડામાં કેમેરા ગોઠવી તૈયાર ઊભા હતા. ફિલ્મ્સ ડિવિઝન તથા વિદેશી ટીવીના કેમેરા શરૂ થઈ ગયા. તીવ્ર લાઈટ વાતાવરણમાં પથરાઈ ગઈ. લગભગ સર્વે પત્રકારો નેતાજીનું સ્વાગત કરવા પોતાની ખુરશીમાંથી ઊભા થઈ ગયા હતા.

નેતાજી સમિત તેઓને બેસવાનો ઈશારો કરતાં પોતાની ખાલી ખુરશી પાસે આવ્યા. કનલ ગુલમહંમદે તેમની ખુરશી સહેજ ખેંચી નેતાજીને બેસવા માટે સગવડ કરી દીધી. નેતાજી લાંબા ટેબલની કિનાર અને ખુરશી વચ્ચે આવતા કનલ ગુલમહમદે ખુરશી સહેજ ખસેડી તેના મૂળ સ્થાને ગોઠવી દીધી. નેતાજી એક ઊડતી નજર મહેમાનો પર પાથરી બેસી ગયા. કનલ ગુલમહંમદ તેમના બોડી ગાડની જેમ આઝાદ હિંદ ફોજના પોશાકમાં તેમની ખુરશી પાછળ ટટ્ટાર ઊભો હતો.



૧૩

અનિતાએ જોયું તો નેતાજીનાં વસ્ત્રો સાદાં અને ખાદીનાં હતાં. સફેદ કૂરતું, બંગાળી ઢબે બંધાયેલી સફેદ ધોતી, પગમાં ચંપલ, માથે ગાંધી ટોપી, આંખ પર ચશમાં અને ખભા પર શાલ, કેમેરાને ફોક્સ કરી અનિતાએ તેમનો પહેલો ક્લોઝઅપ લીધો. ક્લિક. એ સમયે નેતાજીની આંખો થોડે છેટે બેઠેલા એક ખબરપત્રી પર સ્થિર હતી.

-મારી ભૂલ થતી ન હોય તો...એ જ ખબરપત્રીને સંબોધી નેતાજીએ શરૂઆત કરી. આપ શ્રી ભટ્ટાચાર્ય છો.

સર્વ પત્રકારોની આંખો સાથે ચહેરા પણ ભટ્ટાચાર્યની દિશામાં ઘૂમ્યા. શ્રી ભટ્ટાચાર્ય એસીની ઉંમર વટાવી ચૂકેલા કલકત્તાના 'સષ્ટેટસમેન'ના વયોવૃદ્ધ ખબરપત્રી હતા. રિટાયડ હતા, છતાં નેતાજીના આગમનના સમાચાર સાંભળી. આજે અહીં આવ્યા હતા. તેમની ધારણા મુજબ નેતાજી તાઈપેના વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. અને એ વિષે તેમને શંકા નહોતી. એ જ મક્કમ વિશ્વાસ સાથે તે અહીં પધાયા હતા. નેતાજીને વરંડામાંથી આગળ વધી ખુરશીમાં જગ્યા લેતાં જોઈ તે સહેજ ગૂંચવાઈ ગયા હતા. પછી નેતાજીના સંબોધને તેમને ચીત કરી દીધા હતા. તેમને માટે હવે શંકાને ક્યાંય સ્થાન નહોતું. સાથે જ બાકીના પત્રકારોની શંકાનું પણ લગભગ સમાધાન થઈ ચૂક્યું હતું.

-આઝાદી પહેલાં બમર્નિ મંડાલય જેલમાં આપણે સાથે જ કારાવાસ ભોગવ્યો હતો. શ્રી ભટ્ટાચાર્યો જણાવ્યું.

-હું જાણું છું. નેતાજીએ કહ્યું.

અનિતાએ ફરી પોતાના કેમેરાની ચાંપ દાબી. 'શટર' ખૂલ્યું અને તુરત બંધ થઈ ગયું. આ વખતે તેણે નેતાજીના હોઠનો ક્લોઝઅપ લીધો હતો.

–મિત્રો અને સાથીઓ !

નેતાજીએ ઉપસ્થિત મહેમાનોને સંબોધી ઔપચારિક શરૂઆત કરી – આશા રાખું છું કે અત્યાર સુધીમાં તમે મારું સાઈક્લોસ્ટાઈલ સ્ટેટમેન્ટ વાંચી ગયા હશો ! અને તમારી જિજ્ઞાસાનું થોડુંઘણું સમાધાન પણ થઈ ગયું હશે ! છતાં અનેક પ્રશ્નો પૂછવા માટે તમે અધીરા થઈ રહ્યા છો એ હું જોઈ શકું છું.

નેતાજી વધુ કાંઈ કહે એ પહેલાં જ દિલ્લીના દિનમાન'નો ખબરપત્રી બોલી ઊઠયો – તમારા બયાનમાં તમે એ નથી જણાવ્યું કે ચીનથી તમે કયા માર્ગે ભારત આવ્યા ?

–સમુદ્ર માર્ગે નેતાજીએ ઉત્તર દીધો.

–જહાજમાં.

–સબમરીનમાં.

–પુરાવો ?

–મારા શબ્દો.

–તમે સાઈબેરિયાની જેલમાં હતા એ પણ અમારે પુરાવા વિના સ્વીકારી લેવાનું છે ? કલકત્તાના એક ખબરપત્રીએ પ્રશ્ન ઉછાળ્યો.

—ના. નેતાજીએ જણાવ્યું, જો કે એના સધ્ધર પુરાવાની તમે આશા રાખી ન શકો. હું માત્ર આટલું જરૂર કહીશ કે ઓગણીસમી જુલાઈએ મેં જેલ તોડી હતી અને પ્રવદા'ની વીસમી જુલાઈની પ્રતમાં સાઈબેરિયાની જેલ ધડાકા સાથે તૂટી હતી તેના ટૂંક સમાચાર પ્રગટ થયા છે.

—પરંતુ રશિયાની સરકારે તમારા આ આક્ષેપને રદિયો દીધો છે.

—રશિયાની સરકાર એ સિવાય બીજું કરી પણ શું શકે છે ?

—સાઈબેરિયાની જેલનું વાતાવરણ કેવું હતું ? આ પ્રશ્ન ટાઈમના ખબરપત્રીએ કર્યો હતો, એ બાબત સહેજ વિગતવાર ખ્યાલ આપવાની કૃપા કરશો ?

—સાઈબેરિયાની યુકૂલ્સ જેલમાં હું કારાવાસ ભોગવી રહ્યો હતો. નેતાજી સ્પષ્ટ શબ્દોમાં કહી રહ્યા હતા, મારી બરાકનો નંબર ૪૫ હતો. ત્યાંનું વાતાવરણ વોર-કેમ્પ જેવું હતું.

—નેતાજી ! મુંબઈ સમાચારના ખબરપત્રીએ તક ઝડપી લેતાં પ્રશ્ન કર્યો. જેલમાંથી નાસી છૂટવાના તમે ત્રણ પ્રયાસો કર્યા અને ચોથામાં સફળ રહ્યા. એ સિવાય તમે કોઈ બીજી દિશામાં પ્રયાસ કર્યા હતા ?

—મેં એ સમયના પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નેહરુને બે ગુપ્ત સંદેશાઓ પાઠવ્યા હતા.

ભારતીય ખબરપત્રીઓએ સાશ્ચય એકમેક સામે જોયું. એ ખામોશીમાં એકસપ્રેસ ગ્રૂપના ખબરપત્રીએ સ્પષ્ટતા કરી – તમે એવો કોઈ સંદેશો નેહરુજીને મોકલાવ્યો હોય એવું અમારી જાણમાં નથી.

—સ્વાભાવિક છે. નેતાજીએ ટૂંકો પરંતુ માર્મિક ઉત્તર દીધો.

ઉપસ્થિત ખબરપત્રીઓએ એ ટૂંકા ઉત્તરની લાંબી કલ્પના કરી. ગાંધી, જવાહરલાલ નેહરુ તથા સુભાષચંદ્ર બોઝના સંબંધ સ્વતંત્રતા મળે એ પહેલાં જ ડહોળાઈ ગયા હતા. સ્વતંત્રતા મળ્યા પછી એમ પણ કહેવાતું હતું કે નેહરુજીના એક માત્ર પ્રતિસ્પધી નેતાજી હતા. જો નેતાજી ખરેખર જીવતા હોય અને ભારત આવે તો રાજદ્વારી ઊથલપાથલ થયા વિના ન રહે !

અનિતાએ બીજા બે ક્લોઝઅપ નેતાજીની આંખો તથા કપાળના ભાગના લીધા. આલોક ગુપ્તાની વિનંતી મુજબ તે એક પછી એક ક્લોઝઅપ લેતી જતી હતી.

—નેતાજી ! ટૂંકી ખામોશી પછી દૈનિક જાગરણના એક ખબરપત્રીએ પ્રશ્ન વહેતો મૂક્યો. પ્રશ્ન આઝાદ હિંદ ફોજ તથા નેતાજીના જાપાનીઓ જોડેના સંબંધના વિષયમાં હતો, કહેવાય છે કે જાપાની સૈન્ય સાથે આઝાદ હિંદ ફોજ વિજય કૂચ કરતી દિલ્લી આવી હોત તો જાપાનીઓ આઝાદ હિંદ ફોજને એક બાજુએ ખસેડી ભારત પર કબજો જમાવી બેઠા હોત ! આ વિષે...

—મારે આટલું જ કહેવાનું છે કે... નેતાજી વચ્ચે બોલી ઊઠયા. જાપાનીઓ જોડે અમારો કરાર હતો અને એ કરારનું ઉલ્લઘન જાપાનીઓ કરી શક્યા ન હોત !

—કદાચને જાપાનીઓ દગો રમ્યા હોત.

—તો આઝાદ હિંદ ફોજનો અકકેક સૈનિક તથા ભારતના અકકેક નાગરિકે જાપાની સૈન્યનો જડબાતોડ મુકાબલો કર્યો હોત ! આઝાદ હિંદ ફોજના અફસરોને આ બાબત મેં પહેલાંથી જ ચેતવી દીધા હતા.

—અર્થાત તમને પણ શંકા હતી જ !

—ચેતતો નર સદા સુખી.

ખામોશ બેઠેલા આશાઈ સિમ્બનના જાપાની ખબરપત્રીએ હોઠ ખોલ્યા - મિસ્ટર નેતાજી ! જાપાનીઓએ તમને મૃત જાહેર કરી છાની રીતે રશિયાની સીમા સુધી પહોંચાડ્યા એમ તમે તમારા સ્ટેટમેન્ટમાં જણાવ્યું છે. શું આ પ્રકારની યોજના પહેલાંથી ઘડાઈ હતી ?

—એટલે?

—તમને મૃત જાહેર કરી રશિયા મોકલાવી દેવા.

નેતાજીએ ક્ષણિક થોભી ઉત્તર દીધો - યોજના અવશ્ય ઘડાઈ હતી, પરંતુ એ યોજનાએ જે આકાર લીધો એ તદ્દન આકસ્મિક હતો. હકીકતમાં મારા અચાનક થયેલા વિમાન અકસ્માતને કારણે જાપાનીઓ મૂંઝાઈ ગયા હતા. તેઓ નહોતા ઇચ્છતા કે હું દુશ્મનોના હાથમાં યુદ્ધકેદી તરીકે જીવતો સપડાઉં. કદાચ એટલે જ તેઓએ મારા અકસ્માતની તક ઝડપી લેતાં મને તુરત મૃત જાહેર કર્યો. એ સમયે જાપાની ડોક્ટરોને મારા જીવી જવા વિષે નક્કી આશા હશે ! અને આ જ કારણે જાપાની જનરલ તેરાઉચના કહેવાથી તેઓ સૈનિક હોસ્પિટલમાંથી મારું અપહરણ કરી ગયા હતા.

–એક વધુ પ્રશ્ન ! માતૃભૂમિના ખબરપત્રીએ ગળું સાફ કરી પ્રશ્ન કર્યો, ભારત પધારી તમે તમારે ઘેર જવાને બદલે કનલના પરીણા શા માટે બન્યા ?

–મારા પરિવાર જોડેના મારા સંબંધ પૂર્ણ થયા છે.

–ક્યારથી ?

–જે દિવસે મારી પત્ની તથા પુત્રી વિએનાથી સ્વતંત્ર ભારતમાં પધાર્યા હતાં. એ જાણવા છતાં કે હું પરિણીત છું, મારા ભાઈઓ તથા ભત્રીજાઓએ મારી પત્ની તથા પુત્રીની અવગણના કરી હતી.

–કારણ ?

–તેઓને ભય હતો...નેતાજી બેધડક કહી રહ્યા હતા, મારી પુત્રી અનિતા મારી પત્ની સાથે મારી મિલકત પર કબજો મેળવવા આવી છે.

પોતાનું નામ કાને અથડાતાં અનિતાએ કેમેરાના લેન્સ પાછળથી આંખો ઊંચી કરી નેતાજી સામે જોયું. નેતાજીની પુત્રીનું નામ પણ અનિતા હતું, એ ખ્યાલ આવતાં તેની આંખો પાછી કેમેરાના લેન્સ પાછળ સરકી ગઈ.

ક્લિક ! ક્લિક !

–નેતાજી ! કોઈકે વચ્ચેથી પૂછ્યું, આપનો ભાવિ કાર્યક્રમ શું છે ?

નેતાજીએ તેની દિશામાં જોયા વિના જ સર્વેને સંબોધીને જણાવ્યું – જનજાગૃતિ.

–થોડીક વધુ સ્પષ્ટતા કરશો ?

–હાલના સ્વતંત્ર ભારતની સ્થિતિથી તમે વાકેફ છો જ. છતાં હું કહીશ કે ભીતરના સડાને કારણે કોંગ્રેસ પક્ષ નબળો પડી ગયો છે. મારે જનજાગૃતિ દ્વારા એ સડાને, એ ભ્રષ્ટાચારને દૂર કરવો છે. વિશેષમાં વિરોધ પક્ષો પ્રજાને મદદરૂપ થવાને બદલે આઝાદ ભારતના પાયા ઉંદરડાઓ જેમ કોતરી રહ્યા છે. મારે એ પાયાઓને મજબૂત કરવા છે. ત્રીજું, મારી કલ્પનાનું ભારત આજે બે ટુકડાઓમાં વહેંચાઈ ગયું છે. મારાથી બનતા સઘળા પ્રયાસ કરીશ કે ભારત પાછું અખંડ અને અવિભાજિત બને.

–એ માટે તમે કેવાં પગલાં લેશો ?

–સહુ પ્રથમ કોમવાદને જડમૂળમાંથી ઉખેડવાનો મારો ઈરાદો છે. સાથે ભ્રષ્ટાચાર અને કાળાં નાણાંની સમાંતર સરકારને પણ પડકારવાની છે. આ બધું કેમ થશે એ સમય કહેશે !

નેતાજીથી છેટે બેઠેલા કલકત્તાના મેયર શ્રી રીય પત્રકાર નહોતા. તેમને પ્રશ્ન કરવાની જરૂર નહોતી છતાં તે પૂછી બેઠા - નેતાજી ! આઝાદ ભારતમાં પગ મૂકતાં સૌથી પહેલો ખ્યાલ તમને શું આવ્યો ?

–આ ભારત એ નથી. જેની મેં કલ્પના કરી હતી. નેતાજીએ સ્પષ્ટ જણાવ્યું, અહીંની માટીમાંથી હજીયે ગુલામીની ગંધ આવે છે. લોકો આજે પણ બ્રિટિશરોને યાદ કરી તેઓનાં ગુણગાન ગાય છે. અને એ બદલ હું પ્રજાને દોષ નથી દેતો. જે સરકારે મારા આઝાદ હિંદ ફોજના વીરોને સ્વતંત્ર ભારતના સૈન્યમાં સ્થાન નથી દીધું, જે સરકારે મારા ક્રાંતિકારી વીરોને

બેહાલ કર્યા છે, એ જ સરકારે પ્રજાને પણ આઝાદીના નામે છેતરી છે.

અનિતાને આઝાદ હિંદ ફોજના રિટાયડ કર્નલ ગુલઝારાસિંહનો ઈન્ટરવ્યુ યાદ આવી ગયો. હજી છ મહિના પહેલાં તેણે ગુલઝારાસિંહનો ઈન્ટરવ્યુ લીધો હતો. અને એ ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું હતું – આપણી સરકારે સહુથી મોટી ભૂલ કોઈ કરી હોય તો તે આઝાદ હિંદ ફોજના જવાનોને સ્વતંત્ર ભારતના સૈનિક દળમાં સ્થાન ન દેવાની કરી છે. બેન ! તમે સમજી શકો છો ! અમે સૈનિક છીએ. અમારા લોહીમાં સાહસ છે. હું મારી જ વાત કરું તો મારા પરિવારનો અક્કેક સભ્ય સૈનિક હતો. મારા પિતા બ્રિટિશ દળમાં કેપ્ટન હતા. મારા દાદા મોગલોની ફોજમાં સરદાર હતા. આઝાદ હિંદ ફોજની રચના થતાં અમે, બ્રિટિશ દળના સૈનિકો બ્રિટિશ દળને તિલાંજલી દઈ નેતાજીની આઝાદ હિંદ ફોજમાં જોડાયા. યુદ્ધ પૂર્ણ થતાં અમે ભારત પાછા ફર્યા. સ્વાભાવિક હતું કે બ્રિટિશરો અમને સૈન્યમાં ફરી સ્થાન ન દે. પરંતુ એ આશા પણ હતી કે બહુ જલદી ભારત સ્વતંત્ર થશે અને અમને ફરી સૈન્યમાં સ્થાન મળશે ! અમારી એ આશા ઠગારી નીવડી. આઝાદ હિંદ ફોજના સૈનિકો બાહોશ હતા. જાપાની તથા જમીનોના હાથ નીચે તેઓએ તાલીમ લીધી હતી. એ જ ચુનંદા સૈનિકો જળ વિના જેમ માછલી તરફડે એમ જીવનની છેલ્લી પળ સુધી તરફડતા રહ્યા. થોડાક હજીયે તરફડી રહ્યા છે. એમાં હું પણ અપવાદ નથી.

–કોઈને કાંઈ પૂછવું છે ? અંતે નેતાજીએ પ્રશ્ન કર્યો અને અનિતાને યાદ આવી ગયું. આલોક ગુપ્તાએ તેને પ્રશ્નોનું એક પરબીડિયું દીધું હતું અને તેમાંથી હજી તેણે એકે પ્રશ્ન કર્યો નહોતો. તરત જ તેણે પરબીડિયું ખોલ્યું અને ઝડપથી પહેલો પ્રશ્ન વાંચી લેતાં આંખો ઊંચી કરી.

–નેતાજી !

તે કાંઈ પૂછવા ગઈ અને નેતાજીએ હસી દેતાં કહ્યું – બેન ! અત્યાર સુધી તમે મૌન બેઠાં રહ્યાં એ મારા માટે આશ્ચયની વાત છે!

હાસ્યનું એક હળવું મોજું પત્રકારો વચ્ચે ફરી વળ્યું. અનિતા સંકોચાઈ ગઈ, છતાં તેણે હિંમતથી પૂછી નાખ્યું.

–પચીસ વર્ષ પહેલાંના તથા પચીસ વર્ષ પછીના તમારા ચહેરામાં મને કાંઈ તફાવત નથી લાગતો. કહેતાં તેણે ઉમેર્યું, શું એનું કારણ તમારા ચહેરા પર થયેલી પ્લાસ્ટિક સર્જરી હોઈ શકે ?

નેતાજી પળભર માટે અનિતા સામે જોઈ રહ્યા. આટલી ઝીણવટથી તેમનો ચહેરો કોઈએ જોયો નહોતો. પરંતુ બીજી જ ક્ષણે તેમને ખ્યાલ આવ્યો. અનિતાએ જે ચોંકાવનારો પ્રશ્ન કર્યો હતો એ તે પહેલાંથી જ લખીને લાવી હતી. આથતિ પ્લાસ્ટિક સર્જરીનો પોઈન્ટ અનિતાની માત્ર કલ્પના હોઈ શકે, નહિ કે નિરીક્ષણ.

–બેન ! નેતાજીએ હોઠ ખોલ્યા, વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પચીસેક વર્ષ પછી મનુષ્યોના ચહેરા વધુ બદલાતા નથી. બીજું, હું નિયમિત કસરત કરું છું અને યોગ-સાધનામાં પણ કલાક બે કલાક ગાળું છું. છતાં તમારી વાત પણ ખોટી નથી. વિમાન અકસ્માત પછી મારો ચહેરો સખત રીતે દાઝી ગયો હતો અને ચહેરા પર પ્લાસ્ટિક સર્જરી પણ થઈ છે.

આલોક ગુપ્તાની શંકા મુજબ જો આ કહેવાતા નેતાજી, નેતાજી નહિ હોય તો “પ્લાસ્ટિક-સર્જરી’ શબ્દ સાંભળી તેમના ચહેરાનો રંગ બદલાઈ જશે ! તે પ્લાસ્ટિક-સર્જરીની વાતને તદ્દન નકારી કાઢશે ! અહીં અનિતાને કાંઈ જુદો જ અનુભવ થયો હતો.

–પ્રશ્ન બીજો.. ખોળામાં પડેલા પ્રશ્ન પેપર પરથી નજર ખસેડતાં અનિતાએ પૂછ્યું, ભારત તમારો દેશ છે, છતાં તમે છાની રીતે ભારતમાં શા માટે પ્રવેશ્યા ?

–થોડાક દિવસો શાંતિપૂર્વક ગાળી રાજદ્વારી વાતાવરણનો હું અભ્યાસ કરવા ઈચ્છતો હતો.

—ચીનમાં તમે કોના મહેમાન હતા ?

—માઓના પસનલ સેક્રેટરી આાંગ મીનને ત્યાં હું એક અઠવાડિયું રહ્યો હતો. ત્યાર પછી મારા રહેવાની અલગ વ્યવસ્થા થઈ હતી.

—અંતિમ પ્રશ્ન, છાની રીતે તેણે પ્રશ્ન પેપરની ઘડી કરી લેતાં કહ્યું, તમારી પત્ની તથા પુત્રી હજી વિદેશમાં છે. તેઓ વિષે તમે શું વિચાર્યું છે ?

—હું તેઓને ભારત બોલાવી લેવા ઈચ્છે છું.

—ધેટ્સ ઓલ, નેતાજી.

નેતાજીએ કર્નલ ગુલમહંમદ સામે જોયું. જે હજીયે તેમની ખુરસી પાછળ ટટ્ટાર ઊભો હતો. નેતાજીનો ઈશારો સમજી લેતાં તે મકાનની અંદરના ભાગમાં ઝડપી પગલાં ભરી ગયો. ટૂંક સમયમાં કેપ્ટન તલવારસિંઘ, તેની પત્ની અમૃતા તથા કર્નલ ગુલમહંમદનો બાવરચી મહેમાનોની સેવામાં ગૂંથાઈ ગયાં. આજની પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત મહેમાનો માટે ચા સાથે હળવા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમૃતાએ પોતાના હાથે સેન્ડવિચ, ભજિયાં તથા મસાલાના પરોઠા તૈયાર કર્યા હતા.

સ્નેક્સ આવતાં નેતાજી ઊભા થઈ તેમના જેલજીવનના સાથી શ્રી ભટ્ટાચાર્ય સુધી પહોંચી ગયા.

શ્રી ભટ્ટાચાર્યની પડખે બેઠેલા એક પત્રકારે ઊભા થઈ પોતાની ખુરશી ખાલી કરી દીધી. નેતાજી શ્રી ભટ્ટાચાર્યની પડખે બેસી અનૌપચારિક ઢબે ગપ્પાં મારવા લાગ્યા. વાતાવરણ હળવું થઈ ગયું. કર્નલ ગુલમહંમદ ફ્રી થતાં અનિતા ઊભી થઈ તેની પાસે આવી.

—મારું નામ અનિતા સારાભાઈ છે. પોતાનો ટૂંક પરિચય દેતાં તેણે કહ્યું, અને આપને મેં બે પત્રો લખ્યા હતા. એ આપના ખ્યાલમાં જ હશે !

—ઓહ યસ ! કર્નલ ગુલમહંમદ બોલી ઊઠયો. તમે આઝાદ હિંદ ફોજ પર સંશોધન કરી રહ્યા છો એ મેં આપના પત્ર દ્વારા જાણયું હતુ.

—અને એ સંશોધન લગભગ પૂણતાને આરે છે. અનિતાએ ઉમેર્યું, માત્ર આપનો ઈન્ટરવ્યુ લેવાનો બાકી છે. —આજે તો સમય નહિ મળે.

—હું સમજી શકું છું.

—આજની રાત તમે રોકાવાનાં હો તો આવતી કાલે સવારે તમે અહીં પધારી શકો છો. છે

—મને અફસોસ છે કે મધ્ય રાત્રિના પ્લેનની મારી ટિકિટ બૂક

—તો તમારે લાંબા સમય સુધી અહીં પ્રતીક્ષા કરવી પડશે !

—એના માટે હું તૈયાર છું.

-આવો ! કર્નલ ગુલમહંમદે તેને નેતાજીની દિશામાં દોરતાં કહ્યું, તમારો વિશેષ પરિચય નેતાજીને દેતાં મને આનંદ થશે.

—નેતાજી ! કર્નલ ગુલમહંમદે તેમની પાછળ સહેજ નમતાં જણાવ્યું, એક મિનિટ !

નેતાજી શ્રી ભટ્ટાચાર્ય પાસેથી ઊભી થઈ ગયા.

—મિસ અનિતા સારાભાઈ પત્રકાર છે.

—અનિતા ! નેતાજીએ પળો ભર માટે ખોવાઈ જતાં સ્વગત ઉચ્ચાર્યું. કર્નલ ગુલમહંમદ તેમના ચહેરામાં જોઈ રહ્યો.

—તમને પહેલી વાર અહીં જોયા ત્યારે મને ખરેખર મારી પુત્રી યાદ આવી હતી. નેતાજીએ અનિતાને સંબોધી ઉમેર્યું, ત્યારે હું નહોતો જાણતો કે તમારું નામ પણ અનિતા હશે !

—મિસ અનિતા ફ્રીલાન્સર છે. કર્નલ ગુલમહંમદે પરિચય આગળ વધારતાં જણાવ્યું, અને આઝાદ હિંદ ફોજ પર તેમણે ખાસ્સ સંશોધન પણ કર્યું છે.

–સરસ. નેતાજીએ વિશિષ્ટ દષ્ટિએ અનિતા સામે જોઈ હળવા શબ્દોમાં કહ્યું, તમારા રિસચની ડુપ્લીકેટ મને મોકલાવી શકો તો હું આભારી થઈશ. બીજું, તમારી ઈચ્છા એને પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની હોય તો એની પ્રસ્તાવના લખવા માટે મારા કરતાં યોગ્ય વ્યક્તિ તમને બીજી નહિ મળે !

અનિતાએ સહેજ સ્મિત ફરકાવ્યું – ક્ષમા કરજો નેતાજી, મારા પુસ્તકની પ્રસ્તાવના મેં કોઈ એવા સજજન પાસે લખાવવાનું નક્કી કર્યું છે, જે મહાત્મા ગાંધીના અહિંસાના સિદ્ધાંતમાં માનતો હોય !

–શુ ચીની આક્રમણ પછી પણ તમે અહિંસાના સિદ્ધાંતમાં માનો છો ?

અનિતા ચૂપ થઈ ગઈ.

નેતાજીએ ઉમેર્યું - મિસ અનિતા ! અહિંસામાં મને પહેલાં પણ વિશ્વાસ નહોતો અને આજે પણ નથી.

એ જ સમયે દિલ્લીમાં એક વી.આઈ.પી. સિક્યોરિટી ઓફિસરના ગળા પર ધારદાર છરી ફરી અને લોહીનો ફુવારો ઊડ્યો.



૧૪

આલોક ગુપ્તાએ કાર સ્ટાર્ટ કરી. કોનોટ સર્કસના ચોકને પાર કરી તે જનપથની પહોળી સડક પર આવ્યો અને કારને કુત્બમિનારની દિશામાં મારી મૂકી. તેને મળેલા ગુપ્ત સંદેશા મુજબ સાંજે છના ટકોરે ત્યાં પહોંચવું તેના માટે જરૂરી હતું. પરંતુ એ ગુપ્ત સંદેશો તેને કોણે મોકલ્યો હશે ? તેને તો માત્ર કૉફી હાઉસના 'બેરા' મારફત એક બંધ પરબીડિયું મળ્યું હતું. પરબીડિયું ખોલતાં ટૂંકો સંદેશો મળ્યો હતો - કાલે સાંજે છ વાગે. સ્થળ : કુતૂબમિનાર.

ઔરંગઝેબ રોડને પાર કરી તેની કાર પૃથ્વીરાજ રોડ પર દોડી રહી હતી. બલકે આજ સવારથી જ તેની કાર એક સ્થળેથી બીજા સ્થળે દોડી રહી હતી. તેની ગતિવિધિ વધી ગઈ હતી. જ્યારથી તેને સી.બી.આઈ.ના ચીફે સુભાષ-પ્રકરણ સોંપ્યું હતું, તેની નીંદર હરામ થઈ ગઈ હતી. જ્યાં સુધી સુભાષ-પ્રકરણને પૂર્ણવિરામ નહિ લાગે, તે આમ જ એક સ્થળેથી બીજા સ્થળે ભટકવાનો હતો.

આજે સવારે સી.બી.આઈ.ના ચીફને તે મળ્યો હતો અને નેતાજીના ફિંગરપ્રિંટના તૈયાર થયેલાં એન્વાર્જમેન્ટ જોયાં હતાં.

–તને શું લાગે છે, આલોક ? ચીફે પૂછ્યું હતું.

–આપણા વિશેષજ્ઞો શું કહે છે ?

–તેઓ હજી ફાઈલો ઉથલાવી રહ્યા છે. ચીફે સિગાર ફૂંકતાં જણાવ્યું હતું.

–મારા ખ્યાલથી...આલોકે સહેજ વિચારી કહ્યું હતું. આ ફિગરપ્રિંટના એન્વાર્જમેન્ટની અકકેક નકલ આપણે ઇન્ટરપોલને પણ મોકલાવવી જોઈએ.

ચીફનો ચહેરો સ્થિર થઈ ગયો હતો.

ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ કમિશન ઇન્ટરપોલના ટૂંકા નામે ઓળખાય છે. ઈન્ટરપોલની રચના પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં થઈ હતી પરંતુ તેની સ્થાપના ૧૯૨૩માં થઈ. એ સમયે તેનું મથક વિએનામાં હતું. ૧૯૩૮માં હિટલરે ઈન્ટરપોલને વેરવિખેર કરી નાખ્યું. પરંતુ ૧૯૪૬માં તેની નવેસરથી રચના કરવામાં આવી. આ વખતે તેનું મથક વિએના ન રાખતાં પેરિસ રાખવામાં આવ્યું અને આજ સુધી એ જ મથક વિશ્વનાં પોલીસ દળોને સહાય કરી રહ્યું છે, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય દાણચોરો તથા ગુનેગારો વિષેની સંપૂર્ણ માહિતી આ સંસ્થાની ફાઈલોમાં રહે છે.

–ઈન્ટરપોલને નેતાજીના ફિગર પ્રિંટ મોકલવાની જરૂર છે ? ચીફે ઊંડા વિચારને અંતે પ્રશ્ન કર્યો.

આલોક ગુપ્તાએ ઉત્તર દીધો - મને શંકા છે, નેતાજીના સ્વાંગમાં જે વ્યક્તિ આપણી સામે ઉપસ્થિત થઈ છે તે ભારતીય નથી.

–યૂ મીન કોઈ વિદેશી છે ?

–તદ્દન ખરું.

–શું કોઈ વિદેશી આટલી સરળતાથી આપણને છેતરી શકે ? ચીફનો નિર્દેશ નેતાજીના કલકત્તાના પ્રવચનની દિશામાં હતો.

—ચીફ ! આલોક ગુપ્તા બોલી ઊઠયો. આ યુગમાં કાંઈયે અશક્ય નથી.

—જેવી તારી મરજી. સિગારની રાખ એશ-ટ્રેમાં ખંખેરતાં ચીફે તેની દલીલ સ્વીકારી લીધી. નેતાજીના ફિંગરપ્રિંટની નકલો આજે જ પેરિસ મોકલાવી દઈશ.

—આજે નહિ.

—કેમ ?

—આવતી કાલે અનિતા નેતાજીના ફોટાઓ સાથે કલકત્તાથી આવશે. આલોક ગુપ્તાએ સ્પષ્ટતા કરી, એની નકલો પણ સાથે બીડવાની છે.

ચીફે ફરી એક વાર તેના ચહેરામાં જોયું અને જોતાં જ રહી ગયા.

કુતુબમિનારનું આકાશી ચણતર દૂરથી જ નજરે પડતાં આલોક ગુપ્તાએ કારની સ્પિડ ઘટાડી અને ટૂંક સમયમાં કુત્બના ચોગાનમાં આવી પહોંચ્યો. કારને લોક કરતાં તેણે કાંડા-ઘડિયાળમાં જોયું. છ વાગવામાં હજી સાત મિનિટ બાકી હતી. સાત મિનિટ તે વહેલો આવી

પહોંચ્યો હતો. કારમાંથી બહાર નીકળતાં પહેલાં તેણે ખિસ્સામાં હાથ નાખી નાનકડી રિવોલ્વરનો ટાઢો સ્પશ માણી લીધો. રિવોલ્વર તેની જીન્સના આગળના ખિસ્સામાં હતી. આજે પોશાકમાં તેણે જીન્સની ઉપર સફેદ સ્વટર પહેર્યું હતું.

સૂર્યાસ્ત થવાની તૈયારીમાં હતો. પડછાયાઓ લંબાઈ રહ્યા હતા. દિલ્લીથી અહીં સુધી આવેલાં સહેલાણીઓ પાછા જવાની તૈયારીમાં હતાં. એ સહેલાણીઓ વચ્ચે થોડાક વિદેશી ટૂરિસ્ટો પણ નજરે પડતા હતા. થોડે છેટે પાર્ક થયેલી કારો વચ્ચે ટૂરિસ્ટોને લઈ આવેલી એક મીની બસ ઊભી હતી.

આલોક ગુપ્તાએ ફરી એક વાર કાંડા-ઘડિયાળ પર દષ્ટિ ઢાળી. છ વાગી ગયા હતા. હજી તે પોતાની કારને ટેકે ઊભો હતો. કારનો ટેકો તજી તે મિનારના પ્રવેશ પાસે આવ્યો અને પ્રવેશદ્વાર પરનું કોતરકામ જોવા લાગ્યો. સૂર્ય ઢળી ગયો. મિનારાનાં ૩૭૯ પગથિયાં ચઢી ટોચે જવાની તેની ઈચ્છા નહોતી. તે એક લટાર મારી પાછો પોતાની કાર પાસે આવ્યો અને કારને ટેકે ઊભો રહી ગયો.

સહેલાણીઓ એક પછી એક ચાલ્યાં ગયાં. ટૂરિસ્ટ બસ ઊપડવાની તૈયારીમાં હતી. બધાં ટૂરિસ્ટો આવી જતાં ટૂરિસ્ટ બસ પણ ઘરઘરાટ કરતી સ્ટાર્ટ થઈ શહેરની દિશામાં દોડી ગઈ. અજવાળાં ઝાંખાં થઈ ગયાં. પ્રકાશ મેલો થઈ ગયો. કુતૂબમિનારની છાંયમાં આલોક ગુપ્તાની કાર અજનબીની જેમ એકલી ઊભી હતી.

આલોક ગુપ્તાએ સિગારેટ કેસમાંથી એક પપપ કાઢી હોઠ વચ્ચે ગોઠવી. એ જ ક્ષણે તેની પાછળ કંઈક ‘ક્લિક’ થયું. તેણે ચહેરો ઘુમાવી જોયું તો સળગતા લાઈટર સાથે એક વ્યક્તિ તેની સામે ઊભી હતી. માથે ફેલ્ટ હેટ. આંખો પર કાળાં ચશમાં. પહોળી સપાટ મૂછો. ભરાવદાર દેહ પર ભૂખરો સૂટ હતો.

આલોક ગુપ્તાએ એ જ લાઈટરની જ્યોતમાં પોતાની સિગારેટ ઝગવી અને ધુમાડાનો ગોટો વહેતો મૂકતાં અજનબીના ચહેરાને ઝીણવટથી જોવાનો પ્રયાસ કર્યો. પરંતુ સરી આવેલા અંધકારને કારણે તે કાંઈયે સ્પષ્ટ જોઈ ન શક્યો.

-ક્ષમા કરજો ! આખરે તેણે જ હોઠ ખોલ્યા, હું તમને નથી ઓળખતો.

—હું તમને ઓળખું છું. લાઈટરને બંધ કરી ખિસ્સામાં સરકાવી દેતાં યૂરી ઉલાનોવ, કેજીબીના જાસૂસે આગળ ચલાવ્યું, તમે આલોક ગુપ્તા છો અને સી.બી.આઈ. જોડે સંકળાયેલા છો, ખરું ?

આલોક ગુપ્તાએ ઉત્તર ન દીધો.

—ચાલો !

–ક્યાં ?

–તમને વાંધો ન હોય તો તમારી કારમાં બેસીએ.

આલોકે કારનો દરવાજો ખોલતાં ફરી પોતાનો પ્રશ્ન દોહરાવ્યો - તમે હજી તમારો પરિચય નથી દીધો !

–એની જરૂર છે ?

–તમે શું ઇચ્છો છો ?

–તમારી ભલાઈ

બંને જણા, કારની આગલી સીટમાં ગોઠવાઈ ગયા.

–કહો ! આલોક ગુપ્તાએ સિગારેટનો કશ લેતાં તેની સામે જોયું.

–તમે નેતાજીનું રહસ્ય ઉકેલવા મથી રહ્યા છો.

આલોક ગુપ્તા ચોક્યો. સી.બી.આઇ.એ તેને નેતાજી-પ્રકરણ સોંપ્યું છે એ રહસ્ય માત્ર તે અને ચીફ જાણતા હતા. આ ત્રીજી વ્યક્તિને એ રહસ્ય ક્યાંથી મળ્યું હશે તે આલોક ગુપ્તા કલ્પી ન શક્યો.

–તમને શું લાગે છે ? પ્રશ્ન કાને અથડાતાં તે વિચારોમાંથી જાગી ઊઠયો.

–શેના વિષે ?

–નેતાજી કોણ છે ? ક્યાંથી આવ્યા છે ?

–તમે મારી મદદ કરવા આવ્યા છો કે મારો ઈન્ટરવ્યું લેવા ? આલોક ગુપ્તાનો સ્વર સહેજ ઊંચો થયો.

–મારે ફક્ત આટલું જ કહેવું છે કે નેતાજી અસલ નથી.

–તો ?

– 'પ્લાન્ટ' છે, ડુપ્લિકેટ.

–તમે કેમ ધાર્યું ?

–સહુ પ્રથમ તો તે સાઈબેરિયાની જેલમાં નહોતા. બીજું, ભારત-રશિયાના સંબંધ સુધરી રહ્યા છે. પૂરી કહી રહ્યો હતો, પશ્ચિમના મૂડીવાદી દેશો ભારતને સુપરસોનિક વિમાન આપવા નથી ઈચ્છતા. પરંતુ રશિયાએ સહકારથી ભારતમાં મીગ પ્લાન્ટ ઊભો કરવાની ઇચ્છા દર્શાવી છે. આ મૈત્રી પશ્ચિમના દેશોને ખૂચે એ તદ્દન સ્વાભાવિક છે. જો મારી ભલ થતી ન હોય તો કહેવાતા નેતાજી મૂડીવાદી દેશોના કાવતરાનું એક કઠપૂતળું છે. સી.આઈ.એ.ની મેલી ચાલ છે. મારી વાત તમને સમજાય છે ?

આલોક ગુપ્તા ચૂપચાપ તેની સામે જોઈ રહ્યો. યૂરી ભારપૂર્વક આગળ વધ્યો – મૂડીવાદીઓ ઈચ્છે છે કે ભારત-રશિયા એક ન થાય. ભારત શસ્ત્રોના ક્ષેત્રે પગભર ન થાય. હંમેશ માટે મૂડીવાદીઓનું મોહતાજ રહે ! અને તેઓ ભારતને અંકુશમાં રાખી શકે. આટલું કહી તે ચૂપ થઈ ગયો.

–આ બધી વાતો તમે મને શા માટે કહી ? ટૂંકું થઈ ગયેલી સિગારેટને કારની બારીમાંથી ફેંકી દેતાં આલોક ગુપ્તાએ પ્રશ્ન કર્યો.

–જે ગૂંચ ઉકેલવા તમે આકાશ-પાતાળ એક કરી રહ્યા છો, એ જ રહસ્ય જાણવા અમે પણ અધીરા છીએ.

–અમે એટલે કોણ ?

–અત્યાર સુધીમાં તમે કલ્પી લીધું હશે કે હું રશિયન છું.

–ખરુ.

–હવે મારી તમને એક વિનંતી છે.

—કહો.

—સી.બી.આઈ. તથા કેજીબીનો ધ્યેય નેતાજી-પ્રકરણમાં એક જ

—એ પણ ખરું.

—હું ઈચ્છ છું કે આપણે એક થઈ આ ગૂંચને ઉકેલીએ.

—કઈ રીતે ?

—મને જે કાંઈ કડીઓ મળશે એ હું તમને જણાવીશ, અને તમે જે કાંઈ છાનબીન કરો એ બાબત મને સૂચિત કરો.

—એ શક્ય નથી.

—કારણ ?

—સી.બી.આઈ.ના ખાનગી રિપોર્ટ હું તમને દઈ ન શકું.

—ફરી એક વાર વિચારી લક્ષ્યો !

આલોક ગુપ્તા ચૂપ રહ્યો.

યૂરીએ છેલ્લું તીર ફેંક્યું - સી.આઈ.એ. સાથે એકલા બાથ ભીડવાનું કામ તમારું નથી. જાસૂસીના ક્ષેત્રે ભારત હજી બાળક છે.

—ગુડ લક ! આલોક ગુપ્તાએ મુલાકાતનો અંત કરતાં હાથ લંબાવ્યો.

—સેઈમ ટુ ન્યૂ ! યૂરી સમજદારીપૂર્વક તેની જોડે હાથ મેળવી બહાર નીકળી ગયો.

—મિસ્ટર ! કંઈક યાદ આવતાં આલોકે સાદ દીધો. યૂરીનો ચહેરો કારની બારીમાં આવ્યો.

—કદાચ મને તમારો સંપર્ક સાધવાની જરૂર પડે તો ?

—અહીં જ સંદેશો મૂકી શકો છો.

—અહીં એટલે ?

—અલાઈ દરવાજા પાછળનાં ખંડેરોમાં રાતી ઈંટીવાળી એક દીવાલ છે.

—તમારી કાર પાર્ક થઈ છે ત્યાં ?

આ વખતે ચોંકવાનો વારો યૂરીનો હતો. અત્યાર સુધી તે એ ભ્રમમાં હતો કે તેની કાર ક્યાં સંતાયેલી છે એ આલોક ગુપ્તા નહોતો જાણતો.

—ખરું. તેણે ઉત્તર દેતાં ઉમેર્યું. એ દીવાલની વચ્ચે એક ઈંટ નબળી છે. એને ખેંચી લઈ અંદર સંદેશો મૂકી દેશો તો મને મળી જશે.

આલોક ગુપ્તાએ કાર સ્ટાર્ટ કરી શહેરની દિશામાં મારી મૂકી. રસ્તો સૂમસામ હતો. તેની કારની હેડલાઈટ રાતના સત્રાટાને હળવો કરતી હતી. હજી સાંજના સાડા સાત થયા હતા અને અહીં રાત ઘણી આગળ વધી ચૂકી હોય એવો ભ્રમ હતો.

અચાનક તેણે બ્રેક પર પગ દાબો અને ચિચિયારી કરતાં ટાયર થોભી ગયાં. કારમાંથી તે બહાર કૂદી પડ્યો. હેડલાઈટના પ્રકાશમાં તેણે જોયું તો ડામરની સડક વચ્ચે એક સ્કૂટર ઊંધું પડ્યું હતું. તેનાથી થોડે છેટે એક લાશ પડી હતી. લોહીમાં લથફથ. આંખો ફાટેલી. ગળા પર ધારદાર છરી ફરી હોવાને કારણે ધોરી નસો કપાઈ ગઈ હતી. હજીયે લોહી વહી રહ્યું હતું.

આલોક ગુપ્તાએ ક્ષણ ભરમાં વિચારી લીધું. લાશ વી.આઈ.પી.ની સિક્યોરિટી સંભાળતા એક ઓફિસરની હતી. તે સ્કૂટર પર ક્યાંક જઈ રહ્યો હતો. માગમાં કોઈએ તેનું સ્કૂટર થોભાવ્યું હતું. બીજી પળે પાછળથી આવી બીજા હત્યારાએ તેના ગળા પર નિર્દયતાપૂર્વક છરી ફેરવી હતી. કદાચને હત્યારા બેથી વધુ પણ હોય ! હત્યારાઓ સિક્યોરિટી ઓફિસરની રિવોલ્વર સાથે અદશ્ય થઈ ગયા હતા. હત્યાનો આશય પણ કદાચ એ હોય ! પૈસા ખાતર પોલીસ અધિકારીની હત્યા કોઈ કરતું નથી.

લાશ પરથી નજર ખસેડી તેણે ચોપાસ ફેલાવી. અંધકારને કારણે તે વધુ કાંઈ જોઈ ન

શક્યો. તરત તેણે કારમાં જગ્યા લીધી અને નજીકના ટેલિફોન બૂથ સુધી જઈ પોલીસને સૂચિત કર્યા. પોલીસની વાયરલેસ ગાડી એ માગ પર પ્રવેશે એ પહેલાં જ તે પોતાની કાર સ્ટાર્ટ કરી ઘરની દિશામાં દોડાવી ગયો.

ઘેર પહોંચતાં તેને એક વધુ આંચકો લાગ્યો. બંધ બારણાં ખોલી તેણે હજી અંદર પગ મૂક્યો હતો અને તેના પગ જ્યાંના ત્યાં જ ઠરી ગયા. તેની આંખો બેઠકખંડના સેન્ટર ટેબલ પર પડેલી છરી પર સ્થિર થઈ ગઈ. છરીની બ્લેડ લોહીમાં ખરડાયેલી હતી.

ધીમે ધીમે આગળ વધી તે સોફા સુધી આવ્યો અને થોભી ગયો. સહુ પ્રથમ તેણે બારીઓની દિશામાં જોયું. બારીઓ બંધ હતી. આંકડીઓ અંદરથી ભિડાયેલી હતી. તેણે પડદાઓનું નિરીક્ષણ કર્યું. છતમાંથી ફરસ સુધી ઝૂલતા પડદાઓ સ્થિર હતા. એક આખી દીવાલ બાલ્કની સાથે પડદાઓ પાછળ સંતાયેલી હતી. બેઠકખંડમાં બીજું કોઈ નહોતું. માત્ર તે હતો અને તેના માથે ટ્યુબલાઈટ પ્રકાશ પાથરી રહી હતી.

ફરી એક વાર તેણે પોતાની નજર છરી પર સ્થિર કરી. એ કલ્પી લેતાં તેને વધુ સમય ન લાગ્યો કે આ છરી એ જ હતી જેણે એકાદ બે કલાક પહેલાં સિક્યોરિટી ઓફિસરનું ગળું રહેસી નાખ્યું હતું. પરંતુ હત્યારાએ એ છરી અહીં, તેના ફ્લેટમાં શા માટે મૂકી ? શું હત્યારાઓ ઈચ્છે છે કે ખૂનનો આરોપ તેના પર આવે ?

કદાચ નહિ. હત્યારાઓ એટલા મૂરખ નહોતા કે સી.બી.આઈ.ના અધિકારીને ખૂનના આરોપમાં સંડોવવાની બેવકૂફી કરે ! જો તેઓ જાણતા હોય કે આલોક ગુપ્તા સી.બી.આઈ. જોડે સંકળાયેલો છે. અને કદાચને ન જાણતા હોય તો ? તો તેઓ માટે લોહિયાળ છરી અહીં ગોઠવવાનું કારણ નહોતું.

ટૂંક સમયમાં વાસ્તવિકતા તેની સામે આવી ગઈ. હત્યારાઓ જાણતા હતા કે આલોક ગુપ્તા સી.બી.આઈ.નો અધિકારી છે. હત્યારાઓ એ પણ જાણતા હતા કે સુભાષ-પ્રકરણ તેને સોંપવામાં આવ્યું છે અને આ જ કારણે તેઓએ આલોક ગુપ્તાને ચેતવણી દેવા આ છરી અહીં ગોઠવી હતી. ચેતવણીનો ગર્ભિત અર્થ અહીં એ થતો હતો કે આલોક, નેતાજીનું પગેરું છોડી દે, નહિતર તારા હાલ સિક્ટોરિટી ઓફિસર કરતાં વધુ ભૂંડો થશે ! અને - નેતાજી ડુપ્લિકેટ હોવાના તેના વિચારો વધુ દઢ થઈ ગયા.

મુખ્ય પ્રવેશના દરવાજાના લોકમાં ચાવી ફરવાનો મંદ અવાજ તેના કાને અથડાતાં તે સતર્ક થઈ ગયો. તેનો જમણો હાથ જિન્સના ખિસ્સામાં સરકી રિવોલ્વર પર સ્થિર થઈ ગયો.

હળવેકથી દરવાજો ખૂલ્યો અને રસોયાને અંદર પ્રવેશતો જોઈ તેણે આંખો પટપટાવી.

—હુઝૂર ! રસોયો એકચિત્તે તેની સામે જોઈ રહ્યો હતો.

—ક્યાં ગયો હતો ? આલોક ગુપ્તાએ સીધો જ પ્રશ્ન કર્યો.

—તમારી તબિયત ઠીક છે ને ?

—અહીંથી તું ક્યારે ગયો ?

—સાંજે સાડા ચારે.

—તારી ચાવી તે કોઈને દીધી હતી ?

—નહિ તો ! કહેતાં તેણે નજર ઘુમાવી અને સેન્ટર ટેબલ પર પડેલી લોહીવાળી છરી જોઈ. તે બોલી ઊઠયો – આ અહીં ક્યાંથી આવી ?

—એ જ જાણવા હું તને પ્રશ્નો કરી રહ્યો હતો. આલોક ગુપ્તાએ સ્પષ્ટતા કરી, કોઈ આપણા દરવાજાનું લોક ખોલી અંદર પ્રવેશ્યું. આ છરી અહીં ગોઠવી અને નિરાંતે પાછું ચાલ્યું ગયું.

—આજ પહેલાં તો આવું ક્યારેય નથી બન્યું, હજૂર !

—આજે બન્યું છે. તેણે રસોયાને સંબોધી કહ્યું, અને કદાચ ભવિષ્યમાં પણ બને ! આજથી

તારે ચેતતા રહેવું પડશે ! આજથી મારી ગેરહાજરીમાં તને બહાર જવાની હું રજા નહિ દઉં.

—જેવો હુકમ. કહેતાં રસોયો કિચનની દિશામાં ચાલ્યો ગયો.

ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી.

—હલ્લો !

લોંગ ડિસ્ટનસ કોલ હતો. આલોક ગુપ્તા ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો. ટૂંક કાનપુરથી આવ્યો હતો. ચંદ્રકાંત, તેનો સહાયક કહી રહ્યો હતો.

—આલોક !

—હું સાંભળું છું.

—પોસ્ટરોનું પગેરું મળતું નથી.

નેતાજીના આગમન પહેલાં ભારતના ખૂણેખૂણામાં લાગેલા પોસ્ટર ‘સુભાષ જીવે છે’ની તપાસ કરવા તેણે ચંદ્રકાંતને કાનપુર મોકલ્યો હતો. તપાસ પૂર્ણ થતાં ચંદ્રકાંતે ટૂંક જોડ્યો હતો.

—નેતાજી સ્વાગત સમિતિ શું કહે છે ? આલોક ગુપ્તાએ રિસીવરમાં પ્રશ્ન કર્યો.

—તેઓ સ્વયં આશ્ચર્ય અનુભવી રહ્યા છે.

—ત્યાંની પ્રેસ ?

—લગભગ બધાં જ છાપખાનાંઓ ફરી વળ્યો.

—ટાઈપના નમૂના ભેગા કયા ?

ચંદ્રકાન્ત ‘હા’ કહેતાં ઉમેર્યું – ટાઈપના નમૂનાઓ જોડે પોસ્ટરના ટાઈપનો મેળ બેસતો નથી.

—આથતિ પોસ્ટર કાનપુરમાં નથી છપાયાં.

—કદાચ મુંબઈ કે કલકત્તામાં છપાયાં હોય !

—ના. આલોક ગુપ્તાએ ઝડપથી વિચારી લેતાં જણાવ્યું, પોસ્ટરો ભારતમાં છપાયાં જ નથી.

—શું ?

—કદાચને વિદેશમાં છપાઈને ભારત આયાત થયાં હોય !

એ જ ક્ષણે રિસીવરમાંથી ‘ક્લિક’ જેવો અવાજ તેના કાને અથડાતાં તે સ્વાભાવિક રીતે જ ચોંકી ગયો. બીજી ક્ષણે તેણે લાઈન કાપી નાખી. તેના માટે હવે ટેલિફોન પર ખાનગી વાતો કરવી સુરક્ષિત નહોતી. તેની વાતચીતનો અકસ્કેક શબ્દ કોઈ ત્રીજી વ્યક્તિ સાંભળી રહી હતી, તેનો ફોન ટેપ' થયેલો હતો.



૧૫

સિક્યોરીટી ઓફિસરની નિમમ હત્યાએ દિલ્લીના પોલીસ ખાતાની ઊંઘ હરામ કરી દીધી. ઇન્સસ્પેક્ટર બલબીર, ડેપ્યુટી ત્રિખા, ક્રાઈમ બ્રાંચના 'સબ' મલ્હોત્રા તથા કોટલાવાલાએ લાશનો કબજો લેતાં ઝીણી ઝીણી વિગતોની નોંધ લીધી. આસપાસના વિસ્તારની તપાસ આદરી. ઝાડ-ઝાંખરાંઓમાં હત્યારાઓનાં પગેરાં શોધ્યાં. કડીઓ શોધી, પરંતુ એમાં તેઓને ધારી સફળતા ન મળી.

—મલ્હોત્રા ! ઈનસ્પકટર બલબીરે ક્રાઈમ બ્રાંચના સબ સામે સિગારેટનું પાકીટ ધરતાં પૂછી લીધું, તને શું લાગે છે ?

—હત્યારાઓ મરનારની બંદૂક, બૂલેટો તથા પૈસાનું પાકીટ લઈ અદશ્ય થઈ ગયા છે. મલ્હોત્રાએ સિગારેટ સ્વીકારતાં હોઠ વચ્ચે ગોઠવી, એ પરથી કલ્પી શકાય છે કે હત્યાનો આશય વેરઝેર કે દુશમનાવટ ન હોઈ શકે !

—કદાચ ને પોલીસ ખાતાને ખોટા માર્ગે દોરવા હત્યારાઓએ એમ કર્યું હોય !

—એની જાણ એકાદ બે દિવસમાં થઈ જશે ! કહેતાં મલ્હોત્રાએ સિગારેટનો એક ઊંડો કશ લીધો અને એમ્બલિન્સની દિશામાં દષ્ટિ કરી.

—જો મારી ભૂલ થતી ન હોય તો આ હત્યા હથિયાર માટે થઈ છે. ધુમાડાનો ગુબાર તરતો મૂકતાં તેણે ઉમેર્યું.

—એટલે ?

—બંદૂક તથા બૂલેટો માટે.

—તું શું એમ ધારે છે કે દિલ્લીના ધાડપાડુઓ ક્યાંક ધાડ પાડવાની તૈયારી કરી રહ્યા છે ? બલબીરની સિગારેટમાંથી ધુમાડાની સેર સહેજ ઊંચે જઈ પવનનાં ઝોકાંઓમાં વિખરાઈ જતી હતી.

-કદાચ.

—પરંતુ હત્યારાઓનાં બૂટનાં નિશાન તથા બીજી કડીઓ પરથી એમ નથી લાગતું. બલબીરે હોઠ વચ્ચે રમતી સિગારેટને બે આંગળીઓ વચ્ચે લેતાં પોતાના વિચાર સ્પષ્ટ કર્યા, 'ગૂફર' ટાઈપના હળવા શૂઝ આજ સુધી કોઈ હત્યારાએ દિલ્લીમાં પહેર્યા હોય એ મારી જાણમાં નથી. બીજું, 'ગૂફર' શૂઝ કોલેજિયનો અને હિપ્પીઓના પ્રિય હોય છે. હવે હું કહીશ કે જો મારી ભૂલ થતી ન હોય તો આ હત્યામાં કોલેજના યુવાનો સંડોવાયેલા છે.

—હિપ્પીઓ શા માટે નહિ ? મલ્હોત્રાએ સહેજ વિચારી પ્રશ્ન ફેંક્યો.

—હિપ્પીઓ આવી કરપીણ હત્યા નથી કરતા. તુરત જણાવતાં તેણે ઉમેર્યું, બલકે હત્યા જ નથી કરતા. –

—અર્થાત આપણે એ શોધવાનું રહ્યું કે હત્યારાઓનો આશય શું હોઈ શકે ? ટૂંઠું થઈ ગયેલી સિગારેટને ફેંકી દેતાં મલ્હોત્રાએ કપાળ પર ઊતરી આવેલા વાળ પાછળ કયા, અને એ ખરેખર મુશ્કેલ કામ છે. મુશ્કેલ એ માટે કે હત્યારાઓ બિનઅનુભવી નથી. નહિતર તેઓએ એકાદ પગેરું તો એવું છોડ્યું હોત જે આપણને મદદરૂપ થઈ શકે !

–યૂ આર રાઈટ, મલ્હોત્રા | બલબીર બોલી ઊઠયો, એ પણ શક્ય છે કે આ યુવાનોએ કોઈ અનુભવી ઠગના માગદર્શન હેઠળ હત્યા કરી હોય !

–એ જ એક શક્યતા મને પણ અત્યારે સમજાય છે. મલ્હોત્રાએ એમ્બલિન્સની દિશામાં આગળ વધતાં જણાવ્યું, બાકી તો ફોરેન્સિક લેબનો રિપોર્ટ આવતાં ખાતરીપૂર્વક કાંઈ કહી શકાશે.

લાશના ફોટા લેવાઈ ચૂક્યા હતા. હોસ્પિટલના કર્મચારીઓએ લાશનો કબજો લીધો હતો. લાશ એમ્બલિન્સમાં ગોઠવાઈ જતાં ડ્રાઇવરે આગળની બેઠકમાં સ્થાન લીધું. ક્રાઈમ બાંચના સબ મલ્હોત્રા તથા કોટલાવાલા પણ એમ્બલિન્સમાં બેસી ગયા. એમ્બલિન્સ ઘરઘરાટ સાથે સ્ટાર્ટ થઈ શહેરની દિશામાં આગળ વધી ગઈ.

ઈન્સસ્પેક્ટર બલબીરે પોતાના સહાયક ત્રિખા સામે જોયું. ત્રિખા જીપમાં બેઠો હતો. બલબીર તેની પડખે બેસી ગયો. ત્રિખાએ જીપ સ્ટાર્ટ કરતાં જણાવ્યું – હત્યાનું આ ગૂંચળું ઉકેલતાં નાકે દમ આવશે એમ મને લાગે છે.

–તારી વાત ખોટી નથી, ત્રિખા ! બલબીરે પીઠ ટેકવી દેતાં ચહેરો ત્રાંસો કરી તેની સામે જોયું, બલકે તદ્દન ખરી છે. એમ્બલિન્સની પાછળ જીપ પણ ધૂળ ઉડાડતી દોડી ગઈ.



આલોક ગુપ્તાએ સી.બી.આઈ.ના મથક પાસે કાર રોકી અને સીડીઓ ચડી ગયો.

–હલ્લો આલોક ! શિવેન સિંહા, સી.બી.આઈ.ના ચીફે તેને બેસવાનો ઈશારો કરતાં પૂછ્યું, શું ખબર ?

–આ રોલ ડેવલપ કરવાનો છે.

–અનિતા આવી ગઈ ? કાળા કાગળમાં લપેટાયેલો પાંત્રીસ એમ.એમ.ની નેગેટિવનો રોલ સ્વીકારતાં તેમણે ફરી પૂછ્યું.

–આજે સવારે જ આવી.

–તેની જોડે વિગતવાર વાતો થઈ હશે !

આલોક ગુપ્તાએ માત્ર ‘હા’ કહી.

–તેનો શું અભિપ્રાય છે ?

–નેતાજી ડુપ્લિકેટ ન હોઈ શકે.

–આલોક ! રોલને ટેબલના ખાનામાં સરકાવી દેતાં શિવેન સિંહાએ જણાવ્યું, અનિતા સમજદાર છે.

આલોક ગુપ્તાને એક હળવો આંચકો લાગ્યો. પળભર માટે તે ચૂપ થઈ ગયો. સ્થિર દૃષ્ટિએ ચીફના ચહેરામાં જોતાં તેણે ધીરેથી પ્રશ્ન કર્યો – શું તમે પણ એમ ધારો છો કે નેતાજી અસલી છે ?

–તેમનું સ્ટેટમેન્ટ વાંચ્યા પછી હું વધુ નહિ તો થોડોક પ્રભાવિત જરૂર થયો છું. ચીફે સિગાર કાઢી હોઠ વચ્ચે ગોઠવી, આજ દિવસ સુધી તેમના મૃત્યુ વિષે જે ગૂંચ ઊભી થઈ હતી તે ઊકલી ગઈ છે. શું તને નથી લાગતું કે નેતાજીએ જે કાંઈ પોતાના સાઈક્લોસ્ટાઈલ સ્ટેટમેન્ટમાં કહ્યું છે તે ખરું પણ હોઈ શકે ?

આલોક ગુપ્તા ચૂપ રહ્યો.

ચીફે આગળ ચલાવ્યું – તેમના બેન્ડેજવાળા દેહને સ્થાને કોઈ બીજી વ્યક્તિનો એવો જ દેહ ગોઠવાઈ ગયો હોય અને કર્નલ હબિબુરરહમાન માની લે કે એ મૃતદેહ નેતાજીનો છે, એ દલીલ મને તદ્દન સ્વાભાવિક લાગે છે.

–અને રશિયાની સરકારે તેમના આક્ષેપને રદિયો દીધો છે તેનું શું ? આલોક ગુપ્તાએ શાંતિપૂર્વક સામો પ્રશ્ન કર્યો.

ચીફના દાંત વચ્ચે હજીયે સિગાર ભીંસાયેલી હતી. તેમણે લાઈટર ક્લિક કર્યું અને સિગાર ઝગતાં એક હળવો કશ લીધો.

–એ તો સ્પષ્ટ છે કે બીજા વિશ્વયુદ્ધના અંતે નેતાજીએ રશિયામાં પ્રવેશી જવાના ભરચક પ્રયાસ કર્યા હતા. ચીફ કહી રહ્યા હતા, એ પ્રયાસોમાં અકસ્માત પછી તેઓ સફળ થયા હોય અને રશિયન સરકારે તેમને જેલમાં ગોંધી દીધા હોય એ પણ સમજી શકાય એવું છે.

–એમને કારાવાસમાં રાખી રશિયન સરકારને શો લાભ થવાનો હતો ?

–એનો ઉત્તર શોધવા માટે આપણને વધુ વિચારવાની જરૂર નથી. કહેતાં ચીફે સિગારનો એક ઊંડો કશ લીધો. પછી કહ્યું, કોંગ્રેસ પક્ષ જોડે નેતાજીના સૈદ્ધાંતિક મતભેદો ઊભા થયા હતા અને ૧૯૩૬ની હરિપુરા કોંગ્રેસમાં પ્રેસિડન્ટ તરીકે ચૂંટાયા પછી તેમણે તરત રાજીનામું પણ દેવું પડ્યું હતું. કોંગ્રેસમાં બે ફાંટા પડી ગયા હતા. બે વિચારધારાઓ સામે આવી હતી. એક હતી યુવા સુભાષની, બીજી હતી ઠરેલા કોંગ્રેસીઓની. સ્વતંત્રતા પછી એ જ કોંગ્રેસે સત્તા સંભાળી લીધી. હવે જો રશિયન સરકાર નેતાજીને મુક્ત કરી દે તો ભારતમાં ફરી ઊથલપાથલ થાય અને રશિયનો એ કદાપિ ન ઈચ્છે !

–શા માટે નહિ ? પ્રશ્ન કરતાં પહેલાં આલોક ગુપ્તાએ થોડોક સમય લીધો.

–ભારતમાં રાજદ્વારી ઊથલપાથલ થાય તો તેઓ માટે ભારતમાં પગપેસારો કરવો મુશ્કેલ બની જાય.

–કઈ રીતે ?

–નેતાજી પ્રજાતંત્રમાં વિશ્વાસ નહોતા ધરાવતા, એ તેમના પુરાણા બયાનોમાંથી જાણવા મળે છે. ચીફ કહી રહ્યા હતા, નેતાજીના કહેવા મુજબ સ્વતંત્રતા પછીનાં કમસેકમ પચીસ વર્ષ સુધી ભારતને પ્રજાતંત્રની નહિ, બલકે ડિક્ટેટરની જરૂર રહેશે ! અને જો કદાચ એમ થયું હોત તો આજે રશિયનો ક્યાં હોત ?

આલોક ગુપ્તાએ ચીફની દલીલ શાંતિપૂર્વક સાંભળી લીધા પછી સપાટ શબ્દોમાં કહ્યું – તો હું માની લઉં કે તમે સ્વીકારી લીધું છે કે નેતાજી ડુપ્લિકેટ નથી ?

–એમ હું ધારું છું. કહેતાં તેમણે ઉમેર્યું, તારી તપાસ ક્યાં સુધી પહોંચી ?

–એ પ્રશ્નનો ઉત્તર દેતાં પહેલાં મારે એક વધુ પ્રશ્ન કરવો છે.

–કહે !

–ગઈ કાલે થયેલી સિક્યોરિટી ઓફિસરની હત્યા વિષે તમે વાંચ્યું જ હશે !

ચીફે એશ-ટ્રેમાં સિગારની રાખ ખંખેરતાં 'હા' કહી.

–એ વિષે તમારો શો અભિપ્રાય છે ?

–એની તપાસ ક્રાઈમ બ્રાંચ કરી રહી છે. કહેતાં તેમણે ઉમેર્યું, મને તો એમાં કાંઈ વિશેષ લાગતું નથી. તને કેમ શંકા થઈ ?

આલોક ગુપ્તાએ પ્રશ્નનો ઉત્તર પ્રશ્નથી દીધો - શું એ હત્યા તદ્દન સામાન્ય છે ? છે

–શું એ હત્યા જોડે નેતાજી પ્રકરણને સંબંધ છે એમ તું ધારે છે ?

તેના હોઠ વચ્ચેથી 'હા' શબ્દ હજી ફૂટ્યો હતો અને ચીફ ખડખડાટ હસી પડ્યા. પછી કહ્યું – આલોક ! તારી કલ્પના લાંબી ફાળ ભરી રહી છે.

–નો, સર ! તેણે મક્કમતાપૂર્વક જણાવ્યું, આ તો માત્ર શરૂઆત છે. ફળ તો હવે ભરીશ.

ચિફે સિગારનો ઘટ્ટ ધુમાડો વાતાવરણમાં તરતો મૂકતાં તેની આંખોમાં સીધું જોયું.

આલોક ગુપ્તાએ આગળ ચલાવ્યું – નેતાજી અસલ હોઈ શકે એ સ્વીકારવા મારું મન

પહેલાં પણ રાજી નહોતું અને આજે પણ નથી.

—કારણ ?

—આ છરી. કહેતાં તેણે પોતાની બ્રિફિકેસમાંથી એક લાંબું પરબીડિયું કાઢયું અને સાવચેતીપૂર્વક ખોલીને છરી ચીફના ટેબલ પર સરકાવી દીધી.

ચીફે બારીકીથી એ છરીને જોઈ નજર ઊંચી કરી – કોની છે?

—હત્યારાની.

—સિક્યોરિટી ઓફિસરના ?

—તદ્દન ખરું.

—તારી પાસે ક્યાંથી આવી ?

—ગઈ કાલે સાંજે હું ઘેર પહોંચ્યો ત્યારે એ મારા ટેબલ પર પડી હતી.

—પણ...ચીફે સહેજ ગૂંચવાતાં કહ્યું, હત્યારો તારે ઘેર છરી શા માટે ગોઠવે ?

—કારણ કે નેતાજી પ્રકરણ મારા હસ્તક છે.

ચીફ વિસ્ફારિત નેત્રે તેની સામે જોઈ રહ્યા. તે કાંઈ વિચારે, કહે એ પહેલાં આલોક ગુપ્તાએ ફરી બ્રિફિકેસ ખોલી અને બપોરનું છાપું કાઢી તેમની સામે ધર્યું. આ તાજા સમાચાર વાંચો !

ચીફે સિગારને દાંત વચ્ચે જ રહેવા દેતાં બંને હાથમાં અખબાર ગોઠવ્યું. સમાચાર ખરેખર ચોંકાવનારા હતા. પંદરેક જેટલા બુકાનીબંધ યુવાનોએ આસામના એક પોલીસ સ્ટેશન પર સ્ટેનગન સાથે છાપો માર્યો હતો. એક ઇન્સસ્પેક્ટર, બે ડેપ્યુટી સાથે પાંચ હવાલદારોની પોઈન્ટ બ્લેન્ક હત્યા થઈ હતી. આંખના પલકારામાં તો પોતાનું કામ આટોપી હુમલાખોરો પોલીસ સ્ટેશનનાં બધાં હથિયારો સાથે અદશ્ય થઈ ગયા હતા.

ચીફનો ચહેરો ધીમે ધીમે ઊંચો થયો. આલોક ગુપ્તાના ચહેરામાં સ્થિર દષ્ટિએ જોયું. પછી કહ્યું – પણ આ હત્યાઓ સાથે નેતાજીને તું શા માટે સાંકળી રહ્યો છે ?

—કારણ કે નેતાજી 'પ્લાન્ટ' છે.

—કોના ?

—કદાચ સી.આઈ.એ.ના.

—કોના ? ચીફની આંખો પહોળી હતી.

આલોક ગુપ્તાને પોતાનું વાક્ય દોહરાવવાની ફરજ પડી.

—એ કઈ રીતે ?

—રશિયા જોડે ભારતના સંબંધ સુધરી રહ્યા છે. આલોક ગુપ્તાએ વિગતવાર સ્પષ્ટતા કરી. શાસ્ત્રીજી રશિયા જવાની તૈયારી કરી રહ્યા છે. તેમની પહેલાં આપણું એક પ્રતિનિધિમંડળ રશિયા પહોંચી ગયું છે. રશિયન સરકાર ભારતને મિગ વિમાનો દેવા તથા સહકારમાં મિગ વિમાનોનું કારખાનું ભારતમાં ઊભું કરવા રાજી છે અને પશ્ચિમના દેશો એ સાંખી ન શકે ! સ્વાભાવિક રીતે જ રશિયાભારત એક થઈ જતાં એશિયામાં પશ્ચિમના દેશો સમતુલા ગુમાવી બેસે.

વિશેષ કાંઈ કહેવાની તેને આવશ્યકતા ન લાગી. જે કાંઈ તેણે નહોતું કહ્યું એ સ્પષ્ટ હતું. કલ્પી શકાતું હતું. સી.આઈ.એ. નેતાજીના સ્વાંગમાં કોઈ બાહોશ જાસૂસને ભારતમાં ઘુસાડી ભારતનું અથતંત્ર છિન્નભિન્ન કરી નાખવા ઈચ્છતું હોય ! ભારતમાં બળવો ઇચ્છતું હોય ! આંતરયુદ્ધમાં ભારતને નબળું કરી નાખવાની યોજના હોય તોયે આશ્ચર્ય નહિ ! અને એ જ કારણે બળવાની પદ્ધતિસર શરૂઆત થઈ હતી. પહેલાં પોસ્ટરો – સુભાષ જીવે છે. પછી નેતાજીનું આગમન. પછી ગેરિલા પ્રવૃત્તિ. પોલીસો પર હુમલા. હજી માત્ર બે જ પ્રાંતોમાં હુમલા શરૂ થયા હતા. પરંતુ એ બંને હુમલાઓ બળવાના એધાણ રૂપ હતા.

–આલોક ! આખરે ચીફે ખામોશી તોડી, તારી દલીલ નકારી કાઢવા જેવી નથી. એ બાબત હું વિચારી જોઈશ. દરમિયાન તું.પણ સહેજ વિચારજે.

–શેના વિષે ?

–છેલ્લા થોડાક મહિનાઓથી નાગ-બળવાખોરો, પાકિસ્તાની ગેરિલાઓ તથા નેકસેલાઈટોનો આતંક વધી રહ્યો છે. આ હત્યાઓ તેઓના કોઈ જૂથે કરી હોય એમ પણ બની શકે !

ચીફની દલીલ પણ ખોટી નહોતી. આલોક ગુપ્તાને પણ વિચારવું પડ્યું, નાગ-બળવાખોરો દિવસે દિવસે માથું ઊંચું કરી રહ્યા હતા. ભારત સરકાર તેઓના આતંકને કચડવા જેમ જેમ પ્રયાસો વધારી રહી હતી, તેમ તેમ તેઓની પ્રવૃત્તિઓ વધુ જોર પકડી રહી હતી. સમાધાનની શક્યતાઓ લગભગ નહિ બરાબર હતી. હજી ગયા મહિને જ આસામના મુખ્ય પ્રધાન બિમલાપ્રસાદ ચાલિહા, બ્રિટનના રેવરન્ડ માઈકલ સ્કોટ તથા જયપ્રકાશ નારાયણે નાગા લીડરો જોડે શાંતિ માટે વાટાઘાટો શરૂ કરી હતી અને એ વાટાઘાટોનો અંત થાય એ પહેલાં જ નાગલીડરોએ એક અશક્ય શરત પ્રતિનિધિઓ સામે મૂકી હતી. એ શરત હતી, નાગ પ્રદેશમાંથી ભારત સરકારે એક વર્ષ માટે પોતાનું સૈન્ય પાછું ખેંચી લેવું તથા ભારતના મિત્ર પાડોશી દેશોના સહકારથી એક તટસ્થ દળની ત્યાં સ્થાપના કરવી. સ્વાભાવિક રીતે કોઈ પણ સરકાર આવી ખતરનાક શરત સ્વીકારી ન શકે.

ભારતની પૂર્વે નાગ બળવાખોરોએ મોરચો ખોલ્યો હતો. તો ભારતની ઉત્તરે પાકિસ્તાની ઘૂસણખોરોની ગતિવિધિ વધી ગઈ હતી. પાકિસ્તાની ઘૂસણખોરો લગભગ નિયમિતરૂપે ભાંગફોડ પ્રવૃત્તિ કરવા માટે ભારતમાં પ્રવેશી રહ્યા હતા. કાશ્મિરની સીમાઓ પર પાકિસેનન્ય યુદ્ધ-વિરામ હરોળનો છાશવારે ભંગ કરી રહ્યું હતું. આટલું જ નહિ, યુનોના મુખ્ય નિરીક્ષક પાક સૈન્યને ગુનેગાર ઠરાવતા હોવા છતાં પરિણામમાં કાંઈ ફેર નહોતો જણાતો. શાસ્ત્રીના ભારત પર નેક્સલાઈટો, નાગ-બળવાખોરો તથા પાક ઘૂસણખોરો પોતાની પ્રવૃત્તિઓ સાવધાનીપૂર્વક આગળ વધારી રહ્યા હતા.

-તમારી વાત ખરી હોઈ શકે ચીફ ! લાંબા વિચારને અંતે ચીફની દલીલ સ્વીકારી લેતાં આલોક ગુપ્તાએ જણાવ્યું, છતાં. ચેતીને ચાલવામાં પણ કાંઈ નુકસાન નથી.

-ન્યૂ આર રાઈટ, આલોક ! ચીફે કહ્યું. તારી નેગેટિવનો રોલ આજે સાંજ સુધીમાં ડેવલપ થઈ જશે. એમાંથી હું ઉપયોગી પ્રિંટ ચૂંટી કહેવાતા નેતાજીના ફિંગરપ્રિંટના નમૂનાઓ સાથે આવતી કાલે જ ઇન્ટરપોલના સરનામે પેરિસ રવાના કરી દઈશ. ઓકે ?

આલોક ગુપ્તા સમિત ઊભો થઈ બહાર નીકળી ગયો. તેની કાર એક ઘટાદાર વૃક્ષની છાંયામાં પાર્ક થઈ ઊભી હતી. કારને સ્ટાર્ટ કરતાં તેણે કારમાં ગોઠવાયેલા રેડિયોની ચાંપ પણ દાબી દીધી. સાંજનું ન્યુઝ બૂલેટિન લગભગ પૂર્ણ થવા આવ્યું હતું. અંતે ન્યૂઝગલે કહ્યું - હવે આપણે સમાચાર ટૂંકમાં જોઈએ. જન-આંદોલન માટે નેતાજીએ યુવાનોને કટીબદ્ધ થવા પડકાય છે. ભ્રષ્ટાચાર અને કાળાં નાણાં સામે ઝુંબેશ શરૂ કરવા માટે તેમણે ગામેગામ જન આંદોલન સમિતિની સ્થાપના કરવા પ્રજાજનોને વિનંતી કરી છે. આઝાદ હિંદ ફોજના રિટાયડ સૈનિકો તથા અફસરોને ફરી એક વાર સાબદા થવા માટે કોલ કર્યો છે. જન કલ્યાણની ઝુંબેશોમાં તેઓને અગ્ર ભાગ ભજવવા માટે તૈયાર રહેવાની નેતાજીએ ભારપૂર્વક વિનંતી કરી છે. સમાચાર પૂરા થયા.

બીજે જ દિવસે સમાચારના પડઘા પડ્યા. જન આંદોલનની આડ લઈ કોલેજના વિદ્યાર્થીઓએ તોફાનની શરૂઆત કરી. ઓરિસ્સાના થોડાક વિદ્યાર્થીઓ બસમાં પ્રવાસ કરી રહ્યા હતા. કંડક્ટરે એક વિધાથી સામે આવી ટિકિટ માટે પૈસા માગ્યા. વિદ્યાર્થીએ સો

રૂપિયાની નોટ પાકીટમાંથી કાઢી સામે ધરી. કંડક્ટરે શાંતિપૂર્વક તેની પાસે પરચૂરણની માગણી કરી.

-મારી પાસે પરચૂરણ નથી. વિદ્યાર્થીએ તોછડાઈપૂર્વક જવાબ દીધો, તારી પાસે સો રૂપિયાના છૂટા ભેગા થાય ત્યારે મારી પાસે ટિકિટ માગવા આવજે. કંડક્ટરનો પિત્તો હાથથી ગયો. તેણે માગમાં જ બસને રોકી વિદ્યાથીને નીચે ઊતરી જવા ઇશારો કર્યો. એ વિદ્યાથી જરાયે ન ચસક્યો. બલકે તેની સાથે પ્રવાસ કરતા બીજા વિદ્યાર્થીઓ તેની સહાયે આવ્યા. ટૂંક સમયમાં તો સર્વેએ મળી કંડક્ટરનાં હાડકાંપાંસળાં એક કરી નાંખ્યાં. ડ્રાઈવર ધ્રૂજી ઊઠયો. તેણે તરત જ બસને સ્ટાર્ટ કરી. ચૂં કે ચાં કરવા જતાં તેની સ્થિતિ પણ કંડક્ટર જેવી થવાની હતી એ તેણે કલ્પી લીધું હતું.

બસનો ચાર્જ હવે વિદ્યાર્થીઓએ લઈ લીધો. કહી શકાય તો બસ 'હાઇ-જેક' થઈ હતી. વિદ્યાર્થીઓ બસને પોતાની મરજીથી રોકતા હતા અને બિનદાસ ઘંટડી મારી શરૂ કરવાનું સૂચન પણ ડ્રાઈવરને દેતા હતા. બસનો કંડક્ટર તૂટી ગયેલી ત્રણ પાંસળીઓની પીડામાં કણસતો એક લાંબી સીટ પર ગૂંચળું વળીને પડ્યો હતો. ટિકિટ લેનાર અહીં બીજું કોઈયે નહોતું.

આખરે ગોખલે ચોકના સ્ટોપ પર બસને થોભાવી બધા વિદ્યાર્થીઓ બહાર નીકળી ગયા. આટલું જ નહિ, જન આંદોલન અને નેતાજી ઝિંદાબાદના પોકારો કરતા વિધાનસભા ગૃહની દિશામાં ચાલી નીકળ્યા. જે જે યુવાન માગમાં મળતો ગયો, ગમત ખાતર સાથે જોડાતો ગયો. જુલૂસ વધતું ગયું. વિદ્યાર્થીઓનાં તોફાનો પણ વધતાં ગયાં. એક વિદ્યાર્થીએ સડક પરથી પથ્થર ઊંચકી નેશનલ બેન્કના કાચના દરવાજાનું નિશાન લીધું. ધડાકા સાથે કાચનો દરવાજો ટુકડેટુકડા થઈ વેરાઈ ગયો.

વિધાનસભા ગૃહ આવતાં સૂત્રો પોકારતા, ભાંગફોડ કરતા મોરચાએ વલણ બદલ્યું. અચાનક વિદ્યાર્થીઓએ સભાગૃહ પર ચડાઈ કરી. એ સમયે વિધાનસભાની બેઠક ચાલુ હતી. અને તીડના ટોળા જેમ વિદ્યાર્થીઓ અંદર ધસી આવ્યા. વિધાનસભા ગૃહમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. ધારાસભ્યો મૂંઝાઈ ગયા. વિદ્યાર્થીઓ અત્યારે ખતરનાક મૂડમાં હતા. તેઓને રોકવા શક્ય નહોતું. સિક્યોરિટી વ્યવસ્થા લગભગ પડી ભાંગી હતી. કોઈને લગારે ખ્યાલ નહોતો કે યુવાનો આ રીતે મોરચો લઈ આવી વિધાનસભા ગૃહ પર ચડાઈ કરશે !

જોતજોતામાં તો વિદ્યાર્થીઓએ ધારાસભ્યોને ચૂંટી ચૂંટીને બહાર તગડી મૂક્યા. સભાગૃહનો કબજો હવે યુવાનોના હાથમાં હતો. યુવાનો આ અણધારી સફળતાના આનંદમાં ખુરશીઓ પર નાચી રહ્યા હતા. એક ટેબલ પરથી બીજા ટેબલ પર વાંદરાની જેમ કૂદી રહ્યા હતા. ત્યાં એક વિદ્યાર્થીએ અધ્યક્ષની ખુરશીમાં સ્થાન લીધું. શાંતિ ! શાંતિ ! ધીમે ધીમે સભાગૃહમાં શાંતિ પથરાઈ ગઈ. તે વિદ્યાથી સભાગૃહનો અધ્યક્ષ બન્યો. બાકીના 'ધારાસભ્ય' કહેવાયા. નવેસરથી વિધાનસભાની બેઠક શરૂ થઈ. એ બેઠકમાં એક યુવાને ઠરાવ મૂક્યો.

–મુખ્ય પ્રધાન બિરેન મિત્રની સરકાર લૂલી છે. પ્રજાની હાડમારી તથા મુશ્કેલીઓ દૂર કરવામાં નિષ્ફળ રહી છે. રાજ્યમાં કાયદો તથા વ્યવસ્થા ભાંગી પડ્યાં છે. કાળાબજારિયાઓ છડેચોકે લોકોને લૂંટી રહ્યા છે. જીવન જરૂરિયાતોના ભાવ આકાશે ચડી રહ્યા છે. અન્ન-પરિસ્થિતિ કંગાળ છે માટે શ્રી બિરેન મિત્ર મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું દે.

સવાનુમતે વિદ્યાર્થીઓએ ઠરાવ પસાર કર્યો અને વિધાનસભાની બેઠક વિખરાઈ ગઈ.

સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં આ પહેલો જ દુઃખદ પ્રસંગ હતો કે યુવાનોએ વિધાનસભા ગૃહ પર ચડાઈ કરી સભાગૃહનો કબજો લીધો હતો. પરન્તુ આ બનાવ આખરી નહોતો. અસંતોષની લાગણી પ્રાંતે પ્રાંતે ફેલાઈ ચૂકી હતી. એ ખરું જ હતું કે ગયા વર્ષની કંગાળ વષ અને દુષ્કાળ જેવી પરિસ્થિતિના કારણે અન્નના ભાવ આકાશે. ચડ્યા હતા. વિશેષમાં ભારતની

આ કરુણ હાલતનો લાભ લેતા કાળા બજારિયા તથા દાણચોરો ચૂક્યા નહોતા.

ભારતમાં આંતરયુદ્ધ કે બળવો પેદા કરવા આ સમય તકસાધુઓ માટે ઉત્તમ હતો. ભારત પ્રાંતે પ્રાંતે ભડકે બળી રહ્યું હતું. કહેવાતા નેતાજીએ પોતાનું લક્ષ્ય સાધવા માટે તેમાં માત્ર થોડુંક પેટ્રોલ છાંટવાની જરૂર હતી અને વિરોધ પક્ષો એ જ કરી રહ્યા હતા. વિશેષમાં ટ્રેડ યુનિયનો પણ પોતાની શક્તિનો પરચો દેખાડી રહી હતી. આટલાથી જાણે સંતોષ ન હોય તેમ સમસ્ત ભારતનો વાહનવ્યવહાર ખોરવી નાખવા માટે રેલ કામદાર યુનિયનના નેતાઓ એક જબ્બર યોજના ઘડી રહ્યા હતા. સમસ્ત ભારતના રેલકામદારોની હડતાળ પડે અને સાથે ડોક-વર્કરો પણ પોતાની સહાનુભૂતિ દર્શાવવા જોડાય તો ભારતની સ્થિતિ કેવી કફોડી થાય એ કલ્પી શકાય એવું હતું.

આલોક ગુપ્તાએ પોતાના મકાન નીચે કારને પાર્ક કરતાં એ કલ્પી લીધું અને તેના શરીરમાં ધ્રુજારી ફરી વળી. પોલિટિક્સ તેનો વિષય નહોતો. રાજદ્વારી બાબતોમાં માથું મારવું એ તેનું કામ નહોતું. તે સી.બી.આઈ.નો અધિકારી હતો અને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવા સિવાય કશા વિષયમાં રસ લેવો એ તેના હિતમાં પણ નહોતું. પરંતુ ભારતના એક નાગરિક તરીકે તે ભારતના હિત અહિત વિષે અવશ્ય વિચારી શકતો હતો.

મકાનની સીડીઓ ચડતાં તેને લાગ્યું... ભારત અને રેતીના તપતા રણમાં માગ ભૂલેલા પ્રવાસી વચ્ચે વધુ તફાવત નહોતો. એ પ્રવાસી કે જે તદ્દન એકલો હતો અને ભૂખ તથા તરસથી બેબાકળા થઈ તેના ભાંગી પડવાની વાટ જોતાં અનેક ગીધ તેના માથે ઘૂમરીઓ લઈ રહ્યાં હતાં.

વિચારોમાં ગોથાં ખાતો આલોક ગુપ્તા પોતાના ફ્લેટના દરવાજામાં ચાવી ભેરવવા ગયો અને તેને ખ્યાલ આવ્યો, દરવાજો બંધ નહોતો. સહેજ ઉઘાડો હતો. તે કાંઈ સમજે એ પહેલાં તો આખો દરવાજો ખૂલી ગયો. બે બુકાનીબંધ અજનબીઓ હેરતથી તેની સામે જોઈ રહ્યા. એટલું જ આશ્ચર્ય તેઓને જોઈ આલોકને પણ થયું હતું. પરંતુ પળ ભર માટે. બીજી જ ક્ષણે બંને અજનબીઓ તેના પર તૂટી પડયા.

આ અચાનક થયેલા હુમલાએ આલોક ગુપ્તાને એક જ ફટકામાં જમીનદોસ્ત કરી નાંખ્યો. તે પેસેજના અંધારા ખૂણામાં પછડાયો પરંતુ તુરત રબરના દડાની જેમ ઊછળી ઊભો થઈ જતાં સામે ધસી આવેલા એક ગુંડાને ઊંચકી તેનો ઘા બીજા પર કર્યો. સીડીઓ પરથી ગબડતાં બંને જણા સીધા નીચે ધસી ગયા.

આલોક ગુપ્તા ફ્લેટમાં દાખલ થયો તો તેનો રસોયો, જેને તે પહેલવાનના નામે સંબોધતો હતો, લોહીલુહાણ હાલતમાં ફરશ પર બેભાન પડ્યો હતો. આલોક ગુપ્તા કિચનમાંથી પાણીની બોટલ લાવી તેની પડખે બેસી ગયો. તેના ચહેરા પર થોડુંક પાણી છાંટયું. તે હોશમાં આવ્યો પરંતુ બેઠો ન થઈ શક્યો.

-હુજુર ! તેણે સૂતાં સૂતાં જ કહ્યું. અચાનક ફ્લેટમાં ધસી આવી તેઓએ મને સાણસામાં લીધો. લગભગ દસ મિનિટ સુધી હું તેઓના હુમલા ખાળતો સામા હુમલા કરતો રહ્યો. આખરે એ બંનેએ મળી મને જમીનદોસ્ત કરી નાખ્યો.

હજી સુધી આલોક ગુપ્તા એ કલ્પી નહોતો શક્યો કે એ બંને હત્યારાઓને ફરી એક વાર તેના ફ્લેટમાં ઘૂસણખોરી કરવાની શી જરૂર પડી.

-હુજુર...રસોયાએ જાણે તેના વિચાર ગ્રહણ કરી લીધા હોય તેમ કહ્યું, તેઓ... તેઓ કાંઈ શોધી રહ્યા હતા.. નેગેટિવ જેવો એકાદ શબ્દ મારે કાને અથડાયો હતો.

આલોક ગુપ્તાએ પ્રથમ વાર ફ્લેટમાં નજર ઘુમાવી. કબાટ ખુલ્લો હતો અને ખાનાંઓ ઉઘાડાં હતાં. કબાટ તથા ખાનાંઓમાં ગોઠવાયેલી સઘળી વસ્તુઓ ચોમેર વેરવિખેર પડી હતી. પલંગ ગાદલાં ચીરાઈ ગયાં હતાં. તકિયા હવે તકિયા કહેવાને લાયક નહોતા રહ્યા.

નેગેટિવ... આલોક ગુપ્તાએ ક્ષણભર વિચાર્યું અને તેને ખ્યાલ આવ્યો. હત્યારાઓ નેતાજીના ફોટાઓની નેગેટિવ તથા ફિંગર પ્રિંટના ફોટાઓની શોધમાં કદાચ અહીં આવ્યા હશે ! કદાચ તેને એક વધુ ચેતવણી દેવા માટે પણ તેઓ પધાર્યા હોય ! ખેર, તે નિશ્ચિત હતો. ફિંગર પ્રિંટના ફોટા સી.બી.આઈ.ના મથકે હતા. નેગેટિવનો રોલ તેણે ચીફને સોંપી દીધો હતો. ચીફે ફિંગર પ્રિંટના ફોટા નેતાજીના ક્લોઝઅપ સાથે ઇન્ટરપોલને સરનામે રવાના કરી દીધા હતા.



૧૬

કલકત્તા નજીકના બાંશી ગામમાં લગભગ પચીસેક જેટલાં બેઠા ઘાટનાં કોટેજો હતાં. કર્નલ ગુલમહંમદ જે કોટેજમાં રહેતો હતો તેનો નંબર સાત હતો. ત્યાર પછીના ચાર બંગલાઓ પછી બાર નંબરનું કોટેજ હતું. એ ખાલી થતાં નેતાજીએ તેનો કબજો લઈ લીધો અને તેનું કારણ હતું.

બાંશી ગામની મોસમ રળિયામણી હતી. અહીંનું વાતાવરણ ખુશગવાર હતું. અહીંની જમીન પણ ફળદ્રુપ હતી. દૂર દૂર સુધી પથરાયેલાં વૃક્ષો તથા ખેતરો કોઈ પણ કોટેજની બારીમાંથી જોઈ શકાતાં હતાં. પૂર્વ તરફ નજર લંબાવતાં હરિયાળા ડુંગરાઓ પણ નજરે પડતા હતા. પરંતુ નેતાજીએ જે કારણે બાર નંબરનું કોટેજ ખરીધું હતું, એ કાંઈ જુદું હતું. બલકે તેનાં એકથી વધુ કારણો હતાં.

સહુ પ્રથમ તો નેતાજી કનલ ગુલમહંમદના પશુપ્રેમથી અકળાઈ ઊઠયા હતા. કનલ ગુલમહમદને જેટલો પ્રેમ બિલાડી માટે હતો એટલી જ સૂગ નેતાજીને બિલાડી પ્રત્યે હતી. વિશેષમાં કનલની બિલાડી વિયાઈ હતી. બિલાડીનાં પાંચ નાનાં નાનાં બચ્ચાંઓ આખો દિવસ ઘરમાં દોડાદોડી કરતાં હતાં.

બીજું, નેતાજીને એક એવા સ્થળની જરૂર હતી, જે ભારતમાં શરૂ થયેલી જન આંદોલનની ચળવળનું મથક બની શકે. બાર નંબરનું કોટેજ ચળવળનું મથક બની ગયું. બીજાં કોટેજોની જેમ આમાં પણ વિશાળ ઓરડાઓ તથા આગળના ભાગમાં ખુલ્લું કંપાઉન્ડ હતું. કંપાઉન્ડમાં નેતાજીએ બે વાંસ ઊભા કરી 'નેટ' બાંધી હતી. વહેલી સવારના બે કલાક તે અહીં જ બેડમિન્ટનની રમતમાં ગાળતા હતા.

હવે તેમના દિવસભરના કાર્યક્રમો પણ નક્કી થઈ ગયા હતા. સવારે સ્નાન પતાવી એકાદ કલાક યોગ-સાધના. ત્યાર પછી રમતગમત. બેડમિન્ટન રમવા માટે તેમને પાર્ટનર શોધવા જવું નહોતું પડતું. આસપાસનાં કોટેજોમાં વસતા પરિવારોનાં યુવક-યુવતીઓ નેતાજી પહેલાં જ આવી રમત શરૂ કરી દેતાં. નેતાજી પોતાના સમયે આવી. તેઓ સાથે જોડાઈ જતા.

રમતગમત પછી નાસ્તો અને મુલાકાતો. મુલાકાતીઓમાં ભિન્ન ભિન્ન વર્ગોનાં સ્ત્રી-પુરુષો રહેતાં. રાજદ્વારીઓ તેમની જોડે ભારતના ભાવિ વિષે ચર્ચા કરતા તો સામાન્ય પ્રજાજનો પોતાની મુશ્કેલીઓ તેમની સામે વણવી સંભળાવતાં. હકીકતમાં નેતાજીને રાજદ્વારીઓ કરતાં આ ભૂખ્યાં ભારતવાસીઓમાં વધુ રસ હતો. ધીરજપૂર્વક એ સર્વેની વાતો તે સાંભળતાં અને તેઓને સાંત્વન દેતા. આશા દેતા. સાથે તેમનું પોતાનું હૃદય પણ દ્રવી ઊઠતું.

હજી ગઈ કાલે જ એક વૃદ્ધ તેમને મળવા આવ્યો હતો. તેના શરીરને લાકડીનો ટેકો હતો. તેની આંખોમાં ખારા પાણીની ભીનાશ હતી. દેખાવમાં તે ખેડૂત લાગતો હતો, પરંતુ તે કિસાન નહોતો.

-સાહેબ હું હરિજન છું. માત્ર એક જ શબ્દ વડે પોતાના સંપૂર્ણ જીવનનો પરિચય દેતાં એ વૃદ્ધ શરૂઆત કરી, મારી વૃદ્ધ તથા પુત્રો-વહુઓ અને બાળકોને જકારા ગામના સામંતોએ એક વૃક્ષ સાથે બાંધી જીવતાં સળગાવી દીધાં.

બસ, તે કાંઈ વધુ કહી ન શક્યો. તેની ફિક્કી આંખોમાંથી દડદડ આંસુઓ સરવાં લાગ્યાં. કરચળીઓથી ભરેલા તેના ચહેરા પર થોડીક વધુ સળો પડી અને તે ભાંગી પડ્યો. નેતાજી ઈઝી ચેરમાં બેઠા હતા. વૃદ્ધ હરિજન તેની સામે ઊભો હતો. બચ્ચાની જેમ ધ્રુસકે ધ્રુસકે રડતાં તે નેતાજી સામે ઉભડક બેસી ગયો. હજીયે લાકડી તેના હાથમાં હતી.

નેતાજીએ તેના ખભે પ્રેમથી હાથ મૂક્યો અને તેનો ભીનો ચહેરો ઊંચો થયો. ક્ષણભર તેણે નેતાજી સામે જોયું અને આગળ ચલાવ્યું - સાહેબ ! તેઓનો વાંક આટલો જ કે તેઓ ભૂખે મરી રહ્યા હતા. ખાવા માટે ઘરમાં ધાનનો એકે દાણો નહોતો. ભૂલકાંઓ દૂધ વિના ટળવળતા હતાં. એ. એ ટળવળતાં બાળકોનું દુઃખ મારા મોટા દીકરાથી ન જોવાયું. તેણે એક જમીનદારના ઘરમાં પ્રવેશી બે રોટલા ચોય. અને એ બંને રોટલા મારા આખા ઘરને જીવતા ચાવી ગયા. કહેતાં વૃદ્ધ માથું ફૂટવા લાગ્યો. છોટીફાટ રુદન કરવા લાગ્યો.

આવા તે કાંઈ કેટલાંયે દુખિયારાઓ નેતાજી સામે ઉપસ્થિત થતા અને તેમના હૃદયને હચમચાવી ચાલ્યા જતા. નેતાજી પાસે હૃદય હતું, પરંતુ તે આટલું નિબળ નહોતું. છતાં દિવસે દિવસે એ હૃદય ટીબીના દર્દીની જેમ ખવાતું જતું હતું. ચવાતું જતું હતું. નેતાજી અસ્વસ્થ થઈ ઊઠતા. લાંબા સમય સુધી એ અસ્વસ્થતા તેમના ચહેરા પર સફેદાની જેમ પથરાયેલી રહેતી.

બપોર પછી નેતાજી થોડોક વિશ્રામ લેતા અને સાંજે કોઈ જાહેરસભામાં કે યુવાનોના સંગઠનમાં પ્રમુખસ્થાન શોભાવવા ચાલ્યા જતા. આસપાસનાં ગામો તથા નજીકનાં શહેર કલકત્તાથી તેમને રોજનાં અનેક નિમંત્રણો મળતાં. ડિનર પાર્ટીઓ તથા દુકાન-મકાન ઉદ્ઘાટનનાં આમંત્રણો ન સ્વીકારવાં એવો તેમણે નિયમ રાખ્યો હતો. સમય કીમતી હતો. નેતાજી એ કીમતી સમયનો ઉપયોગ તેની કિંમત જાણીને જ કરતા હતા.

રાતના ભોજન પછી આવતી કાલના કાર્યક્રમો તથા ભાવિ યોજનાઓ વિષે વિચારવિમર્શ શરૂ થતા. આ ‘ચચર્ઓિ દરમિયાન તેમની જોડે કર્નલ ગુલમહંમદ તથા કેપ્ટન તલવારસિંઘ સાથે તેમની પસનલ સેક્રેટરી મિસ શૈલા ભાદુડી પણ રહેતી.

નેતાજીએ નવા બંગલાને પોતાના મથક તરીકે સ્થાપ્યો ત્યારે થોડાક સહાયકોની જરૂર પણ તેમને વરતાઈ હતી. ખાસ કરીને એક પસનલ સેક્રેટરીની, જે શોર્ટહેન્ડ તથા ટાઈપિંગ જાણતી હોય અને પત્રવ્યવહાર પણ સંભાળી શકે. મિસ શૈલા ભાદુડી કલકત્તાની હતી. ઉંમર એકવીસ વર્ષ બાંધો એકવડિયો. પોશાકમાં તે બંગાળી ઢબે સફેદ સાડી બાંધતી હતી. પરંતુ તેના વિચાર નવા હતા. કોલેજમાં હતી ત્યારે તે વિધાર્થીઓની યુનિયનની સેક્રેટરી રહી ચૂકી હતી.

વિશેષમાં શૈલા ભાદુડી કાંઈ કરવાની, ભારત દેશ કાજે કાંઈ કરી છૂટવાની ધગશ રાખતી હતી. આઝાદ હિંદ ફોજ તથા નેતાજી વિષે તેને આછો ખ્યાલ હતો. નેતાજી સાથે જોડાતાં પહેલાં તેણે નેતાજી વિષે જરૂરી માહિતી મેળવી હતી. બલકે નેતાજી વિષે લખાયેલાં પુસ્તકો વાંચી તે પણ નેતાજીની ભક્ત બની ગઈ હતી. નેતાજીના સાક્ષાત્ પરિચયમાં આવતાં તે થનગની ઊઠી હતી. એટલી જ ધગશથી તે નેતાજીનું દરેક કામ કરતી હતી. નેતાજીના દરેક કાર્યક્રમની નોંધ રાખતી. અને તક મળતાં પોતાના વિચારો પણ સ્પષ્ટતાપૂર્વક રજૂ કરતી હતી.

મિસ શૈલા ભાદુડીના હાથ નીચે બીજા દસ જેટલા કાર્યકરો હતા. દિવસે દિવસે કામકાજ વધી રહ્યું હતું. ગતિવિધિ વધી રહી હતી. નેતાજીનું કોટેજ લગભગ ઓફિસ બની ગયું હતું. કોટેજનો એક ઓરડો પાર્ટીશન વડે બે ભાગમાં વહેંચી નેતાજીએ પોતાના ઉપયોગ માટે રાખ્યો હતો. એક ભાગ તેમનો બેડરૂમ હતો. બીજો ભાગ રાંધણિયા તરીકે ઉપયોગમાં લેવાતો હતો. બાકીના ઓરડાઓમાં તેમનો સ્ટાફ બેસતો હતો.

રાતના ભોજન પછી કનલ ગુલમહંમદ સાથે તલવારસિંઘ નેતાજીની રૂમમાં પ્રવેશ્યો ત્યારે શૈલા ભાદુડી નેતાજી સામે આવતી કાલના કાર્યક્રમોની સૂચિ મૂકી રહી હતી. નેતાજીએ પોતાના

બંને પુરાણા સાથીઓને બેસવાનો ઈશારો કરતાં સૂચિ પર એક ઊડતી નજર નાખી અને ફરી શૈલા ભાદુડી સામે જોયું.

-શૈલા ! સવારે ભાષણનો કાર્યક્રમ ન રાખવો એવો મારો આગ્રહ છે.

-હું જાણું છું. શૈલાએ દબાયેલા સ્વરે કહ્યું. પરંતુ પ્રેસિડન્સી કૉલેજના વિદ્યાર્થીઓએ સવારે દસ વાગ્યે જ સભા યોજવાનું નક્કી કર્યું છે.

-કાંઈ ખાસ કારણ ?

શૈલા સહેજ હસી. પછી ઉમેર્યું - માત્ર આટલું જ કે આજથી ઉડતાલીસ વર્ષ પૂર્વે ત્યાં એક ઘટના બની હતી.

નેતાજીએ એક સિગારેટ હોઠ વચ્ચે ગોઠવી જલાવી. કનલ ગુલમહમદ સાથે તલવારસિંઘની આંખો પણ નેતાજીના ચહેરા પર કેંદ્રિત હતી. એ બંને જાણતા હતા કે આજથી ઉડતાલીસ વર્ષ પૂર્વે નેતાજી પ્રેસિડન્સી કૉલેજના વિધાથી હતા. કોલેજના ત્રીજા વર્ષમાં હતા. મિસ્ટર ઓટન તેમના અંગ્રેજીના પ્રાધ્યાપક હતા અને વિધાર્થીઓ જોડે તોછડાઈપૂર્વક વતતા હતા. હિંદુસ્તાની વિધાર્થીઓનું અપમાન કરતાંયે તે અચકાતા નહોતા.

એક દિવસ વિધાર્થીઓએ પ્રા. ઓટનને પાઠ શીખવવાનું નક્કી કર્યું. એ જ સાંજે પાંચ બુકાનીબંધ વિધાર્થીઓએ કોલેજના એક અંધારા ખૂણામાં પ્રા. ઓટનને ઘેરી લીધા. ટૂંક સમયમાં તો તેમનાં હાડકાં પાંસળાં એક કરી એ પાંચે વિધાર્થીઓ અદશ્ય પણ થઈ ગયા. એ બુકાનીબંધ પાંચે વિધાર્થીઓ કોણ હતા ? પ્રા. ઓટન નહોતા જાણતા. પરંતુ સુભાષ પર તેમને પહેલાંથી જ શંકા હતી. સુભાષ વગનો મોનિટર પણ હતો. પ્રા. ઓટને તેની વિરુદ્ધ પ્રિન્સિપાલને ફરિયાદ કરી. સુભાષને કૉલેજમાંથી ડિસમિસ કરી નાખવામાં આવ્યો. એ દિવસ આવતી કાલનો હતો. નેતાજીના પુનઃ આગમન માટે એ જ સમય, એ જ દિવસ વિધાર્થીઓએ ચૂંટ્યો હતો.

–અને તમે મને પૂછયા વિના જ પ્રમુખપદ સ્વીકારી લીધું ? ધુમાડાનો ગુબાર તરતો મૂકતાં નેતાજીએ શૈલા ભાદુડીને સંબોધી પ્રશ્ન કર્યો.

–મને આશા હતી. યુવાનોને તમે નિરાશ નહિ કરો.

–તમારી આશા ઠગારી ન નીવડી એ બદલ અભિનંદન ! કહેતાં નેતાજી સહેજ હસ્યા.

–થેન્કસ, તો હું જાઉં ?

–શૈલા ! નેતાજી કાંઈ ઉત્તર દે એ પહેલાં જ કનલ ગુલમહમદ બોલી ઊઠયો, કલકત્તાથી બસ પકડી, બે કલાકની મજલ કાપી તું રોજ અહીં આવે છે અને રાતે પાછી જાય છે.

–એ સિવાય બીજો ઉપાય નથી, કનલ ! શૈલા ભાદુડી ઝડપથી બોલી ગઈ.

–અને હોય તો ?

–તમે સૂચવી શકો છો.

–મારો આખો બંગલો ખાલીખમ પડ્યો છે. કનલ ગુલમહમદે કહ્યું. હવે તો નેતાજી પણ આ નવા કોટેજમાં આવી ગયા છે. તું ઈચ્છે

તો મારા બંગલાને તારી સમજી શકે છે.

–થેન્કસ, કનલ. શૈલાએ નમ્રતાપૂર્વક જણાવ્યું. એ બાબત હું વિચારી જોઈશ.

–મારા ખ્યાલથી... નેતાજીએ ચૂપકીદી તોડતાં, ટૂંઠું થઈ ગયેલી સિગારેટમાંથી નવી સિગારેટ ઝગવી અને કહ્યું. કનલનું સૂચન ખરેખર આવકાર્ય છે. એથી તમારી રોજના લાંબા પ્રવાસની હાડમારી પણ દૂર થઈ જશે અને કનલને કંપની પણ રહેશે.

-ઓલ રાઈટ. નેતાજીનો અભિપ્રાય તત્ણ સ્વીકારી લેતાં શૈલા ભાદુડીએ કહી દીધું, આવતી કાલે ઘેરથી સૂટકેસ સાથે લેતી આવીશ.

તે દરવાજા તરફ આગળ વધી અને કનલ ગુલમહમદે તેને ફરી રોકી.

–આજની મીટિંગમાં તારી ખાસ જરૂર છે.

–પણ હું રોકાઈશ તો સવારે સમયસર આવી નહિ શકું. કહેતાં તેણે નેતાજી સામે જોયું. કાંડા-ઘડિયાળમાં જોયું. રાતના નવ વાગી ગયા હતા. ઘેર પહોંચતાં હજી બે કલાક વધુ લાગવાના હતા.

નેતાજીએ તેને બેસી જવાનો છાનો ઇશારો કર્યો. ચૂપચાપ તે એક ખુરશીમાં ગોઠવાઈ ગઈ. તેની પડખેની ખુરશીમાં કનલ ગુલમહમદ બેઠો હતો. તલવારસિંઘ નેતાજીથી થોડુંક અંતર રાખી દીવાલને ટેકે પલંગ પર બેઠો હતો. નેતાજીની પીઠને દીવાલ તથા બે તકિયાનો ટેકો હતો.

–તો આપણે શરૂઆત કરીએ ? તલવારસિંઘે પ્રશ્ન સાથે ચહેરો ત્રાંસો કરી નેતાજી સામે જોયું.

-હજી મારી કોફી નથી આવી. નેતાજીએ બીજી સિગારેટના ઠુંઠાને પલંગ પર પડેલી એશ-ટ્રેમાં દાબી દીધું.

શૈલા ભાદુડી કિચનની દિશામાં પગલાં ભરવા ઊભી થઈ અને રસોયો ટ્રે સાથે અંદર દાખલ થયો. ટ્રેમાં કોફીના ચાર કપ હતા. રસોયાએ પલંગ તથા સામે ગોઠવાયેલી બે ખુરશીઓ વચ્ચે એક નાનકડું સ્ટૂલ મૂકી ટ્રેને તેના પર ગોઠવી દીધી.

–આઈ થીંક...કનલ ગુલમહમદે કોફીનો એક કપ ઊંચકી નેતાજી સામે ધરતાં શરૂઆત કરી, આજની ચર્ચાનું મુહૂર્ત આપણે પાર્ટીના નામથી કરીએ તો કેમ ?

નેતાજીએ કૉફીનો ઘૂંટડો ભરતાં પડખે બેઠેલા તલવારસિંઘ સામે જોયું. તલવારસિંઘે કમરમાંથી વાંકા વળી ટ્રેમાંથી એક કપ ઊંચકી લીધો. પછી કહ્યું – નેતાજીએ ફોરવડ બ્લોકની સ્થાપના કરી હતી અને એ હજીયે અસ્તિત્વમાં છે.

-એ નામ પુરાણું થઈ ગયું. કર્નલ ગુલમહંમદે એક વધુ કપ ઊંચકી શૈલા સામે ધર્યો, બીજું, આજના યુવાનોને આકર્ષવા માટે હવે એમાં કશું આકર્ષણ નથી રહ્યું.

–કર્નલની વાત સમજાય એવી છે. શૈલા ભાદુડીએ પોતાનો વણમાગ્યો અભિપ્રાય દશાવતાં કોફીના કપને જોયો. અંદરથી બાફ નીકળી રહ્યો હતો. તેણે ઘૂંટડો ભરવાની હિંમત ન કરી.

શૈલા ભાદુડીને ચૂપ થઈ ગયેલી જોતાં તલવારસિંઘ આગળ વધી ગયો - એ વાત ખરી છે કે ફોરવડ બ્લોકમાં જુવાનોને આકર્ષવાની હવે શક્તિ નથી રહી. આથતિ આપણે એક નવું નામ શોધવું રહ્યું.

–કારણ ? નેતાજીએ કૉફીનો કપ અધોં કરતાં હળવેકથી પ્રશ્ન મૂક્યો.

–ભવિષ્યમાં આપણે ચૂંટણી લડવી હોય તો તેના માટે આપણે આજથી જ તૈયાર રહેવું જોઈએ ! તલવારસિંઘે ઉત્તર દીધો. બીજું, આપણી પાર્ટીનું નામ એવું હોવું જોઈએ જે સમસ્ત ભારતના મૂળને સ્પર્શી જાય.

– શૈલા ! નેતાજીએ તેની દિશામાં ચહેરો સ્થિર કર્યો. ગરમ કોફીના કપ સામે જોતાં તે એ વિષે જ વિચારી રહી હતી. પરંતુ હજી તે કાંઈ નિર્ણય પર નહોતી આવી.

–મુક્તિ દળ...કેમ રહેશે ? શૈલા ભાદુડીને વિચારવા માટે વધુ સમય દેતાં કર્નલ ગુલમહંમદે પોતાનો વિચાર દશાવ્યો.

–ભારત મુક્ત છે. તલવારસિંઘ તુરત બોલી ઊઠયો, અને સ્વતંત્ર ભારતમાં 'મુક્તિ દળ' જેવું પાર્ટીનું નામ બંધબેસતું ન કહેવાય. કૉફીનો છેલ્લો ઘૂંટ ભરી કપ પૂરો કરતાં તેણે ઉમેર્યું, બલકે આપણે 'કિસાન સભા' જેવું કાંઈ નામ વિચારશું તો એ ઠીક રહેશે એમ મને લાગે છે.

–એ ખરું છે કે ખેડૂતોને નજર સમક્ષ રાખી આપણે આપણી પાર્ટીનું નામ ચૂંટશું તો એ ભારતની બહુમતીને સ્પર્શી જશે. ઠંડી થઈ ગયેલી કોફીના કપને એક જ શ્વાસે પૂરો કરી ટ્રેમાં

મૂકી દેતાં શૈલા ભાદુડીએ જણાવ્યું, પરંતુ હું એ પણ નહિ ઈચ્છે કે શહેરી પ્રજાજનો આપણી પાર્ટીને માત્ર કિસાનોની પાર્ટી તરીકે નકારી કાઢે.

–હું તમારી સાથે સહમત છું, શૈલા ! નેતાજીએ કૉફી પૂરી કરતાં એક વધુ સિગારેટ ઝગવી. આપણી પાર્ટીનું નામ એવું હોવું જોઈએ જે ભારતનાં તમામ ગામડાંઓ સાથે શહેરને પણ વણી લે.

-તો 'યુવા ભારત દળ' કેમ રહેશે ? કર્નલ ગુલમહંમદે સુઝાવ દીધો.

એ સૂચને સર્વેને વિચારતાં કરી દીધાં.

ટૂંક સમયની ખામોશી પછી શૈલા ભાદુડીએ કર્નલના વિચારને સ્વીકારી લેતાં તેમાં મામૂલી ફેરફાર સૂચવ્યો.

–'યુવા'ના સ્થાને આપણે 'તરુણ' શબ્દ ગોઠવીશું તો એ વધુ ઠીક રહેશે.

-તરુણ ભારત દળ ? પ્રશ્ન સાથે નેતાજીએ તેની સામે જોયું. શૈલા ભાદુડી 'હા' કહે એ પહેલાં તલવારસિંઘ બોલી ઊઠયો – ના, 'તરુણ ક્રાંતિ દળ.'

પાર્ટીનું નવું નામ સર્વેએ એક મતે સ્વીકારી લીધું. પ્રતીક તરીકે આઝાદ હિંદ ફોજનું પુરાણું પ્રતીક 'ઊછળતો વાઘ' આજે પણ પાર્ટીના નવા નામ 'તરુણ ક્રાંતિ દળ' સાથે બંધબેસતું હતું.

-શૈલા ! નેતાજીએ સિગારેટના બે ઊંડા કશ લેતાં તેને સંબોધી કહ્યું, પાર્ટીના નવા નામ સાથેના લેટરહેડ તથા સ્ટેશનરી તૈયાર કરવા માટે તમને કેટલા દિવસ જોઈશે ?

–આવતી કાલે પહેલું કામ હું એ જ કરીશ. શૈલા ભાદુડીએ ઊભી થઈ જતાં ઉત્તર દીધો, હવે તમે પરવાનગી દેતા હો તો હું રજા લઉં ! મારી છેલ્લી બસ રાતના સવા અગિયારની હોય છે. અને અત્યારે લગભગ અગિયાર થવા આવ્યા છે.

કર્નલ ગુલમહંમદે કાંડા-ઘડિયાળ પર નજર પાથરતાં શૈલા ભાદુડીને યાદ દેવડાવ્યું – આવતી કાલે સાથે સૂટકેસ લાવવાનું ભૂલતી નહિ.

શૈલા ભાદુડી 'જય હિંદ' કહી બહાર નીકળી ગઈ. બસના અડ્ડા સુધી મૂકવા તલવારસિંઘ પણ તેની સાથે ચાલ્યો ગયો. નેતાજી અને કર્નલ ગુલમહંમદ વચ્ચે ચર્ચાનો બીજો દોર શરૂ થાય એ પહેલાં રસોયો ગરમ કૉફીના બે કપ વધુ લઈ આવ્યો. કમરામાં અહીંતહીં કોફીના ચાર ખાલી કપ પડ્યા હતા. ટ્રેમાં તેણે એ કપ મૂકી દીધા અને પાછો કિચનમાં ચાલ્યો ગયો.

-નેતાજી! કર્નલ ગુલમહંમદે નવેસરથી શરૂઆત કરતાં ગરમ કોફીનો ઘૂંટડો ભર્યો. હજી સુધી તમે પાકિસ્તાનની તમારી મુલાકાત વિષે તારીખ નક્કી નથી કરી.

–એ તારીખ પાકિસ્તાન સરકારે નક્કી કરવાની છે. ઠુંઠું થઈ ગયેલી સિગારેટમાંથી ટેવ મુજબ નવી સિગારેટ ઝગવતાં નેતાજીએ જણાવ્યું.

–એ આમંત્રણની આશા તો ત્યારે જ રાખી શકાય જ્યારે તમે તમારી ઈચ્છા પ્રેસ દ્વારા વ્યક્ત કરો !

નેતાજી સિગારેટના કશો વચ્ચે કૉફીના ઘૂંટ ભરી રહ્યા હતા. ગંભીરતાપૂર્વક વિચારી રહ્યા હતા. અંતે તેમણે કર્નલ ગુલમહંમદ સામે જોતાં હળવેકથી પ્રશ્ન કર્યો - પાકિસ્તાનની મારી મુલાકાતનો વિષય આપણે હાલ પૂરતો મુલતવી રાખીએ તો કેમ ? ક

કર્નલ ગુલમહંમદને આશ્ચર્ય થયું. આજ પહેલાંની લગભગ દરેક મીટિંગમાં નેતાજીએ પાકિસ્તાનની મુલાકાત લેવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અને તેનાં અનેક કારણો હતાં. જેમાંનું મુખ્ય કારણ હતું. આઝાદ હિંદ ફોજના મુસ્લિમ સૈનિકો કે જેઓએ ભાગલા પછી પાકિસ્તાન વસાવ્યું હતું. નેતાજી તેઓને સાબદા કરી પાકિસ્તાનમાં પણ એક ચળવળ શરૂ કરવાની ખ્વાહિશ રાખતા હતા. એ ચળવળ 'તરુણ ક્રાંતિ દળ'ની સમાંતર પ્રગતિ કરે અને સમય આવતાં ભારત-પાકનું એકીકરણ થઈ શકે.

યોજના લાંબા ગાળાની હતી. પ્રશંસનીય હતી, પરંતુ તેનાં બી આજથી વાવવાં આવશ્યક હતું. અને આજે નેતાજી સ્વયં એ વિષે ચર્ચા કરવા રાજી નહોતા. આટલી સરળતાથી પોતાના વિચાર ફેરબદલ કરે એ કર્નલ ગુલમહંમદ માટે સહેજ વિચિત્ર પણ હતું. કદાચ એટલે જ તેનાથી પુછાઈ ગયું - કારણ ?

–જયપ્રકાશ નારાયણ હાલમાં જ પાકિસ્તાનના પ્રવાસેથી પાછા ફર્યા છે. નેતાજી પાસે ઉત્તર હાજર હતો. અને તેમની મુલાકાતની પ્રતિક્રિયા જાણવી આપણા માટે જરૂરી છે. બીજું, અહીં ભારતમાં પળે પળે રાજદ્વારી વાતાવરણ ડહોળાઈ રહ્યું છે. કેરલ તથા ઓરિસ્સાની રાજ્ય સરકારનું પતન થયું છે. દેશમાં ચોતરફ અંધાધૂંધી ફેલાઈ રહી છે. આવી તંગ પરિસ્થિતિમાં હું પાકિસ્તાન જઈશ તો આપણા અહીંના કાર્યક્રમો ઢીલા પડી જશે એમ તને નથી લાગતું ?

નેતાજીની દલીલ ખોટી નહોતી. ગયે મહિને એક જ અઠવાડિયામાં બે રાજ્ય સરકારોનું પતન થયું હતું. કેરલમાં શંકરના પ્રધાનમંડળ સામે ૭૩ વિરુદ્ધ ૫૦ મતે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી. અને ઓરિસ્સાના મુખ્ય પ્રધાન બિરેન મિત્રે પણ રાજીનામું દીધું હતું. કેરલમાં રાષ્ટ્રપતિનું શાસન સ્થપાયું હતું. રાજકીય પરિસ્થિતિ તથા પાર્ટીના બળવાખોર નેતાઓનો અભ્યાસ કરવા કોંગ્રેસ પ્રમુખ કામરાજ પોતે કેરલના પ્રવાસે ગયા હતા.

વિશેષમાં ખોરાકનો પ્રશ્ન પણ સમસ્ત ભારત માટે ચિંતાજનક જણાતો હતો. ખુદ પ્રધાનમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે...આવતા ઓક્ટોબર માસ સુધી ખોરાકની સ્થિતિ કફોડી રહેશે. કદાચ વધુ તંગ પણ બને. તે પછી કાબૂમાં આવે. પછી તેમણે પોતાની લાક્ષણિક ઢબે ઉમેર્યું હતું – હું પોતે ગરીબ હતો અને મારા દેશના ગરીબોને ભૂલ્યો નથી.

બીજી તરફ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ પણ તીવ્ર ગતિએ પડખાં બદલી રહી હતી. ચીન-રશિયા સરહદ પર ચીને લાખો ચોરસ માઈલના વિસ્તાર પર પોતાનો દાવો મક્કમતાપૂર્વક રજૂ કરી તંગદિલી વધારી હતી. માઓત્સે તુંગે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે – રશિયા તથા ચીન વચ્ચેની સરહદ શાહીવાદીઓએ ઘડી છે. અને તે અમને માન્ય નથી. રશિયાના ઝારોએ સામ્રાજ્યવાદી આક્રમક નીતિ અખત્યાર કરીને અમારી સરહદ પરના પ્રદેશો જીતી લીધા છે. અમારા એ પ્રદેશો અમને પાછા મળવા જોઈએ.

તેના ઉત્તરમાં ક્રુશ્ચોવે જડબાતોડ જવાબ દેતાં જણાવ્યું હતું કે – રશિયા તથા ચીન વચ્ચેની સરહદ ઇતિહાસની પ્રક્રિયાઓ વડે નિર્માણ થઈ છે અને તેના ઉપર કોઈ પણ આક્રમણ થશે તો તેનું પરિણામ યુદ્ધમાં આવશે.

-નેતાજી ! લાંબા વિચારને અંતે કનલ ગુલમહમદે એક બગાસું ખાતાં પ્રશ્ન કર્યો. ધારી લ્યો કે પાકિસ્તાનની તમારી મુલાકાત આપણે હાલ પૂરતી મુલતવી રાખીએ તો આપણી પાર્ટીનો આગામી કાર્યક્રમ શું રહેશે ?

-ચલો દિલ્લી.

-શું ? કનલ ગુલમહમદનાં બગાસાં ખાતા મોં સાથે આંખો પણ પહોળી થઈ ગઈ.

નેતાજીએ સિગારેટનો આખરી કશ લેતાં કહી દીધું – બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શરૂ કરેલી આપણી દિલ્લીની કૂચનાં અધૂરાં રહી ગયેલાં સપનાંઓને પૂરાં કરવાનો સમય હવે પાકી ગયો છે.



૧૭

તલવારસિંઘ શૈલા ભાદુડીને બસમાં ચડાવી ઘેર પહોંચ્યો ત્યારે રાતના બાર વાગી ગયા હતા. તેની પત્ની અમૃતા ક્યારની સૂઈ ગઈ હતી. તે જાણતી હતી. ખાસ કરીને શુક્રવારની રાતે નેતાજીના બંગલે લાંબી મંત્રણાઓ થતી હતી અને ક્યારેક તો તલવારસિંઘ ત્યાં જ સૂઈ રહેતો હતો. આજે બારને પાંચે તલવારસિંઘને પાછો ફરેલો જોતાં અમૃતાને સ્વાભાવિક રીતે જ આશ્ચર્ય થયું.

–કેમ ! આંખો ચોળતાં દરવાજો ખોલી તેણે પતિ સામે જોયું, આજે કાંઈ વહેલા આવી ગયા !

–શૈલાને બસમાં ચડાવવા ગયો હતો.

કહેતાં તે બેડરૂમની દિશામાં આગળ વધ્યો, સવા અગિયારની છેલ્લી બસ પાંત્રીશ મિનિટ મોડી આવી. ત્યાંથી હું સીધો જ ઘેર ચાલ્યો આવ્યો.

મુખ્ય પ્રવેશનો દરવાજો વાસી તેની પાછળ અમૃતા પણ બેડરૂમમાં દાખલ થઈ.

–આજે કયા કયા વિષય ચર્ચાયા ?

તલવારસિંઘે વસ્ત્રો બદલતાં આજની મીટિંગનો ટૂંક હેવાલ પત્નીને કહી સંભળાવ્યો. પછી ઉમેર્યું - રાજદ્વારી બાબતોમાં તું આજે પણ રસ ધરાવે છે એ જાણી મને આશ્ચય થાય છે !

–આનંદ નથી થતો ? ફરશ પર પડેલું તેનું કૂરતું તથા ચુસ્ત ઇજાર ઊંચકી લેતાં અમૃતાએ હળવા શબ્દોમાં ટકોર કરી.

કમરે લુંગી બાંધી તલવારસિંઘ તેની સામે આવ્યો અને તેના ખભા પર પોતાના બંને હાથ ટેકવી દીધા - અમૃતા ! મારું જીવન આનંદથી છલોછલ છે. હવે એમાં વધુ ખુશી માટે એક બુંદની પણ ગુંજાઈશ નથી.

–આ સંવાદ ક્યાં સાંભળી આવ્યા ? કહેતાં અમૃતા તેના હાથ નીચેથી સરકી સીધી રાંધણિયામાં ચાલી ગઈ. મેલાં વસ્ત્રો રાખવાની વ્યવસ્થા અહીં જ હતી. ટૂંક સમયમાં પાછી આવી તે સસ્મિત ચહેરે પતિ સામે ઊભી રહી.

માથા પર ઝૂલતો વીજળીનો ગોળો બેડરૂમમાં પ્રકાશ પાથરી રહ્યો હતો. પ્રકાશનું એક ઊજળું ચોસલું ઉઘાડી બારી બહારના અંધારા ચોગાનમાં સ્પષ્ટ નજરે પડતું હતું. ભીંત-ઘડિયાળના કાંટા રાતના બાર ને પચીસ વટાવી ચૂક્યા હતા. બાર ને ત્રીસ થતાં ઘડિયાળમાંથી એક નાજુક ટકોરો ઊઠયો અને તેનો રણકાર પતિ-પત્ની વચ્ચે પથરાયેલી ખામોશીને વધુ ગહેરી કરતો ચાર દીવાલો વચ્ચે અથડાઈ ગયો.

તલવારસિંઘે પત્નીને બંને હાથ વચ્ચે જકડી લીધી. અમૃતાના બંને હાથ તેની પીઠ પાછળ સરકી ગયા. સાથે જ અમૃતાને વર્ષો પહેલાંની એક રાત પણ યાદ આવી ગઈ. એ રાતે તલવારસિંઘે આ જ રીતે તેની કમરમાં હાથ નાખ્યા હતા, પરંતુ એ રાત જુદી હતી. એ વાત જુદી હતી.

તલવારસિંઘ આઝાદ હિંદ ફોજમાં કેપ્ટન હતો. અમૃતા 'ઝાંસીની રાણી' રેજિમેન્ટમાં એક સામાન્ય સૈનિક હતી. બ્રિટિશ તથા અમેરિકન સૈન્યો બર્મામાં આગળ વધી રહ્યાં હતાં. આઝાદ

હિંદ ફોજના સૈન્ય સાથે ‘ઝાંસીની રાણી’ બટાલિયનની સ્ત્રી-સૈનિકો રંગૂન છોડી બેંગકોકની દિશામાં ભૂમાર્ગે પ્રવાસ કરી રહી હતી. વાહનોમાં તેઓ પાસે માત્ર ચાર કાર તથા બાર ટ્રકો હતી. ત્રણ ટ્રકોમાં સ્ત્રીસૈનિકો ખીચોખીચ ભરેલી હતી. બાકીની ટ્રકોમાં જરૂરી સામાન સાથે આઝાદ હિંદ ફોજના જવાનો હતા. કારમાં નેતાજી સાથે તેમના અફસરો હતા. પ્રવાસ રાતનો હતો.

અચાનક, રાક્ષસની ઝગઝગારા મારતી બે આંખો જેવી, દુશ્મનના ધસી આવતા વિમાનની લાલ બત્તીઓ અંધારા આકાશમાં ઊપસી આવી. કાફલો થભી ગયો. બીજી જ ક્ષણે વાહનોમાંથી કૂદી પડી નેતાજી સાથે તેમના વફાદાર સાથીઓ પણ ખુલ્લા માગની બંને બાજુએ ઊભેલાં ઘટાદાર વૃક્ષો હેઠળ ઊંધા સૂઈ ગયા.

વિમાનમાંથી સ્ટ્રાફિંગ શરૂ થયું. ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. મોસમની પહેલી વષના ઝાપટા જેમ બૂલેટો વરસાવી બોંબરો ઘરઘરાટ કરતાં દૂર દૂર ચાલ્યા ગયા. અમૃતાએ આંખો ખોલી માથું ઊંચું લીધું. તે ચોંકી ગઈ. એક હાથ સાપની જેમ તેની કમરમાં વીંટળાઈને પડ્યો હતો. એ હાથ તલવારસિંઘનો હતો. તલવારસિંઘ તેની પડખે જ ઊંધો સૂતો હતો. બંનેએ પળભર એકમેકની આંખોમાં જોયું, પાતળું સ્મિત ફરકાવ્યું અને પોતપોતાનાં વાહનોની દિશામાં દોડી ગયા.

તલવારસિંઘનો એ પ્રથમ સ્પશ હતો. પ્યારનો નક્કર પુરાવો હતો. જો કે આઝાદ હિંદ ફોજના કેપ્ટન તલવારસિંઘ અને ‘ઝાંસીની રાણી’ બટાલિયનની સ્ત્રી-સૈનિક અમૃતા વચ્ચે પ્રેમના અંકુરો તો મહિનાઓ પહેલાં જ ફૂટી ચૂક્યા હતા.

–શું વિચારે છે ? અચાનક ખામોશ થઈ ગયેલી પત્નીને તલવારસિંઘે હળવેકથી પૂછી લીધું. ડબલબેડની કિનાર પર બંને જણાં પહેલી રાતના જોડાની જેમ ચૂપ બેઠાં હતાં.

–એ દિવસો વિષે. અમૃતાએ ખોવાઈ ગયેલા સ્વરે ઉત્તર દીધો, એ રાતો વિષે.

–કયા દિવસો ?

–પ્રેમની શરૂઆતના.

–હં...!

–યાદ છે, તમે લંગડાતા લંગડાતા રંગૂન આવ્યા હતા અને મેં તમારી સારવાર કરી હતી !

–અક્ષરશઃ યાદ છે. કહેતાં તલવારસિંઘે પણ ભૂતકાળમાં ઝંપલાવ્યું, કર્નલ ગુલમહંમદ સાથે હું પણ દુશ્મનોના હાથમાં જીવતો સપડાઈ ગયો હતો. મારા પગમાં ગોળી વાગી હતી. એ ગોળીની પીડા શમતાં જ હું કનલનો સંદેશો લઈ શત્રુની જેલમાંથી છટકી નાસી આવ્યો હતો. માઈલોનો પ્રવાસ પગપાળા કરી હું રંગૂન પહોંચ્યો હતો. મારા પગના ઘામાંથી ફરી લોહી વહેવા લાગ્યું હતું, પરંતુ હોસ્પિટલમાં તારા હાથનો ચમત્કારિક સ્પશ થતાં હું મારી સઘળી પીડા ભૂલી ગયો હતો.

અમૃતાએ હસી દેતાં કહ્યું - જુદું !

–કેમ ?

–એ તો આપણી પ્રથમ મુલાકાત હતી.

–અને પ્રથમ દષ્ટિએ જ મને પ્રેમ થયો હતો.

–પુરાવો ?

–શત્રુના બોંબરો સ્ટ્રાફિંગ કરી રહ્યા હતા ત્યારે મેં તને પડખામાં નહોતી લીધી ?

–એ કાંઈ પુરાવો ન કહેવાય. અમૃતા આજે મજાકના મૂડમાં હતી.

–બીજો પુરાવો દઉં ? પ્રશ્ન સાથે તેણે ઉત્તર પણ દીધો. બેંગકોકની દિશામાં ભૂમાર્ગે પ્રવાસ કરતો આઝાદ હિંદ ફોજનો કાફલો ભડકે બળતું ગામ પેગૂ વટાવી નદીકાંઠે આવી થોભી ગયો.

નદી બંને કાંઠે છલકાઈ રહી હતી. વાહનો સાથે નદી પાર કરવી શક્ય નહોતું. નદી પરનો પુલ શત્રુનાં વિમાનોએ બમમારો કરી ભુક્કો કરી નાખ્યો હતો.

નેતાજીએ વિચારવા માટે વધુ સમય ન લીધો. તુરત તેમણે યોજના ઘડી કાઢી. સહુ પ્રથમ સ્ત્રી-સૈનિકોને સામે કાંઠે સુરક્ષિત લઈ જવી આવશ્યક હતું. કનલ મલિક તથા કેપ્ટન તલવારસિંઘ સેવા માટે તૈયાર થઈ ગયા. સ્ત્રી-સૈનિકોને સામે પાર લઈ જવાની જવાબદારી તેઓએ સ્વીકારી લીધી હતી.

મોખરે આઝાદ હિંદ ફોજના કનલ મલિક હતા. તેમની પાછળ એકમેકના હાથમાં હાથ ભીડી સ્ત્રી-સૈનિકોની હરોળ હતી. હરોળને અંતે અમૃતા હતી. અમૃતાની પાછળ તલવારસિંઘ હતો. એક હરોળમાં કાફલો પગલે પગલે નદી ઓળગી રહ્યો હતો. એક લાંબા દોરડાના વળની જેમ દરેક સ્ત્રી-સૈનિક એકમેકમાં સંકળાયેલી હતી. પ્રથમ સ્ત્રીસૈનિકના હાથ કનલ મલિકના હાથમાં હતા તો અંતિમ સ્ત્રી સૈનિક અમૃતાના હાથમાં તલવારસિંઘનો હાથ હતો. તલવારસિંઘે આ અમૂલ્ય તક ઝડપી લઈ નદીના ધસમસતા પૂરમાં જ પોતાના પ્રેમનો એકરાર અમૃતાના કાનમાં ફૂંકી દીધો.

–આ પુર વો પણ લૂલો કહેવાય ! સોળ વર્ષની નવોઢા જેમ અમૃતાએ મનમાં ને મનમાં મલકાતાં ટકોર કરી.

–તો એક વધુ પુરાવો દઈશ. કહેતાં તલવારસિંઘે લાઈટની સ્વિચ ઓફ કરી નાખી. માથે ઝૂલતો સો કેન્ડલ પાવરનો બલ્બ અંધકારમાં ઓગળી ગયો. ચાર દીવાલો ઓગળી ગઈ. બારી બહાર પથરાયેલું પ્રકાશનું ઊજળું ચોસલું છલાંગ મારી અંદર પ્રવેશી ગયું.

અચાનક આમ બાજી પલટાઈ જશે એની અમૃતાને કલ્પના સુધ્ધાં નહોતી. આ દિવસો જવાનીના નહોતા. આ દિવસો વૃદ્ધાવસ્થાનાયે નહોતા. છતાં પતિએ પત્ની પર હુમલો કરવાનાયે નહોતા. એકાએક પ્રબળ શક્તિ તલવારસિંઘમાં ક્યાંથી દોડી આવી હશે એ તે કળી ન શકી.

તલવારસિંઘના બાહુઓમાં તે ઝડપાઈ ગઈ. ડબલબેડ વચ્ચે તે પથરાઈ ગઈ. પત્નીને સંતોષવા તલવારસિંઘ જબ્બર પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ એ માત્ર પ્રયાસ જ હતો. અચાનક ઊભરાઈ આવેલાં લાગણીનાં પૂરને નીચોવી લેવાની તેની ઈચ્છા કલ્પના બનીને રહી ગઈ. હકીકતમાં તે કાંઈયે કરી ન શક્યો. કાંઈ કરવાના તેના દિવસો વર્ષો પહેલાં આથમી ગયા હતા. સાથળો વચ્ચે ઝૂલતા ચામાચીડિયામાં પ્રાણ પૂરવામાં નિષ્ફળ જતાં તેના કપાળ સાથે તેની પીઠ પણ પરસેવાથી ભીની થઈ ગઈ.

-અમૃતા ! વાસ્તવિકતાને સ્વીકારી લેતાં તેણે પત્નીને સંબોધી કહ્યું, મને...મને એમ લાગ્યું કે કદાચ આજે...

અમૃતા નિરાશ ન થઈ. અમૃતાને દુઃખ પણ ન થયું. તે જાણતી હતી. આઝાદ હિંદ ફોજના પરાજય સાથે તલવારસિંઘ જીવનની બાજી પણ હારી ગયો હતો. અને તેનાં બે કારણો મુખ્ય હતાં. માનસિક રીતે તે પડી ભાંગ્યો હતો. યુદ્ધ-કેદી બની ભારત પાછા આવ્યા પછી તેની સ્થિતિ પાંજરામાં પુરાયેલા જંગલના સિંહ જેવી થઈ હતી. સામાજિક જીવનમાં પુનઃવસવાટ તેના માટે લગભગ અશક્ય હતો. યુદ્ધ પછીનાં વર્ષોમાંયે તે ઊંઘમાંથી મધરાતે ઝબકી ઊઠી ફાટી આંખે જોયા કરતો. તેના કાનમાં તોપના ધડાકા સંભળાયા કરતા. તેના માનસપટ ઉપર યુદ્ધ ખેલાયા કરતું. પરંતુ એ દિવસોમાં તે શારીરિક રીતે નબળો નહોતો.

આજે અમૃતાને પોતાને આશ્ચર્ય થઈ રહ્યું હતું. બે બાળકોની મા બનવાને તે ભાગ્યશાળી થઈ હતી. બંને પુત્રો હતાં. રાહુલ અને મૂકેશ. રાહુલ દિલ્લીની એક બેન્કમાં મેનેજરની પદવીએ હતો. મૂકેશ ફિલ્મ લાઈનમાં નસીબ અજમાવવા મુંબઈ ચાલ્યો ગયો હતો. ક્યારેક ક્યારેક તેનો એકાદેક પત્ર આવી જતો. હજી તેનો સંઘર્ષ જારી હતો. એથી વિશેષ કાંઈ નહિ.

મૂકેશ પછી ? કાંઈ નહિ. સેક્સ પણ નહિ. સંતાન પણ નહિ. માનસિક યાતનાઓએ તલવારસિંઘના જાતીય જીવનને ધીમા ઝેરની જેમ ખલાસ કરી નાખ્યું હતું. તીવ્ર ઈચ્છા હોવા છતાં પત્નીને તે સંતોષી નહોતો શકતો. બલકે છેલ્લાં દસેક વર્ષોથી તેણે પ્રયાસ પણ છોડી દીધા હતા. ન જાણે કેમ આજે, અચાનક, ઓલવાઈ ગયેલા દીવાએ જ્યોત પ્રગટાવવાના પ્રયત્ન કર્યા હતા !

–સાંભળો છો ! અમૃતાએ સમજદારીપૂર્વક ખામોશી તોડી.

–હં. તલવારસિંઘ પોતાના બંને હાથ માથા નીચે ગોઠવી સપાટ સૂતો હતો.

–નેતાજી પાકિસ્તાનની મુલાકાતે જવાના હતા તેનું શું થયું ?

–હું નથી જાણતો. તલવારસિંઘે ટૂંકો ઉત્તર દીધો. હજી તે પોતાની દ્વિધામાંથી બહાર નીકળી શક્યો નહોતો.

–અને આજે પાર્ટીનું નવું નામ પણ કાંઈ નક્કી થવાનું હતું ને ?

–એ થઈ ગયું.

–હું જાણી શકું ?

–તરુણ ક્રાંતિ દળ.

–સરસ નામ છે. અમૃતા બોલી, સમસ્ત ભારતના યુવાનો એ નામ હેઠળ એકઠા થઈ નેતાજીના કાર્યક્રમમાં મદદરૂપ થાય તો નવાઈ નહિ. પરંતુ હજી એક વાત મારી સમજમાં નથી આવતી.

–કઈ ?

ભીંત-ઘડિયાળમાંથી રાતના બેના ટકોરા ઊઠયા અને તેનો રણકાર અંધારા વાતાવરણમાં પથરાઈ ગયો. અમૃતાને લાઈટની સ્વિચ ઓન કરવાનું મન થયું, પરંતુ તેણે એમ ન કર્યું. અનાયાસે સ્વિચની દિશામાં લંબાઈ ગયેલો હાથ પાછો ખેંચી લેતાં તેણે આગળ ચલાવ્યું.

–એક રાજદ્વારી પાર્ટી ધનના બળ વિના ટકી ન શકે.

–ખરું.

–પાર્ટીના કાર્યક્રમોને આગળ વધારવા હજારોની જરૂર પડે.

–હં.

–તમારી પાસે એ નાણું ક્યાંથી આવે છે ?

–એ તો આજ દિવસ સુધી હુંયે સમજી નથી શક્યો. કહેતાં તલવારસિંઘ પાછો પોતાના મૂળ ખોળિયામાં પ્રવેશી ગયો. જ્યારે પણ નાણાંની જરૂર ઊભી થાય છે, નેતાજી પાસે કેશ હાજર હોય છે. હું સો-બસો રૂપિયાની વાત નથી કરતો.

અમૃતાએ પળભર વિચારી જણાવ્યું – કદાચ કોઈ શ્રીમંતે ડોનેશન દીધું હોય.

–આપણે એમ જ માની સંતોષ માનવો રહ્યો. તલવારસિંઘે કહ્યું, પણ તારી જેમ મારા મનના કોઈ અજાણ્યા ખૂણામાં શંકાઓ જન્મતી રહી છે અને એ હકીકત છે. ક્યારેક પ્રશ્ન પણ થાય છે. શું આ નેતાજી એ જ છે જે આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર હતા ?

–મને તો એવી શંકા ક્યારેય નથી આવી. અમૃતા બોલી, અલબત્ત શરૂઆતમાં થઈ હતી. પરંતુ નેતાજીનો વ્યવહાર, ચારિત્રય જાણ્યા પછી ખાતરી થઈ ગઈ. તમારું મન હજીય ડંખે છે ?

ઉત્તર દેતાં પહેલાં તલવારસિંઘે થોડોક સમય લીધો. પછી કહ્યું – આજકાલ નેતાજી થોડાક અસ્વસ્થ નજરે પડે છે. લોકોની પીડા તેમનાથી સહન નથી થતી. કોઈ ભૂખ્યો ભારતવાસી તેમની સામે ઉપસ્થિત થઈ બે ઘડી પોતાનાં દુઃખ વર્ણવે છે અને તેમનું હૃદય હલી ઊઠે છે.

–એમ તમે ખાતરીપૂર્વક ન જ કહી શકો.

–નેતાજીનો ચહેરો જોઈ એક બાળક પણ કહી શકે કે નેતાજી ભીતરથી ઘસાતા જાય છે. આપણા નેતાજી લાગણીપ્રધાન જરૂર હતા, નિબળ નહોતા.

–એ કાંઈ કારણ ન કહેવાય. અમૃતાને પોતાના વિચાર સ્પષ્ટ કરવાની આવશ્યકતા જણાઈ, હવે તેમની ઉંમર પણ એ નથી રહી, જે યુદ્ધકાળ દરમિયાન હતી. અને વધતી ઉંમર સાથે માનવી વધુ લાગણીપ્રધાન થઈ જાય એ મને તો તદ્દન સ્વાભાવિક લાગે છે.

–તું એમને નજીકથી જોવાનો પ્રયાસ કરીશ તો નહિ લાગે. તલવારસિંઘે કહ્યું, છેલ્લા થોડાક દિવસોથી તેમનામાં કાંઈ પરિવર્તન આવી રહ્યું હોય એવો મને ભાસ થાય છે.

–કેવું પરિવર્તન ?

–નેતાજી દેશમાં ક્રાંતિ ઈચ્છે છે અને ક્રાંતિ ત્યારે આવે જ્યારે લોહીની નદી વહે.

-તદ્દન ખરું.

-અને હવે તે હત્યાના સમાચાર પણ સાંભળી નથી શકતા. તલવારસિંઘ સ્પષ્ટ શબ્દોમાં બોલી રહ્યો હતો, ગઈ કાલે કાનપુર યુનિવર્સિટીના યુવાનોએ હજારોની સંખ્યામાં યુનિવર્સિટીમાં મોરચો લઈ જઈ નેતાજીના નામે ભાંગફોડ શરૂ કરી. પોલીસોએ તેમને રોકવાના શક્ય તેટલા અહિંસક પ્રયાસો કર્યા. અંતે પરિસ્થિતિ કાબૂ બહાર જતાં તેમણે ગોળીબાર શરૂ કર્યો. પીટીઆઈના સમાચાર મુજબ દસ વિદ્યાર્થીઓ ગોળીબારમાં મૃત્યુ પામ્યા અને પચીસને ઈજા થઈ.

આ સમાચાર નેતાજીએ વાંચ્યા ત્યારે તેમના મોઢામાંથી નિસાસો નીકળી ગયો. જાણે એ મૃત્યુ પોલીસના ગોળીબારમાં નહોતાં થયાં, તેમના પોતાના હાથે થયાં હતાં. એ વખતે હું તેમની સામે જ બેઠો હતો. છાપું ઘડી કરી મૂકી દેતાં તેમણે પોતાના હાથ સામે જોયું ત્યારે મને ફરી એક વાર પ્રશ્ન થયો હતો... શું આ નેતાજી એ જ છે જેમણે સિંગાપુરની મેદની સામે ભાષણ દેતાં કહ્યું હતું કે બલિદાન વિનાની આઝાદી કશા ખપની નથી હોતી ?

-તમારી વાત મને સમજાય છે. અમૃતાએ હળવેકથી કહ્યું અને એક લાંબું બગાસું ખાધું.

એ સમયે રાતના ત્રણ વાગી ગયા હતા.

રાતના એ જ સમયે ક્રાઈમ બ્રાંચના ‘સબ’ શ્રી મલ્હોત્રા તથા ઈન્સપેક્ટર બલબીર મોડી સાંજથી સાદા પોશાકમાં દિલ્લીના ચાંદની ચોકમાં બેઠા હતા. તેમને મળેલી બાતમી મુજબ કુત્બના માર્ગે થયેલી સિક્યોરિટી ઓફિસરની નિમમ હત્યાના બે અપરાધીઓ આ જ વિસ્તારમાં ક્યાંક રહેતા હતા. ચોક્કસ સ્થળથી તેઓ વાકેફ ન હતા. પરંતુ એ બંને હત્યારાઓનાં વર્ણન તેઓની ડાયરીમાં હતાં. કલ્પનામાં તેઓ એ બંનેની આકૃતિ જોઈ શકતા હતા.

બંનેમાંથી એક હત્યારો દેખાવમાં કદાવર હતો. તેના માથે એકે વાળ નહોતો. ચહેરા પર તે ચંગેઝખાન જેવી મૂછો રાખતો હતો. જ્યારે બીજો હત્યારો દેખાવમાં જોકર જેવો હતો. ઊંચાઈ લગભગ છ ફૂટ. તેનું નાક સહેજ લાંબું હતું. સાદા વેશમાં અંધારાની ઓથ લઈ એક ઓટલા પર બેઠેલા ઈન્સપેક્ટર બલબીર તથા ‘સબ’ મલ્હોત્રાને એ બંનેની પ્રતીક્ષા હતી.

–કેટલા વાગ્યા ? ક્રાઈમ બ્રાંચના ‘સબ’ મલ્હોત્રાએ પાકીટમાંથી છેલ્લી સિગારેટ બહાર કાઢતાં પ્રશ્ન કર્યો.

–ત્રણ ને દસ. ઈન્સપેક્ટર બલબીરે કાંડા-ઘડિયાળમાં જોઈ કહ્યું.

–કમબખ્તોએ હજી સુધી દેખા નથી દીધી.

–મારા ખ્યાલથી તેઓ હવે આ દિશામાં નહિ ફરકે !

–કેમ ? મલ્હોત્રાએ સિગારેટ ઝગવી ફરી પ્રશ્ન કર્યો.

–કદાચ તેઓ ચેતી ગયા હોય !

–છતાં આજની રાત તો આપણે અહીં જ ગાળવી પડશે !

–રાત તો લગભગ પૂરી થવા આવી !

મલ્હોત્રાએ સિગારેટનો એક ઊંડો કશ લીધો અને તેની નજરે બે વ્યક્તિઓ પડી. રાતના સન્નાટામાં ટહેલતી એ બંને વ્યક્તિઓ જુમ્મા મસ્જિદની દિશામાં આવી રહી હતી. 'સબ' મલ્હોત્રા સાથે ઈન્સસ્પેક્ટર બલબીર પણ સાવધાન થઈ ગયો. સહુ પ્રથમ મલ્હોત્રાએ સિગારેટ ઓલવી ફેંકી દીધી. પછી હળવેકથી કહ્યું – બલબીર ! મને લાગે છે આ બંનેને ગિરફતાર કરવા માટે આપણે પૂરતા નથી.

ઈન્સપેક્ટર બલબીર સહમત થયો, કારણ કે ચંગેઝખાન જેવી મૂછોવાળો કદાવર પુરુષ એકલો દસને પછાડી શકે એટલી તાકાત ધરાવતો હતો. તેના શરીરને જોતાં એવું લાગતું હતું જાણે તે અલાદિનનો જીન હોય ! પોશાકમાં તેણે લાલપીળા પટ્ટાવાળો બુશશર્ટ તથા ઘેરા રંગની પેન્ટ પહેરી હતી.

જેવા એ બંને હત્યારાઓ નજીક આવ્યા કે ઈન્સસ્પેક્ટર બલબીર સાથે 'સબ' મલ્હોત્રા પણ ઊભો થઈ ગયો. તેણે બેડીઓ તૈયાર જ રાખી હતી. ઈન્સસ્પેક્ટર બલબીરના હાથમાં ખુલ્લી રિવોલ્વર હતી. બંને હત્યારાઓ સામે ઉપસ્થિત થઈ તેણે રિવોલ્વરની નાળ સામે ધરતાં કહ્યું – ચૂપચાપ શરણે નહિ થાવ તો આ રિવોલ્વરનો ઉપયોગ કરવાની મને ફરજ પડશે !

બંને હત્યારાઓ પળભર માટે સ્તબ્ધ થઈ ગયા. તેઓ સામે ફૂટી નીકળેલા સીઆઈડી ઓફિસરો સામે ફાટી આંખે જોઈ રહ્યા. જોકર જેવા લાગતા લાંબા નાકવાળા હત્યારાએ તો પોતાના બંને હાથ મલ્હોત્રા સામે ધરી દીધા હતા. આ જ તક હતી. બેડીઓ પહેરાવવાની. આ ક્ષણ ચુકાઈ જતાં તેનું પરિણામ ખતરનાક આવવાનું હતું.

'સબ' મલ્હોત્રાએ બેડીઓ નાખવા પોતાના હાથ લંબાવ્યા અને એ જ પળે લાંબા નાકે પોતાના બંને હાથ ભીડી ઝટકા સાથે ઊંચા લીધા. મલ્હોત્રાની હડપચી પર ઓચિંતો ફટકો પડ્યો. તેનો ચહેરો પાછળની તરફ ફેંકાઈ ગયો. ચાર પગલાં દૂર જઈ તે નીચે પછડાઈ ગયો. એ દરમિયાન ચંગેઝખાન જેવી મૂછવાળા પુરુષે ઈન્સપેક્ટર બલબીરના હાથ પર કરાટેનો એક 'ચોપ' જડી દીધો હતો. રિવોલ્વર ઊડી અંધારામાં ક્યાંક ગૂમ થઈ ગઈ.

આ બધું એટલી ઝડપથી બની ગયું કે બંને સીઆઈડી ઓફિસરો હેબતાઈ ગયા. પરંતુ બીજી જ ક્ષણે સ્વસ્થ થતાં તેઓએ પોતાની લાગણી પર કાબૂ મેળવી લીધો.

ઈન્સસ્પેક્ટર બલબીરે ચંગેઝખાન જેવી મૂછોવાળા પુરુષ પર જવાબી હુમલો કર્યો. 'સબ' મલ્હોત્રા લાંબા નાક પર તૂટી પડ્યો.

રાતના સન્નાટામાં ઝપાઝપી શરૂ થઈ ગઈ. અંગેઝખાન જેવી મૂછવાળા પુરુષે ઈન્સસ્પેક્ટર બલબીરને બિલાડીના બચ્ચા જેમ ઊંચકી 'સબ' મલ્હોત્રા પર ઘા કર્યો. અત્યાર સુધીમાં મલ્હોત્રાએ લાંબા નાકને બથમાં લઈ લીધો હતો. ઇન્સસ્પેક્ટર બલબીર ફૂટબોલની જેમ ઊછળીને આવતાં લાંબા નાક સાથે 'સબ' મલ્હોત્રા પણ નીચે ફેંકાઈ ગયો. પરંતુ તેણે લાંબા નાકને ચસકવા ન દીધો. પકડ ઢીલી ન કરી.

ઈન્સસ્પેક્ટર બલબીર ફરી ઊભો થવા ગયો અને તેની નજર પોતાની રિવોલ્વર પર પડી. તુરત તેણે હાથ લંબાવીને રિવોલ્વર ઊંચકી લીધી. ચંગેઝખાન જેવી મૂછવાળા કદાવર પુરુષે એ જોયું અને તત્ક્ષણ નિર્ણય લેતાં નાસી છૂટ્યો. લાંબું નાક 'સબ' મલ્હોત્રાના પંજામાં સખત રીતે જકડાયેલો હતો. તેના માટે નાસી છૂટવું શક્ય નહોતું. તેના હાથમાં બેડીઓ પડી ગઈ.

બંને સીઆઈડી ઓફિસરો લાંબા નાકને લઈ પોલીસ સ્ટેશને આવ્યા અને તેને લોકઅપમાં બંધ કરી ડ્યૂટી ઓફિસરને વિગતવાર રિપોર્ટ દીધો. ટૂંક સમય પછી તેઓ પાછા લોકઅપમાં આવ્યા અને લાંબા નાક સામે યમદૂત જેમ ઊભા રહી ગયા. લાંબું નાક કાંઈ સમજે એ પહેલાં તો બંનેએ મળી તેની પીટાઈ શરૂ કરી. જડબાતોડ મુક્કા... લાતો... ચોપ્સ... લાફા. હાડકાં-

પાંસળાં એક થઈ જાય એવા ફટકા પડ્યા છતાં તે જોકરની જેમ હસતો રહ્યો. અંતે બેહોશ થઈ ઢળી પડ્યો.

ઈન્સ્પેક્ટર બલબીરે તેના મોઢા પર પાણી છાંટી તેને પાછો પગભર કર્યો. શરાબીની જેમ એકાદ બે લથડિયાં ખાઈ તેણે સ્થિર ઊભા રહેવાનો પ્રયાસ કર્યો અને એમાં તે સફળ થઈ ગયો. 'સબ' મલ્હોત્રાએ તેને પહેલો પ્રશ્ન કર્યો – સિક્ટોરિટી ઓફિસરની હત્યા કોણે કરી ? ઉત્તરમાં લાંબા નાકે માત્ર સ્મિત ફરકાવ્યું.

ઈન્સ્પેક્ટર બલબીરે ઓચિંતા તેની પાંસળીમાં એક સખત મુક્કો માર્યો. લાંબા નાકની સાથે તેનું આખું હાડપિંજર હલી ઊઠયું. છતાં તેના ચહેરાના ભાવ બદલાયા નહિ. બલકે આ વખતે તેણે બત્રીસે દાંત દેખાડી સ્મિત ફરકાવ્યું. આવો વિચિત્ર અપરાધી આજ પહેલાં એકે પોલીસ સ્ટેશનમાં નહોતો આવ્યો. આ માનવી હાડમાંસનો બનેલો હતો કે રબરનો ? આટઆટલા ફટકાઓ ખાવા છતાંય તે હસી રહ્યો હતો. –

–સિક્યોરિટી ઓફિસરની હત્યા શા માટે કરી ? 'સબ' મલ્હોત્રાએ ફરી પ્રશ્ન કર્યો. જવાબમાં લાંબા નાકે ખિસ્સામાંથી રૂમાલ કાઢી નાક આડે ધર્યો અને નાક ફૂંક્યું, પછી ઘડી કરીને રૂમાલ પાછો ખિસ્સામાં મૂકી દીધો. ઇન્સસ્પેક્ટર બલબીરને એવી ચીઢ ચડી કે તેણે લાંબા નાકનું લાંબું નાક પકડીને મોડી નાખ્યું. લાંબા નાકના ગળામાંથી રાડ નીકળી ગઈ. પરંતુ તેણે એકે શબ્દ ઉચ્ચાર્યો નહિ.

બંને ઓફિસરોએ એકમેક સામે જોયું અને લોકઅપની રૂમમાંથી બહાર નીકળી ગયા. ડયૂટી ઓફિસરની સામે ઉપસ્થિત થતાં તેઓએ જણાવ્યું – સર ! એને બેચાર દિવસ ભૂખ્યો રાખવો પડશે !

–કેમ ?

–કાંઈ બોલતો જ નથી. ઈન્સસ્પેક્ટર બલબીર કહી રહ્યો હતો. સાલાનાં હાડકાં-પાંસળાં હલી ગયાં છતાં હસે છે. -કાલે હું પોતે જ એની ખબર લઈશ. કહેતાં ડયૂટી ઓફિસરે એક લાંબું બગાસું ખાધું અને બંને ઓફિસરો રજિસ્ટરમાં સહી કરી બહાર નીકળી ગયા. પરંતુ તેઓ વધુ છેટે જઈ ન શક્યા. પોલીસ ચોકીના કમ્પાઉન્ડમાં જ ઢગલો થઈ ઢળી પડ્યા. અક્કેક બૂલેટે બંનેની ખોપરીમાં પ્રવેશી ખોપરીના ભુક્કા ઉડાડી દીધા હતા. સહેજે અવાજ નહોતો થયો. ગોળીઓ ફૂટવાનો અવાજ પણ નહિ. કમ્પાઉન્ડમાં ઊભેલા ચાર બુકાનીબંધ માણસો પાસે 'સાઇલન્સર' વાળી રિવોલ્વર હતી.

બે ઓફિસરોને ઢાળી તેઓ સીધા અંદર ધસી ગયા. સહુપ્રથમ તેઓએ બગાસાં ખાતા ડયૂટી ઓફિસરને ખુરશીમાં જ ભડાકે દીધો અને લોકઅપ રૂમ પાસે આવ્યા. ટૂંક સમયમાં તો લાંબા નાકની સાથે પોલીસચોકીમાંથી જેટલી બંદૂકો હાથે ચડી તેટલી લઈ તેઓ અદશ્ય પણ થઈ ગયા.



૧૮

ઓક્ટોબર તારીખ વીસનાં અખબારોની ફ્રન્ટ પેજ હેડલાઈનોએ ફરી એક વાર રાજદ્વારી વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો. ભારતના એક છેડાથી બીજા છેડા સુધી ચોંકાવનારા સમાચાર રેડિયો તથા અખબારો દ્વારા ફરી વળ્યા. સવારની ચાના કપ સાથે છાપું વાંચતા ભારતના નાગરિકોની ચા ઠરી ગઈ. આલોક ગુપ્તા પણ તેમાં અપવાદ નહોતો. તેણે ફરી એક વાર હેડલાઈન પર નજર સ્થિર કરી : ચલો દિલ્લી – નેતાજીની દિલ્લીની કૂચની પુનઃ શરૂઆત. નીચે વિગતવાર સમાચાર હતા.

આશરે બે દાયકા પહેલાં જાપાની સૈન્યના ઓળા હેઠળ નેતાજી સુભાષચંદ્ર બોઝ તથા આઝાદ હિંદ ફોજના જવાનોએ અંગ્રેજોની ગુલામીમાંથી ભારતમાતાને મુક્ત કરાવવા બર્મા-મલાયાથી દિલ્લીની કૂચ શરૂ કરી હતી. આઝાદ હિંદ ફોજના વીરો પગલે પગલે શત્રુઓને પડકારતા આગળ વધ્યા હતા. કાંઈ કેટલીયે કુરબાનીઓ દઈ તેઓ ભારતની સીમા, કોહિમામાં પ્રવેશ્યા હતા. કલકત્તા વધુ છેટે નહોતું. જાપાની સૈન્યો કલકત્તા પર બમવર્ષા કરવા અધીરાં થઈ રહ્યાં હતાં.

ખબરદાર ! નેતાજી સુભાષચંદ્ર બોઝે તેઓને રોકતાં ચેતવણી દીધી... કલકત્તા પર બમવષા થતાં કલકત્તા ધ્વસ્ત થશે અને એક ખંડેર શહેરમાં દાખલ થવા માટે આઝાદ હિંદ ફોજે કૂચ શરૂ નથી કરી, કહેતાં નેતાજીએ ઉમેર્યું હતું – કલકત્તા પર આપણે બમને બદલે હેંડબિલો ફેંકશું. કોંગ્રેસના ધ્વજની વષા કરીશું. કલકત્તા તથા સમસ્ત ભારતના નાગરિકો માટે અંગ્રેજી સત્તા સામે બંડ પોકારવા અને આપણું સ્વાગત કરવા માટે આટલું પૂરતું છે.

બમવર્ષા ન થઈ. કુદરતનો કોપ જેવી જલવષાએ આઝાદ હિંદ ફોજની આગળ વધતી કૂચ થોભાવી દીધી. ચલો દિલ્લીની કૂચનાં સપનાં અધૂરાં રહી ગયાં. એ જ કૂચ નેતાજી પુનઃ પ્રારંભ કરવાના છે. મહાત્મા ગાંધીની દાંડી કૂચમાંથી પ્રેરણા લઈ નેતાજી સુભાષચંદ્ર બોઝ કલકત્તાથી દિલ્લીનો પ્રવાસ પગપાળા કરવાની ઈચ્છા રાખે છે. માગમાં આવતા દરેક ગામને દાણચોરી, ભ્રષ્ટાચાર અને કાળાબજાર સામે જાગૃત કરવાની તેમની યોજના છે. નેતાજીના કહેવા મુજબ તેમનો આ પ્રવાસ દેશમાંથી સડો દૂર કરી કોંગ્રેસના પાયા વધુ મજબૂત બનાવવા માટે છે.

સમાચાર વાંચી આલોક ગુપ્તા ટાઢો થઈ ગયો. ટાઢી ચા પીવાની ઈચ્છા હવે તેનામાં બાકી નહોતી વધી. એક સાથે અનેક પ્રશ્નો માનસપટ ઉપર તરફડી રહ્યા હતા. દાંડી કૂચમાં ગાંધીજીની તકશક્તિ સ્પષ્ટ નજરે પડતી હતી. ગાંધીજી ઈચ્છતે તો રેલગાડીમાં બેસી સીધા દાંડી પહોંચી શક્યા હોત ! છતાં તેમણે દાંડી સુધી પહોંચવા માટે પગપાળા પ્રવાસ કરવાનો નિણય લીધો. ભારતનાં થોડાંક વધુ ગામડાંઓમાં જનજાગૃતિ લાવવાની આ ઉત્તમ તક હતી. અને તેમણે એમ જ કર્યું. ગાંધીજીએ જે જે ગામમાં પગ મૂક્યો તે તે ગામ મુક્તિ માટે થનગની ઊઠયાં. એક અપૂર્વ જુસ્સો ચોતરફ ફેલાતો ગયો. એ અહિંસક જુસ્સાને કચડવા અંગ્રેજોએ પોતાની સઘળી તાકાત કામે લગાડી દીધી. અનેક અહિંસક યોદ્ધાઓનાં લોહી રેડાયાં. અનેક નિદોર્ષોનાં બલિદાન દેવાયાં. શું નેતાજીની ‘ચલો દિલ્લી’ની આ કૂચ દાંડી કૂચનું ડહોળાયેલું રૂપ તો નહોતું ?

વધુ કાંઈ ન વિચારતાં તે તૈયાર થઈ નીચે આવ્યો અને પબ્લિક કોલ બૂથમાંથી સી.બી.આઈ. મથકનો નંબર જોડ્યો. જ્યારથી તેને પોતાનો ફોન ટેપ' થયો હોવાની શંકા જાગી હતી, અગત્યના ફોન તે કોલ બૂથમાંથી જ કરતો હતો.

–હલ્લો ?

–હું આલોક ગુપ્તા બોલું છું. ચીફનો સ્વર પારખી લેતાં તેણે પોતાનું નામ જણાવ્યું. પછી ઉમેર્યું, અત્યારે તમે ફ્રી છો ?

–તારા માટે સમયનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો.

–તો હું પાંચ મિનિટમાં તમારી સામે હાજર હોઈશ.

–કાંઈ ખાસ ?

આલોક ગુપ્તાએ સામો પ્રશ્ન કર્યો – ઇન્ટરપોલનો રિપોર્ટ આવી ગયો મીફે હા ફહી.

-એ વાંચવા હું આતુર છું.

લાઈન ડિસકનેક્ટ કરી તે પોતાની કારમાં ગોઠવાયો અને સી.બી.આઈ. મથકની દિશામાં કારને મારી મૂકી. માગમાં કૉફી હાઉસ આવતાં તેને કાર રોકવી પડી. અનિતાની બેઠક અહીં જ હતી. તેણે ભીતર ડોકિયું કર્યું. અનિતા નજરે ન પડતાં તેણે ‘બેરા’ને સંદેશો દીધો - અન્ના ! અનિતા આવે તો તેને વાટ જોવા કહેજે. હું કલાકેકમાં પાછો ફરીશ.

ટૂંક સમય પછી તેની કાર સી.બી.આઈ. મથક સામે ઊભી હતી. તે સી.બી.આઈ.ના ચીફ સામે બેઠો હતો. તેના હાથમાં ઈન્ટરપોલનો રિપોર્ટ હતો.

ઈન્ટરપોલ, આંતરરાષ્ટ્રીય પોલીસ દળનું વડું મથક પેરિસ ખાતે આવેલું છે. વિવિધ દેશોનાં પોલીસ દળોને આંતરરાષ્ટ્રીય અપરાધો સામે એકત્રિત થઈ સામનો કરવા તે સુગઠિત કરે છે. ગુપ્ત પરિપત્રોમાં શકદાર અપરાધીની શોધ, કીમતી જરઝવેરાતની ચોરીની માહિતી, ખોટું ચલણી નાણું, માદક દ્રવ્યની હેરાફેરી, ચોરાયેલાં કીમતી અપ્રાપ્ય ચિત્રો કે મૃતદેહની ઓળખાણ વગેરેનો તેની પ્રવૃત્તિમાં સમાવેશ થાય છે. હકીકતમાં ઈન્ટરપોલ ‘આંતરરાષ્ટ્રીય અપરાધ – સંશોધન માહિતી કેન્દ્ર’ છે. શરૂઆતમાં તેના સભ્યદેશોની સંખ્યા માત્ર ઓગણીસ હતી. તે વધીને હવે એકસો છ થઈ છે અને ભારત પણ તેમાંનો એક દેશ છે.

આ જ આંતરરાષ્ટ્રીય માહિતી કેન્દ્રને આલોક ગુપ્તા દ્વારા મેળવેલા નેતાજીના ફિગર પ્રિંટ તથા નેતાજીના નવા ફોટાઓ સી.બી.આઈ.ના ચીફે છણાવટ માટે મોકલાવ્યા હતા. ગઈ કાલે તેનો રિપોર્ટ આવ્યો. આલોક ગુપ્તાના હાથમાં તેનાં પાનાં હતાં. ઝીણવટથી તે વાંચી રહ્યો હતો. પળે પળે તેના ચહેરાના ભાવ બદલાઈ રહ્યા હતા. એ બદલાતા ભાવોમાં હર્ષની આછી ઝલક પણ હતી. આશ્ચયના લંબાતા પડછાયાઓ પણ હતા. તેની ધારણા લગભગ ખરી પડી હતી. જે ફિંગર પ્રિંટ ઈન્ટરપોલને મોકલાવવામાં આવ્યા હતા તે વુલ્ફ બ્રોનસોર્ટ નામના એક જમન હત્યારાના હતા. એક જમીન હત્યારો નેતાજીના સ્વાંગમાં ભારતમાં પ્રવેશ્યો હતો. એ હત્યારાને કોણે ભારતમાં ઘુસાડ્યો ? શા માટે ભારત મોકલ્યો ? કઈ આંતરરાષ્ટ્રીય જાસૂસ સંસ્થાનો તે સભ્ય હતો ? એ જુદા પ્રશ્નો હતા. સત્ય આ હતું કે નેતાજી, નેતાજી નથી. એક ભાડૂતી હત્યારો છે.

રિપોર્ટનાં પાનાં આંખ સામેથી દૂર કરતાં તેણે સગવ ચીફ સામે જોયું. ચીફ શિવેન સિંહા મૂછમાં મલકાતાં તેની સામે જ જોઈ રહ્યા હતા. તેમણે પીઠ ખુરશીમાં ટેકવી દીધી હતી. આલોક ગુપ્તા કાંઇ કહે એની તેમને પ્રતીક્ષા હતી.

–ચીફ ! આખરે આલોક ગુપ્તાએ હોઠ ખોલ્યા. આ રહસ્યની જાણ આપણી પ્રજાને થાય તો એનું પરિણામ શું આવે ?

–ભયંકર ! ચીફે સરળતાથી ઉત્તર દીધો, કદાચ ને લોકોને વિશ્વાસ પણ ન બેસે.

–આપણી પાસે સધ્ધર પુરાવો છે.

–પરંતુ લૂલો.

–બ્રૂલો ? આલોક ગુપ્તાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

–તે પૂરો રિપોર્ટ વાંચ્યો ? ચીફે ખુરશીનો ટેકો છોડી પીઠ ટટ્ટાર કરતાં પ્રશ્ન કર્યો.

તેણે આંખો પટપટાવી રિપોર્ટનાં પાનાં ઊંચક્યાં. હજી છેલ્લાં બે પાનાં વાંચવાનાં બાકી હતાં. પરંતુ આ વખતે તેની ધીરજ ખૂટી ગઈ હતી. તે ઝડપથી નજર ફેરવી રહ્યો હતો. આંખના પલકારામાં તો તે બાકીનાં બંને પાનાં જોઈ ગયો અને તેની કમર ભાંગી ગઈ. ગવ ઓગળી ગયો. સ્મિત ફેંકાઈ ગયું. સફળતાનો કોળિયો હોઠ સુધી આવી છીનવાઈ ગયો હતો. તે ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો. એ કઈ રીતે બની શકે ? ક્યાંક કાંઈક ભૂલ તો નહોતી થઈ રહી ?

-કાંઈ કહેવું છે તારે ? તેના ફડફડતા હોઠ જોઈ ચીફને પૂછવાની ફરજ પડી.

આલોક ગુપ્તાએ ચોંકીને ચીફ સામે જોયું - તમે કાંઈ પૂછ્યું ?

–શું લાગે છે ?

–ગ્રંચ વધુ ગૂંચવાઈ છે.

–એ હું સમજી શકું છું.

–પરંતુ એ નથી સમજાતું કે ઈન્ટરપોલના રિપોર્ટ મુજબ ભાડૂતી હત્યારા વુલ્ફ બ્રોનસાર્ટનું ક્યૂબામાં મૃત્યુ થયું હોય તો આપણે જે ફિંગર પ્રિંટ મોકલાવ્યા એ કોના ?

–એ જાણવા માટે ઇન્ટરપોલ સ્વયં નવેસરથી તપાસ શરૂ કરશે. ચીફે ફરી પીઠ ટેકવી દેતાં જણાવ્યું.

–તમારો શો અભિપ્રાય છે ?

–શેના વિષે ?

–આંગળાંની છાપ કોની છે ?

–બે વ્યક્તિઓનાં આંગળાંની છાપ એક સરખી ન હોઈ શકે.

–અર્થાત ફિંગર પ્રિંટ નેતાજી ઉર્ફે વુલ્ફ બ્રોનસોર્ટના છે.

–અને વુલ્ફ ૧૯૬૧માં ક્યુબામાં ભડાકે દેવાયો છે.

–એટલે ?

–ક્યાંક કાંઈ ભૂલ થઈ છે.

–કઈ રીતે ? આલોક ગુપ્તા એક પછી એક પ્રશ્નો ફેંકી રહ્યો હતો.

–કદાચ આઈડેન્ટિફિકેશનમાં ચૂક થઈ હોય ! ચીફે ઉત્તર દીધો.

આ વખતે આલોક ગુપ્તાથી સહન ન થયું. તે બોલી ઊઠયો - શું તમે એમ કહેવા ઇચ્છો છો કે ઈન્ટરપોલ જેવી આધુનિક યંત્રો અને કોંપ્યુટરોથી સુસજજ સંસ્થા આવી ગંભીર ભલ કરી શકે ? -હું તો માત્ર આટલું જ કહું છું કે આપણી તપાસ અહીં પૂર્ણ થાય છે.

–પણ...આલોક ગુપ્તા કાંઈ કહેતાં પહેલાં સહેજ થંભ્યો. પછી ઝડપથી બોલી ગયો. હજી અનેક કડીઓ અધૂરી છે...પોસ્ટર પ્રકરણ, મારી રૂમમાં ગોઠવાયેલી છરી, મારા પર થયેલો ખૂખાર હુમલો, મારી ગેરહાજરીમાં લેવાયેલી મારા ફલેટની તલાશી.

ચીફ શિવેન સિંહાએ સિગારનો ડબ્બો ખોલી તેમાંથી એક સિગાર અલગ કરતાં સીધો પ્રશ્ન કર્યો – શું તું ખાતરીપૂર્વક કહી શકે છે કે એ સર્વે ઘટનાઓનો સીધો સંબંધ નેતાજી પ્રકરણ જોડે છે ?

–મારી પાસે એકે સધ્ધર પુરાવો નથી એ તમે જાણો છો.

–અને નેતાજી ડુપ્લિકેટ નથી એના અનેક પુરાવાઓ આપણી સામે આવી ગયા છે. કહેતાં

ચીફે સિગાર હોઠ વચ્ચે ગોઠવી, જલાવી અને ધુમાડાનો ગોટો વાતાવરણમાં ફેલાઈ ગયો. જલતી સિગાર આંગળાંમાં લેતાં તેમણે આગળ ચલાવ્યું. ખાસ કરીને ચીન સરકારે કરેલો એકરાર કે નેતાજીએ રશિયા-ચીનની બોડર ક્રોસ કરી પેકિંગના દૂતાવાસમાં શરણ લીધું હતું અને માઓની સરકારે નેતાજીને ભારત પહોંચાડવા માટે સબમરિનનો ઉપયોગ કર્યો હતો.

—અને રશિયન સરકારે એ સમાચારને પણ રદિયો દીધો છે તેનું શું ? આલોક ગુપ્તાએ સામો પ્રશ્ન કર્યો.

ચીફ પાસે એનો ઉત્તર પણ હાજર હતો—નેતાજીના કહેવા મુજબ તારીખ ૧૯ જુલાઈએ સાઈબેરિયાની જેલ તોડી તે નાસ્યા હતા. પ્રવદાની બીજા દિવસની પ્રતમાં એ જેલ તૂટ્યાના સમાચાર છે. પરંતુ રશિયાની સરકાર એ સ્વીકારવા રાજી નથી કે એ જેલમાં નેતાજી પણ કારાવાસ ભોગવી રહ્યા હતા. શું આ પરથી તને એમ નથી લાગતું કે રશિયનો કદાચ સચ્ચાઈથી દૂર હોય ?

આલોક ગુપ્તા પળ ભર માટે ચૂપ થઈ ગયો. તેની ખામોશીનો અથ 'હા'માં લેતાં ચીફે ઉમેર્યું – નેતાજી પ્રકરણની સી.બી.આઈ. તપાસ આજથી પૂર્ણ થાય છે.

—તો...આલોક ગુપ્તા અચાનક બોલી ઊઠયો. હું એકલો મારી તપાસ આગળ વધારીશ.

—અને તું એમ કરીશ તો તારી સામે કાયદેસર પગલાં ભરવામાં આવશે. કહેતાં ચીફે તેની સામે સીધું જ જોયું. આ રહસ્ય કે નેતાજી સુભાષચંદ્ર બોઝ ડુપ્લિકેટ હોવાની શંકા સી.બી.આઈ.ને છે અને સી.બી.આઈ. એ બાબત તપાસ કરી રહી છે, જાહેર થતાં પ્રજા પર એની અસર માઠી પડશે અને એનું કારણ છે. આ જ દિવસ સુધીમાં સમસ્ત ભારતે નેતાજીનો સ્વીકાર આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર તરીકે કરી લીધો છે. નેતાજી ભારતના અવિભાજિત અંગ બની ગયા છે.

—અને નજીકના ભવિષ્યમાં હું એ સિદ્ધ કરી દઉં કે નેતાજી પ્લાન્ટ છે તો ?

—આલોક ! ચીફે જલતી સિગારવાળી આાંગળી તેની સામે ઊંચી કરતાં અનુભવની વાત કહી, ક્યારેક સત્ય એટલું બધું ડહોળાઈ જતું હોય છે કે તેને કચડી નાખવું પડે છે. કદાચ ને તું તારા પ્રયાસમાં સફળ પણ થઈ જાય તો એથી તને શો લાભ થશે ? એક તરફ તારા સત્ય સાથે તું ઊભો હોઈશ અને બીજી તરફ એ સત્યને નકારતું આખું ભારત ઊભું હશે ! એ નહિ ભૂલ કે તું સી.બી.આઈ.નો અધિકારી છે. સી.બી.આઈ. સરકારી સંસ્થા છે. તારી જીદને કારણે માત્ર સી.બી.આઈ જ નહિ બલકે શાસક પક્ષ પણ પ્રજાની નજરમાંથી ઊતરી જશે. વિરોધ પક્ષોને આપણી સરકાર પર કાદવ ઉછાળવાની, સરકારને શક્ય તેટલી બદનામ કરવાની સોનેરી તક મળશે ! અને આ તક આપણા સર્વે માટે ઘાતક સિદ્ધ થઈ શકે છે. આલોક ! આ જ કારણે હું તને વિનંતી કરું છું કે તારી ઘેલછાને વિસરી તું...

—એ શક્ય નથી, ચીફ ! આલોક ગુપ્તા વચ્ચે જ બોલી ઊઠયો. જો મારી તપાસને કારણે સી.બી.આઈ. તથા સરકારની બદનામી થતી હોય તો હું સી.બી.આઈ.માંથી રાજીનામું દેવા તૈયાર છું. પરંતુ એ જાણવા છતાં કે એક હત્યારો નેતાજી જેવા મહાપુરુષના સ્વાંગમાં ભારતના કરોડો નાગરિકોને ગેરમાર્ગે દોરી રહ્યો છે... હું ખામોશ રહીશ તો મારો અંતરાત્મા મને ક્યારેય માફ નહિ કરે. આઈ એમ સોરી, ચીફ ! પણ હું મારા નિર્ણયમાં અફર છું. સાથે એ આશા રાખું છું કે તમે મારું રાજીનામું સ્વીકારી લેશો.

—છતાં હું તને નેતાજી પ્રકરણમાં દખલ દેવાની પરવાનગી દઈ ન જ શકું.

—રાજીનામું દીધા પછી મને કોઈની પરવાનગીની જરૂર રહેતી નથી. કહેતાં આલોક ગુપ્તાએ રાજીનામું લખવા બ્રિફકેસ ખોલી અને ચીફ ફાટી આંખે તેની સામે જોઈ રહ્યો.

આલોક ગુપ્તા સી.બી.આઈ.ના મથકેથી નીકળી સીધો કૉફી હાઉસ પહોંચ્યો. તેને આશા

હતી, અત્યાર સુધીમાં અનિતાએ કૉફી હાઉસમાં જરૂર ડોકિયું કર્યું હશે ! અને તેને સંદેશો પણ મળી ગયો હશે ! સી.બી.આઇ. મથકે જતાં પહેલાં આલોક ગુપ્તાએ અનિતાને તેની વાટ જોવા માટે બેરા મારફત સંદેશો મૂક્યો હતો.

કારને ફૂટપાથ પાસે પાર્ક કરી આલોક ગુપ્તાએ કૉફી હાઉસના પ્રવેશમાંથી અંદર નજર પાથરી. અનિતા કોઈ પુસ્તકનાં પાનાં ફેરવતી એક ખુરશીમાં બેઠી હતી. પોશાકમાં તેણે ચિકન ભરતવાળું ગુલાબી કૂરતું અને સફેદ ચુસ્ત ઈજાર પહેરી હતી. પગમાં સલીમશાહી જૂતી હતી. માથાના વાળ ખુલ્લા પરંતુ સુંદર રીતે ખભા પર પથરાયેલા હતા. આલોક ગુપ્તા તેની સામે આવ્યો, પરંતુ ખુરશીમાં જગ્યા ન લીધી. રા

–કેમ ? અનિતાએ ટકોર કરી, આજે ઊભા ઊભા કોફી પીવાનો વિચાર છે ?

–ના. આલોક ગુપ્તાએ તેના હાથમાંથી પુસ્તક ખેંચી લેતાં જણાવ્યું, આજે તને પિકનિક પર લઈ જવાનો વિચાર છે.

–પિકનિક પર !! અનિતાએ સ્વાભાવિક રીતે જ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

–તદ્દન ખરું.

–પણ અચાનક ?

–અચાનક જ મને ખ્યાલ આવ્યો કે મહિનાઓથી હું તને ન ફિલ્મ દેખાડી શક્યો છું, ન ક્યાંય ફરવા લઈ જઈ શક્યો છું. -એમાં દોષ તારો નથી. કહેતાં અનિતાએ પોતાનું પસ ખોલી ભીતર ગોઠવાયેલા કાચમાં ચહેરો જોયો. લિપસ્ટિક સહેજ પ્રસરી ગઈ હતી. રૂમાલમાં આંગળી ભેરવી હોઠના ખૂણાને સહેજ લૂછતાં તેણે ઉમેર્યું, તારું કામ જ એવું છે.

–તેથી શું થયું ! આલોક ગુપ્તા બોલી ઊઠયો, એક પ્રેમી તરીકેની મારી ફરજનું હું પાલન નહિ કરું તો ભવિષ્યમાં તું મને પતિ તરીકે કદાચ ન પણ સ્વીકારે !

–તને શંકા છે ?

–બલકે ખાતરી. તે હજી ઊભો જ હતો. બીજું, આવતીકાલથી તને રોજ એક ફિલ્મ દેખાડવાનું મેં નક્કી કર્યું છે. -રોજ ! પસમાં રૂમાલ મૂકી બંધ કરતાં અનિતાએ ચહેરો ઊંચો કર્યો.

–આજથી મારી પાસે સમયની મૂડી અઢળક છે. કહેતાં તેણે અનિતાના હાથમાંથી પસ પણ લઈ લીધું.

–ખરું કહે, શું બન્યું ? પ્રશ્ન સાથે અનિતા ઊભી થઈ ગઈ. આલોક ગુપ્તાએ ઉત્તર ન દીધો. બંને જણાં બહાર નીકળી કારમાં ગોઠવાયાં. કાર સ્ટાર્ટ થાય એ પહેલાં અનિતાએ પોતાનો પ્રશ્ન દોહરાવ્યો

–પ્લીઝ આલોક ! -મેં રાજીનામું દઈ દીધું.

-રાજીનામું ?

–બરાબર ન સંભળાતું હોય તો કાનમાં થોડુંક ઘાસલેટ નાખી સાફ કર !

-મજાક ન કર, આલોક !

-મેં ખરું જ કહ્યું. આલોક ગુપ્તાએ કારને ઈરવિન રોડ પર લેતાં જણાવ્યું, હવે હું સી.બી.આઈ.નો અધિકારી નથી. ભારતના હજારો બેકારોમાંનો એક છું.

–બીજું કાંઈ કહેવું છે તારે ?

-હું તો માત્ર તારા પ્રશ્નોના ઉત્તર દઈ રહ્યો છું.

-તો કહે, રાજીનામું શા માટે દીધું ?

કાર સડસડાટ કરતી તુઘલખ રોડ પર થઈ કુતૂબમિનારની દિશામાં આગળ વધી રહી હતી. અનિતાના વાળ વિખરાઈ રહ્યા હતા. ચહેરા પર પથરાઈ રહ્યા હતા. છતાં તેની આંખો આલોક

ગુપ્તાના ચહેરા પર સ્થિર હતી. આલોક ગુપ્તાએ કારણ જણાવ્યું - ચીફ જોડે મતભેદ થઈ ગયો.
-નેતાજી પ્રકરણ બાબત ?
-તારી કલ્પનાની હું દાદ દઉં છું.
-ચું થયું ?
--અમારા ચીફ નેતાજી પ્રકરણ ભીનું સંકેલી લેવા ઈચ્છે છે. હું નથી ઈચ્છતો.
-એમની પાસે કારણ હશે !
-મારી પાસે કારણો છે. સ્ટિયરિંગ વ્હીલને કાબૂમાં રાખતાં તેણે એક નજરે અનિતાને જોઈ ઉમેર્યું, વિખરાયેલા વાળમાં તારો ચહેરો સહેજ વધુ જ સુંદર લાગે છે !
-ઈન્ટરપોલનો રિપોર્ટ શું કહે છે ? તેની ટકોરને મહત્ત્વ ન દેતાં અનિતાએ ફરી પ્રશ્ન કર્યો.
-નેતાજીનાં આંગળાંનાં નિશાન પરથી એ સિદ્ધ થયું છે કે તે નિશાન વુલ્ફ બ્રોનસોર્ટ નામના એક જમન હત્યારાનાં છે.
-ખરેખર !
-હજી મેં મારી વાત પૂરી નથી કરી. તેની આંખો સામેના ખુલ્લા માગ પર સ્થિર હતી... તે કહી રહ્યો હતો...અને એ હત્યારો ૧૯૬૧માં ક્યુબાના સમુદ્ર તટે સી.આઈ.એ.ના એક જાસૂસના હાથે ઠાર થયો હતો. એ જ ક્ષણે તેનું મૃત્યુ થયું હતું.
–તો પછી એ ફિંગરપ્રિન્ટ કોના છે ?
–એ જાણવા માટે એક છેડાથી ઈન્ટરપોલ પ્રયાસ કરશે અને બીજા છેડાથી તારો આલોક આ રહસ્યના તાર છૂટા નહિ થાય ત્યાં સુધી હું જંપીને બેસી નહિ શકું.
–શું કરીશ ? અનિતાએ પોતાના બંને હાથ ડોક પાછળ લઈ ખુલ્લા વાળમાં પીન ભેરવી દીધી.
–મારી ધારણા મુજબ એ હત્યારો મૃત્યુ નથી પામ્યો. બલકે જીવતો છે. અને નેતાજીના સ્વાંગમાં આપણી વચ્ચે છે. –અને ઈન્ટરપોલનો રિપોર્ટ ?
–ખોટો છે.
–કઈ રીતે ?
–ઈન્ટરપોલ પાસે પોતાનો એકે જાસૂસ નથી. આલોક ગુપ્તા તેની સામે જોયા વિના સ્પષ્ટતા કરી રહ્યો હતો. બલકે ઈન્ટરપોલ પોતાના સભ્ય દેશોની પોલીસ દ્વારા મેળવેલી માહિતીઓના આધારે પોતાની બાતમીની ફાઈલો તૈયાર કરે છે. બની શકે કે એ જર્મન હત્યારાએ પોતાનું પગેરું ભૂસી નાખવા માટે કોઈ ષડ્યત્ર કર્યું હોય ! ભારતમાં પ્રવેશવાની યોજના ઘડાતાં તેણે પોતાના એક ડુપ્લિકેટને તૈયાર કરી પોતે જ તેનું કાસળ કઢાવી નાખ્યું હોય ! જાસૂસો અને હત્યારાઓની દુનિયામાં આ બધું જ શક્ય છે.
કુતૂબમિનાર દૂરથી જ નજરે પડતાં કારની ગતિ ધીમી થઈ ગઈ. થોડે છેટે થોડીક કારો તથા ટૂરિસ્ટ બસો પાર્ક થયેલી હતી. આલોક ગુપ્તાએ એ જ પાર્કિંગ લોટમાં પોતાની કાર થોભાવી અને દરવાજા લોક કરી અનિતા સાથે બહાર નીકળી ગયો.
–આ છે જગપ્રસિદ્ધ કુતૂબમિનાર ! ચોગાનમાં પ્રવેશતાં આલોક ગુપ્તાએ ગાઈડની છટાથી શરૂઆત કરી. કહેવાય છે કે પૃથ્વીરાજ ચૌહાણે પોતાની ઈચ્છાને વશ થઈ આ મિનાર ચણાવ્યો હતો. તેની પત્ની નિયમિત સવારે જમના નદીનાં દર્શન કરવા ઈચ્છતી હતી.
–આ તો તે નવી વાત કરી ! માથું સહેજ પાછળની તરફ નમાવી અનિતાએ મિનારની ટોચ પર નજર કેન્દ્રિત કરતાં આશ્ચર્ય વ્યક્ત કર્યું.
–તો પુરાણી વાત સાંભળ ! સ્મિત ફરકાવતાં આલોક ગુપ્તા ફરી બોલ્યો. કુત્બુદ્દિન ઐબક નામના એક શહેનશાહે ચૌહાણ રાજાના રાજપૂત સૈન્યને સન ૧૧૯૨માં હરાવી આ વિજયસ્તંભ

ઊભો કર્યો. વિશેષમાં આ મિનાર બમણો ઉપયોગી સિદ્ધ થયો. એક, મિનારની ટોચ પરથી બાંગી અઝાન પોકારી શકતો હતો. બીજું, મિનારની ટોચ પર પહેરી દેતાં ચોકીદારો માઈલો સુધી નજર પાથરી દુશ્મનની ફોજની હિલચાલ જાણી શકતા હતા. પરંતુ એ સમયે કુતૂબમિનારની ઊંચાઈ આટલી નહોતી.

–કેટલી હતી ? અનિતાએ સામો પ્રશ્ન કર્યો.

–માત્ર ૯૫ ફૂટ. આલોક ગુપ્તાએ ઉત્તર દીધો. ત્યાર પછીના શહેનશાહો એક પછી એક માળ, ચણાવતા ગયા. અંતે તેની ઊંચાઈ લગભગ ૨૩૩ ફૂટથી વધુ ઊંચે પહોંચી ગઈ.

–આલોક 1 અનિતાથી કહ્યા વિના ન રહેવાયું. તારી યાદશક્તિની પણ મારે દાદ દેવી જોઈએ !

–કેમ ?

–શાળામાં શીખેલો ઇતિહાસ હું તો તદ્દન વિસરી ગઈ છું.

–વિસરી તો હું પણ ગયો હતો ! અનિતાને સાથે લઈ ચોગાનમાં ટહેલતાં તેણે કહ્યું. પરંતુ થોડાક દિવસો પહેલાં અહીં આવતાં એ ઇતિહાસ તાજો થઈ ગયો.

–કોની સાથે આવ્યો હતો ?

–કલ્પી જો ! આલોક ગુપ્તાએ મજાક ખાતર પૂછ્યું.

–મને શું ખબર કે તારી પ્રેમિકાઓ કેટલી છે !

–પ્રેમિકા તો માત્ર એક જ છે.

–દરેક પુરુષ એમ જ કહી પોતાની પ્રેમિકાને છેતરતો હોય છે.

–હું એમાંનો નથી.

અનિતા થોભી ગઈ. પછી આલોક ગુપ્તાની આંખોમાં સીધું જોતાં તેણે પૂછી લીધું – તો ખરું કહે, અહીં કોની જોડે આવ્યો હતો? આલોક ગુપ્તાએ સાચું કહી દીધું – એકલો.

–તદ્દન એકલો ?

–તદ્દન એકલો. કહેતાં તેણે ઉમેર્યું. પછી એક સજ્જન જોડે અહીં મુલાકાત થઈ હતી. હકીકતમાં એ સજ્જને જ મને અહીં આમંત્ર્યો હતો.

–હું એનું નામ જાણી શકું ?

–તું નથી ઓળખતી.

–છતાં...

–ન્યૂરી.

–ન્યૂરી કોણ ?

–કેજીબીનો જાસૂસ.

અનિતાએ પીઠ ફેરવી લીધી. પછી કહ્યું - તું શું એમ ધારે છે કે તારું આ ગપ હું સ્વીકારી લઈશ ?

-હું ખરું જ કહું છું, અનિતા ! આલોક ગુપ્તાએ તેની સામે આવતાં જણાવ્યું. આજે પણ હું તેના માટે જ સંદેશો મૂકવા અહીં આવ્યો છું.

અનિતા પળભર તેની આંખોમાં જોઈ રહી. તે કાંઈ વિચારે એ પહેલાં આલોક ગુપ્તા બોલ્યો – ચાલ, આપણે સાથે બેસી તેના માટે સંદેશો તૈયાર કરીએ ! કહે, શરૂઆત ક્યાંથી કરું ?

–નું સંદેશો છે ? —

–માત્ર આટલો જ કે વૂલ્ફ બોનસોર્ટ નામના જમન હત્યારાનું રહસ્ય જાણવા માટે મારે વિદેશનો પ્રવાસ ખેડવો પડશે. અને એ માટે નાણાં તથા કેજીબીના સહકારની જરૂર પડશે. શું એ બધી સહાય કરવા કેજીબી રાજી થઈ શકે ?

–તો લખી નાખ ! અનિતા ફરી આગળ વધી.

–શુ ? આલોકે તેની સાથે પગલાં ભરતાં પૂછ્યું.

–એ જ જે તે મને જણાવ્યું.

–એ બધું સંદેશામાં ન લખાય.

–તો ?

–માત્ર આટલું જ કે...યૂરી ! આપણે એક વાર કુતૂબની છાંયમાં મળ્યા હતા. ફરી એક વાર તમને મળવા ઈચ્છ છું. બસ.

–નીચે સહી પણ નહિ ?

–ના,

–એ સમજી જશે ?

–મને આશા છે.

આલોક ગુપ્તાએ ટૂંકમાં સંદેશો લખી અનિતા સાથે ખંડેરમાં આવ્યો. અહીંની લાલ ઈટોવાળી એક દીવાલ પાસે થોભી જતાં તેણે વચ્ચેની એક ઈંટ પર હાથ ગોઠવ્યો. સહેજ પ્રયાસ કરતાં ઈંટ બહાર નીકળી આવી. અંદર નાની એવી બખોલ હતી. આલોક ગુપ્તાએ એ બખોલમાં સંદેશો ગોઠવી ઈટ પાછી યથાસ્થાને મૂકી દીધી. અનિતા સાશ્ચર્ય જોઈ રહી.



૧૯

આલોક ગુપ્તાએ કુતૂબની લાલ ઇંટોવાળી દીવાલમાં સંદેશો મૂકી હાથ જોયા તો હાથ તેને સહેજ રાતા લાગ્યા. હાથ ખંખેરી તેણે અનિતા સામે જોયું. અનિતા તેની સામે જ જોઈ રહી હતી.

-શું વિચારે છે ?

-તું વિદેશ જઈશ ? એ જ દીવાલને ટેકે અનિતા બેસી ગઈ.

-મારે જવું પડશે. આલોક ગુપ્તાએ તેની પડખે બેસતાં કહ્યું.

-હું 'ના' કહું તો ?

-નહિ જાઉં. તે બોલ્યો, પણ મને ખાતરી છે કે તું 'ના' નહીં કહે !

–અને તારી આશા ઠગારી સાબિત થાય તો ?

–મારો આત્મા કકળી ઊઠશે. તેના હૃદયના ઊંડાણમાંથી પડઘો ઊઠયો, અનિતા ! તું ક્યાં નથી જાણતી; જ્યાં સુધી નેતાજી પ્રકરણની ગૂંચ નહિ ખૂલે, હું ચેનથી બેસી નહિ શકું. દિવસ-રાત તરફડતો રહીશ. અને બેચેન માનવી પ્રેમ કરી ન શકે ! તારા માટે હું તદ્દન નકામો થઈ જઈશ. મારા માટે પણ હું કશા ખપનો નહિ રહું. અનિતા ! કૃપા કરી 'ના' ન કહેતી.

-નહિ કહું.

–તો 'હા' કહે !

ઉત્તરમાં અનિતાએ પોતાના બંને હાથ તેના ગળામાં નાખી દીધા. તેના હોઠ આલોક ગુપ્તાના હોઠ પર બેસી ગયા. આલોક ગુપ્તાએ તેને પોતાના બાહુઓમાં જકડી લીધી. કુતૂબમિનારના ઝરૂખાઓમાં બેઠેલાં કબૂતરો પાંખો ફડફડાવતાં ઊડ્યાં અને ખુલ્લા આકાશમાં એક ચક્કર લઈ પાછાં ઝરૂખાની પાળ પર આવી બેસી ગયાં. સૂર્ય ધીરે ધીરે દૂર દૂરનાં ઊંચા ચણતરો પાછળ સરકી ગયો.

-આલોક !

-અનિતા !

પળ ભર માટે જુદા થયેલા હોઠ જાણે પળ ભર માટે પણ અલગ રહેવા નહોતા ઇચ્છતા. હોઠ જુદા થતા હતા અને એક થતા હતા. ચહેરા દૂર થતા હતા અને પાસે આવતા હતા. આંખો મીંચાતી હતી. આંખો ઊઘડતી હતી. એ આંખોમાં પ્રેમ હતો. કુતૂહલ હતું. મેઘધનુષના ઊજળા રંગો હતા. ઢળતા સૂરજની લાલી હતી.

-આલોક !

-હં ?

-મને ભય લાગે છે.

-શેનો ભય ? કેવો ભય ?

-લાગે છે... હવે આપણો પ્રેમ સુરક્ષિત નથી.

-કારણ ?

-ગઈ કાલે તારી પાસે સી.બી.આઈ.નું પીઠબળ હતું. અનિતા ખો સામે સર્જાતા શૂન્યમાં

જોઈ કહી રહી હતી, આજે તું એકલો છે.

-ઈસુ ખ્રિસ્ત એકલા હતા. મહાત્મા ગાંધી એકલા હતા. ઈમામ હુસેન પણ એકલા જ ઝઝૂમ્યા હતા. આલોક ગુપ્તાના શબ્દોમાં ભાર હતો. વિશ્વાસ હતો. અસત્ય સામે લડત લડવા કોઈ એકલવીર જ માથું ઊંચું કરતો હોય છે. ધીરે ધીરે લોકો એ એકલવીરની આસપાસ ભેગાં થતાં જાય છે. કાફલો સર્જાતો જાય છે.

–અને એ એકલવીરોના અંજામ શું થયા ? અનિતાએ આ વખતે તેના ચહેરામાં જોઈ પ્રશ્ન કર્યો. ઉત્તર પણ તેણે પોતે જ દીધો. ઈસુ ખ્રિસ્તને શૂળી મળી. મહાત્મા ગાંધી ભડાકે દેવાયા. ઈમામ હુસેનનું માથું ધડથી અલગ કરી ભાલા પર ચડાવાયું.

–અને એ ત્રણે અમર થઈ ગયા. આલોક ગુપ્તા બોલી ઊઠયો. પછી હસીને ઉમેર્યું. શું તું નથી ઈચ્છતી કે તારો આલોક ઇતિહાસમાં અમર થઈ જાય ?

-આલોક ! હું કાંઈ જ નથી ઈચ્છતી. માત્ર તને ઈચ્છું છું.

-અને હું તારા પ્રેમમાં જકડાયેલો છું.

-છતાં મને ભય કેમ લાગે છે ?

-એનું કારણ કદાચ તારો બેફામ પ્રેમ હોય !

-ઠીક છે. અનિતાએ આંખોમાં તરતી ભીનાશને કાબૂમાં રાખતાં ઉદાસ સ્વરે કહ્યું, હવેથી હું તને મર્યાદામાં રહી પ્રેમ કરીશ.

-હું એમ નથી કહેતો.

-તો ?

-પ્રેમ ગાંડપણનું રૂપ લે એના કરતાં વાસ્તવિક રૂપ લે તો વધુ ટકે !

-આલોક ! તું કહેશે એ રીતે તને ચાહીશ.

-તું નારાજ થઈ ગઈ !

-ના ના. હું તો હસી રહી છું.

-ચાલ, ઊઠ ! આપણે થોડીક વોક લઈએ ? તું ફ્રેશ થઈ જઈશ. વસ્ત્રો ખંખેરી આલોક ગુપ્તા ઊભો થઈ ગયો. અનિતા બેઠી રહી.

-અનિતા !

-અનિતા તેના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી.

આલોક ગુપ્તાએ તેના બંને ખભા પકડી તેને ઊભી કરી. અનિતાએ તેની છાતી પર માથું ઢાળી દીધું. હળવે હળવે પગલાં ભરતાં, એકમેકની કમરમાં હાથ નાખી બંને જણાં કુતૂબના ચોગાનમાં ઊભેલા લોહસ્તંભ પાસે આવી થોભી ગયાં.

-અનિતા ! આલોક ગુપ્તાએ જણાવ્યું. આ લોહસ્તંભ વિજયનું પ્રતીક છે.

અનિતા ભીની આંખે જોઈ રહી.

મોડી સાંજે અનિતાને તેના ઘેર છોડી આલોક ગુપ્તા પોતાના ફ્લૅટમાં દાખલ થયો. તેના રસોયા પહેલવાને તેની સામે એક પરબીડિયું ધર્યું.

-કોણ દઈ ગયું ? સોફામાં બેસતા આલોક ગુપ્તાએ પ્રશ્ન કર્યો. બંધ પરબીડિયું સફેદ હતું. પોસ્ટનો સિક્કો કે ટિકિટો પણ તેના ઉપર નહોતી.

-હું નથી જાણતો. રસોયાએ ઉત્તર દેતાં જણાવ્યું. કિચનમાંથી હું અહીં, બેઠકમાં આવ્યો ત્યારે આ પરબીડિયું દરવાજા પાસે પડ્યું હતું.

આલોક ગુપ્તાએ કલ્પી લીધું. દરવાજા હેઠળથી પરબીડિયું સરકાવી કોઈ ચૂપચાપ ચાલ્યું ગયું હશે. તેણે બૂટની સાથે મોજાં પણ કાઢી નાખતાં પરબીડિયું ખોલ્યું. તેને ખરેખર આશ્ચર્ય થયું. હજી સવારે જ તેણે કેજીબીના જાસૂસ યૂરી માટે કુતૂબમિનારના ખંડેરની એક દીવાલમાં

સંદેશો મૂક્યો હતો અને અત્યારે ઘેર આવતાં તેનો ઉત્તર પણ તેને મળી ગયો. યૂરીએ ટૂંકમાં જણાવ્યું હતું... રાતે દસ વાગે, કોફી હાઉસમાં.

પળ ભર તે વિચારમાં પડી ગયો. આટલી ઝડપથી યૂરીને તેનો સંદેશો કઈ રીતે મળ્યો ? પરંતુ એ બાબત તેને વધુ વિચારવાની જરૂર ન લાગી. તેણે ધારી લીધું. કુતૂબમિનારનો એકાદેક ચોકીદાર યૂરીનો પગારદાર હશે ! રોજ સવાર-સાંજ, બે વાર ઈંટ ખસેડી સંદેશા માટે બખોલમાં તપાસ કરતો હશે અને સંદેશો સાંપડતાં તુરત યૂરીની જાણ કરવામાં આવતી હશે ! એ સિવાય યૂરીને આટલી ઝડપથી સંદેશો મળી ન શકે અને યૂરી તેનો ઉત્તર પણ પવનવેગે પાઠવી ન જ શકે !

સંદેશાના કાગળને ફાડી નાખતાં તેણે કાંડા-ઘડિયાળમાં સમય જોયો. નવ વાગી ગયા હતા. દસ વાગ્યે કોફી હાઉસમાં પહોંચવું જરૂરી હતું.

-પહેલવાન ! બાથરૂમમાં જતાં પહેલાં તેણે બાવરચીને પૂછી લીધું. ડિનર તૈયાર છે ?

-જી હુઝૂર.

-શું રાંધ્યું છે ?

-વેજિટેબલ કૅાફતા, નાન અને પુલાવ.

-સરસ.

-સાથે રાયતું પણ છે.

-ફટાફટ બધું ગોઠવી દે. પાંચ મિનિટમાં ફ્રેશ થઈ હું ડાઇનિંગ ટેબલ પર તૂટી પડીશ.

બાવરચી કિચનની દિશામાં પગલાં ભરી ગયો. ટૂંક સમયમાં તો તેણે સર્વે વાનગીઓ સાથે ત્રણ જુદા જુદા અચારની બાટલાઓથી ટેબલ સજાવી દીધું.

હાથ-મોં ધોઈ, ફ્રેશ થઈ આલોક ગુપ્તા બાથરૂમમાંથી બહાર નીકળ્યો અને ખરેખર વાનગીઓ પર તૂટી પડ્યો. સવારે ઘેરથી નાસ્તો કરી તે અનિતા જોડે કુતૂબ ગયો હતો. બપોરે કૅાફી સાથે તેણે માત્ર બે સેન્ડવિચ ખાધાં હતાં. અત્યારે તેનું પેટ બંડ પોકારી રહ્યું હતું અને એ તદ્દન સ્વાભાવિક હતું.

કોફતાની પ્લેટ પૂરી કરી તેણે પુલાવ પર હુમલો કર્યો. થોડે છેટે અદબથી ઊભેલો રસોયો તેને એકટક જોઈ રહ્યો હતો. તેનાથી ટકોર કર્યા વિના ન રહેવાયું - હુઝૂર ! તેણે હળવેકથી કહ્યું, હજી હું જમવાનો બાકી છું. આલોક ગુપ્તાએ ચોંકીને તેની સામે જોયું અને પછી હસી પડ્યો.

–આજે હુઝૂર કાંઈ વધુ પડતા ખુશ લાગે છે. રસોયાએ ફરી કહ્યું, જરૂર કાંઈ બન્યું હશે !

-તદ્દન ખરું. આલોક ગુપ્તાએ છેલ્લો કોળિયો ગળા નીચે ઉતારતા જણાવ્યું. આજથી નોકરી પૂરી થઈ.

રસોયો ફાટી આંખે તેની સામે જોઈ રહ્યો.

બેસિનમાં હાથ ધોઈ આલોક ગુપ્તાએ સોફામાં જગ્યા લીધી. સાંજના અખબારની પ્રત તેની સામે પડી હતી. અખબારની પ્રત ઊંચકી લેતાં તેણે સેંટર ટેબલ પર પગ લંબાવ્યા. તેની આંખો અગત્યના સમાચારો પરથી ઝડપથી પ્રવાસ કરવા લાગી :

રશિયા-ચીન સીમા ઝગડાને કારણે ક્રુશ્ચોવનું પતન. ક્રુશ્ચોવ નાજુક તબિયતના કારણે કાળા સમુદ્રને કાંઠે હવાફેર કરવા ગયા. એ દરમિયાન સામ્યવાદી પક્ષની કેંદ્રિય સમિતિની બેઠક મળી. ૧૭૫ સભ્યોની આ સમિતિ પક્ષીય પ્રેસિડિયમની ચૂંટણી કરે છે. આ પ્રેસિડિયમના સભ્યો પોતાને પક્ષે છે એમ ક્રુશ્ચોવ માનતા હતા. પ્રેસિડિયમમાં દસ સભ્યો છે. નવા વડા પ્રધાન કોસીજન અને સામ્યવાદી પક્ષના નવા મહામંત્રી બ્રેઝનેવે ક્રુશ્ચોવની ગેરહાજરી તથા સીમા વિવાદનો લાભ લઈ ક્રુશ્ચોવને ઉથલાવી નાખ્યા.

વિદ્યાર્થીઓનાં તોફાનો દિવસે દિવસે વધતાં જાય છે. ઓરિસ્સામાં વિદ્યાર્થીઓ અને પોલીસો વચ્ચે ત્રણ દિવસ સુધી અથડામણ ચાલુ રહી છતાં હજી વાતાવરણ તંગ છે.

ગયે અઠવાડિયે નાગપુરમાં હડતાલે ઊતરેલા વિદ્યાર્થીઓએ પોલીસો પર હુમલો કર્યો. ઉરી પાસે બસો જેટલા પાક સૈનિકોની સેનાએ આક્રમણ કર્યું. ભારતીય સૈનિકોએ તેનો જડબાતોડ જવાબ દીધો.

નેતાજી કલકત્તામાં. પ્રેસિડન્સી કૉલેજના વિદ્યાર્થીઓના આમંત્રણને સ્વીકારી નેતાજી કલકત્તા ભાષણ દેવા જતા તેમની મુલાકાત તેમનાં માતુશ્રી પ્રભાવતી દેવી જોડે થઈ હતી. માતુશ્રીની ચરણરજ લેતાં નેતાજીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

આ છેલ્લા સમાચારે સોફામાં પગ લંબાવી બેઠેલા આલોક ગુપ્તાને વિચારોના વમળમાં ધકેલી દીધો. સાથે જ તેના અંતરમનમાંથી પડઘો ઊઠયો. આલોક ! સુભાષનાં માતુશ્રી પ્રભાવતી દેવીએ પણ નેતાજીને પોતાના પુત્ર સુભાષ તરીકે સ્વીકારી લીધો છે. છતાં તું એ સિદ્ધ કરવા મથી રહ્યો છે કે એ પુત્ર પ્રભાવતી દેવીનો નથી ?

ડિનર પછી રસોયો કાળી કૅાફી તૈયાર કરી બેઠકમાં આવ્યો ત્યારે આલોક ગુપ્તા બૂટની લેસ બાંધી રહ્યો હતો. રસોયાએ કૉફીનો કપ સેંટર ટેબલ પર મૂક્યો. આલોક ગુપ્તાએ ઊભા થતાં એક નજર રસોયા પર ઢાળી અને કૉફી પીધા વિના જ બહાર દોડી ગયો. દસ પહેલાં કોફી-હાઉસ પહોંચવાની આવશ્યકતા હતી એ તે ટૂંક સમય માટે વીસરી ગયો હતો.

મકાન નીચે આવી તે પોતાની કારમાં ગોઠવાયો. હજીયે તેના વિચારો વંટોળની જેમ ફૂંકાઈ રહ્યા હતા. આલોક ! ધારી લે કે તું સિદ્ધ કરી દે કે નેતાજી ડુપ્લિકેટ છે. પછી ? ચીફે ખરું જ કહ્યું છે – ક્યારેક સત્ય એટલું બધું કુરૂપ થઈ જતું હોય છે કે તેને કચડી નાખવામાં જ સર્વેની ભલાઈ હોય છે ! તેને વિદેશનો પ્રવાસ ખેડવાની પરવાનગી દેવા છતાં અનિતા પણ નથી ઈચ્છતી કે તે પોતાની તપાસ આગળ વધારે. અનિતાએ પણ નેતાજીને નેતાજી તરીકે સ્વીકારી લીધા છે. આટલું જ નહિ, સમસ્ત ભારતના પ્રજાજનો સાથે પ્રધાનમંડળ પણ નેતાજીને બાતલ કરવા તૈયાર નથી.નેતાજીની લોકપ્રિયતા ફરી એક વાર ભારતના ખૂણેખૂણામાં ફેલાઈ ચૂકી છે. આ વાસ્તવિકતા સામે આલોક, તું કેટલા દિવસ ઝૂઝતો રહીશ ? ક્યાં સુધી ફાંફાં માર્યા કરીશ ?

અંધારા અજવાળા માર્ગો પરથી પ્રવાસ કરતી આલોક ગુપ્તાની કાર ઠીક નવ પંચાવ ને કૉફી હાઉસના પ્રવેશ સામે આવી થોભી ગઈ. બેરા અન્ના તેની વાટ જોતો દરવાજામાં જ ઊભો હતો. દોડી આવ્યો. આલોક ગુપ્તાને કારમાંથી બહાર નીકળવાની જરૂર ન પડી. તેણે હાથ લંબાવ્યો અને બેરાએ તેના હાથમાં એક પરબીડિયું મૂક્યું. આલોક ગુપ્તાને એ પૂછવાની જરૂર ન લાગી કે પરબીડિયું કોણ અને ક્યારે દઈ ગયું ? તે જાણતો હતો, કોફી હાઉસ જેવા જાહેર સ્થળમાં યૂરી તેની જોડે બેસી ખાનગી વાતો ન જ કરી શકે !

કારમાં જ તેણે પરબીડિયું ફાડી પત્ર વાંચ્યો - આ પત્ર મળતાં 'ઈન્ડિયા ગેટ' ચાલ્યા આવો ! હું તમારી વાટ જોઉં છું. પરંતુ ઇન્ડિયા ગેટ આવતાં પહેલાં આટલો ખ્યાલ રાખજો ! સી.બી.આઈ.નો એક ઈન્સપેક્ટર તમારી હિલચાલ પર ચાંપતી નજર રાખી રહ્યો છે.

સંદેશો વાંચી તે સ્તબ્ધ થઈ ગયો.

આજે સવારે જ તેણે સી.બી.આઈ.માંથી રાજીનામું દીધું હતું અને રાજીનામાનો પત્ર સ્વીકારતાં ચીફે તેને ચેતવણી પણ દીધી હતી – આલોક ! નેતાજીની તપાસ કરવાની તું કોશિશ કરીશ અને તને જેલના સળિયા પાછળ ધકેલી દેવાની મને ફરજ પડશે ! આલોક ગુપ્તા ચૂપચાપ બહાર નીકળી ગયો હતો. તે પોતાના નિર્ણયમાં અફર હતો. ચીફ પણ એ જાણતા હતા. વધુ સમય ન ખોતાં એ જ મિનિટે આલોક ગુપ્તાને 'શેડો' કરવા, તેની ગતિવિધિ પર નજર

રાખવા તેમણે સી.બી.આઈ.ના એક ઈન્સપેક્ટર શ્રી કાનેટકરની નિમણૂક કરી હતી.

ઈન્સસ્પેક્ટર કાનેટકર સાદા વેશમાં સવારથી તેનો પીછો કરી રહ્યો હતો. આલોક ગુપ્તા તેની પ્રિયા અનિતાને લઈ કુતૂબ જતાં કાનેટકર પણ કુતૂબ ગયો હતો. આલોક ગુપ્તાની કારથી થોડે છેટે પોતાનું સ્કૂટર પાર્ક કરી ચૂપચાપ ઊભો રહ્યો હતો. આલોક ગુપ્તા મોડી સાંજે અનિતા સાથે પાછો ફરતાં કાનેટકરે પોતાનું સ્કૂટર તેઓની કાર પાછળ મારી મૂક્યું હતું. એ સમયે આલોક ગુપ્તાને સપનેય ખ્યાલ નહોતો કે કોઈ તેનો પીછો કરી રહ્યું છે !

તે સતર્ક થઈ ગયો. યૂરીના સંદેશાને ફાડી તેના ટુકડે ટુકડા કરી હળવેકથી કારની બારી બહાર સરકાવી દેતાં તેણે રિઅર-વ્યું કાચમાં દૃષ્ટિ કેંદ્રિત કરી. કોઈએ નજરે ન પડ્યું. થોડીક કારો પાક થઈ તેની કાર પાછળ ઊભી હતી.

રિઅર-વ્ય કાચને તેણે સહેજ ત્રાંસો કર્યો. પરિણામ હતાશામાં જ આવ્યું. એકે ચહેરો એવો નજરે ન પડ્યો કે જેના પર તે શંકા કરી શકે! કોણ હતું એ ? ક્યાં હતી. એ વ્યક્તિ જે તેને ‘શેડો' કરી રહી હતી ?

રિઅર-વ્યુ કાચને તેના સ્થાને ગોઠવી તેણે કાર સ્ટાર્ટ કરી અને ઈન્ડિયા ગેટની દિશામાં ન જતાં કોનોટ પ્લેસની દિશામાં આગળ વધારી. ઇન્ડિયા ગેટ પહોંચતાં પહેલાં તે ખાતરીપૂર્વક જાણવા ઈચ્છતો હતો કે અત્યારે કોઈ તેનો પીછો કરી રહ્યું છે કે નહિ ?

ગોલે માર્કેટ પાસેથી તેણે કારને લેડી હાર્ડિંગ રોડ પર લીધી અને પીછો કરતા સ્કૂટરની હેડલાઈટ તેના રિઅર-વ્યું કાચમાં ચળકી ઊઠી. સ્કૂટર પર કોણ બેઠું હતું એ તે સ્પષ્ટ જોઈ નહોતો શકતો પરંતુ આટલું તે ખાતરીપૂર્વક કહી શકતો હતો, એ સ્કૂટર તેના પડછાયાની જેમ તેની પાછળ પાછળ દોડી રહ્યું હતું.

કોનોટ પ્લેસનો ગોળાકારમાં એક ફેરો લઈ તેણે કુતૂબ રોડ પર કારને મારી મૂકી. કારની સ્પીડ તે પળે પળે વધારી રહ્યો હતો. સમય રાતનો હતો. માર્ગ ખુલ્લા અને ઝાંખા પ્રકાશિત હતા. કારની હેડલાઈટ સડકને અજવાળતી ઝડપભેર આગળ વધી રહી હતી.

ઈદગાહ રોડનો ચોક આવતાં તેણે વ્હીલ ઘુમાવ્યું અને સાથે જ કારના ટાયર ચિચિયારી કરતાં ઘૂમી ગયાં. ટૂંક સમયમાં ઈદગાહ રોડ પાર કરી તે ઝાંસી-કી રાણી રોડ પર આવ્યો અને સદર બાઝાર રોડમાં પ્રવેશતાં પહેલાં તેણે રિઅર-વ્યું કાચમાં જોઈ લીધું. સ્કૂટર સહેજ પાછળ રહી ગયું હતું પરંતુ કારનો પીછો બરાબર કરી રહ્યું હતું.

આલોક ગુપ્તાની કાર સદર બાઝાર રોડ પર દોડી રહી હતી. તેની કાર નવી નહોતી. તેની કાર પુરાણી પણ નહોતી. ‘બ્યુક’નું સત્તાવનનું મોડલ હતું. રંગ રાતો હતો. ‘સર્વિસ’ એ-ક્લાસ દેતી હતી. ક્યારેય કારને કારણે તેને તકલીફમાં મુકાવું પડ્યું હોય એવું તેને યાદ નહોતું. પરંતુ આજની વાત જુદી હતી. સવારથી અત્યાર સુધીમાં તેની કારે માઈલોનો પ્રવાસ ખેડ્યો હતો. પેટ્રોલની ટાંકી કઈ ઘડીએ તળિયું દેખાડશે એ કહેવું મુશ્કેલ નહોતું.

તે વિચારી રહ્યો હતો, પીછો કરતા સ્કૂટરને થાપ દેવામાં તે નિષ્ફળ જશે તો આજે ઈન્ડિયા ગેટ પર યૂરીને મળી પણ નહિ શકે ! ઈન્સસ્પેક્ટર કાનેટકરને લગારે ગંધ આવતાં તેની હિલચાલની ચીફને તુરત જાણ થવાની હતી અને એ જ ક્ષણે તેની ગિરફતારીનું વોરંટ બહાર પાડતાં ચીફ સહેજે અચકાવાના નહોતા. સી.બી.આઈ.ના ચીફને પોતાની ફરજનું પાલન કરવાનું હતું અને આલોક ગુપ્તાને પોતાના અંતઃકરણને સંતોષ્યા વિના ચેન પડવાનું નહોતું.

રેલ્વે બ્રિજ પાર કરી તેની કાર ચાંદની ચોકના ગીચ વસ્તીવાળા ઈલાકામાં દાખલ થઈ અને કાફે મોગલ નામની હોટલના પ્રવેશ સામે થોભી ગઈ. કારને લોક કરી પાછળ જોયા વિના જ તે હોટલમાં ઘૂસી ગયો. એક કૉફીનો ઓર્ડર દીધો અને સિગારેટ ફૂંકતાં નવેસરથી તે વિચારવા લાગ્યો. રાતના સાડા દસ વાગી ગયા હતા. કારનું પેટ્રોલ લગભગ ખૂટી ગયું હતું. વહેલી તકે

ઇન્ડિયા ગેટ પહોંચવાની જરૂર હતી.

અચાનક તેને ખ્યાલ આવ્યો. એક તુક્કો સૂઝયો અને તેને પોતાની જ પીઠ થાબડવાની ઈચ્છા થઈ આવી. સામે ગોઠવાયેલા કોફીના કપને ઘૂંટડે ઘૂંટડે પૂરો કરતાં તેણે બેરાને બિલ માટે ઇશારો કર્યો. બેરાએ દોઢ રૂપિયાનું બિલ તેની સામે મૂક્યું. આલોક ગુપ્તાએ બિલ પર દસ રૂપિયાની નોટ મૂકતાં ઉદારતાથી કહ્યું - કીપ ધ ચેંજ ! બેરાનો ચહેરો ખીલી ઊઠયો. બિલની પ્લેટ ઊંચકતાં તેણે લળી લળીને સલામ કરી. તે જાય એ પહેલાં આલોક ગુપ્તાએ તેને પૂછી લીધું – આ હોટલમાંથી બહાર જવાનો કોઈ બીજો માગ છે ?

બેરાએ દસની નોટ તથા બિલ ખિસ્સામાં સરકાવી દેતાં જણાવ્યું – એક નાનકડો દરવાજો પાછળની ગલીમાં ખૂલે છે. આવો, દેખાડું !

આલોક ગુપ્તા ઊભો થઈ ગયો. તેની કાર મુખ્ય પ્રવેશ સામે પાક થઈ હતી. એની તેને ચિંતા નહોતી. કાર 'લોક' હતી અને બીજે દિવસે આવી તે પાછી લઈ જઈ શકતો હતો. અત્યારે તેને કાંઈ ચિંતા હોય તો એ અહીંથી સફળતાપૂર્વક છટકી જવાની હતી. બેરાની પાછળ પાછળ તે પગલાં ભરી રહ્યો હતો. વિશાળ ભોજન ખંડ પાર કરી તે પેસેજમાં આવ્યો અને બેરાની સાથે હોટલના રાંધણિયામાં પ્રવેશી ગયો. પાછલો દરવાજો અહીં જ હતો. રાંધણિયા જોડે સંકળાયેલો હતો. બેરાનો આભાર માની તે બહાર નીકળી ગયો.

ચાંદની ચોકના આ ભાગમાં નાના નાના અનેક સ્ટીલ હતા. ભીડ પણ એટલી જ હતી. રાતના આ સમયે પણ આટલી ભીડ અહીં રહેતી હશે એની કલ્પના આલોક ગુપ્તાને નહોતી. પરંતુ આ ભીડ આજે તેના માટે આશીવાદ સાબિત થઈ. ભીડમાં તે ભળી ગયો. તેના પગ થોડે છેટેના બસ સ્ટોપની દિશામાં આગળ વધી રહ્યા હતા. સામેથી બસ પણ આવી રહી હતી.

તેણે ગતિ વધારી અને સ્ત્રી-પુરુષો વચ્ચેથી માર્ગ કરતો સમયસર બસ સ્ટોપમાં આવી પહોંચ્યો. બીજી ક્ષણે બસ આવી તેની સામે થોભી. ગીધની જેમ તૂટી પડેલા પેસેન્જરો સાથે અથડાતો, ભીંસાતો તે પણ બસમાં ઘૂસી પાછળની સીટ પર બેસી ગયો. બસ રેલ્વે સ્ટેશનની દિશામાં આગળ વધી ગઈ.

આલોક ગુપ્તા હવે નિશ્ચિત હતો. સી.બી.આઈ.નો ઈન્સસ્પેક્ટર કાનેટકર તેની કાર પર ચાંપતી નજર રાખતો 'કાફે મોગલ' હોટલના પ્રવેશ પાસે ક્યાંક ઊભો હતો અને તેને સરળતાથી થાપ દઈ આલોક ગુપ્તા બસમાં પ્રવાસ કરી રહ્યો હતો. તેની યોજના સ્ટેશનથી ટેક્સી કરી ઈન્ડિયા ગેટ પહોંચવાની હતી.

બસના કાચમાંથી પ્રકાશનાં કિરણો પથરાતાં તેણે પાછળ ફરીને જોયું. સ્કૂટર બસથી થોડુંક અંતર રાખી પાછળ દોડી રહ્યું હતું. આ વખતે આલોક ગુપ્તાની આંખો પહોળી થઈ ગઈ. તે થોડોક અસ્વસ્થ પણ થઈ ગયો. સાથે જ તેને ખાતરી થઈ ગઈ. સી.બી.આઈ.ના ઈન્સપેક્ટરને તેણે જેટલો નબળો ધાર્યો હતો. એના કરતાં તે સવાયો સિદ્ધ થયો હતો. આલોક ગુપ્તા નવી ચાલ ચાલે એ પહેલાં જ તે આલોક ગુપ્તાની ચાલ કળી ગયો હતો. હોટલ 'કાફે મોગલ'ના પ્રવેશ પાસેથી સરકી તે હોટલના પાછલા ભાગમાં સુરક્ષિત સ્થાન શોધી ઊભો રહી ગયો હતો અને આલોક ગુપ્તાને ગંધ સુધ્ધાં નહોતી આવી.

રેલ્વે સ્ટેશન આવતાં આલોક ગુપ્તા બસમાંથી ઊતરી સ્ટેશનમાં પગલાં ભરી ગયો. સ્ટેશનની ભીડની ઓથ લેતાં તેને વધુ સમય ન લાગ્યો. તેનો પીછો કરતો ઈન્સસ્પેક્ટર કાનેટકર સ્કૂટરને બહાર પાર્ક કરી પ્લેટફોર્મ પર નજર પાથરી રહ્યો હતો. એક ટ્રેન પ્લેટફોર્મમાં જ ઊભી હતી. શરૂ થવાની તૈયારીમાં હતી. લીલી ઝંડી હવામાં ફરકી ઊઠી. લીલી બત્તી એ પહેલાં જ ચળકી ઊઠી હતી.

ટ્રેન શરૂ થઈ અને વચ્ચેના એક ડબ્બા પાસે ઊભેલો આલોક છલાંગ મારી અંદર ઘૂસી

ગયો. ઈન્સપેક્ટર કાનેટકરની તીક્ષ્ણ નજરોથી એ છાનું ન રહ્યું. અત્યાર સુધીમાં ટ્રેને ગતિ પકડી લીધી હતી. ઈન્સસ્પેક્ટર કાનેટકર હજી પ્લેટફોર્મ પર ઊભો હતો. બીજી જ ક્ષણે તેણે દોટ મૂકી. ટ્રેનની સાથે સાથે તે ઝડપભેર દોડી રહ્યો હતો. પ્લેટફોર્મ લગભગ પૂરું થવા આવ્યું હતું. પરંતુ પૂરું થાય એ પહેલાં તો તે છેલ્લા ડબ્બામાં ચડી જવામાં સફળ થઈ ગયો.

ટ્રેન સિસોટી વગાડતી ઝપાટાબંધ આગળ વધી રહી હતી. ઈન્સસ્પેક્ટર કપાળ પરથી પરસેવો લૂછતો વિચારી રહ્યો હતો. અત્યાર સુધીમાં તેને ગંધ આવી ગઈ હતી. આલોક ગુપ્તા કોઈ અગત્યના કામે જઈ રહ્યો છે. નહિતર આટલી મુશ્કેલીઓ વેઠી તેને થાપ દેવાની કોશિશ ન કરે !

ટ્રેને ફરી એક સિસોટી મારી અને એજિનના ભૂંગળામાંથી નીકળેલો ધુમાડાનો ગોટો મેલા, અંધારા આકાશ સાથે ભળી એક થઈ ગયો. ટ્રેન પુરાણા કિલ્લાની દિશામાં આગળ વધી ગઈ. ઈન્સસ્પેક્ટર કાનેટકર કંપાર્ટમેન્ટના દરવાજા પાસે સતર્ક ઊભો હતો. ફૂંકાતા પવનમાં તેનાં વસ્ત્રો ઝંડાની જેમ ફરફરી રહ્યાં હતાં. તેને પરવા નહોતી. જાનની બાજી લગાડી તે ચાલતી ટ્રેનમાં ચડ્યો હતો. ફરી એક વાર એવું જ કોઈ સાહસ ખેડવા માટે તે તૈયાર હતો. પરંતુ આલોક ગુપ્તાનું પગેરું કોઈ પણ કિંમતે તે છોડી ન શકે !

માગમાં હાર્ડિંગ-પુલ આવતાં ટ્રેનની ગતિ સહેજ ધીમી પડી. આલોક ગુપ્તાએ આશા રાખી જ હતી. પુલ પર સમારકામ થઈ રહ્યું હતું. ચાલતી ગાડીએ કૂદી પડવા તે તૈયાર ઊભો હતો. તેનો ડબ્બો પુલની વચ્ચોવચ આવતાં તે બેધડક કૂદી પડ્યો. ઈન્સસ્પેક્ટર કાનેટકર છેલ્લા ડબ્બામાં હતો. તેનો ડબ્બો પુલની વચ્ચે આવે એ પહેલાં તો આલોક ગુપ્તા અંધારામાં અદશ્ય પણ થઈ ગયો. ધીમે ધીમે પુલ વટાવી ટ્રેન લાજપતનગરની દિશામાં આગળ વધી ગઈ.



૨૦

આલોક ગુપ્તાની સામે વિશાળ મેદાન પથરાયેલું હતું. એ મેદાનમાં ઈન્ડિયા ગેટના પથ્થરના ચણતર સાથે થોડાંક ઘટાદાર વૃક્ષો પણ નજરે પડતાં હતાં. રાતના અગિયાર વાગી ગયા હોવાથી મેદાનમાં લગભગ સન્નાટો હતો. પરંતુ ઇન્ડિયા ગેટના ચણતર પાસે થોડીક ચહલપહલ નજરે પડતી હતી.

હરિયાળી પરથી પગલાં ભરતો તે ઈન્ડિયા ગેટના ચણતર સુધી પહોંચે એ પહેલાં જ તેના કાને ધીમો અવાજ અથડાયો. કોઈએ તેનું નામ ઉચ્ચાર્યું હતું. તેણે પાછળ ફરી જોયું તો પાસેના ઘટાદાર વૃક્ષ પાછળ ફેલ્ટ હેટ અને લાંબા ઓવર કોટમાં ઊભેલો યૂરી છાયા ચિત્ર જેમ બહાર નીકળી તેની સામે આવ્યો. બંને જણા પથ્થરના ચણતરની દિશામાં ન જતાં અંધારા મેદાનમાં વોક લેવા લાગ્યા. હજી સુધી બંનેમાંથી એકેયે શરૂઆત નહોતી કરી.

–તમારી ચેતવણી બદલ આભાર. આલોક ગુપ્તાને હોઠ ખોલવાની ફરજ પડી. યૂરી સમજી ગયો. સી.બી.આઈ.નો એક ઈન્સસ્પેક્ટર આલોક ગુપ્તાનો પીછો કરી રહ્યો હતો અને એ માહિતીના સંદર્ભમાં આલોક ગુપ્તાએ તેનો આભાર માન્યો હતો.

-મેં તો માત્ર મારી ફરજ બજાવી છે. યૂરીએ ટૂંકમાં કહ્યું.

–મને કલ્પનાયે નહોતી કે સી.બી.આઈ., મારી પોતાની જ સંસ્થા મારી વેરી બનશે અને તે પણ આટલી ઝડપે.

-મિસ્ટર આલોક ! યૂરીએ ઓવરકોટના ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢી તેની સામે ધરતાં જણાવ્યું. હવે તમારે માત્ર નેતાજીથી સાવધ નથી રહેવાનું, સી.બી.આઇ.થી પણ ચેતતા રહેવું પડશે

-હું જાણું છું. આલોક ગુપ્તાએ એક સિગારેટ ઊંચકી હોઠ વચ્ચે ગોઠવી, બલકે આજે મને ખાતરી થઈ ગઈ. મને અફસોસ છે કે આજે હું સમયસર આવી ન શક્યો.

–એ હું સમજી શકું છું. કહેતાં તેણે લાઈટર ક્લિક કરી ઉમેર્યું, કહો હું તમારી શી સેવા કરી શકું ?

કાંઈ કહેતાં પહેલાં આલોક ગુપ્તાએ સિગારેટનો પહેલો અને ઊંડો કશ લીધો. પછી મૂળ વાત પર આવ્યો – સી.બી.આઈ.માંથી મેં રાજીનામું દીધું છે.

-શા માટે ? યૂરીએ સામો પ્રશ્ન કર્યો.

-નેતાજી પ્રકરણ.

-કૃપા કરી થોડીક વધુ સ્પષ્ટતા કરશો ?

-સી.બી.આઈ.એ. નેતાજી પ્રકરણ સંકેલી લીધું છે. આલોક ગુપ્તા તેની સાથે પગલાં ભરતાં કહી રહ્યો હતો, અને એ બાબત હું ચીફ જોડે સહમત નથી.

યૂરી સહેજ હસ્યો અને કહ્યું - મારા ખ્યાલથી સમસ્ત ભારતમાં તમે એક જ નાગરિક એવા છો, જેણે હજી સુધી નેતાજીને સ્વીકાર્યા ન હોય !

-ખરું.

–અને એનું કારણ પણ તમારી પાસે હશે !

–એક નહિ અનેક છે.

બંને જણા અંધારા મેદાનના એક છેડાથી પ્રવાસ કરતાં બીજા છેડા સુધી આવ્યા અને પાછા ફર્યા. આલોક ગુપ્તાએ આગળ ચલાવ્યું – કહેવાતા નેતાજી પોતાની સહી સિવાય બીજું કશુંયે હાથનું લખાણ કોઈને નથી દેતા, જેથી તેમના હસ્તાક્ષર પરથી તેમનું રહસ્ય છતું થઈ જાય. બીજું, તેમની ચળવળ માટે તેમને ક્યાંથી નાણું મળે છે એ સી.બી.આઈ. પણ આજ સુધી જાણી નથી શકી. ત્રીજું, પોલીસોની હત્યા, બેન્કો પર વધતી ધાડ, હથિયારોની લૂંટફાટ નેતાજીના આગમન પછી વધી છે. એ સૂચવે છે કે બહુ જલદી ભારતમાં બળવો થશે ! ચોથું, નેતાજીનાં આંગળાંના નિશાન ઇન્ટરપોલના રિપોર્ટ મુજબ વુલ્ફ બ્રોનસોર્ટ નામના એક જર્મન હત્યારાના છે, જેનું ૧૯૬૧માં મૃત્યુ થયું હતું. મારે એ જાણવું છે કે એ હત્યારો ખરેખર મૃત્યુ પામ્યો હોય તો આંગળાંનાં નિશાન કોનાં છે ?

સિગારેટનો કશ લેતાં યૂરી થોડીક પળો માટે ચૂપ થઈ ગયો. પછી કહ્યું - એ માટે તમારે વિદેશનો પ્રવાસ ખેડવો પડશે.

–અને... તક ઝડપી લેતાં આલોક ગુપ્તા બોલી ઊઠયો, વિદેશ જવા માટે મને તમારી સહાયની જરૂર છે !

-કઈ રીતે ?

તેણે સ્પષ્ટતા કરી – જો મારી ભૂલ થતી ન હોય તો મને ભારત બહાર જતો રોકવા સી.બી.આઈ. જબ્બર પ્રયાસ કરશે, જેથી હું મારી તપાસ આગળ વધારી ન શકું.

–અર્થૅાત્ વિદેશ જવા માટે તમને એક બોગસ પાસપોર્ટની જરૂર છે. યૂરીએ શાંતિપૂર્વક કહ્યું.

-ના.

–તો ?

-વિદેશી નાણાંની. આલોક ગુપ્તાએ જણાવ્યું. પ્રવાસ હું મારા ઓરિજિનલ પાસપોર્ટ ઉપર કરીશ.

–પણ તમે હમણાં જ જણાવ્યું કે સી.બી.આઈ. તમને ભારત છોડવાની પરવાનગી નહિ દે ! યૂરી બોલ્યો.

-તદ્દન ખરું. આલોક ગુપ્તાએ તુરત કહ્યું. અને એનો ઈલાજ મારી પાસે છે.

મેદાનનું એક ચક્કર પૂર્ણ થતાં બંને જણા ફરી એ જ ઘટાદાર વૃક્ષ હેઠળ આવી પહોંચ્યા જ્યાંથી તેઓએ શરૂઆત કરી હતી. આલોક ગુપ્તાએ સિગારેટનો ઊંડો અને છેલ્લો કશો લઈ ફેંકી દેતાં પોતાનો વિચાર જણાવ્યો – કાયદેસર મારા પાસપોર્ટ પર વિદેશનો પ્રવાસ ખેડવા માટે મને એક આમંત્રણની પણ જરૂર પડશે. એકાદ મહિનાના કોઈ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કે પછી ગમે તે રીતે હું મોસ્કો જઈ શકું તો અહીં કોઈને મારા પર શંકા નહિ જાય ! કોઈ મને રોકી પણ ન જ શકે ! મોસ્કોથી હું સીધો ફ્રાંસ જઈશ અને મારી તપાસની શરૂઆત ઈન્ટરપોલથી કરીશ. શું તમારે માટે એ શક્ય છે ?

પળભર વિચારી યૂરીએ કહ્યું – હાલ હું કાંઈ કહી ન શકું.

-ક્યારે જણાવશો ?

-અઠવાડિયા પહેલાં.

બંને જણાએ હાથ મિલાવ્યા અને જુદી જુદી દિશામાં આગળ વધી અંધારામાં ઓગળી ગયા.

રાતના સાડા બાર થયા હતા. આલોકનો રસોયો તેની વાટ જોતો કિચનમાં ઝોકાં ખાઈ રહ્યો હતો. મુખ્ય પ્રવેશના દરવાજામાં ચાવી ફરવાનો અવાજ આવતાં તે સતર્ક થઈ ગયો.

આલોક ગુપ્તા અંદર પ્રવેશી સીધો. બેડરૂમમાં જાય એ પહેલાં તો તે બેઠકખંડમાં હાજર હતો.

-હજી સૂતો નથી ? ઈચ્છા ન હોવા છતાં આલોક ગુપ્તા સોફામાં બેસી ગયો.

-હુઝૂર, તમારી વાટ જોતો હતો. રસોયાએ કહ્યું.

-કાંઈ ખાસ ? બૂટની લેસ ખોલતાં તેણે પૂછી લીધું.

-ત્રણ ફોન અત્યાર સુધીમાં આવી ગયા.

–કોના ?

–મેમસાબની મમ્મીના

અનિતાને રસોયો, “મેમસાબ' કહી સંબોધતો હતો. અનિતા હજી ઘેર નહોતી પહોંચી. આલોક ગુપ્તાને આશ્ચર્ય થયું. એ બની જ કેમ શકે ! અનિતાને સાથે લઈ તે સવારે કુતૂબ ગયો હતો. મોડી સાંજે તેને ઘેર છોડી તે પાછો ફર્યો હતો અને ડિનર લઈ તે યૂરીની મુલાકાતે ગયો હતો.

વધુ કાંઈ ન વિચારતાં તેણે અનિતાના ઘરનો નંબર જોડ્યો. અનિતાના ઘરમાં રણકતી ટેલિફોનની ઘંટડીનો અવાજ તે સ્પષ્ટ સાંભળી શકતો હતો. કોઇએ રિસીવર ઊંચકયું અને આલોક ગુપ્તા બોલી ઊઠયો - હલ્લો !

-કોણ ? સામેથી પ્રશ્ન પુછાયો.

-હું આલોક ગુપ્તા બોલું છું, આંટી ! અનિતાની મમ્મીનો અવાજ પારખી લેતાં તેણે જણાવ્યું.

--અનિતા તારી જોડે છે ?

–આંટી ! તેણે કહ્યું, સવારથી એ મારી જોડે જ હતી. પણ સાંજે હું પોતે તેને ઘેર છોડી ગયો હતો.

-તો. તો હજી તે ઘેર કેમ નથી આવી ?

–મને પણ એ જ સમજાતું નથી. કહેતાં આલોક ગુપ્તાએ સામો પ્રશ્ન કર્યો, તમે પોલીસને સૂચિત કર્યા ?

-મને એમ કે તમે બંને સાથે હશો. અનિતાની ઘરડી માનો અવાજ તૂટી રહ્યો હતો, હવે ?

-ચિંતા ન કરો, આંટી ! આલોક ગુપ્તાએ શક્ય તેટલા પ્રેમાળ, સ્વરે જણાવ્યું, પોલીસચોકીમાં ખબર દઈ હું હમણાં જ તમારે ત્યાં આવું છું.

લાઈન કપાઈ ગઈ. પોલીસ સ્ટેશને ફોન કરતાં પહેલાં તેણે વિચારવા માટે થોડોક સમય લીધો. અનિતા ત્રણ મજલાના એક મકાનમાં એન. પી. એલ. કૉલોનીમાં રહેતી હતી. બીજે મજલે તેનું ઘર હતું. આલોક ગુપ્તાએ સાંજે કાર તેના મકાન પાસે રોકી હતી. કારમાંથી સમિત બહાર નીકળી અનિતા તેને “ગુડ નાઈટ' કહી સીડીઓ તરફ આગળ વધી હતી. આલોક ગુપ્તા કાર સ્ટાર્ટ કરી ડિનર માટે ઘેર પાછો ફર્યો હતો.

આર્થૅાત... અનિતા ભોંયતળિયેથી બીજે મજલે જતાં વચ્ચે ક્યાંક અદશ્ય થઈ હતી. અને એ શક્ય નહોતું. કદાચ મકાનમાંથી પાછી બહાર નીકળી ક્યાંક બીજે ગઈ હોય ! કોઈ મિત્ર કે સહેલીને ત્યાં પહોંચી હોય ! એની પણ શક્યતા ઓછી હતી. અનિતાને કોઈ બીજા સ્થળે જવું હોત તો આલોકને તેણે એ જ સ્થળે તેને 'ડ્રોપ’ કરવા કહ્યું હોત ! ત્રીજી શક્યતા એ હતી કે તેના કોઈ પાડોશીને અચાનક તેના પર હેત ઊભરાઈ આવ્યું હોય અને તે પાડોશીને ઘેર અનિતા રોકાઈ ગઈ હોય ! પરંતુ આટલો લાંબો સમય ?

આલોક ગુપ્તા ઝડપભેર વિચારી રહ્યો હતો. જે મુદ્દાથી બચવા તે ભગીરથ પ્રયાસ કરી રહ્યો હતો, એ જ પૉઈન્ટની દિશામાં તેના વિચારો જેટની ગતિએ આગળ વધી રહ્યા હતા. આખરે તેણે પોતાના બદકિસ્મત વિચારોને પ્રશ્નનું રૂપ દીધું.. શું અનિતાનું અપહરણ થયું છે ?

શક્યતા એ જ હતી. કોઈ વ્યક્તિ પહેલાંથી જ અનિતાની પ્રતીક્ષા કરતી ફૂટપાથ પર ઊભી હોય ! અનિતાને દૂરથી કારમાં આવતી જોઈ એ વ્યક્તિ કે વ્યક્તિઓ મકાનની અંદરના ભાગમાં સરકી ગયા હોય ! સીડીઓ પર જ અનિતા પર ઓચિંતો હુમલો થયો હોય ! અને... અને તે એકે શબ્દ ઉચ્ચારે એ પહેલાં છરી કે બંદૂકની નાળ દેખાડી તેને લાચાર કરી નાખવામાં આવી હોય !

હે ભગવાન ! અનિતાના અપહરણના ખ્યાલે આલોક ગુપ્તાની કમર ભાંગી નાખી. તેની આંખે અંધારાં આવી ગયાં. એ કળી લેતાં તેને વધુ સમય ન લાગ્યો કે જો ખરેખર અનિતાનું અપહરણ થયું હોય તો એ અપહરણ પાછળ કહેવાતા નેતાજીની ગેગ સિવાય બીજા કોઈનો હાથ ન હોઈ શકે !

-હુઝૂર ! આલોક ગુપ્તાને હારેલા જુગારી જેમ સોફામાં ફસડાઈ પડેલો જોતાં રસોયાએ નમ્રતાપૂર્વક કહ્યું, કૉફી પીશો ?

તેણે કાંઈ ઉત્તર ન દીધો. કદાચ તેણે પ્રશ્ન સાંભળ્યો જ નહોતો. અત્યારે તેના સઘળા વિચારો માત્ર એક જ બિંદુ પર કેંદ્રિત હતા. અનિતાનું અપહરણ કરી કહેવાતા નેતાજીની ગેંગ તેની પાસેથી શું ઈચ્છતી હતી ? ઉત્તર સરળ હતો. આલોક ! નેતાજીનું પગેરું છોડી દે ! વિદેશ-યાત્રાની યોજના પડતી મૂક ! સમસ્ત ભારતના નાગરિકોની જેમ તું પણ નેતાજીને નેતાજી તરીકે સ્વીકારી લે. શું એ શક્ય હતું?

બીજી જ પળે તેના અંતરમનમાંથી પડઘો ઊઠયો. શ્રીમાન આલોક ગુપ્તા ! તારા આદર્શો ખાતર એક નિર્દોષ અબળાનું બલિદાન દેવાઈ જશે ! તું તારી જીદ નહિ છોડે તો તારી પ્રિયાની લાશ પણ તારા હાથમાં નહિ આવે ! અનિતાને તું ખરા દિલથી ચાહે છે ને, આલોક ! યાદ છે, એક દિવસ તે અનિતાને કહ્યું હતું કે તારી રગ રગમાં, નસ નસમાં અનિતા દોડી રહી છે ! તારા હૃદયમાં અનિતા ધબકી રહી છે ! તારા એક્કેક શ્વાસમાં અનિતા સમાયેલી છે ! શું એ શબ્દો પોકળ હતા ?

રસોયો સ્વચ્છાએ કોફી તૈયાર કરી તેની સામે ઉપસ્થિત થયો. પળભર તે આલોક ગુપ્તાના ઝડપથી રંગ બદલતા ચહેરામાં જોઈ રહ્યો. પછી હળવેકથી કહ્યું – હુઝૂર ! અને આલોક ગુપ્તાએ તેના તરફ લંબાયેલા કોફીના કપને હાથના એક જ ઝટકા વડે ઉડાડી મૂક્યો. કોફી બેઠકના ગાલીચા પર પથરાઈ ગઈ. છાંટા ચોમેર ફેલાઈ ગયા. કૉફીનો કપ તથા સોસર દીવાલ સાથે અફળાઈ ટુકડે ટુકડા થઈ ગયા. રસોયો ફાટી આંખે જોઈ રહ્યો. આલોક ગુપ્તા પાગલની જેમ બહાર દોડી ગયો.

નીચે આવતાં અંધકાર તેને ઘેરી વળ્યો. રાતનો એક થયો હતો. તેની સામે દિશા નહોતી. તેની સામે માર્ગો નહોતા. પોતાનો માગ તેણે પોતે જ શોધવાનો હતો. દિશા તેણે પોતે જ ચૂંટવાની હતી. જે દિશા સામે હતી. એ જ દિશામાં તે આગળ વધી ગયો. તે નહોતો જાણતો કે તે ક્યાં જઈ રહ્યો છે. તે નહોતો જાણતો કે તે શા માટે જઈ રહ્યો છે. બસ, તેનો પગ શરૂ થઈ ગયા હતા. યાંત્રિક માનવની જેમ પગ સાથે તે ઘસડાઈ રહ્યો હતો.

દુકાનો બંધ હતી. રેસ્ટોરાં બંધ હતી. હોટલો બંધ હતી. રસ્તા સૂના હતા. આખું દિલ્લી જાણે પોઢી ગયું હતું. તે જાગતો હતો. એકલો હતો. તે ઇચ્છે તો સડકની વચ્ચોવચ જઈ સૂઈ શકતો હતો ! મન થતાં પોતાનાં સઘળાં વસ્ત્રો ઉતારી પ્રેતની જેમ ભમી શકતો હતો. તે ઈચ્છે તો...

અચાનક સ્કૂટરની લાઈટનો તીવ્ર પ્રકાશ ચહેરા પર પથરાતાં તેના પગ થોભી ગયા. તેના અજબ ગજબ વિચારો થોભી ગયા. વાસ્તવિકતા સામે આવી ગઈ. ના ! તે એકલો નહોતો. દિલ્લી શહેર પોઢયું નહોતું. તેની જેવા કાંઈ કેટલાયે દુર્ભાગીઓ જાગતાં બેઠાં હતાં. કોઈ

દુર્ભાગીઓ વેશ્યાના અડ્ડામાં જાગતો સૂતો હશે તો કોઈ શરાબના પીઠામાં. કોઈ દુ:ખી બંધ દરવાજા પાછળ આક્રંદ કરી રહ્યું હશે તો કોઈ હોસ્પિટલમાં કે પાગલખાનામાં કે પછી ખુલ્લી સડક પર જ !

સ્કુટર તેની સામે આવી થોભી ગયું. સ્કૂટર પર બેઠેલો સી.બી.આઈ.નો ઇન્સસ્પેક્ટર કાનેટકર તેની સામે હેરતથી જોઈ રહ્યો. જેટલું આશ્ચર્ય આલોક ગુપ્તાને થયું હતું. એથી કાંઈ વિશેષ અચરજ તે પોતે અનુભવી રહ્યો હતો. અને તેનું કારણ હતું.

આજે સવારથી તેણે આલોક ગુપ્તાનો પીછો કર્યો હતો. સી.બી.આઈ.ના ચીફના આદેશ મુજબ તેણે આલોક ગુપ્તાની દરેક હિલચાલ પર ચાંપતી નજર રાખી હતી. આલોક ગુપ્તાની અક્કેક ગતિવિધિથી તે વાકેફ હતો. સવારથી સાંજ સુધીમાં આલોક ગુપ્તા ક્યાં ક્યાં ગયો અને કોને કોને મળ્યો એનો ટૂંક હેવાલ પોતાની ડાયરીમાં તે નોંધતો ગયો હતો. અંતે તે પરખાઈ જતાં આલોક ગુપ્તા તેને જબ્બર થાપ દઈ નાસી છૂટ્યો હતો. એ જ આલોક ગુપ્તા અત્યારે તેની સામે ઊભો હતો.

-હલ્લો ! આલોક ગુપ્તાને સંબોધી. તેણે કહ્યું. હજી તે સ્કૂટર પર બેઠો હતો. તેના બંને પગ સડક પર હતા.

-હલ્લો ! સ્મિતનો ઉત્તર આલોક ગુપ્તાએ પણ સ્મિતથી દીધો. અત્યાર સુધીમાં તેના ભટકુ વિચારો કાબૂમાં આવી ગયા હતા.

બંને ચૂપ થઈ ગયા. બંને મિત્રો હતા. બંને શત્રુઓ પણ હતા. બંનેની મૂંઝવણ એક હતી. શરૂ થયેલા સંવાદને આગળ કેમ વધારવો? કાંઈયે ન સૂઝતાં આલોક ગુપ્તાએ એક બાલિશ પ્રશ્ન કર્યો - સ્કટર સહીસલામત મળી ગયું ?

ઈન્સસ્પેક્ટર કાનેટકરે ઉત્તરમાં ‘હા’ કહ્યું.

આલોક ગુપ્તાનો ટ્રેનમાં પીછો કરતાં પહેલાં તેણે સ્કૂટરને દિલ્લી સ્ટેશનના ચોગાનમાં પાર્ક કર્યું હતું. ઝપાટાબંધ આગળ વધતી ટ્રેન પુલ પરથી પસાર થતાં આલોક ગુપ્તા ટ્રેનમાંથી કૂદી પડ્યો હતો. ઈન્સસ્પેક્ટર કાનેટકર નજીકના સ્ટેશને ઊતરી હતાશા ચહેરે વળતી ટ્રેનમાં દિલ્લી પાછો ફર્યો હતો. ચોગાનમાં પાર્ક થયેલું સ્કૂટર લઈ અત્યારે તે પોતાને ઘેર જઈ રહ્યો હતો.

-આલોક !

-હં ?

-તું સમજી શકે છે. ઈન્સસ્પેક્ટર કાનેટકર કહી રહ્યો હતો, મારે મારી ફરજ બજાવ્યા સિવાય છુટકારો નથી અને મારા મિત્ર ઉપર જ નજર રાખવાની કડવી જવાબદારી મને સોંપાઈ છે.

-હું જાણું છું.

–મને ક્ષમા કરી દઈશ ને !

-એમાં તારો દોષ નથી. તેણે સહજતાથી કહ્યું, તારા સ્થાને હું હોત તો એ કડવી જવાબદારી મારે પણ બજાવવી પડતો ! હવે એ કહે, મારા પર તે કેટલા વાગ્યાથી નજર રાખવાની શરૂઆત કરેલી ?

--સવારથી.

–આર્થાત મારી પાછળ તું કુતૂબના પ્રવાસે પણ આવ્યો હોઈશ !

–આટલું જ નહિ... ઈન્સપેક્ટર કાનેટકરે હસી દેતાં કહ્યું, એક છોકરીને ચુંબન લેતાં મેં તારા બેત્રણ ફોટાઓ પણ ઝડપયા છે. તારી ઈચ્છા હોય તો એની અક્કેક પ્રિંટ હું તને ભેટ દઈ શકું છું.

-ત્યાર પછી એ છોકરીને મૂકવા હું તેને ઘેર ગયો હતો. તેની મજાકને મહત્ત્વ ન દેતાં આલોક

ગુપ્તાએ ગંભીરતાપૂર્વક આગળ ચલાવ્યું, તું ત્યાં પણ હાજર હોઈશ !

-ખરું.

–પછી ?

–પછી શું ?

-તું ક્યાં ગયો ?

-તારી પાછળ તારા ઘર સુધી આવ્યો હતો. કેમ ?

આલોક ગુપ્તાએ પળભર તેના ચહેરામાં જોયું. પછી સ્પષ્ટતા કરી – જે છોકરી મારી જોડે હતી. એ મારી ગર્લફ્રેન્ડ અનિતા છે અને તેનું અપહરણ થઈ ગયું.

-ક્યારે ?

–એ જ સમયે જ્યારે અનિતાને મેં તેના ઘેર છોડી.

-ઘરમાંથી ? અપહરણના સંદર્ભમાં ઈન્સસ્પેક્ટર કાનેટકરે સામો પ્રશ્ન કર્યો.

-ના, સીડીઓ પરથી. તેણે જણાવ્યું, બીજે મજલે તે પોતાના ફ્લેટ સુધી પહોંચે એ પહેલાં તે અદશ્ય થઈ ગઈ.

-તે એમ શા પરથી ધાર્યું કે તેનું અપહરણ થયું છે !

--સંજોગો. ટૂંકો ઉત્તર દેતાં તેણે ઉમેર્યું તારી નજરે કોઈ એવી વ્યક્તિ ચડી હતી. જેના પર શંકા કરી શકાય !

-કદાચ !

–એટલે ?

–તને યાદ હોય તો થોડાક દિવસો પહેલાં એક સિક્યોરિટી ઓફિસરની હત્યા કુતૂબના માર્ગે થઈ હતી !

-તદ્દન ખરુ.

–અને એ હત્યાના આરોપમાં એક અપરાધીને ચાંદની ચોકમાંથી ગિરફતાર કરવામાં આવ્યો હતો.

તે વચ્ચે જ બોલી ઊઠયો – પણ એ તો લોકઅપમાંથી નાસી છૂટ્યો છે.

–એ જ હત્યારાને મેં તારી ગલફ્રિન્ડના મકાનમાં પ્રવેશી જતાં જોયો હતો.

–તને ખાતરી છે ?

-તેનો જોકર જેવો ચહેરો અને લાંબું નાક જોઈ કોઈ પણ ખાતરીપૂર્વક કહી શકે !

-તો તે પોલીસને સૂચિત કેમ ન કર્યો ? આલોક ગુપ્તાએ પૂછ્યું.

-એનાં બે કારણો છે. ઈન્સપેક્ટર કાનેટકરને સ્પષ્ટતા કરવાની જરૂર જણાઈ. પહેલું, મારી ફરજ મને સોંપાયેલું કામ નિષ્ઠાપૂર્વક કરવાની છે. બીજું, મારી પાસે એટલો સમય નહોતો. પોલીસને સૂચિત કરવા માટે ટેલિફોન સુધી જતાં તારું પગેરું છૂટી જવાનો મને ભય હતો. તને ખ્યાલ હોય તો તારી ગર્લફ્રેન્ડના મકાન નીચે તું એકાદ મિનિટથી વધુ નહોતો રોકાયો.

આલોક ગુપ્તા વિસ્ફરિત નેત્રે તેના ચહેરામાં જોઈ રહ્યો. તેને ખાતરી થઈ ગઈ. અનિતાનું અપહરણ કરનારા ઠગો બીજા કોઈ નહિ, બલકે કહેવાતા નેતાજીના માણસો જ છે અને તેના પગ ઢીલા થઈ ગયા.



૨૧

પ્હો ફાટે એ પહેલાં કલકત્તા શહેર જાગી ઊઠયું હતું. સ્ત્રી-પુરુષોનાં ઝૂડનાં ઝૂડ સૂર્યોદયનાં પ્રથમ કિરણો સાથે પ્રવાસ કરતાં "મેદાન' સભાસ્થળની દિશામાં ચાલી નીકળ્યાં હતાં. કોઈના હાથમાં ફૂલોની માળા હતી, તો કોઈના હાથમાં નોટોની. કોઈ માત્ર નેતાજીના દશને જઈ રહ્યું હતું તો કોઈ નેતાજીની પદયાત્રામાં ભાગ લેવા. "ચલો દિલ્લીની નેતાજીની કૂચ આજથી શરૂ થવાની હતી. સમય સવારના આઠનો નક્કી થયો હતો. મેદાન સભાસ્થળ ખીચોખીચ ભરાઈ ગયું હતું. નેતાજીની પ્રતીક્ષા થઈ રહી હતી.

ઠીક સાત ને પંચાવને નેતાજીને લઈ એક કાર 'મેદાનમાં પ્રવેશી. નેતાજી કારમાંથી બહાર નીકળ્યા અને લાખોની મેદનીને જોઈ તેમનો ચહેરો હર્ષથી છવાઈ ગયો. નેતાજીની પાછળ કર્નલ ગુલમહંમદ, કેપ્ટન તલવારસિંઘ તથા શૈલા ભાદુડી પણ બહાર નીકળ્યાં અને હેરતથી જોઈ રહ્યાં. આટલી વિશાળ મેદનીની આશા વહેલી સવારના આ સમયે કોઈયે નહોતી રાખી. બીજું, માત્ર પદયાત્રા શરૂ કરવા માટે આ સ્થળ ચૂંટાયું હોવાને કારણે અહીં ન કોઈ મંડપ ઊભો કરાયો હતો ન કોઈ મંચ.

જે ખાસ સ્થળેથી નેતાજી પદયાત્રા શરૂ કરવાના હતા. એની આસપાસની થોડીક જગ્યા બાંબુઓ વડે બાંધી લેવામાં આવી હતી. પ્રેસ તથા માઈકની જરૂરી વ્યવસ્થા પણ અહીં મર્યાદિત નજરે પડતી હતી. એ જ ખુલ્લા સ્થળમાં નેતાજી પ્રવેશતાં 'જયહિંદ'ના ગગનભેદી નાદો ઊઠયા અને તેના પડઘા ચોપાસ ફેલાઈ ગયા. લોકોનો ઉત્સાહ અનેરો હતો. જુસ્સો અપાર હતો. નેતાજીની ચરણરજ લેવા લોકો એકમેક પર ધસી રહ્યા હતા. બીજી બાજુ પ્રેસ ફોટોગ્રાફરો તથા પત્રકારો નેતાજીને ઘેરી લેવા ઉતાવળા થઈ રહ્યા હતા. એ સર્વેને રોકતાં નેતાજીને બે શબ્દો કહેવાની ફરજ પડી.

-જયહિંદ !

નેતાજીએ કારના ટોપ પર ચડી માત્ર એક જ શબ્દ ઉચ્ચાર્યો અને એકસાથે લાખોની મેદનીએ તેમના સ્વરનો પડઘો પાડયો – જયહિંદ !

શાંતિ પથરાઈ ગઈ.

–ભાઈઓ અને બહેનો ! નેતાજીએ શરૂઆત કરી, મારી વિનંતી સ્વીકારી તમે શિસ્તબદ્ધ પોતપોતાના સ્થાને ઊભાં છો એ બદલ હું ગર્વ લઉં છું. આજનો દિવસ માત્ર આનંદનો જ નહિ, બલકે ઉત્સવનો પણ છે. કારણ કે આજથી ભારતના ઇતિહાસનું એક નવું પ્રકરણ શરૂ થાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શરૂ થયેલી આપણી દિલ્લીની કૂચનાં અધૂરાં રહી ગયેલાં સપનાં પૂરાં કરવાનો સમય આવી પહોંચ્યો છે. પરંતુ મૂળ કૂચની શરૂઆત ભારતની મુક્તિ માટે થઈ હતી. ત્યારે પ્રશ્ન એ થાય છે કે એ કૂચનો અંત કરવાની આવશ્યકતા હવે રહે છે ખરી ?

પ્રશ્ન યથાસ્થાને છે અને તેનો ઉત્તર પણ. કૂચનો અંત થતાં પહેલાં સમસ્ત ભારત ભ્રષ્ટાચારીઓ, દાણચોરો તથા કાળાબજારિયાઓને પડકારવા કટિબદ્ધ થઈ જશે એવી હું આશા રાખું છું. આ જ સુધીમાં સેંકડો ગામો તથા શહેરોમાં 'તરુણ ક્રાંતિ દળની સ્થાપના થઈ ચૂકી છે. ભારતના યુવાનો તથા આઝાદ હિંદ ફોજના મારા વીરો જનજાગૃતિ માટે તનતોડ

પ્રયાસ કરી રહ્યા છે. છતાં ભાવસપાટી દિવસે દિવસે ઊંચી ચડતી જાય છે. આપણો દેશ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. ફુગાવો તથા મોંઘવારીએ માઝા મૂકી છે.

૧૯૬૪નું આ વર્ષ દુકાળનું વર્ષ નથી, કારણ કે ભારતના લગભગ દરેક પ્રાંતમાં ઈશ્વરની કૃપાથી સારો વરસાદ થયો છે. અનાજના વેપારીઓના 'અખિલ ભારત મહામંડળ'ના પ્રમુખ શ્રી એમ. એચ. હાશમિ પ્રેમજીએ જાહેર કર્યું છે કે ભારતમાં ૪૦ લાખ ટન તો માત્ર ચોખા પાક્યા છે અને રવિ પાક એથીયે વધુ ઊતરે ! મારે ફક્ત આટલું જાણવું છે કે એ અનાજ ક્યાં છે ? ભારતનાં ભૂખ્યાં સંતાનોના મોંમાંથી કોળિયા કોણ આંચકી લે છે ? પ્રાંતે પ્રાંતે અનાજ માટે લૂંટફાટ કેમ વધી રહી છે ? ક્યાંક અનાજની વખારો લૂંટાય છે તો ક્યાંક અનાજથી ભરેલાં વૅગનો. કહેતાં દુઃખ થાય છે કે એક મુઠ્ઠી ધાનની શોધમાં ભટકતા નાગરિકોને ધાન નથી મળતું બૂલેટો મળે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આમાં દોષ કોનો ? સરકારનો કે પ્રજાનો ?

હું કહીશ કે જ્યાં સુધી પ્રજાને સ્વચ્છ સરકાર નહિ મળે ત્યાં સુધી સ્વતંત્ર ભારત ગરીબાઈની ખીણમાંથી ક્યારેય ઊંચું નહિ આવે ! આ જ કારણે દિલ્લીની આપણી કૂચ મહત્ત્વ ધરાવે છે. આ કૂચ ભારતના નાગરિકોની ગરીબાઈ દૂર કરવા માટે છે. આ કૂચ અજ્ઞાન હટાવવા માટે છે. આ કૂચ ભ્રષ્ટાચાર નાબૂદી માટે છે. આ કૂચ દાણચોરોને પડકારવા માટે છે.

ભાષણ પૂર્ણ કરતાં નેતાજીએ મુઠ્ઠી વાળી એક હાથ ઊંચો કર્યો અને શક્ય તેટલા ઊંચા સ્વરે કહ્યું – જયહિંદ ! અને તેના જબ્બર પડઘાએ આકાશમાં તિરાડો પાડી દીધી. નેતાજી કારના ટોપ પરથી ઊતરી નીચે આવે એ પહેલાં તો પ્રેસ ફોટોગ્રાફરોની ફ્લેશો. ફરી એક વાર ઝબૂકી ઊઠી. નેતાજીને ભાવભીની વિદાય દેવા આવેલા કલકત્તાના નાગરિકો ફૂલોની માળાઓ સાથે શિસ્તબદ્ધ તેમની સામે આવવા લાગ્યા. તેમના ગળામાં માળા પહેરાવી, તેમની ચરણરજ માથે ચડાવી, તેમના આશીવાદ લઈ લોકો શિસ્તબદ્ધ પાછા ચાલ્યા પણ જતા હતા. આશરે દોઢ કલાક સુધી આ ક્રમ ચલલો રહ્યો.

સૂર્યોદય ક્યારનો થઈ ગયો હતો. જાન્યુઆરીનો ટાઢો સૂરજ પોતાના કોમળ કિરણો ચોપાસ પાથરી રહ્યો હતો. વધુ વિલંબ પાલવે એમ નહોતો. કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘે સૂચક દષ્ટિએ નેતાજી સામે જોયું. હજી અનેક નાગરિકો ફૂલો તથા નોટોની માળા લઈ આગળ આવી રહ્યાં હતાં. નેતાજી લાચાર થઈ ગયા.

ઠીક સવારે આઠે શરૂ થનારી કૂચ અગિયાર ને પાંચે શરૂ થઈ. એ દરમિયાન કલકત્તાના માર્ગો પર નેતાજીના દર્શન કાજે ખાસી મેદની એકઠી થઈ હતી. જે લોકો "મેદાન' સભાસ્થળમાં હાજર થઈ નહોતા શક્યા તથા જે સ્ત્રી-પુરુષો પોતાના મકાનની બારીઓ, ઝરૂખાઓ, દુકાનોમાંથી નેતાજીના દશન સરળતાથી કરી શકતા હતા, સુયોગ્ય સ્થાન શોધી બેસી ગયા હતા. પ્રતીક્ષા નેતાજીની હતી.

પદયાત્રા માટે નેતાજીએ પોતાના અંગત સાથીદારો તથા આઝાદ હિંદ ફોજના ચૂંટી કાઢેલા લગભગ દોઢસો સૈનિકોને સાથે લીધા હતા. એ સૈનિકો કર્નલ ગુલમહંમદની જેમ સૈનિક પોશાકમાં સુસજ્જ હતા. નેતાજી તેઓની મોખરે ચાલી રહ્યા હતા, તેમની પડખે તેમની સેક્રેટરી શૈલા ભાદુડી હતી. તેમની પાછળ કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ બોડીગાર્ડની જેમ પગલાં ભરી રહ્યા હતા. અને એ સર્વેની પાછળ ચાર ચારની હરોળમાં આઝાદ હિંદ ફોજના સૈનિકો, સૈનિકોને શોભે એમ બૂટના અવાજ કરતા આગળ વધી રહ્યા હતા. સૈનિકોની પાછળ પંદરેક જેટલા નેતાજીના ભક્તો હતા.

નેતાજીને ભાવભીની વિદાય દેવા માર્ગની બંને તરફ એકઠી થયેલી ભીડ નેતાજીને જોતાં જ જયહિંદના નારાથી વાતાવરણને હલાવી નાખતી હતી. બારી તથા બાલ્કનીમાં ઊભેલાં સ્ત્રીપુરુષો ઉપરથી જ ફૂલોની છાબડી ઠાલવી રહ્યાં હતાં. નેતાજીની દિશામાં માળાઓ ફેંકી

રહ્યા હતા.

કલકત્તાના નાગરિકોનો ઉત્સાહ અપાર હતો. પોલીસોનો બંદોબસ્ત પણ આજે પૂરતો હતો. નેતાજીના માગમાં લોકો ધસી ન જાય એ માટે ફૂટપાથની બંને તરફ પોલીસોની કતાર દોડી ગઈ હતી.

થોડે છેટે જતાં નેતાજીને થોભી જવું પડ્યું. શૈલા ભાદુડી થોભી ગઈ. કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ થોભી ગયા. પાછળ પાછળ પગલાં ભરતા આઝાદ હિંદ ફોજના સૈનિકો થોભી ગયા. તેઓ જ્યાં થોભ્યા હતા એ માર્ગ લાલા લાજપતરાય માર્ગને નામે ઓળખાતો હતો. 'નેતાજી સંશોધન કેન્દ્ર'નું મકાન અહીં જ હતું. અહીં જ નેતાજીની મા પ્રભાવતીદેવી તેમની વાટ જોતી કલાકોથી ઊભી હતી. નેતાજી નજરે પડતાં જ તે સામે દોડી આવી. નેતાજીએ માની ચરણરજ લઈ માથે ચડાવી અને આશીર્વાદ લીધા.

-પાછો ક્યારે આવીશ, સુભાષ ? પ્રભાવતીદેવીએ પુત્રના ચહેરામાં જોતાં પૂછી લીધું.

—મા ! નેતાજીએ ફિક્કુ સ્મિત ફરકાવતાં જણાવ્યું, હજી હું ગયો જ નથી.

—અને જ્યારે પણ મારાથી જુદો થઈ જાય છે, વર્ષો સુધી ફરી મોં નથી દેખાડતો !

-આ વખતે બહુ વહેલો પાછો ફરીશ. કહેતાં નેતાજીએ ઉમેર્યું, મા ! આજ્ઞા દયો. !

પ્રભાવતીદેવીએ સાડલામાં સંતાડી રાખેલી એક નાનકડી પોટલી કાઢી ઝડપથી તેમના હાથમાં ધરી દીધી.

—આમાં શું છે, મા ?

-મારો પ્રેમ. પ્રભાવતીદેવીએ આંખોમાં આવેલાં ઝળઝળિયાંને કાબૂમાં રાખતાં ઉત્તર દીધો. માના ગામથી દીકરો ભૂખ્યો જાય એ કંઈ મા સાંખી શકે !

—મા, તારી આંખોમાં આંસુ ! નેતાજીએ સ્થિર દષ્ટિએ જોતાં કહ્યું.

-બેટા ! હર્ષનાં આંસુ છે આ ! પ્રભાવતીદેવી બોલી ઊઠી, કાંઈ કેટલાંયે વર્ષોની પ્રતીક્ષા પછી તું જીવતો પાછો આવ્યો અને હું તને ધરાઈને જોઈ પણ ન શકી ! એક કોળિયો ધાનનો તારા મોંમાં દઈ ન શકી ! શું એક દિવસ પણ તારી જોડે ગાળવાનું મારા ભાગ્યમાં લખાયું નહિ હોય ?

-રડ નહિ, મા ! નેતાજીએ ગળગળા થતાં કહ્યું, દિલ્લીથી પાછો ફરીશ પછી તારી જોડે જ રહેવા ચાલ્યો આવીશ.

પ્રભાવતીદેવી છૂટથી રડી પડી.

કલકત્તાની ગલીઓ, ઝોંપડપટ્ટીઓ, ધોરી માર્ગો પરથી પ્રવાસ કરતા નેતાજીના કાફલાએ હુગલી નદી પાર કરી અને યોજના મુજબ નક્કી કરેલા પહેલા ગામ સોનારમાં બપોરે સાડા ત્રણે આવી પહોંચ્યો. હકીકતમાં કાફલો બપોરે સાડા બારે આ ગામમાં દાખલ થવાનો હતો. પરંતુ પદયાત્રા શરૂ થાય એ પહેલાં જ ત્રણેક કલાક ભાંગી ગયા હતા. કાફલો અહીં ભોજનપાન કરી, બે કલાકનો વિશ્રામ લઈ સાંજે સાત વાગ્યે નવાપુર ગામે પહોંચવાનો હતો.

નવાપુર દસ હજારથી વધુ વસતી ધરાવતું મોટું ગામ હતું. નેતાજીના સ્વાગત માટે અહીં જબ્બર તૈયારીઓ થઈ હતી. ગામના પાદરે એક વિશાળ ગેઈટ પણ ઊભો કરવામાં આવ્યો હતો, જેના પર રાતા અક્ષરોમાં ચીતરાયું હતું. સુસ્વાગતમ્ ! ગામના પંચો, નવાપુરમાં વસેલા આઝાદ હિંદ ફોજના ત્રણ રિટાયર્ડ સૈનિકો, થોડાક યુવાનો તથા ગામના આગેવાનો લાંબા સમયથી વાટ જોતા એ ગેઈટ પાસે ભેગા થયા હતા. સૂર્ય ઢળી ચૂક્યો હતો. અંધારાં ઊતરી આવ્યાં હતાં. ટાઢ કડાકાની હતી. છતાં નવાપુરની સ્વાગત સમિતિના સભ્યો કાંબળા તથા ગરમ પોશાકોમાં થરથરતા નેતાજીની વાટ જોતા બેચેન ઊભા હતા.

દૂરથી જ કંદિલોનો પ્રકાશ નજરે પડ્યો અને નવાપુરની સ્વાગત સમિતિના સભ્યોના ચહેરા

હર્ષથી છલકાઈ ઊઠયા. ડોલતા કંદિલો અંધારામાં તરતા ગામની દિશામાં આગળ વધી રહ્યાં હતાં. દશ્ય સોહામણું હતું. જાણે અંધારા આકાશમાં તારાઓ ઝૂલતા હોય એવો ભાસ થતો હતો.

ધીરે ધીરે કંદિલો સાથે છાયાચિત્રો જેવી આકૃતિઓ સ્પષ્ટ થવા લાગી. બીજી તરફથી નવાપુરની સ્વાગત સમિતિના સભ્યો જયહિંદના નારા સાથે આગળ વધ્યા. માગમાં જ બંને કાફલાનું મિલન થયું. નેતાજીના ગળામાં પુષ્પોની માળા પહેરાવતા નવાપુરના પંચોએ પોતાનો પરિચય દીધો અને સાથે આવેલા આગેવાનોનો પરિચય પણ નેતાજી જોડે કરાવ્યો.

ટૂંક સમયમાં નેતાજી વિશાળ ગેઈટમાંથી દાખલ થઈ નેહરુ બોઈઝ સ્કૂલ'ના કંપાઉન્ડ સુધી આવી પહોંચ્યા. નેતાજી તથા તેમના સાથીઓના એક રાતના ઉતારા માટે અહીં જ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આખા દિવસના પ્રવાસનો થાક હતો. રાતનું સમૂહભોજન પતાવી નેતાજીના સાથીઓ છૂટા પડ્યા. નેતાજી પોતાને માટે અલગ રખાયેલા ઓરડામાં પ્રવેશ્યા અને ભોંય પર પથરાયેલા ઊજળી ચાદરવાળા ગાદી-તકિયા પર પગ લંબાવ્યા. તેમના ચહેરા પર થાકનાં ચિહનો સ્પષ્ટ વરતાતાં હતાં. છતાં મુલાકાતીઓ માટે તે તૈયાર બેઠા હતા. આઝાદ હિંદ ફોજનો એક સૈનિક તેમની પીઠ પાછળ ગોઠવાઈ તેમના ખભાને માલિશ કરી રહ્યો હતો. બીજો તેમના પગ દાબી રહ્યો હતો. શૈલા ભાદુડી, તેમની પર્સનલ સેક્રેટરી તેમની પડખે જ બેઠી હતી. કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ, નેતાજીના બોડીગાડ ઓરડાની બહાર ચારપાઈ ઢાળી પેસેજમાં બેઠા હતા.

કર્નલ ગુલમહંમદ બીડી ફૂંકી રહ્યો હતો. એક પછી એક મુલાકાતીઓને તે અંદર મોકલી રહ્યો હતો. મુલાકાતીઓની ભીડ પણ ખાસ્સી હતી. એ સર્વેને રાત્રે જ પતાવવાના હતા. પહો ફાટે એ પહેલાં ફરી કૂચ શરૂ થવાની હતી.

અચાનક મુલાકાતીઓની કતારમાં ઊભેલા એક અપ-ટૂ-ડેટ યુવાન પર કર્નલ ગુલમહંમદની નજર પડી. પળભર તે જોઈ રહ્યો. એ મુલાકાતી ચહેરા પરથી આ ગામનો કે કોઈ પણ ગામનો વતની હોય એવું નહોતું લાગતું. પોશાકમાં તેણે લાંબી બાંયના પોલીશર્ટ ઉપર ચામડાનું જાકીટ પહેર્યું હતું. કમરે ચામડાનો જાડો પટ્ટો હતો. તેનું પહોળા પાંયચાવાળું પાટલૂન પણ નવી ફેશન મુજબ સિવાયેલું હતું.

–આપ ? કર્નલ ગુલમહંમદે ઠુંઠું થઈ ગયેલી બીડીને પગ નીચે દબાવી દેતાં તેનો પરિચય માગ્યો.

-હું દિલ્લીનો છું. યુવાને ટૂંકમાં કહ્યું.

દિલ્લી શહેરનું નામ સાંભળી કર્નલ ગુલમહંમદે પડખે બેઠેલા તલવારસિંઘ સામે જોયું. તેનો ચહેરો પણ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યો હતો. નેતાજીની પદયાત્રા દિલ્લી માટે જ હતી અને આ અધીરો યુવાન નેતાજીના દર્શન કરવા અહીં સુધી દોડી આવ્યો હતો.

કર્નલ ગુલમહંમદે ફરી યુવાન સામે જોયું. ફરી એક વાર તે સ્થિર દષ્ટિએ જોઈ રહ્યો. ખાસ કરી યુવાનના ચહેરાને. તેના ચહેરા પર હર્ષને સ્થાને હતાશા કેમ ? તે ભાંગી પડેલો કેમ લાગતો હતો ? ઉદાસી તેની આંખોમાંથી ડોકિયાં કેમ કરતી હતી ?

તે કાંઈ વધુ વિચારે એ પહેલાં જ નેતાજીના કમરામાં ગયેલો મુલાકાતી બહાર આવ્યો. કનલ ગુલમહમદે યુવાનને અંદર જવા માટે ઈશારો કરતાં કહ્યું - કૃપા કરી પાંચ મિનિટથી વધુ સમય ન લેતા. હજી ચાર મુલાકાતીઓ બાકી છે.

યુવાન હળવેકથી અંદર દાખલ થયો. પીઠ પાછળ દરવાજો બંધ થઈ જતાં તે દરવાજા પાસે જ ઊભો રહી ગયો. ભોંય પર પથરાયેલા ઊજળી ચાદરવાળાં ગાદી-તકિયા પર બેઠેલા નેતાજી એકચિત્તે તેની સામે જોઈ રહ્યા. તે પણ નેતાજીને ટગર ટગર જોઈ રહ્યો હતો. કમરામાં ઘેરી

ખામોશી ઊતરી આવી હતી. કોઈ કાંઈયે કહેતું નહોતું. પેન્સિલ તથા રફપેડ લઈ નેતાજીની પડખે બેઠેલી શૈલા ભાદુડી ક્યારેક નેતાજી સામે જોતી હતી તો ક્યારેક યુવાન સામે.

યુવાન ધીરે ધીરે આગળ વધી નેતાજી સામે આવ્યો અને મુલાકાતીઓ માટે પથરાયેલી ચટાઈ પર બેસી ગયો. માલિશ કરતા બંને સૈનિકોને નેતાજીએ ઇશારો કર્યો. આશીવાદ લઈ તે ચૂપચાપ બહાર ચાલ્યા ગયા. એ જ સમયે ખામોશીને છિન્નભિન્ન કરતા ભીંતઘડિયાળમાં અગિયારના ટકોરા શરૂ થયા અને થોડીક પળો પછી ડૂબી પણ ગયા.

-કહો ! નેતાજીએ હોઠ ખોલ્યા.

યુવાને પ્રશ્ન કર્યો – પરિચય દેવાની મને જરૂર છે ?

-આપણે પહેલાં ક્યારે મળ્યા હોઈએ એવું મને યાદ નથી.

-હું આલોક ગુપ્તા છું. કપાળ પર ઊતરી આવેલા વાળને પાછળ કરતાં યુવાને પોતાનું નામ જણાવ્યું.

-આલોક ગુપ્તા કોણ ?

–એ તમે સારી રીતે જાણો છો.

નેતાજીએ પાતળું સ્મિત ફરકાવ્યું; પછી કહ્યું – ભાઈ ! તમારી કાંઈ ભૂલ થતી લાગે છે !

–ભૂલ મારી જ થઈ છે. આલોક ગુપ્તાએ નેતાજીના શબ્દો ઝડપી લેતાં જણાવ્યું. અને આજે એ ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા હું અહીં આવ્યો છું.

–કેવી ભૂલ ?

-મારા ખ્યાલથી મારો પૂર્ણ પરિચય મારે દેવો પડશે ! કહેતાં તેણે સ્પષ્ટતા કરી. તમારું પગેરું શોધવાની જવાબદારી સી.બી.આઈ.એ. મને સોંપી હતી.

-ઓહ તો તમે સી.બી.આઈ.ના અધિકારી છો ?

-હતો.

-રાજીનામું દીધું ?

આલોક ગુપ્તાએ 'હા' કહી.

-કહો ! સહેજ વિચારી નેતાજીએ પૂછ્યું. હું તમારે માટે શું કરી શકું ?

વેધક દષ્ટિએ તેણે પળભર નેતાજીની આંખોમાં જોયું. આ એ જ નેતાજી હતા જેમણે યોજેલી પ્રેસ-કોન્ફરન્સમાં હાજરી દેવા અનિતા ગઈ હતી. અનિતાએ તેને પણ સાથે આવવા આમંત્રણ દીધું હતું અને હસતાં હસતાં તેણે કહ્યું હતું. કલકત્તા આવવાની મને જરૂર નથી. મને મળવા નેતાજી સ્વયં દિલ્લી પધારશે. આજે તે પોતે નેતાજીની મુલાકાતે દિલ્લીથી નવાપુર ગામ સુધી આવ્યો હતો. નેતાજી તેની સામે બેઠા હતા.

–અનિતા ક્યાં છે ? તેણે ધડાકો કર્યો.

–મારી પુત્રી ? નેતાજીની પુત્રીનું નામ પણ અનિતા હતું. એ તો વિયેનામાં છે. કેમ ?

–મેં તમારી નહિ, મારી અનિતાના સંદર્ભમાં પ્રશ્ન કર્યો છે. કહેતાં તેણે સહેજ અકળામણ અનુભવી.

નેતાજીએ ફરી સ્મિત ફરકાવ્યું. પછી કહ્યું - શું તમે મને કોઈ ત્રિકાળજ્ઞાની સંત સમજી બેઠા છો ? તમારી અનિતા અત્યારે ક્યાં હશે. એ હું શી રીતે જાણી શકું ?

આલોક ગુપ્તાને લાગ્યું, નેતાજીના સ્વાંગમાં જે કોઈ પણ વ્યક્તિ તેની સામે ઉપસ્થિત છે તે ખરેખર ચાલાક છે. અત્યાર સુધીમાં એ વ્યક્તિએ પોતાના ચહેરા પર એકે ભાવ એવો પ્રદર્શિત થવા નહોતો દીધો જેના પરથી સહેજે અણસાર આવી શકે કે તે અસલી નથી.

-જુઓ મિસ્ટર... નેતાજીના નામના સ્થાને માત્ર 'મિસ્ટર'નું સંબોધન કરી તે કાંઈ કહેવા ગયો.

નેતાજી વચ્ચે જ બોલી ઊઠયા - શું હજીયે તમને મારા પર શંકા છે ?

આલોક ગુપ્તાની આંખો તેમના ચહેરા પરથી ખસવા રાજી નહોતી. તે અપલક જોઈ રહ્યો હતો. વિચારી રહ્યો હતો. ઉંદરબિલાડીની આ રમત કહેવાતા નેતાજી ક્યાં સુધી રમશે ? નેતાજીના પ્રશ્નના ઉત્તરમાં 'હા' કે 'ના' ન કહેતાં તેણે બીજું તીર ફેંકયું - મિસ્ટર વુલ્ફ બ્રોનસોર્ટ ! બીજા કોઈને ભલે ન હોય, મને આજે પણ તમારા પર શંકા છે, બલકે 'તારા' પર.

ફરી એક વાર સંબોધન બદલતાં તેણે આગળ ચલાવ્યું - તું આખા ભારતની આંખોમાં ધૂળ નાખી છેતરી શકે છે. પરંતુ મારી આંખો પારદર્શક છે. હું તારી આરપાર જોઈ શકું છું.

-છતાં...નેતાજી કહેવા ગયા, મને ઓળખી નથી શકતો ? પરંતુ તે કહી ન શક્યા.

આલોક ગુપ્તા વચ્ચે જ બોલી ઊઠયો – મારે વધુ કાંઈ નથી કહેવું, વુલ્ફ ! છતાં આટલું જરૂર કહીશ. હું હાર્યો. તારી જીત થઈ. તું વિજેતા છે. અને અત્યારે હું તારી પાસે મારી અનિતાની ભીખ માગવા આવ્યો છું. મારી અનિતાનું અપહરણ કરાવી એને જ્યાં પણ રાખી હોય, મને પાછી સોંપી દે. મેં તારું પગેરું છોડી દેવાનો નિર્ણય લીધો છે.

–ભાઈ ! નેતાજીએ એટલા જ પ્રેમથી શબ્દો ઉચ્ચાર્યા. કૃપા કરી તમારો ભ્રમ દૂર કરો ! હું ડુપ્લિકેટ નથી. શત્રુ નથી. ભારતનો હું શત્રુ હોત તો ભ્રષ્ટાચાર સામે ઝુંબેશ શા માટે શરૂ કરતે ? વિરોધ પક્ષોની ટીકા કરી તેઓનો સહકાર શા માટે ગુમાવી બેસતે ? બેકારી તથા દેશની ગરીબી દૂર કરવા પદયાત્રાની આ યાતનાઓ શા માટે ભોગવતે ? કોના આનંદ માટે હું સર્વે પીડાઓ ભોગવી રહ્યો છું ? કહેતાં તેમણે ઉત્તર પણ દીધો. તમારા આનંદ માટે. તમારા દેશના કલ્યાણ માટે.

–અમારો દેશ ? નેતાજીના શબ્દોનો પડઘો પાડતાં આલોક ગુપ્તા બોલી ઊઠયો. એક ભૂલ, નાનકડી ભૂલ છતાં કેટલી ભયંકર ભૂલ આ માણસ અજાણ્ય કરી બેઠો હતો !

-હા.. નેતાજીએ દઢતાથી કહ્યું, તમારો દેશ ! મારો ભારત આટલો મેલો નહોતો. જે દેશ ખાતર મેં મારા જીવનનાં શ્રેષ્ઠ વર્ષો હોમી દીધાં એ દેશ ભ્રષ્ટાચારીઓ, દાણચોરો અને કાળાબજારિયાઓથી ખદબદતો નહોતો. મારો દેશ વિવેકાનંદ, ટાગોર અને ગાંધીનો દેશ છે. મારી માતૃભૂમિ કૃષ્ણ, બુદ્ધ અને મહાવીરની માતૃભૂમિ છે. શું એ આ જ છે ? આલોક ગુપ્તા કાંઈ સમજે એ પહેલાં તેમણે કહી દીધું – તમે જઈ શકો છો !

આલોક ગુપ્તાની આંખો પહોળી થઈ ગઈ. ક્ષણભર માટે તો તેને પોતાના સર્વે વિચારો ભૂલભરેલા લાગ્યા. પરંતુ હજીયે તે નેતાજીને આટલી સરળતાથી નેતાજી તરીકે સ્વીકારવા તૈયાર નહોતો. તે અચળ બેઠો રહ્યો. સ્થિર દષ્ટિએ નેતાજીની આંખોમાં ઝાંખતો રહ્યો.

-વુલ્ફ ! અંતે તેને કહેવું પડ્યું, હું ચાલ્યો જઈશ. મારી અનિતા મને પાછી દઈ દે. તું કહીશ તો આ દેશ છોડીને કોઈ બીજો દેશ વસાવીશ.

નેતાજીની ખામોશ નજરો શેલા ભાદુડી તરફ ફરી. અત્યાર સુધી તે ચૂપચાપ બંનેની વાત સાંભળી રહી હતી. પળે પળે તેની આંખો ફરકતી હતી. તેને કલ્પનામાંયે નહોતું કે આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર નેતાજી સુભાષચંદ્ર બોઝને કોઈ શંકાની દષ્ટિએ જોઈ શકે ! છતાં અહીં એક યુવાન બેઠો હતો જે નેતાજીને 'વુલ્ફ' જેવા વિચિત્ર નામથી સંબોધી રહ્યો હતો. યુવાન દેખાવડો હતો. સાથે ચસકેલ પણ હોવો જોઈએ ! તેણે ધારી લીધું.

-મિસ્ટર આલોક ગુપ્તા ! નેતાજીની નજરોમાંથી સંકેત તારવી લેતાં તેણે શક્ય તેટલા પ્રેમાળ શબ્દોમાં કહ્યું, મુલાકાતનો તમારો સમય પૂર્ણ થયો છે.

આલોક ગુપ્તાની આંખો હજીયે નેતાજીના ચહેરા પર કેંદ્રિત હતી, જાણે તેણે શૈલા ભાદુડીની વિનંતી સાંભળી જ નહોતી.

-પ્લીઝ...શૈલા ભાદુડીએ ફરી કહ્યું અને દીવાલમાં ગોઠવાયેલી ઘંટડીની ચાંપ દાબી.

કર્નલ ગુલમહંમદ અંદર ધસી આવ્યો. શૈલા ભાદુડીએ માત્ર સંકેતથી તેને પરિસ્થિતિ સમજાવી દીધી. તે આલોક ગુપ્તા સામે આવ્યો. એકે શબ્દ ઉચ્ચાર્યા વિના તેણે આલોક ગુપ્તાનું કાંડું પકડી તેને ઊભો કરી દીધો. પરંતુ બીજી જ ક્ષણે આલોક ગુપ્તાનો જમણો હાથ વીજળી વેગે આગળ વધ્યો. કર્નલ ગુલમહંમદના જડબા પર એક સખત મુક્કો જડાઈ ગયો.

હુમલો ઓચિંતો થયો હતો. કર્નલ ગુલમહંમદ ઊછળ્યો અને દરવાજા સુધી ફેંકાઈ ગયો. પરંતુ બીજી ક્ષણે તે પાછો પણ ધસી આવ્યો. આલોક ગુપ્તા આ હુમલા માટે તૈયાર જ હતો. વિશેષમાં સ્વરક્ષણના નવા કીમિયાઓથી તે પરિચિત હતો. જુડો કરાટેના દાવપેચ તે જાણતો હતો.

કર્નલ ગુલમહંમદ સ્વરક્ષણની બાબતમાં બીજા વિશ્વયુદ્ધ જેટલો જ પુરાણો હતો. તેની પદ્ધતિઓ પુરાણી હતી. તેના દાવ-પેચ પુરાણા હતા. આજે પણ તે એમ ધારતો હતો કે એક બળિયો નબળા માણસ પર સરળતાથી વિજય મેળવી શકે છે. આલોક ગુપ્તા શારીરિક તાકાતના મુકાબલે તેના કરતાં ઘણો નબળો હતો. પરંતુ કરાટેના શિક્ષણે તેને બળિયા હરીફ પર સરળતાથી વિજય મેળવતાં શીખવ્યું હતું.

કર્નલ ગુલમહંમદ નજીક આવતાં આલોક ગુપ્તાએ તેનો ઉગામેલો હાથ ઝડપી લીધો. પછી સહેજ મોડ્યો. કર્નલ ગુલમહંમદનો દેહ જેટલી ઝડપથી ધસી આવ્યો હતો એટલી જ ત્વરાથી હવામાં અધ્ધર ઊછળ્યો અને ધડામ કરતો નીચે પછડાઈ ગયો. આ વખતે તે ઊભો થઈ ન શક્યો. નેતાજી ઊભા થઈ ગયા. શૈલા ભાદુડી એક ખૂણામાં દોડી ગઈ. તલવારસિંઘ અંદર દોડી આવ્યો. તે કાંઈ સમજે એ પહેલાં તો આલોકે અધ્ધર ઊછળી તેને એક ડ્રોપ-કિક મારી અને ખુલ્લા દરવાજામાંથી તે પાછો બહાર ફેંકાઈ ગયો.

દરવાજાને અંદરથી બંધ કરી દેતાં આલોક ગુપ્તા હવે નેતાજીની દિશામાં આગળ વધ્યો. તેની આંખો રાતી હતી. તેનો ચહેરો અગનગોળા જેમ તપી રહ્યો હતો. તેની રગોમાં બમણા વેગથી લોહી ધસી રહ્યું હતું. હૃદયના થડકાર વધી ગયા હતા.

મક્કમતાપૂર્વક પગલાં ભરી તે નેતાજી સામે ઊભો રહી ગયો. ફરી એક વાર ચાર આંખો એક થઈ. ફરી એક વાર ઘેરી ખામોસી કમરામાં ફેલાઈ ગઈ. ફરી એક વાર ભીંત-ઘડિયાળમાં સાડા અગિયારના એક ટકોરાએ એ ખામોશીને છિન્નભિન્ન કરી નાખી.

-વુલ્ફ ! નેતાજીને ડોકમાંથી પકડી લેતાં તેણે અક્કેક શબ્દને છૂટો પાડી પ્રશ્ન કર્યો, મારી અનિતા ક્યાં છે ?

નેતાજી ચૂપચાપ તેની સામે જોઈ રહ્યા.

આલોક ગુપ્તાએ એક સજ્જડ તમાચો તેમના ગાલ પર જડી દીધો.

-વુલ્ફ ! આ વખતે તેણે રાડ પાડી. બતાવ, મારી અનિતાને ક્યાં સંતાડી છે ?

ઉત્તરમાં નેતાજીએ તેની સામે બીજો ગાલ ધર્યો.

આલોક ગુપ્તા સ્તબ્ધ થઈ ફાટી આંખે જોઈ રહ્યો.



૨૨

પાક સૈન્યના કમાંડર ઈન ચીફ જનરલ મૂસા આજે સવારથી સહેજ બેચેન લાગતા હતા. તેમની રગોમાં દોડતું લોહી વારંવાર તેમના ચહેરામાં ધસી આવતાં તેમનો ચહેરો રાતો થઈ જતો હતો. 'મરી' નગરની મોસમ પણ ગુલાબી હતી. વાદળાંઓથી ઢંકાયેલું પાકિસ્તાની આકાશ, એ વાદળાંઓ ખસતાં બ્લે કટકાઓમાં શોભી ઊઠતું આકાશ, ઊંચાં ઊંચાં ઘટાદાર પાઈન વૃક્ષો અને રાતી માટી. માટીમાંથી પ્રસરતી સુગંધ પણ ગુલાબી હતી. પરંતુ આજે એ પાકિસ્તાની જનરલ માટે પ્રાકૃતિક સૌંદર્ય મહત્વ નહોતું રાખતું.

આજ પહેલાંની વાત કાંઈ જુદી જ હતી. નિયમિત સૂર્ય સાથે જાગી. તે સૈનિક મથકના પોતાના કમરાની બારીમાં આવી ઊભા રહી જતા. દાંત સાફ કરતા તે સૂર્યોદયનો લ્હાવો લેતા. ઊગતા સૂરજને તે નિરાંતે નિહાળતા. નાજુક કિરણો તેમના ચહેરા સાથે અધા અંગો પર પથરાઈ જતી. ધૂળમાં રમતી ચકલીઓનો કલબલાટ તેમના કાનમાં ગુંજી ઊઠતો. આ બધું તે એક બચ્ચાની બિલોરી નજરે જોતા. પણ આજે.

કમરામાં બેચેનીથી ચક્કરો મારતા તે બારીમાં આવ્યા તો તેમની નજર સામેના ખુલ્લા મેદાનમાં કવાયત માટે એકઠા થઈ રહેલા સૈનિકો પર પડી. મેજર જનરલ અખતરહુસેન મલિક કવાયત શરૂ કરતાં પહેલાં એક પછી એક આદેશો છોડી રહ્યો હતો. સૈનિકો એક હરોળમાં ગોઠવાઈ રહ્યા હતા. એક પછી એક હરોળો ગોઠવાઈ રહી હતી.

જનરલ મૂસાએ બારીમાં ઊભા ઊભા ખુલ્લી હવાનો એક ઊંડો કશ લઈ જમણી તરફ જોયું. ડાબી બાજુએ જોયું. ચોપાસ પથરાયેલા સૈનિકો જોયા. બરાકો જોઈ ચણતરો જોયાં. ઘટાદાર પાઈન વૃક્ષો પર નજર પાથરી અને જાણ્યે અજાણ્યે મૂછોને તાવ દીધો.

તેમના આદેશ મુજબ સર્વ કાંઈ પોતપોતાના સ્થાને ગોઠવાયેલું હતું. તૈયારીઓ લગભગ પૂર્ણ લાગતી હતી. લાગવી પણ જોઈએ. પ્રેસિડન્ટ અય્યુબખાનના સ્વાગત માટે છેલ્લા એક અઠવાડિયાથી તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. આજે અય્યુબખાન સ્વયં પાક સૈન્યની મુલાકાતે આવવાના હતા. સમય પાકી ગયો હતો.

કમાંડર મૂસા સૈનિક પોશાકમાં સુસજ્જ થઈ બંગલાની બહાર આવ્યા. તેમની છાતી પર તેમના અપ્રતિમ સાહસની જાહેરાત કરતાં મેડલો શોભી રહ્યાં હતાં. હાથમાં નેતરની એક નાજુક સોટી હતી. એ સોટીને ક્યારેક ક્યારેક તે અકારણ હવામાં વીંઝી લેતા હતા. તેમના બંગલાથી માઈલોના ક્ષેત્રફળમાં પથરાયેલા મરી નગરના આ સૈનિક મથકના મુખ્ય પ્રવેશદ્વાર સુધી ધ્વજપતાકાઓ સાથે ફૂલપત્તાંઓની હારમાળાઓ દોડી ગઈ હતી.

ઊડતી નજરે અહીંતહીં જોતા તે જનરલ અખતરહુસેન મલિક સામે ઉપસ્થિત થયા. જનરલ મલિકે એક જોરદાર સલામ દીધી. કમાંડર મૂસાએ તેનો ઉત્તર સસ્મિત દેતાં કહ્યું – જે ઝડપથી તમે આ યુવાનોને ગેરિલા પ્રવૃત્તિ માટે તૈયાર કર્યા છે એ જોઈ પ્રભાવિત થયો છું.

–સર ! જનરલ મલિકે થોડાક વધુ વિનમ્ર થતાં જણાવ્યું, તમારો સહકાર મળ્યો ન હોત તો કદાચ હું મારી ફરજ પણ પૂરી રીતે બજાવી શક્યો ન હોત !

–તમને શું લાગે છે ? કમાંડર મૂસાએ ફરી એક વાર સોટી હવામાં વીંઝી.

—શેના વિષે સર ?

—આપણા આ ગેરિલા સૈન્યની સફળતાના ચાન્સ કેટલા ટકા છે ?

—એકસો એક ટકા, જો નેતાજીનો સાથ મળે તો !

—અને ન મળે તો ?

—કાંઈયે કહી ન શકાય. જનરલ મલિકે ચિંતા વ્યક્ત કરતા ઉમેર્યું, એ તો તમે જાણો જ છો કે આપણા આ નવા સાહસમાં માત્ર પાક સૈન્યના જવાનો નથી; આઝાદ કાશ્મિરના મિલિશિયા, ફ્રન્ટિયર સ્કાઉટ યુનિટ સાથે મુજાહિદ અને રઝાકારો પણ છે. લગભગ અર્ધ઼ાથી વધુ ગેરિલાઓ પ્રથમ વાર રણમેદાનમાં ઊતરશે. અને ખાસ કરીને તેઓની ચિંતા મને વધુ છે.

કમાંડર મૂસા ટૂંક સમય માટે વિચારમાં પડી ગયા. કાશ્મિર પર આક્રમણ કરવા માટે જીબ્રાલ્ટર-દળને નામે મરી નગરમાં ત્રીસ હજાર ગેરિલાઓ તૈયાર કરવામાં આવ્યા હતા. એ ત્રીસ હજાર ગેરિલાઓ અનેક ટુકડીઓમાં વહેંચાઈ ગયા હતા. દરેક ટુકડી પોતાના સ્વતંત્ર નામે ઓળખાતી હતી. તારીક, ખીલજી, સલાઉદ્દીન, કાસીમ, ખાલિદ, ગઝનવી, મુર્તુઝા, બાબર, સિકંદર વગેરે જીબ્રાલ્ટરદળની ટુકડીઓનાં રોમાંચક નામો હતાં. ત્રીસ હજારના આ સૈન્યને માત્ર છ અઠવાડિયાંના ક્રેશ પ્રોગ્રામમાં ચીની અધિકારીઓના માગદશન હેઠળ તૈયાર કરવામાં આવ્યા હતા. આ ગેરિલાઓ સવાર-સાંજ કસરત કરતા, કરાટેના દાવપેચ શીખતા, ભાંગફોડની પદ્ધતિઓ જાણતા અને સૈનિક મથકના મર્યાદિત ક્ષેત્રમાં કલાકો સુધી કૂચ કરી લાંબી કૂચનો અનુભવ લેતા, જેથી સમય આવતાં તેઓને થાકનો અહેસાસ ન થાય. હથિયારમાં તેઓ પાસે હળવી મશીનગન, રાઈફલ, સ્ટેનગન, હાથગોળા, ટાઈમબમ, દારૂગોળા તથા બીજા કાતિલ બમ હતા.

-ચીનાઓ શું કહે છે ? કમાંડર મૂસાએ ચીની અધિકારીઓનો અભિપ્રાય જાણવા પ્રશ્ન કર્યો.

—જીબ્રાલ્ટર ફોસને પ્રેક્ટિકલ ટ્રેનિંગ માટે તેઓ પહેલાં વિયેટનામ મોકલવાની સલાહ દે છે. જનરલ મલિકે તુરંત કહ્યું.

-ફેન્ટાસ્ટિક આઈડિયા.

-તેઓના કહેવા મુજબ આપણા ગેરિલાઓ અમેરિકન સૈન્યો સામે એકાદેક મોરચે પણ લડત આપશે તો વિશ્વની કોઈ તાકાત તેમને પડકારી નહિ શકે !

-એ પણ ખોટું નથી. કમાંડર મૂસાએ સોટી જોડે અકારણ રમતાં કહ્યું, પરંતુ આપણી પાસે એટલો સમય નથી.

દૂરથી જ સાઈરનના અવાજ કાને અથડાતા બંનેના ચહેરા અવાજની દિશામાં ફરી ગયા. પ્રેસિડન્ટ અય્યુબખાનની આલિશાન કાર મુખ્ય પ્રવેશમાં દાખલ થાય એ પહેલાં સિક્યોરિટી ઓફિસરોની ત્રણ મોટર સાઈકલો પ્રવેશી. તેઓની પાછળ પ્રેસિડન્ટ અબ્યુબખાનની કાર સાથે વાયરલેસવેન તથા અર્ધો ડઝન જેટલી વધુ મોટર સાઈકલ ધસી આવી. અંતે આવેલી મોટર સાઈકલોમાં બે પ્રેસિડન્ટની કારની આગળ હતી. બે કારની પાછળ અને અક્કેક બંને બાજુએ દોડી રહી હતી. દરેક મોટર સાઈકલ પર અક્કેક સિક્યોરિટી ઓફિસર સ્ટાર્ચ પોશાકમાં સુસજ્જ બેઠો હતો. અંતે પ્રેસિડન્ટની કાર પાછળ બે ગાડીઓ દાખલ થઈ. એ બંને કારો ચીની અધિકારીઓ તથા પાક સૈન્યના ઓફિસરોથી ખીચોખીચ ભરેલી હતી. સાથે થોડાક આમંત્રિત મહેમાનો પણ હતા.

પ્રેસિડન્ટની કાર ચોગાનમાં આવી થોભી જતાં સહુ પ્રથમ બંને તરફથી બોડી ગાડ બહાર નીકળ્યા. ચહેરા પરથી તેઓ આરબ લાગતા હતા. સશક્ત બાંધો, લગભગ છ ફૂટ જેટલી ઊંચાઈ અને સફેદ પોશાકને કારણે તેઓ પ્રભાવશાળી લાગતા હતા. બંનેમાંથી એકે કારની

પાછલી બાજુનો દરવાજો ખોલ્યો. કમાંડર મૂસા તૈયાર જ ઊભા હતા. પ્રેસિડન્ટ અબ્યુબખાન જેવા બહાર નીકળ્યા કે તેમણે છાતી ફુલાવી સલામ દીધી અને સસ્મિત કહ્યું - આપનું સ્વાગત કરતાં મને આનંદ સાથે ગર્વ થાય છે.

-મૂસા ! અબ્યુબખાને ચોપાસ એક દૃષ્ટિ પાથરતાં પૂછી લીધું, પ્રગતિ કેવી છે ?

-હું ઉત્તર દઉં એ પહેલાં મારા અભિનંદન સ્વીકારશો ? કમાંડર મૂસાએ ચૂંટણી યાદ આવી જતાં અભિનંદન આપવાની તક ઝડપી લીધી.

ગયે અઠવાડિયે પાકિસ્તાનમાં ચૂંટણી જંગ ખેલાયો હતો. એક તરફ પ્રેસિડન્ટ અબ્યુબખાન હતા તો બીજી તરફ તેમના વિરોધીઓએ ફાતિમા જિન્નાહને ઊભી કરી હતી. વિરોધ પક્ષોની ધારણા હતી કે ફાતિમા સાથે જિન્નાહનું નામ જોડાયેલું હોવાને કારણે ફાતિમા જિન્નાહની ચૂંટણી જીતવાની બધી જ શક્યતાઓ હતી, પરંતુ એ ધારણા ખોટી ઠરી. આટલું જ નહિ, અબ્યુબખાનનો જવલંત વિજય થયો હતો.

–આભાર. શિસ્તબદ્ધ ઊભેલા ગેરિલાઓ સામે જોતાં તેમણે કમાંડર મૂસાને કહ્યું, હવે મારા પ્રશ્નનો ઉત્તર દેશો ?

કમાંડર મૂસા બોલી ગયા - આપણી યોજના મુજબ શક્ય તેટલી ઝડપે ટ્રેનિંગનું કામ આગળ વધી રહ્યું છે.

-અર્થાત્ પૂરું નથી થયું. કહેતાં તેમણે કમાંડર મૂસા સામે જોયું.

કમાંડર મૂસા ચૂપ રહ્યા. કાંઈ ઉત્તર દેવા કરતાં ન દેવામાં જ તેમને પોતાની ભલાઈ લાગી.

ટૂંક સમય પછી તે ખાસ તૈયાર કરાયેલા મંચની દિશામાં પ્રેસિડન્ટ અબ્યુબખાનને દોરી ગયા. આજના ખાસ પ્રસંગને લક્ષમાં રાખી કમાંડર મૂસાએ મંચ પર ખુરશીઓને સ્થાને સોફાઓની વ્યવસ્થા કરી હતી. પ્રેસિડન્ટ અબ્યુબખાન સાથે તેમના આમંત્રિત મહેમાનો પણ સુયોગ્ય સ્થાન શોધી સોફાઓમાં ગોઠવાઈ ગયા.

કવાયત શરૂ થઈ. લીલી શલવાર અને લીલા કૂરતામાં સુસજ્જ ગેરિલાઓ ચાર ચારની હરોળમાં માર્ચપાસ્ટ કરતા પ્રેસિડન્ટ સામેથી પસાર થવા લાગ્યા. સલામી ઝીલતા પ્રેસિડન્ટ અબ્યુબખાનની છાતી શબ્દોના ખરા અથમાં ફુલાઈ ગઈ. જનરલ મૂસા સહેજ પાછળ ઊભા હતા. પ્રેસિડન્ટ અબ્યુબખાને તેમને સંબોધી દબાયેલા સ્વરે કહ્યું - આ મરદોનો થનગનાટ જોઈ મને લાગે છે કે વિજય આપણો જ છે.

ગેરિલાઓની હરોળ લીલી ચાદર જેમ પ્રેસિડન્ટ અબ્યુબખાન સામેથી પસાર થઈ રહી હતી. પ્રેસિડન્ટ અબ્યુબખાન અડગ ઊભા હતા. તેમનો જમણો હાથ સલામી ઝીલતો કપાળે સ્થિર હતો. પરંતુ તેમના વિચારોમાં ગતિ હતી. તે વિચારી રહ્યા હતા. સન ૧૯૪૭માં કાશ્મિરને હડપી જવાનો પ્રથમ પ્રયાસ પાકિસ્તાની સૈનિકો અને ઘૂસણખોરોએ સાથે મળી કર્યો હતો અને તેમાં જબ્બર નિરાશા સાંપડી હતી. એ નામોશી ભૂસી નાખવાની આ જ તક હતી. આવી ઉમદા તક ફરી મળવાની નહોતી. ભારત ચોપાસથી ભીંસાઈ રહ્યું હતું. નેતાજીના કાર્યક્રમો બળવાની દિશામાં સ્પષ્ટરૂપે આગળ વધી રહ્યા હતા. ભારતીય સૈનિકોની કમર ચીનાઓએ ૧૯૬૨માં ભાંગી નાખી હતી. આ ભાંગેલા સૈન્યને મુઠ્ઠીમાં મસળી પાકિસ્તાનના ઇતિહાસમાં અમર થવું કાંઈ મુશ્કેલ કામ નહોતું. વિશેષમાં ચાઉ એન લાઈએ સંપૂર્ણ સહકારની બાંહેધરી દીધી હતી. સંજોગો પણ અનુકૂળ હતા. વધુ શું જોઈએ ? કાંઈ જ નહિ.

માર્ચપાસ્ટનો કાર્યક્રમ પૂર્ણ થતાં પ્રેસિડન્ટ અબ્યુબખાને પોતાના સોફામાં જગ્યા લીધી. ગેરિલાઓએ જુદા જુદા ખેલ શરૂ કર્યા. એક તરફ કરાટેના દાવપેચ શરૂ થયા, તો બીજી તરફ સળગતા ઘાસની ગંજીઓ પરથી છલાંગ મારતા ગેરિલાઓ આરપાર ધસવા લાગ્યા.

'મરી'ના આ મેદાનમાં પથરાયેલા ગેરિલાઓ પણ બે ભાગમાં વહેંચાયેલા હતા. એક ભાગ

હુમલાખોરના પાઠમાં હતો તો બીજો ભાગ ભારતીય સૈનિકોનો પાઠ ભજવી રહ્યો હતો. કાશ્મિર પર હુમલો લઈ જતાં પહેલાંનું આ ગ્રાન્ડ રિહર્સલ હતું. નકલી યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. ગેરિલાઓ જીવ પર આવી એકમેક પર હુમલો કરી રહ્યા હતા. હુમલાખોર ગેરિલાઓનો વિજય પહેલાંથી જ નક્કી હતો. જોતજોતાંમાં તો ભારતીય સુરક્ષા દળનો પાઠ ભજવતા ગેરિલાઓ મૃત્યુનો અભિનય કરતા ઢળી પડ્યા. પ્રેસિડન્ટ અબ્યુબખાનની પાછળ બેઠેલા આમંત્રિત મહેમાનોએ તાળીઓના ગડગડાટથી વિજયી સેનાને વધાવી લીધી.

ટૂંક સમય પછી જનરલ મૂસાના બંગલામાં પ્રેસિડન્ટ અય્યુબખાન સોફામાં પીઠ ટેકવી બેઠા હતા. જનરલ મૂસા સાથે અહીં તે એકલા જ આવ્યા હતા. જનરલ મૂસા તેમની સામેના સોફામાં હતા. વચ્ચે સેન્ટર ટેબલ હતું. ટેબલ પર સ્કોચની બોટલ સાથે ગ્લાસ પણ હતા.

જનરલ મૂસાએ સ્કોચના બે પગ તૈયાર કરી આઈસ-ક્યૂબના ટુકડા નાખ્યા અને એક ગ્લાસ પ્રેસિડન્ટ અબ્લ્યુબખાન સામે ધર્યો. અબ્યુબખાને ગ્લાસ લઈ ઊંચો કર્યો – ચિયર્સ ! ગ્લાસ સાથે ગ્લાસ ટકરાયા. અક્કેક પેગ બંનેના પેટમાં ગયો. જનરલ મૂસાએ બીજો પેગ તૈયાર કર્યો.

-મૂસા ! પ્રેસિડન્ટ અય્યુબખાને બીજા પેગનો પહેલો ઘૂંટ ભરતાં કહ્યું. આજે મને ખાતરી થઈ છે કે આપણા મુજાહિદ અને રઝાકાર કાશ્મિર ખાતર જાનની બાજી લગાડતાં પણ નહિ અચકાય. તે સહેજ થંભ્યા, સ્કોચનો એક વધુ ઘુંટ લીધો અને ગ્લાસને સેન્ટર ટેબલના કાચ પર મૂકતા ઉમેર્યું - પરંતુ એ માટે આપણી યોજના સંપૂર્ણ હોવી જોઈએ.

–જ્યાં સુધી યોજનાનો પ્રશ્ન છે... જનરલ મૂસાએ જણાવ્યું, એમાં ક્યાંય કચાશ હોય એવું મને નથી લાગતું.

–તમને ખાતરી છે ?

-માત્ર મને જ નહિ... જનરલ મૂસા બોલી ઊઠયા. ચીનાઓ પણ મારી યોજના જાણી છક થઈ ગયા છે.

-ચીની અધિકારીઓ જોડે તમે ચર્ચા કરી હતી ? જનરલ મૂસાએ ‘હા’ કહી - જોકે તેઓ ઇચ્છે છે કે આપણા ગેરિલા સૈન્યને ફિલ્ડ ટ્રેનિંગ માટે વિયેટનામ મોકલવાની જરૂર રહે છે. આ બાબત તેઓએ મેજર મલિકને પણ ઈશારો કર્યો હતો.

–તમને શું લાગે છે ?

-ચીનાઓની વાત ખોટી નથી. જનરલ મૂસા સ્કોચનો ઘૂંટ ભરતાં કહી રહ્યા હતા, પરંતુ આપણી પાસે એટલો સમય નથી. ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં આપણા ગેરિલાઓ કાશ્મિરમાં નહિ હોય તો કદાચ આપણને જવલંત વિજય ન પણ મળે.

-કારણ ?

–આઠ ઓગસ્ટે શ્રીનગરમાં પીર દસ્તગીરનો દિવસ તહેવારની જેમ ઉજવાય છે. જનરલ મૂસાએ હકીકત દર્શાવી, એ દિવસે દૂર દૂરથી હજારો મુસ્લિમો તેમાં ભાગ લેવા આવે છે. આપણા ગેરિલાઓ સરળતાથી તેઓ સાથે ભળી શ્રીનગર પહોંચી શકશે. બીજું, નવમી ઓગસ્ટનો દિવસ પણ આપણા માટે અનુકૂળ છે.

-શેખ અબ્દુલ્લાની પ્રથમ ગિરફતારીનો દિવસ ? પ્રેસિડન્ટ અય્યુબખાને બીજો પેગ પૂરો કરી ખાલી ગ્લાસ સેન્ટર ટેબલના કાચ પર મૂકી દેતાં પ્રશ્ન કર્યો.

-તદ્દન ખરું. જનરલ મૂસાએ સ્કોચની બોટલ તેમના ગ્લાસ પર ઊંધી કરતાં જણાવ્યું, એ દિવસે “પ્લેબિસાઈટ ફ્રન્ટ” તથા ‘કાશિમર એકશન કમિટી’ સંયુક્ત મોરચો કાઢી ભારત સરકાર સામે પોતાનો વિરોધ દર્શાવશે. એ મોરચો આપણા ગેરિલાઓ માટે ખૂબ જ ઉપયોગી સિદ્ધ થશે ! આપણા ગેરિલાઓ એ મોરચા જોડે ભળી ભાંગફોડની શરૂઆત કરશે તો કોઈને

શંકા પણ નહિ જાય !

પ્રેસિડન્ટ અય્યુબખાને સ્કોચના ત્રીજા પેગના ઘૂંટ ભરતાં વિચાર કરવા માટે થોડોક સમય લીધો. જનરલ મૂસાની યોજના તેમને રામબાણ લાગી. ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ગેરિલાઓ કાશ્મિરમાં ઘૂસી જાય તો સરળતાથી ભાંગફોડ કરતાં કાશ્મિરની ખીણમાં ફેલાઈ શકે એ નિ:સંદેહ હતું. પરંતુ અર્ધાથી વધુ ગેરિલાઓ બિનઅનુભવી હતા. અને પ્રેસિડન્ટ અય્યુબખાનની મુખ્ય ચિંતાનું કારણ એ જ હતું.

-મૂસા ! તેમણે મૌન તોડતાં કહ્યું, તમને નથી લાગતું કે આપણે વધુ પડતા આશાવાદી છીએ ?

-મેં પૂર્ણ વિચાર કરીને આ યોજના ઘડી છે. જનરલ મૂસાએ જણાવ્યું.

--ધારી લ્યો કે આપણા ગેરિલાઓ પોતાની યોજનામાં વિજયી નથી નીવડતા...

–તો આપણે સૈન્યની મદદ લેવી પડશે.

-એ માટે તમે શું વિચાર્યું છે ?

-કાશ્મિર પર ત્રણ પાંખિયો હુમલો.

-સહેજ વિગતવાર જણાવવાની કૃપા કરશો ?

-જરૂર ! કહેતાં જનરલ મૂસા ત્રીજા પેગનો ઘૂંટ ભરી ઊભા થઈ ગયા. તેમની પીઠ પાછળ દીવાલ પર ભારત-પાકનો નકશો ઝૂલી રહ્યો હતો. તે નકશા પાસે આવ્યા અને આંગળી વડે નિર્દેશ કરતાં સગર્વ કહ્યું –આ સીઝફાયર લાઈન ભારત-પાકને અલગ કરે છે. યુનોના નિરીક્ષકો પણ અહીં જ પહેરો ભરી રહ્યા છે. સીઝફાયર લાઈન લગભગ ચારસો સિત્તેર માઈલ લાંબી છે. જો મારી ભૂલ થતી ન હોય તો જમ્મુ-કાશ્મિરને કબજામાં લેવા માટે સહુ પ્રથમ આપણને ચીનાબ નદી પર આવેલું અખનૂર નગર જીતી લેવું પડશે. જેથી આપણા સૈન્યો જમ્મુથી રાજૌરી અને પુંચ જતા માર્ગોને સીલ કરી શકે.

પ્રેસિડન્ટ અય્યુબખાન સ્વયં ફિલ્ડ માર્શલ હતા અને સૈન્યોની આંટીઘૂંટીવાળી ચાલ સમજી શકતા હતા. વચ્ચે એકે શબ્દ બોલ્યા વિના તે એકીટશે નકશા પર દિશાઓ બદલતી જનરલ મૂસાની આંગળીને જોઈ રહ્યા હતા.

જનરલ મૂસાએ આગળ ચલાવ્યું – બીજા તબક્કામાં આપણે જમ્મુ શહેર કબજે કરવું પડશે. ભાગ્ય સાથ દે અને આપણાં સૈન્યો જમ્મુ સુધી પહોંચી જાય તો જમ્મુ-શ્રીનગરનો ધોરીમાગ સીલ થઈ શકે ! આ બીજા તબક્કાની અગત્ય વધારે છે કારણ કે જમ્મુ-શ્રીનગરનો ધોરીમાર્ગ સીલ થઈ જતાં કાશ્મિર કેકના ટુકડાની જેમ ભારતથી અલગ થઈ જશે. એક તરફ જમ્મુ-કાશિમર હશે. બીજી તરફ ભારત હશે અને વચ્ચે આપણું સૈન્ય.

પ્રેસિડન્ટ અય્યુબખાન વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યા. જનરલ મૂસાની યોજનામાં તેમણે ખામી શોધવાનો પ્રયાસ કર્યો અને એમાં તેમને નિષ્ફળતા મળી. યોજના ખરેખર અફલાતુન હતી. જો એમાં કાંઈ કચાશ હોય તો એ માત્ર આટલી જ હતી. ગેરિલાઓ સાથે સૈન્યનો પણ એક ભાગ એવો હતો જેને ફિલ્ડ ટ્રેનિંગ ક્યાંય નહોતી મળી. યુદ્ધનો અનુભવ નહોતો મળ્યો. અને એ માટે એક અખતરો કરવાની જરૂર હતી. પણ ક્યાં ? ત્રીજો પેગ ગટગટાવી જતાં કચ્છના રણમાં ઉબાડિયું કરવાનો નિણય લેવાયો. સહુ પ્રથમ કચ્છને સિમાડે હુમલો કરવો જેથી ભારતીય દળોની તાકાતનો ખ્યાલ આવી શકે અને સાથે જ પાક સૈન્યોને યુદ્ધનો વધુ નહિ તો થોડોક અનુભવ પણ મળી શકે.

ચોથો પેગ ભરાતાં બંને જણા સોફામાં સામસામે બેસી ગયા. અક્કેક ઘૂંટડો ભર્યો અને ગ્લાસને હાથમાં જ રહેવા દઈ ચર્ચા આગળ વધારી.

-મૂસા ! પ્રેસિડન્ટ અય્યુબખાને કહ્યું, આપણી કાશ્મિર પરના આક્રમણની યોજનાનું નામ

તમે વિચાર્યું હશે !

-જરૂર. જનરલ મૂસાએ સમિત જણાવ્યું, 'ઓપરેશન ચિકન' કેમ રહેશે ? ,

-નો ! નો ! નો ! પ્રેસિડન્ટ અય્યુબખાન બોલી ઊઠયા. ચીકન એટલે મરઘી અને એક મરઘી ખાતર પાકિસ્તાનના મરદો લોહી રેડે એ વિચિત્ર કહેવાય !

જનરલ મૂસા સંકોચાઈ ગયા. પછી કહ્યું – આપ કોઈ નામ સૂચવી શકો તો ઠીક રહેશે.

–મારા ખ્યાલથી... તેમણે વધુ બે ઘૂંટ ભરતાં જણાવ્યું. આપણી યોજનાનું નામ 'ઓપરેશન ગ્રાંડસ્લેમ' હોવું જોઈએ. તમને શું લાગે છે ? –

–ફેન્ટાસ્ટિક ! જનરલ મૂસાએ તુરત કહ્યું. હવે મને પણ લાગે છે કે 'ઓપરેશન ચિકન' જેવું નામ અસ્થાને કહેવાય !

–નેતાજી વિષે તમારો શું અભિપ્રાય છે ?

–નેતાજી ! અચાનક વિષય પડખું બદલતાં જનરલ મૂસા પળભર જોઈ રહ્યા. પછી હસીને કહ્યું...ઓહ, નેતાજી સુભાષચંદ્ર બોઝ ! મને એ નથી સમજાતું કે તે પાકિસ્તાનની મુલાકાતે હજી કેમ નથી આવ્યા ?

–એ હું પણ વિચારી રહ્યો છું.

–આપણને મળેલી સૂચના મુજબ આ મહિનાના અંત પહેલાં તે અહીં, 'મરી'માં હોવા જોઈએ.

-ખરું.

–અને તેમની જોડે બેસી કાશ્મિર પરના આક્રમણની તારીખ પણ આપણે નક્કી કરવાની હતી.

–ભારતથી આવતા સમાચારો મુજબ નેતાજીએ દિલ્લીની કૂચ શરૂ કરી છે. પ્રેસિડન્ટ અય્યુબખાને પોતાના ગ્લાસમાં આઈસ ક્યુબ નાખતા જણાવ્યું.

-પગપાળા,

–અર્થાત દિલ્લી પહોંચતાં તેમને એકાદ-બે મહિના તો લાગશે જ.

–તો શું આપણે વાટ જોવાની કે નેતાજી દિલ્લી ક્યારે પહોંચે ? જનરલ મૂસાએ પૂછી લીધું.

-મૂળ યોજના એ જ હતી. પ્રેસિડન્ટ અય્યુબખાન ચોથો પેગ પૂરો કરવાની તૈયારીમાં હતા, જો નેતાજી ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં દિલ્લી પહોંચી. પાર્લામેન્ટ હાઉસ તથા રેડિયો સ્ટેશન પર કબજો કરી લે તો આપણાં સૈન્યો એકે ગોળી ચલાવ્યા વિના આખા કાશ્મિરને હડપ કરી શકે !

-શું એ શક્ય છે ?

-અશક્ય નથી જ. પ્રેસિડન્ટ અય્યુબખાને જણાવ્યું, આપણી ફોજ કાશ્મિરમાં પ્રવેશે એ પહેલાં જ ભારત આંતરયુદ્ધમાં અટવાઈ ગયું હશે ! એક જબ્બર બળવો ભારતમાં ફાટી નીકળ્યો હશે ! ભારતીય સૈનિકો એ બળવાને ડામવા મથશે કે આપણાં સૈન્યોને રોકવા કડીબદ્ધ થશે ?

–એ દષ્ટિએ જોતાં મને પણ આશા બંધાય છે. જનરલ મૂસાએ પાંચમો પેગ તૈયાર કરતાં કહ્યું, જો ખરેખર એમ થાય તો આપણે કાશ્મિર સાથે ભારતને પણ છટકામાં લેશું. આપનો ગ્લાસ ભરું ?

-ચાર પેગ મારા માટે પૂરતા છે. પ્રેસિડન્ટ અય્યુબખાને ઊભા થઈ જતાં કહ્યું. અને બાથરૂમની દિશામાં પગલાં ભરી ગયા.



૨૩

નવાપુર ગામમાં નેતાજીની મુલાકાત લઈ આલોક ગુપ્તા પાછો ફર્યો અને તેનું સમસ્ત અસ્તિત્વ હલી ઊઠયું. તેના વિચારોની કોઈયે ડોક મરડી નાખી હતી. છતાં એક પ્રશ્ન વારંવાર તેની સામે આવી તરફડી ઊઠતો હતો. શું નેતાજી ખરેખર આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર અને પ્રભાવતીદેવીના પુત્ર છે ? શું આ નેતાજી એ જ છે જે ગુલામ ભારતના અંગ્રેજ શાસકો સામે સતત લડતા રહ્યા હતા ?

આલોક ગુપ્તા પાસે ઉત્તર હતો, પરંતુ તે હકારાત્મક નહોતો. તે ઉત્તર નકારાત્મક પણ નહોતો. બલકે ઉત્તર જ નહોતો અને તેનું કારણ હતું. નવાપુર ગામમાં નેતાજીને ઉશ્કેરવાના તેણે શક્ય તેટલા પ્રયાસ કર્યા હતા, જેથી તેમના સ્વાંગમાં બેઠેલો નાગ માથું ઊંચું કરી ફુંફાડો મારે. તેના આશ્ચર્ય વચ્ચે નેતાજીની લાગણી તેમના કાબૂમાં રહી હતી. ત્યાર પછી શંકાસ્પદ નેતાજીનું મૂળ નામ વૂલ્ફ બોનસોર્ટ તેમની સામે જાહેર કર્યું હતું. છતાં નેતાજીના ચહેરા પર તેની લગારે અસર વરતાઈ નહોતી. અંતે બેકાબૂ થઈ તેણે નેતાજીના એક ગાલ પર સજ્જડ તમાચો જડી દીધો હતો. ઉત્તરમાં નેતાજીએ ઈશુ ખ્રિસ્ત જેમ તેની સામે બીજો ગાલ ધર્યો હતો.

શું આ લક્ષણો કોઈ ભાડૂતી હત્યારાનાં હોઈ શકે ? ઈશુ ખ્રિસ્તના આદર્શો શું કોઈ ખૂની અપનાવી શકે ? આવા તે કાંઈ કેટલાયે પ્રશ્નો તેને શૂળની જેમ ભોંકાઈ પોતાના મૂળ વિચારોમાં પરિવર્તન આણવા મથી રહ્યા હતા. તે વિહવળ થઈ ગયો હતો. માથું પૃથ્વીના ગોળા જેમ ભમી રહ્યું હતું. દીવાલ સાથે માથું અફાળી આ યાતનામાંથી છુટકારો મેળવવા સિવાય તેની સામે બીજો કોઈ ઉપાય નહોતો, છતાં તે ટકી રહ્યો. કાથી બળી ગઈ, હજી તેના વળ સુરક્ષિત હતા.

જ્યાં સુધી તેની સામે એકે સધ્ધર પુરાવો નહિ આવે, નેતાજીને આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર તરીકે તે સ્વીકારી ન શકે ! વિશેષમાં અનિતા અદશ્ય થઈ ગઈ હતી. જે પરિસ્થિતિમાં અનિતાનું અપહરણ થયું હતું એ સૂચવતી હતી કે અનિતાના અપહરણ પાછળ બીજા કોઈનો નહિ બલકે કહેવાતા નેતાજીની ગેંગનો હાથ હોઈ શકે !

અનિતા ખાતર તે સર્વ કાંઈ ભૂલી જવા તૈયાર હતો. વૂલ્ફ બ્રોનસોર્ટનું પગેરું છોડી દેવાની બાંહેધરી પણ તે કહેવાતા નેતાજીને દઈ ચૂક્યો હતો. અને નેતાજીએ તેની જોડે મૈત્રીભર્યો વરતાવ કર્યો હતો. જાણે અનિતાના અપહરણ માટે તે લગારે જવાબદાર ન હોય.

આલોક ગુપ્તાની દ્વિધા અત્યારે એ હતી કે તે નેતાજીને પણ દોષ દઈ નહોતો શકતો. હવે તે દઢતાપૂર્વક એ પણ ક્યાં કહી શકતો હતો કે નેતાજી ડુપ્લિકેટ છે ! તેની કમર ભાંગી ચૂકી હતી. સાથે તેના વિચારોમાં પણ ભંગાણ સર્જાયું હતું. એ વિચારોને ફરી પુષ્ટ કરવા તેણે બ્રિફકેસ ખોલી અને ઇન્ટરપોલના રિપોર્ટની ડુપ્લિકેટ કાઢી વિગતવાર વાંચવા લાગ્યો.

નામ : વુલ્ફ બ્રોનસોર્ટ
રાષ્ટ્રીયતા : જર્મની
ઊંચાઈ : પાંચ ફૂટ ત્રણ ઈંચ
આંખો : ભૂખરી
વજન : સત્તાવન કિલો

નિશાન : ડાબા ગાલ નીચે કાપો
જન્મ : સન ૧૯૧૫
મૃત્યુ : ૧૯૬૧

વુલ્ફ બોનસોર્ટ (કે જેને લોકો વુલ્ફના ટૂંકા નામે ઓળખે છે)નો જન્મ જર્મનીના એક નાનકડા ગામ પોટ્સડેમમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ત્યાં જ પતાવી. સન ૧૯૩૬માં વધુ અભ્યાસ અર્થે તે બર્લિન આવ્યો. સન ૧૯૩૭માં તે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં જોડાયો. સન ૧૯૩૯માં ડિપ્લોમા મેળવી એ જ સંસ્થામાં અભિનયના પ્રાધ્યાપક તરીકે જોડાયો. સન ૧૯૪૦માં ‘કોકેશિયન ચોક સર્કલ’ નાટકના શ્રેષ્ઠ અભિનેતાનું પારિતોષિક મળ્યું. એ દરમિયાન બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઈ ચૂકી હતી. સન ૧૯૪૧માં તેને ફરજિયાત નાઝી સૈન્યમાં ભરતી થવું પડ્યું. સન ૧૯૪૨માં તે હિટલરની કાળા પોશાકવાળી બદનામ ટુકડીનો કમાંડર હતો. સન ૧૯૪૩ સુધીમાં તેણે સેંકડો યહુદીઓને ગેસચેમ્બરમાં જીવતા હોમી દીધા. યુદ્ધનાં એ જ વર્ષો દરમિયાન જર્મન સૈન્યોએ ગિરફતાર કરેલા ભારતીય યુદ્ધકેદીઓની વિશેષ ટ્રેનિંગની જવાબદારી તેને સોંપવામાં આવી. આ યુદ્ધકેદીઓએ એક ભારતીય નેતા સુભાષચંદ્ર બોઝના આદેશથી પ્રેરાઈ આઝાદ હિંદ ફોજની સ્થાપના જર્મનીમાં કરી હતી. સન ૧૯૪૩માં નેતાજી સુભાષચંદ્ર બોઝ બર્લિનથી ટોકિયો માટે રવાના થતાં વુલ્ફ બ્રોનસાર્ટની બદલી ફ્રાંસમાં કરવામાં આવી. ફ્રાંસ એ સમયે જર્મનીના તાબામાં હતું, પરંતુ ફ્રાંસના પતનની ઘડીઓ ગણાઈ રહી હતી. અચાનક મિત્ર રાજ્યોના સૈન્યનો હુમલો પેરિસ પર આવતાં વુલ્ફ ગિરફતાર થઈ યુદ્ધકેદી બન્યો. સન ૧૯૪૫માં યુદ્ધ પૂર્ણ થયું. પુરાવાના અભાવે વુલ્ફને પાછો છોડી મૂકવામાં આવ્યો.

સન ૧૯૪૭ સુધીમાં વુલ્ફે નવેસરથી જીવનની શરૂઆત કરી. વાઘને મોઢે લોહી લાગી ચૂક્યું હતું. નાટ્યક્ષેત્રની આડ લઈ તેણે સન ૧૯૪૮થી સન ૧૯૫૭ સુધીમાં ભાડુતી હત્યારા તરીકે અનેક નિર્દોષ પ્રજાજનોની હત્યા દેશવિદેશમાં કરી.જેમાં મુખ્ય હતી, બે જર્મન વૈજ્ઞાનિકોની હત્યા. આ બંને વૈજ્ઞાનિકોને કર્નલ નાસરે ખરીદી લીધા હતા. ઇજિપ્ત પહોંચી આરબો માટે મિસાઈલ તૈયાર કરવાનું કામ તેઓને સોંપવામાં આવ્યું હતું. પરંતુ કર્નલ નાસરના અલગોમોરિઆ રોકેટો આકાર લે એ પહેલાં જ જર્મન વૈજ્ઞાનિકોને ઇજિપ્ત લઈ જતું વિમાન આકાશમાં ધડાકા સાથે ફાટયું અને એ બંને વૈજ્ઞાનિકોનું મૃત્યુ નિપજયું હતું.

સન ૧૯૫૯માં વુલ્ફ ભાડુતી હત્યારા તરીકે એફએલએન, અલ્લજીરીઆની રાષ્ટ્રીય ચળવળ પાર્ટીમાં જોડાયો. એ દિવસોમાં અલ્લજીરીઆ ફ્રાંસના અંકુશ સામે જોરદાર લડત દઈ રહ્યું હતું. બેનબેલા, અલ્લજીરીઆની રાષ્ટ્રીય લડતના નેતા કારાવાસ ભોગવી રહ્યા હતા. વુલ્ફ અલ્લજીરીઅન ગેરિલાઓનો માર્ગદશક બન્યો અને ફ્રાંસના અનેક અધિકારીઓનું કાસળ સફળતાપૂર્વક કાઢી નાખ્યું.

સન ૧૯૬૧માં વુલ્ફે ક્યુબાના ફિડલ કાસ્ટ્રોની વિરુદ્ધ બળવો પોકારતાં યુવાનો સાથે દેખા દીધી. સી.આઈ.એ.ના હાથ નીચે ગૌતમાલમાં તાલીમ લેતાં ગેરિલાઓમાં તે પણ એક હતો. તેની વર્તણૂક શંકાસ્પદ હતી. સી.આઈ.એ.ના એક અધિકારીને તેના પર 'ડબલ એજંટ’ની શંકા જતાં તેને ‘લાઈ-ડિટેક્ટર’ની કસોટીમાંથી પસાર થવું પડ્યું. સહુના આશ્ચર્ય વચ્ચે જુઠ્ઠાઓને ઉઘાડા પાડતા એ ‘લાઈડિટેક્ટર’ યંત્રને પણ વુલ્ફ થાપ દઈ ગયો. એ જ રાતે તે ગેરિલા પ્રવૃત્તિઓ વિષેની સઘળી માહિતીઓ સાથે ફિડલ કાસ્ટ્રોને મળવા સરકી ગયો. પરંતુ તે ફિડલ કાસ્ટ્રો સુધી પહોંચે એ પહેલાં જ સી.આઈ.એ.ના એક એજંટે તેને ક્યુબાનો સાગર ઓળંગતા ધરબી દીધો. તેની લોહીલુહાણ લાશ પાણીના વહેણ સાથે ડોલતી રાતના અંધારામાં દૂર દૂર ચાલી ગઈ. બીજે દિવસે એ જ લાશ દૂરના તટ પર રેતીમાં ફેંકાઈ હતી. તેના શરીર પર એકે વસ્ત્ર નહોતું. જળચરો તેના શરીરના અનેક ભાગો ચાવી ગયાં હતાં. પેટ ફૂલીને ફૂગા જેવું થઈ

ગયું હતું. ચહેરો વિકૃત લાગતો હતો. લાશને તેની પીઠમાં વાગેલી ગોળીના પૃથક્કરણ પરથી ઓળખવામાં આવી હતી.

કહેવાતા નેતાજી ઉર્ફ વુલ્ફ બ્રોનસોર્ટનો વિગતવાર રિપોર્ટ વાંચતાં આલોક ગુપ્તાના વિચારોએ ફરી પડખું બદલ્યું. જર્મન હત્યારો વુલ્ફ બ્રોનસોર્ટ અભિનેતા હતો. ભારતમાં પ્રવેશી નેતાજીનો પાઠ સફળતાપૂર્વક ભજવે એમાં કશુંયે આશ્ચર્યજનક ન કહેવાય. બીજું, આઝાદ હિંદ ફોજના સર્જક નેતાજી સુભાષચંદ્ર બોઝ જર્મનીમાં હતા ત્યારે વુલ્ફ નેતાજીની નિકટ હોવો જોઈએ ! કારણ કે જર્મનીમાં ખડી થયેલી આઝાદ હિંદ ફોજના સૈનિકોને વિશેષ ટ્રેનિંગ દેવાની જવાબદારી તેને સોંપવામાં આવી હતી. નેતાજીની સવ ટેવો અને લાક્ષણિકતાઓથી તે પરિચિત હોય એ પણ સ્વાભાવિક છે ! ત્રીજું, ક્યુબાના સાગરતટે આવેલી અને ચૂંથાઈ ગયેલી લાશને માત્ર ગોળીના પૃથક્કરણ પરથી વુલ્ફ બ્રોનસોર્ટ તરીકે ઓળખવામાં આવી હતી. એ સિવાય બીજો એકે પુરાવો એવો નથી. જેના પરથી સાબિત થાય કે વુલ્ફ બોનસોર્ટ મૃત્યુ પામ્યો છે.

તે કાંઈ વધુ વિચારે એ પહેલાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. ઝડપથી આગળ વધી તેણે રિસીવર ઊંચક્યું. ફોન અનિતાની ઘરડી માનો હતો. પૂછી રહી હતી - અનિતાનો પત્તો લાગ્યો ?

-આંટી ! આલોક ગુપ્તાએ જણાવ્યું. પોલીસ તપાસ ચાલુ છે. મારાથી બનતા સઘળા પ્રયાસો હું કરી રહ્યો છું. આશા છે આજકાલમાં અનિતા મળી જવી જોઈએ.

–બેટા ! અનિતાની મમ્મી ભીના સ્વરે બોલી, આ શબ્દો હું છેલ્લા ત્રણ દિવસથી સાંભળી રહી છું. તું ક્યાં નથી જાણતો, અનિતા મારા ઘડપણનો ટેકો છે. અનિતાના પપ્પાના મૃત્યુ પછી હું એક જ આશાએ જીવી રહી છું. અનિતા ન રહેતાં.જીવીને હું શું કરીશ ?

એ જ સમયે દરવાજાની ઘંટડી રણકી ઊઠી. રસોયો મુખ્ય પ્રવેશની દિશામાં આગળ વધી ગયો. આલોક ગુપ્તા શક્ય તેટલા પ્રેમાળ સ્વરમાં રિસીવરમાં કહી રહ્યો હતો - આટલા દિવસ ધીરજ ધરી છે, એક દિવસ વધુ. આંટી, આવતી કાલ સુધીમાં અનિતાનો પત્તો નહિ લાગે તો...

આલોક ગુપ્તાનું વાક્ય અધૂરું રહી ગયું. દરવાજાની દિશામાં ગયેલા રસોયાની હૃદયદ્રાવક ચીસ તેના કાને અથડાઈ હતી. રિસીવરને ક્રેડલ પર મૂકી તે તુરત મુખ્ય પ્રવેશની દિશામાં દોડી ગયો. તેણે જોયું તો રસોયો ઉઘાડા દરવાજા વચ્ચે ઊભો હતો. તેની આંખો પહોળી હતી. તેનું મોં ઉઘાડું હતું. સૂકા પાંદડાની જેમ તે ધ્રૂજી રહ્યો હતો.

-નું થયું પહેલવાન ! તેની નજીક આવતાં આલોક ગુપ્તાએ પ્રશ્ન કર્યો અને સાથે જ તેની નજર પેસેજમાં પથરાઈ. તેના હોઠ વચ્ચેથી પણ ચીસ નીકળતાં નીકળતાં રહી ગઈ. તેની આંખો પણ પહોળી થઈ ગઈ. તેનું મોં પણ ખૂલી ગયું. વિશેષમાં તેની રગોમાં વહેતું લોહી તેજાબ બની ગયું.

દરવાજા સામે જ પેસેજમાં અનિતાનો બેભાન દેહ પડ્યો હતો. કોઈ તેને દરવાજા સામે ગોઠવી, ઘંટડી વગાડી ચાલ્યુ ગયું હતું. અનિતાનો દેહ નગ્ન હતો. શરીર પર એકે વસ્ત્ર નહોતું. આલોક ગુપ્તાએ છલાંગ મારી અનિતાનું કાંડું હાથમાં લીધું તો ખ્યાલ આવ્યો. દેહ લોહીલુહાણ પણ હતો. શ્વાસોચ્છવાસ ક્રિયા ક્ષીણ હતી, છતાં હતી, અને એ જ મહત્વનું હતું.

અનિતાના લાશ જેવા દેહને બંને હાથ વડે ઊંચકી તેણે ઘરમાં લીધો અને પલંગની ઊજળી ચાદર પર સુવડાવી દીધો. ટ્યુબ લાઈટના પ્રકાશમાં તેણે જોયું તો અનિતાના શરીર પર જખમનાં અનેક નિશાન હતાં. અકેક ઈંચના અંતરે શરીર પર અકેક જખમ હતો. અનિતાને નગ્ન કરી કોઈએ તેની ચામડી પર છરી વડે ચેકા મૂક્યા હતા. દરેક જખમમાંથી લોહી વહી જામી ગયું હતું. વક્ષઃસ્થળ પર છરી વડે ચોકડીઓ દોરવામાં આવી હતી. ચહેરો સુકાઈ ગયેલા

લોહી તથા જખમોને કારણે વિકૃત લાગતો હતો. અનિતાનું નાજુક શરીર કોઈ શેતાને ચૂંથી નાખ્યું હતું. આલોક ગુપ્તા સાથે તેનો રસોયો પણ ફાટી આંખે જોઈ રહ્યો હતો. કોઈને કાંઈયે સૂઝતું નહોતું.

-હુઝૂર ! આખરે રસોયાએ હોઠ ખોલ્યા, ડોક્ટરને ફોન જોડું ? આલોક ગુપ્તાએ હોશમાં આવતાં તેની સામે જોયું.

-ના ! તેણે કહ્યું. અનિતાને હોસ્પિટલમાં ખસેડવી પડશે !

ઝડપથી તૈયાર થઈ; તેણે અનિતાના દેહ પર ચાદર પાથરી દીધી. રસોયાએ અનિતાનો દેહ ઊંચકી લીધો. બંને જણા નીચે આવ્યા. આલોક ગુપ્તાએ કારની પાછલી સીટનો દરવાજો ખોલ્યો. અનિતાના ચાદરમાં ઢંકાયેલા શરીરને ખોળામાં લઈ રસોયો અંદર ગોઠવાઈ ગયો. આલોક ગુપ્તાએ દરવાજો બંધ કર્યો અને કાર બિરલા હોસ્પિટલની દિશામાં મારી મૂકી.

રાતના નવ વાગ્યા હતા. કાર ઝપાટાબંધ આગળ વધી રહી હતી. એટલી જ ઝડપથી આલોક ગુપ્તાના વિચારો પણ દોડી રહ્યા હતા. લોહી ઊકળી રહ્યું હતું. ચહેરો રાતો થઈ ગયો હતો. આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. વુલ્ફ બ્રોનસોર્ટ ! કહેવાતા નેતાજીને સંબોધી તેનાં આંતરડાંઓ પોકારી રહ્યાં હતાં. તને એક તમાચો માર્યો તેની સજા આટSSલી ભયાનક ! તારે વેર વાળવું હતું તો તે મારા પર અત્યાચાર કર્યો હોત ! પરંતુ એક અબળા પર કોઈ આટલા જુલમ નથી કરતું. તે...તે મારી પ્રિયાના શરીરને ચૂંથી નાખવામાં જરાયે કચાશ નથી રાખી ! વુલ્ફ ! હવે હું તને નહિ છોડું ! આકાશ પાતાળ એક કરી હું તારું પગેરું શોધીશ અને તને ફાંસીને માંચડે લટકાવીશ ! તે આલોક ગુપ્તાની પ્રિયા પર વેર વાળ્યું છે ! વુલ્ફ ! તું વરુ છે તો હું શિકારી છું. જ્યાં સુધી તારી લાશને તરફડતી નહિ જોઉં, મારા આત્માને સંતોષ નહિ થાય !

ટૂંક સમય પછી બિરલા હોસ્પિટલની એક સ્પેશ્યલ રૂમમાં અનિતા સૂતી હતી. તેનો ચૂંથાઈ ગયેલો દેહ જોઈ ડોક્ટરો સુધ્ધાં હેબત ખાઈ ગયા હતા. તુરંત દાક્તરી કાર્યવાહી શરૂ થઈ. સહુ પ્રથમ 'એટીએસનું ઈજેક્શન તેને આપવામાં આવ્યું. એક નર્સે અનિતાના લોહીનું સેપલ લઈ તેનું પૃથક્કરણ કરાવ્યું અને બ્લડ ટ્રાન્સફયુઝન સેટ પણ ગોઠવાઈ ગયો. ડૉક્ટરોએ એ દરમિયાન ઊંડા ઘાવાળા શરીરના ભાગો પર ટાંકા લીધા હતા. એન્ટી સેપ્ટિક વડે શરીરને સ્વચ્છ કરવામાં આવ્યું હતું.

-ડૉક્ટર !

ડૉક્ટર ખાંડવાલાએ એન્ટી બાયોટિકનું એક વધુ ઈજેકશન દેતાં તેની સામે જોયું.

-અનિતાને હોશમાં આવતાં હજી કેટલો સમય લાગશે ?

–સવાર સુધી તો નહિ જ આવે ! ડૉ. ખાંડવાલાએ જણાવ્યું અને તે હોશમાં આવશે એ પહેલાં નસ તેને બેહોશીનું એક વધુ ઈજેકશન દેશે !

અને એ આવશ્યક પણ હતું. અનિતા હોશમાં આવતાં તેને જખમોની પીડાનું ભાન થવાનું હતું. ભયંકર પીડા સહન ન થતાં માછલીની જેમ તે તરફડવાની હતી. એ યાતનાને રોકવા ઘેનનું એક વધુ ઈજેકશન આશીર્વાદરૂપ સિદ્ધ થવાનું હતું.

આલોક ગુપ્તા પોતાના રસોયાને બેસાડી અનિતાની ઘરડી માને જાણ કરવા તેને ઘેર ગયો. અનિતાની મમ્મી એ સમયે બેઠકની બાલ્કનીમાં એકલી બેસી અંધારા આકાશમાં જોઈ રહી હતી.

આલોક ગુપ્તાએ તેની સામે ઉપસ્થિત થતાં પહેલાં તો અનિતા મળી ગઈ છે તેના શુભ સમાચાર દીધા અને પછી હળવેકથી અનિતાની તબિયતનો ખ્યાલ પણ દીધો. છતાં તેના શબ્દો પરથી એવો ભાસ થતો હતો જાણે અનિતાને મામૂલી ઈજા થઈ છે અને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. અનિતાની મમ્મી કાંઈ પ્રશ્ન કરે એ પહેલાં તો તે અદશ્ય

પણ થઈ ગયો.

સવારે સાતને ટકોરે તેણે ફરી બિરલા હોસ્પિટલમાં દેખા દીધી. અનિતા હજી બેભાન પડી હતી. તેના હાથમાં ભોંકાયેલી સોય સાથે ઝૂલતી ટ્યુબ લોહીના બાટલા જોડે સંકળાયેલી હતી. ટીપે ટીપે બાટલામાંથી ટ્યુબમાં પ્રવેશતાં લોહીને તે સ્પષ્ટ જોઈ શકતો હતો. વિશેષમાં ગ્લુકોઝ સલાઈનના બાટલા સાથે એક વધુ સ્ટેન્ડ પણ ગોઠવવામાં આવ્યું હતું. રસોયો દીવાલને ટેકે બેસી ઝોકાં ખાઈ રહ્યો હતો. આલોક ગુપ્તાએ તેને ઘેર જવાની રજા દીધી.

અનિતાના ‘કોટ’ સામે આલોક ગુપ્તા એકલો બેઠો હતો. એકચિત્તે અનિતાના સૌમ્ય ચહેરામાં જોઈ રહ્યો હતો. અચાનક એ ચહેરા પર સળવળાટ નજરે પડ્યો. બેત્રણ રેખાઓ ખેંચાઈ અને હોઠ ફડફડવા લાગ્યા. ના ! ના ! ના ! હું નથી જાણતી નથી જાણતી. ના ! કદાચ તે હોશમાં આવી રહી હતી.

આલોક ગુપ્તાએ નર્સને સૂચિત કરી. નર્સ તુરંત ઈંજેકશન લઈ આવી અને અનિતાના હાથની યોગ્ય નસવાળા ભાગને દબાવતા ઈંજેકશનની સોય ભોંકી દીધી. અનિતાના ફડફડતા હોઠ ફરી સ્થિર થઈ ગયા. ચહેરા પર ફૂટી નીકળેલી રેખાઓ ડૂબી ગઈ. ચહેરો ફરી શાંત થઈ ગયો.

સવારે દસ પછી અનિતાની ઘરડી મા આવી અને પુત્રીની હાલત જોઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. તેને કલ્પનાયે નહોતી કે અનિતાની હાલત આટલી ગંભીર હશે ! આલોક ગુપ્તાએ તેને આશ્વાસન દેવાના શક્ય તેટલા પ્રયાસ કર્યા અને નિષ્ફળ રહ્યો. આખરે નસ આવી તેને પ્રેમપૂર્વક બહાર લઈ ગઈ. આલોક ગુપ્તા ચૂપચાપ બેઠો રહ્યો. હજી સુધી તેણે સવારનો નાસ્તો નહોતો કર્યો. ચાનો એક કપ સુધ્ધાં નહોતો પીધો.

બપોરના સાડા બાર થતાં રસોયો સમજદારીપૂર્વક ચાના થર્મોસ સાથે ટિફિન લઈ આવ્યો. આલોક ગુપ્તાએ ચાનું થર્મોસ ખોલ્યું અને ગ્લાસમાં ચા રેડી ઘૂંટડે ઘૂંટડે પી ગયો. માનસિક તાણ સહેજ ઓછી થઈ. હવે એક સિગારેટ પીવાની જરૂર હતી. તેણે એક સિગારેટ કાઢી હોઠ વચ્ચે ગોઠવી અને રસોયાએ એક પરબીડિયું તેની સામે ધર્યું.

સિગારેટ જલાવી આલોક ગુપ્તાએ પરબીડિયું ખોલ્યું. સંદેશો કેજીબીના જાસૂસ યૂરીનો હતો. ટૂંકો હતો. છતાં સ્પષ્ટ હતો. આલોક ગુપ્તાના વિદેશ પ્રવાસ માટેની લગભગ વ્યવસ્થા થઈ ચૂકી હતી. ટૂંકા સંદેશા સાથે એક ટેલિફોન નંબર પણ હતો. યૂરીનો સંપર્ક હવે તે ફોન પર સાધી શકતો હતો.

સિગારેટના કશ પર કશ લેતાં તે ઊભો થયો. અનિતાની રૂમ સ્પેશ્યલ હતી. ટેલિફોનની પણ અહીં વ્યવસ્થા હતી. રિસીવર ઊંચકી તેણે ઓપરેટરને નંબર દીધો. ટૂંક સમયની પ્રતીક્ષા પછી યૂરીનો નંબર મળી જતાં તેણે કહ્યું - હલ્લો, હું આલોક ગુપ્તા બોલું છું.

સામેથી કોઈ સ્ત્રીનો સ્વર સંભળાયો - મિસ્ટર ગુપ્તા ! તમે અત્યારે ક્યાં મળી શકશો ?

આલોક ગુપ્તાએ હોસ્પિટલનું નામ તથા સ્પેશ્યલ રૂમનો નંબર દીધો.

-ત્યાં જ રહેજો. બીજે છેડેથી સ્ત્રીએ જણાવ્યું અને લાઈન કપાઈ ગઈ.

આલોક ગુપ્તા સમજી ગયો. નંબર યૂરીનો નહોતો. યૂરીએ ઝડપથી સંદેશા મેળવવા કોઈની મારફત વ્યવસ્થા કરી હતી.

બપોરે ત્રણ ને સત્તર મિનિટે અનિતા હોશમાં આવી અને છત સામે જોઈ રહી. ફરી એક વાર તેના ચહેરા પર આડી-ઊભી રેખા સર્જાવા લાગી. હોઠ કંપવા લાગ્યા...ના ! ના ! ના ! હું નથી જાણતી. નથી જાણતી. ના ! ધીરે ધીરે તેને સઘળું યાદ આવી રહ્યું હતું.

કુતૂબ પરથી તે પાછી ફરી રહી હતી. આલોક ગુપ્તા જોડે તે કારમાં બેઠી હતી. કાર તેના મકાન સામે થોભી હતી. આલોક ગુપ્તા સામે સ્મિત ફરકાવતાં તે મકાનમાં પ્રવેશી હતી. તેની ચાલમાં સર્તિ હતી. તેના હોઠ પર ગીત હતું. લિફ્ટની વાટ જોતી તે ભોંયતળિયે જ ઊભી હતી.

લિફ્ટના સરકતા દોરડા તે સ્પષ્ટ જોઈ શકતી હતી.

લિફ્ટ તેની સામે આવી થોભી અને બે પુરુષો તેમાંથી બહાર નીકળ્યા. તે અંદર પ્રવેશવા ગઈ. પરંતુ એ પહેલાં જ એક પુરુષે તેની પાછળ સરકી તેના મોં પર હાથ દાબી દીધો. બીજો તેની સામે જ હતો. હાથમાં રિવોલ્વર હતી. રિવોલ્વરની નાળ અનિતાની ડોક પર સ્થિર હતી. અનિતા સ્તબ્ધ હતી. કોઈને કાંઈ કહેવાની જરૂર નહોતી.

એકે શબ્દ ઉચ્ચાર્યા વિના અનિતાને સાથે લઈ બંને પુરુષો બહાર આવ્યા. ક્યાંક પાર્ક થયેલી એક બ્લ્યુ એમ્બેસેડર તેઓની પાસે દોડી આવી. બંને પુરુષો અનિતાને લઈ પાછલી સીટમાં ગોઠવાઈ ગયા. એક, તેની જમણી બાજુએ બેઠો હતો. બીજો, ડાબી બાજુએ. કાર સ્ટાર્ટ થઈ અને ઝડપથી આગળ વધી ગઈ.

-પ્લીઝ...! અનિતાએ હોઠ ખોલ્યા. તમે લોકો મને ક્યાં લઈ જાવ છો ?

ઉત્તરમાં તેની જમણી બાજુએ બેઠેલા ચંગેઝખાન જેવી મૂછોવાળા પુરુષે એક કાળી પટ્ટી કાઢી તેની આંખ પર બાંધી દીધી. પછી કહ્યું - ચૂપચાપ બેઠી રહીશ તો એકાદ બે કલાકમાં અમે તને સુરક્ષિત પાછી મૂકી જઈશું. નહિતર....છેલ્લા શબ્દ સાથે તેણે વાક્યને હવામાં તરતું મૂકી દીધું.

અનિતા ચૂપ થઈ ગઈ. તેની આંખો પર કાળી પટ્ટી હોવાને કારણે તે કશુંયે જોઈ નહોતી શકતી. માત્ર બહારના અવાજો તે સાંભળી શકતી હતી. ક્યારેક કોઈ કારના હોનનો અવાજ તેના કાને અથડાતો હતો. તો ક્યારેક રેડિયોનો. ક્યારેક માનવીઓના અવાજ ઊઠતા હતા અને ડૂબી જતા હતા તો ક્યારેક અંધારી સડક પર ભસતા કૂતરાનો અવાજ તેના કાને અથડાઈ ઓગળી જતો હતો. કારની જેમ અવાજો પણ ઝડપથી પસાર થઈ રહ્યા હતા. કાર સડસડાટ કરતી આગળ વધી રહી હતી.

લાંબા પ્રવાસ પછી કાર થોભી ગઈ. ક્યાં થોભી હતી એ અનિતા કલ્પી ન શકી. પોતાના મકાનથી તે કેટલે છેટે આવી હતી એ પણ તે નહોતી જાણતી. કાર થોભતાં સહુ પ્રથમ અનિતાની ડાબી બાજુએ બેઠેલા પુરુષે બહાર નીકળી અનિતાનો હાથ પોતાના હાથમાં લીધો. અનિતા સાવચેતીપૂર્વક બહાર નીકળી અને ગાયની જેમ દોરાતી એ પુરુષની પાછળ પાછળ ચાલી ગઈ.

થોડીક મિનિટો પછી અનિતાની આંખો પરથી કાળી પટ્ટી ખેંચી લેવામાં આવી ત્યારે તે એક ખુરશી પર બેઠી હતી. તેની પડખે ખરબચડા ચહેરાવાળો એક પુરુષ ઊભો હતો. ચંગેઝખાન જેવી તેની મૂછો હતી. નાનકડી દાઢી હતી. માથે એકે વાળ નહોતો. પોશાકમાં તેણે કાળી પ્રિન્ટવાળા બુશશર્ટ નીચે પેન્ટ પહેર્યું હતું. તેનો સાથી અનિતાની સામેની ખુરશીમાં બેઠો હતો. નખ ચાવી રહ્યો હતો. તેનું નાક લાંબું અને કાર્ટુન જેવું લાગતું હતું. આંખો પ્રમાણમાં સહેજ મોટી. બાંધો એકવડિયો. તે ઊભો રહેતાં સર્કસના લાંબા જોકર જેવો લાગતો હતો.

એ બંને સિવાય એક ત્રીજો પુરુષ પણ અહીં હાજર હતો. તેની પીઠ અનિતા તરફ હતી. બંધ ગળાના કાળા સ્વટર નીચે તેણે કાળું પેન્ટ પહેર્યું હતું. તે બારી પાસે ઊભો હતો. તેના હાથમાં સિગારેટ પણ હતી.

અનિતાએ ખુરશીમાં બેઠાં બેઠાં જ બારી બહારનું દૃશ્ય જોવાનો પ્રયાસ કર્યો. તે જાણવા ઈચ્છતી હતી કે આ ગુંડાઓ તેને ક્યાં લઈ આવ્યા છે. પરંતુ ખુલ્લા, મેલા, અંધારા આકાશના ટુકડા સિવાય તે બીજું કશુંયે જોઈ ન શકી. તેણે કમરામાં નજર ફેરવી. કોઈ ફ્લેટનો આ વિશાળ બેઠકખંડ હતો. પરંતુ અહીં ન સોફા હતા, ન ગાલીચો, ન કબાટ હતાં, ન જરૂરી ફર્નિચર.

એક ખુરશી પર તે બેઠી હતી. ત્રણ ખુરશીઓ તેની સામે હતી. વચ્ચે નાનકડી ટિપાઈ

હતી. એ સિવાય એક ખૂણામાં પુરાણું ટેબલ તથા નેતરની એક ખુરશી નજરે પડતી હતી.

બેઠકખંડમાં બે બારીઓ હતી. એ પણ અનિતાએ જોઈ લીધી. એક બારીના પડદા પડેલા હતા. બીજી બારી પાસે કાળા સ્વેટરવાળો પુરુષ પીઠ કરી સિગારેટ ફેકી રહ્યો હતો. તેણે સિગારેટ ફેંકી પડદા પાડ્યા અને ચહેરા સાથે પીઠ ઘુમાવી અનિતા સામે જોયું.

અનિતાના નાજુક શરીરમાં એક ટાઢી ધ્રુજારી ફરી વળી. એ ચહેરો જોઈ કોઈ બાળક છળી પડે તોય. આશ્ચર્ય નહિ. વરુ જેવી આંખો, ચપટું નાક, પહોળા હોઠ, ચહેરા પર શીળીના ડાઘ, કસાયેલા સ્નાયુઓ, પોલાદી છાતી. પ્રથમ દૃષ્ટિએ જ તે કોઈ બોક્સર હોય એવી છાપ ઊભી થતી હતી.

આસાનીથી પગલાં ભરતો. તે અનિતા સામે આવ્યો અને એક ખાલી ખુરશીમાં બેસી ગયો. હજી સુધી કોઈયે એકે શબ્દ ઉચ્ચાર્યો નહોતો. ઘટ્ટ ખામોશી જે વિશાળ બેઠકખંડમાં પથરાયેલી હતી, પળે પળે ધબકી રહી હતી. અનિતા સ્વયં પોતાના હૃદયના થડકાર સાંભળી શકતી હતી. અત્યાર સુધીમાં તેને આટલી ખાતરી થઈ હતી. તેનું અપહરણ કરનારા આ અજનબીઓ તેની આબરૂ લૂંટવા નહોતા ઈચ્છતા. શું ઈચ્છતા હતા એ હજી સુધી તે કળી નહોતી શકી.

–મને લોકો લાજપતરાયના નામે ઓળખે છે. વરુ જેવી આંખોવાળા અજનબીએ કાળા સ્વેટરની બાંયો ઉપર ચડાવતાં અનિતાને સંબોધી શરૂઆત કરી. આ મારો સાથી મસુદ છે. કહેતાં તેણે પડખે બેઠેલા. જોકર જેવા પુરુષની દિશામાં માત્ર આંખ વડે ઈશારો કર્યો. પછી ઉમેર્યું – અને જે તારી પડખે ઊભો છે એનું નામ જોહર છે.

અનિતા એકે શબ્દ ઉચ્ચાર્યા વિના વરુ જેવી આંખોવાળા, શીળીના ડાઘથી ભરેલા લાજપતરાયના ચહેરામાં જોઈ રહી. લાજપતરાયે ટિપાઈ પર પડેલા સિગારેટના પાકીટને ઊંચકતાં એક સિગારેટ અલગ કરી આગળ ચલાવ્યું - તને આશ્ચર્ય થઈ રહ્યું હશે કે અમને તારું અપહરણ કરવાની જરૂર કેમ પડી ? પરંતુ આટલી ખાતરી રાખજે કે અમે ન તો તારી પાસેથી ધનની આશા રાખીએ છીએ, ન અમને સ્ત્રીના શરીરની ભૂખ છે.

-તો ? અનાયાસે અનિતાના હોઠ વચ્ચેથી પ્રશ્ન સરી ગયો.

-તું અમને સહકાર દઈશ તો અમે તારી જોડે એક સજ્જનની જેમ વરતશુ. લાજપતરાયે તેના પ્રશ્નને મહત્ત્વ ન દેતાં સિગારેટ હોઠ વચ્ચે ગોઠવી લાઈટર ક્લિક કર્યું. લાઈટરની પીળી જ્યોતમાં તેના ચહેરા પરના શીળીના ડાઘ ઘોબાઓની જેમ ઊપસી આવ્યા.

–બલકે એક સજ્જન કરતાંય વધુ સારો વરતાવ કરતા અમે જાણીએ છીએ. તે બોલી રહ્યો હતો. તેના હોઠ વચ્ચે સિગારેટ હલી રહી હતી, અને સમય આવતાં અમે પશુઓ કરતાં વધુ જંગલી પણ બનીએ છીએ એ પણ ભૂલીશ નહિ !

અનિતાનું હૃદય ધબકવા લાગ્યું.



૨૪

અનિતાની પડખે ઊભેલો ચંગેઝખાન જેવી મૂછોવાળો મસુદ થોડાંક પગલાં ભરી લાજપતરાય અને જોહરની પાછળ પડેલી ખાલી ખુરશીમાં બેસવા ગયો. લાજપતરાયે તેને રોકતા કહ્યું - છોકરી માટે થોડાક સેન્ડવિચ તથા પાણીની વ્યવસ્થા કર ! ચૂપચાપ તે અનિતાની પીઠ પાછળ થઈ પડખેની કોઈ રૂમમાં ચાલ્યો ગયો.

ફરી બેઠકખંડમાં ખામોશી ધબકવા લાગી. અનિતાથી સહન ન થયું. તે બોલી ઊઠી – હજી સુધી તમે એ નથી જણાવ્યું કે મને અહીં શા માટે લાવવામાં આવી છે.

લાજપતરાયે સિગારેટનો એક ઊંડો કશો લઈ ચહેરો છત તરફ ઊંચો કર્યો. ધુમાડાનો ગોટો તેણે છતની દિશામાં જ છોડ્યો. ધીરે ધીરે ધુમાડાનો ગોટો માથે ઝૂલતા સો કેન્ડલના બલ્બને તો ઊંચે ચડી ગયો. લાજપતરાયે ચહેરો નમાવી અનિતા સામે જોયું.

-અમને થોડીક માહિતી જોઈએ છે.

-શેના વિષે ?

-આલોક ગુપ્તા વિષે.

અનિતાએ આંખો પટપટાવી. ક્ષણ ભરમાં નિણય લેતાં તેણે સામો પ્રશ્ન કર્યો – શી માહિતી જોઈએ છે ?

લાજપતરાયે ચહેરો ઊંચો કરી ધુમાડાનો બીજો ગોટો છોડ્યો અને અનિતા સામે જોયું – સી.બી.આઈ.માંથી આલોક ગુપ્તાએ રાજીનામું દીધું એ વાત ખરી ?

અનિતાએ ‘હા’ કહી.

-શા માટે રાજીનામું દીધું ?

-ચીફ જોડે મતભેદ થયો.

-કઈ બાબત ?

ઉત્તર દેતાં પહેલાં તે સહેજ થોભી. પછી કહી દીધું – નેતાજી બાબત.

- મતભેદ પડ્યો ?

-નેતાજી સુભાષચંદ્ર બોઝ ડુપ્લિકેટ છે એમ આલોકનું માનવું છે.

–એટલે તેણે રાજીનામું દીધું.

અનિતાને કાંઈ કહેવાની જરૂર ન લાગી. લાજપતરાયે પ્રશ્નવાચક વાક્ય ઉચ્ચાર્યું હોત તો તેણે જરૂર ‘હા’ કે ‘ના’ માં ઉત્તર દીધો હોત.

લાજપતરાયની વરુ જેવી આંખોમાં એક ચમક દષ્ટિગોચર થઈ. અત્યાર સુધી તેણે પૂછેલા પ્રશ્નોના ઉત્તર તે પોતે પણ જાણતો હતો. દરેક પ્રશ્નનો જવાબ ખરો મળતાં તેને આશા બંધાઈ છોકરી પૂરો સહકાર દઈ રહી છે. બાકીના પ્રશ્નોના ઉત્તર પણ તે ખરા જ દેશે ! તેણે હળવેકથી પૂછ્યું - હવે એ કહે ! આલોક ગુપ્તાએ રાજીનામું દીધા પછી યૂરીનો સંપર્ક શા માટે સાધ્યો ?

-કોણ યૂરી ?

–કેજીબીનો જાસૂસ.

અનિતા ઉત્તર જાણતી હતી. યૂરી દ્વારા કેજીબી સંસ્થાનો સહકાર મેળવી આલોક ગુપ્તા

કહેવાતા નેતાજીનું પગેરું શોધવા વિદેશનો પ્રવાસ ખેડવા ઈચ્છતો હતો. છતાં તેણે કહી દીધું – હું નથી જાણતી.

-આલોક યૂરીના સંપર્કમાં છે એ તો તું જાણતી જ હોઈશ ? હોઠ વચ્ચે સિગારેટને નચાવતાં લાજપતરાયે ફરી પ્રશ્ન કર્યો.

–જાણતી હોત તો યૂરીનું નામ સાંભળી મેં પ્રશ્ન કર્યો ન હોત કે 'કોણ યુરી ?' —

-અનિતા ! લાજપતરાયનો સ્વર સહેજ ઊંચો થયો, મેં પહેલાં જ તને ચેતવી છે. સમય આવતાં અમે પશુ જેવા જંગલી પણ બની શકીએ છીએ.

-હું જાણું છું.

-છતાં ખરો ઉત્તર નથી દેતી !

-હું જે કાંઈ જાણતી હતી તે મેં સ્પષ્ટ કહી દીધું.

એ જ સમયે મસુદ સેન્ડવિચ સાથે 'સોસ' અને પાણીનો ગ્લાસ ટ્રેમાં લઈ દાખલ થયો. ટ્રેને તેણે ટિપાઈ પર મૂકી દીધી.

-મસુદ ! તેની સામે જોયા વિના જ લાજપતરાયે ઠંડા કલેજે કહ્યું, ટ્રે પાછી લઈ જા !

અનિતા ચૂપચાપ જોઈ રહી. મસુદે ટ્રે ઊંચકી અને દબાયેલા પગે પાછો ચાલ્યો ગયો.

-ખરું કહે અનિતા ! લાજપતરાય વરુ જેવી પોતાની આંખો તેની આંખોમાં પરોવવાનો પ્રયાસ કરતા બોલી ઊઠયો, યૂરી જોડે મળી આલોક શી યોજના ઘડી રહ્યો છે ?

-મેં ખરું જ કહ્યું છે, મિસ્ટર લાજપતરાય. તેની આંખોથી પોતાની આંખોને સુરક્ષિત રાખતાં અનિતાએ શક્ય તેટલી નિર્દોષતાપૂર્વક જણાવ્યું. એ બાબત હું કશું જ નથી જાણતી.

–મારી આંખોમાં જો !

લાજપતરાય નવી ચાલ ચાલ્યો. તેની આંખોમાં થોડીક પળો માટે સ્થિર દષ્ટિએ જોવું એ પણ હિંમતનું કામ હતું. ભલભલાને એ આંખોમાં જોતાં પરસેવો છૂટી જતો હતો. ખાસ કરી એ લોકો કે જેઓ પાસે રહસ્ય હોય.

અનિતાએ સઘળી હિંમત એકઠી કરી સીધું તેની આંખોમાં જોયું. આંખો સાથે આંખો મળી. બંને જણાં સ્થિર દષ્ટિએ જોઈ રહ્યાં. અનિતાની આંખો નીલી હતી, તો લાજપતરાયની માંજરી. એ માંજરી આંખો શું કોઈ માનવીની હોઈ શકે ? અનિતાને ભ્રમ થયો. તે વરુની આંખોમાં નહિ, બલકે સેતાનની આંખોમાં જોઈ રહી છે. તે ધ્રૂજી ઊઠી.

લાજપતરાય ઊભો થઈ ગયો. ઠુંઠું થઈ ગયેલી સિગારેટનો તેણે ખૂણામાં ઘા કરી દેતાં જોહર સામે જોયું. લાંબા નાકવાળો જોહર અત્યાર સુધી નખ ચાવતો ખામોશ બેઠો હતો. ઊભો થઈ કામે લાગી ગયો. ક્યાંકથી દોરડી શોધી લાવી તેણે અનિતાને ખુરશી સાથે જ બાંધી દીધી. લાજપતરાય કોણીઓ ઉપર ચડેલી કાળા સ્વેટરની બાંયોને નીચે ઉતારતાં બહાર ચાલ્યો ગયો. અનિતા ખુરશી સાથે જકડાઈ બેઠી રહી. જોહર તેની સામેની ખુરશીમાં ગોઠવાઈ ગયો હતો. તેનું કામ અનિતા પર નજર રાખવાનું હતું.

-જોહર ! અનિતાએ દબાયેલા સ્વરે પૂછી લીધું, લાજપતરાય પાછા ક્યારે આવશે ?

–સવારે.

અનિતા વિસ્ફારિત નેત્રે તેની સામે જોઈ રહી. આ રાત કેમ વીતશે ! હજી તો સાંજના સાડા સાત કે આઠ થયા હતા. લગભગ બાર કલાક હાલ્યાચાલ્યા વિના ખુરશીમાં જકડાઈ બેઠા રહેવાનું હતું. ભૂખ્યાતરસ્યા બેઠા રહેવાનું હતું. સવારે ઘેરથી નાસ્તો કરી તે આલોક ગુપ્તા સાથે કુતૂબ ગઈ હતી ત્યારે માત્ર બે જ સેન્ડવિચ તેણે બપોરના ભોજનમાં લીધા હતા. અને એ બંને સેન્ડવિચ કલાકો પહેલાં પચી ગયા હતા.

પળો ગણતી તે ખુરશીમાં ચૂપચાપ બેઠી હતી. આંખો ઘેરાઈ રહી હતી. માથું ભારે લાગતું

હતું. નિંદર આવતાં માથું એક તરફ ઢળી ગયું પરંતુ થોડીક પળો માટે જ. જોહરે તેના ચહેરા પર પાણીનો ગલાસ રેડી તેને જગાડી દીધી. હેરતથી તે જોહર સામે જોઈ રહી. જોહર નખ ચાવતાં હસી રહ્યો હતો. કહી રહ્યો હતો. લાજપતરાયનો આદેશ છે. પાંપણો ઢળવી ન જોઈએ !

સવારે લાજપતરાય એ જ કાળા સ્વેટર અને કાળી પેન્ટમાં ચાના કપ સાથે દાખલ થયો ત્યારે અનિતા લગભગ ભાંગી ચૂકી હતી. છતાં પોતાની હાર સ્વીકારવા તે તૈયાર નહોતી. લાજપતરાયને જોઈ તેણે સ્વસ્થ હોવાનો ડોળ કર્યો. લાજપતરાયે ચૂપચાપ તેની સામે ચા પીધી અને એકે શબ્દ ઉચ્ચાર્યા વિના પાછો ચાલ્યો ગયો.

જોહરની ડયૂટી પૂર્ણ થઈ હતી. તેનું સ્થાન ચંગેઝખાન જેવી મૂછવાળા મસુદે લીધું. મસુદ તદ્દન નવા આદેશ સાથે આવ્યો હતો. સહુ પ્રથમ તેણે અનિતાનાં બંધનો ખોલી નાખ્યાં. અનિતાને હર્ષ થયો. પરંતુ ભૂખ તથા તરસને કારણે તેનો ચહેરો હર્ષ પ્રગટ કરી ન શક્યો.

અનિતાએ હાથ તથા પગને લંબાવવાનો પ્રયાસ કર્યો. વ્યથી. તેના હાથપગ આકડાઈ ગયા હતા. તેનાં આંગળાં સુધ્ધાં હલી નહોતાં શકતાં. મસુદે વધુ સમય ન ખોતાં તેનું કાંડું પકડી ખેંચ્યું અને અનિતાના ગળામાંથી રાડ નીકળી ગઈ. હાથ ખેંચાવાને કારણે તે ઊભી થઈ ગઈ હતી. છતાં તેના પગ કોઈ અપંગ જેમ વળેલા હતા. બીજી જ ક્ષણે તે ફરશ પર ઢળી પડી. ફરી એક વાર મસુદ તેના કાંડા પર પકડ જમાવતાં તેને એક ખૂણા સુધી ઘસડી ગયો અને ઊભી કરી દીધી.

એ જ ખૂણામાં હવે અનિતાને ચોવીસ કલાક ઊભી રહેવાનું હતું. આખી રાત તે ખુરશીમાં જકડાઈ બેઠી હતી. એક પળ માટે પણ સૂઈ નહોતી શકી. મસુદે તેને સતાવવાનો નવો તુક્કો અજમાવ્યો. પાવરફૂલ ટોર્ચ ખોલી તેણે ટોર્ચનો પ્રકાશ અનિતાના ચહેરા પર પાથરી દીધો. અનિતાની આંખો ખૂલતી અને ટોર્ચના પ્રકાશનાં વેધક કિરણો તેને પાછી મીંચી દેતાં. અનિતા આંખો બંધ કરતી અને તેનો જીવ મુંઝાવા લાગતો. માથું ભમવા લાગતું. ચક્કર ખાઈ તે ઢળી પડતી. મસુદ તેને ફરી ઊભી કરી દેતો.

છેલ્લા બાર કલાક દરમિયાન મસુદને તેણે વારંવાર વિનંતી કરી હતી. પ્લીઝ ! હું કશું જ નથી જાણતી. આલોકને હું પ્રેમ કરું છું. મારી જોડે તે પ્રેમની વાતો કરતો હતો. તેની અંગત બાબતોનો તે ભાગ્યે જ ઉલ્લેખ કરતો. મસુદને તેની લગારે દયા નહોતી આવી.

રાત્રે લાજપતરાયે ફરી દેખા દીધી. આ વખતે તેના હાથમાં સ્કોચની બોટલ હતી. ગ્લાસ હતો. તેણે ગ્લાસ પર બોટલ ઊંધી કરી અને એક પેગ નિટ ગટગટાવી ગયો. પછી અનિતા સામે જોયું અને શરાબી આંખે શરૂઆત કરી.

-અનિતા ! તેની સામે ખુરશીમાં બેસતા લાજપતરાયે તેને ફરી યાદ દેવડાવ્યું, હું પહેલાં જ જણાવી ચૂક્યો છું. સજ્જનો જોડે અમે સજ્જનતાપૂર્વક વરતાવ કરીએ છીએ અને...

અનિતાએ સ્થિર ઊભા રહેવાનો પ્રયાસ કરતાં દીવાલનો ટેકો લીધો અને ધીરે ધીરે નીચે સરકી ગઈ. ઢગલો થઈ ગઈ. મસુદે તેના ચહેરા પર પાણી છાંટયું. તે ન જાગી. ફરી છાંટયું. ભૂખ, તરસ અને ઉજાગરાને કારણે તેની આંખો મીંચાઈ ગઈ હતી. મસુદે લાજપતરાય સામે જોયું. લાજપતરાયે એક વધુ પેગ લીધો. ક્ષણિક વિચાર્યું અને મસુદને ઈશારો કર્યો.

વહેલી સવારે અનિતા ગોકળગાય જેમ મર્યાદિત ક્ષેત્રમાં વળ ખાઈ રહી હતી. હોઠ ફફડી રહ્યા હતા. પાણી ! પાણી ! હજી સુધી તેને ખ્યાલ નહોતો આવ્યો કે મસુદે તેનાં સઘળાં વસ્ત્રો ઉતારી લીધાં હતાં. તે તદ્દન નગ્ન હતી. બલકે ભૂખ અને તરસના કારણે તે સર્વ કાંઈ વીસરી ગઈ હતી. ધીરે ધીરે તે બેઠી થઈ અને તેને ખ્યાલ આવ્યો. તેના અંગ

પર એકે વસ્ત્ર નહોતું. પરંતુ ન તેને આશ્ચર્ય થયું કે ન આંચકો લાગ્યો. એ સર્વે ભાવનાઓની સીમાથી તે માઈલો દૂર નીકળી ચૂકી હતી. તે નહોતી જાણતી કે તે હોશમાં છે કે બેભાન ! તે

એ પણ ક્યાં જાણતી હતી કે તે માનવ છે કે કંદ ! આંખો સામે શૂન્ય તરી રહ્યું હતું.

-મસુદ ! લાજપતરાયે તેને સંબોધી કહ્યું, છોકરીને બે ઘૂંટડા પાણી દે ! મસુદે તેને બેઠી કરતાં પોતાના હાથે પાણી પાયું. ઘૂંટડે ઘૂંટડે તે આખો ગ્લાસ ગટગટાવી ગઈ. થોડીક સ્વસ્થતા આવી. થોડુંક ભાન આવ્યું. નગ્નતાનો એહસાસ થયો અને તેની આંખો પહોળી થઈ ગઈ.

-છોકરી ! લાજપતરાય બોલ્યો, તારી જીદ તને ખાઈ જશે ! હજીયે સમય છે. હજીયે કાંઈ બગડ્યું નથી. કહી દે કે આલોક ગુપ્તા અને યૂરી ઉલાનોવ વચ્ચે શી યોજના ઘડાઈ છે ?

અનિતાએ જાણે પ્રશ્ન સાંભળ્યો જ નહોતો. વિસ્ફારિત નેત્રે તે લાજપતરાઈની સામે જોઈ રહી હતી. મસુદે તેને ફરશ પરથી ઊંચકી ખુરશીમાં બેસાડી દીધી. તેણે આંખો પટપટાવી. લાજપતરાયે ખિસ્સામાંથી નાનકડી છરી કાઢી મસુદની દિશામાં ઘા કર્યો. મસુદે અધ્ધર જ ઝીલી લેતાં હળવેકથી ખોલી અને અનિતાની છાતી પર પહેલો કાપો મૂક્યો. અનિતા ચીસ પાડી ઊઠી. લોહીની ધાર તેની છાતી પર થઈ પેટ પરથી વહેતી. બે પગ વચ્ચે ઊતરી ગઈ.

-છોકરી ! લાજપતરાય કાંઈ કહે એ પહેલાં જાણે અનિતામાં શક્તિનો ફરી સંચાર થયો હોય તેમ રાડ પાડી ઊઠી.

-ના !

મસુદે બીજો ચેકો મૂક્યો. આ વખતે તેણે અનિતાની જમણી છાતી પર છરીની ધાર વડે ચોકડી દોરી હતી. લોહી ઊપસી આવતાં એ ચોકડી લાલ થઈ ગઈ. લોહીના રેલા નીચેની તરફ વહેતાં ચોકડીનો આકાર વિચિત્ર થઈ ગયો. છતાં અનિતા રહસ્ય છતું કરવા તૈયાર નહોતી. આલોક ગુપ્તા ખાતર તે પોતાના પ્રાણ દઈ શકતી હતી, પરંતુ ગુપ્ત યોજના પર પડેલી ચાદર ખસેડવા તે રાજી નહોતી.

એક પછી એક ચેકાઓ તેના શરીર પર મુકાતા ગયા. ચહેરા પર, બાહુઓ પર, સાથળો પર, પીઠ પર, શરીર લોહીમાં ભીંજાઈ ગયું. તે તરફડવા લાગી. તરફડતાં તરફડતાં તે ખુરશી પરથી ફરશ પર ધસી આવી.

ફરશ પર તે ચત્તી સૂતી હતી. લાજપતરાયની આંખો રાતી થઈ ગઈ. તેના જીવનમાં આજ સુધી અનેક સ્ત્રી-પુરુષો આવ્યાં હતાં. અનેકને તેણે આ જ રીતે રિબાવ્યાં હતાં, પરંતુ કોઈ આટલા લાંબા સમય સુધી ટકી રહ્યું હોય એવું તેને યાદ નહોતું.

ટિપાઈ પર પડેલી સ્કોચની ખાલી બોટલ ઊંચકી તેણે ટિપાઈ પર જ પછાડી. બોટલના બે કટકા થઈ ગયા. અધોં કટકો નીચે સરકી જઈ અનેક કટકાઓમાં વહેંચાઈ ગયો. ઉપરનો અધોં કટકો તેના હાથમાં જ હતો. એ કટકાનો તિક્ષ્ણ ભાગ કોઈની પણ હત્યા કરવા માટે પર્યાપ્ત હતો. કોઈના પણ પેટમાં ભોંકી દેતાં તૂટેલા કાચની ધાર આંતરડાંઓ બહાર ખેંચી કાઢી શકતી હતી.

લાજપતરાયે અનિતાના નગ્ન શરીર પર નમતાં કાચની ધારવાળો ભાગ અનિતાનાં સાથળો વચ્ચે ગોઠવી સહેજ દબાવ્યો. અનિતાએ ભયંકર રાડ પાડી. દીવાલો ધ્રૂજી ઊઠી. પરંતુ એ રાડ સાંભળી તેની સહાયે દોડી આવે એવું અહીં કોઈયે નહોતું. બલકે તેની રાડ પણ ચાર દીવાલો વચ્ચે રૂંધાઈને ઢળી પડી હતી.

-છોકરી ! લાજપતરાયે ભારપૂર્વક કહ્યું. આ છેલ્લી તક દઉં છું. જણાવી દે નહિતર આ અર્ધી બોટલ તારા શરીરમાં આખી ઊતરી જશે !

ફરી એક વાર તેણે બોટલને સહેજ વધુ દબાવી સ્ક્રુની જેમ ઘુમાવી. અનિતાના ગળામાંથી ફરી એક વાર ભયંકર રાડ ઊઠી અને સાથે જ અસહ્ય પીડાથી તેનું આખુંયે શરીર ગરોળીની કપાઈ ગયેલી પૂંછ જેમ તરફડી ઊઠ્યું.

-લા... લાજપત... પ્લીઝ... બસ કર... તે શબ્દો ઉચ્ચારવાનો જબ્બર પ્રયાસ કરી રહી

હતી. તેના મોઢે ફીણ બાઝી રહ્યાં હતાં. હું...હું કશું જ નથી જાણતી. નથી જાણતી. ના ! ના ! અને તે બેભાન થઈ ગઈ.

-લાજપત ! આખરે શાંત ઊભેલા મસુદે હોઠ ખોલ્યા. મારા ખ્યાલથી છોકરી કશું જ નથી જાણતી.

-હવે મને પણ એમ લાગે છે. લોહીમાં રંગાઈ ગયેલા બોટલના ટુકડાને પળો ભર આંખો સામે ધરી ઘા કરી દેતાં તેણે સિગારેટ ઝગવી. કશ લીધો. ચહેરો ઊંચો લઈ ધુમાડાનો ગોટો તરતો મૂક્યો. પછી ઉમેર્યું - એકાદ બે દિવસ છોકરીને અહીં જ રિબાવા દે. મરવા નહીં દેતો. બે દિવસ પછી એને આલોકને દરવાજે ફેંકી આવજે ! તેના હાલ જોઈ આલોક માથું ઊંચું કરવાની હિંમત નહિ કરે.

અને બે દિવસ પછી અનિતાના ચૂંથાઈ ગયેલા દેહને મસુદ આલોક ગુપ્તાના દરવાજે ફેંકી ગયો હતો. અનિતાને લગભગ સર્વ કાંઈ યાદ હતું. પરંતુ એ યાદો ઝાંખી હતી. ધૂંધળી હતી. ધીરે ધીરે સ્પષ્ટ થતી હતી. તે હોસ્પિટલના બિછાનામાં સૂતી હોવા છતાં ભ્રમ થતો હતો. તેની સામે આલોક ગુપ્તા નહોતો બેઠો; શીળીના ડાઘવાળો, કાળા સ્વટર અને કાળી પેન્ટવાળો લાજપતરાય બેઠો હતો. તે બોલી ઊઠી - ના... ના... પ્લીઝ... હું કશું જ નથી જાણતી...

-અનિતા ! આલોક ગુપ્તાએ પ્રેમથી તેના માથે હાથ ફેરવતાં કહ્યું. હું આલોક છું. તારો આલોક !

ખીણમાં ઊતરતાં વાદળો જેમ વાસ્તવિકતા અનિતા સામે સરકી આવી. એકીટશે તે આલોક ગુપ્તાના ચહેરામાં જોઈ રહી. અચાનક તેની આંખોમાં ભીનાશ તરવા લાગી. બે બુંદો સજાવા લાગ્યાં. હળવેકથી એ બુંદો આંખના ખૂણાઓમાંથી ગાલની બંને તરફ વહી ગયાં.

-રડ નહિ, અનિતા ! તેનાં આંસુ લૂછતાં આલોક ગુપ્તાએ કહ્યું. હું તારી પડખે જ છું. તને એકલી મૂકી હવે હું ક્યાંય નહિ જાઉં. અનિતાએ ચહેરો સ્થિર કરી છતમાં જોયું અને અનિમેષ જોઈ રહી. આલોક ગુપ્તાના વિદેશપ્રવાસની સફળતા ખાતર તેણે આટઆટલાં કષ્ટ સહન કર્યા હતાં અને હવે તે જ કહી રહ્યો હતો કે તે ક્યાંય નહિ જાય !

નસ અંદર પ્રવેશતાં આલોક ગુપ્તાએ ચહેરો ત્રાંસો કર્યો. નર્સ જણાવ્યું, કોઈ મુલાકાતી આવ્યો છે ! તે ઊભો થઈ દરવાજા સુધી ગયો. યૂરી તેની પ્રતીક્ષા કરતો દરવાજા બહાર ઊભો હતો. યૂરીના ચહેરા પર પાતળું સ્મિત હતું. પોશાકમાં તેણે એ જ લાંબો કોટ તથા ઘેરા રંગનું પેન્ટ પહેર્યું હતું. માથે ફેલ્ટ હેટ હતી.

-હલ્લો ! આલોક ગુપ્તાએ તેનું સ્વાગત કરતાં હાથ લંબાવ્યો.

યૂરીએ તેની જોડે હાથ મેળવતા પૂછી લીધું – કોઈ સંબંધી બીમાર છે ?

–મારી ગર્લફ્રેન્ડ.

-શું થયું ?

આલોક ગુપ્તા તેને લઈ અંદર આવ્યો અને ટૂંકમાં સઘળી વિગત સમજાવી દીધી. પછી ઉમેર્યું – આ ઘટનાથી એક વાત સિદ્ધ થાય છે. નેતાજી ઓરિજિનલ નથી.

-હવે મનેય કાંઈ શંકા નથી રહી. યૂરીએ આલોક ગુપ્તાની ખાલી ખુરશીમાં બેસી જતાં જણાવ્યું. આલોક ગુપ્તા અનિતાના 'કોટ"ની કિનાર પર બેઠો હતો. અનિતાની આંખો લાગી ગઈ હતી. આધુ શરીર ચાદરમાં ઢંકાયેલું હતું. હાથમાં હજીયે બે સીય ભોંકાયેલી હતી. એક સોય દ્વારા તેના શરીરમાં લોહી પ્રવેશી રહ્યું હતું. બીજી સોય દ્વારા ગ્લુકોઝ સલાઈન.

-અનિતા જોડે તમારી કાંઈ વાત થઈ ? યૂરીએ હેટને માથા પરથી ઊંચકી ખોળામાં મૂકી દેતાં ફરી પ્રશ્ન કર્યો. આલોક ગુપ્તાએ ઇશારાથી 'ના' કહી.

-અનિતાને તમારી યોજના વિષેની માહિતી તમે દીધી હતી ?

-ટૂંકમાં.

–અર્થાત તે જાણતી હતી કે કહેવાતા નેતાજીનું પગેરું શોધવા તમે વિદેશ જઈ રહ્યા છો !

-ખરું.

-અને એ રહસ્ય અનિતાએ છતું કરી દીધું હશે તો.. યૂરી સહેજ થંભી ઝડપથી બોલી ગયો, તો કદાચ તમે સહીસલામત તમારા પ્રવાસેથી પાછા નહિ ફરી શકો !

-હું જાણું છું. આલોક ગુપ્તા બોલ્યો, છતાં મને વિશ્વાસ છે, બલકે ખાતરી છે કે શત્રુઓને તેણે આપણી યોજના જણાવી નથી. નહિતર તેને આટલા અત્યાચારો સહેવા ન પડત !

–એ પણ ખરું. યૂરીએ ખોળામાં પડેલી હેટની કિનાર પર અકારણ આંગળાં ફેરવતાં કહ્યું, પળ ભર માટે આપણે ધારી લઈએ કે અનિતાએ આપણા રહસ્યને ગોપનીય રાખ્યું છે તો તમે વિદેશનો પ્રવાસ ખેડી શકશો ?

-અનિતાને આવી ગંભીર હાલતમાં એકલી મૂકી હું જઈ ન જ શકું. આલોક ગુપ્તાએ નિખાલસતાપૂર્વક પોતાના વિચાર જણાવ્યા, કદાચ ને હું સાહસ કરું પણ તો એની શી ખાતરી કે શત્રુઓ અનિતા પર ફરી હુમલો નહિ કરે !

કાંઈ કહેતાં પહેલાં યૂરીને થોડોક વિચાર કરવો પડ્યો. પછી ભારપૂર્વક કહ્યું - અનિતાની સુરક્ષાની જવાબદારી હું લઉં છું. તમારી ગેરહાજરીમાં હું અહીં ‘ટફ એજન્સી’ના પ્રાઈવેટ ડિટેક્ટિવોની ટુકડી બેસાડી દઈશ. તમે તો જાણો જ છો, અનિતાને તંદુરસ્ત થતાં ઓછામાં ઓછો એકાદ મહિનો નીકળી જશે !

-યુરી ! આલોક ગુપ્તાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું, હવે હું કોઈ પર વિશ્વાસ મૂકી ન શકું.

–તો ? પ્રશ્ન સાથે યૂરી તેની સામે જોઈ રહ્યો. તો શું તમે વિદેશપ્રવાસની યોજના રદ કરશો ?

-તદ્દન ખરું.

–કદાચ તમને ખ્યાલ નહિ હોય ! યૂરીએ આગળ ચલાવ્યું. તમારો પ્રવાસ ગોઠવવા માટે મારે કેટલી મુશ્કેલીઓ વેઠવી પડી છે. કેજીબી કેન્દ્ર, મોસ્કો સહકાર દેવા રાજી નથી.

આલોક ગુપ્તાને આશ્ચર્ય થયું - કેમ ?

–કેન્દ્ર ઈચ્છે છે કે વુલ્ફ બ્રોનસોર્ટની તપાસ કેજીબીનો જાસૂસ કરે. યૂરી બોલ્યો, અને હું માનું છું કે જેટલી સરળતાથી આ તપાસ તમે પૂરી કરી શકશો એટલી સરળતાથી બીજા કોઈ જાસૂસ માટે કામ કરવું શક્ય નથી.

–કારણ ?

-સરળ છે. યૂરી કહી રહ્યો હતો, તમારામાં આવડત સાથે લગન છે. તમે કોઈ સંસ્થા ખાતર નહિ, પરંતુ તમારા પોતાના અંતરમનને સંતોષવા ખાતર આ સાહસ ખેડી રહ્યા છો. તમારી સફળતાના ચાન્સ મને વધુ લાગે છે. કેન્દ્રને મેં આ મુદ્દાઓ જણાવ્યા હતા. અફસોસ કે તેઓ સહકાર દેવા રાજી ન થયા. પરંતુ એથી નિરાશ ન થતાં મેં કેન્દ્રના આદેશની વિરુદ્ધ જઈ તમારે માટે સઘળી વ્યવસ્થા કરી છે. હવે તમારે મોસ્કો થઈ પેરિસ જવાની જરૂર નથી. તમે સીધા પેરિસ જઈ શકો છો. સ્વિસ બેન્કમાં તમારે નામે મેં દસ હજાર ડૉલર પણ મૂકી દીધા છે.

આલોક ગુપ્તા હેરતથી તેની સામે જોઈ રહ્યો. યૂરી માટે તેને માન હતું. થોડુંક ઓર વધી ગયું. યૂરીએ કેન્દ્ર (મોસ્કો)ની વિરુદ્ધ જઈ તેના માટે સગવડો કરી હતી એ મામૂલી વાત નહોતી. બલકે સાહસનું કામ હતું. કેન્દ્રને આ બાબત જાણ થતાં યૂરીની જાસૂસ તરીકેની કારકિર્દી ભયમાં મુકાઈ જાય તોય. આશ્ચર્ય નહિ. છતાં આલોક ગુપ્તા લાચાર હતો. તેની લાચારીનું એક માત્ર કારણ અનિતા હતું. પ્રેમ હતો. અનિતાએ તેના પ્રેમ ખાતર જેટલા અત્યાચારો સહન કર્યા હતા એ કલ્પનાથી પર હતા. અનિતાના પ્રાણને તે ફરી ભયમાં મૂકી ન

જ શકે !

–એક ઉપાય સૂચવું ? યૂરીએ અચાનક પ્રશ્ન ફેંક્યો અને તે વિચારતંદ્રામાંથી જાગી ઊઠયો.

-શેના વિષે ?

–તમારી એક માત્ર ચિંતા વિષે.

-કહો !

-અનિતાને આપણે મૃત જાહેર કરી શત્રુઓને થાપ દઈ શકીએ. યૂરીએ જણાવ્યું.

આલોક ગુપ્તા પહોળી આંખે તેની સામે જોઈ રહ્યો. યૂરીનો ઉપાય ખરેખર પ્રશંસનીય હતો. અનિતાને મૃત જાહેર કરી અહીંથી કોઈ બીજે સ્થળે ખસેડી લેવામાં આવે તો અનિતાની દિશામાં શત્રુઓનો ખ્યાલ સુધ્ધાં ન જાય. એ દરમિયાન તે પોતાનો વિદેશપ્રવાસ પૂર્ણ કરી પાછો પણ આવી શકે !

–તમારી વાત ખરી છે. લાંબા વિચારને અંતે તેની આંખો ચળકી ઊઠી, છતાં આપણે થોડાક દિવસ વાટ જોવી રહી !

યૂરી પણ સમજી ગયો. આલોક ગુપ્તાનો ઈશારો મૃત્યુના નાટકની દિશામાં હતો. જો કોઈ સ્ત્રી દર્દીનું મૃત્યુ થતા તેના સંબંધીઓને વિશ્વાસમાં લઈ શકાય તો કોઈને પણ શંકા ન જાય ! વિશેષમાં હોસ્પિટલના અમુક કર્મચારીઓને પણ વિશ્વાસમાં લેવાની જરૂર હતી, પરંતુ યૂરીને એની ચિંતા નહોતી. તે ઊભો થઈ ગયો.

આલોક ગુપ્તા તેની જોડે દરવાજા સુધી આવ્યો તો હોસ્પિટલનાં બે વોડબોય એક સ્ત્રીને ઓપન હાર્ટ સર્જરી માટે 'ઓટી'ની દિશામાં લઈ જઈ રહ્યા હતા. પાછળ એક નર્સ પણ હતી. સ્ત્રીના સંબંધી પણ હતા. સ્ત્રી ગળા સુધી ચાદર ઓઢી પૈડાંઓવાળી 'કાટ પર સૂતી હતી. ખામોશ હતી. ખામોશીપૂર્વક 'કાટને ધકેલતાં બંને વોડબોય સાથે નસ તથા સ્ત્રીના સંબંધીઓ આગળ વધી ગયાં.

આલોક ગુપ્તા પાછો અનિતાની કેબિનમાં આવી અનિતા સામે બેસી ગયો. તેને એ દિવસ યાદ આવ્યો જ્યારે બંને જણાં કુતૂબની છાંયમાં લાલ ઈટીવાળી દીવાલને ટેકે બેઠાં હતાં. અનિતા કહી રહી હતી – આલોક, મને ભય લાગે છે ! હવે આપણો પ્રેમ સુરક્ષિત નથી. અને તેની ભવિષ્યવાણી અક્ષરશઃ ખરી પડી હતી.



૨૫

ઈન્ડિયન એરલાઈન્સનું વિમાન અંધારા આકાશમાં બે ચકરાવા લઈ ઈલાહાબાદના ‘રન-વે ત્રણ’ પર સરકી આવ્યું. દિલ્લીથી આવેલા અર્ધો ડઝન જેટલા પેસેન્જરો એક પછી એક વિમાન બહાર નીકળી એરટર્મિનસના નાનકડા ચણતરની દિશામાં આગળ વધવા લાગ્યા. એ પેસેન્જરો વચ્ચે કાળા પોશાકવાળો લાજપતરાય તદ્દન જુદો તરી આવતો હતો. વિશેષમાં તેણે પોતાના શીળીના ગોબાવાળા ચહેરા પર ગોગલ્સ પહેર્યા હતાં. હાથમાં નાનકડી બ્રિફિકેસ હતી.

એર ટર્મિનસના ચણતર બહાર આવી તેણે સૂના માર્ગ પર વાહન માટે નજર પાથરી. પ્રાઈવેટ કાર જેવી એક ભાડાની ગાડી તેની નજરે પડી અને કોઈ બીજું પેસેન્જર એમાં ધસી જાય એ પહેલાં તે દરવાજો ખોલી બેસી ગયો.

-ક્યાં જશો, સાહેબ ? ડ્રાઇવરે ગાડી સ્ટાર્ટ કરતાં પૂછ્યું.

-રિટ્ટ્ઝ હોટલ. કહેતાં લાજપતરાયે કાંડા-ઘડિયાળમાં જોયું. રાતના નવ વાગી ગયા હતા. અંધારી સડક પર હેડલાઈટનો પ્રકાશ પાથરતી કાર ઝપાટાબંધ આગળ વધી રહી હતી. ટાઢને કારણે રસ્તાઓ લગભગ ખાલી હતા. દૂર દૂર ઊભેલી ગેસલાઈટો મર્યાદિત ક્ષેત્રમાં પ્રકાશ પાથરી રહી હતી.

કાર સૂની સડક પાર કરી શહેરમાં દાખલ થઈ અને ચહલપહલ નજરે પડી. હોટલો તથા પાનબીડીની દુકાનો હજી ખુલ્લી હતી. બાકીની દુકાનોનાં પાટિયાં પડેલાં હતાં. ખૂણેખાંચરે બેસી બીડી ફૂંકતા પુરુષો અને તાપણા સામે કુંડાળું રચી બેઠેલી નાની નાની મંડળીઓને પાછળ મૂકતી કાર રિટ્ટ્ઝ હોટલ સામે આવી થોભી ગઈ. હોટલના પ્રવેશમાં ઊભેલા ચોકીદારે ફૂટપાથ પર દોડી આવતાં કારનો દરવાજો ખોલી એક સલામ ઠોકી.

-સોરી જેન્ટલમેન ! લાજપતરાય સામે આવતાં રિટ્ટ્ઝ હોટલનો ડેસ્કક્લાર્ક બોલી ઊઠયો. એકે રૂમ ખાલી નથી. ચશ્માંની દાંડી પાછળથી તે જોઈ રહ્યો હતો.

-પણ...

લાજપતરાય કાંઈ કહેવા ગયો, તેને રોકતાં ડેસ્કક્લાર્ક વચ્ચે જ કહ્યું - લગભગ આખી હોટલ નેતાજી તથા તેમના સાથીઓ માટે ત્રણ દિવસ પહેલાં જ બૂક થઈ ચૂકી છે.

લાજપતરાયે ગોગલ્સના કાચ પાછળથી એક નજર આસપાસ ઘુમાવી. આઝાદ હિંદ ફોજના સૈનિક પોશાકમાં ટહેલતા નેતાજીના થોડાક સાથીઓ તેની નજરે પડ્યા. તેણે ફરી ડેસ્કક્લાર્ક સામે જોઈ જણાવ્યું – એક અઠવાડિયા પહેલાં મેં દિલ્લીથી બૂકિંગ કરાવ્યું છે.

-એક મિનિટ ! કહેતાં ડેસ્કક્લાર્ક રજિસ્ટર ખોલ્યું, ચશ્માની દાંડી નાક પર ઊતરી આવી. તમારું નામ ?

-લાજપતરાય,

ચશ્માની દાંડી ઉપર ચડાવતાં ડેસ્કક્લાર્ક રજિસ્ટરનાં બે પાનાં ઊડતી નજરે જોઈ ગયો. ત્રીજા પાને નામ નજરે પડતાં તેણે ચહેરો ઊંચો કર્યો – પંચાવન નંબર તમારા નામે બૂક છે. કહેતાં તેણે સસ્મિત બિલબૂક ખોલી, માત્ર ચોવીસ કલાક માટે, ખરું ?

લાજપતરાયે ઇશારાથી ‘હા’ કહી

. -બસો પચીસ રૂપિયા ભાડાના ઝડપથી રસીદ તૈયાર કરતાં ડેસ્કક્લાર્ક બોલી રહ્યો હતો, સો રૂપિયા ડિપોઝીટ. લાજપતરાયે વોલેટ કાઢી નોટો ગણી દીધી.

દસ ને પાંચે તે પોતાના ‘સ્વિટ’માં વ્હિસ્કિ પીતો સોફામાં બેઠો. હતો. ડિનર તેણે પોતાની રૂમમાં જ મંગાવ્યું હતું. તે નહોતો. ઈચ્છતો કે હોટલના વિશાળ ડાઇનિંગ હોલમાં સ્ત્રી-પુરુષો વચ્ચે બેસી ડિનર લે. ખાસ કરી પુરુષોનો તેને ભય હતો. એ પુરુષો જે તેના સાથીઓ હતા. એ પુરુષો જે તેને આઝાદ હિંદ ફોજના એક સૈનિક તરીકે ઓળખતા હતા. થોડાક એવા પણ હતા જે તેને બ્રિટિશ એજન્ટ તરીકે જાણતા હતા. પરંતુ તેઓનો લાજપતરાયને ભય નહોતો. કારણ કે તેઓ ગણ્યાગાંઠયા હતા. જૂજ હતા. કદાચ તેઓ જીવિત ન પણ હોય ! વર્ષો પહેલાંના એ પરિચિતો હતા. એ સમયે લાજપતરાય બ્રિટિશ સૈન્યનો ભારતીય સૈનિક હતો. અંગ્રેજોનો વફાદાર હતો. અંગ્રેજો તેના માલિક હતા. એ માલિકોનું તેણે લૂણ ખાધું હતું. અને માલિકનું લૂણ ખાઈ માલિકથી ગદ્દારી ન થાય.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કર્નલ ગુલમહંમદ બ્રિટિશરોની ફોજ સાથે બર્મા-મલાયાના મોરચે જાપાનીઓ સામે લડવા ગયો હતો તો લાજપતરાય આફ્રિકાના મોરચે. એ દિવસોમાં ડેઝર્ટ ફોક્સ’ના નામે ઓળખાતા નાઝી સેનાપતિ રોમેલે આફ્રિકામાં હાહાકાર મચાવ્યો હતો. બ્રિટિશ દળો આફ્રિકાના દરેક મોરચે ફટકા ઉપર ફટકા ખાઈ રહ્યા હતા. રોમેલના એવા જ એક સપાટામાં બ્રિટિશ દળની એક આખી ટુકડી સાથે લાજપતરાય પણ ગિરફતાર થઈ નાઝીઓનો યુદ્ધકેદી બન્યો. તેની સાથે બ્રિટિશ દળના સેંકડો ભારતીય સૈનિકો પણ હતા. એ સર્વેને બંદી બનાવી જર્મની લાવવામાં આવ્યા. હજારોની સંખ્યામાં વિશ્વના જુદા જુદા દેશોમાંથી ગિરફતાર થઈ આવેલા ભારતીય સૈનિકોને નેતાજીએ પ્રેરણા દીધી. એ સમયે નેતાજી જર્મનીમાં હતા. પ્રથમ જર્મનીમાં આઝાદ હિંદ ફોજની સ્થાપના થઈ. લાજપતરાયે તક ઝડપી લીધી. તે પણ આઝાદ હિંદ ફોજમાં ભરતી થઈ ગયો. પરંતુ તેનો આશય જુદો હતો. જાહેરમાં તે આઝાદ હિંદ ફોજનો સૈનિક હતો. ખાનગીમાં તે બ્રિટિશ એજન્ટ હતો. આઝાદ હિંદ ફોજની ગતિવિધિની સઘળી માહિતીઓ તે અંગ્રેજોને પૂરી પાડતો હતો. બીજા વિશ્વયુદ્ધના અંત સુધી તેણે બ્રિટિશરોની વફાદારીપૂર્વક સેવા બજાવી હતી. યુદ્ધ પૂર્ણ થતાં તે ભારત પાછો ન ફર્યો. લંડનમાં જ તેણે ઘર વસાવ્યું. બ્રિટનની તેને નેશનાલિટી મળી હતી.

અધા કલાક પછી ડિનરની ટ્રોલી સાથે બેરા તેની રૂમમાં પ્રવેશતાં તેણે વ્હિસ્કીનો છેલ્લો ઘૂંટ ભરી ગ્લાસ નીચે મૂક્યો. અત્યાર સુધીમાં તે સાત પેગ પી ચૂક્યો હતો, છતાં તે પૂર્ણ સ્વસ્થ લાગતો હતો. એકાદ બે પેગની હજી ગુંજાઈશ પણ હતી. ઈચ્છા નહોતી.

તેણે વાનગીઓ પર નજર પાથરી. તેની સામેના સેન્ટર ટેબલ પર વાનગીઓની પ્લેટો ગોઠવી બેરા ટ્રોલીને ઘસડતો પાછો ગયો હતો. તેના ઓડર મુજબની સર્વે વાનગીઓ તેની સામે હતી. ફ્રાઈ થયેલી એક આખી મરઘી, મલાઈ કોફતા, પ્રોન્સ પુલાવ અને પુડિંગ. સહુ પ્રથમ તેણે આખી મરઘીને બંને હાથમાં લઈ વરુની જેમ તેમાં દાંત ભેરવ્યા. એક મોટો કટકો ખેંચી લઈ તે ચાવવા લાગ્યો.

લાજપતરાયનો બે રૂમવાળો 'સ્વિટ’ હોટલના ચોથા મજલે હતો. સાથે રસ્તા તરફ પડતી બાલ્કની પણ હતી. એ જ આવાસ નીચે ત્રીજે મજલે નેતાજીનો આવાસ પણ હતો. પદયાત્રા કરતાં નેતાજી આજે પોતાના સવાસો જેટલા સાથીઓ જોડે ઈલાહાબાદ આવી પહોંચ્યા હતા. કલકત્તાથી તેમણે પદયાત્રા શરૂ કરી ત્યારે તેમની જોડે લગભગ દોઢસોથી વધુ સાથીઓ હતા. ખડકપુર, જમશેદપુર થઈ કાફલો બિહારના છત્તરપુરમાં દાખલ થયો હતો. છત્તરપુરમાં પચીસેક જેટલા સાથીઓ રોકાઈ ગયા હતા. રોકાવાનું કારણ માત્ર આટલું જ હતું કે પગપાળા આગળ વધવાની તેઓની શક્તિ ખૂટી ગઈ હતી. છત્તરપુરથી મિર્ઝ઼ાપુર થઈ ઈલાહાબાદ સુધી

આવતાં વધુ પાંત્રીસ પદયાત્રીઓ પાછા ફરી ગયા હતા. ઈલાહાબાદની 'તરુણ ક્રાંતિ દળ'ની શાખાએ નેતાજી તથા તેમના બાકીના સાથીઓ માટે રિટ્રઝ હોટલ બૂક કરાવી હતી. એક આખો ફલોર નેતાજી માટે અલગ રાખવામાં આવ્યો હતો.

ચાર મજલાની હોટલની બાકીની રૂમોમાં તેમના સાથીઓ વહેંચાઈ ગયા હતા. અકેક રૂમમાં બબ્બો ત્રણ ત્રણ સાથીઓ માટે રાતવાસો કરવાની વ્યવસ્થા હતી. કનલ ગુલમહમદ તથા તલવારસિંઘ, નેતાજીના બોડીગાડ, આઝાદ હિંદ ફોજના સૈનિક પોશાકમાં પહેરો ભરતા નેતાજીના કમરા બહાર ટટ્ટાર ઊભા હતા. કમરાનો દરવાજો બંધ હતો. બંનેને આશ્રય થઈ રહ્યું હતું.

ઈલાહાબાદમાં નેતાજીએ કોઈને પણ મુલાકાત દેવાની સ્પષ્ટ 'ના' કહી હતી. 'તરુણ ક્રાંતિ દળ'ના નેતાઓને પણ નહિ. પ્રેસને પણ નહિ. ઈલાહાબાદમાં વસતા તેમના પુરાણા સાથીઓને પણ નહિ જ. નેતાજીના ઈલાહાબાદમાં આગમન થયા પછી અનેક મુલાકાતીઓ તેમને મળવા ધસી આવ્યા હતા અને ડેસ્કક્લાર્કે નીચેથી જ એ સર્વેને પાછા કાઢયા હતા.

-નેતાજીને આ શું સૂઝયું ? તલવારસિંઘ દબાયેલા સ્વરે કહી રહ્યો હતો. દરેક ગામે તેમણે રાતના બબ્બે ત્રણ ત્રણ વાગ્યા સુધી તેમના ચાહકો તથા તરુણ ક્રાંતિ દળના સંચાલકોને મુલાકાત દીધી હતી અને ઈલાહાબાદ આવતાં તેમણે એકાએક એકાંતવાસ સ્વીકારી લીધો.

કર્નલ ગુલમહંમદે એક બીડી સળગાવી પોતાની બુદ્ધિને કસી જોઈ. પછી કહ્યું – કદાચ ને તેમની તબિયત લથડી હોય ! આમ પણ તેમને એકાંતવાસની જરૂર હતી. મને આશા છે કે થોડાક કલાકો સાધનામાં ગાળ્યા પછી તે ફરી સ્વસ્થ થઈ જશે !

–મને શંકા છે ! તલવારસિંઘે તુરત જણાવ્યું. આપણે મિર્ઝાપુરમાં રાતવાસો કર્યો ત્યારથી જ તેમના સ્વભાવમાં સ્પષ્ટ પરિવર્તન આવ્યું હતું. કોઈ મુલાકાતી પર તે અકારણ ભડકી ગયા હતા.

અકારણ ? કર્નલ ગુલમહંમદે બીડીનો કશ લેતાં વિચાર્યું. નેતાજી ક્યારેય કોઈ વ્યક્તિ પર આકારણ રોષે નથી ભરાતા. પરંતુ મિર્ઝાપુરની વાત જુદી હતી. વિરોધપક્ષનો કોઈ સભ્ય તેમની મુલાકાતે આવ્યો હતો. નેતાજી જોડે તેણે રાજદ્વારી બાબતો પર ચર્ચા કરી હતી. ખાસ કરીને કેરલમાં આવી રહેલી વચગાળાની ચૂંટણી વિષે. નેતાજીનો તે સહકાર ઇચ્છતો હતો. નેતાજીનો સહકાર મળતાં કેરલની ચૂંટણી વિરોધપક્ષો સંયુક્ત મોરચો રચી સરળતાથી જીતી શકતા હતા. અને નેતાજી તેના પર વરસી પડ્યા. તેનું અપમાન કરી નેતાજીએ તેને બહાર ધકેલી દીધો. પછી લાંબા સમય સુધી તે એકલા બકવાટ કરતા રહ્યા હતા.

દૂરના ટાવરની ઘડિયાળમાંથી રાત્રિના બારના ડંકા ફેલાયા. લાજપતરાય પોતાની રૂમના સોફામાં પગ લંબાવી બેઠો હતો, ઊભો થયો. થોડાંક પગલાં ભરી તે બાલ્કનીમાં આવ્યો અને એક નજર દૂર સુધી પાથરી. હોટલના ચોથે મજલેથી તે અધી શહેરને સ્પષ્ટ જોઈ શકતો હતો. પરંતુ રાતના આ સમયે તેણે માત્ર અંધકાર અને તેમાં પ્રકાશ પાથરતી બત્તીઓ, મકાનોનાં છાપરાં તથા બંધ બારીઓના ઊજળા પીળા કાચ જોયા. તે પાછી પોતાની રૂમમાં આવ્યો. પલંગ પર પથરાયેલી ચાદર ખેંચી તેનો એક છેડો બાલ્કનીની લોઢાની જાળી જોડે બાંધ્યો અને તેના આધારે આસાનીથી સરકતો તે ત્રીજા મજલાની નેતાજીના રૂમની બાલ્કનીમાં કૂદી પડ્યો.

નેતાજીની રૂમ તેની બિલકુલ નીચે હતી. બાલ્કની તથા રૂમને અલગ કરતાં વચ્ચે કાચના વિશાળ દરવાજા હતા. અહીં બાલ્કનીના પારદર્શક કાચમાંથી તે આખી રૂમ નિહાળી શકતો હતો. નેતાજી દીવાલને ટેકે ફરશ પર બેઠા હતા. એશ-ટ્રે તેમની પડખે હતી. અત્યાર સુધીમાં સિગારેટનાં બે પાકીટો તે ખાલી કરી ચૂક્યા હતા. એશ-ટ્રે સિગારેટનાં ઠુંઠુંઓથી છલકાઈ ગઈ હતી. છત પર ધુમાડાનાં વાદળો તરી રહ્યાં હતાં. રૂમનું વાતાવરણ ધૂમિલ લાગતું હતું.

લાજપતરાય કાચના દરવાજાઓ સહેજ ખસેડી રૂમમાં પ્રવેશ્યો અને પહાડની જેમ નેતાજીની સામે ઊભો રહી ગયો. નેતાજીએ તેની સામે જોવાની દરકાર સુધ્ધાં ન કરી. બે આંગળીઓ વચ્ચે ગોઠવાયેલી સિગારેટના તે ચૂપચાપ કશ લેતા રહ્યા.

-વુલ્ફ ! નેતાજીને સંબોધી તેણે શરૂઆત કરી, આજે મુલાકાતીઓને પાછા શા માટે કાઢયા ?

ઉત્તરમાં કહેવાતા નેતાજીનો ચહેરો ધીરે ધીરે ઊંચો થયો. રાતી થઈ ગયેલી આંખો ઊંચી થઈ. લાજપતરાય જેવા પથ્થર દિલના માનવીની આંખો એ રાતી આંખો સામે જોઈ ન શકી. નેતાજીની સામેના સોફામાં તે બેસી ગયો.

ઠુંઠું થઈ ગયેલી સિગારેટને એશ-ટ્રેમાં દાબી દેતાં નેતાજી ઊભા થયા. લાજપતરાયે ફરી કહ્યું - મેં પહેલાંથી જ તને જણાવ્યું હતું કે ઈલાહાબાદમાં મારો માણસ પચાસ હજારની નોટો લઈ તારી મુલાકાતે આવશે ! શું હવે તને નાણાંની જરૂર નથી ?

નેતાજી તેની સામે સ્થિર દૃષ્ટિએ જોતાં ખામોશ ઊભા હતા. એ ખામોશી આજે લાજપતરાયને અકળાવી રહી હતી. તે બોલ્ય જતો હતો - બીજું, મૂળ યોજના મુજબ તે પાકિસ્તાનની મુલાકાતે જવાનો કાર્યક્રમ પણ રદ કરી નાખ્યો. શા માટે ? શા માટે તે આ પદયાત્રા શરૂ કરી ? તારી સાથે સ્પષ્ટ વાત થઈ હતી કે "ચલો દિલ્લી'નો માત્ર આદેશ જનતાને દઈ તારે વિમાનમાં દિલ્લી પહોંચી જવું.

અને એ ખરું જ હતું. નેતાજીના "ચલો દિલ્લી'ના આદેશને કારણે દેશના ખૂણે ખૂણામાંથી નેતાજીના ચાહકો તથા આઝાદ હિંદ ફોજના નિવૃત્ત સૈનિકો દિલ્લી ચાલ્યા આવત ! દિલ્લીમાં એક જબ્બર મોરચો તૈયાર થાત. એ મોરચો કહેવાતા નેતાજી પાલમેન્ટ હાઉસ પર લઈ જાત ! એક તરફથી નેતાજી પાલમેન્ટ હાઉસ પર ધસી જાત અને બીજી તરફથી લાજપતરાય પોતાના સાથીઓ જોડે દિલ્લી રેડિયો સ્ટેશનનો કબજો લેત. એ જ દિવસે એક દિશામાંથી પાકિસ્તાન કાશ્મિર પર ખાબકતે અને પૂર્વમાં ચીની સૈન્ય સીમાડાઓને ઘેરી તૈયાર ઊભું રહેત. આ અફલાતુન યોજના પર કહેવાતા નેતાજીએ પાણી ફેરવી દીધું. લાજપતરાય પૂછી રહ્યો હતો – શા માટે વુલ્ફ ? મૂળ યોજનામાં ફેરફાર કરવાનો અધિકાર તને કોણે દીધો ?

ઉત્તરમાં નેતાજીએ તેને ડોકમાંથી પકડી ઊભો કર્યો. લાજપતરાય ધ્રૂજી ઊઠયો. નેતાજીએ તેનો ચહેરો સામે લેતાં માત્ર એક જ પ્રશ્ન કર્યો – અનિતાની હત્યા કોણે કરી ?

લાજપતરાયે આંખો પટપટાવી. આલોક ગુપ્તાની અનિતા જીવે કે મરે એમાં તેને લગારે રસ નહોતો; છતાં અનિતાનું મૃત્યુ થયું એ તેના માટે પણ સમાચાર હતા.

-શું અનિતા ખરેખર મરી ગઈ ?

નેતાજીએ તેને પાછો સોફામાં ફેંકી દેતાં પીઠ ફેરવી લીધી. તે સ્વગત કહી રહ્યા હતા - હે ભગવાન ! હજી કેટલાં પાપ મારા નામે આ દેશમાં થશે ? કેટલા પ્રાણો મારી આડમાં લેવાશે ?

-વુલ્ફ ! લાજપતરાયે તેમની પીઠ જોતાં આશ્ચર્ય વ્યક્ત કર્યું. આટલો નિબળ તું ક્યારથી થઈ ગયો ? એ ન ભૂલ કે તું ધંધાદારી હત્યારો છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તે હજારો યહુદીઓને ગેસ ચેમ્બરમાં હોમી દીધા હતા. ધાવણાં બાળકો સાથે તે સુવાવડી માતાઓને પણ ગૂંગળાવીને મારી નાખી હતી. પરંતુ આમ એક સામાન્ય માનવીની જેમ કલ્પાંત કરતાં મેં તને ક્યારેય નહોતો જોયો. કહેતાં તેણે ઉમેર્યું – આપણા ધંધામાં એક છોકરી જીવે કે મરે એથી શું ફેર પડે છે ?

નેતાજીએ દીવાલને ટેકે ઊભા રહી જતાં તેની સામે જોઈ રૂંધાયેલા સ્વરે કહ્યું - તારી વાત ખરી છે, લાજપત ! છતાં મને પીડા કેમ થાય છે ? પળપળે કોઈ મારું હૃદય ખોતરી રહ્યું હોય એવો ભાસ કેમ થાય છે ? હું જાણું છું, મારા જીવનનું આ છેલ્લું એસાઈનમેન્ટ છે. છેલ્લો સોદો

છે. આ યોજના પાર પડતાં હું મારું બાકી જીવન મારા પરિવાર જોડે નિશ્ચિંતતાપૂર્વક ગાળી શકીશ. અને આ જ યોજના મને હાથમાંથી સરી જતી લાગે છે. ન જાણે કેમ નેતાજીનો આ પોશાક ધારણ કરતાં નેતાજીનું હૃદય પણ મારી છાતીમાં ધબકી ઊઠે છે.

-વુલ્ફ ! લાજપતરાયે ઊભા થઈ તેમની દિશામાં પગલાં ભરતાં કહ્યું. બસ, હવે થોડાક દિવસોની આ રમત છે. થોડીક હિંમતની તને જરૂર છે. તું ક્યાં નથી જાણતો કે 'ઓપરેશન-ગુલમહોર'ની યોજના સાથે મારું ભાવિ પણ સંકળાયેલું છે. યોજના સફળ થતાં પાંચ લાખ ડૉલર તને મળશે તો એક લાખ ડોલર સ્વિસ બેન્ક'ના ખાતામાં મારા નામે પણ જમા થશે !

કહેવાતા નેતાજીના ખભા પર તેણે બંને હાથ મૂકી દેતાં આગળ ચલાવ્યું – ભૂલી જા અનિતાના મૃત્યુને ! ભૂલી જા સર્વ કાંઈ ! પાકિસ્તાને આવતા ઓગસ્ટમાં કાશ્મિર પર ત્રાટકવાનું નક્કી કર્યું છે. એ દરમિયાન તું નક્કી દિલ્લી પહોંચી જઈશ. તારી પહેલાં નેતાજીના ભક્તો તથા આઝાદ હિંદ ફોજના રિટાયર્ડ સૈનિકો દિલ્લી પહોંચી ગયા હશે. ભારતમાં સશસ્ત્ર બળવો પોકારવા માટે આઠમી ઓગસ્ટનો દિવસ નક્કી થયો છે એ ભૂલીશ નહિ.

વુલ્ફ ઉર્ફે કહેવાતા નેતાજી વિચારોમાં લીન હતા. જાણે તેમણે લાજપતરાયના શબ્દો સાંભળ્યા જ નહોતા. લાજપતરાયે તેમના ખભા હલાવતાં ઉમેર્યું - વુલ્ફ ! હું તારી જોડે વાત કરી રહ્યો છું.

લાજપતરાયનો ચહેરો તેમની સામે જ હતો, છતાં સ્પષ્ટ કેમ નહોતો દેખાતો. તેમણે સપ્રયાસ આંખોને કેંદ્રિત કરી. પછી કહ્યું – લાજપત ! હું સર્વ કાંઈ કરવા તૈયાર છું, પણ મારી એક વિનંતી છે.

–કહે !

–મને મારો નાઝી સૈનિકનો પોશાક લાવી દે ! વુલ્ફ ઉર્ફે કહેવાતા નેતાજી બોલી રહ્યા હતા. આ... આ નેતાજીનાં વસ્ત્રોનો બોજ હવે મારાથી સહન નથી થતો. હું મૂંઝાઈ ગયો છું, લાજપત ! હું રૂંધાઈ ગયો છું ! પ્લીઝ... મને આ પોશાકમાંથી બહાર કાઢ...

લાજપતરાયને લાગ્યું, કહેવાતા નેતાજી પોતાની માનસિક સમતુલા ખોઈ રહ્યા હતા. તેમનો વર્તાવ ગાંડપણની દિશામાં આગળ વધી રહ્યો હતો. નેતાજીનો પોશાક તો હળવો ફૂલ જેવો હતો. કૂરતું, ધોતી, ખભે શાલ અને માથે ગાંધી ટોપી. છતાં તેમને આ પોશાક ભારે લાગતો હતો !

તે કાંઈ વધુ વિચારે એ પહેલાં જ કહેવાતા નેતાજીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. લાજપતરાય એક બાળક જેમ તેમને દોરી સોફા સુધી લઈ આવ્યો અને સોફામાં બેસાડ્યા. પછી કહ્યું – વુલ્ફ ! તને એકાદ બે દિવસ માટે આરામની જરૂર છે.

નેતાજી સોફામાં બેસી ચૂપચાપ રડતા રહ્યા. લાજપતરાયે સપને પણ નહોતું ધાર્યું કે વુલ્ફ સાથે ઘડેલી જબ્બર યોજના 'ઓપરેશન-ગુલમહોર' અચાનક ડામાડોળ થઈ જશે. હવે કેટલા દિવસ, કેટલા મહિના બાકી હતા ? અને વુલ્ફ પડી ભાંગ્યો હતો. અહીં બળ નહિ, કળથી કામ લેવાની જરૂર હતી.

-વુલ્ફ... તેણે સામે સોફામાં બેસી જતાં કહેવાતા નેતાજીને સંબોધી જણાવ્યું. તું હિંમત હારી જઈશ તો એમાં તારું ભલું નથી. મારું પણ નથી. વિશેષમાં આપણું રહસ્ય વધુ સમય ટકી નહીં શકે ! તું છતો થઈ જઈશ અને એક તરફથી ભારત સરકાર તને ફાંસીને માચડે ચડાવવા ઉતાવળી થશે, તો બીજી તરફથી સી.આઈ.એ. તને ભડાકે દેવા ધસી આવશે. કેજીબી પણ તને જીવતો નહિ છોડે. તું શું કરીશ ? તારી પત્ની તથા પુત્રીનો પણ તે વિચાર કર્યો છે ? તારા મૃત્યુ પછી તેઓની સ્થિતિ શું થશે એની તને કલ્પના છે ?

વુલ્ફ બોનસાર્ટ ઉર્ફ કહેવાતા નેતાજીની આંખો સ્થિર થઈ ગઈ. લાજપતરાયે ખરું જ કહ્યું

હતું. 'ઓપરેશન-ગુલમહોર' પહેલાંનાં તેનાં બે વર્ષો તદ્દન કંગાળ ગયાં હતાં. તેની ઉમર પણ થવા આવી હતી. તેના પ્રતિસ્પધીઓ વધી ગયા હતા. ધંધાદારી હત્યારાઓનો જાણે રાફડો ફાટ્યો હતો. હવે પહેલાં જેવી આવક આ ધંધામાં નહોતી રહી.

છતાં તે ભાગ્યશાળી હતો. નેતાજીના તે સંપર્કમાં આવ્યો હતો. નેતાજીનો તેણે નજીકથી અભ્યાસ કર્યો હતો. એ દિવસોમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ જર્મનીમાં હતા. બીજું, મામૂલી પ્લાસ્ટિક સર્જરીના પરિણામે તેનો ચહેરો સરળતાથી નેતાજીનું રૂપ ધારણ કરી શકતો હતો. ત્રીજું, તે અભિનેતા પણ હતો. આ બધાં કારણોને લક્ષમાં લઈ 'ઓપરેશન-ગુલમહોર' તેને સોંપવામાં આવ્યું હતું. આ સોદો તેના જીવનનો આખરી જુગાર હતો. સહેજ વધુ વિચારતાં વાસ્તવિકતા સામે આવી ગઈ. કહેવાતા નેતાજી વુલ્ફના ખોળિયાની દિશામાં પીછેહઠ કરી ગયા.

લાજપતરાય તેમના ચહેરાનો બારીકીથી અભ્યાસ કરી રહ્યો હતો. તેને લાગ્યું, એ ચહેરાની આસપાસ તરતી ઉદાસીના ગોટા વિખરાઈ રહ્યા હતા. ચહેરો ધીરે ધીરે સ્પષ્ટ થતો જતો હતો. થઈ ગયો. લાજપતરાય ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢી કહેવાતા નેતાજી સામે આવ્યો અને એક સિગારેટ તેમના હોઠ વચ્ચે ગોઠવી લાઈટર ક્લિક કર્યું.

-લાજપત ! કહેવાતા નેતાજીએ ઊંડો કશ લેતાં કહ્યું, અત્યારે મને તારી જેવા મિત્રના ટેકાની જરૂર હતી. આજે તું ન આવ્યો હોત તો કદાચ એકાદ બે દિવસમાં મેં આત્મહત્યા કરી લીધી હોત !

-જીવનની વાત કર, વુલ્ફ ! લાજપતરાયે ફરી પોતાના સોફામાં ગોઠવાઈ જતાં સ્મિત ફરકાવ્યું, મૃત્યુ આપણી સામે આંખો ઊંચી કરશે. તો તેની આંખો ખેંચી લેતાં પણ હું જાણું છું.

કહેવાતા નેતાજીએ ખિસ્સામાંથી એક પરબીડિયું કાઢી તેની સામે ધર્યું - તે જીવનની વાત કહી તો આ પત્ર યાદ આવ્યો.

-ઘર પણ યાદ આવ્યું હશે ! લાજપતરાયે પણ બેઠાં બેઠાં હાથ લંબાવી પરબીડિયું લીધું.

–છેલ્લા બે મહિનાથી પત્નીને એકે પત્ર નથી લખ્યો.

–કાલે સવારે જ પોસ્ટ કરી દઈશ. પરબીડિયાને કાળી પેન્ટના ખિસ્સામાં સરકાવતાં તેણે પૂછી લીધું, કાલે વહેલી સવારે તું અહીંથી રવાના થઈશ, ખરું ?

સિગારેટના બે ઊંડા કશો લઈ નેતાજી ઊભા થઈ ગયા. બાલ્કનીના વિશાળ કાચના દરવાજા પડદા પાછળ ઢંકાયેલા હતા. નેતાજીએ પડદા ખેંચી લીધા. પ્હો ફાટવાની તૈયારીમાં હતું. લાજપતરાય ચોંકીને બાલ્કની પાસે દોડી આવ્યો. સમય એટલી ઝડપથી પસાર થઈ ગયો કે રાત ક્યારે વીતી એનો તેને ખ્યાલ જ નહોતો રહ્યો.

પળભર માટે બંને જણા અંધારા આકાશને ક્ષણે ક્ષણે તૂટતા ચૂપચાપ જોઈ રહ્યા. હજી તારાઓ નજરે પડતા હતા. હજી ચંદ્રમા આંખો સામે હતો, પરંતુ ઝાંખો અને કપાઈ ગયેલો. સૂસવાટ કરતો ટાઢો પવન ફૂંકાઈ રહ્યો હતો. બાલ્કનીના પડદાઓ સાથે નેતાજીનાં વસ્ત્રો લહેરાવા લાગ્યાં.

–અહીંથી કાફલો ક્યાં જશે ? લાજપતરાયે પોતાના બંને હાથ પેન્ટના ખિસ્સામાં નાખી દેતાં પૂછ્યું.

-ફત્તેહપુર, નેતાજીએ જણાવ્યું, ત્યાંથી કાનપુર, ઈટાવહ, આગ્રા અને મથુરા થઈ દિલ્લી પહોંચશું.

-ફતેહપુરમાં હું પચાસ હજાર રૂપિયા મોકલાવવાની વ્યવસ્થા કરીશ. લાજપતરાયે ખિસ્સામાંથી હાથ કાઢયા, કૃપા કરી આ વખતે મુલાકાતીઓને પાછા ધકેલી નહિ દેતો !

નેતાજીએ સસ્મિત 'ના' કહી. લાજપતરાયના હાથ ઊંચા થયા. ઉપરની બાલ્કનીમાંથી

ઝૂલતી પલંગની ચાદર ફૂંકાતા પવનમાં ઝોલાં ખાઈ રહી હતી. તે ઊછળ્યો અને ચાદર હાથમાં આવતા લટકી ગયો. નેતાજી જોઈ રહ્યા. ધીરે ધીરે અક્કેક હાથ વારાફરતી ઉપર લઈ તે ઉપરની તરફ સરકતો જતો હતો. તેના ઝૂલતા પગ ખેંચાતા જતા હતા. થોડીક પળોમાં એ પણ અદ્રસ્ય થઈ ગયા. ચાદર પણ ખેંચાઈ ગઈ.

એ સમયે પ્હો ફાટી ચૂક્યું હતું.



૨૬

આલોક ગુપ્તા એક અઠવાડિયા પહેલાં જ પેરિસ આવી પહોંચ્યો હતો. શરૂઆતના બે દિવસો તેણે કહેવાતા નેતાજી ઉર્ફે વુલ્ફ બ્રોનસોર્ટ જર્મન હત્યારા વિષેની શક્ય તેટલી વિગતવાર માહિતી મેળવવાના પ્રયાસ કર્યા. તે પત્રકારોને મળ્યો. એ પત્રકારો જેઓ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સક્રિય હતા. તે છાપામારોને મળ્યો. એ છાપામારો જેઓએ ફ્રાંસને જર્મનીના અંકુશ હેઠળથી મુક્ત કરવા જર્મન સૈન્યોની ઊંઘ હરામ કરી દીધી હતી. અને તેણે ઈન્ટરપોલના મથકની મુલાકાત લીધી હતી.

ઈન્ટરપોલ પાસે વુલ્ફ બ્રોનસોર્ટ વિષેની જેટલી માહિતીઓ હતી એ સર્વ તે સી.બી.આઈ.ને આપી ચૂકી હતી અને એ ટાઈપ થયેલાં પાનાંઓ આલોક ગુપ્તા ઝીણવટથી વાંચી ગયો હતો. એ સિવાય ઈન્ટરપોલ પાસે વિશેષ માહિતી નહોતી.

આલોક ગુપ્તા નિરાશ ન થયો. ત્રીજે દિવસે તેણે ફરી એક વાર ઈન્ટરપોલના મથકની મુલાકાત લીધી. કદાચને ખૂટતી કડી મળી જાય ! ખાસ કરીને તેને એ જાણવું હતું કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 'મિત્ર રાજ્યો'ના સૈન્ય વુલ્ફ બ્રોનસોર્ટને ફ્રાંસમાં ગિરફતાર કર્યો હતો. તે યુદ્ધકેદી હતો, છતાં તેને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યો હતો. કારણ ? પુરાવાનો અભાવ. ઈન્ટરપોલનો રિપોર્ટ એમ જ કહેતો હતો. શું એ શક્ય હતું ? વુલ્ફ બોનસોર્ટ જેવા પ્રસિદ્ધ નાઝી હત્યારા વિરુદ્ધ 'મિત્ર રાજ્ય'નાં દળો પુરાવા મેળવવામાં નિષ્ફળ રહ્યાં હતાં ?

આ પ્રશ્નોના ઉત્તર પણ ઈન્ટરપોલ પાસે નહોતા, કારણ કે ઈન્ટરપોલના પોતાના જાસૂસ નથી હોતા. ઈન્ટરપોલ પોતાને જોઈતી માહિતીઓ માટે સભ્ય દેશોની પોલીસ તથા જાસૂસો પર આધાર રાખતી હોય છે.

–તમારી ફાઈલોમાં એ તો નોંધાયું હશે કે વુલ્ફ બોનસોર્ટને ગિરફતાર કરનારા અધિકારીઓ કોણ હતા ? આલોક ગુપ્તાએ રેફરંન્સ વિભાગની ચીફ મિસ માગરિટને સંબોધી પ્રશ્ન કર્યો.

મિસ માગરિટે વુલ્ફ બ્રોનસોર્ટની ફાઈલનાં થોડાંક પાનાં ઉથલાવી ઉત્તર દીધો - અમેરિકન દળના કર્નલ જહોન, બ્રિટિશ સૈન્યના મેજર ટેલર તથા મેજર લોકફિલ્ડ ૧૯૪૪ની સાલમાં ફ્રાંસના ગામ રુલે' પર ચડાઈ લઈ ગયા હતા. એ સમયે વુલ્ફ બ્રોનસાર્ટ ત્યાં જ હતો.

–એ અફસરોનાં સરનામાં મળી શકે ?

–એક મિનિટ ! કહેતાં મિસ માગરિટે ફાઈલના થોડાંક વધુ પાનાં ઉથલાવ્યાં. પછી ઉમેર્યું – આઈ એમ સૉરી મિસ્ટર ગુપ્તા ! એ ત્રણ અફસરોમાંથી બે મૃત્યુ પામ્યા છે. ત્રીજા, કર્નલ જહોન અહીં પેરિસમાં જ રહે છે.

આલોક ગુપ્તાએ કર્નલ જહોનના સરનામા સાથે તેમનો ટૂંક ઇતિહાસ પણ મેળવી લીધો. બીજા વિશ્વયુદ્ધ પછી કર્નલ જહોન સી.આઈ.એ.માં જોડાયા હતા. ૧૯૪૬ની સાલથી ૧૯૬૧ સુધી તેમણે સી.આઈ.એ.માં સક્રિય ભાગ ભજવ્યો હતો. ક્યુબામાં ફાટી નીકળેલા બળવા સમયે તે ગૌતમાલમાં હતા અને સી.આઈ.એ.ના હાથ નીચે તાલીમ લેતા કયૂબન ગેરિલાઓને માર્ગદર્શન દેતા અફસરોમાંના એક હતા. વુલ્ફ બ્રોનસાર્ટ એ સમયે ક્યુબન ગેરિલા તરીકે ભરતી થયો હતો. અને 'ડબલ એજન્ટ" પુરવાર થતાં તેને સી.આઈ.એ.ના એક અધિકારીએ ઠાર કર્યો

હતો. શું એ અધિકારી કર્નલ જહોન હોઈ શકે ? કદાચને ન પણ હોય ! તોય વુલ્ફ બ્રોનસોર્ટ વિષેની કિંમતી માહિતીઓ તેમની પાસેથી મળી શકે એની બધી જ શક્યતાઓ હતી.

એક વધુ રાત પેરિસની શરટન હોટલમાં ગાળી આલોક ગુપ્તા કર્નલ જહોનની શોધમાં નીકળી પડ્યો. તેના ભાગ્ય સારાં હતાં. ટેક્સી ડ્રાઈવર તેને પ્રમાણિક મળ્યો. ઘટાદાર વૃક્ષોવાળા સીધા માર્ગે ટેક્સી દોડી રહી હતી. સડકની બંને તરફ પેરિશિયનો ઓછા નજરે પડતા હતા અને અમેરિકન તથા જર્મન ટૂરિસ્ટો વધુ ચેમ્પસ એલિસીસની સડકો પર ટહેલતાં, ખરીદી કરતાં પર્યટકોની ભીડ સ્પષ્ટ નજરે પડતી હતી.

ટૂંક સમય પછી ટેક્સી એક કળાત્મક બંગલા સામે આવી થોભી ગઈ. બંગલો અઢારમી સદીનો હતો, પરંતુ કાળજીપૂર્વકની માવજતને કારણે તદ્દન નવા જેવો લાગતો હતો. આલોક ગુપ્તાએ બંગલા બહારનું પાટિયું ટેક્સીમાંથી જ ઊડતી નજરે જોઈ લીધું. ખાતરી થઈ ગઈ. રિટાયર્ડ કર્નલ જહોન અહીં જ રહેતા હતા.

ટેક્સીનું મિટર ચૂકવી તે તુરંત બહાર નીકળી ગયો. બંગલાના પ્રવેશ સુધી પહોંચતાં તેણે ચોપાસ જોઈ લીધું. પ્રવેશની સામે એક હોજ હતો અને હોજમાં રંગીન માછલીઓ નજરે પડતી હતી. દરવાજા પાસે ઈલેક્ટ્રિક ડોરબેલના સ્થાને પાંચેક ઘંટડીઓનો એક ગુચ્છો ઝૂલી રહ્યો હતો.

આલોક ગુપ્તાએ એ ગુચ્છાને સહેજ હલાવ્યો અને તેનો મધુર રણકાર ગુંજી ઊઠયો. રણકાર શમે એ પહેલાં દરવાજો પણ ઊઘડી ગયો. એક યુવાન સ્ત્રી તેની સામે ઊભી હતી. પ્રથમ દષ્ટિએ ગમી જામ એવો સુડોળ તેના શરીરનો બાંધો હતો. ગાલ ગુલાબી હતા. આાંખો નીલી.

-હું ભારતથી આવ્યો છું. સ્ત્રી કાંઈ કહે એ પહેલાં જ આલોક ગુપ્તાએ શરૂઆત કરી, અને કર્નલ સાહેબને મળવા ઈચ્છ છું.

–કર્નલ સાહેબને તમે એ બાબત જાણ કરી છે ? સ્ત્રીએ પ્રશ્ન કર્યો.

–જી... તેણે જણાવ્યું. ગઈ કાલે સાંજે જ ફોન પર સમય લીધો છે.

-પ્લીઝ કમ !

એ સ્ત્રીની પાછળ પગલાં ભરતો આલોક ગુપ્તા અંદર પ્રવેશ્યો. બંગલો અંદરથી બે ભાગમાં વહેંચાયેલો હતો. ભોંયતળિયાનો ભાગ તથા પહેલો મજલો. પહેલા મજલે જવા માટે લોઢાની આકર્ષક સીડીઓ સહેજ ત્રાંસી થઈ ઉપરની તરફ જતી હતી.

આલોક ગુપ્તા પહેલા મજલાના બેઠકખંડમાં આવી એક સોફા પર બેસી ગયો. તેની સામેની દીવાલ પર મોડિગ્લીઆનીનું એક સુંદર તૈલચિત્ર ઝૂલી રહ્યું હતું. માથા પર બિલોરી કાચનું ઝુમ્મર હતું. એક ખૂણામાં હેનરી મૂરનું શિલ્પ પણ નજરે પડતું હતું. બેઠકનું ફર્નિચર નવું હોવા છતાં આ પુરાણી ઢબના ચણતર જોડે ભળી એક થઈ ગયું હતું.

-મિસ્ટર ગુપ્તા !

આલોક ગુપ્તાએ ચહેરો ફેરવી જોયું તો પ્રથમ સ્ત્રીનું સ્થાન એક બીજી સ્ત્રીએ લીધું હતું. આ સ્ત્રીનાં રાતાં ફૂલોની પ્રિન્ટવાળા કીમતી પોશાક પરથી આલોક ગુપ્તાએ કલ્પી લીધું. દરવાજો ખોલનારી સ્ત્રી આ બંગલાની નોકરાણી છે ! રાતાં ફૂલોની પ્રિન્ટવાળા ફ્રોકમાં સુસજજ સ્ત્રી કર્નલ જહોનની પત્ની હોવી જોઈએ !

-હું મિસિસ જહોન છું. શ્રીમતી જહોને તેની સામેના સોફામાં જગ્યા લેતાં ટૂંકમાં પોતાનો પરિચય દીધો. પછી કહ્યું, મિસ્ટર જહોનને આવતાં બે પાંચ મિનિટ થશે ! કહો, હું તમારી કાંઈ સેવા કરી શકું?

-હું થોડીક માહિતી મેળવવા આવ્યો છું. આલોક ગુપ્તાએ જણાવ્યું, અને એ મને કર્નલ સાહેબ પાસેથી જ મળી શકે એમ છે.

–તમે ઠંડું લેશો કે ગરમ ?

–એની જરૂર છે ?

ગુલાબી ગાલવાળી નોકરાણીએ ફરી બેઠકમાં દેખા દેતાં શ્રીમતી જહોને બે કૉફી માટે ઓડર દીધો. પછી આલોક ગુપ્તા સામે જોઈ પૂછ્યું - તમારે કયા વિષય પર માહિતી જોઈએ છે ?

આલોક ગુપ્તાએ ખરું કારણ ન જણાવતાં ઉત્તર દીધો - બીજા વિશ્વયુદ્ધના અમુક નાઝી હત્યારાઓ પર હું સંશોધન કરી રહ્યો છું.

–બીજા વિશ્વયુદ્ધ જોડે ભારતીઓને શો સંબંધ છે ? –

–બ્રિટિશ દળોમાં હજારો ભારતીય સૈનિકો હતા. આલોક ગુપ્તાએ કહ્યું, અને એ તમારા ખ્યાલમાં જ હશે !

-ઓહ યસ ! તે બોલી ઊઠી, એ ભારતીય દળોના એક ભાગે કોઈ ફોજ પણ સ્થાપી હતી.

-આઝાદ હિંદ ફોજ. આલોક ગુપ્તાએ સસ્મિત જણાવ્યું.

શ્રીમતી જહોને એકાએક ઊભી થઈ જતાં સ્મિતનો ઉત્તર સ્મિતથી દીધો - હવે હું રજા લઈશ. મિસ્ટર જહોન આવી રહ્યા છે.

આલોક ગુપ્તાએ ચહેરો ઘુમાવી જોયું તો કર્નલ જહોન સાવચેતીપૂર્વક પગલાં ભરતાં તેની દિશામાં આવી રહ્યા હતા. તેમની ચાલ જોઈ આલોક ગુપ્તાએ ધારી લીધું. તેમના એક પગમાં ખોડ હશે ! કદાચને પગ ખોટો પણ હોય ! ઉંમર સાંઠની આસપાસ હતી. ચહેરો ગોળ અને પ્રભાવશાળી. કાન સુધી દોડી જતી મૂછો, ઝીણી આંખો, પહોળા ખભા, પહોળી છાતી અને કસાયેલો બાંધો. કર્નલ જહોન ઘડપણની સીમમાં પ્રવેશી ચૂક્યા હોવા છતાં વૃદ્ધ નહોતા લાગતા. બલકે પ્રૌઢ લાગતા હતા

આલોક ગુપ્તાએ ઊભા થઈ તેમની જોડે સસ્મિત હાથ મેળવ્યો. ઔપચારિકતા પૂર્ણ થતાં કર્નલ જહોન તેની સામેના સોફામાં બેસી ગયા. આલોક ગુપ્તાએ જોયું તો તેમણે માત્ર એક જ પગ ગોઠણમાં વાળ્યો હતો. બીજો પગ લંબાયેલો હતો. આલોક ગુપ્તાની ધારણા ખરી પડી. કર્નલ જહોનનો એક પગ નકલી હતો.

–તમને તકલીફ દેવી પડી એ બદલ હું દિલગીર છું. આલોક ગુપ્તાએ શરૂઆત કરી.

–આમ તો હું કોઈને મુલાકાત દેતો નથી. કર્નલ જહોને પીઠ ટેકવી દેતાં જણાવ્યું. પરંતુ તમે લાંબો પ્રવાસ ખેડી અહીં સુધી આવ્યા છો એટલે તમને નિરાશ કરવાની હિંમત હું કરી ન શક્યો. કહો, તમારે શેના વિષે માહિતી જોઈએ છે ?

કર્નલ જહોન આટલી ઝડપથી મૂળ વિષય પર આવશે એમ આલોક ગુપ્તાએ નહોતું ધાર્યું – ૧૯૪૪ની સાલ અને જૂન મહિનો તમને યાદ હશે જ ! ઝડપથી વિચારી લેતાં આલોક ગુપ્તાએ કહ્યું.

–એ વર્ષે અમે અહીં, પેરિસમાં હતા. કર્નલે ઉત્તર દીધો. 'મિત્ર રાજ્યો'ના સૈન્ય ફ્રાંસને જર્મનીના તાબામાંથી છોડાવવા ફ્રાંસ પર હુમલો કર્યો હતો. ધમાસાણ યુદ્ધ ખેલાયું હતું.

–અને જર્મન સૈનિકો સાથે અનેક જર્મન અધિકારીઓને પણ મિત્ર રાજ્યોના સૈન્ય ગિરફતાર કર્યા હતા.

-ખરુ.

-એમાં વુલ્ફ બ્રોનસોર્ટ નામનો એક બદનામ નાઝી અધિકારી પણ હતો.

કર્નલ જહોન પળભર તેના ચહેરામાં જોઈ રહ્યા. નોકરાણી કોફીની કિટલી સાથે ટ્રેમાં બે પ્યાલા પણ લઈ આવી. ટ્રેને સેન્ટર ટેબલ પર ગોઠવી બંને પ્યાલા ભર્યા અને પાછી ચાલી ગઈ.

–વુલ્ફ બ્રોનસાર્ટમાં તમને કેમ રસ પડ્યો ? ઊંડા વિચારના અંતે તેમણે પ્રશ્ન કર્યો.

-જર્મનીમાં તૈયાર થયેલી આઝાદ હિંદ ફોજને ટ્રેઈન કરનારા અધિકારીઓમાં તે પણ એક હતો. આલોક ગુપ્તાએ કહ્યું.

-આઈ સી...એક પ્યાલો ઊંચકી આલોક ગુપ્તા સામે ધરતાં તેમણે સ્પષ્ટતા કરી. અહીંથી થોડે છેટેના એક ગામમાં વુલ્ફ બ્રોનસોર્ટ ગિરફતાર થતાં તેનો કબજો બ્રિટિશ દળના મેજર લોકફિલ્ડે લીધો હતો.

–એથી વિશેષ ?

-વુલ્ફ બ્રોનસોર્ટ વિષે તમારે શું જાણવું છે ?

–સર્વ કાંઈ કોફીનો ઘૂંટડો ભરી પ્યાલાને સેન્ટર ટેબલ પર મૂકી દેતાં આલોક ગુપ્તાએ કહ્યું, સન ૧૯૪૪ના જૂન મહિના સુધીની તેની સઘળી કડીઓ મને મળી ચૂકી છે. પરંતુ ૧૯૪૪ની સાલથી ૧૯૪૬ સુધીનો ગાળો તદ્દન કોરો છે. સન ૧૯૪૬ પછીની વુલ્ફની ગતિવિધિઓ વિષે પણ મેં માહિતીઓ એકઠી કરી છે, પરંતુ એ બાબત મને અમુક શંકા છે.

–તમે ઈન્ટરપોલમાં તપાસ કરી ?

-તેઓ પાસે પણ પૂરતી માહિતી નથી.

કર્નલ જહોને કૉફીનો પ્યાલો પૂરો કરી નીચે મૂક્યો. ફરી એક વાર તે ચૂપ થઈ ગયા.

-શું એ બાબત તમે કાંઈ પ્રકાશ પાડી શકો ? આલોક ગુપ્તાએ વિનત સ્વરે ઉમેર્યું.

-જરૂર. તેમણે કહ્યું, પણ મને શંકા છે. મારી વાત તમારે ગળે નહિ ઊતરે. બલકે કોઈ પણ ભારતીય એને નહિ સ્વીકારે.

–મને ખાતરી છે કે તમે જે કાંઈ કહેશો એ સત્ય જ હશે !

–અને ક્યારેક સત્ય એટલું કુરૂપ થઈ જતું હોય છે કે તેને કચડી નાખવામાં જ સર્વેની ભલાઈ સમાયેલી હોય છે.

આલોક ગુપ્તાની આંખો સ્થિર થઈ ગઈ. જે શબ્દો તેણે સી.બી.આઈ.ના ચીફ શિવેન સિંહાના મોઢે સાંભળ્યા હતા. એ જ શબ્દો કર્નલ જહોને દોહરાવ્યા હતા. શું દરેક પીઢ પુરુષ આ કથનમાં વિશ્વાસ ધરાવતો હોય છે ?

-કર્નલ સાહેબ ! આખરે તેણે હોઠ ખોલ્યા. સત્યની શોધમાં હું અહીં આવ્યો છું અને માત્ર સત્યને જ સ્વીકારતાં હું શીખ્યો છું. કહો, વુલ્ફ બ્રોનસોર્ટ વિષે તમારે શું કહેવું છે ?

કર્નલ જહોને પાતળું સ્મિત ફરકાવ્યું. પછી તદ્દન નવો જ પ્રશ્નકર્યો- મિસ્ટર ગુપ્તા ! નેતાજીના મૃત્યુ વિષે તમારો શો અભિપ્રાય ?

–એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે નેતાજી ૧૮ ઓગસ્ટ ૧૯૪૫ની સાલમાં તાઈપેના વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે. આલોક ગુપ્તાએ ઉત્તર દીધો.

–તમને ખાતરી છે ?

–આ સવાલ તમારે કેમ પૂછવો પડ્યો ? આલોક ગુપ્તાએ સામો પ્રશ્ન કર્યો.

–કારણ કે તમારા દેશના લગભગ નાગરિકોએ 'નેતાજી કમિશન'નો રિપોર્ટ સ્વીકારી લીધો છે. કર્નલ જહોને સેન્ટર ટેબલના ખાનામાંથી સિગારેટનું પાકીટ કાઢતાં ઉમેર્યું, અને એમાં તમે પણ અપવાદ નથી.

-શું તમે એમ કહેવા ઇચ્છો છો કે નેતાજી તાઈપેના વિમાન અકસ્માતમાં મૃત્યુ નથી પામ્યા ? તે ઝડપથી બોલી ગયો, શું નેતાજી જીવતા છે એમ તમે પણ માનો છો !

-ના. કર્નલ જહોને લાઈટર ક્લિક કરી સિગારેટ જલાવી અને ધુમાડા તરતા મૂકતાં કહ્યું, નેતાજી જીવતા નથી.

–તો ?

-નેતાજી એ વિમાન અકસ્માતમાં નહોતા મર્યા.

–તો ?

–સાલવીન નદીના કાંઠે પ્રાણ તજ્યા હતા. કહેતાં કર્નલ જહોને ધડાકો કર્યો. અને તેમનો હત્યારો વુલ્ફ બ્રોનસોર્ટ છે.

આલોક ગુપ્તા સ્તબ્ધ થઈ ગયો. તેની બુદ્ધિ બહેર મારી ગઈ. અત્યાર સુધી તેણે પણ 'નેતાજી કમિશન'નો રિપોર્ટ અક્ષરશઃ સ્વીકારી લીધો હતો. શું એ તપાસ પંચનો રિપોર્ટ ખોટો હોઈ શકે ? બીજી જ ક્ષણે તેને લાગ્યું. કર્નલ જહોન જૂઠું શા માટે કહે ? આલોક ગુપ્તાને ગેરમાર્ગે દોરવા તેમની પાસે એકે કારણ નહોતું. છતાં તેમના કથનને પુરાવા વિના સ્વીકારવા આલોક ગુપ્તા તૈયાર નહોતો.

–પુરાવો ?

-માત્ર આટલો જ કે યુદ્ધ પૂર્ણ થતાં વુલ્ફ બ્રોનસોર્ટને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યો હતો. કર્નલ જહોને સિગારેટનો કશ લેતાં કહ્યું, શા માટે ?

-હું પણ એ જ પ્રશ્નનો ઉત્તર શોધી રહ્યો છું. આલોક ગુપ્તાએ તેમનું વાક્ય દોહરાવ્યું, શા માટે ?

કર્નલ જહોને વિગતવાર માહિતી દીધી. સન ૧૯૪૪ના જૂન મહિનામાં 'મિત્ર રાજ્યો'નાં સૈન્યોએ ફ્રાંસ પર જબ્બર હુમલો કર્યો હતો. જર્મન સૈન્ય તથા તેમના અધિકારીઓ પીછેહઠ કરી રહ્યાં હતાં. કેટલાયે ભડાકે દેવાયા હતા. કેટલાયે ગિરફતાર કરાયા હતા. એ ગિરફતાર થયેલા જર્મન અધિકારીઓમાંનો એક હતો, વુલ્ફ બ્રોનસોર્ટ

વુલ્ફ બ્રોનસોર્ટે આઝાદ હિંદ ફોજના સૈન્યને તૈયાર કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝના તે ખાસ પરિચયમાં આવ્યો હતો. આ જ કારણે બ્રિટિશ મેજર લોકફિલ્ડે તેને યુદ્ધકેદી તરીકે પોતાના કબજામાં રાખ્યો હતો. મેજર લોકફિલ્ડ તેની કારકિર્દીથી સારી રીતે પરિચિત હતા. વિશેષમાં તેના વિષેની વિગતવાર માહિતીઓ લાજપતરાય નામના બ્રિટિશ એજન્ટે તેમને પૂરી પાડી હતી. મેજર લોકફિલ્ડ જાણતા હતા. કેવા પણ ધાસ્તી ભર્યા સાહસ ખેડવા એ વુલ્ફ બ્રોનસોર્ટ માટે રમત વાત હતી. ગમે તે માનવીનું કાસળ કાઢતા તે લગારે અચકાતો નહોતો. અને મેજર લોકફિલ્ડને કોઈ એવા જ હત્યારાની શોધ હતી.

બે મહિના સુધી તેમણે વુલ્ફ બ્રોનસોર્ટને રિબાવ્યો. એક અંધારી કોટડીમાં બંધ કરી તેને ભૂખે માર્યો. ખાવા માટે પૂરતું ધાન ન દીધું. પીવા માટે પૂરતું પાણી ન દીધું. અકારણ તેના પર અત્યાચારો પણ ગુજારવામાં આવ્યા. એ અત્યાચારો પણ જુદા જુદા પ્રકારના હતા. અઠવાડિયામાં બે વાર તેની કોટડીમાં પહેલવાનો જેવા બે સૈનિકો દાખલ થતાં અને ટૂંક સમયમાં તેનાં હાડકાં પાંસળાં એક કરી બહાર પણ નીકળી જતા. કોઈ રાતે તેની ઓરડીમાં આઠ-દસ ઉંદરો છોડી દેવામાં આવતા તો કોઈ રાતે તેની કોટડીમાં પાવરફુલ ફ્લડ લાઈટ ગોઠવવામાં આવતી, જેથી તે આખી રાત સૂઈ ન શકે !

એક દિવસ તેના આશ્ચર્ય વચ્ચે તેનો પુરાણો સાથી લાજપતરાય તેની કોટડીમાં દાખલ થયો. લાજપતરાય જર્મનીમાં રચાયેલી આઝાદ હિંદ ફોજનો સૈનિક હતો. હકીકતમાં તે બ્રિટિશરોનો જાસૂસ હતો. વુલ્ફ બ્રોનસોર્ટના તે ઘનિષ્ઠ પરિચયમાં આવ્યો હતો. પરંતુ એ સમયે વુલ્ફને ખ્યાલ સુધ્ધાં નહોતો કે લાજપતરાય બ્રિટિશ એજન્ટ છે. આજે પોતાની કોટડીમાં જોતાં તેને ખાતરી થઈ ગઈ સાથે તેને આશા પણ બંધાઈ. આખરે તો લાજપતરાય તેનો મિત્ર હતો.

-વુલ્ફ ! લાજપતરાયે તેની સામે ઉપસ્થિત થતાં જણાવ્યું. જાણે છે, યુદ્ધ પછી તારી શી વલે થશે ?

વુલ્ફ બ્રોનસોર્ટ ચૂપ રહ્યો. યુદ્ધ પૂર્ણ થાય એ પહેલાં જ તેની હાલત પાતળી થઈ ગઈ હતી.

-તારા પર કેસ ચલાવવામાં આવશે. લાજપતરાયે આગળ ચલાવ્યું, અને તારી તરફેણમાં

જુબાની દેવા મારા સિવાય કોર્ટમાં કોઈ હાજર નહિ થાય ! જાણી લે કે તારો અંત ફાંસીને માંચડે થશે !

વુલ્ફ બ્રોનસાટ શારીરિક રીતે એટલો નબળો થઈ ગયો હતો કે તે માત્ર ફાટી આંખે મિત્ર સામે જોઈ રહ્યો.

–પણ તું ઈચ્છે તો નિર્દોષ છૂટી શકે છે. લાજપતરાયના છેલ્લા વાકયે તેની આંખોમાં એક ચમકારો પેદા કર્યો.

-કઈ રીતે ? તેણે પૂછી નાખ્યું.

-જર્મનીનું પતન લગભગ નક્કી છે. લાજપતરાયે સ્પષ્ટતા કરી, હિટલરનો પરાજય થતાં જર્મન સૈન્યો તથા જમીન અધિકારીઓના હાલ બેહાલ થશે ! તું પણ એક જર્મન અફસર છે. બદનામ છે. મૃત્યુ સિવાય તને કોઈ બીજી સજા નહિ દેવાય એનો મને વિશ્વાસ છે. છતાં જો તું મારા કહ્યા પર ચાલવા તૈયાર હોય તો હું મારાથી બનતા સઘળા પ્રયાસ કરી તને નિર્દોષ છોડાવવાની શક્તિ આજે પણ રાખું છે.

વુલ્ફ બ્રોનસોર્ટ ક્ષણિક વિચાર કરી ફરી પ્રશ્ન કર્યો - મારે શું કરવાનું છે ?

–એ તને મેજર લોકફિલ્ડ જણાવશે. લાજપતરાયનો એ ઉત્તર હતો. પરંતુ એ પહેલાં તું તારી સ્વીકૃતિ દે કે તું બ્રિટિશ એજન્ટ બનવા માટે રાજી છે. તને સોંપવામાં આવેલું કામ તું તાજને વફાદાર રહી એકે પ્રશ્ન કર્યા વિના પાર પાડીશ.

બે મહિનાની ભૂખ, તરસ અને અત્યાચારોને કારણે વુલ્ફ બ્રોનસાટ શારીરિક તથા માનસિક રીતે પડી ભાંગ્યો હતો. વધુ અત્યાચારો સહન કરવાની તાકાત તેનામાં બાકી નહોતી વધી. આ અંધારી કોટડીમાંથી છૂટવા માટે ગમે તે શરત સ્વીકારવા તૈયાર હતો. તેણે પોતાની સ્વીકૃતિ દીધી.

એ જ દિવસથી તેના પર થતા ભિન્ન ભિન્ન પ્રકારના અત્યાચારો બંધ થઈ ગયા. તેને અપાતા ખોરાકમાં પણ ફરક પડી ગયો. હવે તેની થાળીમાં એ સઘળી વાનગીઓ પીરસાતી જે ‘મિત્ર રાજ્યો’ના અફસરો માટે તૈયાર થતી હતી. એક મહિનાના આરામ અને તંદુરસ્ત ખોરાકે તેના શરીરમાં દેખા દેતી પાંસળીઓ પર માંસપેશીઓ ચોડી દીધી. ફરી એક વાર તેનો બાંધો મજબૂત થઈ ગયો. હવે તે ગમે તેવું જોખમભર્યું સાહસ ખેડવા માટે તૈયાર હતો.

નાઝીઓના અંકુશ હેઠળથી ફ્રાંસ મુક્ત થતા મેજર લોકફિલ્ડના વિચારો ફરી વુલ્ફ બ્રોનસોર્ટની દિશામાં દોરાયા અને ફરી એક વાર લાજપતરાયે વુલ્ફની કોટડીમાં દેખા દીધી. પળભર તો લાજપતરાય તેની સામે જોઈ રહ્યો. થોડાક મહિનાઓ પહેલાં માંયકાંગલો લાગતો વુલ્ફ બ્રોનસોર્ટ બલિના બકરા જેમ તેની સામે ઊભો હતો. વિશેષમાં વુલ્ફ બંને હાથ ખોલી પહેલવાનોની જેમ છાતી ફુલાવી અને ઉઘાડાં સાથળો પર હાથ મારી ફટાકડા ફોડ્યા. પોશાકમાં તેણે માત્ર અર્ધી ચડ્ડી પહેરી હતી.

-સરસ ! ઉપરથી નીચે સુધી તેનું નિરીક્ષણ કરતાં લાજપતરાયે માત્ર એક જ વાક્ય ઉચ્ચાર્યું, આજે રાતે તારે મેજર લોકફિલ્ડ જોડે ડિનર લેવાનું છે. વુલ્ફ બ્રોનસોર્ટને આશ્ચર્ય ન થયું. કોઈ ગંભીર કામ તેને સોંપતાં પહેલાં મેજર લોકફિલ્ડ તેની જોડે ચર્ચા કરવા ઈચ્છતા હતા. અને એ માટે મૈત્રીભર્યું વાતાવરણ સર્જવું જરૂરી હોય છે, એ વુલ્ફ બ્રોનસર્ટે કલ્પી લીધું.

ડિનર પહેલાં મેજર લોકફિલ્ડના આવાસમાં શરાબનો દોર શરૂ થયો. મેજર લોકફિલ્ડે સ્કોચની બોટલ વારાફરતી બે ગ્લાસો પર ઊંધી કરી અને એક ગ્લાસ વુલ્ફ બ્રોનસાર્ટે સામે ધર્યો. ચિયર્સ. ગ્લાસ સાથે ગ્લાસ ટકરાયા અને અક્કેક પેગ ગળા નીચે રેડાયા. વુલ્ફ બ્રોનસોર્ટને એ ગમ્યુ. આજે મહિનાઓ પછી તેણે સ્કોચ વ્હીસ્કીનો સ્વાદ ચાખ્યો હતો. તેની આંખો ભમવા લાગી. અકારણ તે બારીઓના કાચ જોવા લાગ્યો. બમવષામાં બારીઓના

કાચને સુરક્ષિત રાખવા કાચ પર ટેપ ચોડી દેવામાં આવી હતી, છતાં બે કાચમાં તિરાડો નજરે પડતી હતી.

—વુલ્ફ ! મેજર લોકફિલ્ડે બીજો પેગ તૈયાર કરતાં શરૂઆત કરી, મને એ જાણી આનંદ થયો કે બ્રિટનના 'તાજ'ને વફાદાર રહી તું 'તાજ' માટે જાસૂસી કરવા રાજી છે. પરંતુ જે કામ હું તને સોંપવા જઈ રહ્યો છું, એ ખરેખર ધાસ્તીભરેલું છે. છતાં મને ભરોસો છે કે એ કામ તું સરળતાથી પાર પાડીશ.

-મારે શું કરવાનું છે ? બીજા પેગનો પહેલો ઘૂંટ ભરતાં વુલ્ફ બ્રોનસોર્ટે હોઠ ખોલ્યા.

—માત્ર એક હત્યા.

—કોની ?

મેજર લોકફિલ્ડે ઉત્તર ન દીધો. વુલ્ફ બ્રોનસોર્ટ ચૂપ થઈ ગયો. જ્યાં સુધી છેલ્લા પ્રશ્નનો ઉત્તર ન જડે, નવો પ્રશ્ન પૂછવો યોગ્ય નહોતું. સ્કોચના વધુ બે ઘૂંટડા ભરી તે મેજર લોકફિલ્ડ સામે અનિમેષ જોઈ રહ્યો. હત્યા કોની કરવાની હતી એ તે કલ્પી ન શક્યો; પરંતુ આટલી તેને ખાતરી હતી. એ એક હત્યા પર તેનું ભાવિ નિભર હતું. હત્યાની યોજનામાં તે સફળ રહેતાં બ્રિટિશરો તેને નિર્દોષ છોડી મૂકવાના હતા. નિષ્ફળ જતાં તેને પાતાળમાંથી પણ શોધી કાઢી બ્રિટિશરો તેને ભડાકે દેવાના હતા. અને મૃત્યુ માટે તે તૈયાર નહોતો. તેની આયુમાં થોડાંક વર્ષો ઉમેરાતાં હોય તો તે ઈશુ ખ્રિસ્તને પણ ફરી એક વાર શૂળીએ ચડાવતાં અચકાવાનો નહોતો.

મેજર લોકફિલ્ડે લગભગ ખાલી થઈ ગયેલો ગ્લાસ સેન્ટર ટેબલ પર મૂકી દીધો. પગ પાસે પડેલી બ્રિફકેસ ઊંચકી અને તેમાંથી ફોટાઓનો એક સેટ કાઢી તેની સામે ધર્યો. વુલ્ફ બ્રોનસોર્ટ પહેલો ફોટો જોયો અને આંખના પલકારામાં કીમતી સ્કોચનો નશો ઊતરી ગયો. ઝટકા સાથે તેણે ચહેરો ઊંચો કરી મેજર લોકફિલ્ડની આંખોમાં સીધું જોયું અને જોતો જ રહી ગયો.

-શુ...શું મારે આ માણસની હત્યા કરવાની છે ? આખરે તેના હોઠ સળવળ્યા.

મેજર લોકફિલ્ડે ઈશારાથી 'હા' કહી.

—પણ આ તો નેતાજી સુભાષચંદ્ર બોઝ છે. કહેતાં તેના હાથ સાથે ફોટાઓ પણ ધ્રૂજી ઊઠયા.

—અને 'તાજ'ના કટ્ટર વેરી પણ.

-શું એમની હત્યા કરવી આવશ્યક છે ?

મેજર લોકફિલ્ડ આંખો પટપટાવી સેન્ટર ટેબલ પર પડેલો ગ્લાસ ફરી ઊંચક્યો.

-હું એમને જીવતા ગિરફતાર કરી લાવવાનું સાહસ ખેડવા તૈયાર છું. મેજર લોકફિલ્ડને ખામોશ જોઈ તેણે આગળ ચલાવ્યું. પછી તમે એમના પર વોર ક્રિમિનલ તરીકે કેસ ચલાવી ફાંસીને માંચડે લટકાવી શકો છો.

-એમ કરવામાં જોખમ રહેલું છે. મેજર લોકફિલ્ડે જણાવ્યું, ભારતની જનતાને જાણ થાય કે નેતાજી સુભાષચંદ્ર બોઝને બ્રિટિશરોએ જીવતા ગિરફતાર કરી લીધા છે, તો ભારતમાં બળવો ફાટી નીકળે. એમને ફાંસીને માંચડે ચડાવવા તો દૂર રહ્યા, એમના પર અમે કાયદેસર કેસ પણ ચલાવી નહિ શકીએ.

વુલ્ફ બ્રોનસોર્ટ હલી ગયો. નેતાજી સુભાષચંદ્ર બોઝની હત્યા કરવા માટે તેના જેવો મહાકાતિલ પણ સંકોચાઈ રહ્યો હતો. પણ તે લાચાર હતો. એક તરફ નેતાજીનું જીવન હતું તો બીજી તરફ તેનું પોતાનું. અને નેતાજીના જીવન કરતાં તેને પોતાનું જીવન વહાલું લાગે એ તદ્દન સ્વાભાવિક હતું.



૨૭

પેરિસથી બેંગકોક જતા બી-પર બોંબર વિમાનમાં વુલ્ફ બ્રોનસાર્ટ ચડી ગયો. હથિયારમાં તેની પાસે માત્ર એક ટેલિસ્કોપિક ગન હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝને ભડાકે દેવા માટે પૂરતી હતી. એ સમયે નેતાજી બેંગકોક છોડવાની તૈયારી કરી રહ્યા હતા. જર્મનીનું પતન થઈ ચૂક્યું હતું. હિરોશિમા અને નાગાસાકી પર ફેંકાયેલા અણુબમે જાપાનની કમર ભાંગી નાખી હતી. જાપાન પરાજય સ્વીકારવાની તૈયારીમાં હતું.

વુલ્ફ બ્રોનસોર્ટ બેંગકોક પહોંચ્યો અને જાપાને હથિયાર હેઠાં મૂકી દીધાં. નેતાજીનું પગેરું શોધતો તે 'ભારત સ્વાતંત્ર્ય લીગ'ના મથકે પહોંચ્યો અને તેને જાણ થઈ. નેતાજી એ જ દિવસે બેંગકોક છોડી વિમાન માર્ગે ફોર્મોસા તરફ આગળ વધી ગયા હતા. ત્યાંથી મંચુરિયા થઈ સાલવીન નદી ઓળગી નેતાજી સરળતાથી રશિયામાં પ્રવેશી શકતા હતા.

નેતાજી સુભાષચંદ્ર બોઝ સાલવીન નદીના કાંઠે પહોંચે એ પહેલાં જ વુલ્ફ બ્રોનસાર્ટ ત્યાં પહોંચી ગયો. સ્થળ નક્કી કર્યું અને નદીકાંઠે એક ઊંચા પથ્થરની આડ લઈ પોતાની ટેલિસ્કોપિક રાઈફલ ગોઠવી દીધી. અહીં નેતાજી સુભાષચંદ્ર બોઝ કર્નલ હબિબુરરહમાન સાથે તાઈપે વિમાન મથકે આવી પહોંચ્યા. દુર્ભાગ્યે વિમાનમાં કાંઈ ખરાબી જણાતા વિલંબ થયો. નેતાજી બીજા વિમાનમાં ચઢી ગયા. ચાર કલાક પછી પહેલું વિમાન ફરી શરૂ થયું. પરંતુ એ વિમાનમાં નેતાજી નહોતા, માત્ર કર્નલ હબિબુરરહમાન હતો. નેતાજી બે જાપાની અંગરક્ષકો સાથે મંચુરિયાની દિશામાં આગળ વધી ગયા હતા.

અહીં, વિમાન આકાશમાં ચડી તુરત ધડાકા સાથે પડી ભાગ્યું. એ સમાચાર નેતાજીને માર્ગમાં મળ્યા. નેતાજીએ સમય ન ખોતાં પોતાના એક અંગરક્ષકને સંદેશા સાથે પાછો વાળ્યો.

-હબિબ ! નેતાજીએ સંદેશામાં લખ્યું હતું. આ સોનેરી તક આપણા માટે ભગવાનની એક અમૂલ્ય ભેટ છે. મને મળેલા અકસ્માતના સમાચાર મુજબ તને વધુ ઈજા નથી થઈ, પરંતુ થોડાક જાપાની અફસરો મૃત્યુ પામ્યા છે. અમુકને ગંભીર ઈજા પણ થઈ છે. સંજોગો અનુકૂળ હોય તો જાહેર કરી દેજે કે એ વિમાનમાં હું પણ હતો અને અકસ્માતમાં મારું મૃત્યુ નીપજયું છે. આ સમાચાર બ્રિટિશ એજન્ટોને વધુ નહિ તો થોડાક દિવસો માટે ગૂંચવણમાં નાખી દેશે. અને રશિયામાં પ્રવેશ માટે એટલો સમય મારા માટે પૂરતો છે.

તાઈપેની સૈનિક હોસ્પિટલમાં કર્નલ હબિબુરરહમાને સંદેશો વાંચી તેના ટુકડે ટુકડા કરી નાખ્યા. સાથે જ જાપાની અફસરોના સહકારથી તેણે જાહેર પણ કરી દીધું. તાઈપે વિમાન દૂર્ઘટનામાં નેતાજી મૃત્યુ પામ્યા છે.

એ સમયે નેતાજી સાલવીન નદીને કાંઠે પહોંચી ચૂક્યા હતા. સામે કાંઠે રશિયા હતું. માત્ર નદી ઓળગવાની જરૂર હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝને વિશ્વાસ હતો કે નદી ઓળગી જતાં રશિયનો તેમનું ભાવભીનું સ્વાગત કરશે. અને તેનાં અનેક કારણો હતાં. ખાસ કરીને યુદ્ધ પૂર્ણ થતાં રશિયા ભારત જોડે સંબંધો સુધારવાના બનતા પ્રયાસ કરશે અને ભારત જોડે સંબંધ વધારવામાં નેતાજી ઉપયોગી સિદ્ધ થવાના હતા.

સામે કાંઠેથી એક ડીંઘી આવતી નજરે પડી. નેતાજી તેમના એક માત્ર અંગરક્ષક જોડે

ખામોશ ઊભા હતા. પળ પળ વીતી રહી હતી. ડીંઘી અર્ધે આવી અને વુલ્ફ બ્રોનસોર્ટ અચાનક તેમની સામે ઉપસ્થિત થયો. ટેલિસ્કોપિક રાઇફલ તેના હાથમાં હતી. હજી સુધી તે એ નક્કી કરી નહોતો શક્યો કે નેતાજીને ભડાકે દેવા કે નહિ ! બલકે નેતાજીના પ્રાણ લેતાં પહેલાં નેતાજીને તે જીવવાની એક તક દેવા ઈચ્છતો હતો.

નેતાજી તેને જોઈ ક્ષણભર વિચારમાં પડી ગયા. હિટલરના એક અધિકારીને અહીં, જર્મનીથી માઈલો દૂર જોઈ તેમને આશ્ચર્ય થાય એ પણ સ્વાભાવિક હતું. વુલ્ફ બ્રોનસોર્ટના પરિચયમાં તે જર્મનીમાં આવ્યા હતા. જર્મનીમાં ખડી થયેલી આઝાદ હિંદ ફોજના સૈનિકોને ટ્રેઈન કરનારા જર્મન અફસરોમાં વુલ્ફ પણ એક હતો.

-વુલ્ફ ! તું ! અહીં ?

વુલ્ફ બ્રોનસોર્ટ ફિક્કુ સ્મિત ફરકાવતાં કહ્યું - મારું ભાગ્ય મને અહીં ખેંચી લાવ્યું.

-શું તું પણ રશિયા જવા ઈચ્છે છે ?

વુલ્ફે 'ના' કહેતાં ઉમેર્યું – હું તો ઈચ્છ છું કે તમે પણ ન જાવ.

-કેમ ?

–આપણે બંને સાથે ક્યાંક નાસી જઈશું.

નેતાજી સુભાષચંદ્ર બોઝે તેના ખભે હાથ મૂકતાં મૈત્રીભર્યા સ્વરે જણાવ્યું – હું જાણું છું, વુલ્ફ ! રશિયનો તને મિત્ર તરીકે નહિ સ્વીકારે. પરંતુ મને સ્વીકારવા માટે તેઓ પાસે એક કરતાં વધુ કારણો છે. બીજું, હું રશિયા ન જાઉં તો ક્યાં જાઉં ?

-ક્યાંય પણ. વુલ્ફ બ્રોનસોર્ટ બોલી ઊઠયો, આપણે જંગલમાં રહીશું. પહાડોમાં ભમીશું. તમે જ એક દિવસ કહ્યું હતું ને... તમને પહાડોનું જીવન પ્રિય છે !

–અને તું એમ ધારે છે કે બ્રિટિશ એજન્ટો આપણને સુખે જીવવા દેશે ?

ડીંઘી કાંઠે આવી પહોંચી. ડીંઘી માછીમારોની હતી. તદ્દન ખાલી હતી. એક માછીમાર સિવાય તેમાં બીજું કોઈ નજરે પડતું નહોતું. ડીંઘીનો માલિક પણ કદાચ તે જ હતો ! નેતાજીના અંગરક્ષકે તેની જોડે ખાનગીમાં ગુફતેગો કરી. નેતાજીને સામે કાંઠે લઈ જવા તે તૈયાર થઈ ગયો. અલબત્ત, એ બદલ માછીમારને સોનાની એક વીંટી ભેટ દેવામાં આવી હતી.

–વુલ્ફ ! નેતાજીએ તેની જોડે હાથ મેળવતા કહ્યું, દોસ્ત, મને અફસોસ છે કે અત્યારે હું તારે માટે કાંઈયે કરી નથી શકતો. છતાં હું જ્યાં પણ હોઈશ તારી સેવાઓને ભૂલીશ નહિ. જર્મનીમાં આઝાદ હિંદ ફોજ ખડી કરવા માટે તે જે જેહમત ઉઠાવી હતી એ હું ક્યારેય વીસરી નહિ શકું. ગૂડ બાય એન્ડ ગૂડ લક.

તેમણે પીઠ ફેરવી અને વુલ્ફ બ્રોનસોર્ટે ટેલિસ્કોપિક ગન ઊંચી કરી. નેતાજીએ ડીંઘીની દિશામાં બે પગલાં ભર્યા અને વુલ્ફ બ્રોનસોર્ટે ઘોડો દબાવ્યો. ટેલિસ્કોપિક ગન ગર્જી ઊઠી. નાળમાંથી છૂટેલી બૂલેટ નેતાજીની પીઠમાં પ્રવેશી અંદર સુધી ઊતરી ગઈ. નેતાજીનો અંગરક્ષક કાંઈ સમજે એ પહેલાં વુલ્ફ બ્રોનસોર્ટ ફરી ઘોડો દાબ્યો અને તે પણ ચક્કર ખાઈ નદીકાંઠે ઢળી પડ્યો.

ડીંઘીનો માલિક, માછીમાર હજીયે થરથર ધ્રુજતો બોટમાં ઊભો હતો. તેની બુદ્ધિ જાણે બહેર મારી ગઈ હતી. આંખના પલકારામાં તો જીવતા જાગતા બે માનવીઓ ઢગલો થઈ ગયા હતા. વુલ્ફ બ્રોનસોર્ટે ત્રીજી ગોળી છોડી અને ડીંઘી ડામાડોળ થઈ ગઈ. ડીંઘીનો માલિક ઊછળીને પાણીમાં ફેંકાઈ ગયો. કિનારાનું પાણી રાતું થઈ ગયું.

વુલ્ફ બ્રોનસોર્ટે એક ઊડતી નજર ફેંકી એક સાથે ત્રણે લાશોને જોઈ. તેને લાગ્યું. બે લાશો મૃત્યુ પામી હતી. ત્રીજી લાશ હજીયે શ્વાસ ભરી રહી હતી. નેતાજી રેતીમાં ઊંધા પડ્યા હતા અને વુલ્ફ બ્રોનસોર્ટની દિશામાં અનિમેષ જોઈ રહ્યા હતા. તેમની આંખો કહી રહી હતી – વુલ્ફ

! તે મારી પીઠમાં ગોળી નથી મારી, ભારતમાતાની પીઠ ભાંગી નાખી છે. મારા...મારા ભારતનું હવે શું થશે ?

આસાનીથી પગલાં ભરતો વુલ્ફ બ્રોનસોર્ટ નેતાજીના પળે પળે પ્રાણ છોડતા દેહ પાસે આવ્યો અને પહાડની જેમ ઊભો રહી ગયો. નેતાજીના મોંમાંથી લોહી વહી રહ્યું હતું. તેમના હાથ હજીયે હલી રહ્યા હતા. બેઠા થવાનો પ્રયાસ કરી રહ્યા હતા. એ પ્રયાસોના કારણે નેતાજીના મોંમાંથી લોહીના કટકા ધસી આવ્યા.

કોઈ માનવી રિબાઈ રિબાઈને મરે એ વુલ્ફને પસંદ નહોતું. આ વખતે તેણે ટેલિસ્કોપિક ગનની નાળ નેતાજીના માથા પર ગોઠવી અને ઘોડો દાબી દીધો. ખતમ ! સર્વ કાંઈ ખતમ ! આઝાદ ભારતનું સપનું જોતા આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર ખતમ. નેતાજી ખતમ. જર્મની ખતમ. જાપાન ખતમ. વિશ્વયુદ્ધ ખતમ.

કર્નલ જહોને નેતાજીના મૃત્યુ પર પડેલી ચાદર ઊંચકી લીધી હતી. આલોક ગુપ્તા વિસ્ફારિત નેત્રે તેમના ચહેરામાં જોઈ રહ્યો હતો. અનેક પ્રશ્નો તેના માનસપટ ઉપર ઘૂમરીઓ લઈ રહ્યા હતા. નવા પ્રશ્નો પૂરની જેમ ધસી રહ્યા હતા. ક્ષણ માટે તેને લાગ્યું, કોઈયે તેના જ મોઢામાં બંદૂકની નાળ મૂકી ઘોડો દાબી દીધો હતો !

-કહો, મિસ્ટર ગુપ્તા ! આખરે કર્નલ જહોને હોઠ ખોલ્યા. શું તમે માનવા તૈયાર છો કે નેતાજી સુભાષચંદ્ર બોઝ તાઈપાઈની વિમાન દુર્ઘટનામાં નહિ, બલકે સાલવીન નદીના કાંઠે એક હત્યારાનો શિકાર થઈ મૃત્યુ પામ્યા છે !

-ખરું કહું તો અત્યારે હું મૂંઝાઈ ગયો છું. આલોક ગુપ્તાએ નિખાલસતાપૂર્વક કહી દીધું. જે હકીકત તમે બયાન કરી એ મારા માટે તદ્દન નવી અને ચોંકાવનારી છે. એને પચાવતાં સ્વાભાવિક રીતે જ મને થોડોક સમય લાગે !

-એ હું સમજી શકું છું.

–તમને વાંધો ન હોય તો આ વિષે મારે તમને થોડાક પ્રશ્નો કરવા છે !

-જરૂર.

સેન્ટર ટેબલ પર પડેલું સિગારેટનું પાકીટ ઊંચકી તેણે એક સિગારેટ હોઠ વચ્ચે ગોઠવી અને લાઈટર ક્લિક કર્યું. લાઈટરને ખિસ્સામાં સરકાવી દેતાં તેણે એક સાથે બેત્રણ કશ લીધા. થોડીક રાહત અનુભવી. માનસિક તાણમાંથી મુક્તિ મળતાં તેણે પહેલો પ્રશ્ન કર્યો - નેતાજીના મૃત્યુ વિષે તમને વિગતવાર માહિતી ક્યાંથી મળી ?

–સી.આઈ.એ.ના ખાનગી રિપોર્ટમાંથી. કર્નલ જહોને ઉત્તર દીધો.

–તમે એમ કહેવા ઇચ્છો છો કે બ્રિટિશ એજન્ટોએ દીધેલા રિપોર્ટ પરથી સી.આઈ.એ.એ. વુલ્ફ બ્રોનસોર્ટ વિષે ફાઇલ તૈયાર કરી છે.

-એ પણ ખરું.

–અર્થાત્ મૂળ રિપોર્ટ સિઆઈએનો નથી.

-ના. કર્નલ જહોને જણાવ્યું, છતાં એ પણ કહીશ કે બ્રિટિશ એજન્ટોએ દીધેલો રિપોર્ટ અક્ષરશઃ સાચો છે.

–એમ તમે શા પરથી કહી શકો ?

-વુલ્ફ બ્રોનસોર્ટની કબૂલાત પરથી.

-નું તમે પોતે વુલ્ફ બ્રોનસોર્ટની ઊલટતપાસ લીધી હતી ?

–યુદ્ધ પૂર્ણ થયા પછી હું તેના અંગત પરિચયમાં આવ્યો હતો.

આલોક ગુપ્તાની શંકાઓનું લગભગ સમાધાન થઈ ગયું. તે જાણતો હતો. ગૌતમાલમાં ક્યુબન ગેરિલાઓને તૈયાર કરવાની જવાબદારી સી.આઈ.એ.ને હસ્તક હતી, અને વિશ્વયુદ્ધ

પછી કર્નલ જહોન સી.આઈ.એ.માં જોડાયા હતા. કર્નલ જહોન વિષેની આ માહિતીઓ તેને કેજીબીની ફાઇલમાંથી મળી હતી. છતાં તેણે પૂછી લીધું - શું એ ખરું છે?

–બલકે જાણીતી વાત છે. કર્નલ જહોને સસ્મિત કહ્યું.

–પરંતુ હજુ સુધી હું એ નથી જાણી શક્યો કે વુલ્ફ બોનસોર્ટ કયૂબન ગેરિલાઓ જોડે ભળી ડબલ એજન્ટનું કામ કરતો હતો, એ માહિતી કેટલી ખરી છે ?

-એટલી જ કે સૂર્ય પૂર્વમાં ઊગે છે.

–એના પર ‘ડબલ એજંટ’ની શંકા જતાં એની ‘લાઈ-ડિટેક્ટર' ટેસ્ટ કોણે લીધી હતી ?

–સી.આઇ.એ.ના એક અધિકારી વિલિયમ મેકઆર્થીએ. કર્નલ જહોને જણાવ્યું, પરંતુ મારી હાજરીમાં.

-અને વુલ્ફ, જુઠ્ઠાઓને ઉઘાડા પાડતા, જૂઠાણા સાબિત કરતા એ યંત્રને પણ થાપ દઈ ગયો. ખરું ? સિગારેટનો કશ લેવાનું વિસરી આલોક ગુપ્તા એક પછી એક પ્રશ્નો કરી રહ્યો હતો.

-તદ્દન ખરું.

–પરંતુ ગૌતમાલમાંથી એક રાતે નાસી છૂટવાનો પ્રયાસ કરતાં વુલ્ફ બ્રોનસોર્ટને વિલિયમે ભડાકે દીધો હતો.

-એ સમયે વુલફે સાગરમાં ઝંપલાવ્યું હતું.

–અને બીજે દિવસે તેની ચૂંથાઈ ગયેલી લાશ કિનારે મળી આવી. આલોક ગુપ્તા બોલી ઊઠયો, શું એ લાશ વુલ્ફ બોનસોર્ટની જ હતી ?

કર્નલ જહોને સામો પ્રશ્ન કર્યો – એ બાબત તમને શંકા કેમ છે ?

–કારણ કે એ જીવતો છે.

કર્નલ જહોનની કમર ટટ્ટાર થઈ ગઈ. તેમણે કહી દીધું – એ શક્ય નથી. વિલિયમે સ્વયં એ લાશ જોઈ રિપોર્ટ લખ્યો હતો.

-ઈન્ટરપોલની ફાઈલમાં નોંધાયેલા રિપોર્ટ મુજબ એ લાશને માછલીઓએ ચૂંથી નાખી હતી. બે આંગળાઓ વચ્ચે ફસાયેલી સિગારેટ યાદ આવતાં આલોક ગુપ્તાએ એક કશો વધુ લીધો અને આગળ ચલાવ્યું - ચહેરો ઓળખી શકાય એવો નહોતો. માત્ર શરીરમાંથી મળી આવેલી બૂલેટના પૃથક્કરણના આધારે એ નક્કી થયું હતું કે એ લાશ વુલ્ફ બ્રોનસોર્ટની છે.

કર્નલ જહોને ટેલિફોનની દિશામાં હાથ લંબાવતાં જણાવ્યું – વિલિયમ મેકઆર્થી આવી ભયંકર ભૂલ કરે એ માનવા હું તૈયાર નથી. સી.આઈ.એ.નો તે અનુભવી અને કાબેલ અધિકારી હતો.

રિસીવર હાથમાં લઈ તેમણે એક નંબર જોડ્યો - હલ્લો ! હું કર્નલ જહોન બોલું છું. આલોક ગુપ્તા તેમના ચહેરામાં જોઈ રહ્યો. પોતાના પરિચય સિવાય કર્નલ જહોને વધુ કાંઈ રિસીવરમાં ન કહ્યું. ટૂંક સમય માટે તે ચૂપચાપ સાંભળતા રહ્યા. પછી એક વાક્ય ઉચ્ચાર્યું - વુલ્ફ બ્રોનસોર્ટ વિષે કાંઈ નવા ખબર છે ? ફરી તે ચૂપ થઈ ગયા.

-મિસ્ટર ગુપ્તા ! રિસીવર મૂકતાં તેમણે આલોક સામે જોયું. તમારી વાત ખરી હોય એવું લાગે છે ! સી.આઈ.એ. જૂના દસ્તાવેજો તપાસી રહી છે. સમયના ટૂંકા ગાળામાં સી.આઈ.એ. વુલ્ફનું પગેરું શોધી કાઢશે ! જો એ ખરેખર જીવતો હશે તો...વાક્ય અધૂરું રહી ગયું. આલોક ગુપ્તાએ મનોમન પૂરું કરી લીધું...તો સી.આઈ.એ. તેને જીવતો નહિ છોડે ! આર્થાત્ વુલ્ફ બ્રોનસોર્ટના માથે મૃત્યુનાં વાદળો ઘેરાઈ રહ્યાં હતાં.

નેતાજીના સ્વાંગમાં રશિયનો પર ગંભીર આરોપ મૂકી તેણે કેજીબીના જાસૂસોને પડકાર્યા હતા. નક્કર પુરાવાની શોધમાં કેજીબી આકાશપાતાળ એક કરી રહી હતી એ નિઃશંક હતું.

અને પુરાવો હાથમાં આવતાં કેજીબી પણ તેનું કાસળ કાઢતાં અચકાવાની નહોતી. આલોક ગુપ્તાનો ઈરાદો પણ એ જ હતો. સી.આઈ.એ.નો આશય પણ એ જ હતો.

-ખેર ! કર્નલ જહોને સિગારેટનું પાકીટ ઊંચકતાં કહ્યું, વુલ્ફ બાબત હવે હું કાંઈયે ખાતરીપૂર્વક કહી ન શકું. છતાં આટલું જરૂર કહીશ. વુલ્ફ બ્રોનસોર્ટની કહેવાતી વિધવા તથા એક પુત્રી હજીયે જીવે છે. તેમનું સરનામું તમારી પાસે હશે જ !

આલોક ગુપ્તાએ ‘હા’ કહેતાં ઉમેર્યું - મને ઈન્ટરપોલમાંથી મળ્યું છે.

-હજી તે લંડનમાં જ રહે છે ? લાઈટર ક્લિક કરી સિગારેટ જલાવતાં તેમણે પૂછી લીધું.

-સરનામું ત્યાંનું જ છે.

-ઓલ ધ બેસ્ટ ! હોઠ વચ્ચે જલતી સિગારેટ દાબી કર્નલ જહોન ઊભા થવા ગયા.

આલોક ગુપ્તાએ પોતાની ઠુંઠું થઈ ગયેલી સિગારેટ એશ-ટ્રેમાં દાબતા સસ્મિત કહ્યું – તમારે ઊભા થવાની જરૂર નથી.

છતાં કર્નલ જહોને ઊભા થઈ તેની જોડે હાથ મિલાવ્યા.

-તમારો ખૂબ ખૂબ આભાર કર્નલ સાહેબ ! આલોક ગુપ્તાએ ભોંયતળિયે જતી સીડીઓ પર આવતાં જણાવ્યું, ખરું કહું તો તમારા તરફથી સહકારની મેં વધુ આશા નહોતી રાખી.

-જરૂર જણાય તો ફરી એક વાર અહીં આવતાં સંકોચ ન અનુભવતા. કર્નલ જહોન ફરી સોફામાં બેસી ગયા. કેજીબી જેટલો જ સહકાર તમને અહીં પણ મળશે !

કેજીબી શબ્દ કર્નલ જહોનના હોઠે સાંભળી આલોક ગુપ્તાના સીડીઓ ઊતરતા પગ ક્ષણભર માટે થોભી ગયા. એક પ્રશ્ન. કર્નલ જહોનને કેમ. જાણ થઈ કે તેને કેજીબીનો ટેકો છે ? બીજી જ ક્ષણે તેને ઉત્તર પણ મળી ગયો. યૂરી ઉલાનોવે કદાચ તેની સુરક્ષા અર્થે, અહીં ફ્રાંસના કેજીબીના જાસૂસોને સતર્ક કરી દીધા હશે ! એ જાસૂસો તેની જાણ વિના તેને ‘શેડો' કરતા હશે ! કદાચ એમાંના કોઈ એકાદને કર્નલ જહોને પોતાના બંગલા બહાર સાદા વેશમાં ટહેલતો જોઈ લીધો હોય તો નવાઈ નહિ !

સીડીઓ ઊતરી તે ભોંયતળિયે આવ્યો અને બહાર નીકળી ગયો. તેની પીઠ પાછળ મુખ્ય પ્રવેશના દરવાજા બંધ થઈ ગયા. દરવાજા બહાર જ તેણે ખિસ્સામાંથી ડાયરી કાઢી. ફરી એક વાર વુલ્ફ બ્રોનસોર્ટની કહેવાતી વિધવાનું સરનામું વાંચી લીધું. તેના પ્રવાસની સફળતા વુલ્ફની વિધવાની મુલાકાત પર નિર્ભર હતી.



૨૮

ભારતીય સીમા દળનો ચોકિયાત બિશનસિંહ છેલ્લા એક અઠવાડિયાથી રબરના દડા જેમ ઊછળી રહ્યો હતો. તેણે એક મહિનાની રજા માટે અરજી કરી હતી અને તેની એ અરજી મંજૂર થઈ ગઈ હતી. અઠવાડિયું જોતજોતાંમાં વીતી ગયું. ચોકીના શેડમાં તે બિસ્તર બાંધી રહ્યો હતો. બાંધતાં બાંધતાં મનોમન મલકાઈ રહ્યો હતો. ઘર તથા પત્ની તેની આંખોમાં તરી રહ્યાં હતાં.

બિશનસિંહ પંજાબનો હતો. જોકે તેના શરીરનો બાંધો પંજાબીઓ જેવો પહાડી નહોતો. ઊંચાઈ પણ સામાન્ય હતી. દેખાવમાં તે ગુરખા સૈનિક જેવો નીચા ઘાટનો લાગતો હતો. ચહેરા પર દાઢી નહોતી. મૂછ પણ નહોતી, છતાં તે પંજાબી હતો અને તેની નિમણૂક કચ્છના ક્ષેત્રમાં થઈ હતી. છેલ્લાં ચાર વર્ષથી કચ્છના ઉજ્જડ રણમાં તેણે પોતાના દિવસ તથા રાતો ગાળી હતી.

અહીંના દિવસ જેટલા વેરાન હતા તેટલી જ અહીંની રાતો પણ ઉદાસ હતી. વિશેષમાં વર્ષના છ મહિના જ્યાં રેતીના રણ નજરે પડતાં હતા, ત્યાં બાકીના છ મહિના પાણી ફરી વળતું હતું. કિચડ, કાદવ અને કળણ વધી જતાં હતાં. એ દિવસોમાં ચોકીઓ ખાલી કરી સીમા દળના ચોકિયાતો પીછેહઠ કરી જતા. સૂકી મોસમ આવતાં ચોકિયાતો પોતાની મૂળ ચોકીઓની સફાઈ કરી ફરી સ્થાન લેતા હતા.

અહીં 'મનોરંજન' માત્ર કલ્પના હતી. સમય ગોકળગાયની ગતિએ વહેતો હતો. ચોકિયાતો બીડી ફૂંકી, અહીંતહીંનાં ગપ્પાં હાંકી મહામુશ્કેલીએ દિવસો પસાર કરતા હતા. છતાં દિવસો કેમે કરી વીતતા નહોતા. ક્યારેક વધુ પડતી બોરિયતનો એહસાસ થતાં ચોકિયાતો પાકિસ્તાનની સીમા સુધી જઈ પાક સીમા દળના ચોકિયાતો પાસે પણ તડાકા મારી આવતા હતા.

પાક સીમા દળના ચોકિયાતોની સ્થિતિ પણ કાંઈ વધુ સારી નહોતી. શાંતિના દિવસોમાં બંને તરફના સીમા દળના ચોકિયાતો વાર તહેવારે સાથે મળી તહેવાર ઊજવતા. ઈદના દિવસે પાક સીમા દળના ચોકિયાતો તરફથી મિજબાની ગોઠવાતી તો દિવાળીના દિવસે તેઓ ભારતીય સીમા દળના ચોકિયાતોના પરીણા બનતા.

યુદ્ધના દિવસોની વાત જુદી હતી. યુદ્ધ શરૂ થતાં વારતહેવાર વીસરાઈ જતા. મિત્રતા ફૂંકાતા પવન સાથે રેતીની કણો જેમ ઊડી દૂર દૂર વેરાઈ જતી. સીમાની બંને તરફના ચોકિયાતો જાણે જનમ જનમના વેરી હોય એમ એકમેક પર તૂટી પડતા અને એ તેઓની ફરજ હતી. ફરજ આડે ન સંબંધ ટકી શકતો હતો, ન પ્રેમ.

બિશનસિંહે બિસ્તર તૈયાર કરી લેતાં પોતાના સાથી મહેન્દ્રનાથ સામે જોયું અને સસ્મિત કહ્યું - હવે મહિના પછી મુલાકાત થશે.

-તું ભાગ્યશાળી છે. પહોળી દાઢી, મૂછના પોલાણ વચ્ચેથી મહેન્દ્રનાથ બોલ્યો.

-આવા ટાણે મને રજા મળે એમાં ભાગ્ય ક્યાં આવ્યું ? બિશનસિંહે ઊભા થતાં જણાવ્યું, અરજીમાં મેં સ્પષ્ટ લખ્યું હતું. હું બાપ બનવાનો છું અને આ મહિને મારી રજા ઓછામાં ઓછા ત્રીસ દિવસ માટે મંજૂર થવી જોઈએ !

-દીકરાનો બાપ બને તો પાછા વળતાં દારૂનો એક બાટલો જરૂર લેતો આવજે !

-અરે મહેન્દ્ર ! કહેતાં બિશનસિંહે પોતાની છાતી ઠોકી, દીકરાનો બાપ બનીશ તો શરાબનું આખું પીપ લાવી તને એમાં નવડાવીશ. મિલાવ હાથ !

બંનેએ હાથ મિલાવ્યા અને બિશનસિંહ 'શેડ"ની બહાર નીકળવા ગયો. મહેન્દ્રનાથે તેને રોકતાં કહ્યું – આ બિસ્તર અહીં જ છોડી જવો છે ?

બિશનસિંહ ફરી હસ્યો. આજે તે વાત વાતમાં હસતો હતો. હસતાં હસતાં જ તેણે જણાવ્યું - પેલા બોકડાખાઉ મજીદને હજી હું મળ્યો નથી.

મજીદ પાક સીમા દળનો ચોકિયાત હતો.

-ત્યાં સુધી જઈશ તો તારો કલાકેક ભાંગી જશે !

–યાર, તેણે છેલ્લી ઈદના એક આખો બકરો ફ્રાઈ કરી આપણને બે બાટલા સાથે ભેટ દીધો હતો. બિશનસિંહ કહી રહ્યો હતો. એને મળ્યા વિના રજા પર જઈશ તો સાલો મારી સાતે પેઢીની ધૂળ ખંખેરી નાખશે !

તે બહાર નીકળ્યો અને 'શેડ" બહાર ઊભેલા એક ઊંટ પર સવાર થઈ પાક સીમાની દિશામાં ચાલી નીકળ્યો. ઊંટ લાંબાં લાંબાં ડગ ભરતું ઝડપથી આગળ વધી રહ્યું હતું. ઊંટની ગતિને કારણે ઉપર બેઠેલા બિશનસિંહને આંચકા લાગી રહ્યા હતા, પરંતુ અત્યારે તેને કશાની પરવા નહોતી. તેની પત્નીને ગર્ભ રહ્યો હતો. લગ્ન પછીનાં સાત વર્ષો પારણાની ઝંખનામાં વીતી ગયાં હતાં. સાતમે વર્ષે તેની પત્નીના પગ ભારે થયા હતા. એથી વિશેષ આનંદની વાત તેના માટે બીજી શી હોઈ શકે ?

વીસેક મિનિટના પ્રવાસ પછી તેની નજર પાક સીમા દળના ચોકિયાત મજીદ પર પડી. અને તેણે ઊંટને થોભાવી દૂરથી જ સાદ દીધો - એ સાલા બોકડાખાઉં ! મજીદ સ્થિર દષ્ટિએ તેની સામે જ જોઈ રહ્યો હતો.

-અબે કૌન હૈ ? કહેતાં તે સામે દોડી આવ્યો. બિશન ! આજે સવારના પહોરમાં મારી યાદ આવી ગઈ. ઊંટ નીચે બેસતા બિશનસિંહ એક તરફ સરકી ગયો. પછી કહ્યું

- આજે સવારના પહોરમાં જ તે તારી જાત દેખાડી.

-કયા કહા ?

થોડાંક પગલાં ભરી તેણે મજીદની ગરદન પકડી લીધી – સાલા અહીં શું કરતો હતો ?

–અહીં ! મજીદે આશ્ચર્ય વ્યક્ત કરતાં ગરદન છોડાવી.

–અહીં એટલે ભારતીય સીમમાં.

-ક્યા બોલતા હૈ, બિશન ! તેને પ્યારથી ધબ્બો મારતાં મજીદ બોલી ઊઠયો.

–આ જમીન તારા બાપની છે ?

-એ સૂવર ! મજીદ બરાડી ઊઠયો. આ જમીન મારા બાપની જ છે.

મજાક કરતા, એકમેકને ધોલધપ્પા મારતા બંને જણા વાતો કરી રહ્યા હતા. પરંતુ એ મજાક વધુ સમય ટકી ન શકી. બિશનસિંહ ગંભીર થઈ ગયો. અચાનક તેની નજર નીચે પડી અને પ્રથમવાર તેને ખ્યાલ આવ્યો, તે રણમાં ઊભો હતો. તેના પગ નીચે રેતી નહોતી, પાકી સડક હતી. તે ચોંકી ઊઠયો.

મજીદ સામે તેણે સ્થિર દષ્ટિએ જોયું. મજીદે એક બર્કલી સિગારેટ સળગાવી તેની સામે ધરી – લે સાલા મચ્છર ! પી ! તારું ભેજું ઠેકાણે આવી જશે !

-મજીદ !

-નથી પીવી ?

-આ સડક ક્યારે બની ?

-ક્યારે બની ? બર્કલીનો કશ લેતાં મજીદે સામો પ્રશ્ન કર્યો, આ સડક તો અહીં જ હતી.

-ના ! બિશનસિંહ મક્કમતાપૂર્વક બોલ્યો.

–આજે તને થઈ શું ગયું છે ?

-મજીદ ! હું તને મળવા આવ્યો છું.

–તો ભેટી જા !

–ભય છે, હું તારું ગળું દાબી દઈશ. !

–કારણ ?

–ભારતની સીમમાં ગેરકાયદેસર તૈયાર થયેલી આ સડક. બિશનસિંહ કહી રહ્યો હતો, આજથી હું એક મહિનાની રજા પર ઊતરવાનો હતો. હવે એ રજા મને સપનું લાગે છે !

-સાલા ચૂપચાપ ચાલ્યો જા ને ! બર્કલીનો એક જોરદાર કશ લેતાં તે મુદ્દાની વાત પર આવ્યો, આખી સડક રણમાં ઊભી થઈ અને તમને, મચ્છરોને ગંધ સુધ્ધાં ન આવી. તમારા ડીઆઈજીને બે દિવસ પહેલાં જાણ થાય કે બે દિવસ મોડી, એથી શું ફેર પડવાનો છે ?

બિશનસિંહે કાંઈ ઉત્તર ન દીધો. ચૂપચાપ તેણે પીઠ ફેરવી અને ઊંટ પર સવાર થઈ તે પાછો ચાલી નીકળ્યો. સૂર્યનાં કિરણો વહેતા સમય સાથે આક્રમક થતાં જતાં હતાં. સાથે પવન પણ ફૂંકાઈ રહ્યો હતો. દૂર દૂર રેતીના ગોટા ઘૂમરીઓ લેતા આકાશમાં ચડી રહ્યા હતા.

બિશનસિંહનું ઊંટ પાછું આવ્યું ત્યારે ભારતીય સીમા દળના ચોકિયાતોની એક ટોળી બિશનસિંહને ભાવભીની વિદાય દેવા માટે પ્રફુલ્લિત ચહેરે તેની વાટ જોતી તૈયાર ઊભી હતી. ઊંટ થોભી જતાં તેણે લગામ ઢીલી મૂકી. ઊંટ બેસી ગયું. તે નીચે ઊતર્યો અને ચૂપચાપ આગળ વધી શેડમાં ચાલ્યો ગયો. સર્વેને આશ્ચર્ય થયું. અચાનક બિશનસિંહને આ શું થઈ ગયું ? સવારથી હાસ્ય વેરતા તેના ચહેરા પર એકાએક રણની ઘેરી ઉદાસી કેમ ઊતરી આવી ?

એકમેક સામે પ્રશ્નાર્થ દષ્ટિએ જોતા દબાયેલા પગે ચોકિયાતો શેડમાં દાખલ થયા. તેઓએ જોયું તો બિશનસિંહ પોતાનો બિસ્તર ખોલી રહ્યો હતો.

-શું થયું ! આખરે તેના સાથી મહેન્દ્રનાથે બે પગલાં આગળ વધી તેની સામે આવતાં પૂછ્યું.

-સત્યાનાશ. બિશનસિંહે માથું ઊંચું કર્યા વિના જ ઉત્તર દીધો.

-કાંઈ કહીશ ?

-પાકિસ્તાનીઓએ પાકી સડક તૈયાર કરી નાખી છે.

-સડક ?

બિશનસિંહ ઊભો થયો અને સર્વેના ચહેરા પર દષ્ટિ પાથરતાં જણાવ્યું – લગભગ વીસ માઈલ લાંબી સડક સુરાઈ અને ડીંગ વચ્ચે ખડી થઈ છે.

-તેથી શું ? મહેન્દ્રનાથે કહ્યું, સુરાઈ તથા ડીંગ પાક સીમમાં છે.

-ખરું. પરંતુ એ લાંબી સડક ફૂંફાડા મારતી આપણી સીમમાંથી પસાર થાય છે. બિશનસિંહ સહેજ થોભ્યો. પછી ઉમેર્યું, કમસેકમ દોઢેક માઈલનો આપણો વિસ્તાર એ સડકે ઘેરી લીધો હશે. એમાં મને શંકા નથી.

આ વખતે મહેન્દ્રનાથને ખરેખર આશ્ચર્ય થયું. તેણે પોતાના સાથીઓના ચહેરા જોયા તો સફેદ હતા. સપાટ હતા. એ ચહેરાઓ પર શંકા તથા ભાવિની અનિશ્ચિતતાનાં એંધાણ દષ્ટિગોચર થતાં હતાં. અને તેનું કારણ હતું. આજથી તહેવારો વિસરાઈ જવાના હતા. મૈત્રી પૂર્ણ થઈ હતી. શાંતિના દિવસો પૂર્ણ થયા હતા. યુદ્ધની શરૂઆત કઈ પળે થશે એ કોઈ કહી શકતું નહોતું.

–બિશન ! કોઈએ દરવાજા પાસેથી પૂછી લીધું. તને ખાતરી છે કે એ સડક આપણી સીમમાં થઈને જાય છે ?

-મેં મારી સગી આંખે જોઈ છે. એ તેનો ઉત્તર હતો. ઉત્તર સાંભળી શેડમાં સન્નાટો છવાઈ

ગયો. શંકા માટે હવે ક્યાંય સ્થાન નહોતું.

મહેન્દ્રનાથ બહાર નીકળી ગયો. વહેલી તકે ડીઆઈજી, રાજકોટ પોલીસ રેન્જરને સમાચાર પહોંચાડવા જરૂરી હતા. અહીં સીમા નજીકની ચોકીઓમાં વાયરલેસ સેટ જેવાં આધુનિક સાધનો નહોતાં. પરંતુ પાછળનાં થાણાંઓ કે જે કચ્છનાં ગામડાંઓની નજીક હતાં અને જ્યાંથી પાકી સડકો પણ શરૂ થતી હતી, દરેક સહુલતો મોજુદ હતી.

મહેન્દ્રનાથ ઊંટ પર સવાર થઈ ચાલી નીકળ્યો. થોડે છેટે જતાં તેની નજરે પાણીની ગાડી પડી. રામ રખો ઊંટગાડી પર સવાર હતો. પાછળના ભાગમાં પાણીથી ભરેલાં સાતેક પીપ પડ્યાં હતાં. રોજ તે આ જ સમયે દૈનિક વપરાશ માટેનું પાણી લઈ ચોકિયાતોને સીમા પર પહોંચાડતો હતો. સાથે ટપાલ તથા અગત્યના સમાચારો પણ તે જ લઈ આવતો હતો.

મહેન્દ્રનાથને ઊંટ પર બેસી ગામની દિશામાં પાટાબંધ જતો જોઈ તેને નવાઈ લાગી. તેણે લગામ ખેંચી ગાડી થોબાવી. મહેન્દ્રનાથનો ઊંટ પણ તેની સામે આવી થોભી ગયો.

-ક્યાં ચાલ્યો ? રામખ્ખાએ તુરંત પ્રશ્ન કર્યો.

–થાણે.

-કાંઈ ખાસ ?

-શાંતિના દિવસો પૂરા થયા.

-શું કહે છે ?

-તારી પાસે કાંઈ સમાચાર છે ?

-ના. –મારી ટપાલ ?

રામરખ્ખાએ ફરી 'ના' કહી અને હેરતથી જોઈ રહ્યો.

વધુ સમય ન ખોતાં મહેન્દ્રનાથ આગળ વધી ગયો. રેતીનું તોફાન પળે પળે વધી રહ્યું હતું. થોડા થોડા અંતરે ડમરીઓ ઊડી રહી હતી. ઘૂમરીઓ લઈ ઊંચે ચઢતા રેતીના ગોટાઓએ તપતા સૂર્યને પણ ઝાંખો કરી નાખ્યો હતો. જ્યાં સુધી મહેન્દ્રનાથની નજર પહોંચતી હતી, રેતીની પડખાં બદલતી ચાદર તે જોઈ શકતો હતો. રણ દરેક ક્ષણે આકાર બદલી રહ્યું હતું. અચાનક જંગલી ગધેડાઓનું એક ઝૂંડ સામેથી ધસી આવ્યું અને ઊંટની બંને તરફથી માગ કરતું દોડી ગયું.

ચાર કલાકના લાંબા પ્રવાસ પછી મહેન્દ્રનાથ મથકે પહોંચ્યો તો મથકમાં પણ એક તોફાન તેની નજરે પડ્યું. એક પછી એક ઓડરો છૂટી રહ્યા હતા. ત્રણ ચોકિયાતો ઝડપથી મથકની બહાર નીકળી જીપમાં બેસી શહેર તરફ ચાલ્યા ગયા. વાયરલેસ સેટ પાસે ચાર ચોકિયાતો ટોળું વળી ઊભા હતા. પળો ભર માટે મહેન્દ્રનાથ પોતાના સમાચાર વીસરી ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો. તેના કાને શબ્દો અથડાયા - કંજરકોટની ભારતીય ચોકી પર ઈન્ડસ રેજર્સ તથા પાક સેનાએ મળી કબજો કરી લીધો છે.



૨૯

લંડન શહેર પર ધુમ્મસના ગોટા તરી રહ્યા હતા. એ ઊલટ-પુલટ થતા ગોટાઓ વચ્ચેથી ક્યારેક કોઈ સ્કાઈ સ્ક્રેપરની ટોચ નજરે પડી જતી હતી. ગગનચુંબી ઇમારતોના ટુકડા નજરે પડી જતા હતા. ચર્ચના ટાવર પર પળભર માટે દેખા દેતા હતા અને ધુમ્મસનાં તાજાં વાદળો તેની ચોપાસ ફરી વળતાં પાછાં અદશ્ય થઈ જતાં હતાં. દશ્ય સોહામણું હતું, પરંતુ આલોક ગુપ્તા પ્રકૃતિના એ સૌંદર્યને માણી ન શક્યો.

તે થાકેલો હતો. અકળાયેલો હતો. પેરિસથી વિમાન પકડી હજી કલાકેક પહેલાં જ તે લંડન આવ્યો હતો. એરપોર્ટ નજીકની હોટલ 'બી હાઈવ'ના ત્રીજા મજલાની બંધ બારીઓના પારદર્શક કાચ પાછળ તે ઊભો હતો. તેણે એક દષ્ટિ નીચે ઢાળી અને એરપોર્ટની દિશામાં દોડી જતી કારની ફોગ-લાઈટ તથા સડકની બત્તીઓ સિવાય તે બીજું કાંઈ જોઈ ન શક્યો.

બારીઓના પડદા પાડી તે બૂટ સાથે જ પલંગની ઊજળી ચાદર પર સૂઈ ગયો. તેના મનમાં થોડીક વધુ ચિંતાઓ ઊભરાઈ આવી. ખાસ કરીને અનિતાની ચિંતાએ તેને વિચારતો કરી દીધો. બિરલા હોસ્પિટલમાં અનિતાને મૃત જાહેર કરી છૂપી રીતે તેને એક નાનકડા પરંતુ સુઘડ નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવી હતી. યૂરીએ સ્વયં એની વ્યવસ્થા કરી હતી. વિશેષમાં તેણે પ્રાઈવેટ ડિટેક્ટિવની એક સંસ્થા, ટફ એજન્સી જોડે સુરક્ષાનાં પગલાં નક્કી કરી તેના ત્રણ ચુનંદા સિક્યોરિટી ઓફિસરોને નર્સિંગ હોમ બહાર સાદા વેશમાં ગોઠવી દીધા હતા. છતાં આલોક ગુપ્તાને ચિંતા થઈ રહી હતી. અને તેનું કારણ હતું.

અનિતા પર થયેલા અત્યાચારને કારણે માનસિક તથા શારીરિક રીતે તે ભાંગી પડી હતી. આવી ગંભીર સ્થિતિમાં અનિતાની પડખે તેની હાજરી અત્યંત જરૂરી હતી અને રડતા હૃદયે તે વિદેશના પ્રવાસે નીકળી ગયો હતો.

સૂતાં સૂતાં બીજો વિચાર તેને નેતાજીનો આવ્યો. એ નેતાજી, જે આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર હતા. એ સુભાષચંદ્ર બોઝ, જેમનું સ્થાન ભારતની પ્રજાના હૃદયમાં આજે પણ સુરક્ષિત હતું. એ જ બંગાળના ગરજતા સિંહ વિષે આજ સુધી તે એ ભ્રમમાં હતો કે તેમનું મૃત્યુ તાઈપે વિમાન દુર્ઘટનામાં થયું છે. અને કનલ જહોને તેને ચોંકાવનારી માહિતીઓ દીધી હતી. નેતાજીએ તાઈપેના વિમાન અકસ્માતમાં નહિ, બલકે સાલવીન નદીના કાંઠે આંખો મીંચી હતી. તેમની પીઠમાં ગોળી મારવામાં આવી હતી. અને તેમનો હત્યારો વુલ્ફ બ્રોનસોર્ટ પોતે હતો.

નેતાજી વિષે વિચારતાં તેના તરંગો વુલ્ફ બ્રોનસાર્ટ પર સરી આવ્યા. નેતાજીના સ્વાંગમાં ભારતમાં પ્રવેશી. તેણે સમસ્ત ભારતની પ્રજાને છેતરી હતી ! ભારતની પ્રજાએ નેતાજીના હત્યારાને સાક્ષાત નેતાજી તરીકે સ્વીકારી લીધો હતો ! એ જ જમીન હત્યારા વિષે સધ્ધર પુરાવાઓ મેળવી આલોક ગુપ્તાને સિદ્ધ કરવું હતું કે વુલ્ફ બ્રોનસાર્ટ મર્સિનરી છે. ભાડૂતી હત્યારો છે, કાતિલ છે અને અત્યાર સુધી તેના હાથે એકે પુરાવો એવો નહોતો ચડ્યો જેના આધારે તે છડેચોકે કહી શકે કે કહેવાતા નેતાજી, નેતાજી નહિ બલકે નાઝી કસાઈ છે.

બીજે દિવસે સવારે હોટલમાં નાસ્તો લઈ તે શ્રીમતી વુલ્ફ બ્રોનસાર્ટની મુલાકાતે ટેક્સીમાં નીકળી પડ્યો. ધુમ્મસના ગોટા લગભગ વિખરાઈ ગયા હતા. વાતાવરણ સ્વચ્છ લાગતું હતું.

હવે તે લંડનની ઈમારતો તથા રસ્તાઓને સ્પષ્ટ જોઈ શકતો હતો. શ્રીમતી બ્રોનસાર્ટ લંડનથી દૂર એસ્સેક્સ વિસ્તારમાં રહેતી હતી. લંડનથી બહાર જતાં માર્ગો પર વાહનોની ખાસ્સી ભીડ હતી.

ગોકળગાયની ગતિએ ડ્રાઇવરે ટેક્સીને ઈસ્ટ એન્ડમાંથી બહાર કાઢી 'ન્યૂ માર્કેટ' માગ પર લીધી અને ખુલ્લી સડક મળતાં મારી મૂકી. ટૂંક સમયમાં આલોક ગુપ્તા શ્રીમતી બ્રોનસાર્ટને ઘેર પહોંચવાનો હતો. એ પણ કલ્પી શકાય એમ હતું કે શ્રીમતી બ્રોનસાર્ટ તેને લગારે સહકાર નહોતી દેવાની. વુલ્ફ મૃત્યુ પામ્યો હોય તોય નહિ અને વુલ્ફ જીવતો હોય તોય નહિ. આ જ કારણે આલોક ગુપ્તાએ શ્રીમતી બ્રોનસાર્ટને પહેલાંથી સૂચિત નહોતી કરી. એપોઇન્ટમેન્ટ નહોતું લીધું.

ઝડપથી આગળ વધતી ટેક્સીનાં ફરતા પૈડાંઓની ગતિ સાથે તેના વિચારો સ્પધા કરી રહ્યા હતા. શ્રીમતી બ્રોનસોર્ટ પાસેથી રહસ્ય ઓકાવવા માટે કાંઈક યુક્તિ કરવાની જરૂર હતી ! કોઈ એવું છટકું ગોઠવવાની આવશ્યકતા હતી કે શ્રીમતી બ્રોનસોર્ટને વિચારવાની તક મળે એ પહેલાં જ તે સપડાઈ જાય.

ટેક્સી એક મકાન સામે થોભી ગઈ. સાથે આલોક ગુપ્તાના વિચારો પણ. તેણે બ્રિફકેસ ખોલી તેમાંથી એક પરબીડિયું કાઢયું. એ કોરા પરબીડિયામાં તેણે એક કોરો કાગળ ઘડી કરી મૂક્યો. પછી ટેક્સી ડ્રાઈવર સામે જોયું. ડ્રાઇવરે આંગળીના ઈશારા વડે તેને વુલ્ફ બ્રોનસોર્ટનું મકાન દેખાડ્યું. ડ્રાઈવરનો આભાર માની તેણે મિટર ચૂકવ્યું અને બ્રિફકેસ સાથે બહાર નીકળી ગયો.

શ્રીમતી બ્રોનસોર્ટના કોટેજની આસપાસ ગુલાબનાં ફૂલોના છોડવા ડોલી રહ્યા હતા. એક સાથે સેંકડો ગુલાબ જોઈ આલોક ગુપ્તાનું મન પ્રસન્ન થઈ ઊઠયું. ગુલાબની મહેકમાં ડોલતો. તે પગદંડી પર થઈ આગળ વધ્યો અને એકસાથે બે અલસેશિયન કૂતરાઓ કોટેજના ખુલ્લા દરવાજામાંથી તેની સામે દોડી આવ્યા. તે થોભી ગયો. બંને અલસેશિયન તેની સામે જોઈ ઊંચા અવાજે ભસી રહ્યા હતા. અલસેશિયન આગળ નહોતા વધી રહ્યા. તે પાછળ ખસવા તૈયાર નહોતો.

ટૂંક સમયમાં એક સ્ત્રીએ દરવાજામાં દેખા દીધી. આલોક ગુપ્તા જોઈ રહ્યો. ઊંચી, પાતળી અને દેખાવમાં પ્રભાવશાળી એ સ્ત્રી હતી. તેની ઉંમર પચાસ વટાવી ચૂકી હોવા છતાં તેની કમર બિલકુલ ટટ્ટાર હતી. વક્ષ ભરેલાં. પોશાકમાં તેણે મેક્સી પહેર્યું હતું કે ફ્રોક એ કહેવું મુશ્કેલ હતું. સાધુઓના ઝભ્ભા જેવું એ લાંબું ફ્રોક હતું. રંગ સફેદ આલોક ગુપ્તાએ કલ્પી લીધું. શ્રીમતી બ્રોનસોર્ટ આ જ હોઈ શકે !

સ્ત્રીએ આગળ વધી બંને ભસતા કૂતરાઓને કાબૂમાં લીધા.

-હું ભારતથી આવ્યો છું. આલોક ગુપ્તાએ ગુલાબના બગીચા વચ્ચે શરૂઆત કરી અને પોતાના શબ્દોની પ્રતિક્રિયા જાણવા સામે ઊભેલી સ્ત્રીની નીલી આંખોમાં એકચિત્તે જોઈ રહ્યો. સ્ત્રી પણ વિસ્મયથી તેની સામે જોઈ રહી હતી. પ્રથમ વાર તેને ખ્યાલ આવ્યો, સ્ત્રીના વાળ સોનેરી છે.

–તમને કોનું કામ છે ? આખરે સ્ત્રીએ હોઠ ખોલ્યા.

-શ્રીમતી બ્રોનસાર્ટનું. આલોક ગુપ્તાએ તુરંત કહ્યું.

કાંઈક વિચારતાં સ્ત્રીએ માત્ર એક જ શબ્દ ઉચ્ચાર્યો - આવો! અને બંને કૂતરાઓને સાથે લઈ દરવાજાની દિશામાં આગળ વધી ગઈ. આલોક ગુપ્તા તેની પાછળ કોટેજમાં દાખલ થયો.

કોટેજ નાનકડું પણ આકર્ષક હતું. બેઠકખંડની એક દીવાલ પુસ્તકોથી ઘેરાયેલી હતી. ખાસ કરી યુદ્ધ વિષયનાં પુસ્તકો તેમાં નજરે પડતાં હતાં. જમણી તરફની દીવાલ પર વુલ્ફ બ્રોનસાર્ટનું તૈલચિત્ર હતું. તો ડાબી તરફની દીવાલ પર વુલ્ફને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન

મળેલા નાઝી મેડલો તથા પારિતોષિકોને આકર્ષક રીતે બેધડક ગોઠવવામાં આવ્યાં હતાં.

–બેસો !

આલોક ગુપ્તા એક સોફામાં બેસી ગયો. બીજી ક્ષણે તેણે બ્રિફકેસ ખોળામાં લઈ ચાંપ દાબી. તરત બ્રિફકેસ ખૂલી ગઈ. અંદરથી તેણે પહેલાંથી તૈયાર કરી રાખેલું કોરું પરંતુ બંધ પરબીડિયું કાઢી શ્રીમતી બ્રોનસાટ સામે ધર્યું – તમારા પતિનો આ ખાનગી સંદેશો પાઠવવા ખાસ મારે લંડન આવવું પડ્યું.

શ્રીમતી બ્રોનસાર્ટ હજી ઊભી જ હતી. આલોક ગુપ્તાના હાથમાંથી પરબીડિયું લઈ તેણે તુરંત ખોલી નાખ્યું. અંદરથી ઘડી કરેલો કાગળ કાઢી. તેણે ઘડી ખોલી અને ચોંકી ઊઠી. કાગળ કોરો હતો. આલોક ગુપ્તાના છટકામાં તે આબાદ સપડાઈ હતી. વિસ્ફારિત નેત્રે તે આલોક ગુપ્તા સામે જોઈ રહી. તેનો પતિ જીવિત છે એ પુરવાર થઇ ગયું. છતાં પોતાની હાર આટલી સરળતાથી સ્વીકારતાં તે શીખી નહોતી.

-ઉફ ! સામેના સોફામાં બેસી જતાં તેણે નાટકીય ઢબે કહ્યું, મારા પતિના મૃત્યુને લગભગ ત્રણ વર્ષો વીતી ગયાં અને આજે પણ હું એ જ ભ્રમમાં જીવી રહી છું કે તે હયાત છે.

આલોક ગુપ્તાને મનોમન હસવાની ઈચ્છા થઈ આવી. પણ તે ન હસ્યો. બલકે તેને સખત થવાની આવશ્યકતા લાગી. તેણે ભારપૂર્વક કહ્યું - મિસિસ બ્રોનસાર્ટ !

–જી ?

–બાજી ખૂલી ગયા પછી જુગાર ન રમાય !

-હું ન સમજી ! શ્રીમતી બ્રોનસાર્ટ હજુયે અજાણ હોવાનો ડોળ ચાલુ રાખ્યો.

-તો સમજી લ્યો કે તમારો લાભ સહકાર દેવામાં છે. -હું પણ સહકારમાં માનું છું. શ્રીમતી બ્રોનસાર્ટે કહ્યું. બંને કૂતરાઓ તેના પગ પાસે બેસી ગયા હતા. શ્રીમતી બોનસાર્ટે તેઓની સ્નિગ્ધ ડોક પર હાથ ફેરવતાં આગળ ચલાવ્યું – નહિતર આ કૂતરાઓને માત્ર એક ઇશારાની જરૂર છે. મેં ઇશારો કર્યો હોત તો બગીચામાં જ તમને ફાડી ખાત.

–છતાં તમે ઈશારો ન કર્યો.

–કારણ વિના ?

-એ સમયે નહોતું. આલોક ગુપ્તા ઝડપથી બોલી રહ્યો હતો. પરંતુ હવે છે. તમે જાણો છો કે વુલ્ફ હયાત છે. અને હું પણ જાણું છું કે એ જીવતો છે.

–તમે કોણ છો ? શ્રીમતી બ્રોનસાર્ટ સામો પ્રશ્ન કર્યો.

-આલોક ગુપ્તા.

–તમને મારા મૃત પતિમાં કેમ રસ પડ્યો ?

–કારણ કે તમારા પતિ મૃત નથી. તેણે જણાવ્યું, અને એ રહસ્ય આપણે બંને જાણીએ છીએ. જો તમે સહકાર નહિ ઘો તો આ જ રહસ્ય હું સી.આઈ.એ.ને પણ જણાવી દઈશ અને તેનું પરિણામ શું આવશે એ તમે કલ્પી શકો છો.

શ્રીમતી બોનસોર્ટના શરીરમાંથી એક ટાઢી ધ્રુજારી ફરી વળી. આલોક ગુપ્તાથી એ છાનું ન રહ્યું. ગૌતમાલમાં વુલફે સી.આઈ.એ.ને થાપ દીધી હતી. ‘લાઈ ડિટેક્ટર યંત્રને જૂઠું સાબિત કર્યું હતું. સી.આઈ.એ.નાં રહસ્યો ફિડલ કાસ્ટ્રો સામે છતાં કરી કયૂબન ગેરિલાઓનું કાસળ કઢાવી નાખ્યું હતું. વુલ્ફ બોનસાર્ટ જીવતો છે એની જાણ થતાં સી.આઈ.એ.ના જાસૂસો તેને શોધી ભડાકે દેશે એ વિષે શ્રીમતી બ્રોનસાર્ટને લગારે શંકા નહોતી. પરંતુ તે એ નહોતી જાણતી કે સી.આઈ.એ.એ. વુલ્ફની ઉધઇ ખાઇ ગયેલી ફાઇલ ઉથલાવવાની શરૂઆત કરી દીધી હતી.

એ જ સમયે શ્રીમતી બ્રોનસાર્ટના પગ પાસે બેઠેલા બંને કૂતરાઓને કાંઇ ગંધ આવી અને ભસતાં ભસતાં છલાંગ મારી બહાર દોડી ગયા. શ્રીમતી બ્રોનસર્ટ ઊભી થઈ બંને કૂતરાઓ

પાછળ દોડી. આલોક ગુપ્તા સાવધ થઈ ગયો. તેની નાનકડી પિસ્તોલ કોટના નીચલા ખિસ્સામાં હતી. હાથ ખિસ્સામાં સરકાવી તેણે પિસ્તોલ પર પકડ જમાવી. બીજી ક્ષણે તેને ખ્યાલ આવ્યો. તેની પીઠ મુખ્ય પ્રવેશ તરફ હતી. તુરંત તેણે ઊભા થઈ સામેના સોફામાં જગ્યા લીધી. હવે દરવાજો તેની સામે હતો. અણધાર્યા હુમલાની તેને ચિંતા નહોતી.

અલસેશિયન કૂતરાઓ પાછળ દોડી ગયેલી શ્રીમતી બ્રોનસાર્ટે પ્રવેશમાંથી જોયું તો તેની પુત્રી રોઝી સાથે રોઝીનો બોયફ્રેન્ડ માઈકલ કૂતરાઓને પંપાળતો દરવાજા તરફ આગળ વધી રહ્યો હતો. માઈકલના ખભેથી રાઈફલ ઝૂલી રહી હતી. રોઝી જોડે શિકારે જવાનો કાર્યક્રમ બનાવી તે શ્રીમતી બ્રોનસાર્ટની પરવાનગી લેવા આવ્યો હતો.

–મમ્મી ! શ્રીમતી બ્રોનસાર્ટનો સફેદ ચહેરો જોઈ રોઝી બોલી ઊઠી. તારી તબિયત ઠીક છે ને ?

–ધીરે બોલ ! તેણે ઇશારો કર્યો.

–શું થયું ?

–તારા પપ્પા જીવતા છે એ રહસ્ય છતું થઈ ગયું.

–કોણે કર્યું ?

–મારી મૂર્ખાઇએ ! કહેતાં રોઝી તથા માઈકલને ટૂંકમાં સમજાવી દીધાં.

–હવે ? રોઝી બોલી.

–મારી સમજમાં પણ એ નથી આવતું.

–આંટી ! માઈકલ વચ્ચે બોલી ઊઠયો. હવે શિકારની શોધમાં અમને જંગલમાં જવાની જરૂર નથી. તમે પરવાનગી દેતાં હો તો અહીં જ કરીએ.

શ્રીમતી બ્રોનસાર્ટ સાથે રોઝી પણ સ્તબ્ધ થઈ ગઈ. બંને કૂતરાઓ તેઓની આસપાસ અકારણ ઊછળી રહ્યા હતા. એકમેકની ડોક પર પ્યારથી બટકું ભરવા મથી રહ્યા હતા. ક્યારેક એક કૂતરો ગુલાંટ ખાઈ નીચે ફેંકાઈ જતો હતો, તો બીજો કૂતરો તેની ડોક પકડવા ધસી જતો હતો.

–વિચાર ખોટો નથી. લાંબા વિચારને અંતે શ્રીમતી બ્રોનસાર્ટ જણાવ્યું, પરંતુ એ હિંદુસ્તાનીની હત્યા કરતાં પહેલાં આપણે એ જાણી લઈએ કે તે શું ઈચ્છે છે ?

યોજના નક્કી થઈ ગઈ. માઈકલ દરવાજાની આડમાં વાટ જુએ. શ્રીમતી બ્રોનસાર્ટ રોઝી જોડે અંદર જાય અને ચર્ચા આગળ વધે. અંતે શ્રીમતી બ્રોનસોર્ટ રોઝીને કૉફી લાવવા વિનંતી કરે. 'કોફી' શબ્દ સંકેત હતો. માઈકલે એ સંકેત મળતાં રાઈફલનો ઘોડો દાબી દેવાનો હતો. –

–મિસ્ટર. શ્રીમતી બ્રોનસાર્ટ રોઝી સાથે તેની સામે આવતાં સમિત શરૂઆત કરી.

–મારું નામ આલોક ગુપ્તા છે. તેણે યાદ દેવડાવ્યું.

–મિસ્ટર ગુપ્તા ! શ્રીમતી બ્રોનસાર્ટે પોતાની પુત્રીનો પરિચય દીધો. રોઝી, વુલ્ફની સંતાન છે.

આલોક ગુપ્તાએ ઊભા થઈ રોઝી જોડે હાથ મેળવ્યો. રોઝીએ માત્ર સ્મિત ફરકાવ્યું અને બંને કૂતરાઓને સાથે લઈ કિચનની દિશામાં ચાલી ગઈ. શ્રીમતી બ્રોનસાર્ટ સોફામાં જગ્યા લીધી. તેને ખ્યાલ આવી ગયો - આલોક ગુપ્તાએ સમયસૂચકતા વાપરી જગ્યા બદલી છે ! –

મિસ્ટર ગુપ્તા ! સંદેહનું એકે ચિહનો ચહેરા પર ઉપસ્થિત થવા ન દેતાં તેણે આગળ ચલાવ્યું, હજી સુધી તમે એ નથી જણાવ્યું કે તમે શું ઈચ્છો છો ?

આલોક ગુપ્તા વિચારી રહ્યો હતો. રોઝી જોડે કોઈ પુરુષ પણ હતો. એ પુરુષનો ચહેરો તેણે નહોતો જોયો. પરંતુ તેનો સ્વર તેણે સ્પષ્ટ સાંભળ્યો હતો. એ પુરુષ ક્યાં છે ? કદાચને તે બહાર જ ઊભો હોય ! આલોક ગુપ્તાને તેની પરવા નહોતી. તેણે જણાવ્યું - મારી ઈચ્છા તદ્દન મામૂલી છે.

-એ જણાવવાની કૃપા કરશો ?

–જરૂર. આલોક ગુપ્તા વિચારીને શબ્દો ઉચ્ચારી રહ્યો હતો. ટૂંક સમયમાં ભારતના એક પ્રાંત કેરલમાં ચૂંટણી થવાની છે. જો કહેવાતા નેતાજી ઉર્ફે વુલ્ફ બોનસાર્ટ મારા ક્લાઈન્ટને મદદ કરે તો તેનો પક્ષ કેરલમાં બહુમતીએ ચૂંટાઈ આવે.

–બસ ? શ્રીમતી બ્રોનસાર્ટ સાશ્ચર્ય પૂછ્યું.

–એ બદલ વુલ્ફને રૂ. ૫૦,૦૦૦ ભેટ આપવાનું પણ મારા ક્લાઈન્ટે નક્કી કર્યું છે. આલોક ગુપ્તાએ ઘડી કાઢેલો તુક્કો સહેજ આગળ વધાર્યો, તમારી ઈચ્છા હશે તો જ એ રકમ ડૉલર કે પાઉન્ડમાં તમને અહીં મળે એની વ્યવસ્થા પણ કરી દઈશ !

-વુલ્ફને હું સંદેશો મોકલી દઈશ. શ્રીમતી બ્રોનસાર્ટે કહી દીધું. તમારું કામ થઈ જશે !

–મને પુરાવો જોઈએ છે. આલોક ગુપ્તા બોલ્યો, શબ્દો અને પોકળ વચનો નહિ.

-લેખિત બાંહેધરી હું તમને દઈ ન શકું. તેની આંખો બારીકીથી આલોક ગુપ્તાના ચહેરાનું અવલોકન કરી રહી હતી. છતાં આટલી ખાતરી દઉં છું. વુલ્ફ મારી વિનંતી પાછી નહિ ઠાલવે.

-ના ! મને એમાં વિશ્વાસ નથી.

-ઓહ ! શ્રીમતી બ્રોનસાર્ટ ફરી એક વાર નાટકીય ઢબે બોલી. હું એ પૂછતાં તો વિસરી જ ગઈ. તમે ચા લેશો કે...

–મારે એક પત્ર જોઈએ છે. તેણે ભારપૂર્વક કહ્યું, જેમાં તમે તમારા પતિને મારા ક્લાઈન્ટની સહાય કરવા માટે સ્પષ્ટ વિનંતી કરો.

-રોઝી ! શ્રીમતી બ્રોનસાર્ટે તેના શબ્દોને મહત્વ ન દેતાં કિચનની દિશામાં જોઈ સાદ દીધો. કૉફી !

એ સાદ દરવાજા બહાર બેચેન ઊભેલા માઈકલે પણ સાંભળ્યો. એ જ ક્ષણે અધખલા દરવાજામાંથી રાઈફલની નાળ પ્રવેશી. આલોક ગુપ્તાએ બીજી જ ક્ષણે છલાંગ મારી અને તે સામે બેઠેલી શ્રીમતી બ્રોનસાર્ટના પગમાં પછડાઈ ગયો. રાઈફલની નાળમાંથી છૂટેલી બૂલેટ તેના માથા પરથી સરતી સામેની દીવાલમાં ગોઠવાયેલાં પુસ્તકો સાથે અથડાઈ અને બેત્રણ પુસ્તકો નીચે ફેંકાઈ ગયાં.

ઝડપથી બેઠા થઈ જતાં આલોક ગુપ્તાએ કોટના ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી અને સોફામાં સ્તબ્ધ બેઠેલી શ્રીમતી બ્રોનસાર્ટનાં ભરેલાં વૃક્ષો વચ્ચે દાબી દીધી. માઈકલ ફરી ઘોડો દબાવવા જતો હતો, પરંતુ બદલાયેલા સંજોગોએ તેને એમ કરતાં રોક્યો.

–મિસિસ બ્રોનસાર્ટ ! આલોક ગુપ્તા તેને ઊભા થવાનો ઈશારો કરતાં બોલી ઊઠયો, જે કોઈ પણ બહાર હોય તેને અંદર બોલાવી લો !

શ્રીમતી બ્રોનસાર્ટ વિસ્ફારિત નેત્રે તેની સામે જોઈ રહી હતી. ઊંડા શ્વાસો લેવાને કારણે તેની ભરાવદાર છાતીઓ સાગરની ઊંચી લહેરો જેમ ઊછળતી હતી અને નમી જતી હતી. વિશેષમાં તેણે અંદર બ્રા પણ નહોતી પહેરી.

–માઈકલ ! સ્વસ્થ થતાં તેણે સાદ દીધો, અંદર ચાલ્યો આવ!

રાઈફલ સાથે તે અંદર પ્રવેશ્યો.

-રાઈફલ ફેંકી દે ! આલોક ગુપ્તાએ હુકમ છોડ્યો. રાતી આંખે માઈકલે તેની સામે જોયું, શ્રીમતી બ્રોનસાર્ટ સામે જોયું અને રાઈફલ ફેંકી દીધી.

-હવે ચૂપચાપ અંદરની રૂમમાં ચાલ્યો જા !

માઈકલ માટે હુકમનું પાલન કર્યા સિવાય ઉપાય નહોતો. આલોક ગુપ્તાની નાનકડી પિસ્તોલ હજીયે શ્રીમતી બ્રોનસાર્ટની છાતી સામે સ્થિર હતી. શ્રીમતી બોનસાર્ટ સૂકા પાંદડા જેમ ધ્રૂજી રહી હતી.

માઈકલ વેધક દષ્ટિએ આલોક ગુપ્તા સામે જોતાં કિચનની રૂમમાં પગલાં ભરી ગયો. રોઝી પણ ત્યાં જ હતી. બંને કૂતરાઓ પણ એ જ રૂમમાં હતા. આલોક ગુપ્તાએ ઝડપથી આગળ વધી એ રૂમનો દરવાજો વાસી દીધો. હવે તે નિશ્ચિત હતો. નિશ્ચિતતાપૂર્વક તે શ્રીમતી બ્રોનસાટ સામે આવ્યો અને તેના કપાળે પિસ્તોલની નાળ દાબી તેને સોફામાં ફેંકી દીધી. પછી કરડાકીથી કહ્યું - ચૂપચાપ બેઠી રહેજે ! નહિતર તારી ખોપરીના ભુક્કા ઉડાડતાં મને વધુ સમય નહિ લાગે !

શ્રીમતી બ્રોનસાર્ટ ઠરી ગઈ.

આલોક ગુપ્તાએ બેઠકની તલાશી લેવાની શરૂઆત કરી. દીવાલ પર ગોઠવાયેલાં પુસ્તકો તે ફેંદી વળ્યો. વુલ્ફ બ્રોનસાર્ટના તૈલચિત્ર પાછળની દીવાલ પર તેણે ટકોરા મારી જોયા. દીવાલ પોલી નહોતી. ટૂંક સમયમાં બેઠકખંડની તપાસ પૂર્ણ કરી તે બેડરૂમ તરફ આગળ વધ્યો, સાથે શ્રીમતી બ્રોનસાર્ટને પણ તે ખેંચી ગયો.

શ્રીમતી બોનસાર્ટને એક ખૂણામાં ઊભી રાખી તેણે ઝડપથી બેડરૂમની તલાશી લેવાની શરૂઆત કરી. ખૂણામાં પડેલા એક ટેબલનાં સઘળાં ખાનાં એક પછી એક ખેંચી કાઢી. તેણે બેડરૂમની વચ્ચે જ ઠાલવી દીધાં. છેલ્લાં ખાનામાંથી તેને પત્રોનું એક બંડલ મળી આવ્યું. એ તેણે અલગ કરતાં કબાટ ખોલ્યો. કબાટને વેરવિખેર કરી નાખવા છતાં એમાંથી તેને કશુંયે ન મળ્યું. તેણે દષ્ટિ ઘુમાવી. બેડરૂમની દીવાલ પર એક પેન્ટિંગ ઝૂલતું હતું. એ પેન્ટિંગને ઊંચકી લેતાં નીચે ઘા કરી દીધો. દીવાલ પર ટકોરા માર્યા. દીવાલ પોલી હતી. દીવાલ પર ચોડાયેલું વૉલપેપર ઉખેડી નાખતાં તેમાં એક નાનકડું કાણું નજરે પડયુ.

—ચાવી ક્યાં છે ? શ્રીમતી બ્રોનસાર્ટ સામે જોતાં તેણે પ્રશ્ન કર્યો.

ચાવીઓનો ઝૂડો શ્રીમતી બ્રોનસાર્ટના લાંબા ફ્રોકમાં જ હતો. ચૂપચાપ તેણે સોંપી દીધો. આલોક ગુપ્તાએ તેમાંથી એક ચાવી અલગ કરી એ કાણામાં ભેરવી અને પેન્ટિંગથી સહેજ નાનો દીવાલનો એ ભાગ તિજોરીના ખાના જેમ ખૂલી ગયો. તેણે અંદર હાથ નાખ્યો તો દસ્તાવેજોનું એક બંડલ તેને મળી આવ્યું. તેનું કામ પતી ગયું, વુલ્ફ જીવતો છે એ વિષેના પુરાવાઓ હવે તેના હાથમાં હતા. તેનું હૃદય ધબકી રહ્યું હતું.

પત્રોનું બંડલ તથા દસ્તાવેજો બ્રિફકેસમાં મૂકી તેણે શ્રીમતી બોનસાર્ટના મોંમાં ડૂચો દીધો અને પલંગની ચાદર વડે જ તેને કસકસાવીને બાંધી દીધી. જતાં પહેલાં આટલી સાવધાની વરતવી જરૂરી હતી.



૩૦

માથે સૂરજ તાપી રહ્યો હતો. પવન સાથે ફૂંકાતી લૂમાં પારેવાં આકાશમાં ઊડતાં ઊડતાં ટપ દઈને અચાનક નીચે પછડાઈ જતાં હતાં. તિરાડોવાળી જમીન આગ , ઓકી રહી હતી. દૂર દૂર સુધી ખેતરો સૂકાં અને સૂનાં નજરે પડતાં હતાં. વૃક્ષોનાં પાન બળીને ખરી ગયાં હતાં. માઈલો સુધી માનવીનું નામોનિશાન નજરે નહોતું પડતું. પશુઓ પણ જાણે પૃથ્વી પરથી અદ્રસ્ય થઈ ગયાં હતાં. જ્યાં સુધી કહેવાતા નેતાજીની નજર જતી હતી, માત્ર નિર્જન ધરતી અને તેને ભેટતું આકાશ દેખાતું હતું. છતાં...

બળબળતી ધરતી પર પગલાં ભરતા કહેવાતા નેતાજી પોતાના કાફલા સાથે આગળ વધી રહ્યા હતા. શૈલા ભાદુડી, તેમની પર્સનલ સેક્રેટરી તેમની ગતિ જોડે તાલ મેળવવા પ્રયાસ કરતી લગભગ દોડી રહી હતી, હાંફી રહી હતી. બાવીસ વર્ષની તેની ઉંમરમાં આવો કષ્ટદાયક પ્રવાસ તેણે ક્યારેય નહોતો ખેડ્યો. કષ્ટ શું કહેવાય એ પણ તેણે ક્યાં જાણ્યું હતું ? ,

ભાદુડી પરિવાર એક સમૃદ્ધ પરિવાર હતો. શૈલાના પિતા બેરિસ્ટર હતા અને સ્વતંત્રતાની લડતમાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો હતો. શૈલાનો ભાઈ એર ફોસમાં મિકેનિકલ ઇજનેર હતો. શૈલા ઈચ્છતે તો એમ.એ.ની ડિગ્રી મેળવી સરળતાથી કોઈ પણ સુખી પરિવારના યુવક જોડે પરણી ઘર વસાવી શકી હોત ! અત્યારે તે હિંડોળામાં બેસી પાન ચાવતાં અન્ય બંગાળી સ્ત્રીઓ જેમ ટહુકા કરતી હોત ! પતિના પડખામાં બેસી મીઠાં મીઠાં ગીતો ગાતી હોત ! પરંતુ એ સુંવાળું જીવન તેને માન્ય નહોતું. એ વૈભવની તુલનામાં આ વેરાની તેના માટે અનેકઘણી ચડિયાતી હતી. કારણ કે આ વેરાનીમાં એક ધ્યેય હતો. મેઘધનુષ હતું.

કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ પણ પરસેવે રેબઝેબ હતા. તેઓની પાછળ કાફલો હતો. એ કાફલામાંથી સમય સાથે અનેક સાથીઓ ખરી ગયા હતા. છતાં અનેક બાકી પણ હતા. ત્રીસથી વધુ નેતાજીના સાથીઓ આઝાદ હિંદ ફોજના પોશાકમાં હતા. બાકીના સાદા વેશે હતા. નેતાજીના તેઓ ચાહક હતા. ખરા ભક્તો હતા, છતાં અકળાઈ ઊઠયા હતા. કોઈને કલ્પનાય નહોતી કે “ચલો દિલ્લી’ની કૂચ આટલી ત્રાસદાયક સિદ્ધ થશે ! કોઈને સપને પણ ખ્યાલ નહોતો કે નેતાજી જોડે પદયાત્રામાં જોડાતાં તેઓના હાલ બેહાલ થઈ જશે !

ભૂખ્યા તરસ્યા તેઓએ માઈલોનો પ્રવાસ ખેડ્યો હતો. પ્રવાસ દરમિયાન વચ્ચે કોઈ ગામ આવતા કાંઈક ખાવાપીવાની વ્યવસ્થા થતી. નહિતર ભૂખ્યા પેટે આગળ અને આગળ વધવું પડતું. આજે પણ એમ જ થયું હતું. સવારથી તેઓએ કાંઈયે ખાધું નહોતું. બપોરના બે વાગી ગયા હતા. નજીકનું ગામ હજી ચારેક માઈલ છેટે હતું. અને ત્યાંથી પણ કાંઈ ખાવાનું મળશે કે કેમ એ એક પ્રશ્ન હતો. કારણ કે એ ગામ તથા તેની આસપાસના વિસ્તારોને કોલેરાએ તેની નાગચૂડમાં ભીંસી નાખ્યો હતો.

હકીકતમાં પદયાત્રાની મૂળ યોજના મુજબ નેતાજી ઈલાહાબાદથી ફતેહપુર, કાનપુર થઈ ઈટાવાહ પહોંચવાના હતા. પરંતુ કાનપુર આવતાં તેમને કાને સમાચાર અથડાયા, શફીપુર ડિસ્ટ્રિક્ટનાં અનેક ગામો કોલેરામાં હોમાઈ ગયાં છે. કોલેરાના ભયે ગામો છોડી લોકો નાસી રહ્યાં છે. ગામડાંના નિર્દોષ પ્રજાજનો એક ગામ છોડી બીજે ગામ પહોંચતાં હતાં અને સાથે

કોલેરાનાં જંતુઓ પણ લેતાં જતાં હતાં. એ ગામડાંઓને ડૉક્ટરોની જરૂર હતી, સ્વયંસેવકોની જરૂર હતી, જેઓ પથારીવશ રોગીઓની સારવાર કરી શકે, કોલેરાને ફેલાતો રોકવા લોકોને જાગૃત કરી શકે. સા

કાનપુરમાં જ નેતાજીએ પદયાત્રાનો નકશો બદલી નાખ્યો. કાનપુરથી ઈતાવાહ ન જતાં ગંગાનો પુલ પાર કરી શફીપુરની દિશામાં ચાલી નીકળ્યા. કાફલો તેમની પાછળ ઘસડાયો. અત્રના સાંસાં થઈ ગયા. માગમાં સાથે લીધેલું પાણીયે ખૂટી ગયું. નેતાજીને એની પરવા નહોતી. એકે શબ્દ ઉચ્ચાયા વિના તે સાંય સાંય કરતી લૂમાં આગળ વધી રહ્યા હતા.

તેમનાં ચંપલ બે દિવસ પહેલાં જ તૂટી નકામાં થઈ ગયાં હતાં. શૈલા ભાદુડી સાથે કર્નલ ગુલમહંમદે પણ નેતાજીને નવાં ચંપલ ખરીદી લેવા માટે આગ્રહ કર્યો હતો. નેતાજીએ હસીને 'ના' કહી હતી.

તેમનાં વસ્ત્રો તાર તાર થવાની અણી પર હતાં. ટૂંકાતા પવનમાં કફનીના લીરા પીઠ પાછળ ઊડી રહ્યા હતા. માથા પરની ટોપી ન જાણે ક્યારે અને ક્યાં ગૂમ થઈ ગઈ હતી. કદાચ માર્ગમાં જ ક્યાંક ઊડી ગઈ હોય ! ચહેરો ધૂળ અને પરસેવામાં મેલો થઈ ગયો હતો. વસ્ત્રો મેલાં હતાં, છતાં તેમની આંખોમાં ફરિયાદ નહોતી. અત્યારે તેમની સામે માત્ર એક જ ધ્યેય હતો. માનવસેવા, અને માનવીની સેવા કરવાની એક ઉમદા તક તેમની પ્રતીક્ષા કરી રહી હતી. શફીપુરના કોલેરાગ્રસ્ત વિસ્તારને તેમની જરૂર હતી.

-નેતાજી !

કર્નલ ગુલમહંમદની ચીસ તેમના કાને અથડાઈ અને તેમણે ચોંકીને પાછળ જોયું. શૈલા ભાદુડી ચક્કર ખાઈ ઢળી પડી હતી. લૂ લાગવાને કારણે શૈલા બેભાન થઈ ગઈ હતી.

નેતાજીએ હળવેકથી તેને બંને હાથમાં ઊંચકી લીધી. એ સિવાય બીજું કાંઈ તે કરી પણ નહોતા શકતા. બીજો કાંઈ ઉપાય નહોતો. અન્ન નહોતું. જળ નહોતું. જે કાંઈ સારવાર કરવાની હતી તે નજીકના ગામે પહોંચ્યા પછી નક્કી થવાનું હતું.

શૈલા ભાદુડીને ઊંચકી આગળ વધતાં પહેલાં તેમણે એક નજર પોતાના સાથીઓ પર નાખી અને તેમને દયા આવી ગઈ. લગભગ દરેક સાથી તેમના પ્રતિબિંબ સમાન હતો. હોઠ સુકાઈ ગયા હતા. આાંખો ઊંડી ઊતરી ગઈ હતી. વાળ વિખરાયેલા હતાં. વસ્ત્રો મેલાં.

શું નેતાજીના સાથીઓના ભાગ્યમાં માત્ર યાતના સહેવાનું જ લખાયેલું હતું ? બમ-િમલાયાના યુદ્ધમાં જેઓએ નેતાજીને સાથ દીધો, તેઓએ પણ આવી જ પીડા ભોગવી હતી. આવાં જ દુઃખ વેઠયાં હતાં. વૃક્ષોનાં પાંદડાં ચાવી દિવસો ગાળ્યા હતા. ભૂખ તથા તરસે તેઓને પણ વિચલિત કરી નાખ્યા હતા.

-સાથીઓ ! નેતાજીને બે શબ્દો કહેવાની ફરજ પડી. તેમના હાથમાં શૈલા ભાદુડીનો બેભાન દેહ હતો. તેમના માથેથી પસાર થતાં સૂર્યમાં ગમે તેવા તંદુરસ્ત શરીરને પણ હલાવી નાખવાની તાકાત હતી. છતાં નેતાજીના આ ભક્તો તેમની સામે અડગ ઊભા હતા.

-મારે વધુ કાંઈ નથી કહેવું નેતાજીએ આગળ ચલાવ્યું, હું નથી ઈચ્છતો કે મારા કારણે કોઈને સહેજે તકલીફ પહોંચે. તે છતાં હું તમને દુઃખ અને યાતનાઓ સિવાય બીજું કશુંયે ભેટ દઈ નથી શકતો. આટઆટલી પીડાઓ સહેવા છતાં તમે ઊફ સુધ્ધાં નથી કર્યું, એ તમારી મહાનતા છે. મારી તમને ફક્ત આટલી વિનંતી છે. તમારામાંથી જે કોઈ પણ પાછું જવા ઈચ્છતું હોય, તે નજીકનું ગામ ઉમરાવ આવતાં નિઃસંકોચ આ કષ્ટદાયી પદયાત્રામાંથી છૂટું થઈ શકે છે. ઉમરાવ ગામેથી વાહનની વ્યવસ્થા પણ થઈ શકશે ! અને આપણા ભંડોળમાંથી પાછા જવાનો ખર્ચો તમને દેતાં મને આનંદ જ થશે !

ઉત્તરની પ્રતીક્ષા કયા વિના તેમણે પીઠ ફેરવી અને આગળ વધી ગયા. કાફલો તેમની

પાછળ ચાલ્યો. દૂરથી જ ઘૂમરીઓ લેતાં ગીધ આકાશમાં નજરે પડતાં કાફલાને આશા બંધાઈ. કોલેરાગ્રસ્ત ઉમરાવ ગામ પાસે જ હતું. અને છતાં કેટલું દૂર ?

નેતાજીને ફરી એક વાર ખ્યાલ આવ્યો. આ સઘળી પીડા તે શા માટે ભોગવી રહ્યા હતા ? આજ પહેલાં પણ આ પ્રશ્ન ઉપર તે અનેક વાર વિચારી ચૂક્યા હતા. ઉત્તર નહોતો મળ્યો. આજે તેમને પેટની ભૂખ સાથે ઉત્તરની ભૂખ પણ વરતાઈ કારણ કે છેલ્લા થોડાક દિવસોમાં જે યાતના બદશિત કરી હતી એ ન તેમણે જાણી હતી, ન કલ્પી હતી. માનસિક તથા શારીરિક આ કષ્ટો જોડે તેમને લગારે સંબંધ નહોતો. આ દેશ ભારત પણ તેમનો ક્યાં હતો ?

કહેવાતા નેતાજી થોડીક ક્ષણો માટે પોતાના મૂળ ખોળિયામાં પ્રવેશી ગયા. વુલ્ફ બોનસાર્ટ, નાઝી હત્યારાના ખોળિયામાં પ્રવેશી ગયા. તેમની પત્ની એલિઝા લંડનના એક કોટેજમાં બે અલસેશિયન કૂતરાઓ જોડે તેમની વાટ જોઈ રહી છે. તેમની પુત્રી રોઝી લગ્ન કરવા માટે ઉતાવળી થઈ રહી છે. રોઝી અને માઈકલ છેલ્લાં બે વર્ષથી પ્રેમમાં હતાં.

–પાણી...પાણી...!

નેતાજીએ વિચારોમાંથી જાગી ઊઠતાં નજર ઢાળી. શૈલા ભાદુડીના ફડફડતા હોઠ પર એ નજરો સ્થિર થઈ ગઈ. શૈલા ભાદુડી તેમના હાથમાં હતી અને નેતાજી તેને એક ઘૂંટ પાણી દઈ શકે એ

સ્થિતિમાં નહોતા. તેમને પોતાની લાચારી પર દયા આવી ગઈ. હૃદય આકંદ કરી ઊઠયું. શું આ પણ તેના ભાગ્યમાં લખાયું હતું ?

તેમના હાથમાં જ શૈલાનું મૃત્યુ થવાનું હતું ? તેમણે ઝડપ વધારી અને શૈલા ભાદુડીમાં કેંદ્રિત થયેલા પોતાના વિચારોને સપ્રયાસ ખસેડી દૂર કરી દીધા. ફરી એક વાર પુરાણા પ્રશ્ને માથું ઊંચું કર્યું - નેતાજી ! તમે કોણ છો ? વુલ્ફ બ્રોનસાર્ટ. ઉત્તર મળ્યો. અને વુલ્ફ બ્રોનસાર્ટ કોણ છે ? એક હત્યારો. હજારો યહુદીઓને તેણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ગેસચેમ્બરમાં હોમી દીધા હતા. તેને સહેજે પસ્તાવો નહોતો થયો. અલજીરિયામાં તેણે અનેક ફ્રેંચ અધિકારીઓને ભડાકે દીધા હતા. તેના હાથ સહેજે નહોતા કંપા. ઇજિપ્ત જતા બે જર્મન વૈજ્ઞાનિકોના વિમાનમાં છાની રીતે ટાઈમ-બમ મૂકી આખું વિમાન તેણે ઉડાડી મૂક્યું હતું. તેનું રૂંવાડુંયે નહોતું ફરકર્યું. ફિડલ કાસ્ટ્રો ખાતર તેણે સેંકડો કયૂબન ગેરિલાઓનું કાસળ કઢાવી નાખ્યું હતું. પછી સ્કોચની બોટલ પી. તે આખી રાત નાચ્યો હતો. એ તેનું છેલ્લું એસાઈનમેન્ટ હતું. છેલ્લો સોદો હતો.

તે ધંધાદારી હત્યારો હતો. પૈસા ખાતર કોઈ પણ માનવીની હત્યા કરવી એ તેનો ધર્મ હતો. તે ભાડુતી કાતિલ હતો. તેના હાથ લોહીમાં ખરડાયેલા હતા. એ લોહી કોઈ વિધવાનું હતું. કોઈ માનું હતું. કોઈ બહેનનું હતું. કોઈ ભાઈનું હતું. કોઈ જવાનનું હતું. કોઈ વૃદ્ધનું હતું. એ લોહી કોઈ મૃત માનાં સ્તનોને બાઝેલા કુમળા શિશુનું પણ હતુ.

હત્યાના ધંધામાં તે નાતજાતના ભેદભાવ નહોતો રાખતો. ધર્મ નહોતો જોતો. ઉમર નહોતો જોતો. સ્ત્રી નહોતો જોતો. પુરુષ નહોતો જોતો. તમારે કોઈની હત્યા કરાવવી છે ? ટેબલ પર નોટોનો ઢગ ખડકી ઘો. તમારું કામ ટૂંક સમયમાં પતી જશે ! હત્યા કોઈ નામાંકિત વ્યક્તિ કરવી છે ? મોટા માણસની કરવી છે ? ડોલરનો ઢગ ખડકી ઘો.

ડોલરના વિશાળ ઢગે નેતાજીના સ્વાંગમાં તેને ભારતમાં પ્રવેશવા માટે લલચાવ્યો હતો. તે લલચાઈ પણ ગયો. ભારત આવતાં પહેલાં તેણે છ મહિના સુધી લગાતાર નેતાજી વિષે અભ્યાસ કર્યો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવનને તે ઘોળીને પી ગયો હતો. નેતાજીના સંબંધીઓ કોણ કોણ હતા ? નેતાજીના અંગત મિત્રો ભારતમાં ક્યાં ક્યાં પથરાયેલા હતા ? નેતાજીની ટેવો શી શી હતી ? નેતાજી ખોરાકમાં શું પસંદ કરતા હતા અને શું નહોતા કરતા ?

પોતાની ડાયરીમાં તેણે એ પણ નોંધી લીધું હતું કે ભારતમાં નેતાજીની પ્રિય સિગારેટ કયા બ્રાન્ડની હતી ! કેટલાં પશુઓ તેમને આકર્ષતાં હતાં. કયા પશુઓની તેમને સૂગ હતી ! પરંતુ...

એ સમયે તે નહોતો જાણતો કે નેતાજીના વ્યક્તિત્વનો પ્રભાવ તેને કચડી નાખશે ! નેતાજીનો પોશાક તેના શરીર સાથે તેના માનસને પણ હલાવી નાખશે. નિર્મળ જળ જેવા એક પવિત્ર ખોળિયામાં પ્રવેશતાં તેનું પાપી હૃદય ધોવાઈને સ્વચ્છ થઈ જશે. અને ખરેખર એમ જ થયું હતું.

વુલ્ફ બ્રોનસાર્ટને પોતાનું શરીર હળવું ફૂલ જેવું લાગી રહ્યું હતું. સઘળાં પાપ ધોવાઈ ગયાં હતાં. ભૂતકાળનાં કુકર્મો જાણે ભૂંસાઈ ગયાં હતાં. તે નાઝી હત્યારો નહોતો. તે ભાડૂતી કાતિલ નહોતો. તે જલ્લાદ નહોતો. તે નેતાજી સુભાષચંદ્ર બોઝ છે. તેની છાતીમાં નેતાજીનું હૃદય ધબકી રહ્યું છે. એ હૃદયના ધબકાર તે સ્પષ્ટ સાંભળી શકતો હતો.

કોઈ તેને ભીતરથી સાદ દઈ રહ્યું હતું. વુલ્ફ ! આ તારો નવો જન્મ છે. મહાકૃપાળુ ઈશ્વરે તને એક જન્મમાં બે જીવન જીવી જવાની તક દીધી છે. તારું પહેલું જીવન સેતાનનું હતું, તો બીજું ફરિશ્તાનું છે. પ્રસન્ન થા ! ઉત્સવ મનાવ ! નકની દિશામાં જતી તારા જીવનની કેડી સ્વર્ગના માર્ગે વળી ગઈ છે.

તે ઉત્સવ મનાવી ન શક્યો. તેને ૧૯૪૫ની સાલ યાદ આવી હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝનું પગેરું શોધતો તે બેંગકોક થઈ સાલવીન નદીને કાંઠે ગયો હતો. તેના હાથમાં ટેલિસ્કોપિક ગન હતી. એ જ બંદુકની ગોળી તેણે નેતાજી સુભાષચંદ્ર બોઝની પીઠમાં ફૂંકી હતી. નેતાજી નદીકાંઠે ઢળી પડ્યા હતા. સૂકી ભીની માટીમાં છેલ્લા શ્વાસ ભરતા આઝાદ હિંદ ફોજના સિપેહસાલાર નેતાજી તેની સામે ટગર ટગર જોઈ રહ્યા હતા. તેમની આંખો જાણે કહી રહી હતી : –વુલ્ફ ! મારા ભાગ્યમાં કદાચને તારા હાથે મૃત્યુ લખાયું હશે ! મૃત્યુનો મને અફસોસ નથી. અફસોસ કાંઈ હોય તો એ માત્ર આટલો છે કે હું મારા દેશને આઝાદ જોઈ નથી શક્યો. બલકે હું...હું મારા દેશબાંધવો માટે કાંઈયે કરી નથી શક્યો. નહિતર... મારી ઈચ્છા દેશને મુક્ત કરાવી, ગરીબોની સેવા કરવાની હતી. ભારત કરોડો ગરીબોનો દેશ છે.

એ ટગર ટગર જોતી નેતાજીની આંખો સામે તે જોઈ નહોતો શક્યો. આજે પણ એ આંખો અરણ્યમાંથી ઊપસી આવી તેની સામે નીરખી રહી હતી, પરંતુ આજે એ આંખો જોઈ તેને ભય ન લાગ્યો. એ આંખોમાં દિસતો સંદેશો વાંચી તેના પગમાં બળ આવ્યું. ભારત કરોડો ગરીબોનો દેશ છે અને એ કંગાળીની સેવા કરવી એ તેનો ધર્મ છે. આ વુલ્ફ બોલી રહ્યો હતો ? ના. કહેવાતા નેતાજી બોલી રહ્યા હતા ? ના, સ્વયં નેતાજી બોલી રહ્યા હતા. ફરી એક વાર નેતાજીનું હૃદય તેની છાતીમાં ધબકી ઊઠયું હતું.

-નેતાજી !

વિચારો થોભી ગયા. આગળ વધતાં પગ થોભી ગયા. નેતાજીની સામે ઉમરાવ ગામના પંચો ઊભા હતા. વૃદ્ધ સરપંચ કહી રહ્યો હતો – ભૂખ્યા તરસ્યા આટલો લાંબો પ્રવાસ ખેડી તમે અમારે ગામ પધાર્યા અને અમે તમારી વધુ કાંઈ સેવા કરી શકીએ એ સ્થિતિમાં નથી.

વાસ્તવિકતામાં પગલું ભરતાં નેતાજીએ નજરો ઘુમાવી. ગામના પાદરે તે ઊભા હતા. શૈલા ભાદુડીનો બેભાન દેહ તેમના હાથમાં હતો. જ્યાં સુધી તેમની આંખો જોઈ શકતી હતી, તેમને ઝૂંપડાં જેવાં ઘર તથા પાકાં મકાન દેખાતાં હતાં. મકાનોનાં છત પર બેઠેલાં ગીધ તે જોઈ શકતા હતા. પરંતુ માનવો ક્યાં હતા ?

માનવીઓ આ ગામમાં વસે છે એના પુરાવારૂપે પાંચ પુરુષો તેમની સામે હાજર થયા હતા. એ પાંચમાંથી ત્રણ જણા પોતાની સાથે પાણીની મશકો લેતા આવ્યા હતા. નેતાજીના સાથીઓ તેઓને ઘેરી વળ્યા હતા. વારાફરતી સર્વે પાણી પી રહ્યા હતા, તરસ છિપાવી રહ્યા હતા. પરંતુ

કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ હજીયે નેતાજીની પાછળ અડગ ઊભા હતા.

-અમે સેવાની આશાએ નહિ... નેતાજીએ વૃદ્ધ સરપંચના ચહેરામાં દષ્ટિ સ્થિર કરતાં જણાવ્યું, સેવા કરવાની ઈચ્છાથી અહીં . આવ્યા છીએ. વધુ કાંઈ કહેવાની તેમને જરૂર ન લાગી. શૈલા ભાદુડીના બેભાન દેહને તેમણે પાસેના એક ઘટાદાર વૃક્ષની છાંયમાં પાથરી દીધો. કનલ ગુલમહમદ એક પ્યાલામાં પાણી લઈ આવ્યો. નેતાજીએ પોતાના હાથે શૈલાના ચહેરા પર પાણી છાંટી થોડુંક તેના મોંમાં રેડ્યું. શૈલા ભાદુડીએ આંખો ખોલી.

નેતાજીના કાફલા માટે પંચોએ જમવા તથા રહેવાની વ્યવસ્થા પહેલાંથી કરી રાખી હતી. જો કે એ વ્યવસ્થા તદ્દન સાદી હતી. ભોજનમાં માત્ર રોટલા અને દાળ હતાં. ગામ લગભગ ખાલી હતું. કૉલેરાનો ભોગ થવાની બીકે તંદુરસ્ત પરિવારો એક પછી એક ગામ છોડી ચાલ્યાં ગયાં હતાં. બીમાર, રોગી તથા વૃદ્ધો પાછળ રહી ગયા હતા. એ સિવાય આ ગામમાં કોઈ બાકી રહ્યું હોય તો પંચો જેવા થોડાક સેવાભાવી યુવાનો હતા.

–અહીં ડૉક્ટર કેટલા છે ? બેચાર કોળિયા જેમતેમ ગળા નીચે ઉતારી હાથ ધોઈ નાખતાં નેતાજીએ પ્રશ્ન કર્યો.

-માત્ર બે. વૃદ્ધ સરપંચે જણાવ્યું, અને એ બંને ખૂબ જ વ્યસ્ત રહે છે.

સાથીઓને વિશ્રામ લેવાનું કહી નેતાજી, કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘને સાથે લઈ વૃદ્ધ સરપંચ સાથે ગામની પરિસ્થિતિનો ક્યાસ કાઢવા નીકળી પડ્યા. માગમાં જે ઘર આવતું તેમાં નેતાજી પ્રવેશતા અને તુરંત બહાર પણ નીકળી આવતા. અત્યાર સુધીમાં તેમણે જેટલાં ઘરોમાં ડોકિયાં કયાં તે બધાં ખાલી હતાં. તેમાં લાશો પડી હતી. એ લાશોને અગ્નિદાહ દેવાનો સમય પણ અહીં કોઈની પાસે નહોતો.

-તલવારસિંઘ ! તેમણે સહેજ થોભતાં પોતાના એક અંગરક્ષકને કહ્યું, પદયાત્રીઓ વિશ્રામ લઈ લે તો સહુ પ્રથમ તેઓએ લાશોને શોધી અગ્નિદાહ દેવાની વ્યવસ્થા કરવાની છે. તલવારસિંઘ આદેશ લઈ પાછો ચાલ્યો ગયો.

નેતાજી ફરી આગળ વધ્યા. થોડે છેટે જતાં વાંસનું એક ઘર આવ્યું. વૃદ્ધ સરપંચ જોડે નેતાજી અંદર પ્રવેશ્યા અને ખામોશ ઊભા રહી ગયા. કનલ ગુલમહમદે બહાર જ રહેવાનું પસંદ કર્યું. તેનું કામ રક્ષાનું હતું. નેતાજીને આ ઉજ્જડ ગામમાં અંગરક્ષકની જરૂર નહોતી. છતાં તે પોતાની ફરજ અચૂક બજાવી રહ્યો હતો.

વાંસના ઘરમાં એક સ્ત્રી ઢોલિયા પર સૂતી હતી. તેનું શરીર ગળાઈને દીવાસળી થઈ ગયું હતું. એક ડોક્ટર હતાશા ચહેરે તેને વિનવી રહ્યો હતો – બેન ! આ દવા પી લક્ષ્યો ! વિશ્વાસ રાખો ! તમે ફરી બેઠાં થઈ જશો.

સ્ત્રીએ ઈશારાથી ‘ના’ કહેતાં ઉમેર્યું - મારા પતિ ગયા. મારા બંને પુત્રો ગયા. હવે જીવીને હું શું કરીશ ?

નેતાજીએ હળવેકથી એક પગલું આગળ વધી ડોક્ટરના હાથમાંથી દવાનો પ્યાલો લીધો. પછી સ્ત્રીને માથે પ્રેમપૂર્વક હાથ મૂકી કહ્યું – બેન ! તમે જીવી જશો તો બીજા બે માનવીઓની સેવા કરી શકશો ! બે માણસોને જીવનદાન દઈ શકશો. મોં ખોલો !

સ્ત્રીએ પોતાનો ચહેરો સહેજ ત્રાંસો કર્યો, પરંતુ ઝાંખા પ્રકાશને કારણે તે નેતાજીનો ચહેરો સ્પષ્ટ જોઈ ન શકી. ડૉક્ટર પણ વિચારમાં પડી ગયો ! કોણે તેના હાથમાંથી પ્યાલો લીધો ? શું એ સમાજસેવક હતો કે વિશેષજ્ઞ ? તે કાંઈ સમજે એ પહેલાં સ્ત્રીએ હળવેકથી મોં ખોલ્યું અને નેતાજીએ તેના મોંમાં ચમચે ચમચે દવા રેડી દીધી.

સ્ત્રી નિંદરમાં પોઢી જતાં નેતાજી સરપંચ જોડે બહાર આવ્યા. ડોક્ટર તેઓની પાછળ બહાર નીકળ્યો. ઢળતા સૂર્યના પીળા પ્રકાશમાં નેતાજીનો ચહેરો તેણે સ્પષ્ટ જોયો અને તે જોતો

જ રહી ગયો.

-નેતાજી ! તમે ! તેના હોઠ ખૂલી ગયા.

નેતાજીએ તેની સામે જોઈ માત્ર સ્મિત ફરકાવ્યું.

-ખરું કહું તો હવે મને આશ્ચર્ય નથી થતું કે પેલી જિદ્દી સ્ત્રીએ તમારા હાથે દવા કેમ પીધી ! ડૉક્ટરે તેમની સાથે પગલાં ભરતાં આગળ ચલાવ્યું. મહાત્માઓના સ્પર્શમાં ચમત્કાર હોય છે. કહેવાય છે કે ઈશુ ખ્રિસ્તના સ્પશ માત્રથી રોગીઓ બેઠા થઈ જતા હતા.

-ખેર! નેતાજીએ હસીને જણાવ્યું, હું ઈશુ નથી. તમારી જેવો એક સામાન્ય માનવી છું. કહો, હું તમારી શી મદદ કરું ? તમને કાંઈ ઉપયોગી થઈ શકીશ તો હું મારી જાતને ભાગ્યશાળી સમજીશ.

ક્ષણભર વિચારી ડોક્ટરે પ્રશ્ન કર્યો - તમારી સાથે બીજા કેટલા સાથીઓ છે ?

-લગભગ પચાસેક.

-સરસ. પ્રસન્ન થતાં ડોક્ટરે જણાવ્યું, સહાયકોની મને ખૂબ જ જરૂર છે. ખાસ કરીને એવા સહાયકો કે જેઓ રોગીઓનાં મળમૂત્ર પણ સાફ કરવા તૈયાર હોય. એ આશા હું તમારા સાથીઓ પાસેથી રાખી શકું ?

–એ આશા તમે મારી પાસેથી પણ રાખી શકો છો. નેતાજીએ સરળતાથી કહ્યું અને ફરી એક વાર ડૉક્ટરની આંખો તેમના ચહેરામાં સ્થિર થઈ ગઈ. પળભર માટે તેને લાગ્યું, તેની સામે નેતાજી નહિ, ઈશુ ખ્રિસ્ત સાક્ષાત ઊભા હતા.



૩૧

એર ઇન્ડિયાનું જંબોજેટ દિલ્લીના પાલમ એરપોર્ટ પર બે ચક્કરો લઈ 'રન-વે વન' પર ટચ થયું અને પૈડાંઓ પર દોડતું થોડે છેટે જઈ થોભી ગયું. પેસેન્જરો એક પછી એક બહાર નીકળવા લાગ્યાં. સીડી પર ઊભેલી એર હોસ્ટેસ લાંબા પ્રવાસેથી આવેલા પેસેન્જરોને સસ્મિત વિદાય દઈ રહી હતી.

આલોક ગુપ્તાએ સીડી પર દેખા દીધી અને એર હોસ્ટેસ સામે જોયા વિના જ પગથિયાં ઊતરી ગયો. વિદેશના એક મહિનાના સફળ પ્રવાસેથી તે પાછો ફર્યો હતો. એક મહિના દરમિયાન તેણે વુલ્ફ બ્રોનસોર્ટ વિષે સધ્ધર પુરાવાઓ ભેગા કર્યા હતા. એ પુરાવાઓમાં વુલ્ફ બ્રોનસાર્ટના હસ્તે પોતાની પત્નીના નામે લખાયેલા બે પત્રો હતા. બંને પત્રો ભારતથી લખાયા હતા. એ પુરાવાની ફાઈલમાં વુલ્ફ બ્રોનસાર્ટના ચહેરા તથા શરીરના અમુક ભાગો પર થયેલી પ્લાસ્ટિક સર્જરીનો રિપોર્ટ પણ હતો. વુલ્ફ બ્રોનસાર્ટનો બાંધો પહેલાંથી જ નેતાજી જેવો હતો. પ્લાસ્ટિક સર્જરીએ તેના ચહેરાને નેતાજીનું પૂર્ણ રૂપ દઈ દીધું હતું.

વિશેષમાં આલોક ગુપ્તાએ વુલ્ફ બોનસાર્ટ પર થયેલી પ્લાસ્ટિક સર્જરી પહેલાં તથા પછીના ફોટાઓની કોપીઓ પણ લંડનની એક હોસ્પિટલમાંથી મેળવી હતી. અલબત્ત એ હોસ્પિટલ સાવજનિક નહોતી અને વુલ્ફ બ્રોનસાર્ટનો રિપોર્ટ તથા ફોટાઓ મેળવવા માટે તેને ધાકધમકી સાથે પાંચસો અમેરિકન ડોલરનું દાન દેવું પડ્યું હતું. છતાં નેતાજી પ્રકરણની એક કડી વણઉકેલી રહી હતી.

અનેક પ્રયાસો કરવા છતાં આલોક ગુપ્તા એ કડી શોધી નહોતો શક્યો. હજીયે અનેક પ્રશ્નો તેને મૂંઝવી રહ્યા હતા. ખાસ કરી નેતાજી પ્રકરણનું મૂળ શોધવામાં તેને જબ્બર નિરાશા સાંપડી હતી. વુલ્ફ બ્રોનસાર્ટ કોના આદેશથી ભારત આવ્યો છે ? કોણે તેને આ ભયંકર એસાઈનમેન્ટ સોંપ્યું ? તેનો 'બોસ' કોણ છે ? પડદા પાછળ સંતાયેલી એ વ્યક્તિને ભારતના અથતંત્રમાં શો રસ છે ?

વુલ્ફ બ્રોનસાર્ટના જીવનનું કદાચ આ આખરી સાહસ હતું. કોઈએ તેને લાખો ડોલરની લાલચ દઈ 'ઓપરેશન-ગુલમહોરમાં ઝંપલાવવા માટે તૈયાર કર્યો હતો. એ વ્યક્તિ કે સંસ્થા કે ઓરગેનાઈઝેશનનું નામ હજી તેને મળ્યું નહોતું. છતાં આટલું તે ખાતરીપૂર્વક કહી શકતો હતો. કેજીબી કે સી.આઈ.એ. આમાં સંડોવાયેલા નહોતા. કારણ કે એ બંને જાસૂસ સંસ્થાઓ વુલ્ફની વેરી હતી. વુલ્ફ બ્રોનસાર્ટનું પગેરું શોધવા આ બંને જાસૂસ સંસ્થાઓ કટીબદ્ધ હતી. કેજીબીના જાસૂસ યૂરી ઉલાનોવે આલોક ગુપ્તાને પૂરતો સહકાર દીધો હતો. સી.આઈ.એ. પણ તેની પડખે ઊભું હતું. આથતિ મૂડીવાદી દેશોનું આ કાવતરું નહોતું. સમાજવાદી દેશોનું આ છટકું નહોતું. તો...

શું કોઈ ખાનગી સંસ્થાએ આ સાહસ ખેડ્યું છે ? શું પાકિસ્તાનનો આમાં હાથ હોઈ શકે ? ના. બીજી જ ક્ષણે તેને ઉત્તર મળ્યો. પાકિસ્તાની જાસૂસો હજી એ કક્ષાએ નહોતા પહોંચ્યા કે આવી જટિલ યોજના ઘડી શકે. પરંતુ કચ્છના રણમાં, ભારત-પાક સીમાઓ પર, ભારતની ચોકીઓ પર થયેલા છેલ્લા હુમલાઓ પરથી એંધાણ મળતાં હતાં કે કોઈ સંસ્થાએ 'ઓપરેશન-

ગુલમહોર'ની યોજના ઘડી પાકિસ્તાનનો સાથ મેળવ્યો હોય !

આગળ વધતાં જમ્બોના પેસેન્જરો સાથે તે કસ્ટમમાંથી પસાર થયો અને વાસ્તવિકતાઓ તેની સામે આવી ગઈ. અનિતાની તબિયત વિષેના 'કેબલો' તેને કેજીબી દ્વારા વિદેશ પ્રવાસ દરમિયાન મળતા રહ્યા હતા. અનિતાને બિરલા હોસ્પિટલમાં મૃત જાહેર કરી લેડી કાવસજી નામના એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં ખસેડી લેવામાં આવી હતી. ત્યાં. તેની સારવાર ઉચ્ચ કક્ષાના ડોક્ટરોને હાથે થઈ રહી હતી. અનિતા જીવે છે અને લેડી કાવસજી નર્સિંગ હોમમાં સારવાર લઈ રહી છે એ રહસ્ય માત્ર જૂજ વ્યક્તિઓ જાણતી હતી. ખાસ કરીને યૂરી ઉલાનોવ, નર્સિંગ હોમના બે ડોક્ટરો તથા 'ટફ ડિટેક્ટિવ એજન્સી'ના સિક્યોરિટી ઓફિસરો, જેઓ દિવસ-રાત નર્સિંગ હોમની બહાર પહેરી દેતા હતા.

કસ્ટમ્સમાંથી બહાર નીકળી લોંજમાં આવતાં આલોક ગુપ્તાને પોતાનું નામ સંભળાયું. એર ટર્મિનસના માઈકમાંથી જાહેરાત થઈ રહી હતી. મિસ્ટર આલોક ગુપ્તા ! કૃપા કરી એર ઈન્ડિયાના કાઉન્ટર પર આવી મળો. જાહેરાત વારંવાર રિપીટ થઈ રહી હતી. એર ટર્મિનસના ચણતરમાં ગોઠવાયેલાં સ્પીકરો દ્વારા ગુંજી રહી હતી.

આલોક ગુપ્તા થોડાંક ઝડપી પગલાં ભરી પોતાની સૂટકેસ સાથે એર ઇન્ડિયાના કાઉન્ટર પાસે આવ્યો અને અંદર બેઠેલી યુવતી સામે ઊભા રહેતા તેણે પોતાનો પરિચય દીધો.

–તમારે માટે એક સંદેશો છે. કહેતાં યુવતીએ ટેબલના ખાનામાંથી એક બંધ પરબીડિયું કાઢી તેની સામે ધર્યું. આલોક ગુપ્તાએ સાભાર એ સ્વીકારી લીધું. પરંતુ તે એ કલ્પી ન શક્યો કે તેના નામે પરબીડિયું કોણે મૂક્યું હશે ? પરબીડિયામાં શું સમાચાર હશે ? અનિતાની તબિયત ફરી બગડી તો નહિ હોય !

એર ઇન્ડિયાના કાઉન્ટર સામેના સોફામાં બેસી જતાં તેણે પત્ર ખોલ્યો અને એક જ નજરે વાંચી ગયો. ઠરી ગયો. તેને લાગ્યું, કોઈએ ચોવીસ કલાક સુધી તેને ફ્રીજમાં રાખી બહાર ફેંકી દીધો હતો ! સાગર પાર કરી આવેલો તરવૈયો કિનારે ડૂબી મર્યો હતો ! તેની આંખો પહોળી થઈ ગઈ. પગ હલી ગયા. માથું ભમી ગયું. એરપોર્ટની ભીડમાં પણ તેને ભ્રમ થયો. અંધાર કોટડીમાં તે ફાંસી કેદીની જેમ મૃત્યુની વાટ જોતો એકલો બેઠો છે !

કપાળ પર બાઝેલા પરસેવાનાં બુંદી લૂછી તેણે ફરી એક વાર સંદેશો વાંચ્યો. સંદેશો ટૂંકો પરંતુ સ્પષ્ટ હતો - આલોક ! નેતાજીના પુરાવાઓની ફાઈલ લઈ બપોરના ત્રણ સુધીમાં 'જંતરમંતર' ચાલ્યો આવ ! નહિતર અનિતા સાથે લેડી કાવસજીના નર્સિંગ હોમને પણ ભસ્મીભૂત કરી નાખવામાં આવશે

અનિતા ! તેનો આત્મા કકળી ઊઠયો. આલોક ગુપ્તાની એ નિદર્ષિ પ્રિયાએ જે અત્યાચારો સહન કર્યા હતા. એનો ભાગ્યે જ કોઈ સ્ત્રીને અનુભવ થયો હશે ! તેના શરીરનું અક્કેક અંગ છરી વડે ચેકા મૂકી લોહીલુહાણ કરી નાખવામાં આવ્યું હતું. તેને નગ્ન કરી તેનાં બંને સાથળો વચ્ચે કાચની તૂટેલી બોટલ મૂકી દાબી દેવામાં આવી હતી. ધારદાર કાચ તેના શરીરમાં ખંતાડી બોટલને સ્ક્રૂની જેમ ઘુમાવવામાં આવી હતી. શું અનિતાને ફરી એક વાર એ યાતનાઓમાંથી પસાર થવું પડશે ? નકની એ યાત્રા શું ફરી એક વાર તેના ભાગ્યમાં લખાઈ હશે ?

આલોક ગુપ્તાએ એ જ ક્ષણે પુરાવાની ફાઈલ શત્રુના હાથમાં સોંપી દેવાનો નિણય લીધો. સાથે તેને એ પણ ખ્યાલ આવ્યો કે અનિતાની સુરક્ષાની જવાબદારી યૂરી ઉલાનોવની હતી. ટફ ડિટેક્ટિવ એજન્સીના સિક્યોરિટી ઓફિસરો લેડી કાવસજી નર્સિંગ હોમની બહાર પહેરો દઈ રહ્યા હતા. છતાં અનિતાનું જીવન ભયમાં હતું ! શું એ શક્ય હતું ?

સહુ પ્રથમ તેણે એરપોર્ટના એક પબ્લિક કોલ બૂથમાંથી યૂરીનો નંબર જોડ્યો.

-હલ્લો ! કોઈ સ્ત્રીનો બારીક અવાજ તેના કાને અથડાતાં આલોક ગુપ્તાએ પોતાનું નામ

જણાવ્યું.

-કોમરેડ યૂરી મોસ્કો ગયા છે.

ફરી એક વાર સ્ત્રીનો અવાજ કાને અથડાતાં આલોક ગુપ્તા સમસમી ગયો.

-મારે માટે કાંઈ સંદેશો મૂકતા ગયા છે ? પોતાની લાગણીઓને કાબૂમાં રાખતાં તેણે પૂછી લીધું.

ઉત્તર નિરાશામાં મળ્યો.

અચાનક યૂરીને મોસ્કો શા માટે જવું પડ્યું હશે ? આ પ્રશ્ન પર વિચારતાં તેને યૂરીના છેલ્લા શબ્દો યાદ આવ્યા. આલોક ગુપ્તાને વિદેશપ્રવાસ માટે કેજીબીના સહકારની જરૂર હતી. ખાસ કરીને આર્થિક રીતે. કેજીબીના મોસ્કો-કેન્દ્ર યૂરી દ્વારા ગયેલી વિનંતીનો અસ્વીકાર કર્યો હતો. છતાં મોસ્કો-કેન્દ્રના આદેશની અવગણના કરી યૂરીએ તેના માટે વિદેશી નાણાંની વ્યવસ્થા કરી હતી. મોસ્કો-કેન્દ્રને આ બાબત જાણ થતાં યૂરીને કદાચ પાછો બોલાવી લેવામાં આવ્યો હોય ! યૂરીના અચાનક અદૃશ્ય થઈ જવાની શક્યતા એ જ હતી !

રિસીવરને લટકાવી આલોક ગુપ્તા ટેલિફોન બૂથમાંથી બહાર નીકળ્યો અને ટેક્સી પકડી સીધો ઘેર પહોંચી ગયો. પહેલવાન, તેનો રસોયો તેને સુરક્ષિત પાછો ફરેલો જોઈ ગેલમાં આવી ગયો. આલોક ગુપ્તાના હાથમાંથી સૂટકેસ લેતાં હુકમ માટે તેણે સામે જોયું.

-મેં હજી નાસ્તો નથી કર્યો. આલોક ગુપ્તાએ જણાવ્યું. સૂટકેસ બેડરૂમમાં મૂકી રસોયો કિચનમાં ગયો. આલોક ગુપ્તા સ્નાન પતાવી બાથરૂમમાંથી બહાર નીકળ્યો ત્યાં સુધીમાં તેના માટે નાસ્તો તૈયાર હતો. ડાઇનિંગ ટેબલની ખુરશીમાં તે કમરે લપેટાયેલા ટુવાલ સાથે બેસી ગયો. ઉપરનું તેનું આધુ અંગ ઉઘાડું હતું. વાળ વિખરાયેલા.

ગરમ ચાનો ઘૂંટડો ભરતાં પહેલાં તેને સ્વસ્થતાપૂર્વક વિચારવાની આવશ્યકતા જણાઈ. સહુ પ્રથમ અનિતા વિષે માહિતી મેળવવાની જરૂર હતી. હજી તેણે ચાના માત્ર બે ઘૂંટડા ભય હતા અને ખુરશીમાંથી તે ઊભો થઈ ગયો. સાઈડ બોડ પર ગોઠવાયેલા ફોન સુધી આવી તેણે લેડી કાવસજી નર્સિંગ હોમનો નંબર જોડ્યો. ડૉક્ટર શ્રીકાંત વમાં ફોન પર આવ્યા.

–હું આલોક ગુપ્તા બોલું છું. તેણે પોતાનું નામ જણાવતાં તુરંત પ્રશ્ન કર્યો. અનિતા ક્યાં છે ?

–અહીં, નર્સિંગ હોમમાં.

–તમને ખાતરી છે ?

–અહીંથી અનિતાને રજા આપતાં પહેલાં મારી પરવાનગી લેવી જરૂરી છે. ડૉ. વમાએ જણાવ્યું, અને હજી સુધી મેં પરવાનગી નથી દીધી.

–અનિતાને છેલ્લે તમે ક્યારે મળ્યા હતા ?

-હમણાં જ તેને તપાસી આવ્યો છું. કેમ ?

–એની તબિયત કેમ છે ?

–હાલીચાલી શકે છે. ડો. વમાં કહી રહ્યા હતા, પરંતુ હજી એકાદબે અઠવાડિયાંના આરામની તેને જરૂર છે. અનિતા જોડે તમારે વાત કરવી છે ?

–એ પહેલાં મારે જાણવું છે કે સિક્યોરિટીની વ્યવસ્થા હજી છે કે નહિ ? આલોક ગુપ્તા એક પછી એક પ્રશ્ન કરી રહ્યો હતો.

–જૂના સિક્યોરિટી ઓફિસર હવે નથી રહ્યા.

–તો ?

–તેઓનું સ્થાન નવા ઓફિસરોએ લીધું છે.

–આ ફેરફાર કોણે કર્યો ?

–તમારા રશિયન મિત્રે. ડો. વર્માએ ઉત્તર દીધો, શું નામ હતું એમનું ? યૂરી ? તે અચાનક

અદશ્ય થઈ જતાં ટફ એજન્સીના સિક્યોરિટી ઓફિસરો પણ ચાલ્યા ગયા. –આ નવા ક્યાંથી આવ્યા ?

–તેઓના ઉપરીના કહેવા મુજબ યૂરીએ જ જતાં પહેલાં તેઓની નિમણૂક કરી છે.

–અને હું એ જાણી શકું કે આ નવા ઓફિસરો કઈ એજન્સીના છે ?

–હકીકતમાં તેઓ આઝાદ હિંદ ફોજના રિટાયડ અધિકારીઓ છે. ડૉ.વર્માએ સ્પષ્ટતા કરી. બીજા વિશ્વયુદ્ધ પછી તેઓએ “આઈ. એન. એ. સિક્યોરિટી' નામની એજન્સીની સ્થાપના કરી હતી, એમ તેઓ પાસેથી જાણવા મળ્યું છે.

આલોક ગુપ્તા સ્તબ્ધ થઈ ગયો. આઝાદ હિંદ ફોજના અધિકારીઓ અથતિ વુલ્ફ બ્રોનસાર્ટ ઉર્ફે કહેવાતા નેતાજીના માણસો નર્સિંગ હોમને ઘેરી ઊભા હતા. એક રીતે જોતાં અનિતા કેદમાં હતી. બલકે નર્સિંગ હોમના સર્વે દર્દીઓ તેઓની કેદમાં હતાં, ભયમાં હતાં અને છતાં તેઓ અજાણ હતા. કઈ ઘડીએ નર્સિંગ હોમમાં બમ મૂકી આખા નર્સિંગ હોમને ઉડાડી મૂકવામાં આવે એ કહી શકાય એમ નહોતું. પરંતુ ઘડીઓ ગણાઈ રહી હતી. આલોક ગુપ્તા માટે હવે ત્યાં જવું સુરક્ષિત નહોતું. અનિતાની આટલો નજીક હોવા છતાં અનિતાની મુલાકાતે જવું તેના માટે શક્ય નહોતું.

બીજું, યૂરીએ એ ગુંડાઓની નિમણૂક કરી હોય એ વાત ગળે ઊતરે એવી નહોતી. હકીકતમાં, અનિતા જીવતી છે અને લેડી કાવસજી નર્સિંગ હોમમાં સારવાર લઈ રહી છે, એ રહસ્યની જાણ શત્રુઓને થઈ હશે ! એ દરમિયાન અચાનક મોસ્કો જવાનું થતાં યૂરી ‘ટફ ડિટેક્ટિવ એજન્સી'ના સિક્યોરિટ ઓફિસરોના પગારની વ્યવસ્થા કરી શક્યો નહિ હોય ! ટફ ડિટેક્ટિવ એજન્સીએ પોતાના માણસો પાછા ખેંચી લીધા હશે અને આઝાદ હિંદ ફોજના નામે નવા માણસોએ સરળતાથી તેઓનું સ્થાન સંભાળી લીધું હશે !

ડૉ. વર્માએ નર્સિંગહામની ઓપરેટરને વિનંતી કરી આલોક ગુપ્તાની લાઈન અનિતાની કેબિનમાં દેવા કહ્યું.

-હલ્લો અનિતા ! અનિતા લાઈન પર આવતાં તે બોલ્યો.

-આલોક !

-હમણાં જ ડૉ. વર્મા પાસેથી જાણયું કે તું દોડવાની સ્પધામાં ભાગ લઈ શકે એટલી તંદુરસ્ત થઈ ગઈ છે !

-આલોક ! તેના વ્યાંગને મહત્વ ન દેતાં અનિતાએ ગંભીરતા પૂર્વક કહ્યું, તું દિલ્લીમાં છે અને હજી મારી પાસે નથી આવ્યો.

-હું આજે બલકે હમણાં જ આવ્યો. વહેલી સવારના પ્લેનમાં.

-મેં તો ધાર્યું હતું કે એરપોર્ટથી તું સીધો અહીં દોડી આવીશ.

તે નિઃશબ્દ થઈ ગયો. અનિતાની ટકોર ખરી જ હતી. પરંતુ વિમાનમાંથી ઊતરતાં આલોક ગુપ્તાને એક પછી એક આંચકાલાગવાની શરૂઆત થઈ ચૂકી હતી. તે મૂંઝાઈ ગયો હતો. એ સમયે તે આ પણ નહોતો જાણતો કે અનિતા નર્સિંગ હોમમાં હશે કે નહિ ! અત્યારે તેને ખાતરી થઈ, છતાં અનિતાની મુલાકાત હજી તેના ભાગ્યમાં લખાઈ નહોતી. જ્યાં સુધી કહેવાતા નેતાજીને વુલ્ફ બ્રોનસાર્ટ તરીકે સાબિત કરતા પુરાવાઓની ફાઈલ તે શત્રુઓના હાથમાં સોંપી ન દે ત્યાં સુધી તો નહિ જ.

આ બધી સમસ્યાઓ વિષે ફોન પર ઉલ્લેખ કરવો ઉચિત નહોતો. અનિતાને સહેજે અણસાર આવે કે તે શત્રુઓના ઘેરાવમાં સપડાયેલી છે તો ભાંગી પડે ! માનસિક રીતે પડી ભાંગતાં શારીરિક રીતે પણ તે હલી ઊઠે ! અને આલોક ગુપ્તા એ નહોતો. ઈચ્છતો.

-આલોક !

-હં ?

-ચૂપ કેમ થઈ ગયો ?

-શું કહું ?

-હમણાં જ મારી પાસે ચાલ્યો આવ !

-પણ...

-પ્લીઝ...કહેતાં અનિતાનો સ્વર ભીનો થઈ ગયો. એક ડૂસકું ટેલિફોનના તારમાંથી પ્રવાસ કરતું આલોક ગુપ્તાના હૃદય સુધી પહોંચી ગયું. તે લાચાર થઈ ગયો. નર્સિંગ હોમમાં પ્રવેશવાનો પ્રયાસ કરવાનો અર્થ ઝપાઝપી અને ગોળીબાર, છાની રીતે નર્સિંગ હોમમાં તે પ્રવેશી નહોતો શકતો અને મુખ્ય પ્રવેશમાંથી દાખલ થવું મોતને આમંત્રવા બરાબર હતું.

-અનિતા ! આખરે તેણે કહી દીધું, રડ નહિ. હું હમણાં જ આવું છું.

રિસીવર ક્રેડલ પર મૂકી તે બહાર જવા માટે તૈયાર થવા લાગ્યો. રસોયો હેરતથી તેની સામે જોઈ રહ્યો. ડાઇનિંગ ટેબલ પર સવારનો નાસ્તો તૈયાર હતો અને આલોક ગુપ્તા ચાના માત્ર બેત્રણ ઘૂંટડા ભરી ઊભો થઈ ગયો હતો.

-હુઝૂર ! રસોયાએ વિનત સ્વરે કહ્યું. વધુ કાંઈ કહેવાની તેને જરૂર નહોતી.

–પહેલવાન ! આલોક ગુપ્તાએ બહાર નીકળતાં પહેલાં હસીને કહી દીધું, આ નાસ્તો તારા ભાગ્યમાં લખાયેલો છે.

રિવોલ્વરને જિન્સના ખિસ્સામાં સરકાવી દેતાં તે સડસડાટ કરતો સીડીઓ ઊતરી ગયો. પોશાકમાં આજે તેણે બ્લુ જિન્સ પર પ્રિન્ટેડ ટી-શર્ટ પહેર્યું હતું. ટી-શર્ટ સફેદ હતું. પરંતુ તેની વચ્ચોવચ કોઈ બિટલનો ચહેરો છપાયલો હતો. ચહેરો ચીસ પાડી રહ્યો હતો. આલોક ગુપ્તા માનસિક રીતે તદ્દન શાંત હતો. તેના હાથમાં બ્રિફકેસ હતી. બ્રિફકેસમાં અગત્યના કાગળો સાથે કહેવાતા નેતાજીને વુલ્ફ બ્રોનસાર્ટ તરીકે પુરવાર કરતા ડોક્યુમેન્ટોની ફાઈલ પણ હતી.

મકાનની નીચે આવી તેણે ખિસ્સામાંથી ચાવીઓનો ઝૂડો કાઢી ગેરેજની એક ચાવી અલગ કરી. વિદેશના પ્રવાસે જતાં પહેલાં તે પોતાની કાર ગેરેજમાં ‘લોક’ કરી ગયો હતો. ગેરેજના દરવાજામાં ઝૂલતા તાળામાં તેણે ચાવી ભેરવી અને સી.બી.આઈ.નો ઈન્સસ્પેક્ટર કાનેટકર અલાદિનના જીનની માફક ફૂટી નીકળ્યો.

–ગુડ મોર્નિંગ મિસ્ટર ગુપ્તા ! ઇન્સસ્પેક્ટર કાનેટકરે તેની સામે એક પરબીડિયું ધરતાં કહ્યું, આ વોરંટ વાંચી જવાની કૃપા કરશો તો આભારી થઈશ.

–વોરંટ ! તાળામાંથી ચાવી પાછી ખેંચી લેતાં તેણે સાશ્ચય ઈન્સસ્પેક્ટર કાનેટકર સામે જોયું. એ ક્ષણે તેને ખ્યાલ આવ્યો. ઈન્સપેક્ટર કાનેટકર એકલો નહોતો. તેની સાથે સી.બી.આઈ.ના વધુ બે અધિકારીઓ હતા. એ બંને આલોક ગુપ્તાની આજુબાજુ ગોઠવાઈ ગયા. તે કાંઈ સમજે, વિચારે એ પહેલાં તો બંને જણાએ પોતપોતાના અક્કેક હાથ તેના હાથમાં ભેરવી દીધા.

–મિસ્ટર ગુપ્તા ! વિજયી સ્મિત ફરકાવતાં ઈન્સસ્પેક્ટર કાનેટકરે જણાવ્યું, આશા રાખું છું કે તમે એક સજ્જનને શોભે તેમ વરતશો!

થોડે છેટે પાર્ક થયેલી જીપની દિશામાં ઈન્સપેક્ટર કાનેટકર આગળ વધ્યો. આલોક ગુપ્તાને ભીંસતા બાકીના બંને અધિકારીઓ તેની પાછળ ચાલ્યા.

–મેં હજી વોરંટ નથી. વાંચ્યું. આલોક ગુપ્તા ઈન્સસ્પેક્ટર કાનેટકરની પીઠને સંબોધી કહી રહ્યો હતો.

–એ વાંચવાની તમને જરૂર છે ? ઈન્સસ્પેક્ટર કાનેટકરે ચાલકની સીટ પર જગ્યા લેતાં પ્રશ્ન કર્યો.

આલોક ગુપ્તાને ઘસડતા બંને અધિકારીઓ જીપના પાછલા ભાગમાં ગોઠવાઈ ગયા. જીપ સ્ટાર્ટ થઈ સડસડાટ કરતી આગળ વધી ગઈ. આલોક ગુપ્તા અકળાઈ ઊઠયો. તેની અકળામણનાં કારણો એક કરતાં વધુ હતાં. મુખ્ય કારણ અનિતા હતું. નર્સિંગ હોમમાં અનિતા તેના માટે ઝૂરી રહી હતી. જાનનું જોખમ ખેડી તેણે નર્સિંગ હોમમાં પ્રવેશી જવાનો નિર્ણય લીધો હતો. અને અનિતાની દિશામાં તે એક પગલું ભરે એ પહેલાં જ સી.બી.આઇ.ના ત્રણ અધિકારીઓએ તેને ઓચિંતો ઘેરી લીધો હતો.

વાસ્તવિકતા સ્વીકારી લેતાં ઈન્સપેક્ટરની પીઠને સંબોધી. તેણે ફરી પ્રશ્ન કર્યો – તમે લોકો મને ક્યાં લઈ જાવ છો ?

–પહેલાં સી.બી.આઇ. મથકે. સ્ટિઅરિંગ વ્હિલને કાબૂમાં રાખતાં ઈન્સસ્પેક્ટર કાનેટકરે તેની સામે જોયા વિના જ ઉત્તર દીધો, પછી જેલમાં.

–જેલ !

એક વધુ આંચકો આલોક ગુપ્તાને લાગ્યો. આજે બપોરે ત્રણ વાગ્યે 'જંતરમંતર' પર કહેવાતા નેતાજી વિષેના પુરાવાઓની ફાઈલ શત્રુઓના હાથમાં સોંપવી તેના માટે અત્યંત આવશ્યક હતું. એ ફાઈલના બદલામાં અનિતાને પ્રાણદાન મળવાનું હતું. એરપોર્ટ પર મળેલા સંદેશામાં એમ જ સૂચવવામાં આવ્યું હતું. ફાઈલ ન મળતાં શત્રુઓ અનિતાનું ફરી એક વાર અપહરણ કરી જવાના હતા. આ વખતે કદાચ તેઓ અપહરણ ન કરે તો નર્સિંગ હોમના બિછાનામાં તેને ધરબી દે એ પણ શક્ય હતું.

-મારી ગિરફતારીનું કારણ હું જાણી શકું ? આલોક ગુપ્તાએ સહેજ વિચારી ફરી પ્રશ્ન કર્યો.

-કદાચ તમે નહિં જાણતા હો, મિસ્ટર ગુપ્તા ! ઇન્સસ્પેક્ટર કાનેટકરે જણાવ્યું, સી.બી.આઈ.માંથી તમે રાજીનામું દીધું હતું. પરંતુ તેનો સ્વીકાર આપણા ચીફે નથી કર્યો.

વળાંક આવતાં ઈન્સસ્પેક્ટર કાનેટકરે સ્ટિઅરિંગ વ્હિલ ઘુમાવ્યું અને જીપનાં પૈડાં ફરી ગયાં. આલોક ગુપ્તાને સંબોધી તેણે આગળ ચલાવ્યું – અને જ્યાં સુધી તમારા રાજીનામાનો સ્વીકાર ન થાય, તમે સી.બી.આઇ.ના અધિકારી જ કહેવાઓ.

–પરંતુ એને મારી ગિરફતારી જોડે શો સંબંધ ?

-ચીફના આદેશનું તમે ઉલ્લઘન કર્યું.

આલોક ગુપ્તા સમજી ગયો. સી.બી.આઇ.ના ચીફે તેને નેતાજી બાબત તપાસ આગળ ન વધારવા માટે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી દીધી હતી. અને સી.બી.આઈ.ના અધિકારી તરીકે એ પ્રકરણમાં દખલ દેવાનો તેને અધિકાર નહોતો. આ જ કારણે ચીફે તેના રાજીનામાનો સ્વીકાર નહોતો કર્યો, જેથી કાયદેસર તેને ગિરફતાર કરી શકાય. અને તેના પર કેસ ચલાવી તેને કાયદેસર જેલના સળિયા પાછળ ધકેલી શકાય !

જેલની અંધારી કોટડી સાથે જેલના સળિયાઓ પણ તેની આંખો સામે ઊપસી આવ્યા. જેલનો તેને ભય નહોતો. પરંતુ અત્યારે સંજોગો એવા હતા કે યમદૂત આવે તો તેને પડકારવા માટે પણ તે તૈયાર હતો.

સી.બી.આઈ. મથક પાસે જીપ થોભતાં તેણે અચાનક છલાંગ મારી અને સામેથી પસાર થતી બસમાં ચડી ગયો. સી.બી.આઇ.ના ત્રણે અધિકારીઓ કાંઈ સમજે એ પહેલાં તો બસ દૂર નીકળી ગઈ હતી. ઇન્સસ્પેક્ટર કાનેટકરે જીપને ફરી સ્ટાર્ટ કરી અને પોતાના બંને સાથીઓને લઈ બસની પાછળ મારી મૂકી.

થોડે છેટે જઈ બસ એક ગલીમાં વળી. તેનો પીછો કરતી જીપના ટાયર પણ ચિચિયારી કરતાં વળી ગયાં. ઈન્સસ્પેક્ટર કાનેટકરે જોયું તો બસ થોડે છેટેના સ્ટોપ પાસે ઊભી હતી. જીપ તેની આગળ વધી બસના માર્ગ વચ્ચે થોભી ગઈ. ત્રણે સી.બી.આઈ.ના અધિકારીઓ

નીચે કૂદી પડ્યા.

સાદા પોશાકમાં આવેલી આ ત્રણ વ્યક્તિઓને જોઈ બસના ડ્રાઈવર સાથે પેસેન્જરો પણ ચોંકી ઊઠયાં. સહુ પ્રથમ ઈન્સસ્પેક્ટર કાનેટકરે પોતાનું આઈ-કોર્ડ બસના કંડક્ટરને દેખાડતાં પોતાનો પરિચય દીધો અને પ્રવેશમાં ઊભો રહી ગયો. બાકીના બંને અંદર ઘૂસી ચહેરા તપાસવા લાગ્યા. પ્રવાસીઓના ચહેરાઓ વચ્ચે આલોક ગુપ્તાનો ચહેરો નજરે કેમ નહોતો પડતો ?

-સાહેબ ! આખરે એક અધિકારીને સંબોધી કંડક્ટરે પૂછી લીધું. તમે કોને શોધી રહ્યા છો ?

-એક પેસેન્જરે સી.બી.આઈ.ના મથક પાસેથી દોડી જતી બસ પકડી હતી !

તે અધિકારી કાંઈ વધુ કહે એ પહેલાં જ કંડક્ટર બોલી ઊઠયો – એ તો ટિકિટ લીધા વિના જ પાછો કૂદી પડ્યો.

-ક્યાં ?

-વળાંક પાસે.

આલોક ગુપ્તાની ચાલાકી અધિકારીઓ કળી ગયા. આલોક ગુપ્તાને ખાતરી હતી કે જીપ તેનો પીછો કરી બસને ઝડપી લેશે ! એટલે સમયસૂચકતા વાપરી, બસે ગલીમાં વળાંક લીધો કે તે કૂદી પડ્યો. એ સમયે જીપ માત્ર સ્ટાર્ટ થઇ હતી. વળાંકની આડ મળતાં કોઈ તેને દેખી નહોતું શક્યું.

-હવે ? જીપમાં સ્થાન લેતાં એક અધિકારીએ ઈન્સસ્પેક્ટર કાનેટકરને સંબોધી પ્રશ્ન કર્યો.

-આલોક શિયાળ કરતાં વધુ ચાલાક છે. ઈન્સસ્પેક્ટર કાનેટકરે જણાવ્યું, અને તેનો અનુભવ મને એક વાર થઈ ચૂક્યો છે.

-છતાં કાંઈક તો કરવું જ રહ્યું !

–એક ઉપાય છે. જીપ સ્ટાર્ટ કરતાં પહેલાં ઈન્સસ્પેક્ટર કાનેટકરે વિચારવા માટે થોડોક સમય લીધો, અહીંથી થોડે છેટે એક નર્સિંગ હોમ છે. તેમાં આલોકની પ્રિયા સારવાર લઈ રહી છે. આલોક તેની મુલાકાત આજે જરૂર લેશે ! કારણ કે વિદેશના પ્રવાસેથી તે આજે જ પાછો ફર્યો છે. અનિતાને મળ્યા વિના તેને ચેન નહિ પડે એમાં મને

શંકા નથી.

બાકીના બંને અધિકારીઓ તેની જોડે સહમત થયા. આલોક ગુપ્તાને છટકામાં લેવાની નવી યોજના તુરંત ઘડાઈ ગઈ. ઈન્સપેક્ટર કાનેટકર ચીફને રિપોર્ટ દેવા જીપમાં એકલો ચાલ્યો ગયો. બાકીના બંને અધિકારીઓ ત્યાંથી ટેક્સી પકડી નર્સિંગ હોમની દિશામાં દોડાવી ગયા.



૩૨

સી.બી.આઇ.ના ચીફ શ્રી શિવેન સિંહાએ ટેબલ પર હાથ પછાડ્યો અને સાથે જ તેમના હોઠ ખૂલી ગયા - મિસ્ટર કાનેટકર !

ચીફનો સખત થયેલો ચહેરો જોઈ ઈન્સસ્પેક્ટર કાનેટકર સહેજ હલી ગયો. ક્ષણભર તેને ભાસ થયો, ચીફની સામે તે નેતરવાળી ખુરશી પર નહોતો બેઠો, કાંટાળા આસન પર બેઠો હતો. અને તેની લાચારી એ હતી કે તે ઊભો થઈ અહીંથી નાસી નહોતો શકતો.

-શું મેં તમને પહેલાંથી નહોતા ચેતવ્યા કે આલોક ગુપ્તા જેવો ચાલાક યુવક બીજો એકે નથી ? ચીફે ઊભા થતા બંને હાથ ટેબલ પર ટેકવી આગળ ચલાવ્યું, શું તમે લોકોએ એમ ધાર્યું હતું કે ગાયની જેમ એને દોરીને તમે મારી પાસે લઈ આવશો ?

ઈન્સસ્પેક્ટર કાનેટકર ચૂપચાપ સાંભળી રહ્યો. તેના બંને હાથ ખોળામાં હતા અને તે હથેળી સાથે હથેળી મસળી રહ્યો હતો. હથેળીઓ ભીની થઈ ગઈ. કપાળ ભીનું થવાની તૈયારીમાં હતું.

–મને કહેતાં દુઃખ થાય છે. ચીફે ટેબલ પરથી હાથ ઊંચકી લેતાં પીઠ ફેરવી લીધી. સી.બી.આઇ.ના ત્રણ ત્રણ ચુનંદા અધિકારીઓની આંખોમાં ધૂળ નાખી, બલકે ધૂળ નાખ્યા વિના કોઈ છટકી જાય એથી વધુ શરમજનક બીજું શું હોઈ શકે !

ઈન્સસ્પેક્ટર કાનેટકરે થોડીક રાહત અનુભવી. હવે ચીફની વેધક દ્રષ્ટિ તેની સામે નહોતી. પીઠ હતી, છતાં એકે શબ્દ ઉચ્ચારવાની હિંમત હજી તેનામાં નહોતી આવી. આલોક ગુપ્તા તેની પોતાની મૂર્ખાઇને કારણે જ જીપમાંથી નાસી છૂટ્યો હતો, એનો સ્વીકાર તેણે મનોમન કરી લીધો.

સી.બી.આઇ.ના ચીફ શિવેન સિંહા સામે દીવાલ પરથી ઝૂલતો દિલ્લી શહેરનો વિશાળ નકશો હતો. તેમની આંખો એ નકશાનો અભ્યાસ કરી રહી હતી. ખાસ કરીને સી.બી.આઇ. મથકની આસપાસના લત્તાઓ, જ્યાંથી આલોક ગુપ્તા અદશ્ય થયો હતો. અત્યાર સુધીમાં તેમનો ગુસ્સો પણ ઓગળી ગયો હતો.

-આલોકે તમને અહીં થાપ દીધી, ખરું ? ચીફે ઈન્સપેક્ટર કાનેટકર સામે જોતાં સ્વસ્થતાપૂર્વક નકશાની દિશામાં ઇશારો કર્યો.

ઇન્સ્પેક્ટર કાનેટકરે માત્ર ઈશારાથી ‘હા’ કહી.

-તેણે ટેક્સી પકડી હશે તો તે ઘણે છેટે નીકળી ગયો હશે ! કહેતાં ચીફે ફરી પોતાની ખુરશીમાં સ્થાન લીધું, પરંતુ મને ભરોસો છે કે આ શહેર છોડી તે બહાર નીકળી શક્યો નહિ હોય.

ઈન્સ્પેક્ટર કાનેટકરે ફરી માથું ધુણાવ્યું.

-વહેલી તકે પોલીસ કંટ્રોલ-રૂમને સૂચિત કરો !

–યસ સર ! પહેલી વાર તેણે હોઠ ખોલ્યા.

-કંટ્રોલરૂમને વિશેષ સૂચના દેજો કે અપરાધી ચિત્તા જેવો ચાલાક છે.

–યસ સર ! આ વખતે તેણે ભારપૂર્વક કહ્યું અને ઝડપથી ઊભો થઈ બહાર નીકળી ગયો.

ટૂંક સમયમાં તો પોલીસ કંટ્રોલ રૂમમાંથી સંદેશા વહી રહ્યા હતા. દિલ્લી શહેરના માર્ગો પર છૂટીછવાઈ ઊભેલી વાયરલેસ ગાડીઓ સંદેશા ઝીલી રહી હતી. ડેલહાઉઝી રોડ પર પાર્ક થયેલી વાયરલેસ ગાડી ‘ચાર્લી-૨’માં ‘બીપ-બીપ’ના બારીક અવાજો શરૂ થયા. ડ્યુટી ઓફિસરે તરત સ્વિચબોર્ડની ચાંપ દાબી અને...

-હલ્લો ! હલ્લો ! ચાલી-૨ સ્પિકિંગ. ઓવર.

-હલ્લો ! હલ્લો ! વોન્ટેડ ! આલોક ગુપ્તા. ડયૂટી ઓફિસરના કાને શબ્દો અથડાઈ રહ્યા હતા, ઊંચાઈ પાંચ ફૂટ ત્રણ ઈંચ. બાંધો સશક્ત. આંખો માંજરી. હેન્ડલબાર મૂછો. વાળ હિપ્પીઓ જેવા. છેલ્લો પોશાક પ્રિન્ટેડ ટી શર્ટ નીચે બ્લૂ જીન્સ. આજે સવારે નવ ને સત્તર મિનિટે સી.બી.આઈ.ના ત્રણ અધિકારીઓને થાપ દઈ નાસી છૂટ્યો છે. માણસ જરૂર કરતાં વધુ ચાલાક છે. ઓવર. ડયૂટી ઓફિસરે સ્વિચબોર્ડની ચાંપ ઓફ કરી જોયું તો વાયરલેસ ગાડીમાં બેસી ગંજીફાનાં પાનાં ફૂટતા ચાર હવાલદારો તેની સામે જ જોઈ રહ્યા હતા.

–પેક અપ ! ડયૂટી ઓફિસરે હુકમ દીધો અને ડ્રાઇવરે ગાડી સ્ટાર્ટ કરી.

‘ચાર્લી-૨'ની સાથે દિલ્લીના જુદા જુદા લત્તાઓમાં ઊભેલી વાયરલેસ ગાડીઓ પણ આલોક ગુપ્તાની શોધમાં નીકળી પડી.

આલોક ગુપ્તા વિચારી રહ્યો હતો. તે શિકારી હતો. કહેવાતા નેતાજી ઉર્ફે વુલ્ફ બ્રોનસાર્ટનો શિકાર કરવા માટે તે તલપાપડ થઈ રહ્યો હતો. પુરાવાની ફાઈલ તેની પાસે હતી. એ પુરાવાઓના આધારે તે કહેવાતા નેતાજીના પાપનો ઘડો ફોડી શકતો હતો.

આલોક ગુપ્તા શિકાર પણ હતો. સી.બી.આઈ. તેને છટકામાં લેવા માટે આકાશ-પાતાળ એક કરશે. એમાં તેને લગારે શંકા નહોતી. કહેવાતા નેતાજીના સાથીઓ તક મળતાં તેને ભડાકે દેતાં સહેજે અચકાવાના નહોતા. યૂરી ઉલાનોવ, કેજીબીનો જાસૂસ અને તેનો એક માત્ર ટેકો હવે તેની પડખે નહોતો રહ્યો, બલ્કે અત્યારે તેની પાસે એકે એવી ઓથ નહોતી જ્યાં તે સુરક્ષિત રહી શકે ! ના ! હજી એક ઘર બાકી હતું, જેના દરવાજા તેના માટે ખુલ્લા હતા. એ ઘર કદાચ સુરક્ષિત પણ હોય ! અને એ ઘર હતું અનિતાનું.

અનિતા નર્સિંગ હોમમાં હતી. તેની મુલાકાત લેવાનું જોખમ હવે તે ખેડી શકે એ સ્થિતિમાં નહોતો. તેણે આટલું કલ્પી લીધું હતું. સી.બી.આઈ.ના અધિકારીઓએ જરૂર ત્યાં પહેરા ગોઠવી દીધા હશે ! બલ્કે તેના ઊઠવા-બેસવાના દરેક સ્થળે પહેરા લાગી ગયા હતા.

કૉફી હાઉસની બહાર સી.બી.આઈ.ના ઈન્સપેક્ટરો આંટા મારી રહ્યા હતા. તો તેના પોતાના મકાનની સામેના ઓટલા પર સી.બી.આઈ.નો એક ડેપ્યુટી ચૂપચાપ બેઠેલો નજરે પડતો હતો. વિશેષમાં વાયરલેસ ગાડીઓ તેની શોધમાં નિરંતર ઘૂમી રહી હતી. પોલીસો સતર્ક હતા. દિલ્લીનું સમસ્ત પોલીસ દળ સાબદું હતું અને ગલીઓમાંથી લપાતો છુપાતો આવી તે અનિતાના ઘરમાં ઘૂસી ગયો હતો. અનિતાની મમી તેની સામે ઝૂલણ ખુરશીમાં બેઠી હતી, પરંતુ તેના માટે અહીં વધુ સમય માટે રોકાવું શક્ય નહોતું.

આંખો ઊંચી કરી તેણે ભીંત-ઘડિયાળમાં જોયું. બે ચાળીસ અને દોડી જતો સેકન્ડનો કાંટો તેની નજરે પડ્યો. હજી વીસ મિનિટ બાકી હતી. ત્રણ વાગ્યે તેને કહેવાતા નેતાજી વિષેના પુરાવાઓની ફાઈલ જંતરમંતર પહોંચી શત્રુઓના હાથમાં સોંપવાની હતી. એમાં જ અનિતાની ભલાઈ હતી. એમાં નર્સિંગ હોમના દર્દી તથા કર્મચારીઓની પણ ભલાઈ હતી. શત્રુઓ માત્ર એક ટાઈમ બમ ગોઠવી આખા નર્સિંગ હોમને ઉડાડી મૂકવાની શક્તિ ધરાવતા હતા.

–આંટી ! તેણે ઊભા થતા કહી દીધું, હવે મારે જવું પડશે !

–જા બેટા ! અનિતાની મમ્મીએ તેને આશીવાદ દેતાં કહ્યું, અનિતાની ચિંતા તું નહિ કરતો. સાંજે આપણે બંને સાથે જ એને મળવા જઈશું.

આલોક ગુપ્તા ચૂપચાપ બહાર નીકળી ગયો. પરંતુ તેનો પોશાક એ નહોતો, જેનું વર્ણન દિલ્લીની પોલીસ પાસે હતું. તેણે પોતાના દેખાવમાં પણ થોડાક જરૂરી ફેરફાર કર્યા હતા, જેથી કોઈ માર્ગમાં મળી જતાં તેને પ્રથમ દૃષ્ટિએ ઓળખી ન શકે ! આંખો પર તેણે કાળાં ચશમાં ગોઠવી દીધાં હતાં. વાળ તે ભાગ્યે જ ઓળતો હતો. અત્યારે તેણે સુઘડ રીતે ઓળી વચ્ચેથી પાટલી પાડી હતી. જૂના પોશાકને ફેંકી તેણે અનિતાનું ચોકલેટી પેન્ટ તથા પ્રિન્ટેડ શર્ટ પહેરી લીધાં હતાં. આટલાથી સંતોષ ન થતાં અંતે તેણે માથે જોકી કેપ પણ ગોઠવી દીધી હતી.

મકાનની નીચે આવી. તેણે એક નજર ચોપાસ પાથરી. કોઈ તેને 'શેડો" નથી કરી રહ્યું, એની ખાતરી થતા એક ટેક્સી રોકી અને પળભરનો વિલંબ કર્યા વિના અંદર બેસી ગયો. ટેક્સી જંતરમંતરની દિશામાં આગળ વધી ગઈ. એ સમયે ઘડિયાળમાં બે ને પચાસ મિનિટ થઈ હતી.

એ જ સમયે કહેવાતા નેતાજી ઉર્ફે વુલ્ફ બ્રોનસાર્ટનો સાથી લાજપતરાય ચાંદની ચોકમાં હતો. મોટર સાઈકલ પર સવાર થતાં પહેલાં તેણે ક્રિશ હેલમેટ' માથે ગોઠવી અને કાંડા-ઘડિયાળમાં જોયું. ત્રણ વાગવામાં હજી દસ મિનિટ બાકી હતી. જંતરમંતર પહોંચવા માટે આટલો સમય તેના માટે પૂરતો હતો. મોટર સાઈકલ તેણે સ્ટાર્ટ કરી અને જંતરમંતરની દિશામાં દોડાવી ગયો.

પવન વધુ નહોતો, છતાં મોટર સાઈકલની ગતિને કારણે તેને ફૂંકાતા પવનનો અનુભવ થયો. વરુ જેવી તેની તીક્ષ્ણ આંખોમાં સહેજ બળતરા થઈ. આજે તેની આંખો પણ રાતી હતી. આખી રાતનો ઉજાગરો તથા ચિંતા તેના શીળીના ડાઘવાળા ચહેરા પર સ્પષ્ટ નજરે પડતાં હતાં. છેલ્લી રાત તેણે જાગીને વિતાવી હતી. છેલ્લી રાત તેણે કહેવાતા નેતાજીની ચિંતામાં ગાળી હતી.

કહેવાતા નેતાજીને છેલ્લે તે ઈલાહાબાદની હોટલ રિટ્ઝમાં મળ્યો હતો. એ સમયે નેતાજી દ્વિધામાં હતા. તેમની દ્વિધા એ હતી કે ભગવાને તેમને ખોળિયું એક દીધું હતું. પરંતુ હૃદય બે. તેમાંનું એક હૃદય વુલ્ફ બ્રોનસાર્ટનું હતું. પુરાણું હતું. અને પળે પળે કિનારાના પથ્થર જેમ ઘસાતું જતું હતું. લગભગ ઘસાઈ ગયું હતું. તેમાંનું બીજું હૃદય સુભાષચંદ્ર બોઝનું હતું. તદ્દન નવું અને પળે પળે ધબકતું હતું. એકમાંથી ગટરનું પાણી વહી રહ્યું હતું. બીજામાંથી અમૃતધારા. એક હૃદય ભારતના વિનાશની દિશા સૂચવતું હતું, તો બીજું ભારતને પ્રગતિની દિશામાં લઈ જવા થનગનતું હતું.

કહેવાતા નેતાજી સામે નિર્ણયની ઘડી આવી પહોંચી હતી, પરંતુ એ ઘડી ન આવી. લાજપતરાય આવી પહોંચ્યો. પડું પડું થતા નેતાજીને તેણે સંભાળી લીધા. લાજપતરાયે તેમને એ પણ યાદ દેવડાવ્યું કે પાંચ લાખ અમેરિકન ડોલર તેમના નામે સ્વિસ બેન્કમાં જમા થવાના હતા. શરત માત્ર આટલી હતી... 'ઓપરેશનગુલમહોર'ની સફળતા. ભારતની કરોડરજ્જુના મણકે મણકા છૂટા પાડી ભારતને સો વર્ષ પાછળ ધકેલી દેવું. ભારતમાં બળવો પેદા કરી ભારતની કમર ભાંગી નાખવી.

કહેવાતા નેતાજીએ તેની દલીલ સ્વીકારી લીધી હતી. ફરી એક વાર પોતાની નબળાઈઓને કચડી તેણે કમર કસી હતી. ફરી એક વાર કહેવાતા નેતાજીના ખોળિયામાં ધબકતા હત્યારા વુલ્ફ બ્રોનસાર્ટના હૃદયે સુભાષચંદ્ર બોઝના હૃદયને કચડી નાખવાનો જબ્બર પ્રયાસ કર્યો હતો. પરંતુ એ માત્ર પ્રયાસ જ હતો.

નેતાજી તથા તેમના પદયાત્રીઓ ઈલાહાબાદથી આગળ વધી ફતેહપુર, કાનપુર થઈ ઈટાવાહ આવવા જોઈતા હતા. તેને બદલ કાનપુરથી ગંગા પાર કરી પદયાત્રીઓ સાથે નેતાજી શફીપુર જિલ્લામાં ચાલ્યા ગયા. એ કોલેરાગ્રસ્ત વિસ્તારમાં પહોંચી તે રોગીઓની સારવારમાં ગૂંથાઈ ગયા. 'ઓપરેશન-ગુલમહોર'ની યોજના છિન્નભિન્ન થવાની અણી પર હતી.

નવેસરથી ઘડાયેલી યોજના મુજબ ઓગસ્ટના બીજા સપ્તાહમાં નેતાજી માટે દિલ્લી પહોંચવું અત્યંત આવશ્યક હતું. એ જ સપ્તાહમાં નેતાજીના લાખો સાથીઓ, તરુણ ક્રાંતિદળના સભ્યો તથા આઝાદ હિંદ ફોજના રિટાયર્ડ સૈનિકો દિલ્લી પહોંચવાના હતા. એક જબ્બર મોરચો તૈયાર કરી દિલ્લી રેડિયો સ્ટેશન તથા પાર્લામેન્ટ હાઉસ પર કબજો મેળવવાનો હતો. ભારતમાં બળવો ફાટી નીકળવાનો હતો. એ તકની રાહ પાકિસ્તાન કાગ ડોળે જોઈ રહ્યું હતું. કારણ કે પાકિસ્તાની ઘૂસણખોરો પણ એ જ સપ્તાહમાં કાશિમરમાં ઘૂસી આવવાના હતા.

જુલાઈ મહિનો લગભગ પૂરો થવા આવ્યો હતો. જુલાઈ મહિનાને અંતે નેતાજી તથા તેમના પદયાત્રી આગ્રામાં હોવા જોઈતા હતા. આગ્રાથી દિલ્લી પાસે જ હતું, પરંતુ દિલ્લીથી શફીપુર જિલ્લો સેંકડો માઈલ છેટે હતો. અને ઓગસ્ટના બીજા સપ્તાહમાં નેતાજી દિલ્લી પહોંચી શકે એની શક્યતાઓ નહિ બરાબર હતી. નહિ બરાબર એ માટે કે બાકીનો પ્રવાસ રેલ માર્ગે કરે તો જ તે સમયસર દિલ્લી પહોંચી શકતા હતા અને તે એમ નહિ જ કરે એની લાજપતરાયને ખાતરી હતી. છતાં તે મૂંઝાયેલો હતો. આખરે વુલ્ફ બ્રોનસાર્ટે આમ શા માટે કર્યું ?

જંતરમંતરની દિશામાં સ્કૂટર પર આગળ વધતાં તેને એ દિવસ યાદ આવ્યો. ૧૯૭૩ની એ સાલ હતી. જાન્યુઆરીનો મહિનો હતો. લંડન શહેર નવા વર્ષની રાત માણી હજી ઠરીઠામ નહોતું થયું. પહેલી તારીખ વીત્યાને એક અઠવાડિયું પૂરું થયું હતું, છતાં નવા સાલની રોનક લંડનની આબોહવામાં ઝગારા મારી રહી હતી. ચોતરફ હજી ઉલ્લાસનું વાતાવરણ હતું અને લાજપતરાય શરાબના નશામાં ચૂર થઈ એક પબમાં પડ્યો હતો.

રાતના લગભગ બે વાગ્યા હતા. ટાઢ કડાકાની હતી. બહાર હિમવર્ષા ચાલુ હતી. પબનો માલિક વિચારી રહ્યો હતો, લાજપતરાયને બહાર ફેંકી દઈ 'પબ' બંધ કરવું કે લાજપતરાયને અંદર જ રહેવા દઈ દરવાજા વાસી દેવા !

તે કાંઈ નિર્ણય પર આવે એ પહેલાં વુલ્ફ બ્રોનસાર્ટ લાંબા કોટ તથા ફેલ્ટ હેટમાં લાજપતરાયને શોધતો આવી પહોંચ્યો. લાજપતરાયને બેભાન પડેલો જોઈ તેને આશ્ચર્ય ન થયું. અત્યાર સુધીમાં પોતાના આ પુરાણા મિત્ર વિષે તેણે સઘળી માહિતીઓ એકઠી કરી લીધી હતી. તે જાણતો હતો.

લાજપતરાય આર્થિક રીતે પડી ભાંગ્યો હતો. તેની અંગ્રેજ પત્ની તલાક લીધા વિના જ કોઈ ઓસ્ટ્રિયન ટૂરિસ્ટ જોડે અદૃશ્ય થઈ ગઈ હતી. છેલ્લા છ મહિનાથી તે ટ્રક ડ્રાઈવરનું કામ કરી થોડીઘણી આવક પેદા કરી લેતો હતો. અને પી જતો હતો.

તેને પબમાંથી ઊંચકી વુલ્ફ બ્રોનસાર્ટ પોતાને ઘેર લઈ આવ્યો. વુલ્ફની પત્ની એલિઝા તેનો બેભાન ચહેરો અંધકારમાં જોઈ હેબત ખાઈ ગઈ. આજ સુધી તે માત્ર ફ્રેન્કસ્ટાઈનના ચહેરાથી ધૃણા કરતી હતી. આજે તેને લાગ્યું કે આ વિશ્વમાં યમદૂતો એક કરતાં વધુ છે!

સવારે લાજપતરાયની આંખો ખૂલી તો તેને આશ્ચર્ય થયું. નરમ નરમ ગાદલા પર તે સૂતો હતો. તેનું શરીર છાતી સુધી ધાબળામાં ઢંકાયેલું હતું. તેની આંખો ભમી રહી હતી. આ છત પરિચિત નહોતું. દીવાલો પરિચિત નહોતી. ઘર પરિચિત નહોતું. તે ક્યાં હતો ?

તેણે બેઠા થઈ જોયું તો દીવાલ પર શોભતી વુલ્ફ બોનસાર્ટની છબિ તેની સામે હતી. તેને યાદ આવ્યું, ઘર વુલ્ફ બોનસાર્ટનું હતું. છેલ્લે તે અહીં ક્યારે આવ્યો હતો એ તેને યાદ નહોતું. લગભગ બેત્રણ વર્ષો વીતી ગયાં હોય !

માથાને એક પછી એક ઝટકાઓ દઈ તેણે રાતના નશાની બાકી અસર દૂર કરી અને એ યાદ કરવાનો પ્રયાસ કર્યો કે અત્યારે તે અહીં ક્યાંથી ટપકી પડ્યો ? શું તે પોતે અહીં આવ્યો હતો ? કે પછી કોઈ તેને ઊંચકી અહીં લઈ આવ્યું હતું ?

ગઈ કાલની તેણે સર્વે ઘટનાઓ યાદ કરી જોઈ. સવારે આઠ વાગ્યે હોટલમાં નાસ્તો પતાવી

તે કામે જવા નીકળ્યો હતો. માગમાં એક બિલાડી આડી ઊતરતાં તેણે એ બિલાડીના માથાને પોતાના ભારી બૂટ હેઠળ કચડી નાખ્યું હતું. પછી સીટીઓ વગાડતો 'ન્યૂ માર્કેટ' પહોંચ્યો હતો. રોજ તે અહીંથી જ ટ્રક પર સવાર થઈ ઍરપૉર્ટના સાત-આઠ ફેરા કરતો હતો. આજે ટ્રકના માલિકે તેને પાણીચું દીધું. કારણ ?

હિંદુસ્તાની ટ્રક ડ્રાઈવરોની હવે તેઓને જરૂર નહોતી. હતાશ થઈ તે અહીંતહીં ભટક્યો અને સાંજે પબમાં આવી. તેણે પીવાની શરૂઆત કરી હતી. તેણે ખૂબ પીધું અને બેભાન થઈ ઢળી પડ્યો હતો. એમાં કાંઈ નવું નહોતું. લગભગ રોજ રાતે તે નશામાં ચૂર થઈ રસ્તા પર કે ગટરમાં ઢળી પડતો હતો.

-શું વિચારે છે, દોસ્ત ?

પ્રશ્ન કાને અથડાતાં તેણે ચોંકી જોયું તો વુલ્ફ બ્રોનસાર્ટ આળસ મરડતો તેની સામે ઊભો હતો. તે ફાટી આંખે જોઈ રહ્યો. જાણે હજી તે નશામાં હોય એમ આંખો પટપટાવતો રહ્યો.

–વુલ્ફ ! તું ? તેના હોઠ વચ્ચેથી આખરે બે શબ્દો સરી ગયા.

–આશ્ચર્ય થાય છે !

-હું તો ધારતો હતો કે ૧૯૬૧માં ખરેખર તારો દેહાન્ત ક્યુબામાં થઈ ગયો !

-એમાં તારો વાંક નથી. તેના પલંગની કોર પર બેસી જતાં વુલ્ફ સસ્મિત જણાવ્યું, સી.આઈ.એ. પણ એમ જ માને છે.

–પણ તું હતો ક્યાં ? -એ જાણીને તને શું લાભ થશે ? વુલ્ફે સામો પ્રશ્ન કરતાં ઉમેર્યું, છતાં આટલું કહીશ. છેલ્લા એક અઠવાડિયાથી હું લંડનમાં છું અને આવતા અઠવાડિયે પાછો ચાલ્યો જઈશ.

-ક્યાં ? તેનાથી ફરી પુછાઈ ગયું.

-તું ઈચ્છે તો તું પણ મારી સાથે જોડાઈ શકે છે.

લાજપતરાય સમજી ગયો. આખરે તો તે પણ બીજા વિશ્વયુદ્ધનો જાસૂસ હતો. તેણે જર્મનીમાં ઊભી થયેલી આઝાદ હિંદ ફોજમાં રહી બ્રિટન માટે જાસૂસી કરી હતી. એ કલ્પી લેતાં તેને વધુ સમય ન લાગ્યો કે વુલ્ફ બ્રોનસાર્ટે ક્યાંક નવો સોદો કર્યો છે અને એકાદ વિશ્વાસુ સાથીદારની તેને જરૂર છે.

વુલ્ફની પત્ની એલિઝા લાજપતરાય માટે ટ્રેમાં ચા લઈ આવી અને ટ્રે વુલ્ફના હાથમાં સોંપી એકે શબ્દ ઉચ્ચાર્યા વિના પાછી ચાલી ગઈ. વુલ્ફ ટ્રે તેની સામે ધરી. લાજપતરાયે ચાનો કપ ઊંચકી ઘૂંટડો ભર્યો અને વુલ્ફના ચહેરામાં દૃષ્ટિ સ્થિર કરી. પછી કહ્યું - મારે શું કરવાનું છે ?

–પહેલાં તું એ કહે કે મારી જોડે કામ કરવા તું સહમત છે કે નહિ ? વુલ્ફ સામો પ્રશ્ન કર્યો.

-તું મારી હાલત ક્યાં નથી જાણતો ? લાજપતરાયે ફરી ગરમ ચાનો ઘૂંટડો ભરતાં જણાવ્યું, છતાં કામ જાણ્યા વિના સોદા કરવામાં ન તું માને છે, ન હું.

–આજે તારે એ નિયમ તોડવો પડશે !

થોડીક પળો માટે લાજપતરાય વિચારમાં પડી ગયો. ફરી તેની તીક્ષ્ણ બુદ્ધિ કામે લાગી ગઈ. સોદો જરૂર ઊંચો હોવો જોઈએ ! કદાચને એ સોદાની તૈયારીઓ ૧૯૭૦ની સાલથી જ શરૂ થઈ હશે ! ૧૯૬૧ની સાલમાં વુલ્ફે પોતાને મૃત જાહેર કરાવવા પાછળનો હેતુ આ સોદો તો નહિ હોય !

-લાજપત ! વુલ્ફે તેને લગભગ ચોંકાવી દેતાં કહ્યું, ખોટા વિચાર ન કર, દોસ્ત ! આ સોદો કદાચ આપણા જીવનનો આખરી હશે ! ત્યાર પછી ન તારે વૈતરું કરવું પડશે, ન મારે નવાં સાહસ ખેડવાની જરૂર રહેશે ! કહે, તારો ઉત્તર શું છે ? હા કે ના ?

ચાનો છેલ્લો ઘૂંટ ભરી કપને નીચે પડેલી ટ્રેમાં મૂકતાં તેણે તત્ક્ષણ નિણય લઈ લીધો. તેણે

'હા' કહી દીધી.

--સરસ ! વુલ્ફે કહ્યું, હવે એ કહે એ સોદાની કિંમત તું શું લઈશ?

–એ તો કામ જાણ્યા પછી જ કહી શકું ! f

-તારી વાત ખોટી નથી. કહેતાં વુલ્ફે ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢી તેની સામે ધર્યું.

–કોની હત્યા કરવાની છે ?

–એક દેશની.

-શું ?

-તારા દેશની.

–બળવો ?

-તદ્દન ખરું. એક સિગારેટ વુલફે પણ લીધી અને લાઈટર ક્લિક કરતાં પ્રશ્ન કર્યો, હવે કહે... કિંમત શું લઈશ ?

લાજપતરાયની આંખો પહોળી થઈ ગઈ. એ માટે નહિ કે ભારત દેશની હત્યાનું કામ તેણે સ્વીકાર્યું હતું. એ માટે કે આ સોદામાં વુલ્ફ પાસેથી સારી એવી રકમ ઓકાવવાની બધી જ શક્યતાઓ હતી!

-સમજ વુલ્ફ ! સંપૂર્ણ વિચારને અંતે તેણે ભૂમિકા બાંધતાં નિર્દોષતાપૂર્વક કહ્યું, મારે મારા હાથે જ મારા પોતાના દેશ પર કસાઈની છરી ફેરવવી પડશે ! ભારતમાં બળવો પેદા કરવા માટે કેટલીય હત્યાઓ કરવી પડશે ! કેટલાય નિર્દોષ પ્રજાજનોને રિબાવવા પડશે ! એથી ભયંકર પાપ આ સંસારમાં બીજું શું હોઈ શકે ? છતાં એ ગોઝારું કામ કર્યા સિવાય મારી પાસે બીજો ઉપાય નથી. કારણ કે મારી પાસેથી તે પહેલાંથી જ બાંહેધરી લીધી છે !

વુલ્ફને તેની દલીલ સાંભળી મનોમન હસવું આવ્યું. તેને ઇચ્છા થઈ કે લાજપતરાયને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દે - નમકહરામ ! આઝાદ હિંદ ફોજમાં રહી ભારતીય સૈનિકો વિરુદ્ધ બ્રિટન માટે જાસૂસી કરતા સમયે તારી માતૃભૂમિ કઈ હતી ? કાંઈ કેટલાય આઝાદ હિંદ ફોજના અફસરોને જર્મનીમાં મરાવી નાખ્યા એ સમયે તને તારો દેશ યાદ ન આવ્યો ? પરંતુ વુલ્ફ ચૂપ રહ્યો.

-તું કલ્પી શકે છે વુલ્ફ ! લાજપતરાયે આગળ ચલાવ્યું, એકાદ બે હત્યાઓ કરવાની હોય તો વાત જુદી કહેવાય ! તારા જ શબ્દોમાં કહું તો અહીં મારે એક આખા દેશની હત્યા કરવાની છે અને એની કિંમત હું પચાસ હજાર અમેરિકન ડોલર લઈશ. પચીસ હજાર એડવાન્સ. બાકીના કામ પત્યા પછી.

-તારી સિગારેટ જલાવ ! વુલફે તેની સામે લાઈટર ધરતાં કહ્યું. લાજપતરાય ફરી એક વાર વિસ્ફારિત નેત્રે તેની સામે જોઈ રહ્યો. એ ખરું જ હતું કે સિગારેટ તેના હોઠ વચ્ચે હતી અને સળગાવતા તે વીસરી ગયો હતો. પરંતુ જે ઢબે વુલફે તેને કહ્યું એનો અર્થ કાંઈ જુદો જ થતો હતો.

–પચાસ હજારથી ઓછો એકે પૈસો નહિ લઉં. સિગારેટનું મુખ સળગાવતા તેને થોડાક વધુ શબ્દો ભારપૂર્વક ઉચ્ચારવાની જરૂર જણાઈ.

-તારા કૉલનું શું ? એક બિલાડી ઉંદરને રમાડે તેમ વુલ્ફ તેને રમાડી રહ્યો હતો. મારી જોડે બિનશરતે કામ કરવાની બાંહેધરી તે દીધી છે એ તું વીસરી તો નથી ગયો ને !

-વુલ્ફ ! તેણે કહી દીધું. બાંહેધરીનો અર્થ એ નથી થતો કે તું મારી પાસેથી મફતમાં કામ કઢાવે ! આપણી મૈત્રીનો ખોટો લાભ ન ઉપાડ !

-મેં એમ કહ્યું ?

–તો ?

ઉત્તર દેતાં પહેલાં વુલ્ફ જાણીબૂઝીને થોડોક સમય લીધો. સિગારેટના બે ઊંડા કશ લીધા અને ધુમાડા વિખરાઈ જાય તેટલો સમય ચૂપ રહ્યો. પછી હળવેકથી ધડાકો કર્યો.

-હું તને એક લાખ ડોલર અપાવીશ.

આ વખતે લાજપતરાયની આંખો સાથે તેનું મોટું પણ ખૂલી ગયું. સળગતી સિગારેટ તેના હોઠ વચ્ચેથી સરકી ખોળામાં આવી પડી એનો પણ તેને ખ્યાલ ન રહ્યો.

-તારી સિગારેટ ઊંચક !

-તે... તે શું કહ્યું ? સિગારેટ ઊંચકતાં તેણે પ્રશ્ન કર્યો.

–પચાસ હજાર ડોલર એડવાન્સ અને બાકીના કામ પત્યા પછી.

લાજપતરાયના આશ્ચર્ય વ્યક્ત કરતા ચહેરા પર ધીમે ધીમે સ્મિત પ્રગટયું અને જોતજોતાંમાં તો એ સ્મિત હાસ્યમાં બદલાઈ ગયું. તેને હસતો જોઈ વુલ્ફ પણ હસવા લાગ્યો. ટૂંક સમય પછી બંને જણા ખડખડાટ હસતા એકમેકને ધોલધપ્પા મારી રહ્યા હતા.

એ જ વુલ્ફ બ્રોનસાર્ટ ચહેરા પર પ્લાસ્ટિક સર્જરી કરાવી નેતાજીના સ્વાંગમાં ભારતમાં પ્રવેશ્યો હતો. નેતાજીનો પાઠ તેણે જે સફળતાપૂર્વક ભજવ્યો હતો. એ જોઈ ભલભલા થાપ ખાઈ ગયા હતા. અને અચાનક તેને આ શું થઈ ગયું ? તે ભારતનું હિત શા માટે ઈચ્છતો હતો ? ભારતના કંગાળોને જોઈ તેનું હૃદય કેમ દ્રવી ઊઠતું હતું ? કોલેરાગ્રસ્ત વિસ્તારમાં રોગીઓની સારવાર કરવા જવાની તેને શી જરૂર હતી ?

તે નેતાજી સુભાષચંદ્ર બોઝ નહોતો. તે હત્યારો હતો. ભાડૂતી ખૂની હતો. ધંધાદારી જલ્લાદ હતો. 'ઓપરેશન-ગુલમહોર' તેને સોંપાયું હતું અને તેના જ કારણે આજે એ અદ્દ્ભુત યોજના પડી ભાંગવાની તૈયારીમાં હતી. સાથે લાજપતરાયનું ભાવિ પણ. કારણ કે આ યોજના સફળ થતાં તેને પણ એક લાખ અમેરિકન ડોલર મળવાના હતા. છેલ્લી રાત લાજપતરાયે આ જ ચિંતામાં ગાળી હતી.

મોટર સાઈકલ જંતરમંતરના પ્રવેશ સામે આવી થોભી ગયું. લાજપતરાય તેને ફૂટપાથ પાસે પાર્ક કરી અંદર પ્રવેશી ગયો. તેના પાંચ સાથીઓ તેની પહેલાં જ આવી પહોંચ્યા હતા. હજી આલોક ગુપ્તા નહોતો આવ્યો. આલોક ગુપ્તાની તેને પ્રતીક્ષા હતી.



33

જંતરમંતરના બગીચાઓ સૂના હતા. ખગોળશાસ્ત્રનાં ચણતરો મોં ફાડી સૂર્ય સામે જોતાં સૂતાં હતાં. બપોરના આ સમયે અહીં ભાગ્યે જ કોઈ પ્રવાસી દેખા દેતો હતો. વિશેષમાં પ્રવાસીઓના બહોળા વગને આકર્ષી શકે એવું અહીં કાંઈ હોય તો એ માત્ર વેરાન પડેલાં યંત્રો હતાં. એ યંત્રો વચ્ચે હાથમાં ક્રેશ હેલમેટ લઈ લાજપતરાય ઊભો હતો. બે સાથીઓ તેની પડખે હતા. બાકીના ચાર વિખરાઈ ગયા હતા.

-મસુદ ! ચંગેઝખાન જેવી મૂછોવાળા સાથીને સંબોધી તેણે હોઠ ખોલ્યા. મને નથી લાગતું કે આલોક ગુપ્તા અહીં સુધી આવી શકે !

–મને પણ શંકા છે ! મસુદે જોકર જેવા લાગતા જોહરની દિશામાં જોઈ પૂછી લીધું. તારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?

નખ ચાવતા જોહર સાથે લાજપતરાયે પણ ફરી એક વાર કાંડા-ઘડિયાળમાં દૃષ્ટિ ઢાળી. બપોરના ત્રણનો સમય મુલાકાત માટે નક્કી થયો હતો. ત્રણ ક્યારના વાગી ચૂક્યા હતા.

–સવા ત્રણ. જોહરે નજર ઊંચી કરતાં જવાબ દીધો.

-હવે ? પ્રશ્ન સાથે મસુદે લાજપતરાયના ચહેરા પર દૃષ્ટિ કેંદ્રિત કરી.

-આલોકના નામનું વૉરંટ નીકળી ચૂક્યું છે. લાજપતરાયે છેલ્લા સમાચાર જણાવ્યા. આજે સવારે તે સી.બી.આઈ.ના બે અધિકારીઓને થાપ દઈ નાસી છૂટ્યો અને પોલીસ ખાતું સતર્ક થઈ ગયું. દિલ્લીના પોલીસો પાસે બીજું કશું કામ જ ન હોય એમ તેઓએ આલોકની તપાસ શરૂ કરી છે. શહેરમાં ઠેર ઠેર વાયરલેસ ગાડીઓ નજરે પડે છે. શહેરની બહાર જતા રસ્તાઓ ‘સીલ’ કરવામાં આવ્યા છે. ઍરપૉર્ટ તથા રેલવે સ્ટેશનો પર સીઆઈડીઓ સાદા વેશમાં પહેરા ભરી રહ્યા છે. તે જ્યાં પણ સંતાયો હશે ત્યાંથી એકે પગલું ભરવા જશે અને સીધો પોલીસોના છટકામાં સપડાઈ જશે !

–તો...માસુદે કહ્યું, અહીં તેની વાટ જોવાનો શો અર્થ ?

–કદાચ ને એ આવે પણ. લાજપતરાયે જણાવ્યું, એ શિયાળનો મને જરાય વિશ્વાસ નથી. કઈ ઘડીએ તે ક્યાં ફૂટી નીકળશે એ કોઈયે કહી ન શકે !

–મારા ખ્યાલથી આપણે પંદરેક મિનિટ વધુ રાહ જોઈએ ! નખ ચાવતા જોહરે પોતાનો વિચાર દર્શાવ્યો.

–એ જ ઠીક રહેશે !

લાજપતરાયે ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢી એક સિગારેટ હોઠ વચ્ચે ગોઠવી અને લાઈટર ક્લિક કર્યું. એ ક્ષણે તેના ભેજામાં પણ ચમકારો થયો. એ ચમકારાએ તેને પોતાને જ ચમકાવી દીધો. સિગારેટનો એક ઊંડો કશ લેતાં તે ઊંડા વિચારમાં ડૂબી ગયો.

આલોક ગુપ્તા પાસે કહેવાતા નેતાજીને ડુપ્લિકેટ સિદ્ધ કરતા પુરાવાઓની ફાઇલ છે. એ ફાઇલ મેળવવાનો હવે શો અર્થ ? હકીકતમાં એ ફાઈલ હવે આલોક ગુપ્તાને પણ કશા ખપની નહોતી. કારણ કે નકલી નેતાજીને અસલી નેતાજી તરીકે સમસ્ત ભારતની પ્રજાએ સ્વીકારી લીધા છે.

બીજું, કહેવાતા નેતાજીની પ્રેરણાથી ભારતના ખૂણે ખૂણામાં ચળવળ શરૂ થઈ ગઈ છે. દાણચોરો તથા કાળાબજારિયાઓ વિરુદ્ધ ગામે ગામ મોરચા મંડાઈ ગયા છે. રૂંધાયેલા, ભૂખ્યા, કંગાળ લોકો હવે અનાજની ટ્રેનો નથી લૂંટતાં, વેપારીઓએ સંઘરી રાખેલા અનાજના ગોદામો પર હુમલા કરે છે. લૂંટમાર વધતી જાય છે. કાયદો હવે પહેલાં જેવો શક્તિશાળી નથી રહ્યો.

ત્રીજું, નવમી ઑગસ્ટ પહેલાં પૂર્ણ થનારી નેતાજીની 'ચલો દિલ્લી'ની પદયાત્રા ભલે અર્ધે સુધી જ પહોંચી હોય; નવમી ઑગસ્ટના મોરચામાં ભાગ લેવા માટે હજારો સ્ત્રી-પુરુષો ભારતના ખૂણેખૂણાથી દિલ્લી આવવાના છે. નવમી ઓગસ્ટની આડે હવે માત્ર ત્રણ દિવસ બાકી છે અને હમણાંથી જ ભવ્ય મોરચાની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. રાજદ્વારી વાતાવરણ તંગ છે. કઈ ઘડીએ શું થશે એની કોઈને કલ્પના નથી. આવા વિસ્ફોટક માહોલમાં જો કોઈ એમ કહેવાની હિંમત દાખવે કે નેતાજી ડુપ્લિકેટ છે તો લોકો તેનું કાટલું ત્યાં જ કાઢી નાખે.

ચોથું, દિલ્લીનું સી.બી.આઈ મથક પોતે નથી ઈચ્છતું કે નેતાજી બાબત કાંઈ તપાસ થાય. આલોક ગુપ્તાની શોધમાં પોલીસો દિલ્લીની ગલીઓમાં ભમી રહ્યા છે. આલોક ગુપ્તા પાસે પુરાવાની ફાઈલ હોવા છતાંય તે લાચાર છે. પુરાવાની એ ફાઈલ તે કોને સોંપો? કદાચ તે પ્રેસને સોંપી દે ! શું કોઈ પ્રેસ આવા તંગ વાતાવરણમાં તેને સહકાર દેવાની મૂર્ખાઈ કરી શકે ?

પાંચ, 'ઓપરેશન-ગુલમહોર' લાજપતરાય માટે નવ ઓગસ્ટે શરૂ થઈ એકાદ બે દિવસમાં તો પૂર્ણ પણ થઈ જશે ! નવમી ઓગસ્ટથી સમસ્ત ભારત બળવાની આગમાં ભડકે બળતું હશે અને કહેવાતા નેતાજીને પોતાની સાથે લઈ લાજપતરાય હેમખેમ પાછો લંડન પહોંચી ગયો હશે !

જો અત્યારે તેને અહીં કશાની જરૂર હોય તો એ હતા કહેવાતા નેતાજી. ગમે તે કિંમતે નેતાજીને દિલ્લી ઘસડી લાવી મોરચાની મોખરે ગોઠવી દેવા જરૂરી હતા. બાકીની વ્યવસ્થા લાજપતરાયે પોતે કરી લીધી હતી. સેંકડો ગેરિલાઓ નવ ઓગસ્ટે દિલ્લીમાં હાજર રહેવાના હતા. એ ગેરિલાઓ ચાર ટુકડીઓમાં વહેંચાઈ ગયા હતા. શરૂઆતમાં એ ચારે ટુકડીઓ મોરચા સાથે જ રહેવાની હતી. વિશેષમાં તેઓમાંની એક ટુકડી મોરચા સાથે રહી ભાંગફોડ શરૂ કરવાની હતી. બીજી ટુકડી મોરચાથી અલગ થઈ પાર્લામેન્ટ હાઉસ પર ધસી જવાની હતી. ત્રીજી ટુકડી રેડિયો સ્ટેશનનો કબજો લેવાની હતી. તો ચોથી ટુકડીનું કામ શાસક પક્ષના નેતાઓને ચૂંટી ચૂંટીને ભડાકે દેવાનું હતું. અલબત્ત આ સર્વે કાર્યોમાં વિફરેલી પ્રજાનો સહકાર તેઓને મળવાનો હતો. ખાસ કરીને સમાજવિરોધી તત્ત્વો આ તક જતી નહિ જ કરે એ વિશે લાજપતરાયને લગારે શંકા નહોતી.

તત્ક્ષણ નિર્ણય લેતાં તેણે મસુદને કહ્યું - મારી પાસે વધુ સમય નથી. હું જઈશ.

-ક્યાં ?

-નેતાજી શફીપુરથી નીકળી ચૂક્યા છે. લાજપતરાયે જણાવ્યું, અને પગપાળા દિલ્લી આવતા તેમને ઓછામાં ઓછા બે મહિના લાગશે ! આપણી પાસે એટલા દિવસો નથી. હું તેમને કારમાં મારી સાથે લઈ એકાદ બે દિવસમાં પાછો આવીશ.

-આલોકનું શું ?

-હવે એ કશા ખપનો નથી. ક્રેશ હેલમેટ પાછી માથે ગોઠવતાં તેણે કહી દીધું, પાંચેક મિનિટ તમે વધુ રાહ જુઓ. ફાઈલ મળી જાય તો ઠીક નહિતર તમે આપણા ચાંદની ચોકના મથકે પહોંચી જજો ! એ જ પળે આલોક ગુપ્તાએ જંતરમંતરના પ્રવેશમાં દેખા દીધી. ત્યાંથી જ તેણે એક નજર ચોપાસ પાથરી. સમ્રાટ યંત્ર તેની સામે હતું. સમ્રાટ યંત્ર અને તેની વચ્ચે સોથી વધુ ફૂટનું અંતર હતું. સમ્રાટ યંત્રની પાછળથી ડોકિયાં કરતા જયપ્રકાશ યંત્ર તથા રામ યંત્રના ગોળાકારોને તે ટુકડા ટુકડામાં જોઈ શકતો હતો. જયપ્રકાશ યંત્ર પાસે ઊભેલા કાળા

પોશાકવાળા લાજપતરાયને પણ તે સ્પષ્ટ નિહાળી શકતો હતો.

આલોક ગુપ્તા બેધડક આગળ વધી ગયો. સમ્રાટ યંત્ર ત્રણ ભાગોમાં વહેંચાયેલું હતું. વચ્ચેનો ત્રિકોણાકાર ભાગ તાડના વૃક્ષ જેમ આકાશ તરફ ઊંચો હતો. નીચે પાણી હતું. કાદવ હતો. તેની ફરતે પગલાં ભરતો આલોક ગુપ્તા જયપ્રકાશ યંત્ર સુધી આવ્યો અને તેને ખાતરી થઈ ગઈ. લાજપતરાય એકલો નહોતો. રામ યંત્ર તથા જયપ્રકાશ યંત્રની આસપાસ રહસ્યમય ચહેરાઓ બેફિકરીથી ઊભા હતા.

-આલોક ગુપ્તા ? તે સામે આવતાં લાજપતરાયે પહેલો પ્રશ્ન કર્યો.

આલોક ગુપ્તાએ ઇશારાથી ‘હા’ કહેતાં પૂછ્યું – અને તું કોણ છે ? લાજપતરાયે પોતાનું નામ જણાવતાં ઉમેર્યું – ફાઈલ ક્યાં છે ?

–લાજપતરાય કોણ ?

અત્યાર સુધીમાં લાજપતરાયના પાંચે સાથીઓ ધીમે ધીમે આગળ વધી આલોક ગુપ્તાની આસપાસ ગોઠવાઈ ગયા હતા.

–એ પ્રશ્ન સાથે તારે સંબંધ નથી.

–છે. આલોક ગુપ્તાએ ભારપૂર્વક કહ્યું, એની શી ખાતરી કે મારે જે વ્યક્તિને ફાઈલ સોંપવાની છે એ તું જ છે ?

-તારું સ્વાગત કરવા હું અહીં હાજર છું શું એ પૂરતું નથી ?

આલોક ગુપ્તાએ પળો ભર તેના ચહેરામાં જોયું અને બ્રિફિકેસ ખોલી ફાઈલ તેના હાથમાં સોંપી દીધી. લાજપતરાયે ફાઇલ ખોલી અને પાનાં ફેરવવા લાગ્યો. આટલી સરળતાથી આલોક ગુપ્તા તેના હાથમાં ફાઈલ ધરી દેશે એની તેને કલ્પના નહોતી. હજી તેણે ફાઈલનાં બે-ત્રણ પાનાં જ ઉથલાવ્યાં હતાં અને તેને ખાતરી થઈ ગઈ. ફાઈલ બોગસ હતી. તે કાંઈ સમજે એ પહેલાં તો તેની ડોકે લોઢાનો ટાઢો સ્પશ અનુભવ્યો. આલોક ગુપ્તાએ પેન્ટના ખિસ્સામાંથી રિવોલ્વર કાઢી તેની ડોકે અડાડી દીધી હતી.

-લાજપત ! આલોક ગુપ્તા બોલી ઊઠયો, સહેજે હલ્યો છે તો એક જ ગોળી તને જમીનદોસ્ત કરી દેશે !

લાજપતરાયના સાથીઓ ઘેરાવ કરી થોડા અંતરે ઊભા હતા. અચાનક પરિસ્થિતિ બદલાઈ હતી. આલોક ગુપ્તા લાજપતરાયની પીઠ પાછળ સરકી ગયો હતો. લાજપતરાયના સાથીઓ કાંઈ પગલું ભરતા પહેલાં તેની સામે જોઈ રહ્યા.

-લાજપત ! આલોક ગુપ્તાએ બીજો હુકમ છોડ્યો, તારા સાથીઓને પીઠ કરી સામે ઊભા રહી જવાનું કહે !

લાજપતરાયે તેઓને ઈશારો કર્યો.

પાંચે સાથીઓએ સામે આવી પીઠ ફેરવી.

આલોક ગુપ્તા ત્રીજો હુકમ દે એ પહેલાં બે જણાઓએ સમ્રાટ યંત્રમાં પ્રવેશી આડ લેવા માટે ઓચિંતી છલાંગ મારી. એ જ ક્ષણે એક પછી એક બંને જણા ઊડતા પક્ષીની જેમ ટપોટપ નીચે ઢળી પડ્યા.

આલોક ગુપ્તાની રિવોલ્વર માત્ર થોડીક પળો માટે જ લાજપતરાયની ડોક પાસેથી ખસી હતી. અને એ પળો લાજપતરાય માટે ખરેખર કીંમતી હતી. તેણે પોતાની બંને કોણીઓ પાછળ ધકેલી. આલોક ગુપ્તા પણ જવાબી હુમલા માટે તૈયાર હતો. લાજપતરાયના મોં પર તેણે ઓચિંતી. બ્રિફિકેસ ફટકારી. ફટકો સજ્જડ હતો.

લાજપતરાયની ક્રેશ હેલમેટ માથા પરથી ઊડી ગઈ. નાકમાંથી લોહીની ધાર ફૂટી નીકળી. બંને હાથ તેણે ચહેરા પર દાબી દીધા. માથું ભમી રહ્યું હતું. પીડા ભયંકર હતી. આલોક ગુપ્તાએ

એ તકનો લાભ લઈ એક સખત લાત તેના બે પગ વચ્ચે ઠોકી. ચક્કર ખાઈ તે નીચે ઢળી પડ્યો. એટલી ઝડપથી આ બધું પતી ગયું કે પીઠ કરીને ઊભેલા લાજપતરાયના બાકીના ત્રણ સાથીઓ ફાટી આંખે જોઈ રહ્યા.

અચાનક જાણે હોશમાં આવ્યા હોય એમ એ ત્રણે એક સાથે ધસી આવ્યા. એ ત્રણમાં લાંબા નાકવાળો જોહર તથા ચંગેઝખાન જેવી મૂછોવાળો મસુદ પણ હતો. આલોક ગુપ્તાએ એકને ઊંચકી જયપ્રકાશ યંત્રમાં ફેંકી દીધો. જોહર તથા મસુદ તેને વળગી પડ્યા.

આલોક ગુપ્તાએ એ બંનેને ગરદનમાંથી પકડી તેઓની રગોમાં આંગળાં ભોંક્યાં. બંનેના ગળામાંથી રાડ નીકળી ગઈ. બંનેની પકડ ઢીલી થઈ ગઈ. આલોક ગુપ્તાએ બંનેને સામે લઈ તેઓનાં માથાં નાળિયેરની જેમ એકમેક સાથે અફાળ્યાં. કાચાં ઈંડાંની જેમ એ માથાં ફૂટી ગયાં.

એ બંને ઢળી પડે એ પહેલાં જયપ્રકાશ યંત્રમાં ધસી ગયેલો ગુંડો આલોક ગુપ્તાની પિસ્તોલ સાથે ઉપર આવ્યો અને યંત્ર પરથી જ ગોળી છોડી. આલોક ગુપ્તા છલાંગ મારી હોશમાં આવી રહેલા લાજપતરાય પર ધસી ગયો. ગોળી તેના ખભા પરથી આગળ વધી સમ્રાટ યંત્રની દીવાલ સાથે અથડાઈ અને ત્યાં જ ક્યાંક પડી ગઈ.

વધુ સમય ન ખોતાં આલોક ગુપ્તાએ લાજપતરાયને બંને હાથ વડે ઊંચકી દડાની જેમ ઘા કર્યો. રિવૉલ્વર સાથે ઊભેલા ગુંડાને લઈ લાજપતરાય પણ યંત્રમાં ધસી ગયો. આલોક ગુપ્તા તેની પાછળ યંત્રમાં ગયો. સહુ પ્રથમ તેણે રિવૉલ્વરનો કબજો લીધો. લાજપતરાય લગભગ બેભાન જેવી સ્થિતિમાં ચૂપચાપ પડ્યો હતો. તેના સાથીનું માથું યંત્રના એક પથ્થર સાથે અફળાતાં લોહીલુહાણ હતું. તે અધમૂઓ થઈ ગયો હતો. આલોક ગુપ્તા હવે નિશ્ચિત હતો. લાજપતરાયની પડખે તે બેસી ગયો.

લાજપતરાયની આંખો ખુલ્લી હતી. આલોક ગુપ્તાના ચહેરામાં તે સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યો હતો. માથા પરથી પસાર થતો સૂર્ય યંત્રોમાં ચિત્રવિચિત્ર આકારો સજી રહ્યો હતો. એ આકારોના કટકા બંનેના શરીર પર પથરાઈ ગયા હતા.

આલોક ગુપ્તાએ ખિસ્સામાંથી નાનકડી છરી કાઢી લાજપતરાયની આંખો સામે ધરી અને એ જ પુરાણો પ્રશ્ન દોહરાવ્યો.

-લાજપતરાય કોણ ?

લાજપતરાય ફાટી આંખે જોઈ રહ્યો. ઉત્તર દેવાની તાકાત તેનામાં હતી, પરંતુ સહકાર દેવા તે તૈયાર નહોતો.

આલોક ગુપ્તાએ છરીની અણી તેના ગાલ પર મૂકી પહેલો ચેકો માર્યો. ગાલમાંથી લોહીની ધાર વહેવા લાગી. લાજપતરાયે પીડાને દાબવા માટે આંખો બળપૂર્વક મીંચી દીધી.

-લાજપત ! આલોક ગુપ્તા બરાડી ઊઠયો, મારી અનિતાના તેં જે હાલ કર્યા હતા એ યાદ કર ! તું એને જીવતી મારા ઘરના આંગણે ફેંકી ગયો હતો. હું તારી લાશ વુલ્ફ બ્રોનસાર્ટની છાતી પર ફેંકીશ. કહે, તું કોણ છે ?

તેણે ફરી આંખો ખોલી અને ચૂપચાપ જોઈ રહ્યો. આલોક ગુપ્તાના હૃદયમાં તેના માટે લગારે દયા નહોતી. અનિતાનો ચૂંથાઈ ગયેલો દેહ હજીયે તેની આંખો સામે તરવરી રહ્યો હતો. અનિતા હવે તંદુરસ્ત હતી. પરતુ તેના પર થયેલા જુલમ આલોક ગુપ્તા વિસરી નહોતો શક્યો.

લાજપતરાયના બીજા ગાલ પર છરીની અણી ગોઠવી તેણે હડપચી સુધી કાપો મૂકી દીધો. ફરી એક વાર લોહીની રેખા સર્જાઈ અને ધીરે ધીરે લોહી લાજપતરાયના કોલરમાં સરકવા લાગ્યું. છતાં લાજપતરાય મૌન હતો.

આલોક ગુપ્તાએ તેના એક હાથનો પંજો પોતાના ડાબા હાથની પકડમાં લઈ તેના અંગૂઠાના નખ નીચે છરીની અણી ગોઠવી અને ભોંકી દીધી. આ વખતે લાજપતરાય ચીસ પાડી ઊઠયો.

તેનું આખુંયે શરીર તરફડી ઊઠયું. ઊભા થવાની તાકાત તેનામાં નહોતી. મયાદિત ક્ષેત્રમાં તરફડીને તે રહી ગયો.

આલોક ગુપ્તાએ છરી બહાર કાઢી બીજા નખ નીચે ગોઠવી. લાજપતરાય બોલી ઊઠયો - બસ !

–લાજપતરાય કોણ ? એ જ પ્રશ્ન. અને પ્રશ્નોની ઝડી. આલોક ગુપ્તા તેના ચહેરા પર દૃષ્ટિ સ્થિર રાખી પૂછી રહ્યો હતો, વુલ્ફ બ્રોનસાર્ટ જોડે તારા શું સંબંધ છે ? કોના આદેશથી તમે ભારતમાં પ્રવેશ્યા છો ?

લાજપતરાયે બોલવાની શરૂઆત કરી. તેના શબ્દો ભાંગી રહ્યા હતા. તેનો અવાજ તૂટી રહ્યો હતો. તેનું ગળું રૂંધાઈ રહ્યું હતું. છતાં તેણે જે કાંઈ માહિતી દીધી એ સાંભળી આલોક ગુપ્તા સ્તબ્ધ થઈ ગયો. અધી કલાક પછી તે યંત્રની બહાર આવ્યો અને જંતરમંતરના બગીચાઓ કૂદતો પાગલોની જેમ દોડી ગયો.

-હલ્લો ! હલ્લો ! નજીકના પબ્લિક કોલ બૂથમાંથી તેણે નંબર જોડ્યો હતો.

–કોણ ? સી.બી.આઈ.ની ઓપરેટરનો સ્વર તેના કાને અથડાયો.

-આલોક ગુપ્તા. તેણે કહ્યું, ચીફ છે ?

–એક મિનિટ. ઉત્તર સાથે ઓપરેટરે બે પ્લગ ખેંચી લેતાં સ્વિચબોર્ડમાં ત્રીજું પ્લગ જોડ્યું.

ચીફ શિવેન સિંહા લાઈન પર આવ્યા.

-હલ્લો, ચીફ !

-આલોક !

-જી... તે બોલ્યો, મને તમારા સહકારની જરૂર છે.

-સોરી આલોક ! ચીફે સપાટ શબ્દોમાં જણાવી દીધું, તારા નામનું વોરંટ નીકળી ચૂક્યું છે. સી.બી.આઈ.ના અધિકારીઓને થાપ દઈ તે તારા ગુનામાં વધારો કર્યો છે. હવે હું તારા માટે કાંઈયે કરી ન શકું.

-ચીફ... પ્લીઝ... આલોક ગુપ્તાએ વિનત સ્વરે આગળ ચલાવ્યું, નેતાજીના પ્રાણ ભયમાં છે. જો તમે સહકાર નહિ ઘો તો નેતાજી ચોવીસ કલાકમાં ભડાકે દેવાશે.

-શું ?

-નેતાજીની સુરક્ષા ખાતર હું તમારી મદદ ઈચ્છું છું.

ચીફની આંખો પહોળી થઈ ગઈ. રિસીવર તેમના હાથમાં સ્થિર થઈ ગયું. આલોક ગુપ્તા કે જે શિકારીની જેમ નેતાજીના પ્રાણ પાછળ પડ્યો હતો; આજે નેતાજીની સુરક્ષા માટે ભારપૂર્વક વિનંતી કરી રહ્યો હતો. શું એ શક્ય હતું ?

-ઠીક છે. લાંબા વિચારના અંતે આખરે ચીફે કહ્યું, ઇન્સસ્પેક્ટર કાનેટકરને હું અહીંથી રવાના કરું છું. તું ક્યાંથી બોલે છે ?

-જંતરમંતર કહેતાં આલોક ગુપ્તાએ ઝડપથી ઉમેરી દીધું. અહીં છ લાશો પડી છે. કદાચ તેમાં એકાદ બે છેલ્લા શ્વાસ પણ લઈ રહ્યા હોય ! એ લાશોનો કબજો લેવાની વ્યવસ્થા પણ તમારે કરવાની છે. ચીફ કાંઈ વધુ પ્રશ્ન કરે એ પહેલાં તેણે રિસીવર ક્રેડલ પર મૂકી દીધું.

* * *

થોડી વાર પછી આલોક ગુપ્તા સી.બી.આઈ.ના ચીફ સામે બેઠો હતો. બંને જણા એકમેકને માપવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ચીફે ટેબલ પર પડેલા પાકીટમાંથી એક સિગાર ઊંચકી હોઠ વચ્ચે ગોઠવી અને ફરી એક વાર તેની સામે જોયું.

-કહે ! તારે શું કહેવાનું છે ?

–સહુ પ્રથમ તો મારે તમારી માફી માગવાની છે. આલોક ગુપ્તાએ નિખાલસતાપૂર્વક કહી દીધું, હું જાણું છું કે મેં તમારા આદેશ વિરુદ્ધ જઈ તમારું મન દુભાવ્યું છે, પરંતુ હું લાચાર હતો.

–એ સિવાય તારે કાંઈ કહેવાનું છે ?

-જી... કહેતાં તે મૂળ વિષય પર આવ્યો, વિદેશમાં તાલીમ લઈ આવેલા સોથી વધુ ગેરિલાઓ ભારતમાં સક્રિય છે.

-વિદેશમાં એટલે ક્યાં ?

આલોક ગુપ્તાને વિગતવાર માહિતી દેવાની જરૂર જણાઈ. ચીની આક્રમણ પછી શસ્ત્ર ક્ષેત્રે ભારત કડિબદ્ધ થઈ રહ્યું હતું. રશિયા જોડે સહકારમાં મીગ વિમાનોનું કારખાનું ભારતમાં ઊભું કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. વિશેષમાં રશિયન શસ્ત્રો વિના મૂલ્યે ભારતમાં ખડકાઈ રહ્યાં હતાં. ભારતનું નમી ગયેલું માથું ફરી ઊંચું થઈ રહ્યું હતું. અને...

ભારત શસ્ત્રક્ષેત્રે પગભર થાય તો સમસ્ત એશિયાના દેશો ભારતની તાકાત સામે નબળા પડી જાય ! ભવિષ્યમાં ચીનને પણ ભારતના પ્રતિઆક્રમણનો ભય રહે અને ચીન એ નહોતું ઈચ્છતું. ભયનાં મૂળ જડમાંથી ઉખેડી નાખવાં જરૂરી હતાં. કદાચ એટલે જ ચીની જાસૂસ સંસ્થાએ 'ઓપરેશન-ગુલમહોર'ની યોજના ઘડી એક કાંકરે ત્રણ પક્ષીઓ મારવાનો પ્રયાસ કર્યો.

(૧) વુલ્ફ બ્રોનસાર્ટ નામના ભાડૂતી હત્યારાને નેતાજી તરીકે ભારતમાં ઘુસાડી ભારતને આંતર યુદ્ધમાં સંડોવી દેવું !

(૨) કહેવાતા નેતાજી ભારતમાં પ્રવેશી રશિયન સરકાર પર આરોપ મૂકે જેથી રશિયા તથા ભારત વચ્ચે કડવાશ ઊભી થાય અને રશિયનો માટે ભારતમાં પગપેસારો કરવો ભારે થઈ પડે !

(૩) સ્વાભાવિક રીતે જ રશિયનોને આ અફલાતુન યોજના પાછળ પશ્ચિમી દેશોનો હાથ હોવાની ગંધ આવે અને રશિયા તથા મૂડીવાદી દેશો વચ્ચે તંગદિલી વધે.

'ઓપરેશન-ગુલમહોર'ની યોજના ઘડાઈ જતાં નાઝી હત્યારા વુલ્ફ બ્રોનસાર્ટનો સંપર્ક સાધવામાં આવ્યો. અને તેનાં કારણો એકથી વધુ હતાં. વુલ્ફ બ્રોનસાર્ટ જર્મનીમાં હતો ત્યારે નેતાજીના નિકટતમ પરિચયમાં આવ્યો હતો. બીજું, વુલ્ફ અભિનેતા હતો અને નેતાજીનો પાઠ સરળતાથી ભજવી શકતો હતો. ત્રીજું, વુલ્ફ બ્રોનસાર્ટ એક ભાડૂતી હત્યારો હતો અને ગમે તેવાં જોખમભર્યાં કામો કરતાં અચકાતો નહોતો.

સોદો નક્કી થઈ જતાં વુલ્ફ બ્રોનસાર્ટે પોતાના પુરાણા સાથી લાજપતરાયને સહાયક તરીકે સાથે લીધો. લાજપતરાયને વિશેષ તાલીમ અર્થે ચીન જવું પડ્યું. પેકિંગ પહોંચતાં તેને જાણ થઈ, સોથી વધુ ગેરિલાઓ તેના આદેશ મુજબ તેના હાથ નીચે કામ કરવાના હતા. આ ગેરિલાઓ મૂળ ભારતીય યુવાનો હતા. અસંતુષ્ટ હતા. ભારતમાંથી તેઓને પૂર્વ પાકિસ્તાનની સીમમાં ઘુસાડી તાલીમ અર્થે પેકિંગ લાવવામાં આવ્યા હતા. છ મહિનાની તાલીમ પૂર્ણ થતાં ફરી એ જ માર્ગે તેઓ ભારતમાં પ્રવેશી જુદા જુદા પ્રાંતોમાં વિખરાઈ ગયા હતા. તેઓનું કામ ભારતને ચાર તબક્કામાં આંતરયુદ્ધની દિશામાં લઈ જવાનું હતું.

પ્રથમ તબક્કામાં અક્કેક ગેરિલાએ શક્ય તેટલા યુવાનોને લલચાવી ક્રાંતિના નામે આ યોજનામાં સંડોવવાનું હતું. બીજા તબક્કામાં પોલીસચોકીઓ પર હુમલા કરી, પોલીસ ખાતાના અધિકારીઓની નિર્મમ હત્યાઓ કરી હથિયારો મેળવવાનું તથા બેંન્કો અને દુકાનો પર ધાડ પાડી જરૂરી નાણાં એકઠાં કરવાનું હતું. ત્રીજા તબક્કામાં તેઓએ શાસનવિરુદ્ધ અસંતોષ ફેલાવવાનો હતો. જાત જાતની અફવાઓ વહેતી મૂકવાની હતી. પ્રજાને ગેરમાર્ગે દોરવાની તથા

મોરચાઓ રચી ભાંગફોડ પ્રવૃત્તિ આગળ વધારવાની હતી. ચોથા તથા અંતિમ તબક્કામાં સર્વેએ દિલ્લી પહોંચી રેડિયો સ્ટેશન તથા પાર્લામેન્ટ હાઉસ કબજે કરી લોહિયાળ ક્રાંતિની શરૂઆત કરવાની હતી.

'ઓપરેશન-ગુલમહોર'ની આ યોજના સાથે ચીની જાસૂસોએ પાક જાસૂસોને પણ સંડોવી લીધા હતા. હકીકતમાં પાકિસ્તાનના પ્રેસિડન્ટ અય્યુબખાન કાશ્મિર પર આક્રમણ કરવા માટે ૧૯૬૨ના ચીની આક્રમણ પછી તક શોધી રહ્યા હતા. તેમને આવી ઉમદા તક મળે તો તે જતી ન જ કરે એ પણ સ્વાભાવિક હતું.

ચીફ વિચારમાં પડી ગયા. આલોક ગુપ્તાએ દીધેલી વિગતવાર માહિતી તેમની બુદ્ધિ ધીરે ધીરે ગ્રહણ કરી રહી હતી. અપલક તે આલોક ગુપ્તા સામે જોઈ રહ્યા હતા. જલતી સિગાર તેમના આંગળાઓ વચ્ચે હતી અને હજી સુધી તેમણે એકે કશો નહોતો લીધો.

-તારી વાત મને સમજાય છે. સિગારનો પહેલો કશો લઈ ધુમાડાના ઘટ્ટ ગોટાને તરતો મૂકતાં તેમણે હોઠ ખોલ્યા. પરંતુ હજુ સુધી હું એ નથી સમજી શક્યો કે વુલ્ફ બ્રોનસાર્ટ ઉર્ફ કહેવાતા નેતાજીના પ્રાણ ભયમાં છે અને તું પોતે એમની સુરક્ષા ઈચ્છે છે. શા માટે ?

—કારણ કે કહેવાતા નેતાજીએ 'ઓપરેશન-ગુલમહોર'ની યોજના પર પાણી ફેરવી દીધું.

-કારણ ?

-લાજપતરાયના કહેવા મુજબ...આલોક ગુપ્તાએ ઉત્તર દીધો. નેતાજીના પોશાકમાં વુલ્ફ બ્રોનસાર્ટ પોતાના વજૂદને વીસરી ગયો. તે પોતાને ખરેખર નેતાજી માનવા લાગ્યો અને નેતાજી સુભાષચંદ્ર બોઝ કદી ભારતનું અહિત ન ઈચ્છે.

ક્ષણ ભરમાં વિચારી લેતાં ચીફે સ્મિત ફેલાવી અંતિમ પ્રશ્ન કર્યો - હવે તું શું ઈચ્છે છે ?

—સહુ પ્રથમ મારા નામ પરથી વોરંટ પાછું ખેંચી લેવામાં આવે. આલોક ગુપ્તા ઝડપથી બોલી ગયો, બીજું. ગૃહ ખાતાને સૂચિત કરવામાં આવે. પાક ગેરિલાઓ આજકાલમાં કાશ્મિર પર ત્રાટકવાના છે. ત્રીજું, લાજપતરાયના હાથ નીચે ભારતમાં ઘૂસી આવેલા ગેરિલાઓ અત્યારે દિલ્લીમાં છે. તેઓનાં મથકો પર છાપા મારી તેઓને ચોવીસ કલાકમાં ગિરફતાર કરી લેવામાં આવે. ચોથું, નેતાજીને ભડાકે દેવા એક તરફથી કેજીબીના જાસૂસો આગળ વધશે અને બીજી તરફથી સી.આઈ.એ.ના. નેતાજીની સુરક્ષાની જવાબદારી મને સોંપવામાં આવે.

—કબૂલ છે. ચીફે સિગારના મોં પર બાઝેલી રાખને ખંખેરતાં કહ્યું, બીજું કાંઈ ?

—માત્ર આટલું કે નેતાજીની શોધમાં જતાં પહેલાં હું અનિતાને થોડીક પળો માટે મળવા ઈચ્છું છું. આલોક ગુપ્તાએ જણાવ્યું, અને અનિતા જે નર્સિંગ હોમમાં આરામ લઈ રહી છે એને ઘેરી ગેરિલાઓ ઊભા છે. એ ગેરિલાઓને સહુ પ્રથમ ગિરફતાર કરવામાં આવે !

તુરત ચીફે રિસીવર ઊંચકી ઓપરેટરને જરૂરી સૂચનાઓ દીધી. એ જ ક્ષણે ઈન્સસ્પેક્ટર કાનેટકર અંદર પ્રવેશી આલોક ગુપ્તાની ખુરશી પાસે ઊભો રહી ગયો. ચીફે રિસીવર ક્રેડલ પર ગોઠવતાં તેની સામે જોયું. જંતરમંતરમાંથી ઘાયલ તથા મૃત ગેરિલાઓનો કબજો લેવાની જવાબદારી તેને સોંપવામાં આવી હતી.

—બધું પતી ગયું ? ચીફે તેને સંબોધી પૂછ્યું.

ઇન્સસ્પેક્ટર કાનેટકરે 'હા' કહી.

—કેટલા જીવતા હતા ?

-એક સિવાય બધા જ મૃત હતા. તેણે કહ્યું, પરંતુ ત્યાં છ દેહો નહોતા.

—તો ?

-ચાર મૃત અને એક બેભાન.

આલોક ગુપ્તાએ ચહેરો ત્રાંસો કરી તેની સામે જોયું - શું કહ્યું ?

–માત્ર પાંચ જણા મળ્યા.

–કાળા પોશાકવાળી વ્યક્તિ તેમાં હતી ?

ઈન્સપેક્ટર કાનેટકરે ઇશારાથી 'ના' કહી. આલોક ગુપ્તા સમજી ગયો. લાજપતરાય છટકી જવામાં સફળ થયો હતો. પરંતુ તે એ ન કલ્પી શક્યો કે ગંભીર રીતે જખમી હોવા છતાં તે કઈ રીતે છટકી શક્યો હશે ?

છટકીને તે ક્યાં ગયો હશે ?



૩૪

નેતાજી ચીસ પાડી બેઠા થઈ ગયા. તેમનો ચહેરો પરસેવામાં તરબતર હતો. તેમની પીઠ તથા છાતીના ભાગ પણ ભીના થઈ ગયા હતા. અંધારામાં તે ફાટી આંખે જોઈ રહ્યા હતા. તેમણે એક બિહામણું સપનું જોયું હતું. સપનામાં તદ્દન સફેદ આકારોએ તેમને ઘેરી લીધા હતા. એ આકારો માનવીઓના હતા. પરંતુ તેઓને આંખો નહોતી. નાક નહોતું. હોઠ નહોતા. ચહેરા સપાટ હતા. કેટલાકને તો ચહેરા પણ નહોતા. તેઓનાં માત્ર સફેદ ધડ સપાટ ચહેરાવાળી વ્યક્તિઓ કરતા વધુ ભયાનક લાગતાં હતાં. જાણે તેઓ નેતાજીને પોતાની સાથે લઈ જવા આવ્યાં હોય એમ ઉતાવળાં થઈ રહ્યાં હતાં. કોઈ આકાર નેતાજીનો હાથ ખેંચી રહ્યો હતો, તો કોઈ પગ. કોઈ આકારે નેતાજીના ગળા પર સફેદ પંજા ગોઠવ્યા હતા તો કોઈએ નેતાજીની કમરમાં સફેદ હાથ વીંટાળી દીધા હતા.

ખેંચાતાણી શરૂ થઈ ગઈ. ખેંચાતાણીના કારણે નેતાજીના શરીરના અક્કેક ભાગ કોઈ યાંત્રિક માનવના સ્પેરપાર્ટની જેમ છૂટા પડવા લાગ્યા. અંતે કાંઈએ બાકી ન રહેતાં એ સફેદ આકારો પરપોટાની જેમ ફૂટી ગયા. સપનું પૂરું થયું.

-શું થયું, નેતાજી ? ચીસ સાંભળી અંદર ધસી આવેલા કર્નલ ગુલમહંમદે પ્રશ્ન કર્યો.

-કોણ હતું ? કનલ ગુલમહંમદની પાછળ દોડી આવેલા કેપ્ટન તલવારસિંઘે પોતાની રિવોલ્વર હાથમાં ધરી ચોપાસ દૃષ્ટિ ઘુમાવી. અંદર કોઈ નહોતું. નેતાજી હતા અને તેમની બેચેન આંખો ક્યારેક કર્નલ ગુલમહંમદ સામે સ્થિર થતી હતી તો ક્યારેક તલવારસિંઘ પર સરી આવતી હતી.

ભીનો ચહેરો લૂછતાં નેતાજીએ બંનેને પાછા જવા માટે માત્ર ઈશારો કર્યો. પરંતુ બંને જણા પોતાના સ્થાનેથી સહેજે ન ખસ્યા.

–અહીં ખરેખર કોઈ નહોતું આવ્યું ? જતાં પહેલાં કનલ ગુલમહમદ ખાતરી કરી લેવા ઈચ્છતો હતો.

નેતાજીએ ફરી ઈશારાથી ‘ના’ કહી.

–તો...તો તમે ચીસ શા માટે પાડી ? તલવારસિંઘે રિવૉલ્વરને પટામાં નાખતાં હળવેકથી પૂછી લીધું.

નેતાજીને આશ્ચર્ય થયું. સપના દરમિયાન તેમણે ચીસ પાડી હોય એવો તેમને ખ્યાલ નહોતો.

–અને ચીસ પણ એવી ભયાનક હતી કે લગભગ બધા જ જાગી ઊઠયા હશે ! કર્નલ ગુલમહંમદે તેમને ચૂપ જોતાં ઉમેર્યું. અને એ ખરું જ હતું.

નેતાજીનો કાફલો શફીપુર તાલુકાના કોલેરાગ્રસ્ત વિસ્તારનો પ્રવાસ પૂરો કરી ઈટાવાહ થઈ આગ્રા અને દિલ્લી જવા માટે ગંગાને કિનારે આવી પહોંચ્યો હતો. સૂર્યાસ્ત થતાં પડાવ પણ અહીં જ નાખવામાં આવ્યો. કામચલાઉ તંબુઓ ઊભા કરી નેતાજીના બાકી વધેલા પદયાત્રીઓ આસપાસ સૂતા હતા. રાતના સન્નાટામાંથી ઊઠેલો ચીસનો અવાજ સાંભળી તેઓ પણ જાગીને દોડી આવ્યા હતા. નેતાજીના તંબુમાં પળે પળે ભીડ વધતી જતી હતી. એ ભીડમાં શેલા ભાદુડી

પણ હતી. ચીસનો સ્પષ્ટ અવાજ તેણે પણ સાંભળ્યો હતો. એકીટશે તે નેતાજી સામે જોઈ રહી હતી.

આખરે નેતાજીએ હોઠ ખોલ્યા - મને થોડીક તાજી હવાની જરૂર છે. બસ. તેમણે વધુ કાંઈ ન કહ્યું. સ્પષ્ટીકરણની આવશ્યકતા તેમને ન જણાઈ. ઈચ્છા પણ નહોતી. એકમેકના ચહેરા તાકતા નેતાજીના સાથીઓ ધીરે ધીરે વિખરાઈ ગયા. શૈલા ભાદુડી એકલી રહી ગઈ. નેતાજીએ તેને બેસવા માટે ઈશારો કરતાં તેની સામે રફપડ તથા પેન્સિલનો ટુકડો ધર્યો.

શૈલા ભાદુડી સમજી ગઈ. નેતાજી કોઈ અરજંટ પત્ર લખાવવા ઈચ્છે છે ! નેતાજીની સામે બેસી જતાં તેણે પેન્સિલની અણી કાગળ પર નમાવી.

-શૈલા ! નેતાજીએ પડખે પડેલા ફાનસની વાટ સહેજ ઊંચી કરતાં કહ્યું, મને લાગે છે, મારો અંતકાળ પાસે છે. હવે હું વધુ નહિ જીવું.

–મારા ખ્યાલથી તમારી તબિયત ઠીક નથી. શૈલા ભાદુડીએ પોતાનો અભિપ્રાય દશાવ્યો, શફીપુર તાલુકામાં તમે દિવસ-રાત કોલેરાથી પીડાતા લોકોની સેવા કરી છે. સ્વાભાવિક રીતે જ તમને થોડાક દિવસો આરામની જરૂર છે.

-કદાચ ને આ ભવમાં તો આરામ નહિ મળે ! નેતાજી જાણે પોતાની જોડે વાત કરી રહ્યા હોય એમ શબ્દો ઉચ્ચારી રહ્યા હતા, મને પણ નહિ મળે અને મારા સાથીઓને પણ નહિ. તું ક્યાં નથી જાણતી. મારા વફાદાર સાથીઓએ આ કષ્ટદાયી પદયાત્રામાં કેટકેટલાં દુઃખ વેઠયાં છે ! માત્ર ભગવાન જ કહી શકે છે કે તેઓનું ઋણ હું ક્યારે ચૂકવી શકીશ !

-નેતાજી ! શૈલાએ મૂળ વિષય પર આવતાં કહ્યું, તમે કોઈ પત્ર ડિકટેટ કરાવવા ઈચ્છતા હતા.

-એ મારો અંતિમ સંદેશો છે. કહેતાં નેતાજીએ તેના ચહેરામાં જોયું તો તેમને આશ્ચર્ય થયું. શૈલા ભાદુડીની આંખોમાં ભીનાશ હતી. તે રડી પડે એ પહેલાં નેતાજી બોલી ઊઠયા - અરે ગાંડી ! હજી હું જીવતો છું અને ઓછામાં ઓછા સો વર્ષ જીવવાનો છું. મૃત્યુ ભૂલેચુકે પણ આ દિશામાં ફરકવાની હિંમત કરશે તો...

શૈલા ભાદુડી રડી પડી. બંને હાથ વચ્ચે ચહેરો સંતાડી દેતાં તે હિબકાં ભરવા લાગી. નેતાજીને પોતાના શબ્દોમાં રહેલી પોકળતાનું ભાન થયું અને તે સ્વયં કંપી ઊઠયા. તેમને લાગ્યું, નબળાઈએ તેમને ભીતરથી જકડી લીધા હતા. એ નબળાઈ પર કાબૂ મેળવવાની આવશ્યકતા હતી.

સ્વસ્થ થવાનો ડોળ કરતાં તેમણે શૈલા ભાદુડીની પીઠ પર હાથ ફેરવ્યો અને હળવેકથી કહ્યું - ચાલ ઊઠ ! હું તને તારા તંબુ સુધી મૂકી આવું. શૈલા ભાદુડી ભીના ચહેરા સાથે કહ્યાગરા બાળક જેમ ચૂપચાપ ઊભી થઈ. બંને જણાં તંબુની બહાર આવ્યાં.

પ્રવેશ બહાર પહેરો ભરતા કર્નલ ગુલમહંમદ તથા તલવારસિંઘ ચારપાઈ પર બેઠા હતા. બેઠા બેઠા ઝોકાં ખાઈ રહ્યા હતા. તેઓને ડિસ્ટર્બ ન કરતાં નેતાજી શૈલા ભાદુડી સાથે આગળ વધી ગયા. થોડે છેટે જતાં શૈલા એક તંબુમાં પ્રવેશી ગઈ. નેતાજી પાછા ન વળતાં ગંગા કિનારે એકલા આગળ વધી ગયા.

રાત ચાંદની હતી. વાતાવરણ ખુશનુમા હતું. થોડે થોડે અંતરે પથરાયેલા ઘટાદાર વૃક્ષોના ટોપ ચાંદનીમાં ઊજળાં લાગતાં હતાં. વૃક્ષોના પડછાયા એટલા જ કાળા અને ભયાનક હતા. દૂરના ડુંગરાઓ ગંગાને કિનારેથી પણ સ્પષ્ટ જોઈ શકાતા હતા.

તાજી હવાની લહેરો નેતાજીનાં ઉઘાડાં અંગોને સ્પર્શ કરતા નેતાજીએ આકાશ સામે જોયું. આકાશ ખુલ્લું અને સ્વચ્છ હતું. વિશાળ હતું. એ વિશાળતાને આંખોમાં સમાવવાનો પ્રયાસ કરતાં તેમને પુનઃ વિચારવાની આવશ્યકતા જણાઈ. તેમની દ્વિધા અનેરી હતી. શફીપુર

તાલુકામાં એ બાબત તેમને પ્રથમ વાર ખ્યાલ આવ્યો હતો. શું તેમના માટે સમયસર દિલ્લી પહોંચવું જરૂરી છે ?

આ એક પ્રશ્નના તેમને બે ઉત્તર મળ્યા હતા. તે નિશ્ચિત દિવસે દિલ્લી પહોંચે તો ત્યાં યોજાનાર મોરચાને લોહિયાળ ક્રાંતિની દિશામાં જતાં તે રોકી શકે ! એ જબ્બર મોરચાને તે શાંતિની દિશામાં વાળી શકે અને એમાં જ સર્વેની ભલાઈ હતી. એમાં દેશની પણ ભલાઈ હતી. પરંતુ એ મોરચામાં હાજરી દેવા જતાં લાજપતરાય તેમના પર દબાણ લાવી તેમને એમ કરતાં રોકે એ પણ સમજી શકાય એવું હતું.

લાજપતરાય અત્યાર સુધીમાં અકળાઈ ઊઠયો હતો. નેતાજી પાસેથી પોતાનું ધાર્યું કામ કઢાવવા ખતરનાક માર્ગ અખત્યાર કરી શકે એટલી શક્તિ હજી તે ધરાવતો હતો. લાજપતરાય માટે 'ઑપરેશનગુલમહોર'નો સોદો જીવનનો સોદો હતો. જીવનો જુગાર હતો. છેલ્લી બાજી હતી. આમાં નિષ્ફળ જતાં તેનું મૃત્યુ નિશ્ચિત હતું. અને પોતાના મૃત્યુને રોકવા તે નેતાજીને ભડાકે દેતાં લગારે અચકાવાનો નહોતો.

મૃત્યુનો ભય નેતાજીને નહોતો. તે જાણતા હતા. પળે પળે મૃત્યુ તેમની નજીક આવી રહ્યું હતું. મૃત્યુનો સફેદ ચહેરો જોઈ ક્યારેક તે વિચલિત પણ થઈ ઊઠતા હતા. ક્યારેક ચીસ પાડી નીંદરમાંથી જાગી ઊઠતા હતા. આમ કેમ થતું હતું ? જે માનવીને મૃત્યુનો ભય ન હોય તે એક મામૂલી સપનું જોઈ આટલો વિહવળ કેમ થઈ ઊઠે ?

એનો ઉત્તર કદાચ વુલ્ફ બ્રોનસાર્ટનો આત્મા હોય ! વુલ્ફ બ્રોનસાર્ટના થોડાક નબળા અણુઓ હજીયે તેમની રગોમાં દોડતા હોય ! હકીકતમાં એ જ અણુઓ તેમની આ નબળાઈનું કારણ હતું. વિશાળ આકાશ સામે જોતાં તેમણે એ અણુઓને પણ ખંખેરી નાખ્યા. નેતાજીનું સંપૂર્ણ સ્ફટિક રૂપ ખીલી ઊઠયું. ચંદ્રમાની જેમ તેમનો દેહ અજવાળાં પાથરવા લાગ્યો. ગંગાના વહેતા જળની જેમ તેમનો આત્મા નિમળ થઈ ગયો.

તેમણે આંખો ઢાળી અને એકીટશે વહેતી ગંગાને જોઈ રહ્યા. કિનારે બંધાયેલી એક હોડી પ્રવાહમાં ડોલી રહી હતી. ક્ષણભર માટે તેમને ખ્યાલ આવ્યો. એ હોડી પર સવાર થઈ તે સામે કાંઠે પહોંચી જાય. કોઈને પણ જાણ કર્યા વિના દિલ્લી ચાલ્યા જાય. આ જ ક્ષણે, આ જ પળે. વિલંબ પાલવે એમ નહોતો. લાજપતરાયની હવે તેમને પરવા નહોતી. દિલ્લીમાં યોજાનારા મોરચાનું સુકાન સંભાળી લેવું અતિ આવશ્યક હતું.

-વુલ્ફ !

પોતાનું મૂળ નામ કાને અથડાતાં તેમણે ચહેરો ઘુમાવ્યો. જોયું તો એક વ્યક્તિ હાથમાં રિવોલ્વર લઈ તેમની સામે ઊભી હતી. નેતાજી એ અજનબી સામે અપલક જોઈ રહ્યા. અજનબી છ ફૂટથી સહેજ વધુ ઊંચો હતો. પોશાકમાં તેણે ભૂખરા વાદળી રંગનો સૂટ પહેર્યો હતો. ચહેરા પરથી તે અમેરિકન લાગતો હતો. નેતાજીને એ કલ્પી લેતાં વધુ સમય ન લાગ્યો કે તેમની સામે ઊભેલો પુરુષ સી.આઈ.એ.નો માણસ હોઈ શકે !

ધીરે ધીરે તેમની સામે સર્વ કાંઈ સ્પષ્ટ થઈ ગયું. તે પુરુષ 'ટોમ કેટ'ના નામે ઓળખાતો સી.આઈ.એ.નો જાસૂસ હતો. ગૌતમાલમાં ક્યુબન ગેરિલાઓને તૈયાર કરનારા સી.આઈ.એ.ના અધિકારીઓમાંનો તે એક હતો. વુલ્ફ બ્રોનસાર્ટ એ દિવસોમાં ગૌતમાલમાં હતો. ટોમ કેટના નિકટના પરિચયમાં આવ્યો હતો. સી.આઈ.એ.ના આદેશ મુજબ વુલ્ફ બ્રોનસાર્ટને શક્ય હોય તો જીવતો ગિરફતાર કરી પાછા લઈ આવવાની જવાબદારી તેને સોંપવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસથી તે ભારતમાં હતો અને નેતાજીનું પગેરું શોધી રહ્યો હતો. આખરે શફીપુર તાલુકામાં થઈ તે ગંગાને કિનારે આવી પહોંચ્યો હતો. નેતાજીનું અપહરણ કરી જવા માટે તે આવી જ કોઈ તકની શોધમાં હતો.

-ઓળખાણ પડે છે ? ટોમ કેટે રિવૉલ્વરને સ્થિર રાખતાં સમિત પ્રશ્ન કર્યો.

નેતાજીએ 'હા' ન કહી. નેતાજીએ 'ના' પણ ન કહી.

ટોમ કેટે વધુ સમય ન ખોતાં રિવૉલ્વરની નાળ વડે ઈશારો કર્યો. નેતાજીએ કિનારાના પાણીમાં ડોલતી હોડી પર એક નજર પાથરી અને જે દિશા ટોમ કેટે ચીંધી હતી. તે દિશામાં ચાલી નીકળ્યા. ટોમ કેટ તેમની પાછળ પગલાં ભરી ગયો.

કિનારાવાળો ભાગ વટાવી બંને જણા સૂકી માટીવાળા રસ્તા પર આવ્યા. ટોમ કેટની કાર પાર્ક થઈ થોડે છેટે ઊભી હતી. શોફરના સ્થાને એક વધુ જાસૂસ અને ટોમ કેટનો સહાયક બેઠો હતો. તેને નીંદરમાં જોઈ ટોમ કેટને આશ્ચર્ય થયું. નેતાજીને દોરતો તે કારની નજીક આવ્યો અને ચોંકી ઊઠયો. કોઈએ તેના સહાયકની કરપીણ હત્યા કરી હતી. માત્ર અધા કલાકમાં જ કોઈ તેને ભડાકે દઈ અદૃશ્ય થઈ ગયું હતું. ટોમ કેટ કારને અહીં પાર્ક કરી નેતાજીના પડાવ તરફ ગયો. એ સમય દરમિયાન આ ઘટના બની હતી.

ટોમ કેટ કાંઈ સમજે, વિચારે એ પહેલાં તે પણ ચક્કર ખાઈ ઢળી પડ્યો. નેતાજી સ્તબ્ધ થઈ ગયા. કોઈએ સાઈલન્સર ચઢાવી દૂરથી જ ટોમ કેટનું નિશાન લીધું હતું. ગોળી ટોમ કેટની પીઠમાં થઈ છાતીમાં ઊંડે સુધી ઊતરી ગઈ હતી. તે જ્યાં ઊભો હતો ત્યાં જ ઢગલો થઈ ઢળી પડ્યો. એ જ ક્ષણે તેના પ્રાણ પણ નીકળી ગયા.

નેતાજીએ અદૃશ્ય હત્યારાને શોધવા નજર ઘુમાવી અને એક ભયાનક ચહેરો થોડે છેટેના ઘટાદાર વૃક્ષ પાછળથી સરકી તેમની દિશામાં પગલાં ભરતો નજરે પડ્યો. નેતાજી પળો ભર તેની સામે જોઈ રહ્યા. જેમ જેમ તે નજીક આવતો જતો હતો, વધુ ભયાનક થતો જતો હતો. આખરે તે નેતાજી સામે આવી ઊભો રહી ગયો.

–લાજપત ! લાંબા સમયની ખામોશી પછી નેતાજીના હોઠ ખૂલ્યા, તું ! અહીં ?

લાજપતરાયને કાંઈ ઉત્તર દેવાની જરૂર ન લાગી. તેના હાથમાં ભરેલી રિવોલ્વર હતી. રિવોલ્વરનું સેફટી કૅચ ચઢાવી તેણે કાળા જેકેટની અંદરના ખિસ્સામાં સરકાવી દીધી. તેના ઘોબાઓવાળા કાળા ચહેરા પર આલોક ગુપ્તાએ મૂકેલાં છરીનાં નિશાનો હજી સ્પષ્ટ દેખાતાં હતાં. આંખો રાતી થઈ ગઈ હતી. નીચલો હોઠ કપાઈ ગયો હતો.

-વુલ્ફ ! નેતાજીના ખભે એક હાથ મૂકતાં તેણે દબાયેલા સ્વરે શરૂઆત કરી, એક સુંદર તક હાથમાંથી સરી ગઈ. 'ઓપરેશનગુલમહોર' સમાપ્ત થઈ ગયું.

-શુ થયું ? નેતાજીએ શાંતિપૂર્વક પ્રશ્ન કર્યો.

-તે આજનાં સ્પેશિયલ રેડિયો બુલેટિન સાંભળ્યા હોય એવું નથી લાગતું ! કહેતાં તેણે આગળ ચલાવ્યું, કાશ્મિરમાં તંગ બનેલા વાતાવરણને કારણે ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. આપણાં મથકો પર દેશ ભરમાં છાપા પડ્યા છે. અને લગભગ સર્વે ગેરિલાઓ અત્યાર સુધીમાં જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા હશે ! આપણો જબ્બર મોરચો આકાર લે એ પહેલાં જ ઇમરજન્સીના કારણે વિખરાઈ ગયો. વિશેષમાં સમસ્ત ભારતની પ્રજા એક થઈ છે. તેઓનું ધ્યાન આંતરિક સમસ્યાઓ પરથી ખસી પાકિસ્તાની ઘૂસણખોરોએ કાશ્મિર પર કરેલા આક્રમણની દિશામાં દોરાયું છે. અને આવી વિકટ પરિસ્થિતિમાં આપણા બંનેની સલામતી અહીંથી સફળતાપૂર્વક પરદેશ છટકી જવામાં છે.

નેતાજી ચૂપચાપ તેની સામે જોઈ રહ્યા. તેમની દ્વિધાનો અંત આપમેળે આવી ગયો. તેમની માનસિક યંત્રણાઓ આપમેળે શાંત થઈ ગઈ. તે ઝડપથી વિચારી રહ્યા હતા. વિચારી લીધું.

-તું જા, લાજપત ! તેમણે મક્કમતાપૂર્વક કહ્યું, મારો દેશ ભયમાં હોય ત્યારે હું પીઠ દેખાડી ન શકું.

-તારો દેશ ? સ્વાભાવિક રીતે જ લાજપતરાયને આશ્ચર્ય થયું.

–કેમ ! તેમણે સામો પ્રશ્ન કર્યો, શું આ દેશ નેતાજીનો નથી?

–છે. પણ તું નેતાજી નથી.

-કોણે કહ્યું ?

આ વખતે લાજપતરાયને ખરેખર આંચકો લાગ્યો. જંતરમંતરમાં આલોક ગુપ્તાના હાથે સખત રીતે ઘાયલ થયો હોવા છતાં તે ત્યાંથી છટકી જવામાં સફળ થયો હતો. અનેક પીડાઓ સહન કરી તે અહીં સુધી આવ્યો હતો. માત્ર એક જ આશાના તાંતણે દોરાઈ તેણે આ સાહસ ખેડ્યું હતું. વુલ્ફ બ્રોનસાર્ટ ઉર્ફ નેતાજીનો સાથ મળતાં પૂર્વ પાકિસ્તાનની સીમા પાર કરી સરળતાથી આ દેશમાંથી છટકી જવામાં તે કામયાબ થઈ શકતો હતો.

-પ્લીઝ વુલ્ફ... નેતાજીને સંબોધી. તેણે પાતળા સ્વરે કહ્યું તારા માટે આ દેશમાં રહેવું હવે સલામત નથી. એ રહસ્ય કે તું ડુપ્લિકેટ છે, છતું થઈ ગયું છે. હું ન આવ્યો હોત તો સી.આઈ.એ.ના જાસૂસો તારું અપહરણ કરી ગયા હોત ! છતાં અહીં તું સુરક્ષિત નથી જ. કેજીબી તને જીવતો નહિ છોડે.. સી.બી.આઈ. તને ફાંસીને માચડે લટકાવતાં સહેજે નહિ અચકાય. સી.આઈ.એ. ફરી તારી પાછળ જાસૂસો મૂકશે. તું શું કરીશ ?

અંતિમ પ્રશ્ન સાથે તે સહેજ થંભ્યો. એક ઊંડો શ્વાસ લીધો અને ઉમેર્યું - વુલ્ફ ! રાત પૂરી થવા આવી છે. વેશ પણ. નવા જીવનની શરૂઆત કરવા માટે હવે તને નવા વેશની પણ જરૂર પડશે.

-ના, લાજપત ! નેતાજી બોલી ઊઠયા, હવે મને કોઈનો ભય નથી. મારી આંખો સામે સર્વ કાંઈ સ્પષ્ટ છે. મારો જન્મ ભલે વુલ્ફ બ્રોનસાર્ટ તરીકે થયો હોય, મારા ભાગ્યમાં નેતાજીનો વેશ ભજવવાનું લખાયું છે. વિશેષમાં આ દેશને મારી જરૂર છે. આ દેશના ગામડે ગામડાં મને પોકારી રહ્યાં છે. આ દેશની પ્રજાને મારામાં અચળ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા હું છિન્નભિન્ન કરી ન જ શકું. કમસેકમ આવા કટોકટીના સમયે તો નહિ જ ! હું જઈશ, લાજપત ! હું દિલ્લી જઈશ અને દેશ પર આવેલી આફતને દૂર કરવા મારી સઘળી તાકાત કામે લગાડી દઈશ. મારા આઝાદ હિંદ ફોજના વીરોને હું યુદ્ધ મોરચે મોકલાવવાની વ્યવસ્થા કરીશ. કોની મગદુર છે કે આ ભૂમિ પર એક પગલુંયે આગળ વધી શકે !

ગંગાને કિનારે બંધાયેલી હોડી હજી ઝોલાં ખાઈ રહી હતી. સર્વ કાંઈ વિસરી નેતાજી એ હોડીની દિશામાં આગળ વધ્યા. આજીજી કરતો, કાકલૂદી કરતો, વિનવતો લાજપતરાય તેમની પાછળ ચાલ્યો. પરંતુ થોડે છેડે જઈ તે થોભી ગયો. વાસ્તવિકતા તેની સામે આવી ગઈ. વુલ્ફ હવે વુલ્ફ બ્રોનસાર્ટ નહોતો રહ્યો. પરિસ્થિતિ બદલાઈ હતી. માનવી બદલાયો હતો.

આવું જબ્બર પરિવર્તન તેની કલ્પનાની પરે હતું. તેની પોતાની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. જે વુલ્ફ બ્રોનસાર્ટ લંડનમાં તેને ભવ્ય ભાવિની લાલચ દઈ પોતાની સાથે લીધો હતો, એ જ વુલ્ફ અત્યારે તેને પીઠ દેખાડી રહ્યો હતો. ઓપરેશન-ગુલમહોરની નિષ્ફળતાનું મૂળ કારણ પણ એ જ હતો. ખૂન પસીનો એક કરી ઓપરેશન-ગુલમહોરને સફળ બનાવવા માટે લાજપતરાયે પ્રાણની પણ પરવા નહોતી કરી અને વુલ્ફ બ્રોનસોર્ટની બેવકૂફીએ આખી યોજના પર પાણી ફેરવી દીધું હતું. તેનાથી સહન ન થયું. તેણે કાળા જેકેટના અંદરના ખિસ્સામાંથી રિવોલ્વર પાછી બહાર કાઢી. સેફટી કેચ દૂર કર્યું અને ઘોડો દાબી દીધો.

-ખટ્ !

હોડીનું દોરડું છોડતા નેતાજી ગોઠણભેર પાણીમાં ઊભા હતા. ત્યાં જ ઢળી પડ્યા. કિનારાનું પાણી રાતું થઈ ગયું. લાશ હોડીની જેમ પાણીની સપાટી પર ડોલવા લાગી. ધીરે ધીરે સરકવા લાગી. પ્રવાહમાં ખેંચાવા લાગી. ખેંચાઈ ગઈ. ગંગાનાં પાણી તેને ડોલાવતાં દૂર દૂર લઈ ગયાં. લાજપતરાય સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યો. હજી તે જ્યાંનો ત્યાં જ ઊભો હતો. રિવોલ્વરને

તેણે પાછી જેકેટના ખિસ્સામાં સરકાવી દીધી.

આંખો ઊંચી કરી આકાશ સામે જોયું. રાત પૂરી થવા આવી હતી. વેશ એ પહેલાં જ પૂર્ણ થયો હતો. તેણે બંને હાથ પેન્ટના ખિસ્સામાં નાખ્યા અને કોઈ મધુર ગીતની ધૂન સીટીઓમાં ગાતો ચાલી નીકળ્યો.

*　　*　　*

અંતે-

ઓગસ્ટ ૧૯૬૫માં કાશિમર પર ત્રાટકેલા ઘૂસણખોરો કાશિમરની ખીણમાં ઊંડે સુધી ઊતરી ગયા. ભારત-પાક સીમાડાઓ સળગી ઊઠયા. યુદ્ધ જાહેર થયું, પરંતુ પ્રેસિડન્ટ અય્યુબખાનની કાશ્મિરને હડપી જવાની ઈચ્છા પૂર્ણ ન થઈ. યુદ્ધ પૂર્ણ થતાં નેતાજીની શોધ પુનઃ શરૂ થઈ. છેલ્લે નેતાજીને તેમની સેક્રેટરી શૈલા ભાદુડીએ જોયા હતા. શૈલા ભાદુડીને તેના તંબુમાં પહોંચાડ્યા પછી નેતાજી ક્યાં અદૃશ્ય થઈ ગયા હશે એ કોઈ નહોતું જાણતું. છતાં કોઈ કહેતું હતું કે નેતાજીએ સંન્યાસ લીધો છે અને દૂરના કોઈ પહાડ પર ચાલ્યા ગયા છે. કોઈ કહેતું હતું કે નેતાજીની હત્યા કરવામાં આવી છે. પરંતુ સધ્ધર પુરાવાઓના અભાવે આજે પણ નેતાજીના ભક્તો, ચાહકો એમ માને છે કે કદાચ નેતાજી જીવતા હોય !

સી.બી.આઈ.ના અધિકારી આલોક ગુપ્તાએ નેતાજી તથા લાજપતરાય, બંનેની શોધ માટે મહિનાઓ સુધી પ્રયાસ કર્યો પરંતુ એમાં તેને સફળતા ન જ મળી. તેણે સી.બી.આઈ.માંથી રાજીનામું દઈ પોતાની પ્રિયા અનિતા સારાભાઈ જોડે લગ્ન કરી લીધા.

શૈલા ભાદુડી પાછી પોતાનાં માબાપ જોડે રહેવા કલકત્તા ચાલી ગઈ છે. નેતાજીના સહવાસમાં આવ્યા પછી તેણે ડાયરી લખવાની શરૂઆત કરી હતી. આજકાલ તે એ જ ડાયરીને પુસ્તકનું રૂપ દેવા મથી રહી છે. તેને આશા છે કે એ ડાયરી પ્રકાશિત થતાં સારી એવી ચકચાર જગાડશે !

નેતાજીના નેતૃત્વ હેઠળ એકઠા થયેલા આઝાદ હિંદ ફોજના અફસરો તથા સૈનિકો પાછા વિખરાઈ ગયા છે. કર્નલ ગુલમહમદ તેના સાથી કેપ્ટન તલવારસિંઘ સાથે બાંશી ગામમાં પાછો આવી ગયો છે. ફરી એક વાર તેઓ પોતાના પોલ્ટ્રી ફાર્મિંગના પુરાણા વ્યવસાયમાં પ્રાણ પૂરવા માટે જહેમત લઈ રહ્યા છે.

આજે પણ એ બંને ક્યારેક ક્યારેક નેતાજીને યાદ કરી લે છે. ક્યારેક ક્યાંકથી નેતાજીના સમાચાર મળતાં તેઓ નિ:સંકોચ એ સ્થળે દોડી જાય છે. અલબત્ત હજી સુધી તેઓને સફળતા નથી મળી. પરંતુ કર્નલ ગુલમહમદને હજીયે આશા છે કે એક દિવસ નેતાજી જરૂર દર્શન દેશે.

●●●

'રડતાં ગુલમહોર'માં આલેખાયેલી ઐતિહાસિક ઘટનાઓ તથા ટેકનિકલ ઇન્ફોરમેશન માટે નીચેનાં પુસ્તકોનો આધાર લેવાયો છે.

(૧) નેતાજી ઈન જર્મની - એન. જી. ગનપૂલે
(૨) રીનાયાસન - દિલીપકુમાર રોય
(૩) સુભાષના સેનાનીઓ - નિરંજન વર્મા, જયમલ્લ પરમાર
(૪) ધી સિંગ ટાઈગર - હ્યુજ ટોય
(૫) જયહિંદ – સોલી બાટલીવાલા, વિઠલ ઝવેરી
(૬) નેતાજી સુભાષ દશનિ - શ્રીકૃષ્ણ સરલ
(૭) અનટૂ હિમ આ વિટનેસ – ઐયર
(૮) ઈડિયા વિન્સ ફ્રિડમ - આઝાદ
(૯) ટ્રેવેન્ટીટ્ર ફેટફૂલ ડેઈઝ - માનકેકર
(૧૦) કોહિમા - આર્થર સ્વિનસન
(૧૧) ઇન્ડિયન સ્ટ્રગલ – સુભાષચંદ્ર બોઝ
(૧૨) કેજીબી – જહોન બેરોન
(૧૩) બિટવીન ધ લાઈસ – કુલદીપ નવ્યર
(૧૪) ધ હિરો – પિટર હેનિંગ
(૧૫) શાહનવાઝ ખાનની ડાયરી – શાહનવાઝખાન
(૧૬) ઇન્ડિયન પિલગ્રીમ – સુભાષચંદ્ર બોઝ
(૧૭) નેતાજી કમિશનના રિપોર્ટ (ભારત સરકાર)
(૧૮) ચિત્રલેખા અઠવાડિકના અંકો (૧૯૬૪થી ૧૯૭૫ સુધી)

